
वंदित्तु सव्वसिद्धे
समयसार अनुशीलन
२
डॉ. हुकमचंद भारिल्ल
समयसार अनुशीलन
२
डॉ. हुकमचंद भारिल्ल

પ્રકાશકીય નિવેદન

શ્રીમદ્ ભગવાન કુંદકુંદ આચાર્ય દેવપ્રણિત શ્રી સમયસાર શાસ્ત્ર જિનાગમનું અજોડ રત્ન છે. આચાર્ય અમૃતચંદ્રે તેને 'જગતનું અદ્વિતીય અક્ષય ચક્ષુ' કહ્યું છે. પૂ. ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેને 'અશરીરી થવાનું શાસ્ત્ર' કહેતાં.

આવા અલૌકિક શાસ્ત્ર ઉપર વિશ્લેષણ કરીને સરળ રીતે પોતાની આગવી શૈલીથી હિંદી ભાષામાં અનુશીલન લખીને પં. ડૉ. હુકમચંદજી ભારિલ્લે અધ્યાત્મરસિક જિજ્ઞાસુ જીવોને ઉપકૃત કર્યા છે. તે બદલ તેઓ અત્યંત ધન્યવાદને પાત્ર છે.

આ અનુશીલન પહેલાં વીતરાગ વિજ્ઞાનના સંપાદકીય લેખના રૂપમાં અને પછી પુસ્તકાકારે ક્રમશઃ બહાર પડવાનું શરૂ થયા બાદ ગુજરાતી ભાષામાં તેના અનુવાદની માંગ આવી રહી હતી. તેના ફળસ્વરૂપે સમયસાર અનુશીલન ભાગ-૧ (જીવ-અજીવ અધિકાર) તો બહાર પડી ચૂક્યો છે, અને હવે આ ભાગ-૨ (કર્તા-કર્મ અધિકાર અને પુણ્ય-પાપ અધિકાર)નું પ્રકાશન કરતાં અમને આનંદ થાય છે.

અનુવાદનું આ કામ અમેરિકા જેવા વિદેશમાં રહીને નિયમિત રીતે સમૂહ સ્વાધ્યાય કરનાર કેટલાક ભાઈ-બહેનોએ અત્યંત પ્રસન્નતાપૂર્વક ઉપાડી લીધું છે એ બદલ તેઓ પણ ધન્યવાદને પાત્ર છે.

પૂ. કાનજીસ્વામી સ્મારક ટ્રસ્ટનો ઉદ્દેશ્ય પૂ. ગુરૂદેવશ્રીએ પ્રરૂપેલ તત્વજ્ઞાનનો પ્રચાર-પ્રસાર કરવાનો છે. ટ્રસ્ટ તરફથી ગુજરાતીમાં 'અષ્ટપાહુડ' પ્રસિદ્ધ થઈ રહ્યું છે. તે ઉપરાંત બાળ-શિબિર પ્રૌઢ શિક્ષણ શિબિર, સમૂહ પૂજન ઈત્યાદી પ્રવૃતિઓ વર્ષ દરમિયાન ચાલુ જ હોય છે.

લોકોમાં તત્ત્વની રૂચિ દિન પ્રતિદિન વધતી રહે તેવી પ્રવૃત્તિઓ ભવિષ્યમાં પણ ટ્રસ્ટ કરતું રહે એજ આ ટ્રસ્ટનો મુખ્ય ઉદ્દેશ છે..

આ અનુસંધાનમાં સમયસાર પર ડૉ. ભારિલ્લ દ્વારા થઈ રહેલા સંપૂર્ણ અનુશીલનના અનુવાદને પ્રકાશિત કરવાની ટ્રસ્ટની ભાવના છે. એ મુજબ ભાગ-૩ (આસ્રવ અધિકાર, સંવર અધિકાર અને નિર્જરા અધિકાર) તેમજ ભાગ-૪ (બંધ અધિકાર અને મોક્ષ અધિકાર)ના અનુવાદનું કાર્ય પણ ચાલુ થઈ ગયું છે. નજીકના ભવિષ્યમાં જ તે પૂરૂં થયા બાદ તેને પ્રકાશિત કરવામાં આવશે.

આ પુસ્તકના ટાઈપસેટીંગ માટે મે. ક્રીએટીવ પેજ સેટર્સના શ્રી રાજુ તથા સમીર પારેખ અને મુદ્રણ માટે શ્રી અખિલ બંસલનો આ ટ્રસ્ટ આભાર માને છે. પ્રસ્તુત પુસ્તકની કિંમત ઓછી કરવા માટે પ્રકાશન ખાતે ફાળો આપનાર દાતારોનો પણ અમે આભાર માનીએ છીએ.

પૂજ્ય શ્રી કાનજીસ્વામી સ્મારક ટ્રસ્ટ.

- ટ્રસ્ટીગણ

દિનાંક : ૫-૫-૨૦૦૦

પૂ. ગુરૂદેવશ્રીની ૧૧૧મી જન્મજયંતિ

અનુવાદકોની વાત

નમું હું તીર્થનાયકને, નમું ૐકાર નાદને,
ૐકાર સંધર્યો જેણે, નમું તે કુંદકુંદને.

અહો ! ઉપકાર જિનવરનો, કુંદનો ધ્વનિદિવ્યનો,
જિન-કુંદ-ધ્વનિ આખ્યાં, અહો ! તે ગુરુ કહાનનો.

સમયસાર અનુશીલન ભાગ-૨ (કર્તાકર્મ અધિકાર તથા પુણ્ય-પાપ અધિકાર)નો આ ગુજરાતી અનુવાદ આપના હાથમાં મૂકતાં અમે હર્ષની લાગણી અનુભવીએ છીએ. આ પછીના બીજા ભાગો નજીકના ભવિષ્યમાં એક પછી એક પ્રસ્તુત થતા રહે એ માટે પણ પ્રયત્નશીલ છીએ.

વોશિંગ્ટન વિસ્તારના અમારા પ્રૌઢ જૈન વર્ગમાં અમે સમયસાર સ્તુતિ, પૂ. ગુરુદેવના ધ્વનિમુદ્રિત પ્રવચનો, પ્રવચન રત્નાકર, સમયસાર અનુશીલન તથા પરસ્પર ચર્ચાના માધ્યમથી સમયસારનો સામુહિક સ્વાધ્યાય નિયમિત રીતે દર રવિવારે કરીએ છીએ. અનુશીલનનો અનુવાદ આ રીતે અમને બધાને ખૂબ જ ઉપયોગી થઈ રહ્યો છે. આશા છે કે ગુજરાતી ભાષી સર્વ મુમુક્ષુ ભાઈ-બહેનોને પણ તે એવી જ રીતે લાભદાયી નિવડશે.

છેલ્લા પચીસેક વર્ષોથી અમેરિકા અને કેનેડા આવીને વસેલા જૈનોની પહેલી પેઢી હવે નોકરી-ધંધામાંથી નિવૃત્તિ લેવાની ઉંમરની નજીક પહોંચી રહી છે અને સાથે સાથે જૈન સાહિત્યની માંગ પણ વધી રહી છે. પરમાગમકથિત અધ્યાત્મજ્ઞાનના પ્રચાર-પ્રસારને પ્રતિકૂળ વાતાવરણ અને પ્રસંગોની અહીં બધે ઠેકાણે બાહુલ્યતા હોવા છતાં પણ ઘણા શહેરોમાં તત્વજ્ઞાનની રુચિપૂર્વક સમૂહમાં સ્વાધ્યાય કરનાર મુમુક્ષુ ભાઈ-બહેનોની સંખ્યા હવે ધીરે-ધીરે વધતી જાય છે. પૂ. ગુરુદેવ દ્વારા પ્રરૂપિત અધ્યાત્મવિદ્યાનો સંદેશો લઈને જયપુર અને સોનગઢથી દર વર્ષે અહીં આવતા વિદ્વાનોનું પણ આમાં મહત્વનું યોગદાન છે. આશા છે કે સમયસારનો અભ્યાસ કરવા તત્પર થયેલા બધા જિજ્ઞાસુઓને આ પુસ્તક સાચી દિશા તરફ લઈ જવામાં મદદરૂપ થશે.

આ પુસ્તકમાં દરેક પ્રકરણને અંતે ખાલી રહેતી જગ્યામાં આ વખતે 'જ્ઞાનગોષ્ઠી' માંથી અવતરણો છાપવામાં આવ્યા છે.

પુણ્ય-પાપ અધિકારથી મોક્ષ અધિકાર સુધીના અનુશીલનનો અનુવાદ લખવાનું કામ ચાલુ છે. મોક્ષ અધિકાર સુધીના બધા કળશોનો પદ્યાનુવાદ તો તૈયાર થઈ ચુક્યો છે. આથી પુસ્તકના અંતે 'કળશ અમૃતના...'-એ શીર્ષક હેઠળ કળશ ૧ થી કળશ ૧૯૨નો પદ્યાનુવાદ, સળંગરૂપે સ્વાધ્યાય કરવામાં મદદરૂપ થાય એ હેતુથી છાપવામાં આવ્યો છે. આ પદ્યાનુવાદની કેસેટ તૈયાર કરવાનું પણ વિચાર્યું છે.

બીજી એક વાત - 'જો આપણે સમયસાર પર અનુશીલન છપાવશું તો પ્રવચન રત્નાકરના વાંચનથી લોકો વિમુખ થઈ જશે' એવી આશંકા જો કોઈને થાય તો તે બરાબર નથી એમ અમારું માનવું છે. આ અનુશીલન એ કાંઈ પ્રવચન રત્નાકરનું પ્રતિસ્પર્ધી નથી, બલ્કે જિજ્ઞાસુ

જીવરૂપ મુલાકાતીને પૂ. ગુરુદેવની અનુભવમંડિત આત્મસ્પર્શી વાણીના પ્રસાદ સમાન પ્રવચન રત્નાકરરૂપ તાજમહાલને અંગુલિનિર્દેશ દ્વારા બતાવનાર ભોમિયાના સ્થાને છે. જીવાજીવાધિકાર અને કર્તાકર્માધિકારના અનુશીલનમાં સૂક્ષ્મ વિષયના સ્પષ્ટીકરણની જ્યાં જ્યાં જરૂર લાગી ત્યાં ત્યાં પ્રવચન રત્નાકરમાંથી અનુક્રમે ૯૫ અને ૧૨૦ અવતરણો મૂળ લેખકે ટાંક્યા છે. આથી ખરેખર તો આ અનુશીલનના વાંચનના ફળસ્વરૂપે મુમુક્ષુ જીવો પ્રવચન રત્નાકરના સ્વાધ્યાયથી વિમુખ થવાને બદલે તેનો ઊંડાણથી અભ્યાસ કરવા પ્રેરાશે. - પ્રેરાવા જોઈએ, એવું અમારું મંતવ્ય છે.

આ અનુવાદને ત્રુટિઓ રહિત અને સર્વાંગસુંદર બનાવવા બનતા પ્રયાસો અમે કર્યા છે, તેમ છતાં જે કાંઈ ભૂલો રહી જવા પામી હોય તે બદલ અમે પાઠકોની ક્ષમા પ્રાર્થીએ છીએ અને એ તરફ અમારું ધ્યાન દોરીને યોગ્ય માર્ગદર્શન આપવા વિદ્વજનોને નમ્ર વિનંતી કરીએ છીએ.

સમયસારયુગપ્રવર્તક પૂ. ગુરુદેવની મંગળવર્ધિની છત્રછાયામાં સર્વ જિજ્ઞાસુ જીવો આત્મકલ્યાણના માર્ગે વિચરો એ જ અભ્યર્થના.

- અનુવાદકો

प्राप्तिस्थानः

श्री सीमंधर भगवान दिगंबर जिन मंदिर
१७३/१७५ मुम्बादेवी रोड, मुंबई - ४०० ००२
फोन नंबर : ३४२५२४१/३४४६०९९

★

पूज्य श्री कानजीस्वामी स्मारक ट्रस्ट
कहान नगर, देवलाली
फोन नंबर : ५४१०४४

★

श्री टोडरमल स्मारक भवन
ए-४, बापूनगर, जयपुर - ३०२०१५
फोन नंबर : ५१५५८१ - ५१५४५८

प्रतः ३०००
वैशाख सुद बीज, पूज्य गुरुदेवश्रीनी १११मी जन्म-जयंति,
ता. ५-५-२००० ★ वीर निर्वाण सं. २५२६, विक्रम सं. २०५६

★ **पडतर किंमत - ३. ४०/-**

★ **वेचाण किंमत - ३. २०/-**

टाईप सेटींग :
क्रिएटीव पेज सेटर्स
३४, कावसजी पटेल स्ट्रीट,
१७, लाखाणी टेरेस, फोर्ट,
मुंबई - १ टेली. २८२ ५७ ८४

मुद्रण व्यवस्था :
अखिल बंसल
प्रिन्टोमैटिक्स
दुर्गापुरा, जयपुर - 302018
फोन : 722274, 721819

-: અનુક્રમણિકા :-

પ્રકાશકીય નિવેદન..... iii
અનુવાદકોની વાત..... v
૧. કર્તાકર્માધિકાર..... xi
૨. ગાથા ૬૯-૭૦..... ૧
૩. ગાથા ૭૧..... ૧૦
૪. ગાથા ૭૨..... ૧૭
૫. કળશ ૪૭ ..... ૨૫
૬. ગાથા ૭૩ ..... ૨૯
૭. ગાથા ૭૪..... ૪૪
૮. કળશ ૪૮..... ૫૫
૯. ગાથા ૭૫..... ૫૭
૧૦. કળશ ૪૯..... ૬૩
૧૧. ગાથા ૭૬-૭૯..... ૬૮
૧૨. કળશ ૫૦..... ૭૮
૧૩. ગાથા ૮૦-૮૨..... ૮૧
૧૪. ગાથા ૮૩..... ૮૭
૧૫. ગાથા ૮૪-૮૫..... ૯૪
૧૬. ગાથા ૮૬..... ૯૮
૧૭. કળશ ૫૧-૫૪.....૧૦૧
૧૮. કળશ ૫૫.....૧૦૬
૧૯. કળશ ૫૬.....૧૦૯
૨૦. ગાથા ૮૭-૮૮..... ૧૧૨
૨૧. ગાથા ૯૮..... ૧૧૭
૨૨. ગાથા ૯૦-૯૧..... ૧૨૨
૨૩. ગાથા ૯૨-૯૩..... ૧૨૭
૨૪. ગાથા ૯૪-૯૫..... ૧૩૩
૨૫. ગાથા ૯૬..... ૧૩૮
૨૬. ગાથા ૯૭..... ૧૪૭
૨૭. કળશ ૫૭..... ૧૫૦
૨૮. કળશ ૫૮..... ૧૫૩
૨૯. કળશ ૫૯..... ૧૫૫
૩૦. કળશ ૬૦..... ૧૫૭
૩૧. કળશ ૬૧-૬૨..... ૧૫૯
૩૨. ગાથા ૯૮-૧૦૦..... ૧૬૩
૩૩. ગાથા ૧૦૧..... ૧૭૨
૩૪. ગાથા ૧૦૨..... ૧૭૬
૩૫. ગાથા ૧૦૩-૧૦૪.... ૧૮૦
૩૬. ગાથા ૧૦૫-૧૦૬.... ૧૮૪
૩૭. ગાથા ૧૦૭-૧૦૮.... ૧૯૦
૩૮. કળશ ૬૩..... ૧૯૪
૩૯. ગાથા ૧૦૯-૧૧૨.....૧૯૬
૪૦. ગાથા ૧૧૩-૧૧૫.... ૨૦૫
૪૧. ગાથા ૧૧૬-૧૨૦.... ૨૧૦
૪૨. કળશ ૬૪..... ૨૧૩
૪૩. ગાથા ૧૨૧-૧૨૫.... ૨૧૫
૪૪. કળશ ૬૫..... ૨૧૮

૪૫. ગાથા ૧૨૬-૧૨૭.... ૨૨૪
૪૬. કળશ ૬૬..... ૨૨૮
૪૭. ગાથા ૧૨૮-૧૨૯.....૨૩૦
૪૮. કળશ ૬૭..... ૨૩૧
૪૯. ગાથા ૧૩૦-૧૩૧.....૨૩૬
૫૦. કળશ ૬૮..... ૨૪૦
૫૧. ગાથા ૧૩૨-૧૩૬.....૨૪૩
૫૨. ગાથા ૧૩૭-૧૪૦.... ૨૫૧
૫૩. ગાથા ૧૪૧..... ૨૫૭
૫૪. ગાથા ૧૪૨..... ૨૫૯
૫૫. કળશ ૬૯..... ૨૬૩
૫૬. કળશ ૭૦-૮૯..... ૨૬૫
૫૭. કળશ ૯૦..... ૨૮૨
૫૮. કળશ ૯૧..... ૨૮૪
૫૯. ગાથા ૧૪૩..... ૨૮૬
૬૦. કળશ ૯૨..... ૨૯૧
૬૧. ગાથા ૧૪૪..... ૨૯૪
૬૨. કળશ ૯૩..... ૩૦૨
૬૩. કળશ ૯૪..... ૩૦૫
૬૪. કળશ ૯૫..... ૩૧૩
૬૫. કળશ ૯૬..... ૩૧૫
૬૬. કળશ ૯૭..... ૩૧૭
૬૭. કળશ ૯૮..... ૩૨૬
૬૮. કળશ ૯૯..... ૩૩૧
૬૯. પુણ્યપાપાધિકાર..... ૩૩૭
૭૦. કળશ ૧૦૦..... ૩૪૩
૭૧. કળશ ૧૦૧..... ૩૪૬
૭૨. ગાથા ૧૪૫..... ૩૫૧
૭૩. કળશ ૧૦૨..... ૩૫૭
૭૪. ગાથા ૧૪૬-૧૪૯..... ૩૬૧
૭૫. ગાથા ૧૫૦..... ૩૬૮
૭૬. કળશ ૧૦૩..... ૩૭૨
૭૭. કળશ ૧૦૪..... ૩૭૫
૭૮. ગાથા ૧૫૧..... ૩૮૧
૭૯. ગાથા ૧૫૨-૧૫૩..... ૩૮૮
૮૦. કળશ ૧૦૫..... ૩૯૧
૮૧. ગાથા ૧૫૪..... ૩૯૩
૮૨. ગાથા ૧૫૫..... ૩૯૯
૮૩. ગાથા ૧૫૬..... ૪૦૫
૮૪. કળશ ૧૦૬-૧૦૮..... ૪૦૮
૮૫. ગાથા ૧૫૭-૧૫૯..... ૪૧૫
૮૬. ગાથા ૧૬૦..... ૪૨૦
૮૭. ગાથા ૧૬૧-૧૬૩..... ૪૨૪
૮૮. કળશ ૧૦૯..... ૪૨૮
૮૯. કળશ ૧૧૦..... ૪૩૩
૯૦. કળશ ૧૧૧..... ૪૩૭
૯૧. કળશ ૧૧૨..... ૪૪૨
૯૨. કળશ અમૃતના..... ૪૪૫
૯૩. દાતારોની યાદી..... ૪૭૦

卐

કર્તાકર્માધિકાર તથા પુણ્યપાપાધિકાર

(દોહરા)

હું કર્તા છું કર્મનો, કર્મ મારૂં છે કર્મ;
એવી જૂઠી માન્યતા, છે મિથ્યાત્વ અધર્મ.

નિજ આતમ તલ્લીનતા સુખમય આતમધર્મ,
સમજાવ્યો શ્રી જિનવરે મોક્ષમાર્ગનો મર્મ.

કર્તાકર્મ અધિકારની શરૂઆત કરતાં આચાર્ય અમૃતચંદ્ર આત્મખ્યાતિમાં જે પહેલું વાક્ય લખે છે, તે આ પ્રમાણે છે:-

''अथ जीवाजीवावेव कर्तृकर्मवेषेण प्रविशतः - હવે જીવ અને અજીવ જ કર્તા-કર્મના વેશમાં પ્રવેશ કરે છે.''

ઉપરના વાક્યમાં સમાવિષ્ટ 'હવે' અને 'જ' શબ્દો એમ બતાવે છે કે આ જીવ-અજીવ પહેલાં કોઈ જુદા વેષમાં રંગમંચ પર આવ્યા હતા અને હવે તે જ જીવ-અજીવ કર્તા-કર્મના વેષમાં આવી રહ્યા છે.

કર્તાકર્મ અધિકારની શરૂઆતના આ વાક્યની સંધિ જીવઅજીવ અધિકારના છેલ્લા વાક્યથી બેસે છે, જેમાં કહ્યું હતું કે -

''इति जीवाजीवौ पृथग्भूत्वा निष्क्रान्तौ - આ રીતે જીવ અને અજીવ અલગ-અલગ થઈને રંગભૂમિમાંથી બહાર નીકળી ગયા.''

'અલગ-અલગ થઈને' આ વાક્યથી એ સ્પષ્ટ જ છે કે તેઓ બન્ને એક થઈને રંગમંચ પર આવ્યા હતાં, જેમકે જીવાજીવાધિકારની શરૂઆતના વાક્યથી પણ સ્પષ્ટ છે કે, ''अथ जीवाजीवावेकीभूतौ प्रविशतः - હવે જીવ અને અજીવ એક થઈને પ્રવેશ કરે છે.''

તાત્પર્ય એ છે કે પહેલાં જીવ અને અજીવ એક થઈને આવ્યા હતા, પણ જ્ઞાનીઓ દ્વારા ઓળખાઈ જતાં અલગ-અલગ થઈને નિકળી ગયા, પરંતુ હવે તે જ જીવ-અજીવ કર્તા-કર્મનો વેશ લઈને આવી રહ્યા છે. જ્યારે જ્ઞાનીઓ દ્વારા આ વેષમાં પણ તેમને ઓળખી લેવામાં આવશે; ત્યારે તેઓ આ વેષને પણ છોડીને નિકળી જશે. જેમકે કર્તા-કર્મ અધિકારના છેલ્લા વાક્યથી સ્પષ્ટ છે કે -

"इति जीवाजीवौ कर्तृकर्मवेषविमुक्तौ निष्क्रान्तौ - આ રીતે જીવ અને અજીવ કર્તા-કર્મનો વેષ છોડીને બહાર નિકળી ગયા."

ઉપરના સંપૂર્ણ કથનનો નિષ્કર્ષ એ છે કે જીવાજીવાધિકારમાં પરમાં એકત્વ તથા મમત્વનો નિષેધ કર્યો છે, એકત્વબુદ્ધિ તથા મમત્વબુદ્ધિનો નિષેધ કર્યો છે અને આ કર્તાકર્મ અધિકારમાં કર્તૃત્વ તેમજ ભોકતૃત્વનો નિષેધ કરવામાં આવી રહ્યો છે, કર્તૃત્વબુદ્ધિ તથા ભોકર્તૃત્વબુદ્ધિનો નિષેધ કરવામાં આવી રહ્યો છે.

આચાર્ય અમૃતચંદ્ર આ અધિકારની ટીકા લખવાના આરંભમાં જ એ જ્ઞાનજ્યોતિનું સ્મરણ કરે છે, જે આ કર્તા-કર્મસંબંધી અજ્ઞાનનો અભાવ કરતી થકી પ્રગટ થાય છે. તે મંગલાચરણાનો મૂળ શ્લોક આ પ્રમાણે છે -

(मंदाक्रांता)

अेकः कर्ता चिदहमिह मे कर्म कोपादयोऽमी
इत्यंज्ञानां शमयदभितः कर्तृकर्मप्रवृत्तिम् ।
ज्ञानज्योतिः स्फुरति परमोदात्तमत्यंतधीरं
साक्षात्कुर्वन्निरुपधिपृथग्द्रव्य निर्भासि विश्वम् ॥४६॥

(हरिगीत)

हुं एक कर्ता आतमा क्रोधादि सौ मारां कर्म छे,
प्रवृत्ति कर्ताकर्मनी अज्ञानीओ आवी करे;
शमावती तेने बहुविध ज्ञानज्योति पावनी,
अतिधीर परमोदात्त प्रगटी सर्वलोक प्रकाशती. ४६.

'आ लोकमां चैतन्य आत्मा हुं तो एक कर्ता छुं अने आ क्रोधादिभावो मारां कर्म छे' - आवी अज्ञानीओनी जे कर्ताकर्मनी प्रवृत्ति छे, तेने बधी बाजुएथी शमावती थकी ज्ञानज्योति स्फुरायमान थाय छे. ते ज्ञानज्योति परम उदात्त छे, अत्यंत धीर छे अने परना सहयोग विना समस्त द्रव्योने भिन्न-भिन्न बतावावाना स्वभाववाळी होवाथी समस्त लोकालोकने साक्षात् जाणे छे.

आ रीते आ मंगलाचरणमां समस्त पदार्थोने भिन्न-भिन्न प्रत्यक्ष जाणवावाळी, अत्यंत धीर अने परम उदात्त केवळज्ञानज्योतिने नमस्कार कर्या छे; कारण के आ केवळज्ञानज्योति ज अज्ञानीओना कर्ताकर्मसंबंधी अज्ञाननो नाश करवामां समर्थ छे.

तात्पर्य ए छे के सौ प्रथम अज्ञानी देशनालब्धि वडे ज कर्ताकर्म संबंधी अज्ञाननो अभाव करवानो प्रयास करे छे. कां तो ते केवळी भगवान, गणधरदेव, आचार्यमहाराज, अन्य साधुजनो अथवा कोई ज्ञानी धर्मात्मा पासेथी सांभळीने, समजीने आ अज्ञानने दूर करे छे अथवा तो सर्वज्ञकथित आगमना अभ्यास वडे आ काम करे छे. त्यार बाद ज आत्मानुभूतिपूर्वक कर्ताकर्मसंबंधी अज्ञाननो समूळगो नाश थाय छे.

अहीं ज्ञानज्योति शब्दना त्रण अर्थो थई शके छे -
१. ज्ञानस्वभावी भगवान आत्मा, २. सम्यग्ज्ञान अने ३. केवळज्ञान.

ज्ञानज्योतिना जे विशेषणो कळशमां आपवामां आव्या छे, तेमां 'निरुपधिपृथग्द्रव्यनिर्भासि' अने 'विश्वं साक्षात् कुर्वन्' ए बे विशेषणो उक्त संदर्भमां विशेष ध्यान देवा योग्य छे.

પહેલા વિશેષણનો લગભગ બધે જ એમ અર્થ કરવામાં આવ્યો છે કે પરની સહાયતા વગર ભિન્ન-ભિન્ન પદાર્થોને જાણવાના સ્વભાવવાળી જ્ઞાનજ્યોતિ.

જો આ વિશેષણ પર જ વધુ જોર દઈએ તો બધાને પૃથક્-પૃથક્ જાણવાના સ્વભાવવાળો ભગવાન આત્મા- એવો અર્થ કરી શકાય છે, પરંતુ જ્યારે 'विश्वं साक्षात् कुर्वन्' વિશેષણ પર ધ્યાન આપીએ તો કેવળજ્ઞાન અર્થ જ બરાબર લાગે છે.

કળશ ટીકાકાર આનો અર્થ કરતાં લખે છે કે તે જ્ઞાનજ્યોતિ સકળ જ્ઞેયવસ્તુને એક સમયમાં પ્રત્યક્ષ જાણે છે અને ભિન્ન-ભિન્નપણે સકળ દ્રવ્ય-ગુણ-પર્યાયની જાણનશીલ છે. પરમઅધ્યાત્મતરંગિણીમાં તો અત્યંત સ્પષ્ટપણે કેવળજ્ઞાન અર્થ કર્યો છે. પંડિત જયચંદજી છાબડા પણ લખે છે કે પરની સહાયતા વિના ભિન્ન-ભિન્ન દ્રવ્યોને પ્રકાશિત કરવાનો તેનો સ્વભાવ છે, એથી તે સમસ્ત લોકાલોકને સાક્ષાત્ કરે છે, પ્રત્યક્ષ જાણે છે.

જોકે જ્ઞાનજ્યોતિના વિશેષણો પર ધ્યાન દેતાં કેવળજ્ઞાન અર્થ પર જ વિશેષ ધ્યાન જાય છે, તેમ છતાં આ વિશેષણોને આપણે કોઈ અપેક્ષાએ સમ્યગ્જ્ઞાન પર પણ ઘટાવી શકીએ છીએ. સમ્યગ્જ્ઞાનના અર્થમાં સૌથી પ્રબળ યુક્તિ એ છે કે કર્તાકર્મસંબંધી અજ્ઞાનનો નાશ કરતી થકી જે જ્ઞાનજ્યોતિ પ્રગટ થાય છે, તે ચોથા ગુણસ્થાનમાં થનારી આત્માનુભૂતિરૂપ સમ્યગ્જ્ઞાન જ હોવું જોઈએ; કારણ કે પોતાના કર્તાકર્મ સંબંધી અજ્ઞાનનો નાશ થતાં તો સમ્યગ્જ્ઞાનરૂપ જ્યોતિ જ પ્રગટ થાય છે, કેવળજ્ઞાનજ્યોતિ નહિ. જો કેવળજ્ઞાનજ્યોતિને કર્તાકર્મસંબંધી અજ્ઞાનનો નાશ કરવાવાળી કહીશું તો પછી કર્તાકર્મસંબંધી અજ્ઞાન બારમા ગુણસ્થાનસુધી માનવું પડશે, કે જે સંભવ નથી. આથી એ જ ઠીક છે કે તે અજ્ઞાન કેવળીનું પોતાનું ન હોતાં અજ્ઞાની શિષ્યોનું જ હોય.

જ્ઞાનજ્યોતિના સ્વરૂપને સ્પષ્ટ કરતાં પૂ. ગુરુદેવ કહે છે - ''જ્ઞાનજ્યોતિ ત્રિકાળ જ્ઞાનાનંદસ્વરૂપી સ્વરૂપલક્ષ્મી યુક્ત આત્મસ્વભાવ જ છે [1].....

તે જ્ઞાનજ્યોતિ પરની સહાયતા વિના પૃથક્-પૃથક્ દ્રવ્યોને પ્રકાશીત કરવાના સ્વભાવવાળી છે, માટે સમસ્ત લોકાલોકને પ્રત્યક્ષ જાણે છે. જ્ઞાતાસ્વભાવના આશ્રયે જે જ્ઞાનપર્યાય પ્રગટ થાય છે, તેનો સ્વભાવ પૃથક્-પૃથક્ દ્રવ્યોને સંપૂર્ણપણે પ્રકાશિત કરવાનો છે. જ્ઞાનનો સ્વભાવ સવિકલ્પ છે અર્થાત્ જગતમાં જેટલા પણ અનંત દ્રવ્ય-ગુણ-પર્યાય છે, તે બધાને ભિન્ન-ભિન્નરૂપે જેવા છે, તેવા જ જાણવાનો જ્ઞાનનો સ્વભાવ છે. કેવળજ્ઞાનની પર્યાય હો કે શ્રુતજ્ઞાનની-બન્નેય પર્યાયોનો સ્વભાવ પોત પોતાની સીમામાં પરની સહાયતા વિના જ પૃથક્-પૃથક્ દ્રવ્યોના દ્રવ્ય-ગુણ-પર્યાયોને પ્રકાશિત કરવાનો છે. અહીં તો એમ કહે છે કે અપરિમિત સ્વભાવથી ભરેલી શુદ્ધચૈતન્યપ્રકાશમય વસ્તુ આત્મા તરફ઼ ઢળતાં જ્ઞાનમાં એવું સામર્થ્ય પ્રગટ થઈ જાય છે કે તે સ્વદ્રવ્યને જાણવાની સાથે જ સમસ્ત લોકાલોકને પણ જાણવા લાગે છે. જ્ઞાનની પર્યાયનો આવો સ્વપરપ્રકાશક સ્વભાવ પોતાથી છે. અહો ! જ્ઞાનસ્વભાવી આત્માનો એવો સ્વભાવ છે કે તે પરમાં કાંઈ કરતો નથી અને જાણે બધાને છે''[2]

જીવાજીવાધિકારના મંગલાચરણમાં આ જ જ્ઞાનજ્યોતિને ધીર અને ઉદાત્ત કહી હતી અને અહીં અત્યંતધીર તથા પરમ-ઉદાત્ત કહી છે. ધીર અને ઉદાત્તનો વિશેષ અર્થ ત્યાં થઈ ચૂક્યો છે; એથી અહીં કાંઈ પણ કહેવાની આવશ્યકતા નથી. ત્યાં જીવાજીવાધિકાર હોવાથી જીવ અને અજીવમાં એકત્વ સંબંધી અજ્ઞાનનો નાશ કરવાવાળી જ્ઞાનજ્યોતિનું સ્મરણ કરવામાં આવ્યું હતું. અહીં કર્તાકર્મ અધિકાર હોવાથી જીવ અને અજીવના પરસ્પર કર્તા-કર્મભાવ સંબંધી અજ્ઞાનનો નાશ કરનારી જ્ઞાનજ્યોતિને યાદ

---

૧. પ્રવચન રત્નાકર (હિંદી) ભાગ-૩, પાનું-૨૨
૨. પ્રવચન રત્નાકર (હિંદી) ભાગ-૩, પાનું-૨૪

કરવામાં આવી રહી છે. એકત્વ અને મમત્વ સંબંધી અજ્ઞાન કરતાં કર્તૃત્વ અને ભોકર્તૃત્વ સંબંધી અજ્ઞાનનું મૂળ ઘણું ઊંડું છે. તેથી તેના નાશ માટે અત્યંત ધીરતા અને પરમ ઉદાત્તતાની આવશ્યકતા છે.

પંડિત જયચંદજી છાબડાએ પરમોદાત્તનો અર્થ - કોઈને આધીન નથી અને અત્યંતધીરનો અર્થ - કોઈપણ પ્રકારે આકુળતારૂપ નથી, એમ કર્યો છે.

પંડિત બનારસીદાસજીએ આ છંદનો ભાવને આ પ્રમાણે પદ્યબદ્ધ કર્યો છે.

(सवैया इकतीसा)

"प्रथम अग्यानी जीव कहे मैं सदीव अेक,
दूसरौ न और मैं ही करता करम कौ ।
अन्तर-विवेक आयौ आपापरभेद पायौ,
भयौ बोध गयौ मिटि भारत भरम कौ ॥
भासे छहौं दरबके गुन परजाय सब,
नासे दुख लख्यौ मुख पूरन परम कौ ।
करम कौ करतार मान्यौ पुद्गल पिंड,
आप करतार भयौ आतम धरम कौ ॥

समयसार गाथा ६९-७०

जाव ण वेदि विसेसंतरं तु आदासवाण दोण्हं पि ।
अण्णाणी ताव दु सो कोहादिसु वट्टदे जीवो ॥६९॥

कोहादिसु वट्टंतस्स तस्स कम्मस्स संचओ होदि ।
जीवस्सेवं बंधो भणिदो खलु सव्वदरिसीहिं ॥७०॥

(હરિગીત)

આત્મા અને આસ્ત્રવ તાણો જ્યાં ભેદ જીવ જાણે નહીં,
ક્રોધાદિમાં સ્થિતિ ત્યાં લગી અજ્ઞાની એવા જીવની. ૬૯

જીવ વર્તતાં ક્રોધાદિમાં સંચય કરમનો થાય છે,
સહુ સર્વદર્શી એ રીતે બંધન કહે છે જીવને. ૭૦[1]

જ્યાં સુધી આ જીવ આત્મા અને આસ્રવો - એ બન્નેના ભેદ અને તફાવતને જાણતો નથી, ત્યાં સુધી તે અજ્ઞાની રહ્યો થકો ક્રોધાદિ આસ્રવોમાં પ્રવર્તે છે. ક્રોધાદિમાં પ્રવર્તમાન તે જીવને કર્મનો સંચય થાય છે. જીવને કર્મોનો બંધ વાસ્તવમાં આ રીતે થાય છે - એમ સર્વદર્શી ભગવાનોએ કહ્યું છે.

આચાર્ય અમૃતચંદ્ર આત્મખ્યાતિમાં આનો ભાવ આ પ્રમાણે સ્પષ્ટ કરે છે -

---

૧. સમયસાર (ગુજરાતી), પાનું ૧૩૦

''આ આત્મા તાદાત્મ્યસિદ્ધ સંબંધવાળા આત્મા અને જ્ઞાનમાં વિશેષ અંતર ન હોવાથી તેમનામાં પરસ્પર ભિન્નતા (જુદાપણું) ન દેખતો થકો જ્ઞાનમાં આત્મપણે (પોતાપણે) નિશંકતાથી પ્રવર્તે છે. તે બરાબર જ છે, કારણ કે જ્ઞાનક્રિયા આત્માની સ્વભાવભૂત ક્રિયા છે, તેથી તેમાં નિશંકપણે પ્રવર્તનનો નિષેધ કરવામાં આવ્યો નથી. પરંતુ આ આત્મા સંયોગસિદ્ધ સંબંધવાળા આત્મા અને ક્રોધાદિમાં પણ પોતાના અજ્ઞાનથી ભેદ ન જાણતો થકો ક્રોધાદિમાં પણ જ્ઞાનની જેમ જ આત્મપણે (પોતાપણે) નિશંકતાથી પ્રવર્તે છે, તે બરાબર નથી, કારણ કે ક્રોધાદિ ક્રિયા આત્માની સ્વભાવભૂત ક્રિયા નથી, પરભાવભૂત (વિભાવભૂત) ક્રિયા છે, તેથી તેમાં નિશંકપણે પ્રવર્તનનો નિષેધ કર્યો છે.

જોકે પરભાવભૂત હોવાથી ક્રોધાદિ ક્રિયાનો નિષેધ કરવામાં આવ્યો છે, તોપણ અજ્ઞાનીને તેમાં સ્વભાવભૂતપણાનો અભ્યાસ (અધ્યાસ, અનુભવ) હોવાથી અજ્ઞાની ક્રોધરૂપ પરિણમિત થાય છે, રાગરૂપ પરિણમિત થાય છે, દ્વેષરૂપ પરિણમિત થાય છે.

પોતાના અજ્ઞાનભાવથી, જ્ઞાનભવનરૂપ સહજ ઉદાસીન અવસ્થાનો ત્યાગ કરીને, અજ્ઞાનભવન વ્યાપારરૂપ અર્થાત્ ક્રોધાદિ વ્યાપારરૂપ પ્રવર્તતો થકો અજ્ઞાની આત્મા કર્તા છે અને જ્ઞાનભવન વ્યાપારરૂપ પ્રવૃત્તિથી ભિન્ન, અંતરંગમાં ઉત્પન્ન થતાં ક્રોધાદિભાવો તેનાં કર્મ છે.

આ પ્રમાણે અનાદિકાલિન અજ્ઞાનથી થતી આ કર્તાકર્મની પ્રવૃત્તિ છે.

આ પ્રમાણે પોતાના અજ્ઞાનને કારણે, કર્તાકર્મભાવથી ક્રોધાદિમાં પ્રવર્તમાન આ આત્માના, ક્રોધાદિની પ્રવૃત્તિરૂપ પરિણામને નિમિત્તમાત્ર બનાવીને, સ્વયં પોતાના ભાવથી જ પરિણમતું પૌદ્‌ગલિક કર્મ એકઠું થાય છે.

એ રીતે આ જીવને, જીવ અને પુદ્‌ગલનો પરસ્પર અવગાહ જેનું લક્ષણ છે એવા સંબંધરૂપ, બંધ સિદ્ધ થાય છે.

અનેકાંતાત્મક હોવા છતાં પણ અનાદિ એક પ્રવાહપણે હોવાથી આમાં ઈતરેતરાશ્રય દોષ પણ આવતો નથી. આ બંધ કર્તાકર્મની પ્રવૃત્તિના નિમિત્તભૂત અજ્ઞાનનું નિમિત્ત છે.''

આત્મખ્યાતિના ભાવને પંડિત જયચંદજી ભાવાર્થમાં આ રીતે સ્પષ્ટ કરે છે -

''આ આત્મા જેમ પોતાના જ્ઞાનસ્વભાવરૂપ પરિણમે છે, તેમ જ્યાં સુધી, ક્રોધાદિરૂપ પણ પરિણમે છે, જ્ઞાન અને ક્રોધાદિમાં ભેદ જાણતો નથી; ત્યાં સુધી તેને કર્તાકર્મની પ્રવૃત્તિ છે. ક્રોધાદિપણે પરિણમતો થકો તે સ્વયં કર્તા છે અને ક્રોધાદિ તેનું કર્મ છે. અને અનાદિ અજ્ઞાનથી તો કર્તાકર્મની પ્રવૃત્તિ છે, કર્તાકર્મની પ્રવૃત્તિથી બંધ છે અને તે બંધના નિમિત્તથી અજ્ઞાન છે. આ રીતે અનાદિ સંતાન (પ્રવાહ) છે, તેથી તેમાં ઈતરેતરાશ્રય દોષ પણ આવતો નથી.

આમ જ્યાં સુધી આત્મા ક્રોધાદિ કર્મનો કર્તા થઈને પરિણમે છે, ત્યાં સુધી કર્તાકર્મની પ્રવૃત્તિ છે અને ત્યાં સુધી કર્મનો બંધ થાય છે.''

પોતાના ઘરમાં તો સૌ નિશંકપણે પ્રવેશ કરે છે. પોતાના ઘરમાં પ્રવેશ કરતી વખતે કોઈને પણ એવો વિકલ્પ નથી આવતો કે પૂછીને જવું જોઈએ, પરંતુ જ્યારે આપણે બીજા કોઈના ઘરે જઈએ છીએ તો દરવાજા પર જ સંકોચથી ઊભા રહી જઈએ છીએ, ઘંટડી વગાડીએ છીએ; દરવાજો ઉઘાડો હોય તોપણ રજા વગર અંદર જતા નથી, પગલે-પગલે સશંક પ્રવૃત્તિ થાય છે. આથી એ નિશ્ચિત થાય છે કે આત્માનું જે ભાવોમાં પોતાપણું હોય છે, તેમાં તેની પ્રવૃત્તિ સહજ જ નિશંકપણે થાય છે અને જે ભાવોમાં પોતાપણું હોતું નથી, તે ભાવોમાં કાં તો પ્રવૃત્તિ થતી જ નથી અથવા તો સશંક પ્રવૃત્તિ થાય છે.

જ્ઞાન આત્માનો સ્વભાવ છે, પોતાનો ભાવ છે, જ્ઞાન અને આત્માનો તાદાત્મ્ય સંબંધ છે, તેથી જિનાગમમાં આત્માની જ્ઞાનમાં નિશંકપ્રવૃત્તિનો નિષેધ કરાયો નથી, પરંતુ ક્રોધાદિભાવો આત્માના વિભાવો

છે, વિપરીત ભાવો છે, તેઓ આત્માના સ્વભાવભાવો નથી. તેમનો અને આત્માનો સંયોગસિદ્ધ સંબંધ છે, તેથી જિનાગમમાં આત્માની ક્રોધાદિમાં નિશંક પ્રવૃત્તિનો નિષેધ કરાયો છે.

જ્ઞાન આત્માની સ્વભાવભૂત ક્રિયા છે અને ક્રોધાદિભાવો વિભાવભૂત ક્રિયા છે. જ્ઞાન કરવાયોગ્ય ક્રિયા છે અને ક્રોધાદિ નિષેધવાયોગ્ય ક્રિયા છે. આ વાત અત્યંત સ્પષ્ટ હોવા છતાં પણ અજ્ઞાનીજનોને ક્રોધાદિભાવો પણ જ્ઞાનની જેમ જ સ્વભાવભૂત ભાસે છે, પોતાના લાગે છે. અજ્ઞાનીઓને પોતાના અજ્ઞાનને કારણે પરભાવભૂત હોવા છતાં પણ, વિભાવરૂપ હોવા છતાં પણ ક્રોધાદિમાં પોતાપણું ભાસે છે. તેથી અજ્ઞાનીઓની જ્ઞાનની જેમ જ ક્રોધાદિમાં પણ નિશંક પ્રવૃત્તિ થાય છે.

આમ ક્રોધાદિમાં નિશંકપણે પ્રવૃત્તિ કરનારો અજ્ઞાની આત્મા તે ક્રોધાદિ ભાવોનો કર્તા થાય છે અને ક્રોધાદિભાવો તે અજ્ઞાનીના કર્મ થાય છે. અજ્ઞાની આત્મા તે કર્તા અને એનામાં ઉત્પન્ન થતાં ક્રોધાદિભાવો તેના કર્મ. - એમ અજ્ઞાની આત્માની અનાદિકાળથી કર્તાકર્મની પ્રવૃત્તિ વિદ્યમાન છે.

અજ્ઞાની આત્માના આ ક્રોધાદિભાવરૂપ અજ્ઞાનનું નિમિત્ત પામીને પૌદ્‌ગલિકકાર્માણવર્ગણાઓ પોતે પોતાના ભાવથી જ કર્મરૂપે પરિણમે છે. આમ આ આત્માનો જીવ અને પુદ્‌ગલના પરસ્પર અવગાહ લક્ષણવાળા સંબંધરૂપ બંધ સિદ્ધ થાય છે.

આ વિષયવસ્તુને પૂજ્ય ગુરુદેવ આ રીતે સ્પષ્ટ કરે છે -

"અહીં ટીકામાં ત્રણ પ્રકારના સંબંધો કહ્યાં છે -

૧. જ્ઞાન અને આત્માનો તાદાત્મ્યસિદ્ધસંબંધ.

૨. રાગ અને આત્માનો સંયોગસિદ્ધસંબંધ.

૩. કર્મ અને આત્માનો પરસ્પર અવગાહસિદ્ધસંબંધ.

જ્ઞાન અને આત્માનો તાદાત્મ્યસિદ્ધસંબંધ છે અને બંનેનું અભેદભાવે પરિણમન થવું તે ધર્મ છે. રાગ અને આત્માનો સંયોગસિદ્ધસંબંધ છે તથા એ બન્નેને એક માનીને પરિણમન કરવું તે અજ્ઞાન છે.

કર્મ અને આત્મા વચ્ચે એકક્ષેત્રાવગાહ સંબંધ છે. કર્મ અને આત્મા પરસ્પર એક ક્ષેત્રમાં વ્યાપ્ત થઈને રહે છે - એવા સંબંધરૂપ જ બંધ છે.[1]

ક્રિયા ત્રણ પ્રકારની હોય છે -

૧. શરીર, મન, વાણી, ધનાદિ જડરૂપ પરદ્રવ્યની ક્રિયા તે જડની ક્રિયા છે.

૨. પરદ્રવ્યના લક્ષ્યે ઉત્પન્ન થતી રાગની ક્રિયા વિભાવરૂપ ક્રિયા છે.

૩. સ્વભાવના લક્ષ્યે ઉત્પન્ન થતી જ્ઞાનની ક્રિયા સ્વભાવભૂત ક્રિયા છે.

જડની ક્રિયા તો આત્મા ત્રણ કાળમાં કદી કરતો જ નથી, કરી શકતો પણ નથી. 'જ્ઞાન જ આત્મા' - એમ જ્ઞાનમાં એકત્વભાવથી નિશંકપણે રહેતો થકો આત્મા રાગની ક્રિયાને પણ કરતો નથી. 'જ્ઞાન જ આત્મા છે' - એમ સ્વભાવસન્મુખ થઈને સ્વાનુભવ કરતાં જ્ઞાનક્રિયાનો કર્તા થાય છે. તેમાં દ્રવ્ય, ગુણ અને પર્યાય એ ત્રણેય આવી જાય છે.

જાણવું, જાણવું, જાણવું માત્ર જેનો સ્વભાવ છે, તે આત્મા દ્રવ્ય છે, જાણવારૂપ જ્ઞાનસ્વભાવ જ્ઞાનગુણ છે અને ગુણ તેમજ ગુણી બન્ને એક અભિન્ન છે. સ્વલક્ષ્યરૂપ જે પરિણમન થયું, તે જ્ઞાનક્રિયારૂપ પર્યાય છે. આમ જ્ઞાનક્રિયામાં દ્રવ્ય, ગુણ, પર્યાય - ત્રણેય આવી જાય છે. આવી આ સ્વભાવભૂત ક્રિયા જ ધર્મ છે, મોક્ષમાર્ગ છે.

'જ્ઞાન જ આત્મા છે' - એવી સ્વ તરફ ઢળતી જે સ્વાત્મપ્રતીતિ થઈ, તે શ્રદ્ધાન છે, જે સ્વાત્મજ્ઞાન થયું, તે સમ્યગ્જ્ઞાન છે તથા જે આત્મસ્થિરતા છે, તે સમ્યક્ચારિત્ર છે. આ સમ્યક્ શ્રદ્ધાન-જ્ઞાન-ચારિત્રની એકરૂપ પરિણતિ જ મોક્ષમાર્ગ છે[2]''

---

૧. પ્રવચન રત્નાકર (હિંદી) ભાગ-૩, પાનું-૩૭

૧. પ્રવચન રત્નાકર (હિંદી) ભાગ-૩, પાનું-૩૦

ઉપરના પૂરા કથનનો સાર એ છે કે સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપ જે જ્ઞાનક્રિયા છે, તે જ્ઞાનીનું કર્મ છે અને તે નિષેધ કરવાયોગ્ય નથી. રાગાદિભાવરૂપ જે વિભાવક્રિયા છે તે જ્ઞાનીનું કર્મ નથી, માટે નિષેધ કરવાયોગ્ય છે. તેમ છતાં અજ્ઞાની જીવ તેને જ્ઞાનક્રિયા સમાન જ સ્વભાવભૂત ક્રિયા માનીને તેનો કર્તા બને છે અને મોહ-રાગ-દ્વેષરૂપ પરિણમન કરે છે, તેથી તે અજ્ઞાનક્રિયાનો કર્તા બને છે તથા તે અજ્ઞાનક્રિયા તેનું કર્મ બને છે. અજ્ઞાનીની આ જ પ્રવૃત્તિને કર્તાકર્મની પ્રવૃત્તિ કહે છે અને તેના જ નિમિત્તથી મિથ્યાત્વાદિ દ્રવ્યકર્મોનો બંધ થાય છે. જ્યારે તે મિથ્યાત્વાદિ દ્રવ્યકર્મો ઉદયમાં આવે છે ત્યારે તેમનું નિમિત્ત પામીને આ ભગવાન આત્મા મોહ-ક્રોધાદિ ભાવકર્મરૂપે પરિણમે છે અને તે મોહ-ક્રોધાદિ ભાવોનું નિમિત્ત પામીને ફરી મોહાદિ દ્રવ્યકર્મોનો બંધ થાય છે. આ પ્રમાણે આ આત્માને અનાદિથી કર્મબંધ થઈ રહ્યો છે.

જોકે આ આત્મા પોતે જ પોતાની ઉપાદાનગત યોગ્યતાને કારણે મોહ-રાગ-દ્વેષરૂપ પરિણમે છે, તેમ છતાં તેમાં મોહાદિ કર્મોનો ઉદય નિમિત્ત અવશ્ય થાય છે. તેવી જ રીતે કાર્માણ વર્ગણાઓ પણ પોતે જ પોતાની ઉપાદાનગત યોગ્યતાને કારણે કર્મરૂપે પરિણમે છે, તોપણ તેમાં આત્માના મોહ-રાગ-દ્વેષ ભાવો નિમિત્ત અવશ્ય થાય છે. આમ તેમનો આ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ અનાદિથી છે.

આ વિષે આચાર્ય અમૃતચંદ્રકૃત પુરુષાર્થસિદ્ધિઉપાયનું નીચે જણાવેલ કથન પણ સમજવા જેવું છે -

"जीवकृतं परिणामं निमित्तमात्रं प्रपद्य पुनरन्ये ।
स्वयमेव परिणमन्तेऽत्र पुद्गलाः कर्मभावेन ॥१२॥

परिणममानस्य चितश्चिदात्मकैः स्वयमपि स्वकैर्भावैः।
भवति हि निमित्तमात्रं पौद्गलिकं कर्म तस्यापि ॥१३॥

अेकमयं कर्मकृतैर्भावैरसमाहितोऽपि युक्त इव ।
प्रतिभाति बालिशानां प्रतिभासः स खलु भवबीजम् ॥१४॥

અહીં જીવકૃત રાગાદિ પરિણામોનું નિમિત્તમાત્ર પામીને જીવથી ભિન્ન કાર્મણ વર્ગણારૂપ પુદ્‌ગલ સ્કંધો પોતાની મેળે જ જ્ઞાનાવરણાદિ કર્મરૂપે પરિણમી જાય છે. તેવી રીતે જ પોતાના ચિદાત્મક (ચેતનાસ્વરૂપ) રાગાદિ પરિણામોથી પોતે જ પરિણમતા તે આત્માને પણ પૌદ્‌ગલિક જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મો માત્ર નિમિત્ત જ થાય છે. આમ આ આત્મા કર્મકૃતરાગાદિ તેમજ શરીરાદિભાવોથી અસમાહિત (અસંયુક્ત) હોવા છતાં પણ, ભિન્ન હોવા છતાં પણ અજ્ઞાનીજનોને આ ભાવો પોતાના જ લાગે છે, પોતાના જ પ્રતિભાસે છે. અજ્ઞાનીઓનો આ પ્રતિભાસ (રાગાદિ તથા શરીરાદિ પોતાના લાગવા તે) જ સંસારનું બીજ છે, સંસારનું કારણ છે.''

જ્ઞાનાદિની જેમ જ રાગાદિમાં પણ પોતાપણું થવું તે અજ્ઞાન છે. આ અજ્ઞાન જ કર્તાકર્મની પ્રવૃત્તિનું મૂળ (નિમિત્ત) છે અને આ અજ્ઞાનનું મૂળ (નિમિત્ત) પૂર્વબદ્ધ કર્મ છે અથવા પૂર્વબદ્ધ કર્મનો ઉદય છે.

પ્રશ્ન - કર્તાકર્મની પ્રવૃત્તિરૂપ અજ્ઞાનથી કર્મનો બંધ અને કર્મોના ઉદયથી કર્તાકર્મની પ્રવૃત્તિરૂપ અજ્ઞાન આ તો એક બીજાના આશ્રય થઈ ગયા; આથી તેમનામાં ઈતરેતરાશ્રય નામનો દોષ આવશે. પરસ્પર એક બીજાના આશ્રય થવાને ઈતરેતરાશ્રય દોષ કહે છે. કર્મનું કારણ અજ્ઞાન અને અજ્ઞાનનું કારણ કર્મ - એમ આ અજ્ઞાન અને કર્મ પરસ્પર એક-બીજાના આશ્રય થઈ ગયા. તેથી આ ઈતરેતરાશ્રય દોષ થયો. આ દોષને અન્યોન્યાશ્રય દોષ અથવા પરસ્પરાશ્રય દોષ પણ કહે છે.

ઉત્તર - આ જાતનો દોષ તો બીજમાંથી વૃક્ષ અને વૃક્ષમાંથી બીજને પણ આપી શકાય છે, પરંતુ તે બરાબર નથી; કારણ કે જે બીજથી જે વૃક્ષ ઉત્પન્ન થાય છે, તે બીજ તે જ વૃક્ષથી ઉત્પન્ન થતું નથી. તેવી જ રીતે જે અજ્ઞાનથી જે કર્મબંધ થાય છે, તે કર્મના ઉદયથી તે જ અજ્ઞાન થતું નથી, પરંતુ અન્ય અજ્ઞાન જ થાય છે. માટે ઈતરેતરાશ્રય દોષ થઈ શકતો નથી.

પ્રશ્ન - ભલે ઈતરેતરાશ્રય નહીં, પણ એમ માનવાથી અનવસ્થા

દોષ થઈ જશે; કારણ કે અજ્ઞાનનું કારણ પૂર્વકૃત કર્મ છે અને પૂર્વકૃત કર્મનું કારણ તેનાથી પહેલાનું અજ્ઞાન તથા પહેલાનાં અજ્ઞાનનું કારણ તેનાથી પહેલાનું કર્મ; આ રીતે આપણે ક્યાં સુધી પાછા જઈશું, આખરે ક્યાંક તો વિરામ લેવો જ પડશે ને ?

ઉત્તર - નહીં, એવી કોઈ તકલીફ નહિ થાય; કારણ કે આ પરંપરા અનાદિની છે. આખરે બીજ અને વૃક્ષના ઉદાહરણમાં પણ અનાદિ પરંપરાને આધારે જ તો આ દોષોનું નિરાકરણ થાય છે. બીજ અને વૃક્ષ તથા કર્મ અને અજ્ઞાનની અનાદિ પરંપરા હોવાથી ન તો આમાં ઈતરેતરાશ્રયનો દોષ આવે છે કે ન તો અનવસ્થાનો. તેથી આ સંપૂર્ણ કથન નિર્દોષ અને નિરાપદ (આપત્તિ વિનાનું) છે.

આમ એ સિદ્ધ થયું કે કર્મબંધનું મૂળ કારણ કર્તાકર્મસંબંધીનું અજ્ઞાન છે, કર્તાકર્મપ્રવૃત્તિરૂપ અજ્ઞાન છે, આત્મા અને આસ્ત્રવોમાં અભેદજ્ઞાન છે, આત્મા અને આસ્ત્રવો વચ્ચેના ભેદજ્ઞાનનો અભાવ છે. તેથી મૂળ ગાથામાં બરાબર જ કહ્યું છે કે જ્યાં સુધી આ આત્મા, આત્મા અને આસ્ત્રવોમાં ભેદ જાણતો નથી, ત્યાં સુધી અજ્ઞાની રહ્યો થકો ક્રોધાદિમાં વર્તે છે અને ક્રોધાદિમાં વર્તતા એ આત્માને કર્મનો સંચય થાય છે. જીવના બંધનું સ્વરૂપ સર્વજ્ઞભગવાને આ જ કહ્યું છે.

પ્રશ્ન - જે આત્મા અને આસ્ત્રવોને ભિન્ન ભિન્ન જાણી લેવા માત્રથી બંધનો નિરોધ થઈ જાય છે તો પછી આપે બતાવ્યું અને અમે જાણી લીધું, તો શું અમારા બંધનો નિરોધ થઈ ગયા ?

ઉત્તર - અરે ભાઈ ! આવી રીતે જાણવાથી કામ થવાનું નથી. આત્માનુભવપૂર્વક જાણવાથી બંધનો નિરોધ થાય છે. આ જ કારણે આચાર્ય જયસેને આ ગાથાની વ્યાખ્યામાં અજ્ઞાનીનું સ્વરૂપ આ પ્રમાણે સ્પષ્ટ કર્યું છે –

"किंच यावत्क्रोधाद्यास्त्रवेभ्यो भिन्नं शुद्धात्मस्वरूपं स्वसंवेदनज्ञानबलेन न जानाति तावत्कालमज्ञानी भवति । अज्ञानी सन् अज्ञानजां कर्तृकर्मप्रवृत्तिं न मुंचति तस्माद्बन्धो भवति । बंधात्संसारं परिभ्रमतीत्यभिप्रायः ।

બીજી વાત એ છે કે જ્યાં સુધી ક્રોધાદિઆસ્ત્રવભાવોથી ભિન્ન શુદ્ધાત્માનો સ્વભાવ સ્વસંવેદનજ્ઞાનના બળથી જાણતો નથી, ત્યાં સુધી અજ્ઞાની રહે છે. અજ્ઞાની રહેતો થકો અજ્ઞાનથી ઉપજતી કર્તા-કર્મની પ્રવૃત્તિને પણ છોડતો નથી, તેથી બંધ થાય છે. બંધથી સંસાર પરિભ્રમણ થાય છે - એમ અભિપ્રાય છે.''

ઉપરના કથનમાં અત્યંત સ્પષ્ટ શબ્દોમાં એમ કહ્યું છે કે આત્મા અને આસ્ત્રવોની ભિન્નતા માત્ર શબ્દોમાં જ જાણવાની નથી, પરંતુ આસ્ત્રવોથી ભિન્ન નિજ ભગવાન આત્મા અનુભૂતિમાં આવવો જોઈએ, અનુભવજ્ઞાનનો વિષય બનવો જોઈએ. જ્યાં સુધી નિજ ભગવાન આત્મા અનુભૂતિનો વિષય નહીં બને, આત્માનુભૂતિ નહીં થાય, ત્યાંસુધી કર્તા-કર્મની પ્રવૃત્તિ પણ નિવૃત્ત નહીં થાય અને જ્યાં સુધી કર્તા-કર્મની પ્રવૃત્તિ નિવૃત્ત નહીં થાય, ત્યાંસુધી બંધનો નિરોધ પણ નહીં થાય.

આમ આ ગાથાઓમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે બંધનું મૂળ કારણ અજ્ઞાનજન્ય કર્ત્તા-કર્મની પ્રવૃત્તિ છે અને જ્યાં સુધી એ કર્ત્તા-કર્મની પ્રવૃત્તિથી નિવૃત્તિ નહીં થાય; ત્યાં સુધી કર્મનો બંધ પણ નહીં રોકાય.

જ્ઞાનગોષ્ઠી

પ્રશ્ન:- નિશ્ચયનય અને વ્યવહારનયને વિરોધ છે કે મૈત્રી છે ?

ઉત્તર:- નિશ્ચયનય અને વ્યવહારનયને છે તો વિરોધ પણ સાથે રહે છે તે અપેક્ષાએ મૈત્રી પણ કહેવાય. સમ્યગ્દર્શન અને મિથ્યાદર્શનને સાથે રહેવામાં વિરોધ છે તેમ નિશ્ચય વ્યવહારને વિરોધ નથી, સાથે રહે છે તેથી મૈત્રી કહેવાય.

- આત્મધર્મ અંક ૪૪૯, માર્ચ ૧૯૮૧, પૃષ્ઠ ૨૩

સમયસાર ગાથા ૭૧

૬૯મી અને ૭૦મી ગાથામાં એમ બતાવવામાં આવ્યું હતું કે બંધનું મૂળ કારણ અજ્ઞાનજન્ય કર્તાકર્મની પ્રવૃત્તિ જ છે. તેથી હવે એ પ્રશ્ન સહજ જ ઉપસ્થિત થાય છે કે કર્તાકર્મની પ્રવૃત્તિની નિવૃત્તિ ક્યારે થશે, કઈ રીતે થશે ? આ જ પ્રશ્નના ઉત્તરમાં ૭૧મી ગાથાનો જન્મ થયો છે.

આ જ કારણ છે કે આચાર્ય અમૃતચંદ્ર ૭૧મી ગાથાની ઉત્થાનિકા આ પ્રમાણે આપે છે -

कदास्याः कर्तृकर्मप्रवृत्तेर्निवृत्तिरितिचेत् - જો કોઈ કહે કે કર્તાકર્મની પ્રવૃત્તિની નિવૃત્તિ ક્યારે થાય છે તો કહીએ છીએ કે -

जइया इमेण जीवेण अप्पणो आसवाण य तहेव ।
णादं होदि विसेसंतरं तु तइया ण बंधो से ॥७१॥

(હરિગીત)

આ જીવ જ્યારે આસ્ત્રવોનું તેમ નિજ આત્મા તણું,
જાણે વિશેષાંતર તદા બંધન નહીં તેને થતું. ૭૧[૧]

જ્યારે આ જીવ આત્માના અને આસ્ત્રવોના તફાવત અને ભેદને જાણે છે ત્યારે તેને બંધ થતો નથી.

જુઓ, ઉત્થાનિકામાં તો પ્રશ્ન કરવામાં આવ્યો હતો કે કર્તાકર્મની પ્રવૃત્તિની નિવૃત્તિ ક્યારે થાય છે અને ગાથામાં ઉત્તર આપવામાં આવી રહ્યો છે કે જ્યારે આ જીવ આત્મા અને આસ્ત્રવોમાં ભેદ જાણે છે, ત્યારે

---

૧. સમયસાર (ગુજરાતી), પાનું-૧૩૨

તેને બંધ થતો નથી. તથા આત્મખ્યાતિ ટીકાના અંતમાં નિષ્કર્ષ કાઢશે કે આવું હોવાથી જ્ઞાનમાત્રથી જ બંધનો નિરોધ સિદ્ધ થાય છે. સ્થૂળ દૃષ્ટિએ જોતાં એમ લાગે છે કે ઉત્થાનિકાના પ્રશ્ન, ગાથાના ઉત્તર અને ટીકાના નિષ્કર્ષમાં કોઈ સંગતિ નથી; પરંતુ જ્યારે ઊંડાણમાં જઈને વિચાર કરીએ છીએ ત્યારે બધું સ્પષ્ટ થઈ જાય છે.

જોકે દેહાદિ પર અને ક્રોધાદિ આસ્રવભાવોમાં એકત્વ-મમત્વબુદ્ધિ પણ અજ્ઞાન જ છે, તેમ છતાં અહીં કર્તાકર્મ અધિકાર હોવાથી, કર્તાકર્મનું પ્રકરણ હોવાથી ક્રોધાદિ આસ્રવભાવોમાં કર્તૃત્વને જ અજ્ઞાન કહેવામાં આવી રહ્યું છે. આત્મા કર્તા અને ક્રોધાદિ આસ્રવભાવ કર્મ - આ પ્રકારની માન્યતાનું નામ જ અહીં કર્તાકર્મની પ્રવૃત્તિ છે અને એને જ અજ્ઞાન કહે છે તથા એ જ બંધનું મૂળ કારણ પણ છે. તેથી એ સ્પષ્ટ જ છે કે આ કર્તાકર્મસંબંધી અજ્ઞાન જ બંધનું કારણ છે અને આ અજ્ઞાનનો અભાવ થતાં કર્તાકર્મની પ્રવૃત્તિની નિવૃત્તિ પણ થઈ જાય છે અને બંધનો નિરોધ પણ થઈ જાય છે. તેથી કર્તાકર્મસંબંધી અજ્ઞાનના નિરોધથી એટલે કે જ્ઞાનમાત્રથી બંધનો નિરોધ સહજ જ સિદ્ધ થઈ જાય છે.

હા, એ વાત અવશ્ય છે કે ઉત્થાનિકામાં 'ક્યારે' શબ્દ દ્વારા પ્રશ્નને કાળવાચક બનાવવામાં આવ્યો છે અને ગાથામાં વિધિ બતાવીને પુરૂષાર્થની મુખ્યતાથી ઉત્તર આપવામાં આવ્યો છે. ગાથામાં 'ક્યારે' નો ઉત્તર નિશ્ચિત સમય ન બતાવીને પ્રશ્નકાર પર જ વજન મૂકી દઈને સંપૂર્ણ જવાબદારી સોંપીને કહેવામાં આવ્યું છે કે જ્યારે તું આત્મા અને આસ્રવોના ભેદને જાણીશ, બે વચ્ચેના અંતરને ઓળખીશ; ત્યારે બંધનો નિરોધ થશે. આ પ્રમાણે જાણવા પર વજન મૂકીને જ્ઞાનમાત્રથી બંધનો નિરોધ સિદ્ધ કરવામાં આવ્યો છે.

આ ગાથાનો ભાવ આત્મખ્યાતિમાં આ પ્રમાણે સ્પષ્ટ કરવામાં આવ્યો છે -

"આ લોકમાં વસ્તુ પોતાના સ્વભાવમાત્ર જ હોય છે અને સ્વનું ભવન (થવું - પરિણમવું) એ જ સ્વભાવ છે. તેથી એ નિશ્ચય થયો

કે જ્ઞાનનું થવું - પરિણમવું તે આત્મા છે અને ક્રોધાદિનું થવું - પરિણમવું ક્રોધાદિ છે. જ્ઞાનનું થવું - પરિણમવું તે ક્રોધાદિનું થવું - પરિણમવું નથી; કારણ કે જ્ઞાનના થવાના (પરિણમવાના) સમયે જેમ જ્ઞાન થતું માલૂમ પડે છે, તેમ ક્રોધાદિ થતાં માલૂમ પડતાં નથી. એ જ પ્રમાણે જે ક્રોધાદિનું થવું - પરિણમવું છે તે જ્ઞાનનું થવું (પરિણમવું) નથી; કારણ કે ક્રોધાદિના થવા સમયે જેમ ક્રોધાદિ થતાં માલૂમ પડે છે, તેમ જ્ઞાન થતું માલૂમ પડતું નથી.

આમ આત્મા અને ક્રોધાદિને નિશ્ચયથી એક વસ્તુત્વ (વસ્તુત્વપણું) નથી. તાત્પર્ય એ છે કે આત્મા અને ક્રોધાદિ એક વસ્તુ નથી.

આ રીતે આત્મા અને આસ્ત્રવોમાં વિશેષ (અંતર-તફાવત) દેખવાથી જ્યારે આ આત્મા તેમનામાં ભેદ (ભિન્નતા) જાણે છે, ત્યારે આ આત્માને અનાદિ હોવા છતાં પણ અજ્ઞાનથી ઉત્પન્ન થયેલી એવી કર્તાકર્મની પ્રવૃત્તિ નિવૃત્ત થાય છે. તેની નિવૃત્તિ થતાં અજ્ઞાનના નિમિત્તથી થતો પૌદ્‌ગલિક દ્રવ્યકર્મનો બંધ પણ નિવૃત્ત થાય છે. - આમ થતાં જ્ઞાનમાત્રથી જ બંધનો નિરોધ સિદ્ધ થાય છે.''

આત્મખ્યાતિના ભાવને ત્રણ પંક્તિઓમાં સમેટતાં પંડિત જયચંદજી છાબડા ભાવાર્થમાં લખે છે -

''ક્રોધાદિ અને જ્ઞાન ભિન્ન ભિન્ન વસ્તુઓ છે; ન તો જ્ઞાનમાં ક્રોધાદિ છે અને ન ક્રોધાદિમાં જ્ઞાન છે. આવું તેમનું ભેદજ્ઞાન થાય ત્યારે તેમના એકત્વરૂપ અજ્ઞાનનો નાશ થાય છે અને અજ્ઞાનનો નાશ થઈ જવાથી કર્મબંધ પણ થતો નથી. - આ પ્રમાણે જ્ઞાનથી જ બંધનો નિરોધ થાય છે.''

'વસ્તુ સ્વભાવમાત્ર જ હોય છે' - એ નિયમના આધારે આત્મખ્યાતિમાં એમ સ્પષ્ટ કરવામાં આવી રહ્યું છે કે વિભાવને વસ્તુમાં સામેલ થયેલો (ભળેલો) માનવામાં આવતો નથી. જ્ઞાન તે આત્માનો સ્વભાવ હોવાથી જ્ઞાનના પરિણમનને તો અહીં આત્મવસ્તુમાં સામેલ

કરવામાં આવ્યું છે, પરંતુ ક્રોધાદિ ભાવો આત્માના વિકાર હોવાથી તેમને આત્મવસ્તુમાં સામેલ કરવામાં આવ્યા નથી. તાત્પર્ય એ છે કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ નિર્મળ પરિણમન તો આત્મવસ્તુમાં સામેલ છે, પણ મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ વિકારી પરિણમન આત્મવસ્તુમાં સામેલ નથી. આમ આત્મદ્રવ્ય, જ્ઞાનાદિ ગુણ અને તેમનું નિર્મળ પરિણમન તો આત્મવસ્તુમાં સામેલ છે, પરંતુ વિકારી પરિણમન નહીં.

૪૭ શક્તિઓના પ્રકરણમાં પણ આત્મામાં નિર્મળ પર્યાય સામેલ કરીને વાત કહી છે.

ઉક્ત સંદર્ભમાં પૂજ્ય ગુરુદેવનું સ્પષ્ટીકરણ દ્રષ્ટવ્ય છે, જે આ પ્રમાણે છે -

પ્રશ્ન - નિયમસારના શુદ્ધભાવ અધિકારની ગાથા ૩૮માં તો એમ કહ્યું છે કે જે ત્રિકાળી ધ્રુવ ચૈતન્યસ્વભાવમય વસ્તુ છે, તે આત્મા છે. ત્યાં સંવર, નિર્જરા તથા મોક્ષની પર્યાયને હેય કહીને, તે શુદ્ધપર્યાયો પણ આત્મા નથી - એમ કહ્યું છે. તેથી આ કથન કઈ અપેક્ષાએ છે ?

ઉત્તર - ભાઈ ! ત્યાં અપેક્ષા જુદી છે. ત્યાં તો ધ્યાનનું ધ્યેય, તથા સમ્યગ્દર્શનનો વિષય ત્રિકાળી શુદ્ધ સ્વભાવ, શુદ્ધ ચૈતન્યમય વસ્તુ બતાવવાનું પ્રયોજન છે. એક ત્રિકાળી શુદ્ધવસ્તુ, અવિનાશી આત્માના આશ્રયે જ સમ્યગ્દર્શન આદિ ધર્મ પ્રગટ થાય છે, તેથી ત્યાં માત્ર તેને જ ઉપાદેય કહ્યો છે. પર્યાય તો પ્રતિક્ષણ વિનાશીક છે તથા તેના આશ્રયે સમ્યગ્દર્શન થતું નથી, પણ વિકલ્પો જ થાય છે - તેથી સંવર, નિર્જરા તથા મોક્ષની પર્યાયોને પણ હેય કહી છે. ત્રિકાળી ધ્રુવદ્રવ્યમાં સામેલ ન હોવાથી નિર્મળપર્યાય પણ આત્મા નથી - એમ કહ્યું છે.

અહીં તો કર્તાનું કર્મ બતાવવાની અપેક્ષા છે, તેથી કહે છે કે જે રાગરૂપ પરિણમન ન કરતાં સ્વભાવરૂપ-જ્ઞાનરૂપ પરિણમન કરે, તે આત્મા છે. જે રાગરૂપ પરિણમન કરે, તે આત્મા નથી. આત્મા તો શુદ્ધ જ્ઞાનાનંદસ્વભાવી વસ્તુ છે, તેથી નિર્મળ જ્ઞાન-આનંદરૂપ પરિણમન કરનાર

જ આત્મા છે. આત્માના સ્વભાવને અનુરૂપ પરિણમનને અહીં આત્મા કહ્યો છે. જેવી શુદ્ધ ચૈતન્યમય વસ્તુ છે, તેવું જ (શુદ્ધ ચૈતન્યમય) પરિણમન થવું, તે કર્તાનું કર્મ છે - અહીં તે વાત છે.

અજ્ઞાની એમ માને છે કે દયા, દાન, વ્રત આદિ શુભ રાગરૂપ વિકારી પર્યાયો મારાં કર્મ તથા હું તેમનો કર્તા છું, પરંતુ જ્ઞાની કહે છે કે જ્ઞાનસ્વભાવના લક્ષે જે નિર્મળ જ્ઞાનરૂપ પરિણમન થયું, તે મારૂં કર્મ છે તથા પરના લક્ષે જે રાગ થાય છે, તે મારું કર્મ નથી. ભાઈ ! આ વીતરાગમાર્ગ બહુ સૂક્ષ્મ છે. લોકોએ બાહ્ય ક્રિયાકાંડને જ ધર્મ માની રાખ્યો છે. આમાં કોઈ લોકોને તો એમ લાગે છે કે આ પ્રમાણે કહેવાથી તો વ્યવહારનો લોપ થઈ જશે, પરંતુ અહીં તો આચાર્ય ભગવાન સ્પષ્ટ કહે છે કે રાગભાવો તારા સ્વરૂપમાં નથી અને તેમને તું પોતાનું કર્મ (કાર્ય) માને, તે તારૂં અજ્ઞાન છે.[૧]

સ્વભાવરૂપ પરિણમન થવું - તે જ્ઞાનીનું કર્મ છે તથા રાગરૂપ પરિણમન થવું - તે અજ્ઞાનીનું કર્મ છે. પરનું કાંઈ કરવું-ધરવું એ તો આત્માના સ્વભાવમાં છે જ નહીં.[૨]

પ્રશ્ન - જ્ઞાનીને પણ રાગાદિ તો થાય છે ને ?

ઉત્તર - હા, સાધકદશામાં જ્ઞાનીને રાગ હોય છે, પરંતુ જ્ઞાની જ્ઞાનરૂપે પરિણમતાં તે રાગ જ્ઞાનરૂપ પરિણમનથી ભિન્ન રહી જાય છે. જે રાગ થાય છે, તેને જ્ઞાની જાણતો થકો પ્રવર્તે છે, તેનો કર્તા બનતો નથી એટલે કે જ્ઞાની રાગનો જ્ઞાતા-દ્રષ્ટા રહીને માત્ર તેને જાણે જ છે, તેમાં તન્મય થતો નથી, જ્ઞાનીને તે રાગની રુચિ નથી, તથા તેનું સ્વામિત્વ તેમજ કર્તૃત્વ પણ નથી.[૩]

---

૧. પ્રવચન રત્નાકર (હિંદી) ભાગ-૩, પાનું-૪૪
૨. પ્રવચન રત્નાકર (હિંદી) ભાગ-૩, પાનું-૪૫
૩. પ્રવચન રત્નાકર (હિંદી) ભાગ-૩, પાનું-૪૫

પ્રશ્ન - 'સમકિતી નિરાસ્ત્રવ છે, તેને રાગ થતો નથી' - એવું કથન શાસ્ત્રમાં આવે છે ને ? તેનો શું અભિપ્રાય છે ?

ઉત્તર - હા, એવું કથન આવે છે, પરંતુ તેની શું અપેક્ષા છે - તે જાણવું જરૂરી છે. દ્રષ્ટિના વિષયભૂત ત્રિકાળી શુદ્ધસ્વરૂપમાં રાગ નથી - એ અપેક્ષાએ જ્ઞાનીને રાગ નથી, એમ કહ્યું છે. જો જ્ઞાનની અપેક્ષાએ જોઈએ તો દસમા ગુણસ્થાનમાં પણ જ્ઞાનીને સૂક્ષ્મ લોભના પરિણામ છે, જ્ઞાનીને સાધક દશામાં જ્ઞાનધારા તેમજ કર્મધારા-બન્ને ધારાઓ એક સાથે રહે છે. જ્યારે અજ્ઞાનીને એકલી કર્મધારા-રાગની રુચિરૂપ મિથ્યાત્વધારા જ રહે છે.

જ્ઞાનીને એકલી જ્ઞાનધારા છે, પરંતુ સાથે જે સ્વભાવથી વિરૂદ્ધ રાગધારા છે, તેને જ્ઞાની જ્ઞાનનું જ્ઞેય બનાવી લે છે. જેટલી રાગધારા છે, તેટલું દુઃખ છે, બંધન છે - એમ જ્ઞાની જાણે છે. સમ્યગ્દ્રષ્ટિ વિષયના રાગમાં અટક્યો હોય તોપણ રાગનો જ્ઞાયક જ રહે છે. એટલે કે 'હું રાગથી ભિન્ન જ્ઞાનસ્વરૂપ જ છું' - એ પ્રમાણે જ્ઞાનરૂપે જ પરિણમન કરે છે. જ્ઞાની બન્નેને ભિન્ન-ભિન્ન કરીને જ્ઞાનરૂપે પરિણમે છે.[૧]''

પ્રશ્ન - આ ગાથામાં જે જ્ઞાનમાત્રથી બંધનો નિરોધ સિદ્ધ કરવામાં આવી રહ્યો છે, તે ક્યા ગુણસ્થાનમાં થાય છે ?

ઉત્તર - ઉકત સંદર્ભમાં આ જ ગાથાની આચાર્ય જયસેનની તાત્પર્યવૃત્તિ નામની ટીકાનો અર્થ લખવા ઉપરાંત વીરસાગરજી મહારાજ દ્વારા લખાયેલો ભાવાર્થ દ્રષ્ટવ્ય છે, જે આ પ્રમાણે છે -

''જે સમયે શુદ્ધાત્માનુભવ થાય છે, ત્યારે જ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્રમય અભેદરત્નત્રય પ્રગટ થાય છે, તે જ સમયે અજ્ઞાન અવસ્થા નષ્ટ થાય છે, મિથ્યાત્વ અવસ્થા નષ્ટ થાય છે, (આત્મા) જ્ઞાની થાય છે એટલે કે ચોથું ગુણસ્થાન પ્રગટ થાય છે, ત્યારે જ મોક્ષમાર્ગ શરૂ થાય છે, બંધનો નિરોધ થાય છે.''

---

૧. પ્રવચન રત્નાકર (હિંદી) ભાગ-૩, પાનું-૪૯

આચાર્ય અમૃતચંદ્રની આત્મખ્યાતિ ટીકાથી પણ આજ ભાવ પ્રતિફલિત થાય છે, કારણ કે તેઓએ અનાદિ અજ્ઞાનજન્ય કર્તા-કર્મની પ્રવૃત્તિના નિષેધની વાત કરી છે. અનાદિકાલિન અજ્ઞાનના નાશથી તો સર્વ પ્રથમ ચતુર્થ ગુણસ્થાન જ પ્રગટ થાય છે. સંપૂર્ણ પ્રકરણ પર ધ્યાન આપવાથી પણ એ જ સ્પષ્ટ થાય છે કે અહીં ચતુર્થ ગુણસ્થાનની જ વાત ચાલી રહી છે.

આ પ્રમાણે આ ગાથામાં એમ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે આત્મા અને આસ્ત્રવો વચ્ચે જે ભિન્નતા જાણવામાં આવે છે, તે જ જ્ઞાન છે અને તેનાથી જ બંધનો નિરોધ થાય છે.

જ્ઞાનગોષ્ઠી

પ્રશ્ન:- શાસ્ત્રમાં વ્યવહારને પણ પ્રશંસા યોગ્ય કહેલ છે ને ?

ઉત્તર:- નિશ્ચય શુદ્ધાત્માની ભાવનાવાળા સાધક જીવને જ્યાં સુધી પૂર્ણ વીતરાગતા પ્રગટી ન હોય ત્યાં સુધી નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની સાથે જે વ્યવહાર સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્ર એટલે કે સાચા દેવ-ગુરૂ-શાસ્ત્રની શ્રદ્ધા નવ તત્ત્વનું જ્ઞાન અને પંચમહાવ્રતનું આચરણ છે તેને નિશ્ચયનું સહકારી ગણીને પ્રશંસા યોગ્ય કહ્યું છે. વ્યવહારે મોક્ષમાર્ગ કહ્યો છે. તોપણ પરમાર્થે તો બંધ માર્ગ જ છે. તેથી નિશ્ચય શુદ્ધાત્માની ભાવના કાળે તે વ્યવહાર પ્રશંસા યોગ્ય નથી. સાધક જીવને પૂર્ણ વીતરાગતા થઈ નથી ત્યાં સુધી એટલે પ્રથમ અવસ્થામાં વ્યવહાર શ્રદ્ધા-જ્ઞાન-આચરણને પ્રશંસા યોગ્ય કહ્યું છે તોપણ શુદ્ધાત્માની ભાવના કાળે પ્રશંસા યોગ્ય નથી.

- આત્મધર્મ અંક ૩૯૯, જાન્યુઆરી ૧૯૭૭, પૃષ્ઠ ૧૯

કામસેવનના સમયે વીર્યસ્ખલનની સાથે જ દારૂણ કામસંસ્કારના નાશનું ઉદાહરણ આપીને આસ્રવોની અશરણતા સમજાવી છે. જે પ્રમાણે કામસેવનના સમયે વીર્યસ્ખલન થતાં જ કામવાસના નષ્ટ થઈ જાય છે, તેને નષ્ટ થતી રોકવાનો કોઈ ઉપાય નથી, કોઈ શરણ નથી, તે કારણે તે અશરણ છે.

બરાબર એ જ પ્રમાણે જે કર્મોદયના નિમિત્તથી જે આસ્રવભાવો થાય છે, તે કર્મોદય સમાપ્ત થતાં તે આસ્રવભાવો પણ નષ્ટ થઈ જાય છે, તેમને નષ્ટ થતા રોકી શકાતા નથી; તેથી તેઓ અશરણ છે, તેમને કોઈ શરણ નથી. પોતાના સ્વભાવથી જ સ્વયં સુરક્ષિત જીવ જ શરણભૂત છે; કારણ કે તેની સહજ ચૈતન્યશક્તિનો નાશ સંભવ નથી.

જુઓ, જગત કહે છે કે આત્મા અશરણ છે, પરંતુ અહીં કહે છે કે અશરણ તો આત્માના વિરોધી આસ્રવભાવો છે, આત્મા તો પરમશરણ છે, શરણભૂત છે.

ઉક્ત સંદર્ભમાં અશરણ ભાવના વિષે લખાયેલાં નીચે જણાવેલા કથનો મનનીય છે –

(દોહા)

शरण न जिय को जगत में, सुर-नर खगपति सार।
निश्चय शुद्धातम शरण, परमेष्ठि व्यवहार ॥[१]

शुद्धातम अरु पंचगुरु, जग में सरनौ दोय ।
मोह उदय जिय के वृथा, आन कल्पना होय ॥[२]

---

१. પંડિત દીપચંદશાહ કૃત બારહ ભાવના, અશરણ ભાવના
૨. પંડિત જયચંદજી છાબડા કૃત બારહ ભાવના, અશરણ ભાવના

(हरिगीत)

निज आतमा निश्चयशरण व्यवहार से परमातमा ।
जो खोजता पर की शरण वह आतमा बहिरातमा ॥

ध्रुवधाम से जो विमुख वह पर्याय ही संसार है ।
ध्रुवधाम की आराधना आराधना का सार है ॥

संयोग हैं अशरण सभी निज आतमा ध्रुवधाम है ।
पर्याय व्ययधर्मा परंतु द्रव्य शाश्वत धाम है ॥

इस सत्य को पहिचानना ही भावना का सार है ।
ध्रुवधाम की आराधना आराधना का सार है ॥[१]

ઉક્ત છંદોમાં ભગવાન આત્માને નિશ્ચયશરણ બતાવવામાં આવ્યો છે. અશરણ તો સંયોગ અને સંયોગીભાવો છે, ત્રિકાળીભાવ અશરણ હોતો નથી.

અધ્રુવ, અનિત્ય અને અશરણ વિશેષણોને ઊંડાણથી સમજવા માટે લેખકની અન્યકૃતિ 'બારહ ભાવના : એક અનુશીલન' ના અનિત્ય અને અશરણ ભાવના સંબંધી પ્રકરણોનું અધ્યયન કરવું જોઈએ.

આસ્રવભાવો વર્તમાનમાં જ દુઃખરૂપ છે અને ભવિષ્યમાં પણ દુઃખ આપવાવાળા છે. મોહ-રાગ-દ્વેષ ભાવો જ આસ્રવભાવો છે. તેઓ અશાંતિસ્વરૂપ અને આકુળતારૂપ હોવાથી વર્તમાનમાં દુઃખરૂપ છે તથા અશાંતિ અને આકુળતાના જનક કર્મોના બંધના કારણ હોવાથી દુઃખફળરૂપ છે.

આ આસ્રવભાવો વર્તમાનમાં તો દુઃખ આપે જ છે; દુઃખ શું આપે છે, તેઓ પોતે દુઃખ જ છે અને તેમનું નિમિત્ત પામીને જે કર્મો બંધાશે, તે કર્મોનો ભવિષ્યમાં જ્યારે ઉદય આવશે, ત્યારે તેના નિમિત્તથી

---

૧. ડો. હુકમચંદજી ભારિલ્લ કૃત બારહ ભાવના, અશરણ ભાવના

જે રાગ-દ્વેષ થશે તથા અનેક પ્રકારની પ્રતિકુળતાઓ થશે, તે પણ દુઃખરૂપ હોવાથી આ આસ્રવભાવો આગામી દુઃખોના પણ કારણ છે.

આસ્રવભાવો પુણ્યરૂપ પણ હોય છે અને પાપરૂપ પણ. તાત્પર્ય એ છે કે આસ્રવો બે પ્રકારના હોય છે -

૧. પુણ્યાસ્રવ અને ૨. પાપાસ્રવ અથવા ૧. શુભાસ્રવ અને ૨. અશુભાસ્રવ

ધ્યાન આપવાની વાત તો એ છે કે અહીં બન્ને પ્રકારના આસ્રવભાવોને અધ્રુવ, અનિત્ય, અશરણ, દુઃખરૂપ અને દુઃખોના કારણ બતાવ્યા છે. તાત્પર્ય એ છે કે પુણ્યભાવ પણ, શુભભાવ પણ અધ્રુવ, અનિત્ય અને અશરણ તો છે જ, દુઃખરૂપ પણ છે અને દુઃખોનું કારણ પણ છે. પુણ્ય અને પાપ બન્ને ભાવો સંસાર પરિભ્રમણના કારણ હોવાથી સમાન જ છે. બન્નેની સમાનતાને આગળ ઉપર પુણ્ય-પાપાધિકારમાં, પુણ્ય-પાપ એકત્વદ્વારમાં વિસ્તારથી સ્પષ્ટ કરવામાં આવશે. તેથી આ વિષય પર ઊંડી મીમાંસા ત્યાંજ કરીશું. અહીં તો માત્ર એટલું સમજી લેવું જ પૂરતું છે કે પુણ્ય અને પાપ - બન્ને ભાવો આસ્રવભાવો હોવાથી આત્માના સ્વભાવથી વિરૂદ્ધ ભાવો છે, આ કારણે તેઓ આત્મા હોઈ શકતા નથી અને તેથી જ હેય છે, ઉપાદેય નહીં.

ઉક્ત સંદર્ભમાં પૂજ્ય ગુરુદેવનું સંબોધન પણ મનનીય છે, જેનો ભાવ આ પ્રમાણે છે -

"જે આસ્રવભાવથી તારે નિવર્તવું છે, બચવું છે, હટવું છે; તેમાં જ અટકીશ, તેમાં જ રહીશ તો તેનાથી નિવૃત્ત કઈ રીતે થઈશ ? એ રીતે તારા જન્મ-મરણનો અંત ક્યારે આવશે ? ભાઈ ! પુણ્ય-પાપના ભાવોથી તારે હટવાનું છે. જે પ્રમાણે પાપથી હટવાનું છે, તે જ પ્રમાણે પુણ્યથી પણ હટવાનું જ છે. પુણ્ય-પાપ બન્ને એક જ વસ્તુ છે અર્થાત્ આસ્રવો જ છે. યોગસારમાં આવ્યું છે કે -

પાપરૂપને પાપ તો જાણે જગ સહુ કોઈ;
પુણ્યતત્ત્વ પણ પાપ છે, કહે અનુભવી બુધ કોઈ. ૭૧.

આ જ સમયસાર શાસ્ત્રની જયસેનાચાર્યકૃત તાત્પર્યવૃત્તિ ટીકામાં પુણ્ય-પાપાધિકારના અંતમાં પ્રશ્ન કર્યો છે કે આ અધિકારને તો આપ પાપાધિકાર કહો છો, તો પછી આમાં વ્યવહાર રત્નત્રયને શા માટે લેવામાં આવ્યો ?

ઉત્તરમાં આચાર્યદેવ કહે છે કે જોકે વ્યવહાર મોક્ષમાર્ગને નિશ્ચયરત્નત્રયનું નિમિત્તકારણ હોવાથી તથા પરંપરા જીવને પવિત્રતાનું કારણ હોવાથી પુણ્ય કહેવાય છે; તેમ છતાં બહિર્દ્રવ્યના અવલંબન દ્વારા પરાધીન હોવાથી આત્માને શુદ્ધસ્વભાવથી પતિત કરે છે, નિર્વિકલ્પ સમાધિમાં સ્થિત જીવ વ્યવહારના વિકલ્પોને કારણે શુદ્ધાત્મસ્વરૂપથી પતિત થાય છે; તેથી તે પાપ જ છે.[૧]

ભાઈ ! જગતને પુણ્યભાવની ખૂબ મિઠાશ છે અને તે મિઠાશ જ તેને મારે છે. પુણ્યના ફળમાં ધન-સંપત્તિ, માન-સન્માન આદિ મળે છે. અજ્ઞાની તેમાં ફુલાઈ જાય છે, ખુશી થઈ જાય છે; પરંતુ અહીં કહે છે કે તને જે આ પુણ્યભાવની મિઠાશ છે ને ? તે મિઠાશ તારી ઘાતક છે.[૨]''

ઉક્ત કથનથી એ અત્યંત સ્પષ્ટ છે કે પાપાસ્રવની જેમ પુણ્યાસ્રવ પણ આત્મા નથી કારણ કે તે પણ આત્મસ્વભાવથી વિરૂદ્ધસ્વભાવવાળા છે, આત્માના ઘાતક છે, અધ્રુવ છે, અનિત્ય છે, અશરણ છે, દુઃખરૂપ છે અને આગામી કાળમાં પણ દુઃખ આપનારા છે.

આ પ્રમાણે જ્યારે આ આત્મા, આત્મા અને આસ્રવો વચ્ચે ભેદ જાણી લે છે ત્યારે આસ્રવોથી નિવૃત્ત થઈ જાય છે. આસ્રવોની નિવૃત્તિની

---

૧. પ્રવચન રત્નાકર (હિંદી), ભાગ-૩, પાનું ૧૦૪-૧૦૫
૨. પ્રવચન રત્નાકર (હિંદી), પાનું ૧૦૮

પ્રક્રિયા સમજાવતાં ટીકામાં કહ્યું છે કે આ આત્મા જેમ-જેમ અને જેટલો-જેટલો વિજ્ઞાનઘન થતો જાય છે. તેમ-તેમ અને તેટલો-તેટલો આસ્રવોથી નિવૃત્ત થતો જાય છે તથા જેમ-જેમ અને જેટલો-જેટલો આસ્રવોથી નિવૃત્ત થતો જાય છે, તેમ-તેમ અને તેટલો-તેટલો વિજ્ઞાનઘન થતો જાય છે - આ પ્રમાણે જ્ઞાનના થવાનો અને આસ્રવોની નિવૃત્તિનો સમકાળ છે.

ઉક્ત સંદર્ભમાં પંડિત જયચંદજી છાબડા દ્વારા લખાયેલો આ ગાથાનો ભાવાર્થ દ્રષ્ટવ્ય છે, જે આ પ્રમાણે છે -

''આસ્રવોનો અને આત્માનો જેવો ઉપર કહ્યો છે, તેવો ભેદ જાણતાં જ જે-જે પ્રકારે જેટલા-જેટલા અંશે આત્મા વિજ્ઞાનઘનસ્વભાવ થાય છે, તે-તે પ્રકારે તેટલા-તેટલા અંશે તે આસ્રવોથી નિવૃત્ત થાય છે. જ્યારે સંપૂર્ણ વિજ્ઞાનઘનસ્વભાવ થાય છે, ત્યારે સમસ્ત આસ્રવોથી નિવૃત્ત થાય છે. આ પ્રમાણે જ્ઞાનનો અને આસ્રવ-નિવૃત્તિઓ એક કાળ છે.

આ આસ્રવો દૂર થવાનું અને સંવર થવાનું વર્ણન ગુણસ્થાનોની પરિપાટીરૂપે તત્ત્વાર્થસૂત્રની ટીકા આદિ સિદ્ધાંત શાસ્ત્રોમાં છે, ત્યાંથી જાણવું. અહીં તો સામાન્ય પ્રકરણ છે, તેથી સામાન્યપણે કહ્યું છે.

'આત્મા વિજ્ઞાનઘનસ્વભાવ થતો જાય છે' - એનો શું અર્થ છે?

તેનો ઉત્તર - આત્મા વિજ્ઞાનઘનસ્વભાવ થતો જાય છે અર્થાત્ આત્મા જ્ઞાનમાં સ્થિર થતો જાય છે. જ્યાં સુધી મિથ્યાત્વ હોય, ત્યાં સુધી જ્ઞાનને (ભલે ક્ષાયોપશમિક જ્ઞાન ઘણું હોય તોપણ) અજ્ઞાન કહેવાય છે અને મિથ્યાત્વ ગયા પછી તેને (ભલે તે ક્ષાયોપશમિક જ્ઞાન અલ્પ હોય તોપણ) વિજ્ઞાન કહેવાય છે. જેમ-જેમ તે જ્ઞાન અર્થાત્ વિજ્ઞાન સ્થિરઘન (જામતું-ઘટ થતું - સ્થિર) થતું જાય છે, તેમ-તેમ આસ્રવોની નિવૃત્તિ થતી જાય છે અને જેમ-જેમ આસ્રવોની નિવૃત્તિ થતી જાય છે, તેમ-તેમ જ્ઞાન (વિજ્ઞાન) સ્થિરઘન થતું જાય છે, અર્થાત્ આત્મા વિજ્ઞાનઘનસ્વભાવ થતો જાય છે.''

પ્રશ્ન - ગાથા ૭૩માં 'એક' વિશેષણનો ભાવ સમજાવતાં ભગવાન આત્માને વિજ્ઞાનઘનસ્વભાવી કહ્યો હતો અને અહીં વિજ્ઞાનઘન થતા જવાની વાત કહેવાઈ રહી છે. હવે પ્રશ્ન એ છે કે આ ભગવાન આત્મા વિજ્ઞાનઘનસ્વભાવી છે કે તેને વિજ્ઞાનઘન થવાનું છે ?

ઉત્તર - આ ભગવાન આત્મા વિજ્ઞાનઘનસ્વભાવી છે પણ ખરો અને એને વિજ્ઞાનઘન થવાનું પણ છે. દ્રવ્યસ્વભાવની દ્રષ્ટિ એ તો એ વિજ્ઞાનઘનસ્વભાવી છે, પરંતુ પર્યાયમાં એને વિજ્ઞાનઘનસ્વભાવથી પરિણમિત થવાનું છે. જ્યારે શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રાદિ ગુણો વિજ્ઞાનઘનસ્વભાવી આત્માનો આશ્રય લઈને, તેની સન્મુખ થઈને પરિણમિત થાય છે, ત્યારે આ આત્મા પર્યાયમાં વિજ્ઞાનઘન થાય છે અને આસ્રવોથી નિવૃત્ત થાય છે. જેટલા પ્રમાણમાં વિજ્ઞાનઘનસ્વભાવે પરિણમિત થતો જાય છે, તેટલા જ પ્રમાણમાં આસ્રવોથી નિવૃત્ત થતો જાય છે તથા જેટલા પ્રમાણમાં આસ્રવોથી નિવૃત્ત થતો જાય છે, તેટલા જ પ્રમાણમાં વિજ્ઞાનઘનસ્વભાવે પરિણમિત થતો જાય છે. આસ્રવોથી નિવૃત્તિની આ જ પ્રક્રિયા છે અને તેથી જ્ઞાનના થવાનો અને આસ્રવોની નિવૃત્તિનો સમકાળ પણ છે.

હવે આગામી કળશમાં આચાર્ય અમૃતચંદ્ર ૭૩મી તેમજ ૭૪મી ગાથાનો ઉપસંહાર કરતાં ૭૫મી ગાથાની સૂચના પણ આપે છે, જે આ પ્રમાણે છે -

(शार्दूलविक्रीड़ित)

इत्येवं विरचय्य सम्प्रति परद्रव्यान्निवृत्तिं परां ।
स्वं विज्ञानघनस्वभावमभयादास्तिध्नुवानः परम् ॥

अज्ञानोत्थितकर्तृकर्मकलनात् क्लेशान्निवृत्तः स्वयं ।
ज्ञानीभूत इतश्चकास्ति जगतः साक्षी पुराणः पुमान् ॥४८॥

(હરિગીત)

આ રીત વિધિ પૂર્વોક્તથી નિર્વર્તી સૌ પરદ્રવ્યથી,
વિજ્ઞાનઘન નિજભાવ પર આરૂઢ થતો તત્કાળથી,
નિવૃત્ત થઈ અજ્ઞાનમય કર્તા-કરમના કલેશથી,
પુરાણ પુરૂષ પ્રકાશતો થઈ સાક્ષી જગનો આહીંથી. ૪૮.

આ રીતે પૂર્વોક્ત વિધિ અનુસાર પરદ્રવ્યોથી સર્વ પ્રકારે ઉત્કૃષ્ટ નિવૃત્તિ કરીને તત્કાળ જ પોતાના વિજ્ઞાનઘનસ્વભાવ પર નિર્ભયતાથી આરૂઢ થતો, પોતાનો આશ્રય કરતો, પોતાને નિઃશંકપણે આસ્તિક્યભાવમાં સ્થિર કરતો તથા અજ્ઞાનથી ઉત્પન્ન થયેલી કર્તા-કર્મની પ્રવૃત્તિથી ઉત્પન્ન કલેશોથી નિવૃત્ત થતો, સ્વયં જ્ઞાની થતો, જગતનો સાક્ષી જ્ઞાતા-દ્રષ્ટા પુરાણપુરુષ ભગવાન આત્મા હવે પ્રકાશમાન થઈ રહ્યો છે.

કળશની અંતિમ પંક્તિમાં એમ કહેવામાં આવ્યું છે કે 'જ્ઞાનીભૂત इतश्चकास्ति – આ ભગવાન આત્મા જ્ઞાની થઈને હવે અહીં પ્રકાશમાન થઈ રહ્યો છે' અને આગામી ગાથામાં જ્ઞાનીની ઓળખાણ આપવામાં આવી છે. આ પ્રમાણે આ કળશ આગામી ગાથાની ભૂમિકા પણ બાંધે છે અને પરપ્રવૃત્તિની ઉત્કૃષ્ટ નિવૃત્તિની વાત કરીને પાછળની ગાથાઓનો ઉપસંહાર પણ કરે છે.

પંડિત બનારસીદાસજીએ સમયસાર નાટકમાં આ છંદનો ભાવાનુવાદ આ પ્રમાણે કર્યો છે –

(સવૈયા इकतीसा)

जग मैं अनादि को अग्यानी कहै मेरौ कर्म,
करता मैं याको किरिया कौ प्रतिपाखी है ।
अंतर सुमति भासी जोग सौं भयो उदासी,
ममता मिटाइ परजाइबुद्धि नाखी है ।

निरभै सुभाव लीनौ अनुभौके रस भीनौ,
कीनौ विवहार द्रष्टि निहचै में राखी है ।

भरमकी डोरी तोरी धरम को भयौ धोरी,
परमसौं प्रीत जोरी करम कौ साखी है ॥

આ જગતમાં અનાદિનો અજ્ઞાની જીવ કહે છે કે કર્મ મારાં છે અને હું તેમનો કર્તા છું. - આ પ્રમાણે તે ક્રિયાનો પક્ષપાતી છે, કર્તૃત્વના અહંકારમાં ડૂબેલો છે; તેમ છતાં જ્યારે અંતરંગ સુમતિ જાગૃત થઈ, સમ્યગ્જ્ઞાનનો ઉદય થયો; ત્યારે તેણે મન-વચન-કાયારૂપ યોગોની ક્રિયાથી ઉદાસ થઈને, મમતાને મટાડીને, પર્યાયબુદ્ધિને છોડી દીધી અને નિર્ભય થઈને, નિજ સ્વભાવને ગ્રહણ કરીને આ આત્મા અનુભવના રસમાં ભીંજાઈ ગયો.

આ પ્રમાણે જ્ઞાની થઈને પણ જોકે તે વ્યવહારમાં પ્રવર્તે છે, તોપણ દ્રષ્ટિ તો નિશ્ચયમાં જ કેન્દ્રિત રાખી છે, ભ્રમની દોરીને તોડી નાંખી છે, ધર્મનો ધારક બની ગયો છે, પરમપદાર્થ નિજ ભગવાન આત્મા સાથે પ્રીતિ જોડી લીધી છે અને કર્મોનો જ્ઞાતા-દ્રષ્ટા બની ગયો છે, કર્તા-ધર્તા રહ્યો નથી.

જ્ઞાનગોષ્ઠિ

પ્રશ્ન:- વ્યવહારનો નિષેધ કરવાથી જીવ અશુભમાં ચાલ્યો જશે.?

ઉત્તર:- અરે ભાઈ ! જે શુભરાગરૂપ વ્યવહારમાં આવ્યો છે તે અશુભને છોડીને તો આવ્યો છે, હવે તેને સ્વનો-નિશ્ચયનો આશ્રય કરાવવા માટે વ્યવહારનો નિષેધ કરાવે છે ત્યાં અશુભમાં જવાની વાત જ ક્યાં છે ? *- આત્મધર્મ અંક ૪૦૪, જૂન ૧૯૭૭, પૃષ્ઠ ૨૩*

સમયસાર ગાથા ૭૫

૭૪મી ગાથા પછી મૂકાયેલા ૪૮મા કળશમાં એમ કહેવામાં આવ્યું હતું કે આત્મા જ્ઞાની થઈને પ્રકાશમાન થઈ રહ્યો છે. તેથી એ પ્રશ્ન ઉઠવો સ્વાભાવિક જ છે કે એ કેવી રીતે જાણીએ કે આત્મા જ્ઞાની થઈ ગયો? આ જ કારણ છે કે આચાર્ય અમૃતચંદ્ર ૭૫મી ગાથાની ઉત્થાનિકામાં લખે છે કે - कथमात्मा ज्ञानीभूतो लक्ष्यत इति चेत् - આત્મા જ્ઞાની થઈ ગયો - એમ કઈ રીતે જાણી શકાય ? - એમ જો કોઈ પૂછે તો કહીએ છીએ કે -

कम्मस्स य परिणामं णोकम्मस्स य तहेव परिणामं ।
ण करेइ एयमादा जो जाणदि सो हवदि णाणी ॥७५॥

(હરિગીત)

પરિણામ કર્મતણું અને નોકર્મનું પરિણામ જે
તે નવ કરે જે, માત્ર જાણે, તે જ આત્મા જ્ઞાની છે. ૭૫.[1]

જે આત્મા આ કર્મના પરિણામને તથા નોકર્મના પરિણામને કરતો નથી, માત્ર જાણે જ છે, તે જ્ઞાની છે.

કર્તા-કર્મ અધિકાર હોવાથી અહીં જ્ઞાનીની ઓળખાણ બતાવતા પણ એમ જ કહેવામાં આવ્યું છે કે જે કર્મ તેમજ નોકર્મના પરિણામને કરતો નથી, માત્ર જાણે છે, તે જ્ઞાની છે. તાત્પર્ય એ છે કે પરમાં કર્તૃત્વબુદ્ધિ એ જ અજ્ઞાન છે; તેથી તે સમાપ્ત થતાં જ અજ્ઞાનનો નાશ થઈ જાય છે અને આત્મા જ્ઞાની થઈ જાય છે.

---

૧. સમયસાર (ગુજરાતી), પાનું ૧૪૧

૧૯મી ગાથામાં એમ કહ્યું હતું કે જ્યાં સુધી આ આત્મા કર્મ અને નોકર્મમાં અહંબુદ્ધિ-એકત્વબુદ્ધિ, મમત્વબુદ્ધિ રાખશે, ત્યાં સુધી અજ્ઞાની રહેશે અને અહીં કહેવાઈ રહ્યું છે કે કર્મ અને નોકર્મમાં કર્તૃત્વબુદ્ધિ નહીં રાખનાર જ્ઞાની છે.

અજ્ઞાની અને જ્ઞાનીની પરિભાષા સમજાવતા બન્ને ગાથાઓમાં કર્મ અને નોકર્મની વાત તો સમાન જ કરી છે, પરંતુ ૧૯મી ગાથામાં અજ્ઞાનીનું સ્વરૂપ સમજાવતાં એકત્વબુદ્ધિ અને મમત્વબુદ્ધિની વાત કરી અને અહીં જ્ઞાનીનું સ્વરૂપ સમજાવતાં કર્તૃત્વબુદ્ધિના નિષેધની વાત કરી રહ્યા છે. આ અંતર અધિકારોના વિભાજનને કારણે આવ્યું છે, આમ કર્મ અને નોકર્મમાં એકત્વ, મમત્વ, કર્તૃત્વ તેમજ ભોકતૃત્વ રાખનાર અજ્ઞાની છે તથા તેમનામાં એકત્વ, મમત્વ, કર્તૃત્વ અને ભોકતૃત્વ ન રાખનાર; માત્ર તેમને જાણનાર જ જ્ઞાની છે.

કર્મમાં દ્રવ્યકર્મ અને ભાવકર્મ - બન્ને આવી જાય છે અને નોકર્મમાં શરીરાદિ સંયોગી પદાર્થો આવે છે. દ્રવ્યકર્મનો ઉદય ભાવકર્મ અને નોકર્મરૂપે પ્રતિફલિત થાય છે. આત્મામાં ઉત્પન્ન થતાં મોહ-રાગ-દ્વેષના ભાવોમાં દ્રવ્યકર્મનો ઉદય નિમિત્ત થાય છે અને શરીરાદિ બાહ્ય પદાર્થોના સંયોગમાં પણ દ્રવ્યકર્મનો ઉદય નિમિત્ત થાય છે. આ પ્રમાણે દ્રવ્યકર્મોના ઉદયાનુસાર થનારા મોહ-રાગ-દ્વેષરૂપ ભાવકર્મમાં તથા પુણ્ય-પાપના ઉદયાનુસાર મળતાં અનુકૂળ-પ્રતિકૂળ શરીરાદિ તેમજ સ્ત્રી-પુત્રાદિ, મકાનાદિ, દેશ-નગરાદિ સંયોગરૂપ બધા નોકર્મમાં એકત્વ, મમત્વ, કર્તૃત્વ અને ભોકતૃત્વ જ અજ્ઞાન છે, મિથ્યાત્વ છે, સંસારમાર્ગ છે તથા તેમનામાં એકત્વ, મમત્વ, કર્તૃત્વ અને ભોકતૃત્વનો અભાવ, સહજ જ્ઞાતા-દ્રષ્ટાભાવ જ જ્ઞાન છે, સમ્યકત્વ છે, મુક્તિમાર્ગ છે.

ઉક્ત વાત પરમસત્ય હોવા છતાં અહીં કર્તાકર્મ અધિકાર હોવાથી બધી વાત કર્તૃત્વની મુખ્યતાથી જ થશે - આ વાત ધ્યાનમાં રહેશે તો કર્તાકર્મ અધિકારના મર્મને સમજવામાં સુગમતા રહેશે.

પ્રશ્ન - શું પાપના ઉદયથી પણ શરીરાદિ, સ્ત્રી-પુત્રાદિ, ધન-ધાન્યાદિ, દેશ-નગરાદિ મળે છે ?

ઉત્તર - કેમ નહીં ? સ્વસ્થ-સુંદર શરીર, અનુકૂળ પત્ની, સુયોગ્ય પુત્ર, આજ્ઞાકારી સેવક અને બધી રીતે અનુકૂળ ઘર, ગામ, નગર અને દેશાદિ જે પુણ્યોદયથી પ્રાપ્ત થાય છે તો અસ્વસ્થ-અસુંદર શરીર, પ્રતિકૂળ પત્ની, અયોગ્ય પુત્ર, અવિશ્વાસુ સેવક અને પ્રતિકૂળ ઘર, ગામ, નગર તથા દેશાદિ પાપોદયથી પ્રાપ્ત થાય છે. - આ બધા નોકર્મમાં આવી જાય છે.

આ પ્રમાણે મોહ-રાગ-દ્વેષાદિ વિકારીભાવો અને શરીરાદિ તેમજ દેશ-નગરાદિ સંયોગોમાં કર્તૃત્વબુદ્ધિ ન થવી અને તેમના જ્ઞાતા-દ્રષ્ટા ભાવથી પરિણમિત થવું તે જ જ્ઞાન છે તથા આવા જ્ઞાનભાવે પરિણમિત આત્મા જ્ઞાની છે. જ્ઞાનીની ઓળખાણનું આ જ ચિહ્ન છે, જ્ઞાની આ જ ચિહ્નથી ઓળખાય છે.

આ ગાથાના ભાવને આચાર્ય અમૃતચંદ્ર આત્મખ્યાતિમાં આ પ્રમાણે સ્પષ્ટ કરે છે -

''નિશ્ચયથી મોહ, રાગ, દ્વેષ, સુખ, દુઃખ આદિરૂપે અંતરંગમાં ઉત્પન્ન થતાં જે કર્મના પરિણામ છે અને સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, શબ્દ, બંધ, સંસ્થાન, સ્થૂળતા, સૂક્ષ્મતા આદિરૂપે બહાર ઉત્પન્ન થતાં જે નોકર્મના પરિણામ છે; તે બધાય પુદ્ગલના પરિણામ છે. પરમાર્થે, જેમ ઘડાને અને માટીને વ્યાપ્ય-વ્યાપકભાવનો સદ્ભાવ હોવાથી કર્તા-કર્મપણું છે, તેમ પુદ્ગલપરિણામને અને પુદ્ગલને જ વ્યાપ્ય-વ્યાપકભાવનો સદ્ભાવ હોવાથી કર્તા-કર્મપણું છે.

પુદ્ગલદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક છે, તેથી તે પુદ્ગલપરિણામનું કર્તા છે અને પુદ્ગલપરિણામ, તે વ્યાપકથી સ્વયં વ્યપાતું હોવાને કારણે, તેનું કર્મ છે. તેથી પુદ્ગલદ્રવ્ય વડે કર્તા થઈને કર્મપણે કરવામાં આવતાં સમસ્ત કર્મ-નોકર્મરૂપ પુદ્ગલપરિણામોનો કર્તા પરમાર્થે આત્મા નથી; કારણે કે

પુદ્‌ગલપરિણામને અને આત્માને ઘટ અને કુંભારની જેમ વ્યાપ્ય-વ્યાપક ભાવના અભાવને કારણે કર્તા-કર્મપણાની અસિદ્ધિ છે.

તેવી રીતે પરમાર્થે પુદ્‌ગલપરિણામના જ્ઞાનને અને પુદ્‌ગલને ઘટ અને કુંભારની જેમ વ્યાપ્ય-વ્યાપકભાવનો અભાવ હોવાથી કર્તા-કર્મપણાની અસિદ્ધિ છે પરંતુ જેમ ઘડા અને માટીમાં વ્યાપ્ય-વ્યાપકભાવનો સદ્‌ભાવ હોવાથી કર્તા-કર્મપણું છે; તેવી જ રીતે આત્મપરિણામ અને આત્માને વ્યાપ્ય-વ્યાપકભાવનો સદ્‌ભાવ હોવાથી કર્તા-કર્મપણું છે.

આત્મદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી આત્મપરિણામનું અર્થાત્ પુદ્‌ગલપરિણામના જ્ઞાનનું કર્તા છે અને પુદ્‌ગલપરિણામનું જ્ઞાન તે વ્યાપકનું સ્વયં વ્યાપ્ય હોવાથી આત્માનું કર્મ છે. આ પ્રમાણે આ આત્મા પુદ્‌ગલપરિણામના જ્ઞાનનો કર્તા હોવા છતાં પણ પુદ્‌ગલપરિણામનો કર્તા નથી; પુદ્‌ગલપરિણામથી અત્યંત ભિન્ન જ્ઞાનસ્વરૂપ થયો થકો જ્ઞાની છે.

પુદ્‌ગલપરિણામના જ્ઞાનનો કર્તા હોવાથી પુદ્‌ગલપરિણામ જ્ઞાતાનું વ્યાપ્ય હો - એમ પણ નથી; કારણ કે પુદ્‌ગલ અને આત્માને જ્ઞેય-જ્ઞાયક સંબંધનો વ્યવહાર હોવા છતાં પણ, તે પુદ્‌ગલપરિણામ જ્ઞાતાનું વ્યાપ્ય નથી, પરંતુ પુદ્‌ગલપરિણામ જેનું નિમિત્ત (જ્ઞેયરૂપ) છે, એવું જ્ઞાન જ જ્ઞાતાનું વ્યાપ્ય છે. આ કારણે પુદ્‌ગલપરિણામનું જ્ઞાન જ જ્ઞાતાનું કર્મ છે.''

ઉક્ત સંપૂર્ણ કથનમાં ન્યાય અને યુક્તિથી એક જ વાત સિદ્ધ કરવામાં આવી છે કે સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, શબ્દ, બંધ, સંસ્થાન આદિ તો પુદ્‌ગલપરિણામ છે જ; પરંતુ મોહ, રાગ, દ્વેષ, સુખ-દુઃખ આદિ પણ પુદ્‌ગલપરિણામ છે અને તેમનો કર્તા-ભોક્તા નિશ્ચયથી પુદ્‌ગલ જ છે, આત્મા નહીં. હા, આત્મા તેમના જ્ઞાનનો કર્તા અવશ્ય છે, પરંતુ તેમનો (કર્તા) નથી; કારણ કે તેમનું જ્ઞાન તે આત્માનું જ પરિણામ છે, તેથી આત્મા તેમના જ્ઞાનનો કર્તા છે.

આ જ વાતને પૂજ્ય ગુરુદેવ આ પ્રમાણે સ્પષ્ટ કરે છે - ''રાગનું

પરિણામ જીવનું કર્મ નથી. જીવમાં જ્યારે રાગનું પરિણામ થાય છે, તે સમયે રાગને જાણનારૂં જે જ્ઞાન છે, તે જ્ઞાનના પરિણામનો કર્તા જીવ છે અને રાગને જાણનારૂં તે જ્ઞાન જીવનું કર્મ છે.[૧]

રાગ સંબંધી જ્ઞાન, રાગને જાણનારી આત્માની જ્ઞાનપર્યાય, આત્માનો સ્વ-પરપ્રકાશક સ્વભાવ હોવાથી, આત્માનું કર્મ છે તથા રાગને જાણનારી જ્ઞાનપર્યાયનો આત્મા કર્તા છે.[૨]

જે પરદ્રવ્ય અથવા પરભાવનું જ્ઞાન થાય છે, તે પરદ્રવ્ય અથવા પરભાવ આત્માનું કર્મ થઈ શકતું નથી, પરંતુ તે પરદ્રવ્ય અથવા પરભાવનું જ્ઞાન આત્માનું કર્મ (કાર્ય) થાય છે અને આત્મા તે જ્ઞાનનો કર્તા થાય છે.[૩]

ભગવાન આત્મા સ્વ-પરપ્રકાશક જ્ઞાનશક્તિનો પિંડ છે. તે સ્વયં કર્તા થઈને સ્વ-પરને પ્રકાશિત કરે છે. પરને પ્રકાશિત કરવામાં પણ આત્માને પરની અપેક્ષા નથી. રાગનું પરિણામ અથવા વ્યવહારનું પરિણામ થયું, તે કારણે રાગ અથવા વ્યવહારનું જ્ઞાન થયું - એવી અપેક્ષા અથવા પરાધીનતા જ્ઞાનના પરિણામને નથી.[૪]''

આ પ્રમાણે એ અત્યંત સ્પષ્ટ છે કે પોતાની સ્વ-પરપ્રકાશક શક્તિને કારણે જ આ ભગવાન આત્મા પરને અને રાગાદિ ભાવોને જાણે છે અને તે જાણવું તેનું કર્મ છે તેમજ તે જાણવારૂપ કર્મનો તે કર્તા છે.

મૂળ પ્રશ્ન તો એ હતો કે આ આત્મા જ્ઞાની થયો એમ કઈ રીતે ઓળખી શકાય ? તેના ઉત્તમાં ગાથામાં કહેવામાં આવ્યું હતું કે કર્મ અને નોકર્મના પરિણામને જે કરતો નથી, માત્ર જાણે છે, તે આત્મા જ્ઞાની છે.

---

૧. પ્રવચન રત્નાકર (હિંદી), ભાગ-૩, પાનું ૧૩૨
૨. પ્રવચન રત્નાકર (હિંદી), ભાગ-૩, પાનું ૧૩૬
૩. પ્રવચન રત્નાકર (હિંદી), ભાગ-૩, પાનું ૧૩૯
૪. પ્રવચન રત્નાકર (હિંદી), ભાગ-૩, પાનું ૧૪૦

પ્રશ્ન - શું માત્ર એટલું જાણી લેવાથી જ, આત્માના અનુભવ વિના જ જીવ જ્ઞાની થઈ જાય છે ?

ઉત્તર - આત્માનુભવ વિના તો કોઈ જ્ઞાની થઈ શકતું જ નથી. આ જ કારણ છે કે આચાર્ય જયસેન આ ગાથાની ટીકા લખતાં આચાર્ય અમૃતચંદ્ર જેવો વિસ્તાર ન કરવા છતાં પણ એ ઉલ્લેખ અવશ્ય કરે છે કે જેમ ઘટનો ઉપાદાનકર્તા માટી છે, તેવી જ રીતે કર્મ અને નોકર્મના પરિણામનું ઉપાદાનકર્તા પુદ્ગલદ્રવ્ય છે, આત્મા તેમનો ઉપાદાનકર્તા નથી. - આ પ્રમાણે જે જાણે છે, તે નિશ્ચય શુદ્ધ આત્માનો પરમસમાધિના બળથી અનુભવ કરતો થકો જ્ઞાની થાય છે.

આ કથનમાં એ વાતને અત્યંત સ્પષ્ટ રીતે પ્રકાશિત કરવામાં આવી છે કે આ આત્મા શુદ્ધાત્માનો અનુભવ કરતો થકો જ જ્ઞાની થાય છે. એથી એ સ્પષ્ટ જ છે કે આત્માનુભવ વિના જીવ જ્ઞાની થતો નથી.

આ ગાથા પછી આચાર્ય જયસેનની તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં એક ગાથા આવે છે, જે આચાર્ય અમૃતચંદ્રકૃત આત્મખ્યાતિમાં નથી. તેમાં પણ જ્ઞાનીની જ પરિભાષા કરવામાં આવી છે. તે મૂળ ગાથા આ પ્રમાણે છે :-

कत्ता आदा भणिदो ण य कत्ता केण सो उवाएण।
धम्मादी परिणामे जो जाणदि सो हवदि णाणी ॥

આ ગાથાનો અર્થ આચાર્ય જયસેન સ્વયં આ પ્રમાણે કરે છે-

"આ આત્મા પુણ્ય-પાપાદિ વિકારી ભાવોનો કર્તા પણ છે અને અકર્તા પણ છે. આ બધું નયવિભાગથી છે; કારણ કે નિશ્ચયનયથી અકર્તા છે અને વ્યવહારનયથી કર્તા છે. આ પ્રમાણે ખ્યાતિ-લાભ-પૂજાદિ સમસ્ત રાગાદિ વિકલ્પમય ઔપાધિક પરિણામોથી રહિત સમાધિમાં સ્થિત થઈને જે જાણે છે, તે જ્ઞાની થાય છે."

આમાં પણ એ જ કહ્યું છે કે સમસ્ત રાગાદિ ભાવોથી રહિત સમાધિમાં સ્થિત થઈને જે જાણે છે. તે જ્ઞાની છે. આનાથી પણ એ સ્પષ્ટ થાય છે કે આત્માનુભવ વિના જીવ જ્ઞાની થતો નથી.

આ ગાથામાં નય વિભાગથી આત્માને જે પ્રમાણે કર્તા-અકર્તા કહેવામાં આવ્યો છે, તેની વિસ્તૃત ચર્ચા આગળ આ જ અધિકારમાં યથાસ્થાન વિસ્તારથી થવાની છે, તેથી અહીં કાંઈ પણ કહેવું અભીષ્ટ નથી.

૭૫મી ગાથાની ટીકામાં આચાર્ય અમૃતચંદ્રે એ વાતને વિસ્તારથી સ્પષ્ટ કરી છે કે કર્તા-કર્મભાવ ત્યાં જ બને છે કે જ્યાં વ્યાપ્ય-વ્યાપકભાવ હોય છે. સ્પર્શાદિ અને રાગાદિરૂપ પૌદ્‌ગલિકભાવોનો વ્યાપ્ય-વ્યાપક સંબંધ પુદ્‌ગલ સાથે જ હોવાને કારણે તેમનો કર્તા પુદ્‌ગલ જ છે, આત્મા નહીં. હા, એ વાત અવશ્ય છે કે સ્પર્શાદિ અને રાગાદિભાવોના જ્ઞાન સાથે આત્માનો વ્યાપ્ય-વ્યાપકભાવ બની જાય છે; આથી આત્મા તેમના જ્ઞાનનો કર્તા અવશ્ય છે; પરંતુ તે જ્ઞાન વાસ્તવમાં તો આત્માનું જ છે; કારણ કે તે આત્માનું પરિણમન છે, પુદ્‌ગલ સાથે તેનો કોઈ સંબંધ નથી; પુદ્‌ગલને તો એણે માત્ર જાણ્યું જ છે, એનામાં કર્યું કાંઈ પણ નથી.

આ જ ભાવને આગામી કળશમાં સ્પષ્ટ કરવામાં આવી રહ્યો છે, જે આ પ્રમાણે છે:-

(शार्दूलविक्रीडित)

व्याप्यव्यापकता तदात्मनि भवेन्नैवातदात्मन्यपि ।
व्याप्यव्यापकभावसंभवमृते का कर्तृकर्मस्थितिः ॥
इत्युद्‌दामविवेकघस्मरमहोभारेण भिंदंस्तमो ।
ज्ञानीभूय तदा स अेष लसितः कर्त्तृत्वशून्यः पुमान् ॥४९॥

(દોહરા)

વ્યાપક-વ્યાપ્યપણું સદા તત્સ્વરૂપમાં હોય,
પણ અતત્સ્વરૂપમાં તે ન કદાપિ હોય;
વ્યાપ્ય-વ્યાપકભાવનો અભાવ હોય જહાં,
કર્તા-કર્મ તણી સ્થિતિ બની શકે ન તહાં;

આવો પ્રબળ વિવેકરૂપ જ્ઞાનપ્રકાશ મહાન,
કર્તા-કર્મપણા તણું ભેદે અઘઅજ્ઞાન;
જ્ઞાની આમ થયો થકો બની કર્તૃત્વરહિત,
શોભે છે આ આતમા નિજ આનંદસહિત.૪૯.

વ્યાપ્ય-વ્યાપકભાવ તત્સ્વરૂપમાં જ હોય છે, અતત્સ્વરૂપમાં નહીં. વ્યાપ્ય-વ્યાપકભાવ વિના કર્તા-કર્મભાવ પણ કઈ રીતે બની શકે છે ? તાત્પર્ય એ છે કે વ્યાપ્ય-વ્યાપકભાવ વિના કર્તા-કર્મભાવ બની જ શકતો નથી. આવા પ્રબળ વિવેક અને સર્વગ્રાહી જ્ઞાનના ભાર (બળ)થી પરકર્તૃત્વ સંબંધી અજ્ઞાનાંધકારને ભેદતો થકો આ આત્મા જ્ઞાની થઈને પરના કર્તૃત્વથી શૂન્ય થઈ શોભાયમાન થઈ રહ્યો છે.

આ કળશના ભાવને પંડિત જયચંદજી છાબડાએ ભાવાર્થમાં આ પ્રમાણે સ્પષ્ટ કર્યો છે:-

"જે સર્વ અવસ્થાઓમાં વ્યાપે છે, તે તો વ્યાપક છે અને કોઈ અવસ્થા-વિશેષ એ (તે વ્યાપકનું) વ્યાપ્ય છે. આ રીતે દ્રવ્ય વ્યાપક છે અને પર્યાય વ્યાપ્ય છે. દ્રવ્ય-પર્યાય અભેદરૂપ જ છે. જે દ્રવ્યનો આત્મા, સ્વરૂપ અથવા સત્વ છે; તે જ પર્યાયનો આત્મા, સ્વરૂપ અથવા સત્વ છે. આમ હોવાથી દ્રવ્ય, પર્યાયમાં વ્યાપે છે અને પર્યાય દ્રવ્ય દ્વારા વ્યપાઈ જાય છે. આવી વ્યાપ્ય-વ્યાપકતા તત્સ્વરૂપમાં જ (અભિન્ન સત્તાવાળા પદાર્થમાં જ) હોય છે; અતત્સ્વરૂપમાં (જેમની સત્તા ભિન્ન-ભિન્ન છે એવા પદાર્થોમાં) હોતી નથી જ. જ્યાં વ્યાપ્ય-વ્યાપકભાવ હોય છે, ત્યાં જ કર્તા-કર્મભાવ હોય છે; વ્યાપ્ય-વ્યાપકભાવ વિના કર્તા-કર્મભાવ હોતો નથી - એમ જે જાણે છે, તે પુદ્‌ગલ અને આત્માને કર્તા-કર્મભાવ નથી-એમ જાણે છે. આમ જાણવાથી તે જ્ઞાની થાય છે, કર્તા-કર્મભાવથી રહિત થાય છે અને જ્ઞાતા-દ્રષ્ટા - જગતનો સાક્ષીભૂત - થાય છે."

ટીકા અને કળશના ભાવાર્થથી સંપૂર્ણ વાત એકદમ સ્પષ્ટ થઈ ગઈ છે. આથી હવે કાંઈ પણ વિશેષ કહેવાની આવશ્યકતા રહેતી નથી.

કવિવર પંડિત બનારસીદાસજી આ છંદનો ભાવાનુવાદ આ પ્રમાણે કરે છે:-

(સવૈયા ઇકતીસા)

જૈસો જો દરબ તાકે તૈસો ગુન પરજાય,
તાહીસૌં મિલત પૈ મિલૈ ન કાહૂ આનસૌં ।
જીવવસ્તુ ચેતન કરમ જડ઼ જાતિભેદ
અમિલ મિલાપ જ્યૌં નિતંબ જુરૈ કાનસૌં ॥
ઐસો સુવિવેક જાકૈ હિરદૈ પ્રગટ ભયૌ,
તાકૌ ભ્રમ ગયૌ જ્યૌં તિમિર ભાગૈ ભાનસૌં ।
સોઈ જીવ કરમકૌ કરતા સૌ દીસૈ પૈ,
અકરતા કહ્યૌ હૈ સુદ્ધાતા કે પરમાનસૌં ॥૫॥

જે દ્રવ્ય જે પ્રકારનું હોય છે, તેના ગુણ-પર્યાયો પણ એ જ પ્રકારના હોય છે અને તેઓ (ગુણ-પર્યાયો) તેને (તે દ્રવ્યને) જ મળતાં હોય છે, કોઈ અન્ય દ્રવ્યને નહિ. જીવ ચેતન જાતિનું દ્રવ્ય છે અને પુદ્ગલ જડ (અચેતન) જાતિનું. આ પ્રમાણે એ બન્નેમાં જાતિભેદ છે. તેમનો મેળાપ તે જ પ્રકારે અસંભવ છે, કે જે પ્રકારે નિતંબ પર કાનનું હોવું. કાન તો ચહેરા પર હોય છે, નિતંબ પર નહીં.

જેમ કાનનું નિતંબ પર હોવું સંભવ જ નથી, તેમ જડ અને ચેતનનો, કર્મ અને જીવનો મેળાપ પણ અસંભવ છે. આ પ્રકારનો વિવેક જેના હૃદયમાં જાગૃત થઈ જાય છે. તેનો ભ્રમ એ રીતે ભાગી જાય છે કે જે રીતે સૂર્ય ઉગતાં અંધકાર ભાગી જાય છે. જોકે એવો જીવ આ અજ્ઞાની જગતને કર્તા સમાન જ દેખાય છે, તેમ છતાં તેને પરમાગમમાં શુદ્ધનયથી અકર્તા જ કહેવામાં આવ્યો છે.

આ કળશમાં એ વાત એકદમ ઉપસીને આવી છે કે આ ભગવાન આત્મા દયા-દાનાદિરૂપ શુભાસ્રવોનો પણ કર્તા નથી, પરંતુ તેમને જાણે અવશ્ય છે, તેમના જ્ઞાનનો કર્તા અવશ્ય છે અને તે જ્ઞાન તેનું કાર્ય છે, કર્મ છે. તાત્પર્ય એ છે કે વિકારી ભાવોનો કર્તા ન હોવા છતાં પણ, તેમને જાણવારૂપ નિર્મળ પરિણમનનો કર્તા આત્મા છે.

આ વાતને પૂજ્ય ગુરૂદેવ આ પ્રમાણે સ્પષ્ટ કરે છે - ''ભગવાન આત્મા કર્તા અને દયા, દાન, વ્રત, ભક્તિ આદિ વિભાવભાવ તેનું કર્મ - એ કેવી રીતે હોઈ શકે છે ?...દયા, દાન આદિ વ્યવહારના કામ તો આત્મા કરી શકતો જ નથી, પરંતુ દયા, દાન કરવાના વિકારી પરિણામ પણ આત્માનું કાર્ય નથી, કારણ કે વિભાવભાવ તો આત્માથી અતત્સ્વરૂપ છે.[૧]

ભગવાન આત્માનું વ્યાપ્ય વીતરાગી પર્યાય છે. ચતુર્થ આદિ ગુણસ્થાનોમાં જે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ શુદ્ધરત્નત્રયની પર્યાય પ્રગટ થાય છે, તે જ આત્માનું વ્યાપ્ય છે, અન્ય નહીં.[૨]

રાગ અને આત્મામાં વ્યાપ્ય-વ્યાપકતા નથી, કારણ કે બન્ને ભિન્ન વસ્તુઓ છે; પરંતુ જ્ઞાયકસ્વભાવી આત્મા અને નિર્મળ વીતરાગી પર્યાયમાં વ્યાપ્ય-વ્યાપકપણું છે; કારણ કે તે બન્ને અભિન્ન છે, તત્સ્વભાવી છે. દ્રવ્ય વ્યાપક અને રાગ તેનું વ્યાપ્ય - એમ નથી; પરંતુ દ્રવ્ય વ્યાપક અને તેની નિર્મળ પર્યાય તે વ્યાપ્ય - એવું વ્યાપ્ય-વ્યાપકપણું છે.[૩]

જે કાળે જે જાતનો રાગ તથા જેવી દેહની સ્થિતિ પોતપોતાના કારણે થાય છે, તે કાળે તેમને સ્પર્શ્યા વિના જ જાણી લેવાનો જ્ઞાનનો સ્વભાવ છે. ....

---

૧. પ્રવચન રત્નાકર (હિંદી), ભાગ-૩, પાનું ૧૪૭
૨. પ્રવચન રત્નાકર (હિંદી), ભાગ-૩, પાનું ૧૪૮
૩. પ્રવચન રત્નાકર (હિંદી), ભાગ-૩, પાનું ૧૫૨

જે કાળે જે રાગ છે, તે જ સમયે રાગને જાણવાવાળું જ્ઞાન કર્તૃત્વરહિત થઈને શોભાયમાન થાય છે. અર્થાત્ 'રાગ મારૂં કાર્ય અને હું તેનો કર્તા' - એવી અજ્ઞાન દશાને ભેદતો થકો આત્મા સ્વયં કર્તૃત્વરહિત થઈને શોભાયમાન થાય છે.'[૧]

જુઓ, અહીં એ વાત એકદમ સ્પષ્ટ થઈ ગઈ છે કે પરનો કર્તા તો જ્ઞાની-અજ્ઞાની કોઈ પણ નથી, પરંતુ પરના કર્તૃત્વના અહંકારમાં ફસાયેલો અજ્ઞાની પોતાના તે અજ્ઞાનભાવનો કર્તા અવશ્ય છે. જોકે પરમાં કર્તૃત્વબુદ્ધિના અભાવને કારણે જ્ઞાની આત્માને પરના લક્ષ્યે ઉત્પન્ન થનારા રાગાદિ ભાવોનો પણ કર્તા માનવામાં આવતો નથી; તોપણ તે રાગાદિના જાણપણારૂપ જ્ઞાનનો કર્તા તો જ્ઞાની પણ છે જ.

આ વાત અત્યંત સ્પષ્ટ હોવા છતાં પણ ન જાણે કેટલાક લોકો શા માટે જ્ઞાનીને પણ રાગાદિનો કર્તા સ્વીકારવા ચાહે છે અને કેટલાક લોકો જ્ઞાનીને રાગાદિ તથા પરને જાણવારૂપ જ્ઞાનનો પણ કર્તા સ્વીકારવા ચાહતા નથી.

જોકે અન્ય સ્થાનોએ ઉપર જણાવેલા કથનો પણ મળી આવે છે; પરંતુ તેમની અપેક્ષા જુદી હોય છે. તે અપેક્ષાને પણ યથાસ્થાને સ્પષ્ટ કરવામાં આવશે; પરંતુ અહીં તો એ જ કહેવામાં આવી રહ્યું છે કે જ્ઞાની જીવ પરના તથા રાગાદિ અજ્ઞાનભાવોનો કર્તા નથી; પરંતુ તેમને જાણવારૂપ જ્ઞાનપર્યાયનો કર્તા અવશ્ય છે.

---

૧. પ્રવચન રત્નાકર (હિંદી), ભાગ-૩, પાનું ૧૫૨

સમયસાર ગાથા ૭૬ થી ૭૯

જોકે એ વાત અત્યંત સ્પષ્ટ થઈ ગઈ છે કે આત્માનો પૌદ્‌ગલિક ભાવો સાથે કર્તા-કર્મસંબંધ નથી, તેમ છતાં હવે આગામી ગાથાઓમાં એ જ વાતને વિસ્તારથી સમજાવે છે; અનેક યુક્તિઓથી પાઠકોના ગળે ઉતારે છે.

ण वि परिणमदि ण गिण्हदि उप्पज्जदि ण परदव्वपज्जाओ ।
णाणी जाणंतो वि हु पोग्गलकम्मं अणेयविहं ।।७६।।

ण वि परिणमदि ण गिण्हदि उप्पज्जदि ण परदव्वपज्जाओ ।
णाणी जाणंतो वि हु सगपरिणामं अणेयविहं ।।७७।।

ण वि परिणमदि ण गिण्हदि उप्पज्जदि ण परदव्वपज्जाओ ।
णाणी जाणंतो वि हु पोग्गलकम्मप्फलमणंतं ।।७८।।

ण वि परिणमदि ण गिण्हदि उप्पज्जदि ण परदव्वपज्जाओ ।
पोग्गलदव्वं पि तहा परिणमदि सएहिं भावेहिं ।।७९।।

(હરિગીત)

વિધવિધ પુદ્‌ગલકર્મને જ્ઞાની જરૂર જાણે ભલે,
પરદ્રવ્યપર્યાયે ન પ્રાગમે, નવ ગ્રહે, નવ ઊપજે. ૭૬.[1]

વિધવિધ નિજ પરિણામને જ્ઞાની જરૂર જાણે ભલે,
પરદ્રવ્યપર્યાયે ન પ્રાગમે, નવ ગ્રહે, નવ ઊપજે. ૭૭.[2]

---

૧. સમયસાર (ગુજરાતી), પાનું ૧૪૪
૨. સમયસાર (ગુજરાતી), પાનું ૧૪૫

પુદ્ગલકરમનું ફળ અનંતું જ્ઞાની જીવ જાણે ભલે,
પરદ્રવ્યપર્યાયે ન પ્રાણમે, નવ ગ્રહે, નવ ઊપજે. ૭૮.[૧]

એ રીત પુદ્ગલદ્રવ્ય તે પણ નિજ ભાવે પરિણમે,
પરદ્રવ્યપર્યાયે ન પ્રાણમે, નવ ગ્રહે, નવ ઊપજે.૭૯.[૨]

જ્ઞાની અનેકપ્રકારના પુદ્ગલકર્મને જાણતો થકો પણ નિશ્ચયથી પરદ્રવ્યની પર્યાયરૂપે પરિણમિત થતો નથી, તેને ગ્રહણ કરતો નથી અને તે રૂપે ઉત્પન્ન થતો નથી.

જ્ઞાની અનેકપ્રકારના પોતાના પરિણામોને જાણતો થકો પણ નિશ્ચયથી પરદ્રવ્યની પર્યાયરૂપે પરિણમિત થતો નથી, તેને ગ્રહણ કરતો નથી અને તે રૂપે ઉત્પન્ન થતો નથી.

જ્ઞાની પુદ્ગલકર્મના અનંતફળને જાણતો થકો પણ નિશ્ચયથી પરદ્રવ્યની પર્યાયરૂપે પરિણમિત થતો નથી, તેને ગ્રહણ કરતો નથી અને તે રૂપે ઉત્પન્ન થતો નથી.

એ જ પ્રમાણે પુદ્ગલદ્રવ્ય પણ પરદ્રવ્યની પર્યાયરૂપે પરિણમિત થતું નથી, તેને ગ્રહણ કરતું નથી અને તે રૂપે ઉત્પન્ન થતું નથી; કારણ કે તે પણ પોતાના જ ભાવોથી (ભાવોરૂપે) પરિણમિત થાય છે.

ઉપરની ચારેય ગાથાઓમાં લગભગ એક જ વાત કહેવામાં આવી છે કે એક દ્રવ્ય ન તો બીજા દ્રવ્યની પર્યાયરૂપે પરિણમિત થાય છે, ન તો બીજા દ્રવ્યની પર્યાયને ગ્રહણ કરે છે અને ન તો તે રૂપે ઉત્પન્ન જ થાય છે, કારણ કે પ્રત્યેક દ્રવ્ય પોતાના ભાવોમાં જ પરિણમિત થાય છે. આથી એક દ્રવ્યનો બીજા દ્રવ્યની પર્યાયો સાથે કર્તા-કર્મસંબંધ હોવો સંભવ નથી.

---

૧. સમયસાર (ગુજરાતી), પાનું ૧૪૭
૨. સમયસાર (ગુજરાતી), પાનું ૧૪૮

ચારેય ગાથાઓમાં લગભગ એક જેવી જ વાત કહેવામાં આવી હોવા છતાં પણ એટલું અંતર છે કે ૭૬,૭૭ તેમજ ૭૮મી ગાથાઓ તો જીવદ્રવ્ય પરદ્રવ્યોના ભાવોનું કર્તા નથી - એમ બતાવે છે અને ૭૯મી ગાથા એમ બતાવે છે કે પુદ્ગલદ્રવ્ય પણ પરદ્રવ્યોના ભાવોનું કર્તા નથી.

તાત્પર્ય એમ છે કે જાણવાવાળો જીવ પણ પરનો કર્તા નથી અને નહીં જાણવાવાળું પુદ્ગલ પણ પરનું કર્તા નથી. આમ કહીને આચાર્યદેવ એમ કહેવા માંગે છે કે જાણવાને અને નહીં જાણવાને પરના કર્તૃત્વ સાથે કોઈ સંબંધ નથી.

જો કોઈ એમ માને કે પુદ્ગલ તો કાંઈ જાણતું નથી, માટે તે તો પરનું કર્તા થઈ શકે નહીં, પરંતુ જીવ તો બધું જાણે છે, માટે તે તો પરનો કર્તા થઈ જ શકે છે; તો તેની આ માન્યતા બરાબર નથી. એ જ પ્રમાણે કોઈ એમ માને કે જીવ તો જાણે છે, સમજદાર છે; માટે તે પરમાં કાંઈ કરશે નહિ, પરંતુ પુદ્ગલ તો કાંઈ જાણતું નથી, માટે તે તો કરશે જ; તો તેનું આમ માનવું પણ બરાબર નથી; કારણ કે પરના કરવા અને ન કરવાનો જાણવા અને નહિ જાણવા સાથે કોઈ સંબંધ નથી.

પ્રશ્ન - આપે કહ્યું કે ૭૬,૭૭ તેમજ ૭૮મી ગાથાઓ એમ બતાવે છે કે આત્મા પરનો કર્તા નથી. આથી હવે એ પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે જો ત્રણેય ગાથાઓમાં એક જ વાત છે તો પછી એક ગાથા પર્યાપ્ત હતી, ત્રણ-ત્રણ ગાથાઓ શા માટે લખવામાં આવી ?

ઉત્તર - જોકે આ ત્રણેય ગાથાઓમાં એમ જ કહ્યું છે કે આત્મા પરનો કર્તા નથી; તેમ છતાં એમનામાં પરસ્પર સૂક્ષ્મ અંતર છે.

પ્રશ્ન - એ સૂક્ષ્મ અંતર શું છે ?

ઉત્તર - ૭૬મી ગાથામાં એમ કહ્યું છે કે આત્મા અનેકપ્રકારના પુદ્ગલકર્મોને જાણતો થકો પરનો કર્તા નથી, ૭૭મી ગાથામાં એમ કહ્યું કે પોતાના પરિણામોને જાણતો થકો પરનો કર્તા નથી અને ૭૮મી ગાથામાં એમ કહ્યું કે પુદ્ગલકર્મના અનંત ફળને જાણતો થકો પણ પરનો કર્તા

નથી. આ રીતે ત્રણેય ગાથાઓમાં જે અંતર છે, તે એ વાતનું છે કે તે કોને જાણતો થકો પરનો કર્તા નથી. 'પરનો કર્તા નથી' - એ વાત તો ત્રણેયમાં સમાન જ છે, આથી એમ કહેવું અનુચિત નથી કે આ ગાથાઓમાં એક જ વાત કહેવામાં આવી છે.

આચાર્ય અમૃતચંદ્રે આત્મખ્યાતિમાં પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય - એ ત્રણ પ્રકારના કર્મો (કાર્યો)ની ચર્ચા કરીને આ ગાથાઓનો ભાવ સ્પષ્ટ કર્યો છે. આત્મખ્યાતિનો ભાવ સમજતા પહેલાં પંડિત જયચંદજી છાબડા દ્વારા લિખિત ભાવાર્થ જોઈ લેવો ઉપયુક્ત રહેશે; કારણ કે એમાં આ ત્રણેય કર્મોનો ખુલાસો સરળ ભાષામાં કર્યો છે, જે આ પ્રમાણે છે-

"સામાન્યપણે કર્તાનું કર્મ ત્રણ પ્રકારનું કહેવામાં આવે છે - નિર્વર્ત્ય, વિકાર્ય અને પ્રાપ્ય. કર્તા દ્વારા, જે પહેલાં ન હોય - એવું નવીન કાંઈ ઉત્પન્ન કરવામાં આવે તે કર્તાનું નિર્વર્ત્ય કર્મ છે. કર્તા દ્વારા, પદાર્થમાં વિકાર-પરિવર્તન કરીને જે કાંઈ કરવામાં આવે તે કર્તાનું વિકાર્ય કર્મ છે. કર્તા, જે નવું ઉત્પન્ન કરતો નથી તથા વિકાર કરીને પણ કરતો નથી; માત્ર જેને પ્રાપ્ત કરે છે, તે કર્તાનું પ્રાપ્ય કર્મ છે.

જીવ પુદ્ગલકર્મને નવીન ઉત્પન્ન કરી શકતો નથી, કારણ કે ચેતન જડને કેવી રીતે ઉત્પન્ન કરી શકે ? આથી પુદ્ગલકર્મ આત્માનું નિર્વર્ત્ય કર્મ નથી. જીવ પુદ્ગલમાં વિકાર કરીને તેને પુદ્ગલકર્મરૂપે પરિણમાવી શકતો નથી; કારણ કે ચેતન જડને કેવી રીતે પરિણમાવી શકે ? આથી પુદ્ગલકર્મ જીવનું વિકાર્ય કર્મ પણ નથી. પરમાર્થે જીવ પુદ્ગલને ગ્રહણ કરી શકતો નથી; કારણ કે અમૂર્તિક પદાર્થ મૂર્તિકને કઈ રીતે ગ્રહણ કરી શકે ? આથી પુદ્ગલકર્મ જીવનું પ્રાપ્ય કર્મ પણ નથી. આ રીતે પુદ્ગલકર્મ જીવનું કર્મ નથી અને જીવ તેનો કર્તા નથી. જીવનો સ્વભાવ જ્ઞાતા છે; આથી જ્ઞાનરૂપે પરિણમતો થકો સ્વયં પુદ્ગલને જાણે છે; આથી પુદ્ગલકર્મને જાણનાર એવા જીવનો પરની સાથે કર્તાકર્મભાવ કેમ હોઈ શકે ? ન જ હોઈ શકે."

ગાથામાં જે પરિણમદિ, ગિણ્હદિ અને उप्पज्जदि પદો છે, તેમનો ટીકામાં અનુક્રમે વિકાર્ય, પ્રાપ્ય અને નિર્વર્ત્ય અર્થ કરવામાં આવ્યો છે.

આત્મખ્યાતિમાં ૭૬મી ગાથાનો ભાવ આ પ્રમાણે સ્પષ્ટ કરવામાં આવ્યો છે -

"પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્યરૂપ વ્યાપ્યલક્ષણવાળા પુદ્ગલના પરિણામરૂપ કર્મ (કાર્ય)માં પુદ્ગલદ્રવ્ય સ્વયં અંતર્વ્યાપક થઈને; આદિ, મધ્ય અને અંતમાં વ્યાપ્ત થઈને; તેને ગ્રહણ કરતું થકું, તે-રૂપે પરિણમતું થકું અને તે-રૂપે ઊપજતું થકું; તે પુદ્ગલપરિણામને કરે છે.

આ પ્રમાણે પુદ્ગલદ્રવ્યથી કરવામાં આવતા પુદ્ગલપરિણામને જ્ઞાની જાણતો હોવા છતાં પણ; જેમ માટી સ્વયં ઘડામાં અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપ્ત થઈને ઘડાને ગ્રહણ કરે છે, ઘડારૂપે પરિણમે છે અને ઘડારૂપે ઊપજે છે; તે પ્રમાણે જ્ઞાની સ્વયં બાહ્યસ્થિત (બહાર રહેલા) પરદ્રવ્યના પરિણામમાં અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપ્ત થઈને, તેને ગ્રહણ કરતો નથી, તે-રૂપે પરિણમતો નથી અને તે-રૂપે ઊપજતો નથી.

આથી, જોકે જ્ઞાની પુદ્ગલકર્મને જાણે છે, તોપણ પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય-એવા વ્યાપ્યલક્ષણવાળા પરદ્રવ્યના પરિણામરૂપ કર્મને નહિ કરતા એવા તે જ્ઞાનીને પુદ્ગલકર્મ સાથે કર્તાકર્મભાવ નથી."

આ ભાવ ૭૬મી ગાથાની આત્મખ્યાતિ ટીકાનો છે. જે પ્રમાણે ૭૬થી ૭૯ સુધીની ગાથાઓ થોડા-ઘણા અંતરસહિત લગભગ સરખી જ છે; તે પ્રમાણે તેમની ટીકાઓ પણ થોડા-ઘણા અંતરસહિત લગભગ સરખી જ છે.

૭૬મી ગાથાની ટીકાના આરંભમાં જે વિધિથી પુદ્ગલને પુદ્ગલપરિણામનો કર્તા સિદ્ધ કર્યો છે, તે જ વિધિથી ૭૭મી ગાથાની ટીકાના આરંભમાં આત્માને આત્મપરિણામનો કર્તા સિદ્ધ કર્યો છે તથા

૭૮મી ગાથામાં ફરી પુદ્‌ગલને પુદ્‌ગલકર્મના સુખ-દુઃખરૂપ અનંતફળનો કર્તા સિદ્ધ કર્યો છે.

ત્યાર બાદ ત્રણેય ગાથાઓની ટીકામાં એ સ્પષ્ટ કર્યું છે કે પુદ્‌ગલકૃત અનેકપ્રકારના પુદ્‌ગલકર્મને, આત્મકૃત આત્મપરિણામોને અને પુદ્‌ગલકૃત પુદ્‌ગલકર્મના અનંતફળને જાણતો હોવા છતાં પણ જ્ઞાની આત્મા; જેમ માટી ઘડામાં વ્યાપ્ત થઈને ઘડારૂપે પરિણમે છે, ઘડારૂપે ઊપજે છે અને ઘડાને પ્રાપ્ત થાય છે; તેમ જ્ઞાની આત્મા, આત્માથી ભિન્ન પરપદાર્થોને ન તો પ્રાપ્ત કરે છે, ન ઊપજાવે છે અને ન તે-રૂપે પરિણમિત જ થાય છે.

આ પ્રમાણે ત્રણેય ગાથાઓમાં - 'જ્ઞાની જીવ કોઈ પણ રીતે પરનો કર્તા નથી' - એમ સિદ્ધ કરવામાં આવ્યું છે.

આ રીતે નિષ્કર્ષરૂપે એ સુનિશ્ચિત થયું કે વર્ણાદિ અને રાગાદિના ૨૯ પ્રકારના ભેદોમાં વિભક્ત પુદ્‌ગલ દ્રવ્ય; સ્વયંના પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્યરૂપ પરિણમનના આદિ-મધ્ય અને અંતમાં વ્યાપીને; તે પરિણમનને સ્વયં જ કરે છે; તેને જાણનારો જીવ, તેને જાણતો હોવા છતાં પણ તેના પરિણમનનો કર્તા નથી.

જેમ અનેકપ્રકારના પુદ્‌ગલકર્મોને, પોતાના પરિણામોને અને પુદ્‌ગલકર્મના સુખ-દુઃખાદિરૂપ અનંતફળોને જાણનાર જ્ઞાની આ ૨૯ પ્રકારના પૌદ્‌ગલિક ભાવોનો કર્તા નથી; તેમ તે જ્ઞાની તેમનો ભોક્તા પણ નથી, સ્વામી પણ નથી - એમ પણ જાણવું.

૭૬થી ૭૮મી ગાથા સુધી તો એમ કહેવામાં આવ્યું કે અનેકપ્રકારના પુદ્‌ગલકર્મ, પોતાના પરિણામ અને પુદ્‌ગલકર્મના અનંતફળોને જાણતો હોવા છતાં પણ જીવ પૌદ્‌ગલિકભાવોનો કર્તા નથી, અને ૭૯મી ગાથામાં તે જ તર્ક અને યુક્તિઓથી એમ કહેવામાં આવ્યું છે કે અનેકપ્રકારના પુદ્‌ગલકર્મ, આત્માના પરિણામ અને પુદ્‌ગલકર્મના અનંતફળોને ન જાણવાવાળું પુદ્‌ગલ પણ આત્માના પરિણમન (ભાવો)નું કર્તા નથી.

આ પ્રમાણે આ ચારેય ગાથાઓમાં એમ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે પુદ્‌ગલ પૌદ્‌ગલિકભાવોનું કર્તા છે અને જીવ પોતાના જાણવારૂપ જ્ઞાનભાવનો કર્તા છે. તાત્પર્ય એ છે કે પ્રત્યેક દ્રવ્ય પોતપોતાના પરિણમનનું જ કર્તા-ભોકતા અને સ્વામી છે.

પ્રશ્ન - જ્ઞાની પરને જાણવારૂપ પોતાના પરિણમનનો કર્તા છે કે સ્વયંને જાણવારૂપ પોતાના પરિણમનનો કર્તા છે ?

ઉત્તર - જોકે જ્ઞાની સ્વ અને પર - બન્નેને જાણવારૂપ પોતાના પરિણમનનો કર્તા છે, તોપણ અહીં પરને જાણવારૂપ પરિણમનના કર્તૃત્વની વાત જ મુખ્ય છે; કારણ કે અહીં પ્રશ્ન જ એ પ્રકારનો ઉપસ્થિત થયો હતો કે અનેકપ્રકારના પુદ્‌ગલકર્મ અને તેના અનંતફળને જાણતા હોવા છતાં જ્ઞાની તેમનો (પરભાવોનો-રાગાદિભાવોનો) કર્તા છે કે નહિ ?

પ્રશ્ન - પ્રશ્નમાં તો એમ પણ હતું કે પોતાના પરિણામોને જાણતો એવો જ્ઞાની પરનો કર્તા છે કે નહીં ?

ઉત્તર - હા, એવો પ્રશ્ન પણ હતો; પરંતુ ઉત્તરમાં તો એમ જ કહ્યું હતું કે પોતાના પરિણામોને જાણતો એવો જ્ઞાની પરનો કર્તા નથી. ધ્યાન રહે, અહીં પોતાના પરિણામોને જાણતા એવા જ્ઞાનીની વાત છે, દ્રષ્ટિના વિષયભૂત ત્રિકાળી ધ્રુવને જાણતા એવા જ્ઞાનીની વાત નથી. તાત્પર્ય એ છે કે પરને જાણવારૂપ પોતાના પરિણમનને જાણતો એવો જ્ઞાની પરનો કર્તા નથી.

એક વાત એ પણ ધ્યાનમાં રાખવા યોગ્ય છે કે અહીં વર્ણાદિ અને રાગાદિરૂપ પરના કર્તૃત્વના નિષેધની વાત છે, તેમને જાણવાના નિષેધની વાત નથી; બલ્કે અહીં એમ કહેવામાં આવ્યું છે કે તેમને જાણવારૂપ જ્ઞાનક્રિયાનો કર્તા આત્મા છે.

પ્રશ્ન - એમને જાણવારૂપ ક્રિયાનો કર્તા થયો તો તેમનો પણ કર્તા થઈ જ ગયો ?

ઉત્તર - નહીં, એમ નથી; કારણ કે તેમને જાણવારૂપ ક્રિયા તેમનું પરિણમન નથી; પરંતુ જ્ઞાનીના પોતાના જ્ઞાનગુણનું પરિણમન છે.

પ્રશ્ન - જો એમ જ કહીએ કે જ્ઞાની તો સ્વયંને જાણવારૂપ પરિણમનનો જ કર્તા છે, પરને જાણવારૂપ પરિણમનનો નહીં; તો શું આપત્તિ છે ?

ઉત્તર - અરે, ભાઈ ! કેવી વાત કરો છો ? અહીં તો પરની ક્રિયા અને પરને જાણવારૂપ પોતાની જ્ઞાનક્રિયા વચ્ચે ભેદજ્ઞાન કરાવવું-એ જ ઈષ્ટ છે. તમે કેમ ભૂલી જાઓ છો કે પરને જાણવાવાળી જ્ઞાનક્રિયા પણ આત્માની જ ક્રિયા છે, પરની ક્રિયા નહીં. ક્રોધાદિરૂપ પૌદ્‌ગલિકક્રિયા અને સ્વ-પરપ્રકાશક જ્ઞાનક્રિયાની વચ્ચે ભેદજ્ઞાન કરાવવું-એ જ આ પ્રકરણનું મૂળ પ્રયોજન છે. આથી અહીં એ જ અપેક્ષાને મુખ્ય રાખવી જોઈએ. અહીં અન્ય અપેક્ષાઓને મુખ્ય કરવી એ આ પ્રકરણની સાથે અન્યાય કરવા બરોબર છે.

પ્રશ્ન - આ વાત તો નિશ્ચયની છે ને ?

ઉત્તર - હા, આ વાત નિશ્ચયની જ છે. વ્યવહારની વાત પણ આ જ ગ્રંથમાં યથાસ્થાને આવશે અને એ વિષે આચાર્યદેવને જે કહેવું છે, તે પણ તેઓ ત્યાં જ વિસ્તારથી કહેશે. આથી એ વાતને અહીં ઉઠાવીને શ્રદ્ધાનને ઢીલું કરવું ઉચિત નથી.

પ્રશ્ન - આચાર્ય જ્યારે કહેશે ત્યારે કહેશે; આપ અમને એ વાત હમણાં જ બતાવી દો ને ?

ઉત્તર - નહીં, એ ઉચિત નથી; કારણ કે આચાર્યદેવ સમજીને જ એ વાત અહીં કરી રહ્યાં નથી. અમે તો તેમની વાણીનું અનુશીલન કરી રહ્યાં છીએ; માટે તેઓએ અહીં જે વાત કહી છે, તેનું જ અનુશીલન કરીશું.

જોકે મૂળ ગાથા અને આત્મખ્યાતિ ટીકામાં નયનો ઉલ્લેખ નથી;

તેમ છતાં આચાર્ય જયસેન તાત્પર્યવૃત્તિ ટીકામાં પાઠકોની સુવિધાને માટે નયોનો ઉલ્લેખ પણ કરે છે. તેઓ કહે છે કે નિશ્ચયનયથી જીવનો પુદ્‌ગલ સાથે કર્તા-કર્મભાવ નથી.

આચાર્ય જયસેને પુદ્‌ગલકર્મની અનેકપ્રકારતાને પરિભાષિત કરતાં જ્ઞાનાવરણાદિ મૂળ પ્રકૃતિઓ અને મતિજ્ઞાનાવરણાદિ ઉત્તર પ્રકૃતિઓની ચર્ચા પણ કરી છે તથા આત્મપરિણામોને ક્ષાયોપશમિક સંકલ્પ-વિકલ્પોમાં તથા પુદ્‌ગલકર્મના અનંત ફળને સુખી-દુઃખીના રૂપમાં પરિભાષિત કર્યા છે.

આ પ્રમાણે એ સુનિશ્ચિત થયું કે જ્ઞાનાવરણાદિ અનેકપ્રકારના કર્મો, ક્ષાયોપશમિક સંકલ્પ-વિકલ્પો અને લૌકિક સુખ-દુઃખોને જાણતો હોવા છતાં જ્ઞાની આત્મા શુદ્ધનિશ્ચયનયથી તેમનો કર્તા-ભોક્તા નથી.

પ્રશ્ન - 'શુદ્ધનિશ્ચયનયથી કર્તા-ભોક્તા નથી' - એમ શાથી કહ્યું?

ઉત્તર - કારણ કે અશુદ્ધનિશ્ચયનયથી તો ક્ષાયોપશમિક સંકલ્પ-વિકલ્પો તથા સુખ-દુઃખાદિનો કર્તા આત્માને કહેવામાં આવે જ છે. માટે 'શુદ્ધનિશ્ચયનયથી' - એમ કહેવું ઉચિત જ છે.

પ્રશ્ન - હમણાં જ તો કહ્યું હતું કે નિશ્ચયનયથી જીવનો પુદ્‌ગલ સાથે કર્તા-કર્મભાવ નથી ?

ઉત્તર - 'નિશ્ચયનય' શબ્દમાં નિશ્ચયનયના બધા ભેદોનો સમાવેશ થઈ જાય છે; માટે એમ કહેવામાં કોઈ આપત્તિ નથી; કારણ કે નિશ્ચયનયના જે ભેદની જ્યાં અપેક્ષા હોય, નિશ્ચયનય શબ્દથી ત્યાં તે જ ભેદને લઈ શકાય છે. માટે આ બે કથનોમાં કોઈ વિરોધ નથી.

આ વિષયમાં પૂજ્ય ગુરુદેવનું સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે -

''શુભરાગ મારું કાર્ય નથી, પરંતુ તેને જાણનારી જ્ઞાનની પર્યાય મારું કાર્ય છે - એમ માનતો થકો જ્ઞાની સાક્ષીભાવે પરિણમન કરે છે. જ્ઞાનીને પોતાના ત્રિકાળી શુદ્ધ જ્ઞાતા-દ્રષ્ટાસ્વભાવનો અનુભવ થયો છે;

એથી તે જ્ઞાતા-દ્રષ્ટા સ્વભાવ વડે રાગને જાણે છે. બસ ! આ જાણવાનું પરિણામ જ જ્ઞાનીનું કાર્ય છે, રાગ તેનું કાર્ય નથી.[૧]

વીતરાગી પરિણામના આદિ-મધ્ય-અંતમાં આત્મા સ્વયં વ્યાપ્ત થઈને, તે વીતરાગીદશાને ગ્રહણ કરે છે, સ્વયં વીતરાગીદશારૂપે પરિણમે છે અને સ્વયં તે-રૂપે ઊપજે છે. આત્મા વ્યવહાર-રત્નત્રયના પરિણામને કરતો નથી, પરંતુ વ્યવહાર-રત્નત્રયનું જે જ્ઞાન થાય છે, તે જ્ઞાનમાં જ્ઞાની વ્યાપ્ત થાય છે. જ્ઞાનીનું પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય કર્મ જ્ઞાન છે, રાગ નહીં.[૨]

આ પ્રકરણમાં તો આત્માને પરથી તથા રાગથી ભિન્ન અને સ્વ (નિર્મળ પર્યાય)થી અભિન્ન સિદ્ધ કરવો છે. માટે દ્રવ્ય અને તેની નિર્મળ પર્યાયને અહીં અભેદ બતાવ્યા છે. કહ્યું છે ને કે આત્મા સ્વયં અન્તર્વ્યાપક થઈને પોતાના આત્મ-પરિણામને કરે છે. અહા ! જે નિર્મળ પર્યાય થઈ, તે આત્માનું કાર્ય છે. આત્માનું જ્ઞાતા-દ્રષ્ટારૂપ જે નિર્મળ પરિણામ થયું, તેના આદિ-મધ્ય-અંતમાં આત્મા સ્વયં વ્યાપ્ત થાય છે. તે નિર્મળ પરિણામને આત્મા સ્વયં કરે છે. - અહીં તો એમ સિદ્ધ કરવું છે.[૩]

જ્યારે જ્ઞાનપ્રધાન શૈલીથી કથન હોય છે, ત્યારે આ સુખ-દુઃખાદિ પરિણામોનો ભોક્તા જીવને કહેવામાં આવે છે તથા રાગ-દ્વેષ, સુખ-દુઃખની અવસ્થા જીવની છે-એવું કથન આવે છે. જીવ સ્વયં તે-રૂપે પરિણમન કરે છે અને તેનું કર્તાપણું જીવનું છે - એમ જ્ઞાનનય જાણે છે. આ પ્રમાણે જ્યાં જે અપેક્ષાથી કથન હોય, ત્યાં તે જ અપેક્ષાથી સમજવું જોઈએ.[૪]''

આ રીતે આ ગાથાઓમાં એમ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે સ્વ-પરને જાણનાર જીવ પણ પરનો કર્તા-ધર્તા નથી અને સ્વ-પરને નહીં જાણનાર પુદ્ગલ પણ પરનું કર્તા-ધર્તા નથી.

---

૧. પ્રવચન રત્નાકર (હિંદી), ભાગ-૩, પાનું ૧૫૮
૨. પ્રવચન રત્નાકર (હિંદી), ભાગ-૩, પાનું ૧૬૦
૩. પ્રવચન રત્નાકર (હિંદી), ભાગ-૩, પાનું ૧૭૦
૪. પ્રવચન રત્નાકર (હિંદી), ભાગ-૩, પાનું ૧૭૧

આ જ પ્રકારનો ભાવ આગામી કળશમાં પણ વ્યક્ત કરવામાં આવ્યો છે, જે આ પ્રમાણે છે :-

(સ્ત્રગ્ધરા)

ज्ञानी जानन्नपीमां स्वपरपरिणतिं पुद्गलाश्चाप्यजानन् ।
व्याप्तृव्याप्यत्वमन्तः कलयितुमसहौ नित्यमत्यंतभेदात् ॥
अज्ञानात्कर्त्तृकर्मभ्रममतिरनयोर्भाति तावन्न यावत् ।
विज्ञानार्चिश्चकास्ति क्रकचवददयं भेदमुत्पाद्य सद्यः ॥५०॥

(હરિગીત)

નિજ-પર પરિણતિ જાણતો જ્ઞાની પ્રવર્ત્તે છે સદા,
નિજ-પર પરિણતિ જાણતું પુદ્ગલ નહિ વર્તે કદા;
અત્યંત આવો ભેદ તેથી વ્યાપ્ય-વ્યાપક નવ બને,
'કર્તા-કરમ અન્યોન્યના છે' - એમ મત મિથ્યા ઠરે.
ભ્રમબુદ્ધિ કર્તા-કર્મની બસ ત્યાં લગી જ રહે ખરે,
જ્યોતિ ન જાગે ભેદજ્ઞાન તણી અરે ! નિષ્ઠુરપણે. ૫૦.

જ્ઞાની તો પોતાની અને પરની પરિણતિને જાણતો થકો પ્રવર્તે છે, તથા પુદ્ગલ પોતાની અને પરની પરિણતિને ન જાણતું થકું પ્રવર્તે છે. આ પ્રમાણે એ બન્નેમાં પરસ્પર અત્યંત ભેદ હોવાથી તે બન્ને પરસ્પર અંતરંગમાં વ્યાપ્ય-વ્યાપકભાવને પ્રાપ્ત થવામાં અત્યંત અસમર્થ છે. 'જીવ અને પુદ્ગલમાં પરસ્પર કર્તા-કર્મભાવ છે' - એવી ભ્રમબુદ્ધિ અજ્ઞાનને લીધે ત્યાં સુધી જ ભાસિત થાય છે, કે જ્યાં સુધી ભેદજ્ઞાનજ્યોતિ કરવતની જેમ નિર્દયતાથી તત્કાળ ભેદ ઉત્પન્ન કરીને પ્રકાશીત થતી નથી.

તાત્પર્ય એ છે કે સ્વ-પરને જાણનાર જ્ઞાની જીવ અને સ્વ-પરને નહિ જાણનાર પુદ્ગલ - એ બન્નેય પોતપોતાના પરિણામોમાં પ્રવર્તિત થાય છે; પોતપોતાની પરિણતિતા કર્તા-ધર્તા છે; તેમનામાં પરસ્પર સદાય

રહેવાવાળો અત્યંત ભેદ છે. આ કારણે તેમનામાં વ્યાપ્ય-વ્યાપકભાવનું કોઈ પણ રૂપે બનવું સંભવ નથી; માટે તેમનામાં પરસ્પર કર્તા-કર્મભાવ પણ બની શકતો નથી, તોપણ અજ્ઞાની જીવ પોતાના અજ્ઞાનને કારણે તેમનામાં કર્તા-કર્મભાવ માને છે. પરંતુ તેનું આ અજ્ઞાન ત્યાં સુધી જ રહી શકે છે, કે જ્યાં સુધી ભેદજ્ઞાનજ્યોતિ પ્રગટ થતી નથી. ભેદજ્ઞાનજ્યોતિ પ્રગટતાં આ અજ્ઞાનનું એક સમય પણ રહેવું સંભવ નથી.

આ કળશનો ભાવાનુવાદ કવિવર બનારસીદાસજીએ આ પ્રમાણે કર્યો છે :-

(छप्पय)

जीव ग्यानगुन सहित, आपगुन-परगुन-ज्ञायक ।
आपा परगुन लखै, नांहि पुग्गल इहि लायक ॥

जीव दरब चिद्रूप सहज, पुद्गल अचेत जड़ ।
जीव अनूरति मूरतीक, पुद्गल अंतर बड़ ॥

जब लग न होइ अनुभौ प्रगट, तब लग मिथ्यामति लसै ।
करतार जीव जड़ करमकौ, सुबुधि विकास यहु भ्रम नसै ॥६॥

ઉપરનો છંદ છપ્પય છંદ છે, જે રોલા અને ઉલ્લાલા એ બે મળીને બને છે. માટે તેની શરૂઆતની ચાર પંક્તિઓ રોલા છંદમાં છે અને છેલ્લી બે પંક્તિઓ ઉલ્લાલા છંદમાં છે. એનો ભાવ આ પ્રમાણે છે -

જીવ જ્ઞાનગુણથી યુક્ત છે; તેથી તે પોતાના અને અન્ય દ્રવ્યોના ગુણોને જાણનારો છે, તેમનો જ્ઞાતા છે. પોતાના અને પરના ગુણોને જાણે - એવી યોગ્યતા પુદ્ગલમાં નથી.

જીવ સહજ જ ચૈતન્યરૂપ છે અને પુદ્ગલ અચેતન છે, જડ છે; જીવ અમૂર્તિક છે અને પુદ્ગલ મૂર્તિક છે - આમ એ બે વચ્ચે ઘણું જ અંતર છે.

જ્યાં સુધી આત્માના અનુભવપૂર્વક એ બે વચ્ચે ભેદવિજ્ઞાન થતું નથી, તેમને ભિન્ન-ભિન્ન જાણવામાં આવતા નથી; ત્યાં સુધી મિથ્યાબુદ્ધિ રહે છે, મિથ્યાત્વ રહે છે, અજ્ઞાન રહે છે અને તેના ફળસ્વરૂપે જીવ પોતાને જડકર્મોનો કર્તા માનતો રહે છે, પરમાં કર્તૃત્વબુદ્ધિના તેને ભ્રમ રહ્યા કરે છે; પરંતુ જ્યારે સુબુદ્ધિનો વિકાસ થાય છે, આત્માનુભવ થાય છે, ભેદવિજ્ઞાનનો પ્રકાશ થાય છે; ત્યારે આ ભ્રમ નષ્ટ થઈ જાય છે, કર્તૃત્વબુદ્ધિનો અભાવ થઈને સહજ જ્ઞાતા-દ્રષ્ટા ભાવ પ્રગટ થઈ જાય છે.

આ પ્રમાણે ૭૬ થી ૭૯મી ગાથામાં તથા ૫૦મા કળશમાં એમ કહેવામાં આવ્યું છે કે આત્મા અને પુદ્‌ગલમાં પરસ્પર કર્તા-કર્મભાવ નથી.

જ્ઞાન-ગોષ્ઠી

પ્રશ્ન:- દ્રવ્યપરમાણુ ને ભાવપરમાણુના ધ્યાનથી કેવળજ્ઞાન થવાનું શાસ્ત્રમાં કહ્યું છે, તો અન્ય શાસ્ત્રમાં તો શુદ્ધાત્માનું ધ્યાન કરવાથી કેવળજ્ઞાન થવાનું કહ્યું છે ?

ઉત્તર:- દ્રવ્યપરમાણુ અને ભાવપરમાણુનું ધ્યાન કરવા કહ્યું છે તે પુદ્‌ગલ પરમાણુનું કથન નથી. દ્રવ્ય-ગુણ-પર્યાયના સ્વરૂપની સૂક્ષ્મતાને દ્રવ્યપરમાણું કહ્યું છે ને સ્વસંવેદન પરિણામ તે ઈન્દ્રિય-મનને ગમ્ય ન હોવાથી સૂક્ષ્મ છે, તેને ભાવપરમાણુ કહ્યું છે. આ દ્રવ્યપરમાણુના, ભાવપરમાણુના ધ્યાનથી કેવળજ્ઞાન થવાનું કહ્યું છે.

- આત્મધર્મ અંક ૩૯૭, નવેમ્બર ૧૯૭૬, પૃષ્ઠ ૩૦

સમયસાર ગાથા ૭૨

૭૧મી ગાથામાં એમ સિદ્ધ કરવામાં આવ્યું હતું કે જ્ઞાનમાત્રથી જ બંધનો નિરોધ થાય છે. તેથી એ પ્રશ્ન ઉઠવો સ્વાભાવિક જ છે કે જ્ઞાનમાત્રથી બંધનો નિરોધ કઈ રીતે થઈ શકે છે ? શું એકલા જાણવા માત્રથી બંધનો નિરોધ થઈ જશે, કાંઈ કરવું નહીં પડે ?

ઉક્ત શંકાના સમાધાન માટે જ ૭૨મી ગાથાનો જન્મ થયો છે. આ જ કારણ છે કે આચાર્ય અમૃતચંદ્ર આત્મખ્યાતિની ઉત્થાનિકામાં લખે છે –

कथं ज्ञानमात्रादेव बन्धनिरोध इति चेत् – જો કોઈ કહે કે જ્ઞાનમાત્રથી બંધનો નિરોધ કઈ રીતે થઈ શકે છે, તો તેના ઉત્તરમાં કહીએ છીએ કે –

णादूण आसवाणं असुचित्तं च विवरीयभावं च ।
दुक्खस्स कारणं ति य तदो णियत्तिं कुणदि जीवो ॥७२॥

(હરિગીત)

અશુચિપણું, વિપરીતતા એ આસ્રવોનાં જાણીને,
વળી જાણીને દુઃખકારણો, એથી નિવર્તન જીવ કરે. ૭૨[1]

આસ્રવોનું અશુચિપણું અને વિપરીતપણું જાણીને તથા તેઓ દુઃખના કારણ છે એમ જાણીને જીવ તેમનાથી નિવૃત્તિ કરે છે.

---

૧. સમયસાર (ગુજરાતી), પાનું-૧૩૩

'આસ્રવો અપવિત્ર છે, આત્માના સ્વભાવથી વિપરીત સ્વભાવવાળા છે અને દુઃખના કારણ છે' - જ્યારે જીવ આમ જાણી લે છે ત્યારે તેમને છોડી દે છે, તેમનાથી નિવૃત્ત નહીં થવાનું કોઈ કારણ રહી જતું નથી. આખરે કોઈ જીવ પોતાના વિરોધીભાવોને, અપવિત્રભાવોને અને જે દુઃખના કારણ છે, તે ભાવોને શામાટે ચોંટ્યો રહે ? તેથી આ રીતની જાણકારી થઈ જતાં તેમનાથી નિવૃત્ત થઈ જવું એ સહજપ્રક્રિયા છે. આથી જ્ઞાનમાત્રથી જ બંધનો નિરોધ સિદ્ધ થાય છે - એ કથન ઉચિત જ છે.

આ ગાથાના ભાવને આત્મખ્યાતિમાં આચાર્ય અમૃતચંદ્ર આ પ્રમાણે સ્પષ્ટ કરે છે -

''જેમ શેવાળ તે જળનો મેલ છે, જળની કલુષતા છે; તેમ આસ્રવભાવો પણ આત્માના મેલ છે, તેઓ આત્મામાં કલુષતારૂપે જ ઉપલબ્ધ થાય છે, કલુષતારૂપે જ અનુભવમાં આવે છે; તેથી અશુચિ છે, અપવિત્ર છે; અને ભગવાન આત્મા તો સદાય અતિનિર્મળ ચૈતન્યભાવથી જ્ઞાયકરૂપે જ ઉપલબ્ધ થાય છે, પરમપવિત્ર જ છે.

જડ સ્વભાવી હોવાથી આસ્રવભાવો બીજાઓ દ્વારા જણાવા યોગ્ય છે, માટે તેઓ ચૈતન્યથી અન્ય સ્વભાવવાળા છે, વિપરીત સ્વભાવવાળા છે, અને ભગવાન આત્મા તો નિત્ય વિજ્ઞાનઘનસ્વભાવવાળો હોવાથી સ્વયં જ ચેતક છે, જાણવાવાળો છે, તેથી તે ચૈતન્યથી અનન્ય સ્વભાવવાળો છે, અવિપરીત સ્વભાવવાળો છે.

આકુળતા ઉત્પન્ન કરવાવાળા હોવાથી આસ્રવભાવો દુઃખના કારણો છે અને ભગવાન આત્મા તો સદાય અનાકુળ સ્વભાવવાળો હોવાથી કોઈનું કાર્ય અથવા કારણ ન હોવાથી દુઃખનું અકારણ જ છે.

જ્યારે આ આત્મા, આત્મા અને આસ્રવોમાં આ રીતનો ભેદ જાણે છે, તફાવત જાણે છે, ત્યારે તે જ સમયે ક્રોધાદિ આસ્રવોથી નિવૃત્ત થઈ જાય છે; કારણ કે તેમનાથી નિવૃત્ત થયા વિના આત્મા અને આસ્રવોના

પારમાર્થિક ભેદજ્ઞાનની સિદ્ધિ જ થતી નથી. માટે ક્રોધાદિ આસ્રવભાવોથી નિવૃત્તિ સાથે અવિનાભાવીપણે રહેવાવાળા જ્ઞાનમાત્રથી જ અજ્ઞાનજન્ય પૌદ્‌ગલિક કર્મના બંધનો નિરોધ સિદ્ધ થાય છે.

હવે આ જ વાતને તર્ક અને યુક્તિથી સિદ્ધ કરતાં આચાર્યદેવ પૂછે છે કે આત્મા અને આસ્રવોનું ઉક્ત ભેદજ્ઞાન જ્ઞાન છે કે અજ્ઞાન છે ?

જો અજ્ઞાન છે તો આત્મા અને આસ્રવો વચ્ચે અભેદજ્ઞાનરૂપ અજ્ઞાનથી તેમાં શું તફાવત રહ્યો, એટલે કે કાંઈ તફાવત ન રહ્યો અને જો તે જ્ઞાન છે તો એમ પૂછીએ છીએ કે તે આસ્રવોમાં પ્રવૃત્ત છે કે તેમનાથી નિવૃત્ત છે ? જો તે જ્ઞાન આસ્રવોમાં પ્રવૃત્ત છે તોપણ આસ્રવો અને આત્માના અભેદજ્ઞાનરૂપ અજ્ઞાનથી તેનામાં કોઈ તફાવત ન રહ્યો. અને જો તે જ્ઞાન આસ્રવોથી નિવૃત્ત છે તો જ્ઞાનથી જ બંધનો નિરોધ કેમ સિદ્ધ નહીં થાય ? એટલે કે જ્ઞાનથી જ બંધનો નિરોધ સિદ્ધ થઈ જ ગયો. આ પ્રમાણે અજ્ઞાનનો અંશ જે ક્રિયાનય તેનું ખંડન થયું.

'આત્મા અને આસ્રવોનું ભેદજ્ઞાન જો આસ્રવોથી નિવૃત્ત ન હોય તો તે જ્ઞાન જ નથી' - એમ સિદ્ધ થવાથી જ્ઞાનનો અંશ એવા એકાંત જ્ઞાનનયનું પણ ખંડન થયું.''

આજ પ્રકારનો ભાવ આચાર્ય જયસેને તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં વ્યક્ત કર્યો છે.

ગાથામાં તો માત્ર એટલું જ છે કે આસ્રવો અશુચિ છે, વિપરીત ભાવવાળા છે અને દુઃખના કારણ છે, પરંતુ ટીકામાં આચાર્ય અમૃતચંદ્ર એમ પણ બતાવે છે કે ભગવાન આત્મા પરમપવિત્ર છે, જ્ઞાનભાવથી અનન્ય છે - અવિપરીત સ્વભાવવાળો છે અને દુઃખોનો અકારણ છે; કારણ કે પ્રકરણ ભેદજ્ઞાનનું ચાલી રહ્યું છે અને તે ભેદજ્ઞાન આત્મા અને આસ્રવો વચ્ચે જ કરવાનું છે. તેથી એ બતાવવું આવશ્યક જ છે કે આત્મા અને આસ્રવોમાં ન કેવળ ભિન્નતા છે, પરંતુ પરસ્પર વિપરીતતા પણ છે.

આ જ કારણ છે કે ટીકામાં તેમને સામસામે ઉભા રાખીને એમ બતાવ્યું છે કે આસ્રવો અપવિત્ર છે અને ભગવાન આત્મા પરમપવિત્ર છે, આસ્રવો જડ છે અને ભગવાન આત્મા ચેતન છે તથા આસ્રવો દુઃખના કારણ છે અને ભગવાન આત્મા દુઃખોનું કારણ નથી, અકારણ છે. તેથી તે બન્ને એક કેમ હોઈ શકે છે ?

કોઈ પુરૂષે કોઈને પોતાનો હિતેચ્છુ જાણીને, પવિત્ર જાણીને તેમજ સુખનું કારણ જાણીને અપનાવ્યો હોય, પોતાનો માન્યો હોય; પરંતુ જ્યારે એમ જાણવામાં આવે કે આ તો શત્રુ છે, શત્રુનો ગુપ્તચર છે, પોતાને મહાસંકટનું કારણ છે તો તેને તત્કાળ કેમ નહીં છોડી દે ? બરાબર એ જ રીતે જે આત્માએ આસ્રવભાવોને પોતાના અવિરોધી માની રાખ્યા હોય, પવિત્ર માની રાખ્યા હોય અને સુખના કારણ માની રાખ્યા હોય; પરંતુ જ્યારે તેના જાણવામાં આવે કે આ આસ્રવભાવો તો આત્માના સ્વભાવથી વિપરીત ભાવો છે, અપવિત્ર ભાવો છે અને દુઃખના કારણરૂપ ભાવો છે, તો તે આત્મા તેમને તત્કાળ કેમ નહીં છોડી દે ? તેથી જ્ઞાનમાત્રથી બંધનો નિરોધ થવો તે એક સહજક્રિયા છે, સ્વાભાવિક પ્રક્રિયા છે.

પ્રશ્ન - જ્યારે ગાથામાં એકલા આસ્રવની જ વાત છે તો પછી ટીકામાં આસ્રવની સાથે સાથે આત્માની પણ વાત કરવી શું અનુચિત નથી ?

ઉત્તર - નહીં, કારણ કે ગાથામાં 'विपरीयभावं' પદ પડ્યું છે, જે એમ બતાવે છે કે આસ્રવો વિપરીત સ્વભાવવાળા છે. તેથી એ જિજ્ઞાસા થવી સ્વાભાવિક જ છે કે આસ્રવો કોનાથી વિપરીત સ્વભાવવાળા છે ? આ જિજ્ઞાસાને શાંત કરવા માટે ટીકામાં એ સ્પષ્ટ કરવું આવશ્યક જ હતું કે તે આસ્રવો આત્મસ્વભાવથી વિપરીત છે. આ વિપરીતતાને સ્પષ્ટ કરવા માટે જ અહીં ત્રણ બોલમાં આત્મા અને આસ્રવભાવોને સામસામે રાખીને વાત કરી છે.

પ્રશ્ન - આસ્રવો તો સંવરથી વિપરીત છે. તેથી 'વિપરીયભાવં' પદનો સંવરથી વિપરીતતા એ અર્થ કરવો વધુ યોગ્ય લાગે છે.

ઉત્તર - નહીં, એ વાત બરાબર નથી; કારણ કે અહીં આત્મા અને આસ્રવો વચ્ચેના ભેદવિજ્ઞાનનું પ્રકરણ ચાલી રહ્યું છે. પ્રકરણ અનુસાર અર્થ કરવો એ જ શાસ્ત્રસંમત અને તર્કસંગત છે. તેથી ટીકાકારનું ઉક્ત કથન સંપૂર્ણપણે નિર્દોષ છે.

આ ગાથાની ટીકામાં આચાર્ય અમૃતચંદ્રે આત્માની સાથે ભગવાન વિશેષણ લગાડ્યું છે અને તે પણ એક વાર નહીં, ત્રણ-ત્રણ વાર. અહીં જે ભગવાનની વાત કરી છે, તે અરિહંત-સિદ્ધ ભગવાનની વાત નથી, પરંતુ આપણા બધાના આત્માની વાત છે. અહીં બધા જીવોને ભગવાન કહીને સંબોધિત કર્યા છે. આ ત્રિકાળી ધ્રુવ ભગવાન આત્માની વાત છે. જેના દર્શનનું નામ સમ્યગ્દર્શન છે, જેને જાણવાનું નામ સમ્યગ્જ્ઞાન છે અને જેના ધ્યાનનું નામ સમ્યક્ચારિત્ર છે; તે નિજ ભગવાન આત્માની વાત છે; કારણ કે તે જ નિજ ભગવાન આત્માને આસ્રવોથી ભિન્ન જાણવો છે. તેને જાણવાથી જ બંધનો નિરોધ થાય છે.

અહીં ધ્યાન આપવાની વાત એ છે કે અહીં સંપૂર્ણ આસ્રવભાવોને અપવિત્ર કહ્યાં છે, જડ કહ્યાં છે, દુઃખના કારણ કહ્યાં છે. એમ નથી કહ્યું કે પાપાસ્રવો અપવિત્ર છે, જડ છે, દુઃખોના કારણ છે અને પુણ્યાસ્રવો પવિત્ર છે, ચેતન છે અને સુખના કારણ છે. પાપાસ્રવોને તો આખું જગત જ દુઃખનું કારણ બતાવે છે. પરંતુ અહીં તો સંપૂર્ણ આસ્રવભાવોને એટલે કે પુણ્યભાવોને પણ દુઃખનું કારણ બતાવવું છે.

પ્રશ્ન - પુણ્યભાવોને દુઃખનું કારણ બતાવવું તો ઠીક નથી; કારણ કે તેઓ તો સુખના કારણ છે, તેમને તો આગમમાં પણ સુખના કારણ બતાવવામાં આવ્યા છે.

ઉત્તર - અરે ભાઈ ! જે સુખના કારણ તેમને બતાવ્યા છે, તે સુખ કાંઈ વાસ્તવિક સુખ નથી, પણ દુઃખ જ છે. પંચેન્દ્રિયોના ભોગોને જ તો સાંસારિક સુખ કહે છે, પરંતુ તે સુખ વાસ્તવિક સુખ નથી. જો

તે વાસ્તવિક સુખ હોય તો તેને ત્યાગવાની વાત શાસ્ત્રોમાં શા માટે આવે? જે ત્યાગવા યોગ્ય છે, તે સુખ કેમ હોઈ શકે ? - એ ગંભીરતાથી વિચારવાની વાત છે.

અહીં તો એમ કહેવાઈ રહ્યું છે કે પુણ્ય અને પાપ બંધના કારણરૂપ જે શુભાશુભ ભાવો છે, તે ભાવો જ ભાવાસ્રવ છે. તે બધા ભાવો આસ્રવરૂપ હોવાથી અપવિત્ર છે, જડ છે અને દુઃખોના કારણ છે. ધ્યાન રહે અહીં આસ્રવોને જડ કહ્યાં છે અને જે ભાવથી તીર્થંકર નામકર્મનો બંધ થાય છે, તે ભાવ પણ બંધનું કારણ હોવાથી, આસ્રવભાવ હોવાથી અશુચિ છે, અપવિત્ર છે અને દુઃખનું કારણ છે -એમ કહેવાઈ રહ્યું છે.

જગતને એમ લાગે છે કે આવું કેમ હોઈ શકે ? પરંતુ કોઈ શું કરે, ખરેખર વાત જ આવી છે. આ વાતને ભાવનાના વેગમાં તણાઈ જઈને સમજવાથી કામ નહીં ચાલે, પરંતુ ગંભીરતાથી વિચાર કરવો પડશે. નિષ્પક્ષ ભાવથી આગમના આલોકમાં વિચાર કરીએ તથા ન્યાય અને યુક્તિથી વિચાર કરીએ તો આ વાત સમજી શકાય તેવી છે. ઉપર-ઉપરથી જ વિચાર કરવાથી કાંઈ હાથ આવતું નથી.

જ્યારે સામાન્યરૂપે એમ કહેવામાં આવે છે કે આસ્રવભાવો અપવિત્ર છે, દુઃખના કારણ છે તો બધા લોકો સ્વીકાર કરી લે છે, પરંતુ જ્યારે તે જ વાતને સ્પષ્ટ કરતાં કહેવામાં આવે છે કે આસ્રવભાવો બે પ્રકારના હોય છે - શુભાસ્રવ અને અશુભાસ્રવ અથવા પુણ્યાસ્રવ અને પાપાસ્રવ. બન્ને પ્રકારના આસ્રવો આસ્રવો હોવાથી અપવિત્ર જ છે, દુઃખોના કારણ જ છે; તો લોકો ચોંકી ઉઠે છે.

આ વાત તેમને નવી લાગે છે, પરંતુ આ વાત જિનવાણીમાં તો પહેલેથી જ વિદ્યમાન છે. જો આપણું ધ્યાન અત્યારસુધી તે તરફ ગયું નહિ તો તેમાં જિનવાણીનો શું દોષ છે ? ચાહે શુભ હો, ચાહે અશુભ; ચાહે પુણ્યરૂપ હો, ચાહે પાપરૂપ - બધા પ્રકારના આસ્રવભાવો અપવિત્ર જ છે, જડ જ છે અને દુઃખોના જ કારણ છે. અહીં તો ઢંઢેરો પિટાવીને આ વાત કહેવાઈ રહી છે.

प्रश्न - આ ગાથાની આત્મખ્યાતિ ટીકામાં ક્રિયાનય અને જ્ઞાનયનના ખંડનની વાત આવી છે. તેનો શું ભાવ છે ?

उत्तर - રાગની મંદતા અને તદ્નુરૂપ શરીરાદિની ક્રિયાથી બંધનો નિરોધ માનવો તે ક્રિયાનયનો એકાંત છે અને અનુભવજ્ઞાન વિના શાસ્ત્રજ્ઞાનથી આત્મા અને આસ્રવોની ભિન્નતા જાણી લેવા માત્રથી બંધનો નિરોધ માનવો તે જ્ઞાનનયનો એકાંત છે. - આ બન્ને એકાંતોનું અહીં ખંડન કરવામાં આવ્યું છે.

આ સંદર્ભમાં પૂજ્ય ગુરુદેવનું સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે - ''અહીં એકાંત ક્રિયાનય તેમજ એકાંત જ્ઞાનનયનું ખંડન કરવામાં આવ્યું છે. જે રાગની મંદતાની ક્રિયામાં ધર્મ માને છે, તે ક્રિયાજડ છે તથા જે જાણવામાત્રને ભેદજ્ઞાન માને છે, તે શુષ્કજ્ઞાની છે. બીજી રીતે કહીએ તો 'વ્યવહાર કરતા કરતા ધર્મ થઈ જશે' - એવા ક્રિયાનયના પક્ષપાતીઓ તથા પરલક્ષ્યી જ્ઞાનમાત્રને સમ્યગ્જ્ઞાન કહેનારા એકાંત જ્ઞાનયના પક્ષપાતીઓનું અહીં ખંડન કરવામાં આવ્યું છે.

આત્મવસ્તુ જ્ઞાન અને આનંદનો પિંડ છે. રાગથી ભિન્ન થઈને ત આત્મવસ્તુમાં એકત્વરૂપ પરિણમન કરવાવાળું જ્ઞાન તે જ જ્ઞાન છે અને તેમાં જ રમણતા કરવી તે જ સાચી ક્રિયા છે અને આ જ મોક્ષમાર્ગ છે.[1]

''રાગની મંદતારૂપ ક્રિયા અને પરલક્ષ્યી જ્ઞાન - એવો 'ज्ञानक्रियाभ्यां मोक्षः' નો કોઈ જે અર્થ કરે તો તે યથાર્થ નથી. તેથી અહીં એ વાતનું ખંડન કર્યું છે. રાગથી ભિન્નસ્વરૂપનું જ્ઞાન અને જ્ઞાનસ્વભાવમાં સ્થિરતારૂપ અથવા રમવારૂપ ક્રિયા - એ જ 'ज्ञानक्रियाभ्यां मोक्षः' સૂત્રનો યથાર્થ અર્થ છે.[2]''

---

૧. પ્રવચનરત્નાકર (હિંદી), ભાગ-૩, પાનું-૭૪
૨. પ્રવચનરત્નાકર (હિંદી), ભાગ-૩, પાનું-૭૫

આ ગાથામાં પ્રતિપાદિત વિષયવસ્તુના સંદર્ભમાં પંડિત જયચંદજી છાબડાના ભાવાર્થનો નીચે જણાવેલો અંશ વિશેષ ધ્યાન દેવા યોગ્ય છે-

''અહીં કોઈ પ્રશ્ન કરે કે અવિરત સમ્યગ્દ્રષ્ટિને મિથ્યાત્વ અને અનંતાનુબંધી પ્રકૃતિઓનો તો આસ્રવ થતો નથી, પરંતુ અન્ય પ્રકૃતિઓનો તો આસ્રવ થઈને બંધ થાય છે; તેથી તેને જ્ઞાની કહેવો કે અજ્ઞાની ?

તેનું સમાધાન - સમ્યગ્દ્રષ્ટિ જીવ જ્ઞાની જ છે, કારણ કે તે અભિપ્રાયપૂર્વકના આસ્રવોથી નિવૃત્ત થયો છે. તેને પ્રકૃતિઓનો જે આસ્રવ તથા બંધ થાય છે - તે અભિપ્રાયપૂર્વક નથી. સમ્યગ્દ્રષ્ટિ થયા બાદ પરદ્રવ્યના સ્વામિત્વનો અભાવ છે; તેથી જ્યાં સુધી તેને ચારિત્રમોહનો ઉદય છે, ત્યાંસુધી તેના ઉદયાનુસાર જે આસ્રવ-બંધ થાય છે, તેનું સ્વામિત્વ તેને નથી. અભિપ્રાયમાં તો તે આસ્રવ-બંધથી સર્વથા નિવૃત્ત જ થવા ચાહે છે; તેથી તે જ્ઞાની જ છે.

જે એમ કહ્યું છે કે જ્ઞાનીને બંધ થતો નથી, તેનું કારણ આ પ્રમાણે છે - મિથ્યાત્વસંબંધી બંધ કે જે અનંત સંસારનું કારણ છે, તે જ અહીં મુખ્યપણે વિવક્ષિત છે. અવિરતિ આદિથી જે બંધ થાય છે, તે અલ્પસ્થિતિ-અનુભાગવાળો છે, દીર્ઘ સંસારનું કારણ નથી; તેથી તેને મુખ્ય માનવામાં આવ્યો નથી. અથવા તો એમ છે કે જ્ઞાન તે બંધનું કારણ જ નથી. જ્યાં સુધી જ્ઞાનમાં મિથ્યાત્વનો ઉદય હતો, ત્યાં સુધી તે અજ્ઞાન કહેવાતું હતું અને મિથ્યાત્વ ગયા પછી તે અજ્ઞાન નહિ, પણ જ્ઞાન જ છે. તેમાં જે કાંઈ ચારિત્રમોહ સંબંધી વિકાર છે, તેનો સ્વામી જ્ઞાની નથી; કારણ કે વિકાર કે જે બંધરૂપ છે અને બંધનું કારણ છે, તે તો બંધની પંક્તિમાં છે, જ્ઞાનની પંક્તિમાં નહિ. આ અર્થના સમર્થનરૂપ કથન આગળની ગાથાઓમાં આવશે.''

કર્તાકર્મ અધિકારના પ્રારંભમાં મંગલાચરણરૂપે આચાર્ય અમૃતચંદ્રે કર્તાકર્મ પ્રવૃત્તિ સંબંધી અજ્ઞાનનો નાશ કરવાવાળી ધીર-વીર જે સમ્યગ્જ્ઞાનજ્યોતિને યાદ કરી હતી, તેના પ્રતાપને હવે કર્તાકર્મ અધિકારની

શરૂઆતની આ ચાર ગાથાઓ બાદ આગળના કળશરૂપે ફરીથી યાદ કરે છે.

ઉક્ત ચાર ગાથાઓમાં એમ સિદ્ધ કર્યું છે કે જ્યાં સુધી આ આત્મા, આત્મા અને આસ્રવોના ભેદને નહિ જાણે, ત્યાંસુધી કર્મનો બંધ થશે અને જ્યારે આ આત્મા તે બન્નેની ભિન્નતા આત્માનુભૂતિપૂર્વક સારી રીતે જાણી લેશે; ત્યારે બંધનો નિરોધ થઈ જશે. અંતે એ નિષ્કર્ષ પર પહોંચ્યા છીએ કે જ્ઞાન જ એક એવું સાધન છે કે જેના માધ્યમ દ્વારા કર્તાકર્મની પ્રવૃત્તિથી નિવૃત્તિ પણ થશે અને પૌદ્‌ગલિક કર્મના બંધનો નિરોધ પણ થશે. તેથી હવે આગામી કળશના માધ્યમ દ્વારા તે જ્ઞાનનો મહિમા બતાવી રહ્યા છે.

ધ્યાન રહે આ કળશ ચાર ગાથાઓની વિષયવસ્તુને પોતામાં સમાવે છે; તેથી આ કળશ તે ચાર ગાથાઓરૂપી મંદિર પર ચઢાવવામાં આવી રહ્યો છે.

(मालिनी)

परपरिणतिमुज्झत् खण्डयद्भेदवादा-
निदमुदितमखण्डं ज्ञानमुच्चण्डमुच्चैः ।
ननु कथमवकाशः कर्तृकर्मप्रवृत्ते-
रिह भवति कथं वा पौद्‌गलः कर्मबन्धः ॥४७॥

(હરિગીત)

પરપરિણતિને છોડતી વળી તોડતી સૌ ભેદભ્રમ,
આ જ્ઞાનની જ્યોતિ અહો ! પ્રગટી અખંડ અને પ્રચંડ;
કરતાકરમ પ્રવૃત્તિને આ હોય ત્યાં અવકાશ ક્યાં ?
વળી બંધ પુદ્‌ગલ કર્મનો કાં હોય જાગી જ્યોતિ જ્યાં ?૪૭.

પરપરિણતિને છોડતું થકું, ભેદના કથનોને તોડતું થકું આ અખંડ અને અત્યંત પ્રચંડ જ્ઞાન પ્રત્યક્ષ ઉદયને પ્રાપ્ત થયું છે. અહો ! આવા

જ્ઞાનમાં કર્તાકર્મની પ્રવૃત્તિને ક્યાં અવકાશ છે તથા પૌદ્‌ગલિક કર્મબંધ પણ કેમ હોઈ શકે છે ?

તાત્પર્ય એ છે કે જ્ઞાનરૂપી સૂર્યનો અખંડ અને પ્રચંડ ઉદય થતાં કર્તાકર્મની પ્રવૃત્તિ અને કર્મબંધનો અંધકાર નષ્ટ થાય જ છે.

જ્ઞેયોના નિમિત્તથી અને ક્ષયોપશમના વિશેષથી જ્ઞાનમાં જે અનેક ખંડરૂપ આકારો પ્રતિભાસિત થાય છે, તેમનાથી રહિત જ્ઞાનમાત્ર આકાર અનુભવમાં આવ્યો; એ કારણે જ્ઞાનને અખંડ વિશેષણ આપવામાં આવ્યું છે. તે પરના નિમિત્તથી રાગાદિરૂપ પરિણમિત થતું નથી તથા બળવાન છે; એ કારણે તેને અત્યંત પ્રચંડ કહ્યું છે. મતિજ્ઞાનાદિ જે અનેક ભેદો છે, તેમને દૂર કરતું ઉદયને પ્રાપ્ત થયું છે; એ કારણે ભેદકથનોને તોડતું થકું કહ્યું છે અને પરના નિમિત્તથી રાગાદિરૂપ પરિણમિત થતું હતું, તેને છોડતું થકું ઉદયને પ્રાપ્ત થયું છે; એ કારણે પરપરિણતિને છોડતું થકું કહ્યું છે.

આ આત્માનુભૂતિની જ વાત છે, કેવળજ્ઞાનની નહિ. જ્યારે ભગવાન આત્મા પોતાના અનુભવમાં આવે છે ત્યારે મતિ-શ્રુતજ્ઞાનમાં ઉઠવાવાળા વિકલ્પ તરંગો શમી જાય છે, અનંતાનુબંધી ક્રોધાદિ કષાયો તેમજ મિથ્યાત્વભાવોનો અભાવ થઈ જાય છે; એક ત્રિકાળી ધ્રુવ નિજ ભગવાન આત્મા જ જ્ઞાનનું જ્ઞેય બને છે; તેથી જ્ઞાન એકાકાર થઈ જાય છે. પર જ્ઞેયોના નિમિત્તથી જ્ઞાનમાં વિભિન્ન આકારો ઝળકતા હતા, જેના કારણે જ્ઞાન અનેકાકાર થઈ જતું હતું; આત્માનુભવના કાળમાં એવું થતું નથી, તેથી એકાકાર જ રહે છે. આવી સ્થિતિમાં પરના કર્તૃત્વની બુદ્ધિ કેમ હોઈ શકે છે અને તત્સંબંધી પૌદ્‌ગલિક કર્મનો બંધ પણ કેમ થઈ શકે છે.[1]

ઉક્ત સંબંધમાં પૂજ્ય ગુરુદેવનું સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે - ''અખંડ એકરૂપ જ્ઞાયક પર દ્રષ્ટિ જતાં જ ભેદભાવ ખંડ-ખંડ થઈ જાય

૧. પ્રવચનરત્નાકર (હિંદી), ભાગ-૩, પાનું-૭૮

છે અને અખંડ જ્ઞાન પ્રગટ થઈ જાય છે. જુઓ ! આ કેવળજ્ઞાનની વાત નથી. એકલું જ્ઞાન...જ્ઞાન...જ્ઞાન ચૈતન્યસામાન્ય, એક, સદશ, પર્યાયરહિત, ધ્રુવ સ્વભાવ પ્રગટ થાય છે.

મતિ-શ્રુતજ્ઞાન આદિ જે ખંડ-ખંડરૂપ ભેદ હતા, તેમને દૂર કરતું, મટાડતું અખંડજ્ઞાન ઉદિત થયું છે. અભેદદ્રષ્ટિમાં ભેદભાવ મટી જાય છે. કર્મના ક્ષયોપશમને કારણે જ્ઞેયના નિમિત્તથી જ્ઞાનમાં જે ખંડ ખંડ ભેદ પડતા હતા, જે ખંડરૂપ જ્ઞાનના આકારો પ્રતિભાસિત થતા હતા, હવે જ્ઞાયક પર દ્રષ્ટિ સ્થિર થતાં જ તે જ્ઞાન અખંડરૂપે ઉદિત થયું છે. એટલે કે એક જ્ઞાનમાત્ર અખંડ વસ્તુ જ જ્ઞાનમાં જ્ઞાત થવા લાગી છે, જ્ઞાનના ભેદ નહિ.

હું અખંડ, એક, જ્ઞાયકમૂર્તિ ભગવાન છું - એવી દ્રષ્ટિ થતાં વિકાર તો દૂર રહ્યો, મતિશ્રુત અવસ્થાના જ્ઞાનના ભેદો પણ બહાર જ રહી જાય છે, માત્ર અખંડ, જ્ઞાયક ભગવાન જ જ્ઞાનમાં આવે છે.''

જ્ઞાનાનંદસ્વભાવી ત્રિકાળીધ્રુવ ભગવાન આત્માનું જ્ઞાન જ તે જ્ઞાન છે, જે ભેદભાવોને ભેદતું થકું અને પરપરિણતિને છોડતું થકું આત્માનુભૂતિમાં પ્રગટ થાય છે અને તેનાથી કર્તાકર્મની પ્રવૃત્તિની નિવૃત્તિ થાય છે તથા અજ્ઞાનજન્ય બંધનો નિરોધ થાય છે. તે જ જ્ઞાનનો મહિમા અહીં બતાવામાં આવી રહ્યો છે.

આ પ્રચંડ અને અખંડ જ્ઞાન જો તે જ જ્ઞાનજ્યોતિ છે, જેનું ૪૬મા કળશમાં કર્તાકર્મ અધિકારના મંગલાચરણના રૂપમાં સ્મરણ કરવામાં આવ્યું છે તો પછી તે જ્ઞાનજ્યોતિનો અર્થ નિશ્ચિતરૂપે સમ્યગ્જ્ઞાન જ હોવો જોઈએ, કેવળજ્ઞાન નહિ; કારણ કે કર્તાકર્મની પ્રવૃત્તિનો શ્રદ્ધામાં અભાવ તથા તત્સંબંધી કર્મબંધનો અભાવ ચતુર્થ ગુણસ્થાનમાં જ થઈ જાય છે.

જો ત્યાં જ્ઞાનજ્યોતિનો અર્થ કેવળજ્ઞાન લેવો જ અભીષ્ટ હોય તો અહીં આ પ્રચંડ અને અખંડ જ્ઞાનને પણ કેવળજ્ઞાનના અર્થમાં જ

લેવું જોઈએ. આવી સ્થિતિમાં ત્યાંની જેમ અહીં પણ બધા વિશેષણોના અર્થ કેવળજ્ઞાનને અનુરૂપ કરવા જ અભીષ્ટ રહેશે.

આ પ્રમાણે બન્ને સ્થાનોએ બન્ને અર્થોને યથાસંભવ ઘટાવી શકાય છે. સંપૂર્ણ સ્થિતિ પર ઊંડો દ્રષ્ટિપાત કર્યા બાદ સમ્યગ્જ્ઞાન અર્થ જ વધુ સશક્ત પ્રતીત થાય છે; પરંતુ મંગલાચરણોમાં અધિકાંશે કેવળજ્ઞાનજ્યોતિને સ્મરણ કરવામાં આવે છે; તેથી તે તરફ પણ બલાધાન થાય છે.

જ્ઞાનગોષ્ઠિ

પ્રશ્ન:- સમયસાર ગાથા ૧૧માં શુદ્ધનયનું અવલંબન લેવાનું કહ્યું પરંતુ શુદ્ધનય તો જ્ઞાનો અંશ છે - પર્યાય છે, શું તે અંશના અવલંબને સમ્યગ્દર્શન થાય ?

ઉત્તર:- ખરેખર શુદ્ધનયનું અવલંબન ક્યારે થયું કહેવાય ? એકલા અંશને પકડીને તેના જ અવલંબનમાં જે અટક્યો છે તેને તો શુદ્ધનય છે જ નહિ; જ્ઞાનના અંશને અંતરમાં વાળીને જેણે ત્રિકાળી દ્રવ્યની સાથે અભેદતા કરી છે તેને જ શુદ્ધનય હોય છે, અને આવી અભેદદ્રષ્ટિ કરી ત્યારે શુદ્ધનયનું અવલંબન લીધું એમ કહેવાય છે એટલે 'શુદ્ધનયનું અવલંબન' એમ કહેતાં તેમાં પણ દ્રવ્ય-પર્યાયની અભેદતાની વાત છે; પરિણતિ અંતર્મુખ થઈ દ્રવ્યમાં અભેદ થઈને જે અનુભવ થયો તેનું નામ શુદ્ધનયનું અવલંબન છે, તેમાં દ્રવ્ય-પર્યાયના ભેદનું અવલંબન નથી. જો કે શુદ્ધનય તો જ્ઞાનનો અંશ છે-પર્યાય છે, પરંતુ તે શુદ્ધનય અંતરના ભૂતાર્થ સ્વભાવમાં અભેદ થઈ ગયો છે એટલે ત્યાં નય અને નયનો વિષય જુદા ન રહ્યા. જ્યારે જ્ઞાનપર્યાય અંતરમાં વળીને શુદ્ધદ્રવ્ય સાથે અભેદ થઈ ત્યારે જ શુદ્ધનય થયો. આ શુદ્ધનય નિર્વિકલ્પ છે.

- આત્મધર્મ અંક ૧૧૯, ભાદ્રપદ ૨૪૭૯, પૃષ્ઠ ૨૩૫

સમયસાર ગાથા - ૭૩

કર્તાકર્મ અધિકારની શરૂઆતની ગાથાઓમાં અત્યાર સુધી એમ બતાવ્યું છે કે કર્મબંધનું મૂળ કારણ કર્તાકર્મની પ્રવૃત્તિ છે, તે સંબંધીનું અજ્ઞાન છે, આત્મા અને આસ્રવો વચ્ચેના ભેદજ્ઞાનનો અભાવ છે, પોતાને પરદ્રવ્યો અને પરભાવોનો કર્તા માનવો તે છે; તથા એમ પણ બતાવ્યું છે કે ભેદવિજ્ઞાનથી બંધનો નિરોધ થાય છે.

આ બધું જાણી લીધા પછી હવે જિજ્ઞાસુ શિષ્યો એ જાણવા માંગે છે કે બંધના નિરોધની વિધિ શું છે, આસ્રવોથી નિર્વતવાની પ્રક્રિયા શું છે ?

શિષ્યોની આ જિજ્ઞાસા શમાવવા માટે ૭૩મી ગાથાનો જન્મ થયો છે. આથી જ ઉત્થાનિકાના વાક્યમાં આચાર્ય અમૃતચંદ્ર લખે છે -

केन विधिनायमास्त्रवेभ्यो निवर्तत इति चेत् - જો કોઈ કહે કે આ આત્મા આસ્રવોથી કઈ વિધિએ નિવૃત્ત થાય છે તો તેને કહીએ છીએ કે -

अहमेक्को खलु सुद्धो णिम्ममओ णाणदंसणसमग्गो।
तम्हि ठिओ तच्चित्तो सव्वे अेदे खयं णेमि ॥७३॥

(હરિગીત)

છું એક, શુદ્ધ, મમત્વહીન હું, જ્ઞાનદર્શનપૂર્ણ છું;
એમાં રહી સ્થિત, લીન એમાં, શીઘ્ર આ સૌ ક્ષય કરું. ૭૩[1]

---

૧. સમયસાર (ગુજરાતી), પાનું-૧૩૭

જ્ઞાની વિચારે છે કે હું નિશ્ચયથી એક છું, શુદ્ધ છું, નિર્મમ છું અને જ્ઞાનદર્શનથી પૂર્ણ છું. આવા આત્મસ્વભાવમાં સ્થિત રહેતો થકો, તેમાં જ લીન થયો થકો હું આ સર્વ ક્રોધાદિ આસ્રવભાવોનો ક્ષય કરું છું.

આ ગાથા સમયસારની અત્યંત મહત્વપૂર્ણ ગાથાઓમાંની એક ગાથા છે, જેમાં જિનાગમનો સાર ભરી દીધો છે, આત્માના અનુભવની વિધિ બતાવી છે, અનુભવ થવાની પ્રક્રિયા સમજાવી છે. આ ગાથાની પહેલી પંક્તિમાં દ્રષ્ટિના વિષયભૂત તેમજ ધ્યાનના ધ્યેયરૂપ આત્માનું સ્વરૂપ સમજાવ્યું છે અને બીજી પંક્તિમાં તે આત્મામાં સ્થિરતા અને લીનતાનો મહિમા બતાવ્યો છે. ગાથાની પહેલી પંક્તિમાં દ્રવ્યસ્વભાવની વાત છે અને બીજી પંક્તિમાં તેના અનુભવની વાત છે, આત્માના આશ્રયે ઉત્પન્ન થયેલી નિર્મળ પર્યાયની વાત છે. પહેલી પંક્તિમાં નિજ ભગવાન આત્માની વાત છે અને બીજી પંક્તિમાં તે જ ભગવાન આત્મામાં સ્થિર અને લીન થવાની વાત છે. પહેલી પંક્તિમાં નવતત્त્વોથી ભિન્ન આત્મતત્त્વ નિજજીવતત્વની વાત છે અને બીજી પંક્તિમાં આસ્રવ-બંધ તેમજ પુણ્ય-પાપના નિરોધક સંવર, નિર્જરા અને મોક્ષતત્त્વની વાત છે. અદ્‌ભૂત છે આ ગાથા !

આ ગાથામાં સમાવિષ્ટ પ્રત્યેક શબ્દ વિશિષ્ટ અર્થ ઘટાવે છે. આચાર્ય અમૃતચંદ્ર આ ગાથાનો અર્થ આત્મખ્યાતિમાં આ પ્રમાણે કરે છે -

"હું આ પ્રત્યક્ષ, અખંડ, અનંત, ચિન્માત્રજ્યોતિ આત્મા; અનાદિ-અનંત, નિત્ય-ઉદયરૂપ વિજ્ઞાનઘનસ્વભાવભાવવાળો હોવાથી એક છું, સમસ્ત (છયે) કારકોના સમૂહની પ્રક્રિયાથી પાર ઊતરેલી જે નિર્મળ અનુભૂતિ, તે અનુભૂતિમાત્રપણાને કારણે શુદ્ધ છું; પુદ્‌ગલ દ્રવ્ય છે સ્વામી જેમનો - એવા વિશ્વરૂપ (અનેકપ્રકારના) ક્રોધાદિભાવોના સ્વામીપણે પોતે સદાય નહિ પરિણમતો હોવાથી નિર્મમ છું અને ચિન્માત્રજ્યોતિ વસ્તુસ્વભાવથી જ સામાન્ય-વિશેષાત્મક હોવાથી,

સામાન્ય-વિશેષ વડે પરિપૂર્ણ હોવાથી, જ્ઞાન-દર્શન વડે પરિપૂર્ણ છું; - આવો હું આકાશાદિ દ્રવ્યોની જેમ જ પારમાર્થિક વસ્તુવિશેષ છું.

તેથી હવે હું સમસ્ત પરદ્રવ્યોમાં પ્રવૃત્તિથી નિવૃત્તિ વડે આ જ આત્મામાં - પોતાના જ આત્મામાં, આત્મસ્વભાવમાં જ નિશ્ચળ રહેતો થકો, સમસ્ત પરદ્રવ્યોના નિમિત્તથી વિશેષરૂપ ચેતનમાં થતા જે ચંચળ કલ્લોલો, તેમના નિરોધ વડે આને (આત્માને) જ અનુભવતો થકો, પોતાના જ અજ્ઞાનવડે આત્મામાં ઉત્પન્ન થતા સર્વ ક્રોધાદિભાવોનો ક્ષય કરું છું.

આ પ્રમાણે પોતાના આત્મા(મન)માં નિશ્ચય કરીને; ઘણા વખતથી પકડી રાખેલું વહાણ જેણે છોડી દીધું છે એવા સમુદ્રના વમળની જેમ; જેણે સર્વ વિકલ્પોને શીઘ્ર વમી નાખ્યા છે, એવા નિર્વિકલ્પ, અચલિત, અમળ આત્માને અવલંબતો થકો, વિજ્ઞાનઘન થયો થકો; આ આત્મા આસ્રવોથી નિવૃત્ત થાય છે.''

ગાથામાં જે 'अहं' શબ્દ છે, તેનો અર્થ ટીકામાં હું આ પ્રત્યક્ષ, અખંડ, અનંત, ચિન્માત્રજ્યોતિ આત્મા કરવામાં આવ્યો છે. તાત્પર્ય એ છે કે 'હું' શબ્દથી વાચ્ય જે પોતાનો આત્મા છે, તે પ્રત્યક્ષ અનુભૂતિનો વિષય છે, અનંત ગુણમય છે, અનંત ગુણોનો અખંડ પિંડ છે, ચિન્માત્ર છે અર્થાત્ જ્ઞાનદર્શનમય છે અને જ્યોતિસ્વરૂપ છે.

'अहं' શબ્દનો અર્થ કરતાં આચાર્ય જયસેન લખે છે કે - ''निश्चयनयेन स्वसंवेदन ज्ञानप्रत्यक्ष शुद्धचिन्मात्रज्योतिरहं - નિશ્ચયનયથી સ્વસંવેદનજ્ઞાન વડે પ્રત્યક્ષ થનારો હું શુદ્ધચિન્માત્રજ્યોતિસ્વરૂપ છું.''

અહીં 'ચિન્માત્રજ્યોતિ' કહીને દ્રષ્ટિના વિષયભૂત ભગવાન આત્માને અજીવ દ્રવ્યોથી ભિન્ન બતાવ્યો છે તથા 'હું' અને 'આ' કહીને પરજીવોથી ભિન્ન બતાવ્યો છે; પ્રત્યક્ષ કહીને એમ સ્પષ્ટ કર્યું છે કે તે અત્યંત સૂક્ષ્મ હોવા છતાં પણ અગમ્ય નથી, કેવળજ્ઞાન દ્વારા તો પ્રત્યક્ષ ગમ્ય છે જ, સાથે જ અનુભૂતિ દ્વારા પણ પ્રત્યક્ષ ગમ્ય છે. અનંત કહીને

તેને અનંતગુણાત્મક બતાવ્યો છે અને અખંડ કહીને એ સ્પષ્ટ કર્યું છે કે અનંત ગુણો અને અસંખ્ય પ્રદેશોવાળો હોવા છતાં પણ અખંડ છે, ગુણભેદ તેમજ પ્રદેશભેદથી ખંડિત થતો નથી.

આમ એ સુનિશ્ચિત થયું કે પરથી ભિન્ન, પ્રત્યક્ષાનુભૂતિગમ્ય, અખંડાનંત, ચિન્માત્રજ્યોતિ સ્વરૂપ ભગવાન આત્મા હું સ્વયં જ છું, અન્ય કોઈ નહીં. આ નિજ ભગવાન આત્માની જ વાત છે, બીજા કોઈની નહીં.

ગાથામાં સમાવિષ્ટ 'એક્કો' શબ્દનો અર્થ આત્મખ્યાતિમાં એમ કર્યો છે કે હું (આત્મા) અનાદિ-અનંત, નિત્ય ઉદિત, વિજ્ઞાનઘન-સ્વભાવભાવવાળો હોવાથી એક છું; તથા જયસેન આચાર્યકૃત તાત્પર્યવૃત્તિમાં એમ કર્યો છે કે અનાદિ-અનંત ટંકોત્કીર્ણ જ્ઞાયક એક સ્વભાવવાળો હોવાથી એક છું.

અનાદિ-અનંત પદ તો બન્ને ટીકાઓમાં છે, જે આત્માને અનાદિ-અનંત કહીને સમસ્ત પર્યાયોથી પાર ઘોષિત કરે છે; કારણ કે પર્યાયો ક્ષણવર્તી હોવાથી અનાદિ-અનંત હોઈ શકતી નથી. અનાદિ-અનંત કહીને પર્યાયોથી પાર તો બતાવ્યો, પરંતુ કાળની અખંડતાને કાયમ રાખી. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ તેમજ ભાવની અખંડતા વિષે મંથન તો ૭મી ગાથાના અનુશીલનમાં થઈ જ ગયું છે. બરાબર યાદ કરી લેવા તેને ફરી એક વાર જોઈ લેશો તો સારું રહેશે.

નિત્યોદિત વિજ્ઞાનઘનસ્વભાવ અને ટંકોત્કીર્ણ જ્ઞાયકસ્વભાવ લગભગ એક જ અર્થવાળા છે; કેમ કે જ્ઞાનનો ઘન (નક્કર) પિંડ એક જ્ઞાયકભાવ જ તો છે, અન્ય કોઈ નહિ; અને તે જ્ઞાનનો ઘનપિંડ જ્ઞાયકભાવ ટાંકણાથી કોતરાયેલા અક્ષરોની જેમ સ્થાયી અને સદાય ઉદિત છે, પ્રકાશમાન છે.

જેવી રીતે ફુટમાં ફક્ત લંબાઈ હોય છે, ચોરસફુટમાં લંબાઈની સાથે પહોળાઈ પણ હોય છે; પરંતુ ઘનફુટમાં લંબાઈ અને પહોળાઈની સાથે સાથે જાડાઈ પણ હોય છે તથા જેવી રીતે ગરમ લોઢાને ટીપનાર

લુહારનો ઘણ નક્કર હોય છે, પોલો નહિ; કેમ કે જે પોલો હોય છે, તેનાથી બીજાને ટીપી શકાતું નથી. જો તેનાથી બીજાને ટીપવામાં આવશે તો તે પોતે જ ટીપાઈ જશે.

તેવી જ રીતે ભગવાન આત્મા પણ લંબાઈ, પહોળાઈ અને જાડાઈ - એ બધી રીતે નક્કર હોય છે, અખંડ હોય છે; તેથી તેને વિજ્ઞાનઘન કહ્યો છે. અનાદિ-અનંતતા તે આત્માની લંબાઈ છે, અસંખ્ય પ્રદેશીપણું તે પહોળાઈ છે અને અનંત ગુણોનું હોવું તે જાડાઈ છે. આ ભગવાન આત્મા અનાદિ-અનંત હોવાથી કાળથી અખંડ છે, અસંખ્યપ્રદેશી એક હોવાથી ક્ષેત્રથી અખંડ છે અને અનંતગુણાત્મક એક હોવાથી ભાવથી અખંડ છે; આથી જ તે ઘનપિંડ છે.

આમ આ પરથી ભિન્ન, પ્રત્યક્ષાનુભૂતિગમ્ય, અખંડાનંત, ચિન્માત્રજ્યોતિ આત્મા અનાદિ-અનંત નિત્યોદિત વિજ્ઞાનસ્વભાવભાવવાળો અને ટંકોત્કીર્ણ જ્ઞાયકસ્વભાવવાળો હોવાથી એક છે. 'હું એક છું' નો આ ભાવ છે.

૩૮મી ગાથામાં પણ 'એક' શબ્દ આવ્યો છે. આચાર્ય જયસેને તો ત્યાં પણ ટંકોત્કીર્ણ જ્ઞાયકસ્વભાવવાળો હોવાથી એક છે - એ જ અર્થ કર્યો છે, પરંતુ આચાર્ય અમૃતચંદ્રે ત્યાં ચિન્માત્ર આકારને કારણે સમસ્ત ક્રમરૂપે અને અક્રમરૂપે પ્રવર્તમાન વ્યવહારિક ભાવોથી ભેદરૂપ ન હોવાથી એક છું - એવો અર્થ કર્યો છે, જેનું તાત્પર્ય એ છે કે ભગવાન આત્મા ગુણસ્થાનાતીત છે, માર્ગણાસ્થાનાતીત છે. આ વિષે વિસ્તૃત વિચાર ૩૮મી ગાથાના અનુશીલનમાં કરાઈ ચૂકાયો છે.

'હું શુદ્ધ છું' ના અર્થમાં 'હું' ના અર્થ તો ઉપર જે રીતે સ્પષ્ટ કરવામાં આવી ચૂક્યો છે તે જ લેવો. 'શુદ્ધ' શબ્દનો અર્થ આત્મખ્યાતિ અને તાત્પર્યવૃત્તિમાં લગભગ એક જેવો જ કરાયો છે. આત્મખ્યાતિમાં સકલકારકચક્રની પ્રક્રિયાથી પાર નિર્મળ અનુભૂતિમાત્ર હોવાથી શુદ્ધ કહ્યો છે, પરંતુ તાત્પર્યવૃત્તિમાં ષટ્કાટકોના નામ પણ આપ્યા છે અને કહ્યું

છે કે આ ષટ્કારકોના વિકલ્પચક્રથી રહિત હોવાને લીધે શુદ્ધ છે. કારકચક્રની પ્રક્રિયાથી પાર અને ષટ્કારક સંબંધી વિકલ્પચક્રથી રહિતનો એક જ અર્થ છે.

૩૮મી ગાથામાં 'શુદ્ધ' શબ્દનો અર્થ કરતા આચાર્ય અમૃતચંદ્ર આત્મખ્યાતિમાં શુદ્ધતાનું કારણ વ્યવહારિક નવતત્ત્વોથી ભિન્નતાને બતાવે છે અને આચાર્ય જયસેન તાત્પર્યવૃત્તિમાં વ્યવહારિક નવતત્ત્વોથી ભિન્નતાનો સ્વીકાર કરવા ઉપરાંત અથવાના રૂપમાં રાગાદિભાવોથી ભિન્નતાની વાત પણ કરે છે.

૩૮મી અને ૭૩મી ગાથામાં સમાવિષ્ટ 'એક' અને 'શુદ્ધ' શબ્દના અર્થમાં આ વિભિન્નતા શા માટે છે ? - એ વિષે ૩૮મી ગાથાના અનુશીલનમાં વિસ્તારથી વિચાર કરવામાં આવી ચૂક્યો છે, માટે હવે અહીં વધુ લખવાની આવશ્યકતા નથી.

આમ 'હું શુદ્ધ છું' નો અર્થ એમ થયો કે પરથી ભિન્ન, પ્રત્યક્ષાનુભૂતિગમ્ય, અખંડાનંદ, ચિન્માત્રજ્યોતિઆત્મા કર્તા-કર્માદિ ષટ્કારકોના વિકલ્પચક્રથી પાર નિર્મળ અનુભૂતિમાત્ર હોવાથી શુદ્ધ છે.

અહીં જે 'નિર્મળ અનુભૂતિમાત્ર' કહ્યું તે પર્યાયની વાત નથી; ત્રિકાળીધ્રુવ ભગવાન આત્માની વાત છે. અનુભૂતિમાં જે દ્રષ્ટિનો વિષયભૂત ભગવાન આત્મા આવે છે, તેની વાત છે. અહીં તેને જ શુદ્ધ કહ્યો છે. તે આત્મા કારકચક્રની પ્રક્રિયાથી પાર છે, ષટ્કારકોના વિકલ્પોથી રહિત છે. મારૂં પોતાપણું તો માત્ર એમાં જ છે. હું તો તે જ છું. તે એક શુદ્ધતત્ત્વ હું જ છું. અહીં આ જ વાતને વજન આપીને સમજાવી છે.

'હું કારકચક્રની પ્રક્રિયાથી પાર છું, કારકોના વિકલ્પચક્રથી રહિત છું' એનો આશય એમ છે કે હું કોઈનો કર્તા નથી, કોઈનું કાંઈ પણ કરવાનો ભાર મારા માથા પર નથી. હું કોઈનું કર્મ (કાર્ય) પણ નથી, કોઈએ મને બનાવ્યો હોય - એવી વાત નથી. હું કોઈનું કરણ પણ નથી, સાધન

પણ નથી. કોઈ મારો ઉપભોગ કરવા ચાહે, ઉપયોગ કરવા ચાહે તો તે સંભવ નથી; કારણ કે હું કોઈની બંદૂકનો કંધ નથી, હું કોઈની સ્વાર્થપૂર્તિનું સાધન બનું - એવો મારો સ્વભાવ નથી; તેથી હું કરણ પણ નથી.

હું સંપ્રદાન પણ નથી; હું કોઈને માટે નથી, કોઈ અન્યને માટે મારી ઉપયોગિતા હોય - એવો હું નથી. 'હું કોઈનું અપાદાન નથી, હું કોઈનું ઉપાદાન નથી; મારામાંથી કોઈ ઉત્પન્ન થયું નથી, બધાની સત્તા પોતાથી પોતે જ છે. તથા હું કોઈનો આધાર પણ નથી.

આમ કોઈ મારો કર્તા નથી, હું તો અનાદિનિધન સ્વયંસિદ્ધ વસ્તુ છું. કોઈ. મારૂં કર્મ પણ નથી, મેં કોઈને બનાવ્યો હોય - એવી વાત પણ નથી. કોઈ મારૂં કરણ પણ નથી, હું કોઈનો સાધનરૂપે ઉપયોગ કરૂં - એવો મારો સ્વભાવ નથી. અન્ય કોઈ પણ પદાર્થ મારા સંપ્રદાન નથી; તેઓ મારે માટે નથી. અન્યની સત્તા મારા માટે હોય - એમ વાત જ નથી. મારૂં કોઈ અપાદાન નથી, ઉપાદાન નથી, હું કોઈથી ઉત્પન્ન થયો નથી, હું તો 'અનાદિનિધન' સ્વયંસિદ્ધ વસ્તુ છું તથા મારો કોઈ આધાર નથી, મને કોઈના આધારની આવશ્યકતા જ નથી, કારણ કે બધા પદાર્થો પોતાના આધારે જ પ્રતિષ્ઠિત છે.

ખરેખર વાત તો એમ છે કે આ ષટ્કારકો કોઈને કોઈ ક્રિયાના હોય છે, ક્રિયાની અપેક્ષા રાખે છે, પણ હું તો નિષ્ક્રિય તત્ત્વ છું. ક્રિયા પર્યાયમાં થાય છે, ક્રિયા સ્વયં પર્યાય જ છે; તેથી કારકો પણ પર્યાયમાં જ થાય છે; પણ હું તો દ્રવ્યતત્ત્વ છું, પર્યાયતત્ત્વ નહીં. જીવ અને અજીવ દ્રવ્યતત્ત્વો છે અને આસ્રવાદિ પર્યાયતત્ત્વો છે. પર્યાયોથી પાર હોવાને કારણે હું (જીવતત્ત્વ) કારકચક્રની પ્રક્રિયાથી પણ પાર છું, કારકચક્રોના વિકલ્પોથી પણ પાર છું.

જ્યારે કાંઈક નવું થાય છે તો તેમાં કારકોનું ચક્ર ઘટિત થાય છે, પણ હું તો અનાદિનિધન ધ્રુવતત્ત્વ છું; મારામાં કશું નવું થયું જ નથી, થતું જ નથી; તો પછી કારકચક્ર પણ કેવી રીતે ઘટિત થશે ?

અહીં કારકચક્રનું ઘટિત થવું એજ અશુદ્ધિ છે અને કારકચક્રનું ઘટિત ન થવું એજ શુદ્ધિ છે. આથી એ બરાબર જ કહ્યું છે કે હું કારકચક્રની પ્રક્રિયાથી પાર હોવાથી શુદ્ધ છું.

ધ્યાન રહે, હું પ્રગટ થનારી અનુભૂતિ નથી, હું તો અનુભૂતિસ્વરૂપ જ છું.

આમ હું અનાદિ-અનંત નિત્યોદિત વિજ્ઞાનઘનસ્વભાવભાવવાળો હોવાથી એક છું અને કારકચક્રની પ્રક્રિયાથી પાર નિર્મળ અનુભૂતિમાત્ર હોવાથી શુદ્ધ છું. - આ એક અને શુદ્ધની વાત થઈ. હવે 'હું નિર્મમ છું' - એની વાત કરીએ છીએ.

આત્મખ્યાતિ અને તાત્પર્યવૃત્તિ - બન્ને ટીકાઓમાં નિર્મમ શબ્દનો લગભગ એક જેવો જ અર્થ કરવામાં આવ્યો છે, જેનો આશય એમ છે કે આ ભગવાન આત્મા ક્રોધાદિભાવોના સ્વામીપણે ક્યારેય પરિણમતો નથી; આ કારણે નિર્મમ છે

નિર્મમ શબ્દનો અર્થ થાય છે - મમત્વથી રહિત. મમત્વને સ્વામીત્વ પણ કહે છે; કારણ કે જે મારૂં હશે, તે મારી સંપત્તિ હશે અને હું તેનો સ્વામી હોઈશ. આમ સ્વસ્વામી સંબંધને જ મમત્વ કહેવાય છે. અનેકપ્રકારના ક્રોધાદિ ભાવોમાં ભગવાન આત્માનું મમત્વ નથી, સ્વામીત્વ નથી; તેથી તે નિર્મમ છે. આ જ વાતને અહીં એ ભાષામાં વ્યક્ત કરી છે કે આત્મા અનેકપ્રકારના ક્રોધાદિભાવોના સ્વામીપણે ક્યારેય પરિણમતો નથી; તેથી નિર્મમ છે.

ક્રોધાદિભાવોમાં બધી જાતના વિકારી ભાવો - પુણ્ય પાપના પરિણામો આવી જાય છે; બધી જાતના આસ્રવભાવો અને બંધભાવો આવી જાય છે; આસ્રવ, બંધ, પુણ્ય અને પાપ - એ ચારેય તત્ત્વો આવી જાય છે. આ બધા ભાવો આત્માની જ વિકાર પર્યાયો હોવા છતાં પણ, દ્રષ્ટિના વિષયભૂત ભગવાન આત્માની સીમામાં આવતાં નથી. આ ક્રોધાદિભાવો આત્મા તો છે જ નહીં, ભગવાન આત્મા તેમનો સ્વામી પણ નથી, તે તેમના સ્વામીપણે પરિણમતો પણ નથી.

જો ભગવાન આત્મા પોતાને તેમનો સ્વામી માનશે અને તેમના સ્વામિત્વભાવે પરિણમિત થશે તો પછી તેમનામાં નિઃશંકપણે પ્રવૃત્તિ પણ અવશ્ય કરશે; તેમનો કર્તા-ભોક્તા પણ થશે જ. એવી સ્થિતિમાં તેમનાથી તે ભિન્ન કેવી રીતે રહી શકશે ? તેમના સ્વામીપણે પરિણમિત થવાનો આશય જ એ છે કે તે તેમનામાં એકત્વ, મમત્વ, કર્તૃત્વ અને ભોક્તૃત્વ - બધું સ્થાપશે.

તેથી જ્ઞાની ધર્માત્મા તો એમ જાણે છે કે હું તો નિશ્ચયથી આ પુણ્ય-પાપના ભાવોથી ભિન્ન જ્ઞાનાનંદસ્વભાવી ધ્રુવતત્ત્વ છું અને જ્ઞાનાનંદસ્વભાવપણે પરિણમિત થવું એ જ મારું કર્મ (કાર્ય) છે. હું તો એક જ્ઞાનાનંદસ્વભાવનો જ સ્વામી છું, કર્તા-ભોક્તા છું; વિકારી ભાવોનો સ્વામી નથી, કર્તા-ભોક્તા પણ નથી.

પરદાર્થોનો સ્વામી અથવા કર્તા-ભોક્તા તો હું છું નહીં; પરંતુ પોતાના જ આત્મામાં ઉત્પન્ન થતાં વિકારી ભાવો - પુણ્ય-પાપના પરિણામોનો સ્વામી અને કર્તા-ભોક્તા પણ હું નથી. - આ પ્રકારના ભાવે પરિણમવું તે જ આત્માનું કર્મ (કાર્ય) છે અને તેથી જ તે નિર્મમ છે.

આ વિષે પૂજ્ય ગુરુદેવનું સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે - "આ વિકારી ભાવોનો સ્વામી હું નથી - એ વાત તો ઠીક, પરંતુ હું તેમના સ્વામીપણે કદી પણ પરિણમતો નથી - એમ કહે છે. પુણ્ય-પાપના જે અનેકપ્રકારના વિકારી ભાવો છે, તેમના સ્વામીપણાથી હું કદી પણ પરિણમિત થતો નથી, તેથી નિર્મમ છું. ક્ષાયિક સમ્યગ્દર્શન થયા પછી પણ રાગ તો યથાસંભવ આવે છે, મુનિરાજની ભૂમિકામાં પણ વ્યવહાર રત્નત્રયનો રાગ તો આવે છે; પરંતુ તે રાગના સ્વામીપણે કદી પણ પરિણમિત નહીં થવાથી હું (આત્મા) નિર્મમ છું - એમ ધર્મી માને છે[1]

ધર્મીજીવ એમ કહે છે કે જે રાગ થાય છે, તેના સ્વામીપણે હું કદી પરિણમતો નથી. જે સ્વરૂપમાં નથી તેમજ સ્વરૂપના આશ્રયે ઉત્પન્ન થતી નિર્મળ પરિણતિમાં પણ નથી; તે રાગનું સ્વામીપણું મારે નથી. દ્રવ્ય-

૧. પ્રવચન રત્નાકર (હિંદી), ભાગ-૩, પાનું ૯૦-૯૧

ગુણ તો ત્રિકાળ નિર્મળ છે જ; તથા તેના આશ્રયે જે નિર્મળ દશા પ્રગટ થઈ, તે મારૂં સ્વ તેમજ હું તેનો સ્વામી છું - એમ ધર્મીજીવ માને છે.'''

ઉપરના સંપૂર્ણ કથનથી એ સ્પષ્ટ છે કે અહીં નિર્મમ શબ્દના અર્થમાં વિકારી ભાવોના સ્વામિત્વ, કર્તૃત્વ અને ભોકર્તૃત્વનો નિષેધ છે, નિર્મળ પર્યાયોના સ્વામિત્વાદિનો નહીં.

પ્રશ્ન - તો શું દ્રષ્ટિનો વિષયભૂત ભગવાન આત્મા નિર્મળ પર્યાયોનો સ્વામી, કર્તા અને ભોક્તા છે ? શું નિર્મળ પર્યાયો કોઈ પણ રૂપે દ્રષ્ટિના વિષયમાં સમ્મિલિત છે ? જો નથી તો પછી અહીં તેને નિર્મળ પર્યાયોનો સ્વામી અને કર્તા-ભોક્તા શા માટે બતાવવામાં આવી રહ્યો છે ?

ઉત્તર - અહીં તો માત્ર એટલું જ કહેવાયું છે કે આ ભગવાન આત્મા ક્રોધાદિભાવોના સ્વામીપણે પરિણમિત થતો નથી; તેથી નિર્મમ છે. અહીં નિર્મળ પર્યાયો વિષે પણ કાંઈ કહેવાયું નથી, તેમના વિષે મૌન રખાયું છે, તેમને ગૌણ કરવામાં આવી છે; કારણ કે કર્તા-કર્મ અધિકારના આ પ્રકરણમાં તેમના સ્વામિત્વ-કર્તૃત્વાદિનો નિષેધ ઈષ્ટ નથી અને દ્રષ્ટિના વિષયમાં પણ તે સમ્મિલિત નથી. તેથી આ પ્રકરણમાં તેમના વિષે મૌન જ ઈષ્ટ છે. જ્યારે તેમની ચર્ચા થશે, ત્યારે બધું સ્પષ્ટ કરીશું.

પ્રશ્ન - જો એમ વાત છે તો પછી અહીં આ અનુશીલનમાં પૂજ્ય ગુરુદેવનું અવતરણ ટાંકીને એમ કેમ કહેવાઈ રહ્યું છે કે નિર્મળ પર્યાયો મારૂં 'સ્વ' છે અને હું તેમનો 'સ્વામી' છું ?

ઉત્તર - કર્તાકર્મના આ પ્રકરણમાં કોઈ વ્યક્તિ નિર્મળ પર્યાયોના સ્વામિત્વ અને કર્તૃત્વનો પણ નિષેધ ન સમજી લે - એ આશંકાને નિર્મૂળ કરવા માટે એમ કહ્યું છે. તાત્પર્ય એ છે કે દ્રષ્ટિના વિષયમાં તો નિર્મળ પર્યાયો સમાવિષ્ટ નથી, પરંતુ નિર્મળ પર્યાયોના કર્તા-ભોક્તા અને સ્વામી જ્ઞાની ધર્માત્મા થાય જ છે.

---

૧. પ્રવચન રત્નાકર (હિંદી), ભાગ-૩, પાનું ૯૨

પ્રશ્ન - પ્રવચનસારમાં કર્તાનયથી આત્માને રાગાદિભાવોનો કર્તા કહ્યો છે અને આપ અહીં નિષેધ કરી રહ્યા છો ?

ઉત્તર - હા, કહ્યો છે, જરૂર કહ્યો છે; પણ ત્યાં અપેક્ષા જુદી છે અને અહીં જુદી. અપેક્ષા સમજ્યા વિના આ જાતના પ્રશ્નો ઉઠે તે સ્વાભાવિક જ છે.

આ શંકાનું સમાધાન પૂજ્ય ગુરુદેવ આ રીતે કરે છે -

"પ્રવચનસારમાં ૪૭ નયોના પ્રકરણમાં આવ્યું છે કે કર્તાનયથી જેમ રંગરેજ રંગનો કર્તા છે, તેમ જ્ઞાનીને વર્તમાનમાં જેટલું રાગનું પરિણમન છે, તેનો તે કર્મા છે; પરંતુ આ કથન તો જ્ઞાનીને જે રાગરૂપ પરિણમન છે, તેની અપેક્ષાએ છે અને અહીં કહેવાઈ રહ્યું છે કે જ્ઞાની તે રાગનો સ્વામીપણે કર્તા થતો નથી. 'આ રાગ મારૂં કર્તવ્ય છે, કરવા યોગ્ય છે - એવા પ્રકારની માન્યતાપૂર્વક જ્ઞાનીને તેનું સ્વામિત્વ નથી.[૧]

અનંત-અનંત નિર્મળ ગુણોનો જે ખજાનો છે, તે ભગવાન આત્માની સન્મુખ ઉપયોગ ઢળતાં જ રાગનું સ્વામીપણું સહજ જ છૂટી જાય છે - આ જ વાસ્તવિક ધર્મ છે. ગણધરદેવને પણ જે રાગરૂપ પરિણમન છે, તેને પણ તેઓ જાણે તો છે, પરંતુ તેના સ્વામીપણે પરિણમતા નથી; કારણ કે જ્યાં સુધી પૂર્ણ વીતરાગતા ન હોય, ત્યાં સુધી ધર્માત્માઓને પણ વ્યવહારના વિકલ્પો આવે તો અવશ્ય છે; પરંતુ તે ધર્માત્મા - 'તે વિકલ્પો મારૂં કર્તવ્ય છે, કરવા યોગ્ય છે' - એમ માનીને તેમના સ્વામીપણે પરિણમતા નથી.[૨]"

હવે અહીં એક પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે જ્યારે આ ભગવાન આત્મા તે અનેકપ્રકારના ક્રોધાદિભાવોનો, વિકારી ભાવોનો સ્વામી નથી, તો પછી તેમનો સ્વામી કોણ છે ?

આ પ્રશ્નના ઉત્તરમાં આત્મખ્યાતિમાં કહ્યું છે કે તેમનો સ્વામી પુદ્‌ગલદ્રવ્ય છે.

---

૧. પ્રવચન રત્નાકર (ગુજરાતી), ભાગ-૪, પાનું ૬૩
૨. પ્રવચન રત્નાકર (ગુજરાતી), ભાગ-૪, પાનું ૬૪

ઉપરના કથનનું સ્પષ્ટીકરણ કરતાં પૂજ્ય ગુરુદેવ કહે છે -

''અહીં કહ્યું છે કે - 'ક્રોધાદિ વિકારનો સ્વામી પુદ્‌ગલ છે' - એથી કોઈ એમ માનવા લાગે કે વિકાર પુદ્‌ગલથી થાય છે, તો તે પણ યથાર્થ નથી. પુદ્‌ગલના કારણે વિકાર થતો નથી; કારણ કે પુદ્‌ગલ તો પરદ્રવ્ય છે. હા, એટલું જરૂર છે કે જ્યારે પણ વિકાર થશે ત્યારે તે પુદ્‌ગલના લક્ષ્યથી અથવા એમ કહીએ કે નિમિત્તના લક્ષ્યથી જ થશે; કારણ કે સ્વભાવમાં તો વિકાર છે જ નહીં. વિકાર નિમિત્તના અથવા પુદ્‌ગલના લક્ષ્યથી થયો છે - એ અપેક્ષાએ વિકારનો સ્વામી પુદ્‌ગલ છે. આમ જ્યાં જે અપેક્ષા હોય, તેને બરાબર સમજવી જોઈએ.''[૧]

નિષ્કર્ષરૂપે કહી શકાય છે કે પુણ્ય-પાપના પરિણામ પુદ્‌ગલ કર્મના ઉદયથી થાય છે અથવા પુદ્‌ગલના લક્ષ્યથી થાય છે; તેથી પુદ્‌ગલ દ્રવ્ય તેમનો સ્વામી છે. તે અનેકપ્રકારના પુણ્ય-પાપ ભાવોના સ્વામીપણે, કર્તાપણે, ભોક્તાપણે પરિણમવાનો સ્વભાવ આત્માનો નથી - તેથી આત્મા નિર્મમ છે.

નિરાકાર-સામાન્યગ્રાહી દર્શન અને સાકાર-વિશેષગ્રાહી જ્ઞાનથી પરિપૂર્ણ હોવાથી આત્મા જ્ઞાનદર્શનથી પરિપૂર્ણ છે.

આમ પરથી ભિન્ન, પ્રત્યક્ષાનુભૂતિગમ્ય, અખંડાનંત, ચિન્માત્રજ્યોતિસ્વરૂપ હું અનાદિ-અનંત નિત્યોદિત વિજ્ઞાનઘનસ્વભાવભાવને કારણે એક છું, સકળકારકચક્રની પ્રક્રિયાથી પાર નિર્મળ અનુભૂતિમાત્રપણાથી શુદ્ધ છું, પુણ્ય-પાપના વિકારી ભાવોના સ્વામીપણે પરિણમિત નહીં હોવાથી નિર્મમ છું અને સામાન્ય-વિશેષાત્મક સ્વભાવવાળો હોવાથી જ્ઞાનદર્શનસ્વભાવી છું તથા આકાશાદિ પદાર્થોની જેમ એક વસ્તુ વિશેષ છું.

'હું આકાશાદિની જેમ પારમાર્થિક વસ્તુ વિશેષ છું' - એમ કહીને આચાર્યદેવ કહેવા માંગે છે કે આત્મા કોઈ કાલ્પનિક પદાર્થ નથી. પરંતુ

---

૧. પ્રવચન રત્નાકર (હિંદી), ભાગ-૩, પાનું ૯૨

લોકમાં તેની સત્તા આકાશાદિ પદાર્થોની જેમજ વાસ્તવિક છે. આ લોકમાં એવા પણ ઘણાં લોકો છે, જે આત્માની સત્તા જ સ્વીકારતા નથી. તેઓને દ્રષ્ટિમાં રાખીને આચાર્યદેવ કહી રહ્યાં છે કે હે ભાઈ ! જે આત્માના અનુભવની વાત અમે કરી રહ્યાં છીએ, જેના દર્શનનું નામ સમ્યગ્દર્શન છે, જેના જ્ઞાનનું નામ સમ્યગ્જ્ઞાન છે અને જેમાં ઠરવાનું - રમણ કરવાનું નામ સમ્યક્ચારિત્ર છે; તે અસંખ્યપ્રદેશી, અનંતગુણાત્મક, અનાદિ-અનંત આત્મા એક વાસ્તવિક વસ્તુ છે અને તે તું સ્વયં જ છો.

આમ ગાથાની પહેલી લીટીમાં આત્માનું પારમાર્થિક સ્વરૂપ સ્પષ્ટ કરીને હવે બીજી લીટીમાં આચાર્યદેવ કહે છે કે તે આત્મામાં સ્થિત થવું (રહેવું, સ્થિર થવું) અને લીન થવું એ જ અજ્ઞાનજન્ય સમસ્ત આસ્રવોના ક્ષયનો એકમાત્ર ઉપાય છે.

આત્મસ્વભાવમાં સ્થિત થવાનો અર્થ છે આત્મસ્વભાવને પ્રત્યક્ષજ્ઞાનનું જ્ઞેય બનાવવું, પ્રત્યક્ષ જાણવો અને લીન થવાનો અર્થ છે તેને જ જાણતા રહેવું, તેમાં જ તન્મય થઈ જવું, તન્મય થઈને જાણતા રહેવું. સ્થિત થવું અને લીન થવું - બન્ને આત્માનુભૂતિરૂપ છે, શુદ્ધોપયોગરૂપ છે; કારણ કે પ્રથમ સમયમાં જેને સ્થિત થવું કહે છે, દ્વિતીયાદિ સમયોમાં તે જ દશાને લીન થવું કહે છે. અનંતગુણોનું આત્મસન્મુખ થઈને, તેમાંજ તદાકાર થઈ જવું તે જ સ્થિત થવું, લીન થવું છે અને તે જ આસ્રવભાવોના ક્ષયનો હેતુ છે. તાત્પર્ય એ છે કે આત્માનુભૂતિ અને શુદ્ધોપયોગ જ કર્મક્ષયના મુખ્ય હેતુઓ છે.

પહેલાં ઉપયોગ પર પદાર્થોથી હટીને આત્મા તરફ આવે છે; આથી સ્થિત થવાનું કારણ પરદ્રવ્યોમાં પ્રવૃત્તિથી નિવૃત્તિને બતાવ્યું અને લીનતામાં બાધક થાય છે ઉપયોગની ચંચળતા; આથી પરદ્રવ્યોના નિમિત્તથી વિશેષરૂપ ચેતનમાં થતા કલ્લોલોના નિરોધને લીનતાનો હેતુ બતાવ્યો છે.

અંતમાં સાગરના વમળમાં ફસાયેલા જહાજનું ઉદાહરણ આપીને આસ્રવોથી નિવૃત્તિની વિધિ સ્પષ્ટ કરી દીધી છે.

કોઈ જહાજ સમુદ્રના વમળમાં ફસાઈ ગયું હોય તો જ્યાં સુધી વમળ સ્વયં શાંત થઈને તે જહાજને ન છોડે, ત્યાં સુધી તે જહાજનું છૂટવું સંભવ નથી; કારણ કે જહાજ તો છૂટવા માટે પ્રયત્નશીલ છે જ, પરંતુ વમળનું જોર એટલું બધું પ્રબળ છે કે છૂટવું સંભવતું નથી. આવી સ્થિતિમાં જ્યારે સમુદ્રના વમળ સ્વયં શાંત થઈને જહાજને છોડે ત્યારે જહાજ તત્કાળ છૂટી જાય છે.

તેવી જ રીતે આ આત્મારૂપી સાગરમાં ઉઠતા વિકલ્પ તરંગોના વમળમાં ક્રોધાદિ આસ્રવભાવોનું જહાજ ફસાઈ ગયું છે. જ્યારે આ આત્મારૂપી સાગર સર્વ વિકલ્પોનું વમન કરીને, સર્વ વિકલ્પરૂપી વમળોનું ઉપશમન કરીને, પોતાના નિર્વિકલ્પ, અચલિત, અમલ આત્માનું અવલંબન કરતો થકો વિજ્ઞાનઘન થાય છે, આત્મસ્થિત થાય છે, આત્મલીન થાય છે, શાંત થાય છે; ત્યારે આસ્રવરૂપી જહાજ નિવૃત્ત થઈને ચાલ્યું જાય છે. - આસ્રવોની નિવૃત્તિની આ જ વિધિ છે.

ખરેખર વાત એમ છે કે આસ્રવોએ આત્માને જકડી રાખ્યો નથી, પરંતુ આત્માએ જ પોતામાં ઉત્પન્ન થતાં વિકલ્પોના માધ્યમ વડે આસ્રવોને પકડી રાખ્યા છે. માટે આસ્રવોથી નિવૃત્તિનો ઉપાય પણ તેણે જ કરવાનો છે.

આમ કહીને આચાર્યદેવ એમ કહેવા માંગે છે કે આસ્રવોમાં પ્રવૃત્તિ પણ તારી ભૂલને કારણે થઈ રહી છે અને તેમનાથી નિવૃત્ત થવું પણ તારા જ હાથમાં છે. તેમનાથી નિવૃત્ત થવાનો ઉપાય પણ તેમના તરફ જોવું કે તેમનામાં કાંઈ કરવું તે નથી; પરંતુ તેમના તરફના પોતાના ઉપયોગને નિવૃત્ત કરીને સ્વયંમાં સ્થિત થવું, સ્વયંમાં લીન થવું, સ્વયંમાં સમાઈ જવું, વિજ્ઞાનઘન થતાં જવું તે છે.

પ્રશ્ન - વિજ્ઞાનઘન થતાં જવું- એનો શું આશય છે ?

ઉત્તર - વિજ્ઞાનઘન થવાનો અર્થ પણ આત્મસ્થિત થવું, આત્મલીન થવું તે જ છે.

આસ્રવોથી નિવૃત્ત થવાની વિધિ કેટલી સરળ અને સહજ છે, પરંતુ આપણે આપણા અજ્ઞાનને કારણે, અનભ્યાસને કારણે, તેને કઠણ માની રાખી છે. એક વાર આપણે પોતાના પૌરૂષ (પુરૂષત્વ) ને સંભાળીને જોઈએ તો કર્મ અને આસ્રવો બધા ભાગતા દેખાશે. આ જ કારણથી તેમને આગામી ગાથામાં અશરણ કહેવાના છે.

આ પ્રમાણે આ ગાથામાં એ સ્પષ્ટ કર્યું છે કે જ્યારે આ આત્મા પોતાના એક, શુદ્ધ, નિર્મમ અને જ્ઞાન-દર્શનથી પરિપૂર્ણ આત્મસ્વભાવમાં સ્થિત થાય છે, લીન થાય છે, ત્યારે આસ્રવભાવોથી સહજ જ નિવૃત્ત થઈ જાય છે. આસ્રવોથી નિવૃત્તિની આં જ વિધિ છે.

જ્ઞાનગોષ્ઠિ

પ્રશ્ન:- આગમનો વ્યવહાર અને અધ્યાત્મનો વ્યવહાર એટલે શું?

ઉત્તર:- સ્વરૂપની દૃષ્ટિ થતાં જે શુદ્ધ પરિણમન થાય તે અધ્યાત્મનો વ્યવહાર છે અને મહાવ્રત, ત્રણ ગુપ્તિ આદિ શુભરાગ તે આગમનો વ્યવહાર છે.

- આત્મધર્મ અંક ૪૪૦, જૂન ૧૯૭૭, પૃષ્ઠ ૨૧

પ્રશ્ન:- આગમનો વ્યવહાર અને અધ્યાત્મનો વ્યવહાર એટલે શું?

ઉત્તર:- અધ્યાત્મમાં શુદ્ધ દ્રવ્યને નિશ્ચય કહે છે અને શુદ્ધ પરિણતિને વ્યવહાર કહે છે. આગમમાં શુદ્ધ પરિણતિને નિશ્ચય કહે છે અને તેની સાથે વર્તતા શુભ પરિણામને વ્યવહાર કહે છે.

- આત્મધર્મ અંક ૩૯૨, ડિસેમ્બર ૧૯૭૬, પૃષ્ઠ ૧૩

સમયસાર ગાથા - ૭૪

આસ્રવોથી નિવૃત્તિની વિધિ સ્પષ્ટ થઈ ગયા પછી હવે એ પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે આત્મજ્ઞાન થવાનો અને આસ્રવોની નિવૃત્તિનો એક કાળ કેવી રીતે હોઈ શકે છે ?

આ પ્રશ્નનો ઉત્તર સમાવિષ્ટ છે ૭૪મી ગાથામાં, જે આ પ્રમાણે છે -

जीवणिबद्धा अेदे अधुव अणिच्चा तहा असरणा य।
दुक्खा दुक्खफल त्ति य णादूण णिवत्तदे तेहिं ॥७४॥

(હરિગીત)

આ સર્વ જીવનિબદ્ધ, અધ્રુવ, શરાગુહીન, અનિત્ય છે,
એ દુઃખ, દુઃખફળ જાણીને એનાથી જીવ પાછો વળે. ૭૪[1].

આ આસ્રવભાવો જીવની સાથે નિબદ્ધ છે, અધ્રુવ છે, અનિત્ય છે, અશરણ છે, દુઃખરૂપ છે અને દુઃખરૂપે જ ફળે છે, દુઃખના કારણ છે, - એવું જાણીને જ્ઞાની તેમનાથી નિવૃત્ત થાય છે.

૭૨મી ગાથામાં આસ્રવોને અશુચિ, જડ અને દુઃખોના કારણ કહ્યાં હતા અને હવે આ ૭૪મી ગાથામાં જીવથી નિબદ્ધ આ આસ્રવોને અધ્રુવ, અનિત્ય, અશરણ, દુઃખરૂપ અને દુઃખોના રૂપમાં ફળવાવાળા કહેવાઈ રહ્યાં છે.

જ્યારે આ આત્મા આસ્રવોની અધ્રુવતા, અનિત્યતા, અશરણતા

---

૧. સમયસાર (ગુજરાતી), પાનું ૧૩૮

અને વર્તમાનમાં તેમજ આગામી કાળમાં દુઃખરૂપતા જાણી લેશે ત્યારે તે તેમને તત્કાળ જ કેમ નહીં છોડે ? અવશ્ય જ તત્કાળ છોડી દેશે. - આમ જ્ઞાન થવાનો અને આસ્રવોના નિવૃત્ત થવાનો સમકાળ સહજ જ સિદ્ધ થઈ જાય છે.

આચાર્ય અમૃતચંદ્ર આત્મખ્યાતિમાં અનેક ઉદાહરણો આપીને આ ગાથાના મર્મને આ પ્રમાણે ઉદ્‌ઘાટિત કરે છે -

"વૃક્ષ અને લાખની જેમ વધ્ય-ઘાતક સ્વભાવવાળા હોવાથી આસ્રવો જીવની સાથે બંધાયેલા છે, તોપણ અવિરુદ્ધસ્વભાવનો અભાવ હોવાથી તેઓ જીવ નથી.

આસ્રવો મૃગી (વાઈ) ના વેગની જેમ વધતા-ઘટતા હોવાથી અધ્રુવ છે, ચૈતન્યમાત્ર જીવ જ ધ્રુવ છે.

આસ્રવો શીત-દાહજ્વરના આવેશની જેમ અનુક્રમે ઉત્પન્ન થાય છે, માટે અનિત્ય છે. અને વિજ્ઞાનઘનસ્વભાવી જીવ નિત્ય છે.

જેમ વીર્યસ્ખલનની સાથે જ દારુણ કામસંસ્કાર નષ્ટ થઈ જાય છે, કોઈથી રોકાઈ શકાતો નથી; તેમ કર્મોદયના સ્ખલનની સાથે જ આસ્રવભાવો નષ્ટ થઈ જાય છે, તેમને રોકી શકાતા નથી, માટે આસ્રવો અશરણ છે અને સ્વયંરક્ષિત સહજચિત્‌શક્તિરૂપ જીવ જ એકમાત્ર શરણસહિત છે.

આસ્રવો સદાય આકુળસ્વભાવવાળા હોવાથી દુઃખરૂપ છે અને અનાકુળસ્વભાવવાળો જીવ જ એકમાત્ર અદુઃખરૂપ છે, સુખસ્વરૂપ છે.

આગામી કાળમાં આકુળતા ઉત્પન્ન કરનારા પુદ્‌ગલપરિણામોના હેતુ હોવાથી આસ્રવો દુઃખ-ફળરૂપ છે, દુઃખફળોના રૂપમાં ફળે છે અને સમસ્ત પુદ્‌ગલપરિણામોનો અહેતુ હોવાથી જીવ દુઃખફળરૂપ નથી.

જેમાં વાદળોની રચના ખંડિત થઈ ગઈ છે, એવા દિશા વિસ્તારની જેમ જેનો અમર્યાદ વિસ્તાર છે અને જેનો કર્મવિપાક શિથિલ થઈ ગયો છે - એવો આ આત્મા, આસ્રવ અને જીવની વચ્ચે આવું ભેદજ્ઞાન થતાં જ સહજપણે વિકાસ પામતી ચિત્‌શક્તિ વડે જેમ-જેમ વિજ્ઞાનઘનસ્વભાવ થતો જાય છે, તેમ-તેમ આસ્રવોથી નિવૃત્ત થતો થાય છે, અને જેમ-જેમ આસ્રવોથી નિવૃત્ત થતો જાય છે, તેમ-તેમ વિજ્ઞાનઘન થતો જાય છે.

આ આત્મા તેટલો જ વિજ્ઞાનઘનસ્વભાવ થાય છે કે જેટલો આસ્રવોથી નિવૃત્ત થાય છે અને તેટલો જ આસ્રવોથી નિવૃત્ત થાય છે કે જેટલો વિજ્ઞાનઘનસ્વભાવ થાય છે.

આ રીતે જ્ઞાન થવાનો અને આસ્રવોની નિવૃત્તિનો સમકાળ છે.''

આચાર્ય જયસેન પણ તાત્પર્યવૃત્તિમાં આ ગાથાના સ્પષ્ટીકરણમાં આત્મખ્યાતિનું જ અનુસરણ કરે છે.

ગાથામાં તો માત્ર આસ્રવો વિષે જ કહેવામાં આવ્યું છે કે તેઓ જીવનિબદ્ધ છે, અધ્રુવ છે, અનિત્ય છે, અશરણ છે, વર્તમાનમાં દુઃખરૂપ છે અને આગામી કાળમાં દુઃખના હેતુભૂત કર્મોના બંધના કારણ છે, પરંતુ ટીકામાં આચાર્ય અમૃતચંદ્ર આસ્રવોનું આત્માથી વિરુદ્ધસ્વભાવત્વ સિદ્ધ કરે છે. તેઓ કહે છે કે આસ્રવો અધ્રુવ છે અને આત્મા ધ્રુવ છે, આસ્રવો અનિત્ય છે અને આત્મા નિત્ય છે, આસ્રવો અશરણ છે અને આત્મા શરણભૂત છે, આસ્રવો દુઃખરૂપ છે અને આત્મા સુખસ્વરૂપ છે તથા આસ્રવો દુઃખોના કારણભૂત કર્મોના બંધનના કારણ છે અને આત્મા કોઈ પણ કર્મબંધનું કારણ નથી. - આમ આત્મા અને આસ્રવોનો સ્વભાવ પરસ્પર વિરુદ્ધ છે. આ પ્રમાણે જ્યારે આ આત્મા, આત્મા અને આસ્રવોનું વિરુદ્ધસ્વભાવત્વ જાણી લે છે ત્યારે તે આસ્રવોથી નિવૃત્ત થઈ જાય છે.

આ પરસ્પર વિરુદ્ધસ્વભાવત્વ ટીકામાં અનેક ઉદાહરણો અને યુક્તિઓના માધ્યમથી સિદ્ધ કરવામાં આવ્યું છે.

સૌ પ્રથમ તેઓ કહે છે કે જેમ પીપળ વૃક્ષ અને લાખમાં પરસ્પર વધ્ય-ઘાતક સંબંધ છે, તે જ પ્રમાણે આત્મા અને આસ્રવો વચ્ચે પણ પરસ્પર વધ્ય-ઘાતક સંબંધ છે. આત્મા વધ્ય છે અને આસ્રવો ઘાતક છે.

જે પીપળમાં લાખ પેદા થઈ જાય છે, તે પીપળ નષ્ટ થઈ જાય છે. જોકે લાખ પીપળમાં જ પેદા થાય છે, પીપળનું જ અંગ છે, અંશ છે; તેમ છતાં તે પીપળની ઘાતક હોવાથી પીપળ નથી. તેવી જ રીતે આસ્રવભાવો પણ આત્મામાં જ પેદા થાય છે, આત્માની જ વિકારી પર્યાયો છે; તેમ છતાં આત્મસ્વભાવના ઘાતક હોવાથી આત્મા નથી.

પ્રશ્ન - આત્મા તો નિત્ય છે, તે વધ્ય કઈ રીતે થઈ શકે છે, તેનો ઘાત કઈ રીતે થઈ શકે છે ?

ઉત્તર - સ્વભાવપર્યાય પ્રગટ ન થઈ શકવી તે જ ઘાત છે. જ્યાંસુધી આસ્રવભાવનો અભાવ નહીં થાય, ત્યાં સુધી સંવર નહીં થાય - એ જ આત્માનો ઘાત છે.

આત્મખ્યાતિમાં વાઈના વેગ અને શીત-દાહજ્વરનું ઉદાહરણ આપીને આસ્રવોની અધ્રુવતા અને અનિત્યતા સિદ્ધ કરી છે. અધ્રુવ અને અનિત્ય શબ્દોને એકાર્થવાચી સમજવામાં આવે છે; કારણ કે બાર ભાવનાઓમાં પહેલી ભાવનાને અનિત્ય ભાવના પણ કહેવામાં આવે છે અને અધ્રુવ ભાવના પણ કહેવામાં આવે છે. દ્વાદશાનુપ્રેક્ષામાં આચાર્ય કુંદકુંદ સ્વયં પહેલી ભાવનાને અધ્રુવ ભાવનાના નામથી સંબોધિત કરે છે. અનિત્ય ભાવના એવું નામ તો અનેક સ્થાને પ્રાપ્ત થાય જ છે. આમ હોવા છતાં પણ અધ્રુવતા અને અનિત્યતામાં સૂક્ષ્મ અંતર છે, જેને આત્મખ્યાતિમાં વાઈના વેગ અને શીત-દાહજ્વરના ઉદાહરણોથી સ્પષ્ટ કરવામાં આવ્યું છે.

વાઈ એક વાયુવિકાર સંબંધી બિમારીનું નામ છે, જેનો હુમલો આવે છે. તે હુમલો કયારેક વધારે ઉગ્ર અને કયારેક અપેક્ષાકૃત ઓછો

ઉગ્ર હોય છે. તે વધતો-ઘટતો રહે છે. તેનું આ વધવું-ઘટવું તે જ અધ્રુવતા છે.

શીત-દાહજ્વર (ટાઢીયો તાવ) પણ એક એવા જ્વરનું નામ છે, જેમાં ક્યારેક ઠંડી લાગે છે અને ક્યારેક ગરમી. ઠંડી મટીને ગરમી લાગવી અને ગરમી મટીને ઠંડી લાગવી તે જ ઠંડી-ગરમીની અનિત્યતા છે.

એક જ દિશામાં રહીને ઘટવું-વધવું એ અધ્રુવતા છે અને મટી જઈને વિપરીત દિશામાં જવું એ અનિત્યતા છે. ક્યારેક ઓછી ઠંડી લાગવી અને ક્યારેક વધુ ઠંડી લાગવી એ અધ્રુવતા છે, જ્યારે અનુક્રમે ઠંડી મટીને ગરમી લાગવી અને ગરમી મટીને ઠંડી લાગવી એ અનિત્યતા છે.

આસ્રવભાવોમાં આ વાતને આ પ્રમાણે ઘટાવી શકાય છે - શુભભાવથી અશુભભાવ થઈ જવો અને અશુભભાવથી શુભભાવ થઈ જવો - અનુક્રમથી ક્ષણમાં શુભ અને ક્ષણમાં અશુભ - તે આસ્રવોની અનિત્યતા છે અને તીવ્ર-અશુભથી મંદ-અશુભ થઈ જવો તથા મંદ-અશુભથી તીવ્ર-અશુભ થઈ જવો અથવા મંદ-શુભથી તીવ્ર-શુભ થઈ જવો તથા તીવ્ર-શુભથી મંદ-શુભ થઈ જવો તે અધ્રુવતા છે.

ક્ષણમાં પુણ્યાસ્રવ, ક્ષણમાં પાપાસ્રવ થઈ જવો તે આસ્રવ ભાવોની અનિત્યતા છે અને પુણ્યાસ્રવોમાં મંદતા-તીવ્રતા થતી રહેવી તેમજ પાપાસ્રવોમાં મંદતા-તીવ્રતા થતી રહેવી તે અધ્રુવતા છે.

આસ્રવભાવોમાં બન્ને પ્રકારની સ્થિતિઓ બને છે; તેથી આસ્રવભાવ અધ્રુવ પણ છે અને અનિત્ય પણ છે તથા ભગવાન આત્મા ચૈતન્યમાત્ર હોવાથી ધ્રુવ છે અને વિજ્ઞાનઘનસ્વભાવી હોવાથી નિત્ય છે. ચૈતન્યસ્વભાવ વધતો-ઘટતો નથી; તેથી આત્મા ધ્રુવ છે અને વિજ્ઞાનઘનસ્વભાવ બદલાતો નથી; તેથી આત્મા નિત્ય છે.

આ પ્રમાણે આસ્રવભાવ અને ભગવાન આત્મા પરસ્પર વિરુદ્ધ સ્વભાવવાળા છે, તેથી ભિન્ન જ છે, એક નહીં.

સમયસાર ગાથા ૮૦ થી ૮૨

આગલી ગાથાઓમાં અનેક યુક્તિઓથી એમ સિદ્ધ કરવામાં આવ્યું છે કે આત્મા અને પુદ્‌ગલમાં પરસ્પર કર્તાકર્મભાવ નથી. ન તો આત્મા પૌદ્‌ગલિકભાવોનો કર્તા છે અને ન તો પુદ્‌ગલ આત્મીયભાવોનું કર્તા છે. આ જ વાતને દૃઢ કરવા હવે આગામી ગાથાઓમાં એમ કહે છે કે જીવ અને પુદ્‌ગલના પરિણામોમાં પરસ્પર નિમિત્ત-નૈમિત્તિકભાવ હોવા છતાં પણ કર્તાકર્મભાવ નથી.

મૂળ ગાથાઓ આ પ્રમાણે છે –

जीवपरिणामहेदुं कम्मत्तं पोग्गला परिणमंति ।
पोग्गलकम्मणिमित्तं तहेव जीवो वि परिणमदि ॥८०॥

ण वि कुव्वदि कम्मगुणे जीवो कम्मं तहेव जीवगुणे।
अण्णोण्णणिमित्तेण दु परिणामं जाण दोण्हंपि ॥८१॥

अेदेण कारणेण दु कत्ता आदा सअेण भावेण ।
पोग्गलकम्मकदाणं ण दु कत्ता सव्वभावाणं ॥८२॥

(હરિગીત)

જીવભાવહેતુ પામી પુદ્‌ગલ કર્મરૂપે પરિણામે;
એવી રીતે પુદ્‌ગલકરમનિમિત્ત જીવ પણ પરિણમે. ૮૦.

જીવ કર્મગુણ કરતો નથી, નહિ જીવગુણ કર્મો કરે;
અન્યોન્યના નિમિત્તથી પરિણામ બેઉ તણા બને. ૮૧.

એ કારણે આત્મા કરે કર્તા ખરે નિજ ભાવથી;
પુદ્‌ગલકરમકૃત સર્વ ભાવોનો કદી કર્તા નથી. ૮૨.[1]

---

૧. સમયસાર (ગુજરાતી), પાનું ૧૫૦

જીવના પરિણામોનું નિમિત્ત પામીને પુદ્‌ગલ (કાર્માણ વર્ગણાઓ) કર્મરૂપે પરિણમિત થાય છે તથા જીવ પણ પૌદ્‌ગલિકકર્મોના નિમિત્તથી પરિણમન કરે છે.

જીવ કર્મના ગુણોને કરતો નથી અને કર્મ જીવના ગુણોને કરતું નથી; તથાપિ પરસ્પર નિમિત્તથી બન્નેના પરિણામ થાય છે - એમ જાણો.

આ કારણે આત્મા પોતાના ભાવોનો કર્તા છે, પરંતુ પૌદ્‌ગલિક કર્મો દ્વારા કરવામાં આવેલા સમસ્ત ભાવોનો કર્તા નથી.

આ ગાથાઓનો ભાવ સ્પષ્ટ કરતાં પંડિત જયચંદજી છાબડા ભાવાર્થમાં લખે છે -

''જીવના પરિણામ અને પુદ્‌ગલના પરિણામને પરસ્પર માત્ર નિમિત્ત-નૈમિત્તિકપણું છે; તોપણ પરસ્પર કર્તાકર્મભાવ નથી. પરના નિમિત્તથી પોતાના જે ભાવ થયા, તેમનો કર્તા તો જીવને અજ્ઞાનદશામાં કદાચિત્ કહી પણ શકાય, પરંતુ જીવ પરભાવનો કર્તા તો કદી પણ નથી.''

આચાર્ય અમૃતચંદ્ર આ ગાથાઓનો ભાવ આ પ્રમાણે સ્પષ્ટ કરે છે -

''જીવના પરિણામોને નિમિત્ત કરીને પુદ્‌ગલ કર્મરૂપ પરિણમે છે અને પુદ્‌ગલકર્મને નિમિત્ત કરીને જીવ પણ પરિણમે છે - આ પ્રમાણે જીવના પરિણામને અને પુદ્‌ગલના પરિણામને પરસ્પર હેતુત્વનો ઉલ્લેખ હોવા છતાં પણ જીવ અને પુદ્‌ગલમાં પરસ્પર વ્યાપ્ય-વ્યાપકભાવનો અભાવ હોવાથી જીવને પુદ્‌ગલપરિણામો સાથે અને પુદ્‌ગલકર્મને જીવપરિણામો સાથે કર્તાકર્મપણાની અસિદ્ધિ હોવાથી માત્ર નિમિત્ત-નૈમિત્તિકભાવનો નિષેધ ન હોવાથી, પરસ્પર નિમિત્તમાત્ર થવાથી જ બન્નેના પરિણામ થાય છે.

તેથી જેમ માટી દ્વારા ઘડો કરાય છે, તેમ પોતાના ભાવથી પોતાનો ભાવ કરાતો હોવાથી જીવ પોતાના ભાવનો કર્તા કદાચિત્ થાય છે; પરંતુ

જેમ માટી વડે કપડું કરી શકાતું નથી, તેમ પોતાના ભાવથી પરભાવનું કરાવું અશક્ય હોવાથી જીવ પુદ્‌ગલભાવોનો કર્તા તો કદાપિ થઈ શકતો નથી - આ નિશ્ચય છે.''

ઉક્ત ગાથાઓનો જે ભાવ આત્મખ્યાતિમાં સ્પષ્ટ કર્યો છે, તેને જ આચાર્ય જયસેન ઉપાદાન-નિમિત્ત અને નયવિભાગથી અપેક્ષાકૃત અધિક વિસ્તારથી સ્પષ્ટ કરે છે.

'જીવના પરિણામોને નિમિત્ત કરીને પુદ્‌ગલ પરિણમિત થાય છે અને પુદ્‌ગલકર્મને નિમિત્ત કરીને જીવ પરિણમિત થાય છે' - ૮૦મી ગાથામાં સમાવિષ્ટ ઉક્ત કથનનો આશય આચાર્ય જયસેન તાત્પર્યવૃત્તિમાં આ પ્રમાણે સ્પષ્ટ કરે છે -

''જેમ કુંભારના નિમિત્તથી માટી ઘડારૂપે પરિણમિત થાય છે, તેમ જીવસંબંધી મિથ્યાત્વ તેમજ રાગાદિપરિણામોનું નિમિત્ત પામીને કાર્માણવર્ગણારૂપ પુદ્‌ગલદ્રવ્ય કર્મરૂપે પરિણમિત થાય છે.

એવી રીતે જેમ ઘડાનું નિમિત્ત પામીને કુંભાર 'હું ઘડાને બનાવું છું' - એવા ભાવરૂપ પરિણમન કરે છે; તેવી જ રીતે ઉદયમાં આવેલા દ્રવ્યકર્મોનું નિમિત્ત પામીને જીવ નિર્વિકાર ચિત્‌ચમત્કાર પરિણતિને પ્રાપ્ત નહીં થયો થકો - મિથ્યાત્વ અને રાગાદિરૂપ, વિભાવરૂપ પરિણમન કરે છે.''

૮૧ તેમજ ૮૨મી ગાથામાં સમાવિષ્ટ ભાવને સ્પષ્ટ કરતાં તેઓ લખે છે -

''જોકે પરસ્પર એક બીજાના નિમિત્તથી આ બન્નેનું પરિણમન થાય છે; તોપણ નિશ્ચયથી જીવ વર્ણાદિ પુદ્‌ગલકર્મગુણોને કરતો નથી અને કર્મ પણ અનંત જ્ઞાનાદિ જીવગુણોને કરતું નથી. જોકે ઉપાદાનપણે તેઓ બન્ને એક બીજાના ગુણોને કરતા નથી; તોપણ કુંભાર અને ઘડાની જેમ પરસ્પર નિમિત્તથી તેમના પરિણામ થાય છે - એમ જાણો.

આમ આ આત્મા નિર્મળ આત્માનુભૂતિરૂપશુદ્ધ ઉપાદાનકારણથી અવ્યાબાધ અનંતસુખાદિભાવોનો કર્તા થાય છે અને નિર્મળ અનુભૂતિથી વિરુદ્ધ અશુદ્ધઉપાદાનકારણથી રાગાદિભાવોનો કર્તા થાય છે; પરંતુ જ્ઞાનાવરણાદિ પૌદ્‌ગલિકકર્મોનો કર્તા આ આત્મા નથી.''

આત્મખ્યાતિમાં 'પોતાના રાગાદિભાવોનો કર્તા કદાચિત્ થાય છે' - એમ કહીને જે અપેક્ષાને અનુક્ત રાખી હતી; તે જ અપેક્ષાને આચાર્ય જયસેને ખુલ્લી કરી છે.

આ પ્રમાણે આત્મખ્યાતિ અને તાત્પર્યવૃત્તિ-બન્નેનો સારાંશ એ છે કે આત્મા શુદ્ધનિશ્ચયનયથી પોતાના શુદ્ધભાવોનો શુદ્ધ-ઉપાદાનકર્તા છે અને અશુદ્ધનિશ્ચયનયથી પોતાના મિથ્યાત્વાદિ અશુદ્ધભાવોનો અશુદ્ધ-ઉપાદાનકર્તા છે; પરંતુ પરપદાર્થોનો કર્તા તો કદાપિ નથી. આટલું હોવા છતાં પણ જીવ અને પુદ્‌ગલ એક બીજાનું નિમિત્ત પામીને સ્વયં પોતાની યોગ્યતાથી વિકારીભાવરૂપ પરિણમિત થાય છે. તેમ છતાં તેમનામાં કર્તાકર્મભાવ કદાપિ નથી.

અહીં એક પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે આગલી ગાથાઓમાં તો આચાર્યદેવ એમ સમજાવી રહ્યા હતા કે આત્મા રાગાદિભાવોને જાણવારૂપ જ્ઞાનનો કર્તા હોવા છતાં પણ રાગાદિભાવોનો કર્તા નથી; કારણ કે તેઓ પુદ્‌ગલ છે, પુદ્‌ગલના પરિણામ છે; અને હવે અહીં એમ કહી રહ્યા છે કે અશુદ્ધનિશ્ચયનયથી આત્મા તે રાગાદિભાવોનો કર્તા છે, કારણ કે તેઓ આત્માના, પોતાના અશુદ્ધભાવો છે.

'સ્વયંનું પરિણામ સ્વયં દ્વારા જ કરવામાં આવે છે' - એ નિયમ મુજબ ત્યાં 'સગપરિણામં - સ્વયંના પરિણામ' ની ચર્ચા કરતાં સ્વ-પરને જાણવાવાળા સ્વયંના જ્ઞાનભાવને સ્વયંનું પરિણામ કહીને, તેનો કર્તા આત્માને કહ્યો હતો અને રાગાદિવિભાવભાવોને પુદ્‌ગલના પરિણામ કહીને તેમના કર્તૃત્વનો નિષેધ કર્યો હતો; પરંતુ અહીં રાગાદિભાવોને સ્વયંના પરિણામ કહીને તે જ નિયમ મુજબ રાગાદિનો કર્તા આત્માને કહેવાઈ રહ્યો છે. - આ અંતર શા માટે છે ?

આ શંકાનું સમાધાન પૂજ્ય ગુરુદેવ આ પ્રમાણે કરે છે - ''પાછળની ૭૫ થી ૭૯મી ગાથાઓમાં ભેદજ્ઞાનની અપેક્ષાએ કથન હતું, તેથી ત્યાં જીવના પરિણામનો અર્થ નિર્મળ વીતરાગી પરિણામ-એમ કરવામાં આવ્યો હતો, જ્યારે અહીં અજ્ઞાનીની અપેક્ષાએ વાત છે; તેથી અહીં પરિણામનો અર્થ વિકારી પરિણામ એમ છે.

પહેલાં 'પોતાના પરિણામને જાણતો થકો આત્મા' - એમ જે કહ્યું હતું - એ કથનમાં જીવના નિર્મળ વીતરાગી પરિણામની વાત હતી; તથા 'પુદ્ગલ પરના પરિણામને જાણતું નથી' - એમ જે કહ્યું હતું, તેમાં પણ 'પરના પરિણામ' એટલે કે જીવના નિર્મળ વીતરાગી પરિણામની વાત હતી.

અહીં અજ્ઞાનીની વાત છે એટલે મિથ્યાત્વ તેમજ રાગ-દ્વેષના પરિણામને જીવના પરિણામ કહ્યાં છે તથા જડ-કર્મની દશાને પુદ્ગલ-પરિણામ કહ્યાં છે. તે બન્નેમાં પરસ્પર નિમિત્તપણું માત્ર છે એટલે કે જીવના વિકારી પરિણામોમાં પુદ્ગલકર્મના પરિણામોનું નિમિત્ત છે તથા પુદ્ગલકર્મનો ઉદય જીવના રાગ-દ્વેષ પરિણામનું નિમિત્ત છે; તેમ છતાં આ બન્નેમાં કર્તા-કર્મપણું નથી.[૧]

અજ્ઞાનદશામાં જીવ મિથ્યાત્વ તેમજ રાગ-દ્વેષનો કર્તા છે, પરંતુ પરભાવનો કર્તા તો કદાપિ નથી. કર્મને બાંધે તો કર્મની પર્યાય જ બાંધે અને છોડે તો કર્મની પર્યાય જ કર્મને છોડે, આત્મા તેના બાંધવા અથવા છોડવાની ક્રિયાનો કર્તા નથી. જીવ દેહની અવસ્થાનો કર્તા તો ત્રણ કાળમાં પણ થઈ શકતો નથી. ભાઈ ! આ વાત ઘણી ધીરજ અને શાંતિથી સમજવાની છે.[૨]''

આ આત્મા અનાદિકાળથી જ પરના કર્તૃત્વાદિની માન્યતાથી એવો જકડાયેલો છે કે અનેક યુક્તિઓ અને આગમના આધાર પર વારંવાર

---

૧. પ્રવચન રત્નાકર (હિંદી), ભાગ-૩, પાનું ૨૦૮
૨. પ્રવચન રત્નાકર (હિંદી), ભાગ-૩, પાનું ૨૨૧

સમજાવવા છતાં પણ મિથ્યાત્વના જોરને લીધે એની આ કર્તાપણાની બુદ્ધિ તૂટતી નથી, છૂટતી નથી.

જ્યાં સુધી આ આત્મા આભીક્ષ્ણ (નિરંતર) જ્ઞાનોપયોગ દ્વારા 'હું પરનો કર્તા-ભોક્તા નથી' - એવા સતત ચિંતન વડે ઉક્ત કર્તૃત્વબુદ્ધિને ક્ષીણ નહીં કરે, ત્યાંસુધી તેની આ અનાદિકાલીન મિથ્યા માન્યતા છૂટવાની નથી, તૂટવાની નથી. આ જ કારણ છે કે આચાર્યદેવ ઉક્ત મિથ્યા માન્યતા પર વારંવાર તીવ્ર પ્રહાર કરે છે અને વસ્તુના પારમાર્થિક સત્યને આપણા સૌના ગળે ઉતારવા ચાહે છે.

આ સંપૂર્ણ પ્રકરણનું એક એ જ તાત્પર્ય છે કે આત્મા પરભાવોનો કર્તા નથી. આ જ કારણ છે કે આગામી ગાથામાં નિષ્કર્ષરૂપે આચાર્યદેવ એમ કહે છે કે નિશ્ચયનયથી આ આત્મા પોતાના જ વિકારી-અવિકારી ભાવોનો કર્તા-ભોક્તા છે.

જ્ઞાન-ગોષ્ઠી

પ્રશ્ન:- એક બાજુ દેહને ભગવાન આત્માનું દેવાલય કહેવાય ને બીજી બાજુ દેહને મૃતક કલેવર કહેવાય, તો ખરું શું ?

ઉત્તર:- દેહ તો મૃતક કલેવર જ છે. એ સાચું જ છે પણ ભગવાન આત્માનો મહિમા બતાવતા, દેહમાં દેવાલયનો ઉપચાર કરીને પણ દેવનો મહિમા કરવામાં આવે છે.- *આત્મધર્મ અંક ૪૦૧, માર્ચ ૧૯૭૭, પૃષ્ઠ ૧૯*

પ્રશ્ન:- જડમાં અનુભૂતિ હોય ?

ઉત્તર:- જડમાં પણ અનુભૂતિ હોય છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ પરિણમવું તેને જડમાં અનુભૂતિ કહે છે.

- આત્મધર્મ અંક ૩૯૬, ઓક્ટોમ્બર ૧૯૭૬, પૃષ્ઠ ૧૭

સમયસાર ગાથા - ૮૩

णिच्छयणयस्स अेवं आदा अप्पाणमेव हि करेदि ।
वेदयदि पुणो तं चेव जाण अत्ता दु अत्ताणं ॥८३॥

(હરિગીત)

આત્મા કરે નિજને જ એ મંતવ્ય નિશ્ચયનય તણું,
વળી ભોગવે નિજને જ આત્મા એમ નિશ્ચય જાણવું.૮૩.[1]

નિશ્ચયનયનું એમ કહેવું છે કે આ આત્મા પોતાને જ કરે છે અને પોતાને જ ભોગવે છે - હે શિષ્ય ! એમ તું જાણ.

આ ગાથામાં એ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે જેમ આ આત્મા નિશ્ચયથી સ્વયંનો જ કર્તા છે, તેમ એ ભોકતા પણ સ્વયંનો જ છે. આ આત્મા ન તો પરનો કર્તા છે અને ન તો ભોક્તા પણ.

આ નિષ્કર્ષની ગાથામાં એમ કહેવાઈ રહ્યું છે કે પાછલી અનેક ગાથાઓમાં જે વાત અનેક યુક્તિઓ વડે આત્માના કર્તૃત્વ વિષે સમજાવવામાં આવી છે, તે બધી યુક્તિઓ આત્માના ભોકતૃત્વના સંબંધમાં પણ ઘટિત કરી લેવી. સંપૂર્ણ કથનનો જે નિષ્કર્ષ આ ગાથામાં રજૂ કર્યો છે, તે માત્ર એટલો જ છે કે આ આત્મા નિશ્ચયથી પોતાના વિકારી-અવિકારી પરિણામોનો કર્તા-ભોક્તા છે, પરનો કર્તા-ભોક્તા નથી. ધ્યાન રહે કે આ ગાથામાં આત્માને પોતાના વિકારી અને અવિકારી - બન્ને ભાવોનો કર્તા-ભોક્તા કહેવામાં આવી રહ્યો છે.

---

૧. સમયસાર (ગુજરાતી), પાનું-૧૫૨

આચાર્ય અમૃતચંદ્ર આત્મખ્યાતિમાં આ ગાથાનો ભાવ આ પ્રમાણે સ્પષ્ટ કરે છે -

''જેમ સમુદ્રની ઉત્તરંગ (તરંગોવાળી) અને નિસ્તરંગ (તરંગોરહિત-શાંત) અવસ્થાઓમાં અનુક્રમે પવનનું વાવું અને નહિ વાવું નિમિત્ત હોવા છતાં પણ પવન અને સમુદ્રમાં વ્યાપ્ય-વ્યાપકભાવનો અભાવ હોવાથી તેમનામાં કર્તાકર્મભાવની અસિદ્ધિ છે; આ કારણે સમુદ્ર સ્વયં જ અંર્તવ્યાપક થઈને-ઉત્તરંગ અથવા નિસ્તરંગ અવસ્થાઓમાં આદિ-મધ્ય-અંતમાં વ્યાપ્ત થઈને ઉત્તરંગ અથવા નિસ્તરંગરૂપે પોતાને કરતો થકો, કેવળ પોતાને જ કરતો પ્રતિભાસે છે, અન્યને કરતો પ્રતિભાસતો નથી.

જેમ તે જ સમુદ્ર ભાવ્ય-ભાવકભાવના અભાવને કારણે પરભાવનું પર દ્વારા અનુભવન અશક્ય હોવાથી પોતાને ઉત્તરંગ અને નિસ્તરંગરૂપ અનુભવતો થકો, કેવળ પોતાને જ અનુભવતો પ્રતિભાસે છે, અન્યને અનુભવતો પ્રતિભાસતો નથી.

તેવી રીતે જીવની સંસાર અને નિઃસંસાર (મુક્ત) અવસ્થાઓમાં અનુક્રમે પુદ્ગલકર્મનો વિપાક (ઉદય) થવો અને નહિ થવો નિમિત્ત હોવા છતાં પણ પુદ્ગલકર્મ અને જીવમાં વ્યાપ્ય-વ્યાપકભાવનો અભાવ હોવાથી કર્તાકર્મપણાની અસિદ્ધિ છે; આ કારણે જીવ સ્વયં અંર્તવ્યાપક થઈને - સંસાર અથવા નિઃસંસાર અવસ્થામાં આદિ-મધ્ય-અંતમાં વ્યાપ્ત થઈને, સંસાર અથવા અસંસારરૂપ પોતાને કરતો થકો; કેવળ પોતાને જ કરતો પ્રતિભાસો, અન્યને કરતો ન પ્રતિભાસો.

વળી તેવી જ રીતે તે જ જીવ ભાવ્ય-ભાવકભાવના અભાવને કારણે પરભાવનું પર દ્વારા અનુભવન અશક્ય હોવાથી, પોતાને સંસારરહિત અથવા સંસારસહિત અનુભવતો થકો; કેવળ પોતાને જ અનુભવતો પ્રતિભાસો, અન્યને અનુભવતો ન પ્રતિભાસો.''

ઉક્ત કથનમાં એમ બતાવ્યું છે કે જેવી રીતે સમુદ્રની તરંગિત અને નિસ્તરંગ અવસ્થાઓમાં પવનના વાવાની અને નહિ વાવાની નિમિત્તતાનો સ્વીકાર કરવા છતાં પણ તેમનામાં પરસ્પર વ્યાપ્ય-

વ્યાપકભાવ તેમજ ભાવ્ય-ભાવકભાવનો અભાવ હોવાથી તેમને તેના કર્તા-ભોક્તા માનવામાં આવતા નથી; પરંતુ વ્યાપ્ય-વ્યાપકભાવ અને ભાવ્ય-ભાવકભાવના સદ્‌ભાવને કારણે સમુદ્રને જ તેની બન્ને અવસ્થાઓનો કર્તા-ભોક્તા કહેવામાં આવે છે.

બરાબર એ જ પ્રમાણે આત્માની વિકારી અને નિર્વિકારી અવસ્થાઓમાં પુદ્‌ગલકર્મના ઉદય અને અનુદયની નિમિત્તતા હોવા છતાં પણ તેમનામાં પરસ્પર વ્યાપ્ય-વ્યાપકભાવ અને ભાવ્ય-ભાવકભાવનો અભાવ હોવાથી આત્માની વિકારી અને નિર્વિકારી અવસ્થાઓનો કર્તા-ભોક્તા કર્મના ઉદય-અનુદયને કહી શકાતો નથી; પરંતુ વ્યાપ્ય-વ્યાપકભાવ અને ભાવ્ય-ભાવકભાવના સદ્‌ભાવને કારણે આત્માને જ તેની વિકારી અને અવિકારી બન્ને અવસ્થાઓનો કર્તા-ભોક્તા કેમ ન કહેવાય ?

તાત્પર્ય એ છે કે નિશ્ચયથી આત્મા જ પોતાની વિકારી અને નિર્વિકારી અવસ્થાઓનો કર્તા-ભોક્તા છે.

આચાર્ય જયસેને તાત્પર્યવૃત્તિમાં પણ આ જ પ્રકારનો ભાવ વ્યક્ત કર્યો છે; જે આ પ્રમાણે છે -

"જેમ સમુદ્રમાં તરંગો ઉત્પન્ન થવામાં પવન નિમિત્ત છે; તોપણ નિશ્ચયનયથી સમુદ્ર જ તરંગોને ઉત્પન્ન કરે છે, તરંગોરૂપે પરિણમે છે, તેમ દ્રવ્યકર્મના ઉદયનો સદ્‌ભાવ અશુદ્ધભાવોની તેમજ અસદ્‌ભાવ શુદ્ધભાવોની ઉત્પત્તિમાં નિમિત્ત છે; તોપણ નિશ્ચયનયથી જ્યારે આત્મા સ્વયં જ ઉપાદાનરૂપે નિર્વિકાર પરમસ્વસંવેદનરૂપ પરિણમે છે, ત્યારે કેવળજ્ઞાનાદિ શુદ્ધભાવોને ઉત્પન્ન કરે છે અને જ્યારે અશુદ્ધરૂપે પરિણમે છે, ત્યારે સાંસારિક સુખ-દુઃખાદિ અશુદ્ધભાવોને કરે છે. તે પોતાના શુદ્ધાશુદ્ધભાવોનો કેવળ કર્તા જ નથી, પરંતુ ભોક્તા પણ છે."

આત્મખ્યાતિ અને તાત્પર્યવૃત્તિના ઉકત કથનોમાં કોઈ વિશેષ અંતર નથી. ઉદાહરણમાં થોડો તફાવત છે. તાત્પર્યવૃત્તિમાં સમુદ્રની તરંગિત અવસ્થાને જ ઉદાહરણરૂપે લેવામાં આવી છે, જ્યારે આત્મખ્યાતિમાં તરંગિત અને નિસ્તરંગ-બન્ને અવસ્થાઓ લીધી છે; તેમ છતાં સિદ્ધાંતમાં

તો બન્નેય ટીકાઓમાં આત્માની વિકારી અને અવિકારી પર્યાયોને લીધી છે.

આ પ્રમાણે આ ગાથામાં આત્માને નિશ્ચયથી પોતાની વિકારી અને અવિકારી પર્યાયોનો કર્તા-ભોક્તા કહેવાઈ રહ્યો છે.

પ્રશ્ન - ક્યાંક-ક્યાંક તો એમ પણ આવે છે કે આત્મા પોતાની નિર્મળ પર્યાયોનો પણ કર્તા નથી અને આપ અહીં આત્માને વિકારી પર્યાયોનો પણ કર્તા-ભોક્તા બતાવી રહ્યા છો.

ઉત્તર - ખરેખર તો વાત એમ છે કે જિનાગમમાં પ્રયોજન વિશેષથી વિભિન્ન સ્થાનો પર વિભિન્ન અપેક્ષાઓથી વિભિન્ન કથનો આવે છે. તે બધાને સાચા પરિપ્રેક્ષ્યમાં સમજવાથી બધું સહજ જ સ્પષ્ટ થઈ જાય છે. તેથી તો એમ કહેવામાં આવ્યું છે કે જિનાગમના કથનોને નયવિભાગથી સમજવા જોઈએ. જો આપણે નયવિભાગથી નહીં સમજીએ તો બધે જ આ પ્રકારના પ્રશ્નો ઊભા થશે. આ જ સમયસારમાં યથાસ્થાન આત્માને કોઈ અપેક્ષાએ પૂર્ણ અકર્તા કહેવામાં આવશે, કોઈ અપેક્ષાએ નિર્મળ પરિણમનનો કર્તા કહેવામાં આવશે, કોઈ અપેક્ષાએ રાગાદિ વિકારીભાવોનો કર્તા પણ કહેવામાં આવશે; વધું શું કહીએ - કોઈ અપેક્ષાએ પરભાવોનો કર્તા પણ કહેવામાં આવશે કારણ કે આ આત્મા અસદ્‌ભૂતવ્યવહારનયથી પરભાવોનો કર્તા, સદ્‌ભૂતવ્યવહારનય અથવા અશુદ્ધનિશ્ચયનયથી રાગાદિ વિકારીભાવોનો કર્તા, એકદેશશુદ્ધનિશ્ચયનય અથવા શુદ્ધનિશ્ચયનયથી વીતરાગી નિર્મળ પરિણામોનો કર્તા અને પરમશુદ્ધનિશ્ચયનયથી સંપૂર્ણપણે અકર્તા છે.

જોકે ઉકત સંપૂર્ણ કથન કોઈને કોઈ વિશિષ્ટ પ્રયોજનની સિદ્ધિ કરવાવાળા હોવાથી સાર્થક જ હોય છે; તેમ છતાં આ ગ્રંથમાં યથાસ્થાને તેમની સત્યાર્થતા અને અસત્યાર્થતા પર પણ પ્રકાશ નાખવામાં આવશે. આ બધી વાતોને સમજવા માટે ન કેવળ અસીમ ધૈર્યની આવશ્યકતા છે, પરંતુ નયવિભાગના ઊંડા અધ્યયનની પણ આવશ્યકતા છે, ગુરુગમની પણ આવશ્યકતા છે.

અરે ભાઈ ! વિષય-કષાયની પ્રવૃત્તિઓમાંથી થોડો સમય કાઢીને, સંસારની જંજાળ થોડી ઓછી કરીને, સમર્પણભાવથી આ પરમાગમમાં ઊંડી ડૂબકી લગાવો તો કાંઈક હાથ આવશે, કિનારા પર બેઠા-બેઠા વિહંગાવલોકન કરવાથી કામ નહીં ચાલે. કબીરે બરાબર જ કહ્યું છે કે-

जिन खोजा तिन पाइया गहरे पानी पैठ ।
मैं बोरी डूबन डरी रही किनारे बैठ ।।

પ્રશ્ન - આપે નયવિભાગને ઊંડાણથી સમજવાની વાત કહી - એ તો ઠીક, પણ હવે તો આપ એ બતાવી જ દો ને કે અહીં કઈ અપેક્ષા છે ?

ઉત્તર - અહીં બે દ્રવ્યો વચ્ચે ભેદજ્ઞાન કરાવવું અભીષ્ટ છે. અહીં એમ બતાવવું છે કે એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કર્તા-ભોકતા નથી, પરંતુ પ્રત્યેક દ્રવ્ય પોતપોતાની પર્યાયોનું જ કર્તા-ભોકતા છે.

આ વાતને પૂજ્ય ગુરૂદેવ આ પ્રમાણે સ્પષ્ટ કરે છે -

'બંધમાર્ગ તેમજ મોક્ષમાર્ગ - બન્નેનો કર્તા સ્વતંત્રરૂપે આત્મા સ્વયં જ છે.

જુઓ ! આ ગાથામાં એ વાક્ય આવ્યું છે કે 'अप्पाणमेव हि करेदि' એટલે કે પોતાની વિકારી તેમજ નિર્વિકારી પર્યાયનો કર્તા આત્મા સ્વયં જ છે. ક્યાંક-ક્યાંક એવું પણ કથન આવે છે કે 'આત્મા મોક્ષમાર્ગની નિર્મળ પર્યાયનો કર્તા પણ નથી.' આ કથનનું પ્રયોજન આત્માના અકર્તાસ્વભાવને સિદ્ધ કરવાનું છે અને અહીં તો આત્માના કર્તાસ્વભાવની ચર્ચા છે. આત્મા પરદ્રવ્ય તેમજ તેની પર્યાયોનો કર્તા નથી અને પરદ્રવ્ય પણ કર્તા થઈને આત્માનું કાર્ય કરતું નથી. પ્રત્યેક દ્રવ્ય પોતાના સ્વભાવનું કર્તા તો છે જ, અજ્ઞાનાવસ્થામાં વિભાવનો કર્તા પણ આત્મા સ્વયં જ છે; તેથી મોક્ષમાર્ગની સ્વભાવપર્યાય તેમજ રાગની વિકારીપર્યાયનો કર્તા જીવ સ્વયં છે, કર્મ નહીં.

ભાઈ ! ભગવાને આ તારી સ્વતંત્રતાનો ઢંઢેરો પીટ્યો છે; તેથી વિકાર કર્મથી થાય છે અથવા કર્મબંધ રાગાદિ વિકારને કારણે થાય છે

- એ વિપરીત માન્યતા છોડી દે; કારણ કે વિપરીત માન્યતાનું ફળ અનંત સંસાર છે.[1]

જ્યાં દ્રવ્ય તેમજ પર્યાયના પરસ્પર અકર્તૃત્વની વાત હોય, ત્યાં તો મિથ્યાત્વ તેમજ સમ્યક્ત્વ - એ બન્ને પર્યાયોનું કર્તા આત્મદ્રવ્ય નથી, એમ વાત આવે છે; પરંતુ અહીં તો પોતાની પર્યાયનું કર્તા પોતાનું દ્રવ્ય સ્વયં છે, પરદ્રવ્ય નહીં - એમ સિદ્ધ કરવું છે.

પ્રશ્ન - તો અમે આ બે વાતોમાંથી કઈ વાત સાચી માનીએ ?

ઉત્તર - ભાઈ ! બન્ને વાતો પોતપોતાની અપેક્ષાએ સત્ય છે. એક વાર સાંભળતો ખરો. વિકારનું કર્તા પરદ્રવ્ય માનીને જે સ્વચ્છંદી થાય છે, તેની તે માન્યતા છોડાવવા માટે વિકારનો કર્તા આત્મા છે - એમ કહ્યું છે. અને જ્યારે વિકાર તેમજ દ્રવ્યસ્વભાવ વચ્ચે ભેદજ્ઞાન કરાવવાની વાત હોય ત્યારે એમ કહેવાય છે કે વિકારનું કર્તા આત્મદ્રવ્ય નથી, પરંતુ પર્યાય સ્વયં પોતાની તત્સમયની યોગ્યતાથી સ્વતંત્રપણે થાય છે. બન્નેનું તાત્પર્ય એક વીતરાગતા જ છે.[2]''

જૈનતત્ત્વજ્ઞાનની સૂક્ષ્મતાઓથી અપરિચિત અનેક સ્વાધ્યાયીઓ પણ એમ માને છે કે આત્મામાં જે મોહ-રાગ-દ્વેષના વિકારીભાવો થાય છે, તે બધાનું એક માત્ર કારણ કર્મનો ઉદય છે અને કર્મોનો નાશ કરવાથી જ આ મોહ-રાગ-દ્વેષ ભાવોનો અભાવ થશે, વીતરાગભાવની ઉત્પત્તિ થશે. આ કારણે તેમની દ્રષ્ટિ હંમેશા કર્મોને જ જોઈ રહે છે, તેઓ કર્મોના નાશની જ વાત વિચારતા રહે છે; પરંતુ પોતાની વિકારી અને અવિકારી પર્યાયોનું કારણ પરને માનવું તે તો એક રીતે એક દ્રવ્યને બીજા દ્રવ્યનું કર્ત્તા-ધર્ત્તા માનવા બરાબર છે, જે કદાપિ ઉચિત નથી.

જિનાગમમાં જે એક દ્રવ્યને બીજા દ્રવ્યનું કર્તા-ભોક્તા કહેવામાં આવ્યું છે; તે તો માત્ર અસદ્‌ભૂતવ્યવહારનયનું કથન છે, જેની સમીક્ષા આગામી ગાથાઓમાં યથાસ્થાને કરવામાં આવશે. નિશ્ચયથી તો એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કર્તા-ભોક્તા થઈ શકતું જ નથી; તેથી અહીં જોર દઈને

૧ પ્રવચન રત્નાકર (હિંદી), ભાગ-૩, પાનું ૨૨૬
૨ પ્રવચન રત્નાકર (હિંદી), ભાગ-૩, પાનું ૨૩૧

કહેવાઈ રહ્યું છે કે પ્રત્યેક આત્મા પોતાની વિકારી અને અવિકારી પર્યાયોનો કર્ત્તા-ભોક્તા સ્વયં જ છે. પોતાને ભૂલીને અને પરને જ નિજ માનીને, તેનો કર્ત્તા-ધર્ત્તા બનીને આ આત્મા અનાદિથી અનંત દુઃખ ઉઠાવી રહ્યો છે. તેના અનંત દુઃખોનું કારણ તેની આ વિપરીત માન્યતા તેમજ તદ્નુસાર વર્તન પ્રવર્તન જ છે.

જો આ આત્મા એકવાર પોતાને જાણીને, પોતામાં જ પોતાપણું સ્થાયે, તેને જ પોતાનું સર્વસ્વ અર્પણ કરે, તેનું જ ધ્યાન ધરે, તો અંતમુહુર્તમાં અનંતસુખી થઈ શકે છે. તેથી જ અહીં એમ સમજાવવામાં આવી રહ્યું છે કે પ્રત્યેક આત્મા પોતાની વિકારી-અવિકારી પર્યાયોનો કર્ત્તા-ભોક્તા સ્વયં જ છે.

હવે આગામી ગાથાઓમાં વ્યવહાર બતાવીને તેની અસત્યાર્થતા પર પ્રકાશ પાડે છે -

જ્ઞાન-ગોષ્ઠી

પ્રશ્ન:- વિકાર થાય છે તે ચારિત્રગુણની પર્યાયની જ લાયકાત છે, તો પછી જ્યાં સુધી ચારિત્રગુણની પર્યાયમાં વિકાર થવાની લાયકાત હોય ત્યાં સુધી વિકાર થયા જ કરે, એમ થતાં વિકારને ટાળવાનું જીવને આધીન રહ્યું નહિ ?

ઉત્તર:- એકેક સમયની સ્વતંત્ર લાયકાત છે એવો નિર્ણય કયા જ્ઞાનમાં કર્યો? ત્રિકાળી સ્વભાવ તરફ઼ ઢળ્યા વગર જ્ઞાનમાં એકેક સમયની પર્યાયની સ્વતંત્રતાનો નિર્ણય થઈ શકે નહિ અને જ્યાં જ્ઞાન ત્રિકાળી સ્વભાવમાં ઢળ્યું ત્યાં સ્વભાવની પ્રતીતિની જોરે પર્યાયમાંથી રાગ-દ્વેષ થવાની લાયકાત ક્ષણે ક્ષણે ઘટતી જ જાય છે. જેણે સ્વભાવનો નિર્ણય કર્યો તેને પર્યાયમાં લાંબો કાળ રાગ-દ્વેષ રહે એવી લાયકાત હોય જ નહિ, એવું જ સમ્યક્નિર્ણયનું જોર છે.

- આત્મધર્મ અંક ૪૭, ભાદ્રપદ ૨૪૭૩, પૃષ્ઠ ૨૫૧

સમયસાર ગાથા - ૮૪ - ૮૫

ववहारस्स दु आदा पोग्गलकम्मं करेदि णेयविहं ।
तं चेव पुणो वेयइ पोग्गलकम्मं अणेयविहं ॥८४॥

जदि पोग्गलकम्ममिणं कुव्वदि तं चेव वेदयदि आदा।
दोकिरियावदिरित्तो पसज्जदे सो जिणावमदं ॥८५॥

(હરિગીત)

આત્મા કરે વિધવિધ પુદ્ગલકર્મ - મત વ્યવહારનું,
વળી તે જ પુદ્ગલકર્મ આત્મા ભોગવે વિધવિધનું. ૮૪.[1]

પુદ્ગલકરમ જીવ જો કરે, એને જ જો જીવ ભોગવે,
જિનને અસમંત દ્વિક્રિયાથી અભિન્ન તે આત્મા ઠરે. ૮૫.[2]

વ્યવહારનયનો એ મત છે કે આત્મા અનેક પ્રકારના પુદ્ગલકર્મોને કરે છે અને એ જ અનેક પ્રકારના પુદ્ગલકર્મોને તે ભોગવે છે.

જો આત્મા પુદ્ગલકર્મને કરે અને તેને જ ભોગવે તો તે આત્મા પોતાની અને પુદ્ગલકર્મની બે ક્રિયાઓથી અભિન્ન ઠરે, જે જિનદેવને સમંત નથી.

ઉક્ત ગાથાઓમાં ૮૪મી ગાથામાં અસદ્ભૂતવ્યવહારનયનો મત બતાવવામાં આવ્યો છે અને ૮૫મી ગાથામાં તેમાં દોષ બતાવ્યો છે. કહ્યું છે કે જો વ્યવહારનયના કથનાનુસાર આત્માને પુદ્ગલકર્મનો કર્તા-ભોકતા

---

૧ સમયસાર (ગુજરાતી), પાનું ૧૫૩
૨ સમયસાર (ગુજરાતી), પાનું ૧૫૫

માનવામાં આવશે તો દ્વિક્રિયાવાદિત્વનો પ્રસંગ આવશે. એમ માનવું થશે કે આત્મા પોતાની ક્રિયા પણ કરે અને કર્મની ક્રિયા પણ કરે; કે જે જિનેન્દ્ર ભગવાનને સ્વીકાર્ય નથી.

જુઓ, અહીં આચાર્યદેવ વ્યવહારની વાત પણ બતાવે છે. એવું નથી કે સમયસારમાં એકલા નિશ્ચયની જ વાત છે, તેમાં તો વ્યવહારની વાત પણ છે; પરંતુ નિશ્ચયની વાતની સાથે તેની સત્યાર્થતાનું પ્રતિપાદન છે અને વ્યવહારની વાતની સાથે તેની યથાયોગ્ય સત્યાર્થતા અને અસત્યાર્થતા - બન્નેનું પ્રતિપાદન છે. આ જ કારણ છે કે જેથી સમયસારને નિશ્ચયનો ગ્રંથ કહેવામાં આવે છે.

અહીં વ્યવહાર બતાવીને તેની અસત્યાર્થતા પર વિસ્તારથી પ્રકાશ પાથરવામાં આવ્યો છે.

ઉક્ત ગાથાઓનો ભાવ આચાર્ય અમૃતચંદ્ર આત્મખ્યાતિમાં આ પ્રમાણે વ્યક્ત કરે છે-

"જો કે અંતરમાં વ્યાપ્ત-વ્યાપકભાવથી માટી જ ઘડાને કરે છે અને ભાવ્ય-ભાવકભાવથી માટી જ ઘડાને ભોગવે છે; તોપણ બાહ્યમાં વ્યાપ્ત-વ્યાપકભાવથી ઘડાની ઉત્પત્તિમાં અનુકૂળ એવા વ્યાપારને કરતો કુંભાર ઘડાનો કર્તા છે અને ઘડાના પાણીના ઉપયોગથી તૃપ્તિને ભાવ્ય-ભાવકભાવથી અનુભવતો તે જ કુંભાર ઘડાનો ભોક્તા છે; - એવો લોકોનો અનાદિથી રૂઢ વ્યવહાર છે.

આ પ્રમાણે જો કે અંતરમાં વ્યાપ્ત-વ્યાપકભાવથી પુદ્ગલદ્રવ્ય જ પૌદ્ગલિક કર્મોને કરે છે અને ભાવ્ય-ભાવકભાવથી પુદ્ગલદ્રવ્ય જ પૌદ્ગાલિક કર્મોને ભોગવે છે; તોપણ બાહ્યમાં વ્યાપ્ત-વ્યાપકભાવથી અજ્ઞાનને કારણે પુદ્ગલકર્મના થવામાં અનુકૂળ એવા પોતાના રાગાદિ પરિણામોને કરતો જીવ પુદ્ગલકર્મને કરે છે અને પુદ્ગલકર્મના વિપાક વડે ઉત્પન્ન થયેલી વિષયોની નિકટતાથી ઉત્પન્ન પોતાની સુખ-દુઃખરૂપ પરિણતિને

ભાવ્ય-ભાવકભાવ દ્વારા અનુભવતો જીવ પુદ્‌ગલ કર્મને ભોગવે છે. -એવો અજ્ઞાનીઓનો અનાદિ સંસારથી પ્રસિદ્ધ વ્યવહાર છે.''

જુઓ, અહીં એમ કહેવામાં આવી રહ્યું છે કે જેમ કુંભારને ઘડાનો કર્તા અને ભોક્તા કહેવો તે વાસ્તવિક ન હોતાં અનાદિનો રૂઢ વ્યવહાર છે; તેમ આત્માને પૌદ્‌ગલિક કર્મોનો કર્ત્તા-ભોક્તા કહેવો એ પણ અજ્ઞાનીઓનો અનાદિ સંસારથી પ્રસિદ્ધ વ્યવહાર છે. ધ્યાન આપવાની વાત તો એ છે કે આને જ્ઞાનીઓનો નહીં, અજ્ઞાનીઓનો વ્યવહાર બતાવવામાં આવ્યો છે. ભલે જ્ઞાની પણ પ્રયોજન વિશેષથી આ પ્રકારના વ્યવહારમાં પ્રવર્તિત થતા હોય, આ પ્રકારની ભાષાનો ઉપયોગ કરતા હોય; તોપણ તેઓ એમ સારી રીતે સમજે છે કે નિશ્ચયથી એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કર્તા-ધર્તા નથી; આ કારણે તેઓ અજ્ઞાનદશાને પ્રાપ્ત ન થતાં જ્ઞાની જ રહે છે.

ઉક્ત ટીકા તો ૮૪મી ગાથાની છે. ૮૫મી ગાથામાં ઉક્ત વ્યવહારની જે અસત્યાર્થતા બતાવી છે, તેને આત્મખ્યાતિમાં આ પ્રમાણે સ્પષ્ટ કરવામાં આવી છે-

''આ જગતમાં જે કોઈ ક્રિયા છે, તે પરિણામસ્વરૂપ હોવાથી પરિણામથી ભિન્ન નથી, પરિણામ જ છે; અને પરિણામ તેમજ પરિણામી એક હોવાથી, પરિણામ પણ પરિણામીથી ભિન્ન નથી. તેથી એમ સિદ્ધ થયું કે જે કોઈ પણ ક્રિયા છે, તે ક્રિયાવાન દ્રવ્યથી ભિન્ન નથી. આ પ્રમાણે વસ્તુસ્વરૂપથી ક્રિયા અને કર્તાની અભિન્નતા સદાય પ્રકટ હોવાને કારણે જેમ જીવ વ્યાપ્ત-વ્યાપકભાવથી પોતાના પરિણામોને કરે છે અને ભાવ્ય-ભાવકભાવથી તેમને જ ભોગવે છે; તેમ જો જીવ વ્યાપ્ય-વ્યાપકભાવથી પુદ્‌ગલકર્મને પણ કરે અને ભાવ્ય-ભાવકભાવથી પુદ્‌ગલ કર્મને પણ ભોગવે તો તે જીવને પોતાની અને પરની-બન્નેની ક્રિયાઓથી અભિન્ન માનવો પડશે. આવી સ્થિતિમાં સ્વ-પરનો વિભાગ જ અસ્ત થઈ જવાથી અનેક દ્રવ્યસ્વરૂપ એક આત્માનો નિજરૂપ અનુભવ કરતો થકો જીવ મિથ્યાદૃષ્ટિ થઈ જશે, આ કારણે તે સર્વજ્ઞના મતથી પણ બહાર થઈ જશે.''

વીતરાગી-સર્વજ્ઞ અરહંતના મતમાં તો એમ કહેવામાં આવ્યું છે કે પરિણતિરૂપ ક્રિયા, પરિણામરૂપ કર્મ અને પરિણામીદ્રવ્ય કર્તાએ ત્રણેય એક જ છે; તેથી પ્રત્યેક દ્રવ્ય પોતપોતાની પરિણતિરૂપ ક્રિયાનું જ કર્તા-ભોક્તા થાય છે, અન્ય કોઈ દ્રવ્યની ક્રિયાનું કર્તા-ભોક્તા નહિ.

જો આપણે પોતાને પોતાની પરિણતિની સાથે-સાથે જ્ઞાનાવરણાદિ પૌદ્‌ગાલિક કર્મોની પરિણતિના પણ કર્તા-ભોક્તા માનીશું તો સર્વજ્ઞના મતની બહાર થઈ જઈશું, સર્વજ્ઞની આજ્ઞાના ઉલ્લંઘન કરનાર થઈ જઈશું, સર્વજ્ઞ ભગવાનના વિરોધી સિદ્ધ થઈશું.

અરે ભાઈ ! ભગવાનના ભક્ત બનવા માટે તેમની આજ્ઞાનું પાલન આવશ્યક છે, તેમણે બતાવેલા તત્ત્વજ્ઞાનનો સ્વીકાર કરવો આવશ્યક છે; એકલી પૂજા-ભક્તિથી કામ નહીં ચાલે. તેમની આજ્ઞાનું પાલન કરવા માટે, તેમણે બતાવેલા તત્ત્વજ્ઞાનનો સ્વીકાર કરવા માટે જિનવાણીનું ઊંડાણથી અધ્યયન કરવું જોઈશે; કારણકે આ વિષમકાળમાં નિત્યબોધક જિનવાણી જ પરમશરણ છે.

આ ગાથાઓનો અર્થ લખતાં આચાર્ય જયસેન પણ આત્મખ્યાતિનું જ અનુશરણ કરે છે. તેઓ તો ત્યાં સુધી લખે છે કે આત્માને જ્ઞાનાવરણાદિ કર્મોનો કર્તા માનવો તે શુદ્ધાત્માની ઉપલબ્ધિથી પ્રાપ્ત થનારા સુખામૃતના રસાસ્વાદથી રહિત અજ્ઞાનીઓનો રૂઢ વ્યવહાર છે.

જુઓ, અહીં દ્વિક્રિયાવાદીને સર્વજ્ઞના મતની બહાર કહ્યો છે. તેનું તાત્પર્ય એ છે કે જેઓ એમ માને છે કે અમે અમારૂં કામ તો કરીએ જ છીએ, સાથે પરનું કામ પણ કરીએ છીએ; તેઓ બધા દ્વિક્રિયાવાદી હોવાથી સર્વજ્ઞના મતની બહાર છે.

સમયસાર ગાથા - ૮૬

૮૫મી ગાથામાં દ્વિક્રિયાવાદીને મિથ્યાદ્રષ્ટિ બતાવવામાં આવ્યા છે. તેથી હવે એ પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે દ્વિક્રિયાવાદી મિથ્યાદ્રષ્ટિ કેમ છે ?

આ પ્રશ્નના ઉત્તરમાં જ ૮૬મી ગાથાનો જન્મ થયો છે; જે આ પ્રમાણે છે -

जम्हा दु अत्तभावं पोग्गलभावं च दो वि कुव्वंति ।
तेण दु मिच्छादिट्ठी दोकिरियावादिणो हुंति ॥८६॥

(હરિગીત)

જીવભાવ, પુદ્ગલભાવ - બન્ને ભાવને જેથી કરે,
તેથી જ મિથ્યાદ્રષ્ટિ એવા દ્વિક્રિયાવાદી ઠરે. ૮૬.[1]

કારણ કે તેઓ એમ માને છે કે આત્માના ભાવ અને પુદ્ગલના ભાવ - બન્નેને આત્મા કરે છે; તેથી તે દ્વિક્રિયાવાદીઓ મિથ્યાદ્રષ્ટિ છે.

આ ગાથામાં દ્વિક્રિયાવાદીને પરિભાષિત કરવામાં આવ્યો છે.

આત્મખ્યાતિમાં આ ગાથાના ભાવને ઘડા અને કુંભારના ઉદાહરણથી સ્પષ્ટ કરવામાં આવ્યો છે; જે આ પ્રમાણે છે -

"આત્માના પરિણામને અને પુદ્ગલના પરિણામને સ્વયં આત્મા કરે છે - આમ માનનારા દ્વિક્રિયાવાદીઓ મિથ્યાદ્રષ્ટિ છે; કારણ કે એક

---

૧ સમયસાર (ગુજરાતી), પાનું ૧૫૬

દ્રવ્ય દ્વારા બે દ્રવ્યોના પરિણામ કરવામાં આવતા પ્રતિભાસતા નથી.. જેમ કુંભાર ઘડાની ઉત્પત્તિમાં અનુકૂળ પોતાના પરિણામ (ઈચ્છારૂપ અને હસ્તાદિની ક્રિયારૂપ વ્યાપાર) ને કરતો પ્રતિભાસે છે; કારણ કે તે પરિણામ કુંભારથી અભિન્ન છે અને પ્રત્યેક દ્રવ્ય પોતાના પરિણામને જ કરે છે; પરંતુ ઘડો બનાવવાના અહંકારથી ભરેલો હોવા છતાં પણ તે કુંભાર પોતાના વ્યાપાર (પરિણામ) ને અનુરૂપ માટીના ઘટપરિણામને કરતો પ્રતિભાસતો નથી; કારણ કે તે ઘટરૂપ પરિણામ માટીથી અભિન્ન છે અને માટી દ્વારા જ કરવામાં આવે છે.

તેમ આત્મા પણ અજ્ઞાનને કારણે પુદ્ગલકર્મરૂપ પરિણામને અનુકૂળ પોતાના પરિણામને કરતો પ્રતિભાસો, કારણ કે તે પરિણામ આત્માથી અભિન્ન છે અને પ્રત્યેક દ્રવ્ય પોતાના પરિણામને કરે છે; પરંતુ પુદ્ગલના પરિણામને કરવાના અહંકારથી ભરેલો ન પ્રતિભાસો, કારણ કે તે પુદ્ગલના પરિણામ પુદ્ગલથી અભિન્ન છે અને પુદ્ગલ દ્વારા કરવામાં આવે છે.''

આ જ વાતને સ્પષ્ટ કરતાં આચાર્ય જયસેન લખે છે - ''જેમ કુંભાર ઉપાદાનરૂપ સ્વકીયપરિણામ કરે છે, તેમ જો ઉપાદાનરૂપે જ ઘટને પણ કરે; તો તેને રૂપી, અચેતન અને ઘટરૂપ થવું પડશે અથવા ઘટને ચેતન અને કુંભાર થવું પડશે. તે જ પ્રકારે જો જીવ પણ ઉપાદાનરૂપે પુદ્ગલકર્મને કરે તો જીવને અચેતન-પુદ્ગલ અથવા પુદ્ગલકર્મને ચેતન-જીવ થવું પડશે.''

આ પ્રમાણે આ ગાથામાં એ જ કહ્યું છે કે જો જીવને નિશ્ચયનયથી પુદ્ગલકર્મોનો કર્તા માનીએ તો, કાં તો જીવને પુદ્ગલ માનવો પડશે કાં તો પુદ્ગલકર્મોને જીવ માનવા પડશે; કારણ કે નિશ્ચયથી એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કર્તા-ધર્તા થતું નથી. તેથી એ સુનિશ્ચિત જ છે કે જીવ પોતાના ભાવોને પણ કરે છે અને પૌદ્ગલિક કર્મોને પણ કરે છે - એમ માનનારા દ્વિક્રિયાવાદી છે; એ કારણે તેઓ મિથ્યાદ્રષ્ટિ પણ છે.

૮૬મી ગાથા પછી આચાર્ય જયસેનની તાત્પર્યવૃત્તિમાં એક ગાથા પ્રાપ્ત થાય છે; જે આત્મખ્યાતિમાં નથી. તે મૂળ ગાથા આ પ્રમાણે છે-

पुग्गलकम्मणिमित्तं जह आदा कुणदि अप्पणो भावं।
पुग्गलकम्मणिमित्तं तह वेददि अप्पणो भावं ॥

જેમ પુદ્‌ગલકર્મના નિમિત્તથી પોતાના આત્મામાં થતા વિકારીભાવોનો કર્તા આત્મા છે; તેમ પુદ્‌ગલકર્મના નિમિત્તથી થતા વિકારીભાવોનો ભોક્તા પણ આ આત્મા છે.

આ ગાથામાં માત્ર એટલી જ વાત કહેવામાં આવી છે કે જેમ આત્મા રાગાદિભાવોનો કર્તા છે, તેમ તે તેમનો ભોક્તા પણ છે; પરંતુ પરનો કર્તા-ભોક્તા તે કદાપિ નથી.

આ પ્રમાણે આ એક પ્રકરણ સમાપ્ત થાય છે. તેથી આચાર્ય અમૃતચંદ્રદેવ આત્મખ્યાતિમાં આ પ્રકરણને સમાપ્ત કરતાં છ કળશ લખે છે, જેમાંથી ચાર કળશ આ પ્રમાણે છે -

(आर्या)

यः परिणमति स कर्त्ता यः परिणामो भवेत्तु तत्कर्म ।
या परिणतिः क्रिया सा त्रयमपि भिन्नं न वस्तुतया ॥५१॥

अेकः परिणमति सदा परिणामो जायते सदैकस्य ।
अेकस्य परिणतिः स्यादनेकमप्येकमेव यतः ॥५२॥

नोभौ परिणमतः खलु परिणामो नोभयोः प्रजायेत ।
उभयोर्न परिणतिः स्याद्यदनेकमनेकमेव सदा ॥५३॥

नैकस्य हि कर्तारौ द्वौ स्तो द्वे कर्मणी न चैकस्य ।
नैकस्य च क्रिये द्वे अेकमनेकं यतो न स्यात् ॥५४॥

(હરિગીત)

જે પરિણમે કર્તા જ તે, પરિણામ તેનું કર્મ છે;
છે પરિણતિ જ ક્રિયા, ત્રણે વસ્તુસ્વરૂપ-અભિન્ન છે. ૫૧.

અનેકરૂપ છે એક વસ્તુ, એકનું પરિણામ છે;
છે પરિણતિ બસ એકની, ને એક પરિણત થાય છે. ૫૨.

ના પરિણમે બે એક થઈને, બેનું કો પરિણામ ના,
ના પરિણતિ પણ એક થાયે, એક થાય અનેક ના. ૫૩.

કર્તા નહીં બે એકના, બે કર્મ પણ નહીં એકના;
નહીં બે ક્રિયાઓ એકની, કદિ એક થાય અનેક ના. ૫૪.

જે પરિણમે છે તે કર્તા છે; પરિણમનારનું જે પરિણામ છે, તે કર્મ છે અને જે પરિણતિ છે, તે ક્રિયા છે. આ ત્રણેય વસ્તુરૂપથી ભિન્ન નથી.

વસ્તુ એક જ સદા પરિણમે છે, એકના જ સદા પરિણામ થાય છે અને એકની જ પરિણતિ (ક્રિયા) થાય છે; કારણ કે અનેકરૂપ થવા છતાં પણ વસ્તુ એક જ છે, ભેદ નથી.

બે દ્રવ્યો એક થઈને (મળીને) પરિણમતાં નથી, બે દ્રવ્યો મળીને તેમનું એક પરિણામ થતું નથી અને બે દ્રવ્યો મળીને તેમની એક પરિણતિ (ક્રિયા) થતી નથી; કારણ કે જે અનેક (ભિન્ન ભિન્ન) છે, તે સદા અનેક જ રહે છે, મળીને એક થઈ જતાં નથી.

એક દ્રવ્યના બે કર્તા હોતા નથી અને એક દ્રવ્યના બે કર્મ પણ હોતાં નથી તથા એક દ્રવ્યની બે ક્રિયાઓ પણ હોતી નથી; કારણ કે એક દ્રવ્ય અનેક દ્રવ્યરૂપ થતું નથી.

ઉક્ત કળશોમાં એ જ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે કર્તા, કર્મ અને ક્રિયા એક દ્રવ્યમાં જ હોવાથી અભિન્ન જ છે. જોકે તેમનામાં લક્ષણભેદ

છે; તેમ છતાં વસ્તુભેદ નથી. સાથે એમ પણ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે બે દ્રવ્યો એક થઈને પરિણમતા નથી, બે દ્રવ્યો મળીને તેમનું એક પરિણામ પણ થતું નથી અને બે દ્રવ્યોની પરિણતિ પણ એક હોતી નથી. જ્યાં બે દ્રવ્યોનું પરિણમન ભિન્ન-ભિન્ન દેખાય છે, ત્યાં તો ભિન્નતા છે જ; પરંતુ જ્યાં સ્થૂળ દ્રષ્ટિએ જોતાં અભિન્નતા દેખાય છે, ત્યાં પણ ભિન્નતા જ છે અને સૂક્ષ્મ દ્રષ્ટિએ જોતાં તો તે ભિન્નતા સ્પષ્ટ પણ થઈ જાય છે.

આ પ્રમાણે એ સુનિશ્ચિત છે કે એક કામ બે દ્રવ્યો મળીને કરતાં નથી, બે દ્રવ્યોના કામને એક દ્રવ્ય કરતું નથી; પ્રત્યેક દ્રવ્ય સ્વયં જ પોતપોતાના પરિણામ અને પરિણતિનું કર્તા-ધર્તા છે.

ઉક્ત કળશોનો ભાવાનુવાદ કવિવર પંડિત બનારસીદાસજીએ નાટક સમયસારમાં આ પ્રમાણે કર્યો છે -

(દોહા)

करता परिनामी दरव, करमरूप परिनाम ।
किरिया परजयकी फिरनि, वस्तु अेक त्रय नाम ॥

करता करम क्रिया करै, क्रिया करम करतार ।
नाम-भेद बहु विधि भयौ, वस्तु अेक निरधार ॥

अेक करम करतव्यता, करैं न करता दोई ।
दुधा दख सत्ता सधी, अेक भाव क्यौं होइ ॥

(सवैया अेकत्रीसा)

अेक परिनामके न करता दख दोइ,
दोइ परिनाम अेक दर्व न धरतु है ।

अेक करतूति दोइ दर्व कबहूं न करैं,
दोइ करतूति अेक दर्व न करतु है ॥

जीव पुद्गल अेक खेत-अवगाही दोउ,
अपने अपने रूप तैं कोउ न टरतु है ॥

जड परनामनि कौ करता है पुद्गल,
चिदानन्द चेतन सुभाउ आचरतु है ॥

પરિણમશીલ દ્રવ્ય કર્તા છે, તેનું પરિણમન જ કર્મ છે અને પર્યાયનું પરિવર્તન જ ક્રિયા છે; - આ પ્રમાણે એક જ વસ્તુના ત્રણ નામ છે.

કર્તા, ક્રિયા અને કર્મને કરે છે; તેથી તે જ એ બન્નેનો કર્તા છે. આ પ્રમાણે એક જ વસ્તુ નામમાત્રના ભેદથી અનેકપ્રકારની થઈ જાય છે - એમ નિશ્ચય કરવો જોઈએ.

એક કર્મની ક્રિયાનાં કર્તા એક જ હોય છે, બે હોતા નથી; આવી સ્થિતિમાં જ્યારે જીવ અને પુદ્ગલ બે જુદી-જુદી સત્તાઓ છે, ત્યારે બન્ને એકરૂપ કેવી રીતે હોઈ શકે છે ?

ખરેખર વાત એમ છે કે એક પરિણામ (કર્મ)ના કર્તા બે દ્રવ્યો હોતા નથી અને બે પરિણામો (કર્મો)ને એક દ્રવ્ય કરતું નથી. આ જ પ્રમાણે એક ક્રિયાને બે દ્રવ્યો કરતા નથી અને બે ક્રિયાઓ એક દ્રવ્ય કરતું નથી. જોકે જીવ અને પુદ્ગલ એકક્ષેત્રાવગાહી છે; તોપણ તે બન્ને પોતપોતાના સ્વભાવને છોડતા નથી. આ પ્રમાણે એ સુનિશ્ચિત જ છે કે પૌદ્ગલિક જડ પરિણામોનું કર્તા પુદ્ગલ દ્રવ્ય છે અને ચૈતન્ય આત્મા ચૈતન્યભાવોનો કર્તા છે.

ઉક્ત સંપૂર્ણ કથનનો સાર એ છે કે કર્તા, કર્મ અને ક્રિયામાં વસ્તુભેદ નથી; કારણ કે ત્રણેય એક જ વસ્તુમાં હોય છે. એક ક્રિયાના કર્તા બે દ્રવ્યો હોતા નથી અને વિભિન્ન દ્રવ્યોની બે ક્રિયાઓનું કર્તા એક દ્રવ્ય હોતું નથી. આ કારણે જીવ પૌદ્ગલિક ક્રિયાઓનો કર્તા થઈ શકતો નથી અને પુદ્ગલ જીવની ક્રિયાઓનું કર્તા થઈ શકતું નથી. જીવ અને

પુદ્‌ગલ પૃથક્-પૃથક્ સ્વતંત્ર દ્રવ્યો છે. જોકે તેઓ આકાશના એક ક્ષેત્રમાં એક સાથે રહે છે; તોપણ તેઓ પોતાના સ્વભાવને છોડતા નથી; તેથી પરમાર્થ સત્ય એજ છે કે પૌદ્‌ગલિક જડકર્મોનું કર્તા પુદ્‌ગલ દ્રવ્ય છે અને ચૈતન્યભાવોનો કર્તા ચેતન આત્મા છે.

પ્રશ્ન - કર્મ અને ક્રિયામાં શું તફાવત છે ? તે બન્ને એક જેવા જ લાગે છે; કારણ કે પરિણમનને જ કર્મ કહે છે અને ક્રિયા પણ પરિણમનરૂપ જ છે.

ઉત્તર - અરે, આ તો વ્યાકરણની સાધારણ વાત છે. કર્તા આદિ કારકોમાં કર્મ તે બીજું કારક છે, પણ ક્રિયા તે કારકોમાં નથી, પરંતુ ક્રિયાના જ કારકો હોય છે. અવસ્થા તે કર્મ છે અને અવસ્થાથી અવસ્થાંતર થવું તે ક્રિયા છે; પર્યાય તે કર્મ છે અને પર્યાયનું પલટાવું તે ક્રિયા છે.

કળશ ટીકાના ૫૧મા કળશની ટીકામાં એને આ પ્રમાણે સમજાવ્યું છે -

''માટી ઘડારૂપ થાય છે, તેથી તે કર્તા કહેવાય છે; ઉત્પન્ન થયેલો ઘડો કર્મ કહેવાય છે અને માટીનું પિંડથી ઘડારૂપે થવું તે ક્રિયા કહેવાય છે.

કળશ ટીકાના ૫૪મા કળશમાં સમાવિષ્ટ એક વાત પણ બહુ ધ્યાન આપવા યોગ્ય છે, જે આ પ્રમાણે છે -

''અહીં કોઈ મતાંતર નિરૂપણ કરશે કે દ્રવ્યની અનંત શક્તિઓ છે, તો દ્રવ્યમાં એક શક્તિ એવી પણ હશે કે એક દ્રવ્ય બે દ્રવ્યોના પરિણામને કરે. જેમ જીવદ્રવ્ય પોતાના અશુદ્ધચેતનારૂપ રાગ-દ્વેષ-મોહ પરિણામને વ્યાપ્ય-વ્યાપકરૂપ કરે, તેમ જ્ઞાનાવરણાદિ કર્મપિંડને વ્યાપ્ય-વ્યાપકરૂપ કરે.

ઉત્તર આ પ્રમાણે છે કે દ્રવ્યમાં અનંત શક્તિઓ છે; પરંતુ એવી કોઈ શક્તિ નથી કે જેનાથી તે પોતાના ગુણ સાથે જેમ વ્યાપ્ય-વ્યાપકરૂપ છે, તેમ પરદ્રવ્યના ગુણ સાથે પણ વ્યાપ્ય-વ્યાપકરૂપ થાય.''

ઉક્ત ચારેય કળશોના જ નહિ, પરંતુ આ સંપૂર્ણ પ્રકરણના સ્પષ્ટીકરણ માટે આ કળશોના પંડિત જયચંદજી છાબડા દ્વારા લખાયેલા ભાવાર્થોને જોઈ લેવા આવશ્યક છે, જે આ પ્રમાણે છે –

"દ્રવ્યદ્રષ્ટિથી પરિણામ અને પરિણામીનો અભેદ છે અને પર્યાયદ્રષ્ટિએ ભેદ છે. ભેદદ્રષ્ટિથી કર્તા, કર્મ અને ક્રિયા – એ ત્રણ કહેવામાં આવે છે; પરંતુ અહીં અભેદદ્રષ્ટિથી પરમાર્થે એમ કહ્યું છે કે કર્તા, કર્મ અને ક્રિયા – ત્રણેય એક દ્રવ્યની અભિન્ન પ્રદેશભેદરૂપ અવસ્થાઓ છે, પ્રદેશભેદરૂપ ભિન્ન વસ્તુઓ નથી.

એક વસ્તુની અનેક પર્યાયો થાય છે, તેમને પરિણામ પણ કહેવાય છે અને અવસ્થા પણ કહેવાય છે. તેઓ સંજ્ઞા, સંખ્યા, લક્ષણ, પ્રયોજન આદિથી ભિન્ન ભિન્ન પ્રતિભાસે છે; તોપણ એક વસ્તુ જ છે, ભિન્ન નથી; – એવો જ ભેદાભેદસ્વરૂપ વસ્તુનો સ્વભાવ છે.

જે બે વસ્તુઓ છે, તે સર્વથા ભિન્ન જ છે, પ્રદેશભેદવાળી જ છે. બન્ને એક થઈને પરિણમતી નથી, એક પરિણામને ઉત્પન્ન કરતી નથી અને તેમની એક ક્રિયા હોતી નથી – એવો નિયમ છે. જો બે દ્રવ્યો એક થઈને પરિણમે તો સર્વ દ્રવ્યોનો લોપ થઈ જાય."

સંપૂર્ણ પ્રકરણનો નિષ્કર્ષ એ જ છે કે પ્રત્યેક દ્રવ્ય પોતપોતાના પરિણામો અને પોતપોતાની પરિણતિનું કર્તા-ધર્તા સ્વયં જ છે, અન્ય કોઈ નહિ.

આ પ્રમાણે આ પ્રકરણને સમાપ્ત કરતાં આચાર્ય અમૃતચંદ્ર આગામી કળશમાં એવી ભાવના ભાવે છે કે આ અનાદિકાલીન અજ્ઞાન જો એક વાર નાશને પ્રાપ્ત થઈ જાય તો ફરી તેનો ઉદય જ ન થાય.

મૂળ કળશ આ પ્રમાણે છે –

(शार्दूलविक्रीडित)

आसंसारत अेव धावति परं कुर्वेऽहमित्युच्चकै -
र्दुर्वारं ननु मोहिनामिह महाहंकाररूपं तमः ॥

तद्भूतार्थपरिग्रहेण विलयं यद्येकवारं व्रजेत् ।
तत्किं ज्ञानघनस्य बन्धनमहो भूयो भवेदात्मनः ॥५५॥

(હરિગીત)

'પરને કરું હું' - એ અહં અતિ કષ્ટથી નિર્વાર્ય છે,
અનાદિથી જ અખંડ છે, આ જગતના સૌ મોહીને;

ભૂતાર્થનયના ગ્રહણથી જો વિલય પામે તે અહો !
તો જ્ઞાનના ઘનપિંડ આતમને કદી ના બંધ હો. ૫૫.

આ જગતના મોહી જીવોનો 'હું પરનો કર્તા છું' - એવો મહા-અહંકાર પરના કર્તૃત્વસંબંધી જે મહા-અહંકાર છે, અત્યંત દુર્નિવાર અનાદિકાલીન અહંકારરૂપ અજ્ઞાનાંધકાર છે; અહો ! જો તે ભૂતાર્થનય (પરમશુદ્ધનિશ્ચયનય) ના વિષયભૂત નિજ ભગવાન આત્માના ગ્રહણથી, અનુભવથી એક વાર પ્રલયને પ્રાપ્ત થઈ જાય, જડમૂળથી નાશ થઈ જાય; તો ફરી આ જ્ઞાનના ઘનપિંડ આત્માને બંધ કેમ થાય ?

આ પ્રકરણના ઉપસંહારનો આ કળશ છે. તેથી એમાં એ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે અસલી સમસ્યા પરમાં કર્તૃત્વબુદ્ધિની છે, પરના કર્તૃત્વના અહંકારની છે; કારણ કે એના લીધે જ આ આત્મા અનાદિકાળથી સંસારમાં ભટકી રહ્યો છે અને અનંત દુઃખ ઉઠાવી રહ્યો છે. તેનું નિવારણ કરવું પણ સહેલું નથી, અત્યંત કઠણ છે.

હા, એક વાત અવશ્ય છે કે અત્યંત કઠણ છે, પણ અસંભવ નથી; કારણ કે ભૂતકાળમાં અનંત જીવોએ તેનું નિવારણ કર્યું છે, વર્તમાનમાં પણ અનેક જીવો કરી રહ્યાં છે અને ભવિષ્યમાં પણ અનંત જીવો તેનું નિવારણ કરશે. તેના નિવારણનો ઉપાય પણ નિજભગવાન

આત્માને જાણવો, ઓળખવો અને અનુભવવો તે છે; તેનામાં પોતાપણું સ્થાપિત કરવું તે છે, તેનામાં જ જામી જવું, રમણ કરવું, સમાઈ જવું તે છે.

જો જીવનમાં એક વાર પણ આ કામ કરી લીધું તો પછી બીજી વાર આ ચક્કરમાં પડવાનું નહિ રહે. આ કથન ક્ષાયિકસમ્યગ્દર્શન પ્રાપ્ત કરી લેવાની અપેક્ષાએ છે; કારણ કે ક્ષાયિક સમ્યગ્દ્રષ્ટિ જીવ કદાપિ મિથ્યાત્વ દશાને પ્રાપ્ત થતો નથી.

આ કળશનું તાત્પર્ય સ્પષ્ટ કરતાં પંડિત જયચંદજી છાબડા ભાવાર્થમાં લખે છે -

"અહીં તાત્પર્ય એમ છે કે અજ્ઞાન તો અનાદિથી જ છે; પરંતુ પરમાર્થનયના ગ્રહણથી, દર્શનમોહનો નાશ થઈને, એક વાર યથાર્થ જ્ઞાન થઈને ક્ષાયિક સમ્યક્ત્વ ઉત્પન્ન થાય તો ફરીને, મિથ્યાત્વ ન આવે. મિથ્યાત્વ ન આવવાથી મિથ્યાત્વનો બંધ પણ થતો નથી. મિથ્યાત્વના ગયા બાદ, સંસારનું બંધન કઈ રીતે રહે ? ન જ રહે, અર્થાત્ મોક્ષ જ થાય - એમ જાણવું જોઈએ."

નાટક સમયસારમાં આ છંદનો ભાવાનુવાદ આ પ્રમાણે કરવામાં આવ્યો છે -

(સવૈયા ઇકતીસા)

મહાધીઠ દુખ કૌ વસીઠ પરદર્વરૂપ,
અંધકૂપ કાહૂપૈ નિવાર્યો નાહિ ગયૌ હૈ ।
ઐસૌ મિથ્યાભાવ લગ્યૌ જીવ કૌં અનાદિ હી કૌ,
યાહી અહંબુદ્ધિ લિએ નાનાભાંતિ ભયૌ હૈ ॥

કાહૂ સમૈ કાહૂકૌ મિથ્યાત અંધકાર ભેદિ,
મમતા ઉછેદિ શુદ્ધભાવ પરિનયૌ હૈ ।
તિનહી વિવેક ધારિ બંધ કૌ વિલાસ ડારિ,
આતમ સકતિસૌં જગત જીત લયૌ હૈ ॥

પરમાં એકત્વ, મમત્વ, કર્તૃત્વ તેમજ ભોક્તૃત્વ બુદ્ધિથી યુક્ત આ મિથ્યાત્વ મહાધૃષ્ટ છે, દુઃખોનો દૂત છે, પરદ્રવ્યરૂપ છે, અંધકૂપ છે, અનાદિકાળથી જ આ જીવની સાથે લાગી રહ્યો છે અને આજ સુધી કોઈ પણ અનાદિમિથ્યાદ્રષ્ટિ દ્વારા નિવારી શકાયો નથી. તેથી આ જીવ પરદ્રવ્યમાં અહંબુદ્ધિ ધારણ કરીને અનેક અવસ્થાઓ ધારણ કરે છે. કોઈ સમયે કોઈ જીવ મિથ્યાત્વ અંધકારને ભેદીને, પરપદાર્થો સાથેના એકત્વ-મમત્વનો ઉચ્છેદ કરીને, શુદ્ધભાવરૂપે પરિણમે છે, ત્યારે તે વિવેક ધારણ કરીને, બંધના વિલાસનો નાશ કરીને, બંધના કારણોને દૂર કરીને, પોતાની આત્મશક્તિથી સંસારને જીતી લે છે, એટલે કે મુક્તિ પ્રાપ્ત કરી લે છે.

જોકે ઉક્ત કળશમાં 'अहंकाररूपं तमः' કહીને તેમજ બનારસીદાસજીકૃત ભાવાનુવાદમાં 'મિથ્યાભાવ' શબ્દના માધ્યમથી મિથ્યાત્વભાવની જ વાત કરી છે; તોપણ અંતમાં બનારસીદાસજીએ 'જગ જીત લિયો' કહીને સંપૂર્ણ મોહના નાશ તરફ પણ સંકેત કર્યો છે. તાત્પર્ય એટલું જ છે કે જો એક વાર મિથ્યાત્વનો નાશ થઈ જાય તો પછી આ જીવ અનંત કાળ સુધી સંસારમાં ભટકતો નથી, અતિશીઘ્ર જ મુક્તિ પ્રાપ્ત કરી લે છે.

પંડિત જયચંદજી છાબડા તો ભાવાર્થમાં મિથ્યાત્વના ક્ષયની જ વાત કરે છે, પરંતુ સાથે 'મોક્ષ જ થાય છે' - એમ પણ કહી દે છે. તેથી પ્રકારાંતરથી ચારિત્રમોહના ક્ષયની વાત પણ આવી જાય છે.

એથી આપણે ભલે દર્શનમોહના ક્ષયની અપેક્ષા ગ્રહણ કરીએ, કે ચારિત્રમોહના ક્ષયની અથવા બન્ને પ્રકારના મોહના નાશની વાત લઈએ; પરંતુ એ પરમસત્ય છે કે ભૂતાર્થનયના વિષયભૂત ભગવાન આત્માના આશ્રયથી જો એક વાર મોહનો ક્ષય જડમૂળથી થઈ જાય તો તે મોહ બીજીવાર અંકુરિત થતો નથી; તેથી અલ્પકાળમાં મોક્ષ થાય જ છે.

આ જ કારણ છે કે આ કળશમાં મોહના ક્ષયની ભાવના ભાવી છે.

હવે આ પ્રકરણનો સાર આગામી કળશમાં વ્યક્ત કરે છે -

(અનુષ્ટુભ)

आत्मभावान् करोत्यात्मा परभावान् सदा परः ।
आत्मैव ह्यात्मनो भावाः परस्य पर अेव ते ॥५६॥

(દોહા)

પરભાવોને પર કરે, આતમા આતમભાવ;
આત્મભાવ તે આત્મ છે, પરના છે પરભાવ. ૫૬.

આત્મા સદાય પોતાના ભાવોને જ કરે છે અને પરભાવોને સદા પર જ કરે છે; તેથી જે આત્માના ભાવો છે, તે આત્મા જ છે અને જે પરના ભાવો છે, તે પર જ છે.

આ કળશમાં સ્વ અને પરમાં પૂર્ણ ભિન્નતા બતાવી છે અને એ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે આત્મા પોતાના વિકારી-અવિકારી ભાવોનો કર્તા છે અને પુદ્ગલાદિ પરપદાર્થો પણ પોતપોતાના વિકારી-અવિકારી ભાવોના કર્તા છે.

જોકે કળશમાં એવો સ્પષ્ટ ઉલ્લેખ નથી કે આમાં વિકારી અને અવિકારી - બન્નેય પ્રકારના ભાવો ગ્રહણ કરવા; તથાપિ કળશ ટીકામાં પાંડે રાજમલજીએ પોતાના ભાવોમાં વિકારી અને અવિકારી - બન્ને ભાવો લીધાં છે, તેના જ આધાર પર કવિવર બનારસીદાસજીએ પણ નાટક સમયસારમાં આ કળશના ભાવાનુવાદમાં એ જ વાત પ્રસ્તુત કરી છે, જે આ પ્રમાણે છે -

(સવૈયા ઇકતીસા)

शुद्धभाव चेतन अशुद्धभाव चेतन,
दुहूं कौ करतार जीव और नहि मानिये ।
कर्मपिंड कौ विलास वर्न रस गंध फास,
करता दुहूं कौ पुद्गल परवानिये ॥

तातै वरनादि गुन ग्यानावरनादि कर्म,
नाना परकार पुद्गलरूप जानिये ।
समल विमल परिनाम जे जे चेतन के,
ते ते सब अलख पुरुष यौं बखानिये ॥

શુદ્ધ અને અશુદ્ધ ચૈતન્યભાવોનો કર્તા જીવને જ માનવો જોઈએ, અન્યને નહિ. એ જ રીતે દ્રવ્યકર્મોની પરિણતિ અને સ્પર્શ, રસ, ગંધ તેમજ વર્ણનો કર્તા પુદ્ગલને જ પ્રમાણિત કરવો જોઈએ. તેથી વર્ણાદિ અને જ્ઞાનાવરણાદિના વિવિધ રૂપોને પુદ્ગલ જાણવા જોઈએ અને ચેતન આત્માના જે જે સમળ (વિકારી) અને અમળ (અવિકારી) પરિણામો છે, તે બધા અલખ (અગોચર) આત્મા છે - એમ જિનવાણીમાં કહ્યું છે.

ઉક્ત સંદર્ભમાં પૂજ્ય ગુરુદેવનો દ્રષ્ટિકોણ પણ દ્રષ્ટવ્ય છે, જે આ પ્રમાણે છે -

''આત્મા કાં તો પોતાના શુદ્ધ ચૈતન્ય પરિણામોને કરે છે કાં તો પોતાના અશુદ્ધ ચૈતન્ય પરિણામોને કરે છે; કાં તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ પરિણામોને કરે છે કાં તો મિથ્યાત્વ-રાગ-દ્વેષરૂપ પરિણામોને કરે છે; પરંતુ પરદ્રવ્યના પરિણામોને આત્મા ક્યારેય કરતો નથી.[1]

જ્ઞાનીને કર્તાબુદ્ધિથી શુભભાવ થતો નથી, પરંતુ શુભભાવરૂપ પરિણમન છે - એ અપેક્ષાએ તેને શુભભાવનો કર્તા કહેવાય છે. 'શુભભાવ કરવાલાયક છે' - એવી બુદ્ધિ તો સમ્યગ્દ્રષ્ટિને રહી નથી, તેથી પરિણમનની અપેક્ષાએ જ્ઞાની શુભભાવનો કર્તા ભલે હો; તથાપિ તીર્થંકર નામકર્મની પ્રકૃતિનો જે બંધ થાય છે, તેનો કર્તા તે નથી. પહેલાં કાર્માણ-વર્ગણાની અકર્મરૂપ દશા હતી, પછી બદલાઈને તીર્થંકર નામકર્મરૂપ દશા થઈ - તેનો કર્તા આત્મા નથી, પરંતુ પુદ્ગલ છે.[2]

---

૧ પ્રવચન રત્નાકર (હિંદી), ભાગ-૩, પાનું ૩૨૯
૨ પ્રવચન રત્નાકર (હિંદી), ભાગ-૩, પાનું ૩૩૦

બોલવારૂપ જે ભાષાની પર્યાય છે, તે પરભાવ છે, ભાષાવર્ગણાના પરમાણુ જ તે ભાવના કર્તા છે; બોલવાના ભાવરૂપ જે પરિણમન થાય છે - એ અપેક્ષાએ જ્ઞાનીને તેનો કર્તા કહેવાય છે. પરંતુ જ્ઞાની તે રાગને કરવાલાયક માનતો નથી; કારણ કે જ્ઞાની રાગના સ્વામિત્વપણે પરિણમતો નથી.

પરદ્રવ્યના કર્તાકર્મપણાની માન્યતાને અજ્ઞાન કહીને આચાર્યદેવે એમ કહ્યું છે કે જે એવું માને, તે મિથ્યાદ્રષ્ટિ છે. 'હું પરની સેવા કરી શકું છું, બીજાનું દુઃખ ટાળી શકું છું, બીજાઓને આહાર-પાણી-કપડાં આદિ આપી શકું છું' - એમ માનવું તે મિથ્યાત્વ છે.

જોકે ક્ષાયિક સમ્યગ્દ્રષ્ટિ મુનિરાજને પણ રાગ આવે છે, પરિણમનની અપેક્ષાએ તેઓ તે રાગના કર્તા પણ છે; પરંતુ આ રાગ કરવા લાયક છે - એવું તે માનતા નથી.[૧]''

ધ્યાન રહે કે ઉક્ત કથનમાં જ્ઞાની આત્માને પણ રાગાદિભાવોનો કર્તા-ભોક્તા કહેવામાં આવ્યો છે.

આ પ્રમાણે એ સુનિશ્ચિત થયું કે આ આત્મા પોતાના વિકારી-અવિકારી પરિણામોનો કર્તા-ભોક્તા હોવા છતાં પણ પરભાવોનો કર્તા-ભોક્તા તો કદાપિ નથી; તેથી આ આત્માને પરભાવોનો કર્તા-ભોક્તા માનવો તે અજ્ઞાન છે, મિથ્યાત્વ છે.

૧ પ્રવચન રત્નાકર (હિંદી), ભાગ-૩, પાનું ૩૩૧

સમયસાર ગાથા ૮૭-૮૮

અહીં વારંવાર કહેવામાં આવી રહ્યું છે કે એક દ્રવ્યને બીજા દ્રવ્યનું કર્તા-ભોક્તા માનવું તે અજ્ઞાન છે, મિથ્યાત્વ છે. તેથી એ પ્રશ્ન ઊઠવો સ્વાભાવિક જ છે કે આ મિથ્યાત્વ, અજ્ઞાન આદિ શું છે ?

જો તેમને જીવના પરિણામ કહેવામાં આવે તો પહેલાં જે રાગાદિને પુદ્‌ગલના પરિણામ કહેવામાં આવ્યા હતા, તેનાથી વિરોધ આવે છે અને જો તેમને પુદ્‌ગલના પરિણામ જ માનવામાં આવે તો પછી જે જીવ નથી, જીવના પરિણામ નથી; તેમનું ફળ જીવ શા માટે ભોગવે ?

આ પ્રશ્નના ઉત્તરમાં જ ૮૭-૮૮મી ગાથાઓ લખાઈ છે, જેમાં એમ બતાવ્યું છે કે આ મિથ્યાત્વાદિભાવો જીવ અને અજીવ ના ભેદથી બે-બે પ્રકારના હોય છે. તેમને દ્રવ્યમિથ્યાત્વ અને ભાવમિથ્યાત્વ આદિના ભેદથી પણ જાણવામાં આવે છે. પૌદ્‌ગલિક મિથ્યાત્વને દ્રવ્યમિથ્યાત્વ અથવા અજીવમિથ્યાત્વ કહે છે અને પૌદ્‌ગલિકમિથ્યાત્વકર્મના ઉદયમાં પરમાં એકત્વ-મમત્વ તથા કર્તૃત્વ-ભોક્તૃત્વ સંબંધી ભાવો થાય છે, તેમને ભાવમિથ્યાત્વ અથવા જીવમિથ્યાત્વ કહે છે. આ જ રીતે અજ્ઞાનાદિ વિષે પણ સમજી લેવું જોઈએ.

મૂળ ગાથાઓ આ પ્રમાણે છે -

मिच्छतं पुण दुविहं जीवमजीवं तहेव अण्णाणं ।
अविरदि जोगो मोहो कोहादीया इमे भावा ॥८७॥

पोग्गलकम्मं मिच्छं जोगो अविरदि अणाणमज्जीवं।
उवओगो अण्णाणं अविरदि मिच्छं च जीवो दु ॥८८॥

(હરિગીત)

મિથ્યાત્વ જીવ અજીવ દ્વિવિધ, એમ વળી અજ્ઞાન ને
અવિરમણ, યોગો, મોહ ને ક્રોધાદિ ઉભયપ્રકાર છે. ૮૭.[1]

મિથ્યાત્વ ને અજ્ઞાન આદિ અજીવ, પુદ્ગલકર્મ છે;
અજ્ઞાન ને અવિરણ વળી મિથ્યાત્વ જીવ, ઉપયોગ છે. ૮૮.[2]

જીવમિથ્યાત્વ અને અજીવમિથ્યાત્વના ભેદથી મિથ્યાત્વ બે પ્રકારનું છે. તેવી જ રીતે અજ્ઞાન, અવિરતિ, યોગ, મોહ અને ક્રોધાદિ પણ જીવ અને અજીવના ભેદથી બે-બે પ્રકારે હોય છે.

જે મિથ્યાત્વ, યોગ, અવિરતિ અને અજ્ઞાન અજીવ છે, તે તો પૌદ્ગલિક કર્મ છે અને જે અજ્ઞાન, અવિરતિ અને મિથ્યાત્વ જીવ છે, તે ઉપયોગ છે.

તાત્પર્ય એ છે કે આ મિથ્યાત્વાદિ ભાવો ચેતનના વિકાર પણ છે અને પૌદ્ગલિક કર્મોની પ્રકૃતિઓ પણ છે, તેથી ચેતન પણ છે અને અચેતન પણ છે.

આ ગાથાઓનો ભાવ આત્મખ્યાતિમાં આ પ્રમાણે સ્પષ્ટ કર્યો છે -

"મિથ્યાદર્શન, અજ્ઞાન, અવિરતિ આદિ સર્વ ભાવો મોર અને દર્પણની જેમ જીવ અને અજીવ દ્વારા ભાવવામાં આવતા હોવાથી જીવ પણ છે અને અજીવ પણ છે. હવે આ વાતને વિસ્તારથી સ્પષ્ટ કરીએ છીએ -

જેમ વાદળી, લીલો, પીળો આદિ વર્ણરૂપ ભાવો મોરના પોતાના સ્વભાવ હોવાથી મોર વડે જ ભાવવામાં આવે છે, મોરમાં જ મળી આવે છે; તેથી તેઓ મોર જ છે. પરંતુ દર્પણમાં પ્રતિબિંબરૂપે દેખાતા વાદળી, લીલો, પીળો આદિ વર્ણરૂપ ભાવો, દર્પણની સ્વચ્છતાના વિકારભાવથી

---

૧ સમયસાર (ગુજરાતી), પાનું ૧૬૧
૨ સમયસાર (ગુજરાતી), પાનું ૧૬૨

દર્પણ દ્વારા ભાવવામાં આવતા હોવાથી, દર્પણમાં જ મળી આવતા હોવાથી, દર્પણ જ છે, મોર નહીં.

બરાબર એ જ રીતે મિથ્યાદર્શન, અજ્ઞાન, અવિરતિ આદિ પૌદ્‌ગલિક કર્મરૂપભાવો અજીવના પોતાના સ્વભાવ હોવાથી અજીવ દ્વારા જ ભાવવામાં આવે છે, અજીવમાં જ મળી આવે છે; તેથી તેઓ અજીવ જ છે. પરંતુ પુદ્‌ગલકર્મના ઉદયાનુસાર આત્મામાં ઉત્પન્ન થનારા મિથ્યાદર્શન, અજ્ઞાન અને અસંયમ આદિ ભાવો ચૈતન્યના ભાવો હોવાથી જીવ દ્વારા ભાવવામાં આવે છે, જીવમાં જ મળી આવે છે; તેથી જીવ જ છે.

આથી એ સુનિશ્ચિત જ છે કે નિશ્ચયથી જે મિથ્યાદર્શન, અજ્ઞાન અને અવિરતિ આદિ અજીવ છે, તેઓ તો અમૂર્તિક ચૈતન્યપરિણામોથી ભિન્ન મૂર્તિક પુદ્‌ગલકર્મ છે અને જે મિથ્યાદર્શન, અજ્ઞાન અને અવિરતિ આદિ જીવ છે, તેઓ મૂર્તિક પુદ્‌ગલકર્મથી ભિન્ન ચૈતન્યપરિણામના વિકાર છે.''

અહીં મોર અને દર્પણમાં પ્રતિબિંબિત મોરના ઉદાહરણના માધ્યમથી જીવ અને અજીવ મિથ્યાત્વાદિને સમજાવવામાં આવ્યા છે. મોરમાં જોવામાં આવતા વાદળી, લીલા, પીળા રંગો તો મોરથી અભિન્ન હોવાથી મોર જ છે; પરંતુ દર્પણમાં પ્રતિબિંબિત થનારા મોરમાં જે વાદળી, લીલા, પીળા રંગો દેખાય છે, તેમનામાં મોરનું કાંઈ પણ નથી; કારણ કે તેઓ તો મોરના નિમિત્તથી થનારા દર્પણના જ પરિણમનો છે, મોરના નહિ. તાત્પર્ય એ છે કે દર્પણમાં જોવામાં આવતો મોર તે મોર છે જ નહિ, તે તો દર્પણ જ છે.

એ રીતે જે કાર્માણવર્ગણારૂપ પૌદ્‌ગલિક સ્કંધો મિથ્યાત્વાદિ પ્રકૃતિઓરૂપે પરિણમે છે, તે મિથ્યત્વાદિ પ્રકૃતિઓ તો દ્રવ્યમિથ્યાત્વાદિ છે, અજીવમિથ્યાત્વાદિ છે; પરંતુ તે જ મિથ્યાત્વાદિ કર્મોના ઉદયાનુસાર જીવમાં થનારા પરકર્તૃત્વાદિબુદ્ધિરૂપ મિથ્યાત્વાદિ ભાવો જીવના વિકાર હોવાથી જીવ છે.

આમ મિથ્યાત્વ, અજ્ઞાન અને અસંયમ આદિ જીવરૂપ પણ હોય છે અને અજીવરૂપ પણ.

આચાર્ય જયસેને તાત્પર્યવૃત્તિ ટીકામાં પણ આત્મખ્યાતિની જેમ મોર અને દર્પણના ઉદાહરણથી જ આ વાત સ્પષ્ટ કરી છે.

૮૭મી ગાથાના ભાવાર્થમાં પંડિત જયચંદજી છાબડાએ જે સ્પષ્ટીકરણ કર્યું છે, તે કાંઈક વિશેષ ઊંડાણવાળું છે, જે આ પ્રમાણે છે -

"પુદ્ગલના પરમાણુઓ પૌદ્ગલિક મિથ્યાત્વ આદિ કર્મરૂપે પરિણમે છે. તે કર્મનો વિપાક (ઉદય) થતાં તેમાં જે મિથ્યાત્વાદિ સ્વાદ ઉત્પન્ન થાય છે, તે મિથ્યાત્વ આદિ અજીવ છે અને કર્મના નિમિત્તથી જીવ વિભાવરૂપ પરિણમે છે, તે વિભાવ પરિણામો ચેતનના વિકાર છે; તેથી તેઓ જીવ છે.

અહીં એમ જાણવું જોઈએ કે મિથ્યાત્વ આદિ કર્મની પ્રકૃતિઓ પુદ્ગલદ્રવ્યના પરમાણુઓ છે. જીવ ઉપયોગસ્વરૂપ છે, તેના ઉપયોગની એવી સ્વચ્છતા છે કે પૌદ્ગલિક કર્મનો ઉદય થતાં તેના ઉદયનો જે સ્વાદ આવે, તેના આકારે ઉપયોગ થઈ જાય છે. અજ્ઞાનીને અજ્ઞાનને કારણે તે સ્વાદનું અને ઉપયોગનું ભેદજ્ઞાન નથી; તેથી તે સ્વાદને જ પોતાનો ભાવ જાણે છે. જ્યારે તેમનું ભેદજ્ઞાન થાય છે અર્થાત્ જીવભાવને જીવ જાણે છે અને અજીવભાવને અજીવ જાણે છે, ત્યારે મિથ્યાત્વનો અભાવ થઈને સમ્યગ્જ્ઞાન થાય છે."

આ ભાવાર્થનો ભાવ સ્પષ્ટ કરતાં પૂજ્ય ગુરુદેવ કહે છે - "જીવને પોતાના મિથ્યાત્વભાવનું વેદન તો થાય છે; પરંતુ જડ-મિથ્યાત્વનું (કર્મનું) વેદન જીવને થતું નથી. જ્ઞાનમાં જડના રસનો ખ્યાલ તો આવે છે, પરંતુ અજ્ઞાની એમ માને છે કે હું જડનો સ્વાદ લઉં છું. જડની પર્યાય રૂપી છે, તે અરૂપી જીવમાં આવતી નથી. જ્ઞાન જડના રસ અથવા સ્વાદને

જાણે તો છે, પણ તે જડનો સ્વાદ જ્ઞાનમાં પ્રવેશ કરતો નથી; પરંતુ અજ્ઞાની આ પ્રમાણે ન માનતાં જડનો સ્વાદ મને આવ્યો - એમ માનીને મિથ્યાત્વભાવનું સેવન કરે છે.

જુઓ, લાડુ ખાય છે તો તેના સ્વાદનું જ્ઞાન થાય છે, પરંતુ લાડુનો સ્વાદ જ્ઞાનમાં આવી જતો નથી; કારણ કે લાડુનો સ્વાદ તો જડ છે, રૂપી છે અને ભગવાન આત્મા ચૈતન્યમય અરૂપી છે - આ અરૂપીમાં રૂપીનો પ્રવેશ કેમ થઈ શકે ? તેવી જ રીતે કર્મનો ઉદય જડ છે, તે જડના સ્વાદ (અનુભવ) ને જ્ઞાન જાણે છે, પરંતુ અજ્ઞાનીને ભેદજ્ઞાન નથી - તેથી જડના સ્વાદનો જ્ઞાનમાં ખ્યાલ આવતાં જ તે એમ માની લે છે કે મને જડકર્મનો સ્વાદ આવ્યો છે - આમ માનીને તે મિથ્યાત્વનું સેવન કરે છે.

કર્મનો ઉદય (ફળ) આવતાં જે મિથ્યાત્વાદિનો સ્વાદ ઉત્પન્ન થાય છે, તે મિથ્યાત્વાદિઅજીવ છે.[1]''

અહીં મિથ્યાત્વકર્મના અનુભાગને અજીવમિથ્યાત્વ કહેવાઈ રહ્યું છે - એમ લાગે છે; પરંતુ આ ગાથાઓમાં મૂળ કહેવાનું તો એ જ છે કે મિથ્યાત્વ, અજ્ઞાન અને અવિરતિ જીવ અને અજીવના ભેદથી, ભાવ અને દ્રવ્યના ભેદથી બે-બે પ્રકારના હોય છે.

૧ પ્રવચન રત્નાકર (હિંદી), ભાગ-૩, પાનું-૩૩૯

समयसार गाथा - ८९

હવે એ પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે આખરે મિથ્યાત્વાદિ ભાવો આવ્યા કયાંથી ? અને તેઓ આત્માની સાથે કયાર થી છે ?

આ પ્રશ્નના ઉત્તરમાં ૮૯મી ગાથા લખવામાં આવી છે, જે આ પ્રમાણે છે -

उवओगस्स अणाई परिणामा तिण्णि मोहजुत्तस्स ।
मिच्छतं अण्णाणं अविरदिभावो य णादव्वो ॥८९॥

(હરિગીત)

છે મોહયુત ઉપયોગના પરિણામ ત્રણ અનાદિના,
-મિથ્યાત્વ ને અજ્ઞાન, અવિરતભાવ એ ત્રણ જાણવા. ૮૯.[1]

મોહયુક્ત ઉપયોગના મિથ્યાત્વ, અજ્ઞાન અને અવિરતભાવ - એ ત્રણ પરિણામો અનાદિથી જ જાણવા જોઈએ.

ઉકત ગાથાનો ભાવ આત્મખ્યાતિમાં આ પ્રમાણે સ્પષ્ટ કર્યો છે-

"જોકે નિશ્ચયથી નિજરસથી જ સર્વ વસ્તુઓમાં પોતાના સ્વભાવભૂત સ્વરૂપ-પરિણમનનું સામર્થ્ય હોય છે; તોપણ આ આત્માના ઉપયોગને (આત્માને) અનાદિથી જ અન્ય વસ્તુભૂત મોહ સાથે સંયુક્તપણું હોવાથી, મિથ્યાદર્શન, અજ્ઞાન અને અવિરતિના ભેદથી ત્રણ પ્રકારનો પરિણામવિકાર છે.

---

૧ સમયસાર (ગુજરાતી), પાનું-૧૬૩

ઉપયોગનો આ પરિણામવિકાર સ્ફટિકની સ્વચ્છતાના પરિણામવિકારની જેમ પરના કારણે (પરની ઉપાધિથી) ઉત્પન્ન થતો દેખાય છે.

જેમ સ્ફટિકમણિ પોતાના સ્વરૂપ-પરિણમનમાં સમર્થ છે, તોપણ કાળા રંગના તમાલપત્ર, લીલા રંગના કેળના પાન અને પીળા રંગના સ્વર્ણપાત્રના આધારનો સંયોગ હોવાથી સ્ફટિકની સ્વચ્છતાનો કાળો, લીલો અને પીળો - એમ ત્રણ પ્રકારનો પરિણામવિકાર દેખાય છે.

તેમ આત્માને અનાદિથી મિથ્યાદર્શન, અજ્ઞાન અને અવિરતિ જેનો સ્વભાવ છે, એવા અન્ય વસ્તુભૂત મોહનો સંયોગ હોવાથી આત્માના ઉપયોગનો મિથ્યાદર્શન, અજ્ઞાન અને અવિરતિ - એમ ત્રણ પ્રકારનો પરિણામવિકાર સમજવો જોઈએ.''

ગાથામાં તો માત્ર એટલું જ કહ્યું છે કે મોહયુક્ત હોવાથી આત્મામાં અનાદિથી જ મિથ્યાદર્શન, અજ્ઞાન અને અસંયમભાવ મળી આવે છે; પરંતુ ટીકામાં પહેલાં એ સ્પષ્ટ કર્યું છે કે પ્રત્યેક વસ્તુ પોતાના સ્વભાવથી જ સ્વાભાવિક પરિણમન કરવાનું સામર્થ્ય ધરાવે છે; તેથી આત્મામાં પણ સ્વાભાવિક પરિણમન કરવાનું સામર્થ્ય છે. ત્યાર બાદ સ્ફટિકમણિના ઉદાહરણથી એમ સમજાવ્યું છે કે આ આત્મા અનાદિથી મિથ્યાદર્શનાદિરૂપ પરિણમિત થઈ રહ્યો છે.

જેવી રીતે સ્ફટિકમણિ સ્વભાવથી જ અત્યંત નિર્મળ છે અને નિર્મળતારૂપે પરિણમિત થવામાં પણ સમર્થ છે. તેને પોતાના નિર્મળ પરિણમન માટે પરની રંચમાત્ર અપેક્ષા નથી; તેમ છતાં તેના સ્વભાવમાં જ એ યોગ્યતા પણ વિદ્યમાન છે કે જો તેને કાળા તમાલપુષ્પનો સંયોગ મળશે તો તે કાળા રંગરૂપે પરિણમિત થઈ જશે, જો તેને કેળના લીલા પાન પર રાખવામાં આવશે તો તે લીલો થઈ જશે અને જો તેને પીળા સ્વર્ણપાત્રમાં મૂકવામાં આવશે તો તે પીળો થઈ જશે.

તેવી રીતે આ ભગવાન આત્મા સ્વભાવથી જ અત્યંત નિર્મળ

છે, નિર્વિકારી છે, શુદ્ધ-શુદ્ધ છે, નિરંજન છે, નિરાકાર છે અને પોતાના સ્વભાવરૂપે પરિણમિત થવામાં પણ પૂર્ણ સમર્થ છે; તેમ છતાં અનાદિથી જ અન્ય વસ્તુભૂત જડમિથ્યાત્વાદિ કર્મોના સંયોગથી આત્માનો ઉપયોગ પણ મિથ્યાત્વાદિ વિકારીભાવોરૂપે પરિણમિત થઈ રહ્યો છે.

અહીં એક વાત એ પણ ધ્યાન દેવા યોગ્ય છે કે જેમ સ્ફટિકમણિનું કાળા, લીલા અને પીળા રંગરૂપ પરિણમન, તેનું સ્વાભાવિક પરિણમન નથી, પણ ઔપાધિક ભાવ છે, ક્ષણિક છે; ઉક્ત વિકૃત પરિણમનનો સ્ફટિકમણિની અંદર પ્રવેશ પણ નથી; તેમ આ મિથ્યાત્વાદિરૂપ પરિણમન પણ આત્માનું સ્વાભાવિક પરિણમન નથી, પણ ઔપાધિક ભાવ છે, ક્ષણિક છે; ઉક્ત વિકારોનો આત્મ-સ્વભાવની અંદર પ્રવેશ પણ નથી.

આ બધું હોવા છતાં પણ વર્તમાન ક્ષણિક અવસ્થામાં તો તે સ્ફટિકમણિ રંગ-બેરંગી થઈ જ ગયો છે. તેવી જ રીતે સ્વભાવથી શુદ્ધ-બુદ્ધ આ આત્મા પણ ક્ષણિક અવસ્થામાં તો મિથ્યાત્વાદિ ભાવોરૂપે થઈ જ ગયો છે.

આ વિષે પૂજ્ય ગુરૂદેવનું સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે -

''આત્માના દ્રવ્ય-ગુણ તથા તેનો વર્તમાન વર્તતો અંશ કારણશુદ્ધપર્યાય તો શાંતરસ, ચૈતન્યરસ, અકષાયરસના કારણે શુદ્ધ છે, પવિત્ર છે તથા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની નિર્મળપરિણતિરૂપે પરિણમન કરવાનું તેનું સામર્થ્ય છે. અહાહા ! ભગવાન આત્મા તો અતીન્દ્રિય આનંદરસ તેમજ અતીન્દ્રિય જ્ઞાનરસનો સ્વામી થઈને અતીન્દ્રિય આનંદરૂપે પરિણમન કરવાના સામર્થ્યવાળો છે; તોપણ અનાદિકાળથી અન્યવસ્તુ અર્થાત્ જડમોહ સાથે સંબંધ કરવાથી ઉપયોગમાં વિકારી પરિણામ ઉત્પન્ન થાય છે. ભગવાન આત્માનો જાણવા-દેખવારૂપ ઉપયોગ તો સદા નિર્મળ તેમજ શુદ્ધ છે, પરંતુ તેમાં અનાદિ મોહકર્મના સંયોગના વશે મિથ્યાત્વ, અજ્ઞાન અને અવિરતિ - એવા ત્રણ પ્રકારે વિકારી પરિણામની સ્વયં ઉત્પત્તિ થાય છે.

સમયસારના ૧૭૫મા કળશમાં કહ્યું છે કે સૂર્યકાંતમણિ પોતાથી જ અગ્નિરૂપે પરિણમતો નથી, તેના અગ્નિરૂપ પરિણમનમાં સૂર્યનું બિંબ નિમિત્ત છે, તેવી રીતે આત્મા પોતે રાગાદિભાવનું નિમિત્ત કદી પણ થતો નથી, તેમાં પરદ્રવ્યનો સંગ જ નિમિત્ત છે - આવો વસ્તુનો સ્વભાવ પ્રકાશમાન છે. જોકે વિકાર પરસંગ વડે થતો નથી; પરંતુ જ્યારે પરદ્રવ્યનો સંગ જીવ પોતે કરે છે, ત્યારે રાગાદિ વિકાર થાય છે.

જીવમાં મિથ્યાત્વાદિ પરિણામ પોતાના ષટ્કારકના પરિણમનથી થાય છે - એમ પંચાસ્તિકાયસંગ્રહની ૬૨મી ગાથામાં કહ્યું છે. શુદ્ધચૈતન્યસ્વભાવમય નિજ આત્માનો સંગ છોડીને જીવ કર્મનો સંગ કરે છે તો પોતામાં વિકારભાવ સ્વયં ઉત્પન્ન થાય છે - આ મહાસિદ્ધાંત છે.[૧]

જુઓ ! મિથ્યાદર્શન, અજ્ઞાન અને અવિરતિ - આ અન્યવસ્તુભૂત જડમોહ કર્મના સ્વભાવો છે. તે મોહનો સંયોગ અર્થાત્ તેનું નિમિત્ત થતાં આત્મામાં મિથ્યાદર્શન આદિ પરિણામ થાય છે. સંયોગ તો નિમિત્તમાત્ર છે; દ્રવ્યકર્મના સંયોગના કારણે મિથ્યાત્વાદિ વિકારપરિણામ થતાં નથી. જેમ સ્ફટિકમાં કાળા, લીલા, પીળા રંગો દેખાય છે, તે સ્ફટિકની પર્યાયની યોગ્યતાથી થયા છે, તેમને વાસણો (આધારો) એ કર્યા નથી; તેવી રીતે જીવમાં થયેલા મિથ્યાત્વાદિ ભાવો જીવની પર્યાયની યોગ્યતાથી થયા છે, જડમોહકર્મે કર્યા નથી, જડમોહ તો નિમિત્તમાત્ર છે.

લોખંડના સળીયાની જે ઉષ્ણ અવસ્થા થાય છે, તેનો કર્તા લોખંડની સળીયારૂપ પર્યાય જ છે. અભેદથી કહીએ તો લોખંડ દ્રવ્ય જ તે ઉષ્ણતાનું કર્તા છે, અગ્નિ નહીં. આ ઈન્દ્રિય-વિષયો (રૂપ, રસ, ગંધ, સ્પર્શ અને શબ્દ) સુખ-દુઃખ થવામાં નિમિત્ત છે; પરંતુ તે ઈન્દ્રિયોના વિષયો સુખ-દુઃખ ઉત્પન્ન કરતાં નથી.[૨,૩]

---

૧ પ્રવચનરત્નાકર (હિંદી), ભાગ-૩, પાનું-૩૪૯

૧ પ્રવચનરત્નાકર (હિંદી), ભાગ-૩, પાનું-૩૫૨

ઉક્ત સંપૂર્ણ કથનનું તાત્પર્ય એ છે કે પરસંગથી મિથ્યાત્વાદિ વિકારીભાવોરૂપ પરિણમિત થવું તે આત્માનો પર્યાયગત સ્વભાવ છે અને તે પરિણમન અનાદિથી થઈ રહ્યું છે.

અહીં એક વાત વિશેષ જાણવા યોગ્ય તો એ છે કે જો એક વાર આ મિથ્યાત્વાદિ ભાવોનો નાશ થઈ જાય તો ફરી તેમની ઉત્પતિ થતી નથી; જેમકે પાછળના કળશમાં પણ કહેવામાં આવ્યું હતું.

જ્ઞાનગોષ્ઠી

પ્રશ્ન:- સમયસાર ગાથા ૧૧મી એ તો જૈનદર્શનના પ્રાણ સમાન છે, તેમાં તો વ્યવહારને અભૂતાર્થ કહ્યો છે-જૂઠો કહ્યો છે, કૃપા કરી એ ગાથાનું સ્પષ્ટીકરણ કરશો?

ઉત્તર:- સમયસાર ગાથા ૧૧મી એ તો જૈનદર્શનના પ્રાણ સમાન છે. તેમાં નિશ્ચય-વ્યવહારનયની વાત કરી છે તેને યથાર્થ જાણવી જોઈએ. રાગ, પર્યાયને ગુણભેદ, તે વ્યવહારનયનો વિષય છે તે ત્રિકાળી વસ્તુમાં નથી. તેથી વ્યવહારનયને જૂઠો કહીને અભૂતાર્થ કહ્યો છે એટલે પર્યાય છે જ નહિ તેમ સીધો અર્થ થાય છે, પરંતુ તેમ નથી. પર્યાય છે ખરી પણ ત્રિકાળી વસ્તુ તે પર્યાય નથી તેથી પર્યાયની ઉપેક્ષા કરીને ગૌણ કરીને ત્રિકાળી ધ્રુવ જ્ઞાયકની દષ્ટિ કરાવવી છે. કેમ કે ત્રિકાળી દ્રવ્યને મુખ્ય કરીને ગૌણ કરીને ત્રિકાળી ધ્રુવ જ્ઞાયકની દષ્ટિ કરાવવી છે. કેમ કે ત્રિકાળી દ્રવ્યને મુખ્ય કરીને દ્રવ્યનો અનુભવ કરાવવાનું પ્રયોજન છે. જ્ઞાન તે આત્મા એવો ભેદ પણ દષ્ટિના વિષયમાં આવતો નથી. અભેદ દેખનારની દષ્ટિમાં ભેદ દેખાતો નથી, સત્યાર્થ દેખનારને અસત્યાર્થ દેખાતો નથી, નિત્ય દેખનારને અનિત્ય દેખાતો નથી, ભૂતાર્થ દેખનારને અભૂતાર્થ દેખાતો નથી, એકાકાર દેખનારને અનેકાકાર દેખાતો નથી. તેથી ભેદરૂપ વ્યવહારને અભૂતાર્થ કહ્યો છે અને નિશ્ચયનયના વિષયભૂત ત્રિકાળી ધ્રુવવસ્તુ એક જ ભૂતાર્થ હોવાથી તેનો આશ્રય કરાવ્યો છે. -આત્મધર્મ અંક ૪૨૧, નવેમ્બર ૧૯૭૮, પૃષ્ઠ ૨૫

સમયસાર ગાથા ૯૦-૯૧

વિગત ગાથામાં કહેવામાં આવ્યું છે કે ભગવાન આત્મા સ્વભાવથી શુદ્ધ-બુદ્ધ હોવા છતાં પણ અનાદિથી જ મોહયુક્ત હોવાને કારણે મિથ્યાત્વ, અજ્ઞાન અને અવિરતિ ભાવરૂપે પરિણમિત થઈ રહ્યો છે. તેથી હવે એ પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે આ મિથ્યાત્વાદિભાવોનો કર્તા કોણ છે ?

આ પ્રશ્નના ઉત્તરમાં ૯૦-૯૧મી ગાથાઓ લખવામાં આવી છે. જે આ પ્રમાણે છે –

अेदेसु य उवओगो तिविहो सुद्धो निरंजणो भावो ।
जं सो करेदि भावं उवओगो तस्स सो कत्ता ॥९०॥

जं कुणइ भावमादा कत्ता सो होदि तस्स भावस्स ।
कम्मत्तं परिणमदे तम्हि सयं पोग्गलं दव्वं ॥९१॥

(હરિગીત)

એનાથી છે ઉપયોગ ત્રાણવિધ, શુદ્ધ નિર્મળ ભાવ જે;
જે ભાવ કંઈ પણ તે કરે, તે ભાવનો કર્તા બને. ૯૦.[1]

જે ભાવ જીવ કરે અરે ! જીવ તેહનો કર્તા બને;
કર્તા થતાં, પુદ્ગલ સ્વયં ત્યાં કર્મરૂપે પરિણમે. ૯૧.[2]

જોકે આત્માનો ઉપયોગ શુદ્ધ અને નિરંજન ભાવ છે; તોપણ ત્રણ

---

૧ સમયસાર (ગુજરાતી), પાનું ૧૬૪
૨ સમયસાર (ગુજરાતી), પાનું ૧૬૫

પ્રકારનો થયો થકો તે ઉપયોગ જે ભાવને સ્વયં કરે છે, તે ભાવનો તે કર્તા થાય છે.

આત્મા જે ભાવને કરે છે, તેનો તે કર્તા થાય છે. તે કર્તા થતાં પુદ્‌ગલદ્રવ્ય પોતાની મેળે કર્મરૂપે પરિણમિત થાય છે.

આ ગાથાઓનો ભાવ આત્મખ્યાતિમાં આ પ્રમાણે સ્પષ્ટ કરવામાં આવ્યો છે -

"જોકે પરમાર્થથી ઉપયોગ શુદ્ધ, નિરંજન તેમજ અનાદિનિધન વસ્તુના સર્વસ્વભૂત ચૈતન્યમાત્રભાવપણાથી એક પ્રકારનો જ છે; તોપણ અનાદિથી જ અન્યવસ્તુભૂત મોહ સાથેના સંયુક્તપણાને લીધે પોતામાં ઉત્પન્ન થતા મિથ્યાદર્શન, અજ્ઞાન અને અવિરતિ ભાવરૂપ પરિણામવિકારોના નિમિત્તે અશુદ્ધ, સાંજન અને અનેકપણાને પ્રાપ્ત થતો ત્રણ પ્રકારનો થઈને સ્વયં અજ્ઞાની થયો થકો કર્તાપણાને પામતો, વિકારરૂપ પરિણમીને જે-જે ભાવમાં પોતાપણું સ્થાપે છે, તે-તે ભાવનો કર્તા થાય છે.

આત્મા જે ભાવને કરે છે, સ્વયં જ તે ભાવરૂપે પરિણમવાથી (મંત્ર) સાધકની જેમ તે ભાવનો કર્તા થાય છે. અને આત્માનો તે ભાવ નિમિત્તભૂત થતાં પુદ્‌ગલદ્રવ્ય કર્મરૂપે સ્વયં પરિણમે છે.

જેમ મંત્રની સાધના કરનાર સાધક તે પ્રકારના ધ્યાનભાવે પોતે જ પરિણમતો થકો ધ્યાનનો કર્તા થાય છે અને તે ધ્યાનભાવ સમસ્ત સાધ્યભાવોને અનુકૂળ હોવાથી નિમિત્તમાત્ર થતાં સાધકના કર્તા થયા વિના વ્યાપેલું વિષ સ્વયમેવ ઊતરી જાય છે, સ્ત્રીઓ સ્વયમેવ વિડંબના પામે છે અને બંધનો સ્વયમેવ તૂટી જાય છે.

તેમ આ આત્મા અજ્ઞાનને કારણે મિથ્યાદર્શનાદિક ભાવરૂપે સ્વયં પરિણમતો થકો મિથ્યાદર્શનાદિક ભાવનો કર્તા થાય છે અને તે મિથ્યાદર્શનાદિકભાવ પુદ્‌ગલદ્રવ્યને કર્મરૂપે પરિણમિત થવામાં અનુકૂળ હોવાથી નિમિત્તમાત્ર થતાં, આત્માના કર્તા થયા વિના પુદ્‌ગલદ્રવ્ય મોહનીય આદિ કર્મરૂપે સ્વયમેવ પરિણમિત થાય છે."

તાત્પર્યવૃત્તિમાં પણ આ ગાથાઓનો ભાવ આ રીતે જ સ્પષ્ટ કરવામાં આવ્યો છે. બસ એટલી વિશેષતા છે કે તાત્પર્યવૃત્તિમાં શુદ્ધ અને નિરંજન પદની વ્યાખ્યા પણ કરવામાં આવી છે. જે આ પ્રમાણે છે -

"શુદ્ધ એટલે રાગાદિભાવકર્મથી રહિત છે અને નિરંજન એટલે જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મરૂપી અંજનથી રહિત છે."

પંડિત જયચંદજી છાબડા ભાવાર્થમાં સ્પષ્ટ કરે છે કે - "જોકે શુદ્ધદ્રવ્યાર્થિકનયે આત્મા કર્તા નથી, તોપણ ઉપયોગ અને આત્મા એક વસ્તુ હોવાથી અશુદ્ધદ્રવ્યાર્થિકનયે આત્માને પણ કર્તા કહેવામાં આવે છે."

ઉક્ત ગાથાઓમાં અત્યંત સીધી અને સરળ ભાષામાં એ વાત કહેવામાં આવી છે કે જોકે ભગવાન આત્મા તો સદાય શુદ્ધ-બુદ્ધ અને નિરંજન-નિરાકાર છે; તોપણ અનાદિથી મોહયુક્ત હોવાથી મિથ્યાદર્શન, અજ્ઞાન અને અવિરતભાવપણે પરિણમિત થઈ રહ્યો છે; તેથી તે આ ભાવોનો કર્તા પણ છે, પરંતુ પરનો કર્તા કદાપિ નથી. હા, એ વાત અવશ્ય છે કે આત્માના ઉક્ત મિથ્યાદર્શનાદિ ભાવોનું નિમિત્ત પામીને પૌદ્‌ગલિક કાર્માણવર્ગણાઓ સ્વયં કર્મરૂપે પરિણમિત થતી રહે છે.

પ્રશ્ન - 'કાર્માણવર્ગણાઓ સ્વયં જ પરિણમિત થતી રહે છે' - એ તો સંભવ લાગતું નથી.

ઉત્તર - કેમ, એમાં અસંભવ શું છે ? લોકોની આ જ શંકાને નિર્મૂળ કરવા માટે ટીકામાં મંત્રસાધકનું ઉદાહરણ આપીને સમજાવવામાં આવ્યું છે. એ તો લોકમાં પ્રસિદ્ધ જ છે કે મંત્રથી સર્પાદિનું ઝેર ઉતારનાર મંત્રવાદી મંત્રના શબ્દોનું ઉચ્ચારણ સુદ્ધા કરતો નથી, પરંતુ મંત્રને મનમાં જ બોલે છે; તેમ છતાં દૂર બેઠેલા મનુષ્યોનું ઝેર ઉતરી જાય છે. એવી જ રીતે અહીં આત્મા મિથ્યાત્વાદિભાવોરૂપે પરિણમિત થાય છે અને ત્યાં કાર્માણવર્ગણાઓ કર્મરૂપે પરિણમિત થઈ જાય છે તથા અહીં આત્મા સમ્યગ્દર્શનાદિરૂપે પરિણમિત થાય છે અને ત્યાં કર્મબંધન અભાવને પ્રાપ્ત થઈ જાય છે. આવો જ સહજ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે.

ટીકામાં ઝેર ઉતરવાના ઉદાહરણ ઉપરાંત બીજા બે દ્રષ્ટાંતો પણ આપ્યાં છે - મંત્રોના પ્રભાવથી (૧) સ્ત્રીઓ વિડંબનાને પ્રાપ્ત થાય છે અને (૨) બંધન સ્વયમેવ તૂટી જાય છે - આ વાતો પણ લોકમાં ઘટિત થતી જોવામાં આવે છે અને આ પ્રકારના કથનો શાસ્ત્રોમાં પણ મળી આવે છે. ભગવાન ઋષભદેવની ભક્તિના પ્રભાવથી આચાર્ય માનતુંગના બંધનો તૂટી જવાની વાત તો પ્રસિદ્ધ છે જ અને બીજા પ્રકારની અનેક કથાઓ પણ શાસ્ત્રોમાં આવે છે તથા લોકમાં પણ પ્રસિદ્ધ છે.

આકાશમાં સૂર્યનું ઉદિત થવું અને તેના નિમિત્તથી સરોવરમાં કમળોનું ખીલવું આદિ અનેક ઉદાહરણો જોઈ શકાય છે, જેમનાથી સહજ નિમિત્ત-નૈમિત્તિક ભાવ સિદ્ધ થાય છે. અહીં તો એ જ બતાવવું અભિષ્ટ છે કે આ બધામાં સહજ નિમિત્ત-નૈમિત્તિક ભાવ જ છે, કર્તા-કર્મ સંબંધ નથી. નિમિત્ત-નૈમિત્તિક ભાવને સમજવા માટે લેખકની અન્ય કૃતિ 'निमित्तोपादान'નું ઊંડાણથી અધ્યયન કરવું જોઈએ.

ઉકત સંદર્ભમાં પૂજ્ય ગુરૂદેવનું સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે -

'જુઓ ! મંત્રસાધક પોતાની મંત્રસાધનાની અથવા ધ્યાનની પર્યાયનો કર્તા છે; પરંતુ બીજાનું ઝેર ઉતરી જાય છે તે ઝેર ઉતરવાની ક્રિયાનો તે કર્તા નથી. કહ્યું છે ને કે તેમાં સાધકનું ધ્યાન અનુકૂળ હોવાથી નિમિત્તભૂત થતાં સાધકના કર્તા થયા વિના જ સર્પાદિકનું ઝેર સ્વયમેવ ઉતરી જાય છે. પરમાં જે પરિણતિ થઈ, તે મંત્રસાધકથી નથી થઈ. મંત્રસાધકનું ધ્યાન નિમિત્તભૂત થતાં, તેના કર્તા થયા વિના જ સ્ત્રીઓ વિડંબનાને પ્રાપ્ત થઈ જાય છે. સ્ત્રીઓમાં વિડંબનાની અવસ્થા તેઓની પોતાની પોતાથી થઈ છે, તેમાં મંત્રસાધકનું કાંઈ કામ નથી, તેઓની વિડંબનારૂપ ક્રિયાનો કર્તા મંત્રસાધક નથી. અહીં આચાર્યે કહ્યું છે ને કે સ્ત્રીઓ સ્વયમેવ વિડંબનાને પ્રાપ્ત થાય છે; તેવી જ રીતે સાધકનું ધ્યાન નિમિત્તભૂત થતાં સાધકના કર્તા થયા વિના જ કર્મબંધન સ્વયમેવ તૂટી જાય છે.

મંત્રનો સાધક પોતાની સાધનાની પર્યાયનો કર્તા છે; પરંતુ તે પર (નૈમિત્તિક) પરિણતિનો કર્તા નથી. અરે ! આજકાલ તો લોકો એમ માને છે કે જ્ઞાનાવરણીય કર્મ જીવના જ્ઞાનને રોકે છે, ચારિત્રમોહનીય કર્મના ઉદયથી જીવને રાગ થાય છે, વ્યવહારથી નિશ્ચય થાય છે - ઈત્યાદિ, પરંતુ ભાઈ ! એમ નથી. અહીં તો એમ કહે છે કે જ્ઞાનાવરણીય કર્મના કર્તા થયા વિના જ જ્ઞાનની હીનદશા સ્વયમેવ થાય છે. બહુ સૂક્ષ્મ વાત છે ભાઈ ! પરંતુ સમજવા જેવી છે, ઉપયોગને સૂક્ષ્મ કરવાથી જરૂર સમજમાં આવશે.'[૧]

---

૧ પ્રવચનરત્નાકર (હિંદી), ભાગ-૩, પાનું-૩૬૪-૩૬૫

જ્ઞાનગોષ્ઠી

પ્રશ્ન:- શું વ્યવહારરત્નત્રય મોક્ષનું વાસ્તવિક કારણ નથી ?

ઉત્તર:- જે મોક્ષનું કહેવામાત્ર-કથનમાત્ર કારણ છે એવો વ્યવહારરત્નત્રય તો ભવસાગરમાં ડૂબેલા જીવોએ પૂર્વે ભવભવમાં સાંભળ્યો છે અને કર્યો પણ છે. દયા-દાન-ભક્તિ-વ્રત-તપ આદિ શુભરાગનો વ્યવહાર તો ભવસાગરમાં ડૂબેલા જીવોએ અનંતવાર સાંભળ્યો છે અને આચર્યો છે પણ તે વ્યવહારરત્નત્રય કાંઈક કથનમાત્ર મોક્ષનું કારણ છે પરંતુ ખરેખર તો તે બંધનું જ કારણ છે. જે રાગ દુઃખરૂપ છે ઝેરરૂપ છે તે અમૃતરૂપ એવા મોક્ષનું કારણ કેમ હોય ? દેવ-શાસ્ત્ર-ગુરુની ભક્તિ પૂજા, જિનમંદિર બંધાવવા, મોટા ગજરથ કાઢવા આદિ બંધું તો ભવભવમાં અનંતવાર કર્યું, શાસ્ત્રનું અગિયાર અંગનું જ્ઞાન, નવતત્ત્વની ભેદરૂપ શ્રદ્ધા અને વ્રત-તપ આદિનું આચરણ પૂર્વે અનંતવાર સાંભળ્યું છે અને આચર્યું પણ છે પણ અરેરે! ખેદ છે કે જે સર્વથા એક જ્ઞાનસ્વરૂપ છે એવા પરમાત્મતત્ત્વને જીવે કદી સાંભળ્યું નથી, આચર્યું નથી. - *આત્મધર્મ અંક ૪૩૫, જાન્યુઆરી ૧૯૮૦, પૃષ્ઠ ૩૨*

સમયસાર ગાથા ૯૨-૯૩

હવે આગામી ગાથાઓમાં નિષ્કર્ષરૂપે કહે છે કે અજ્ઞાની જીવ કર્મોનો કર્તા થાય છે અને જ્ઞાની જીવ કર્મોનો કર્તા થતો નથી.

परमप्पाणं कुव्वं अप्पाणं पि य परं करिंतो सो ।
अण्णाणमओ जीवो कम्माणं कारगो होदि ॥९२॥

परमप्पाणमकुव्वं अप्पाणं पि य परं अकुव्वंतो ।
सो णाणमयो जीवो कम्माणमकारगो होदि ॥९३॥

(હરિગીત)

પરને કરે નિજરૂપ ને નિજ આત્મને પણ પર કરે,
અજ્ઞાનમય એ જીવ એવો કર્મનો કારક બને. ૯૨.[1]

પરને ન કરતો નિજરૂપ, નિજ આત્મને પર નવ કરે,
એ જ્ઞાનમય આત્મા અકારક કર્મનો એમ જ બને. ૯૩.[2]

જે પરને પોતારૂપ કરે છે અને પોતાને પણ પરરૂપ કરે છે; તે અજ્ઞાની જીવ કર્મોનો કર્તા થાય છે.

જે પરને પોતારૂપ કરતો થી અને પોતાને પણ પરરૂપ કરતો નથી, ત જ્ઞાની જીવ કર્મોનો કર્તા થતો નથી, અકર્તા જ રહે છે.

ઉક્ત ગાથાઓનો ભાવ આત્મખ્યાતિમાં આ પ્રમાણે સ્પષ્ટ કર્યો છે -

---

૧ સમયસાર (ગુજરાતી), પાનું ૧૬૭
૨ સમયસાર (ગુજરાતી), પાનું ૧૬૮

''જ્યાં સુધી આ આત્મા અજ્ઞાનથી સ્વ અને પરમાં પરસ્પર ભેદ જાણતો નથી, ત્યાં સુધી પરને પોતારૂપ અને પોતાને પરરૂપ કરતો, સ્વયં અજ્ઞાનરૂપ થયો થકો કર્મોનો કર્તા પ્રતિભાસે છે; પરંતુ જ્યારે આ આત્મા જ્ઞાન વડે સ્વ અને પરના પરસ્પર ભેદને જાણી લે છે, ત્યારે પરને પોતારૂપ તેમજ પોતાને પરરૂપ ન કરતો, સ્વયં જ્ઞાનરૂપ થયો થકો, કર્મોનો અકર્તા પ્રતિભાસે છે.

જેમ શીત-ઉષ્ણનો અનુભવ કરાવવામાં સમર્થ એવી પુદ્ગલપરિણામની શીત-ઉષ્ણ અવસ્થા પુદ્ગલથી અભિન્નતાને કારણે આત્માથી સદાય અત્યંત ભિન્ન છે અને તેના નિમિત્તથી થતો તે પ્રકારનો અનુભવ આત્માથી અભિન્નતાને કારણે પુદ્ગલથી સદાય અત્યંત ભિન્ન છે.

તેવી જ રીતે તેવો અનુભવ કરાવવામાં સમર્થ પુદ્ગલપરિણામની રાગ-દ્વેષ, સુખ-દુઃખાદિ અવસ્થા પણ પુદ્ગલથી અભિન્નતાને કારણે આત્માથી સદાય અત્યંત ભિન્ન છે અને તેના નિમિત્તથી થતો તે પ્રકારનો અનુભવ આત્માથી અભિન્નતાને કારણે પુદ્ગલથી સદાય અત્યંત ભિન્ન છે.

જ્યારે આ આત્મા અજ્ઞાનને લીધે તે રાગ-દ્વેષ તેમજ સુખ-દુઃખાદિનો અને તેમના અનુભવનો પરસ્પર વિશેષ ન જાણતો હોય, ત્યારે એકત્વના અધ્યાસને લીધે શીત-ઉષ્ણની માફક (જેમ શીત-ઉષ્ણ અવસ્થાપણે આત્માનું પરિણમિત થવું અશક્ય છે, તેમ રાગ-દ્વેષ તેમજ સુખ-દુઃખાદિ અવસ્થાપણે આત્માનું પરિણમિત થવું અશક્ય છે) જે રૂપે આત્મા વડે પરિણમવું અશક્ય છે - એવા રાગ-દ્વેષ, સુખ-દુઃખાદિપણે અજ્ઞાનાત્મા વડે પરિણમિત થયો થકો, પોતાને પરિણમિત થયેલો માનતો થકો, જ્ઞાનનું અજ્ઞાનત્વ પ્રગટ કરતો, સ્વયં અજ્ઞાનરૂપ થયો થકો, 'આ હું રાગી છું, આ રાગ હું કરું છું' ઈત્યાદિ વિધિથી રાગાદિ કર્મનો કર્તા પ્રતિભાસે છે.

પરંતુ જ્યારે આ આત્મા જ્ઞાનને લીધે તે રાગ-દ્વેષ તેમજ સુખ-દુઃખાદિનું અને તેમના અનુભવનું પરસ્પર અંતર જાણી લે છે, ત્યારે 'તેઓ

એક નહીં, પરંતુ ભિન્ન-ભિન્ન છે' - એવા વિવેકને કારણે, ભેદવિજ્ઞાનને કારણે, શીત-ઉષ્ણની જેમ, જેમના રૂપે આત્મા વડે પરિણમન અશક્ય છે - એવા રાગ-દ્વેષ તેમજ સુખ-દુઃખાદિપણે અજ્ઞાનાત્મા વડે કિંચિતમાત્ર પણ પરિણમિત ન થયો થકો, જ્ઞાનનું જ્ઞાનત્વ પ્રગટ કરતો, સ્વયં જ્ઞાનરૂપ થયો થકો, 'આ હું રાગાદિને જાણું જ છું, રાગ તો પુદ્ગલ કરે છે' - ઈત્યાદિ વિધિથી, જ્ઞાનથી વિરુદ્ધ એવા સમસ્ત રાગાદિ કર્મનો અકર્તા પ્રતિભાસે છે.''

ઉક્ત સંપૂર્ણ કથનમાં એક જ વાત સ્પષ્ટ કરવામાં આવી છે કે જેમ પુદ્ગલની શીતોષ્ણ અવસ્થા પુદ્ગલનું પરિણામ છે, પુદ્ગલનું જ કર્મ છે, કાર્ય છે અને પુદ્ગલ જ તેનો કર્તા છે તથા તેને જાણનારૂં જ્ઞાન આત્માનું કર્મ છે, કાર્ય છે અને આત્મા જ તે જ્ઞાનરૂપ કર્મનો કર્તા છે; બરાબર એજ રીતે રાગ-દ્વેષાદિ ભાવ પણ પુદ્ગલના પરિણામ છે, પુદ્ગલનું કર્મ છે, કાર્ય છે અને પુદ્ગલ જ તેનો કર્તા છે તથા તેને જાણનારું જ્ઞાન આત્માનું કર્મ છે, કાર્ય છે અને આત્મા જ તે જ્ઞાનરૂપ કર્મનો કર્તા છે.

આ પ્રકારનું ભેદજ્ઞાન જ્યાં સુધી પ્રગટ થતું નથી, ત્યાં સુધી આત્મા અજ્ઞાની રહે છે અને તે આત્માને રાગ-દ્વેષાદિ ભાવોનો કર્તા કહેવામાં આવે છે, પરંતુ જ્યારે ઉપર્યુક્ત ભેદજ્ઞાન થઈ જાય છે, ત્યારે તે જ્ઞાની આત્મા પોતાને રાગ-દ્વેષાદિ ભાવોનો કર્તા માનતો નથી, પરંતુ તેમને જાણવારૂપ ભાવપણે જ પરિણમતો થકો, તે રાગાદિભાવોનો અકર્તા જ રહે છે.

પંડિત જયચંદજી છાબડા ભાવાર્થમાં ઉક્ત કથનને આ પ્રમાણે સ્પષ્ટ કરે છે -

''રાગ-દ્વેષ-સુખ-દુઃખાદિ અવસ્થા પુદ્ગલકર્મના ઉદયનો સ્વાદ છે; તેથી તે, શીત-ઉષ્ણતાની જેમ, પુદ્ગલકર્મથી અભિન્ન છે અને આત્માથી અત્યંત ભિન્ન છે. અજ્ઞાનને લીધે આત્માને તેનું ભેદજ્ઞાન ન

હોવાથી તે એમ જાણે છે કે આ સ્વાદ મારો જ છે, કારણ કે જ્ઞાનની સ્વચ્છતાને લીધે રાગદ્વેષાદિનો સ્વાદ, શીત-ઉષ્ણતાની જેમ, જ્ઞાનમાં પ્રતિબિંબિત થતાં, જાણે 'જ્ઞાન જ રાગ-દ્વેષ થઈ ગયું' - એમ અજ્ઞાનીને ભાસે છે. તેથી તે એમ માને છે કે 'હું રાગી છું, હું દ્વેષી છું, હું ક્રોધી છું, હું માની છું ઈત્યાદિ'.

જ્યારે આત્મા રાગ-દ્વેષ, સુખ-દુઃખાદિ અવસ્થાને જ્ઞાનથી ભિન્ન જાણે છે અર્થાત્ જે પ્રમાણે શીત-ઉષ્ણતા પુદ્‌ગલઅવસ્થા છે; તે પ્રમાણે રાગ-દ્વેષાદિ પણ પુદ્‌ગલની અવસ્થા છે' - એવું ભેદજ્ઞાન થાય છે; ત્યારે પોતાને જ્ઞાતા જાણે છે અને રાગાદિરૂપ પુદ્‌ગલને જાણે છે. એમ થતાં, રાગાદિનો કર્તા આત્મા થતો નથી, જ્ઞાતા જ રહે છે.''

અહીં જે રાગ-દ્વેષ તેમજ સુખ-દુઃખાદિને પુદ્‌ગલ કહ્યાં, તેમાં વ્યવહારરત્નત્રયનો વિકલ્પ પણ આવી જાય છે. બધી જાતના શુભાશુભભાવો આવી જાય છે.

ઉક્ત સંદર્ભમાં પૂજ્ય ગુરુદેવનું સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે -

''પહેલા ૯૧મી ગાથામાં રાગ-દ્વેષાદિભાવોનો કર્તા અજ્ઞાનભાવથી આત્મા છે - એમ કહ્યું હતું અને અહીં તે જ પરિણામોને જડમાં નાંખી દીધા છે; કારણ કે અહીં વિભાવને સ્વભાવથી ભિન્ન કરવો છે.

રાગાદિભાવો જીવના સ્વભાવ નથી અને પરના સંગથી એટલે કે પુદ્‌ગલના નિમિત્તથી ઉત્પન્ન થયા છે, આથી તેઓ પુદ્‌ગલના પરિણામ છે - એમ કહ્યું છે.[1]

ભગવાન આત્મા શુદ્ધચૈતન્યમય પ્રભુ આનંદનો નાથ છે. તેના દ્રવ્ય, ગુણમાં તો રાગ છે જ નહિ; પરંતુ પર્યાયમાં જે રાગ છે, તેને અહીં પુદ્‌ગલના પરિણામમાં સંમિલિત કર્યો છે. નિમિત્તને આધીન થવાથી જે દયા, દાન, વ્રત તથા કામ-ક્રોધાદિ શુભાશુભ ભાવ થાય છે, તે પુદ્‌ગલના

---

૧ પ્રવચનરત્નાકર (હિંદી), ભાગ-૪, પાનું ૨૦

પરિણામ છે. તે પુદ્‌ગલથી અભિન્ન છે અને ભગવાન આત્માથી અત્યંત ભિન્ન છે.

અજ્ઞાની પુણ્ય-પાપ આદિ ભાવોનો અજ્ઞાનભાવથી કર્તા છે; પરંતુ જ્ઞાન થતાં તે પુદ્‌ગલપરિણામનો કર્તા રહેતો નથી - એમ અહીં સિદ્ધ કરવું છે. અહીં જ્ઞાન અને રાગમાં ભેદજ્ઞાન કરાવવું છે.[૧]

દયા, દાનના વિકલ્પ કર્મચેતના છે તથા હર્ષ-શોકના પરિણામ કર્મફળચેતના છે. કર્મચેતના તેમજ કર્મફળચેતના પુદ્‌ગલના પરિણામ છે, અચેતન છે. ઉકત પુદ્‌ગલપરિણામ પુદ્‌ગલથી અભિન્ન છે તથા આત્માથી સદા અત્યંત ભિન્ન છે.[૨]

'રાગાદિપરિણામ જ્ઞાનમાં નિમિત્ત છે' - તેનો શું અર્થ છે ?

બસ, એનો માત્ર એટલો જ અર્થ છે કે જ્ઞાન પોતાથી સ્વ-પરપ્રકાશકપણે પરિણમે છે, તેમાં તે રાગાદિભાવ પરજ્ઞેયરૂપે માત્ર નિમિત્ત છે. આત્મા જ્ઞાન કરવામાં સ્વતંત્ર છે. રાગ થયો, એ કારણે રાગનું જ્ઞાન થયું હોય - એમ નથી.[૩]

શીત-ઉષ્ણની જેમ પુણ્ય-પાપના ભાવને પણ અહીં પુદ્‌ગલમાં જ સંમિલિત કર્યા છે. શીત-ઉષ્ણ પરમાણુની અવસ્થા છે તથા આ રાગ-દ્વેષ જીવની પર્યાય છે; તેમ છતાં અહીં તેમને અચેતન કહીને પુદ્‌ગલપરિણામ કહ્યાં છે. અચેતન તો છે, પણ તેમનામાં સ્પર્શ, રસ, ગંધ, વર્ણ નથી. જડકર્મની અવસ્થામાં સ્પર્શ, રસ, ગંધ, વર્ણ છે તથા આ રાગાદિમાં સ્પર્શ, રસ, ગંધ, વર્ણ નથી; પરંતુ રાગાદિની પર્યાયમાં જ્ઞાનનો અંશ નથી, તેથી તેમને અચેતન કહીને પુદ્‌ગલના પરિણામ કહ્યાં છે.[૪]''

---

૧ પ્રવચનરત્નાકર (હિંદી), ભાગ-૪, પાનું ૨૦
૨ પ્રવચનરત્નાકર (હિંદી), ભાગ-૪, પાનું ૩૧
૩ પ્રવચનરત્નાકર (હિંદી), ભાગ-૪, પાનું ૩૨
૪ પ્રવચનરત્નાકર (હિંદી), ભાગ-૪, પાનું ૩૫

આમ આ ગાથાઓમાં માત્ર એ જ કહ્યું છે કે રાગાદિભાવો પણ પુદ્‌ગલના પરિણામ છે અને અજ્ઞાની આત્માને તેમનો કર્તા તો કદાચિત કહી પણ શકાય છે; પરંતુ જ્ઞાની આત્મા તો તેમનો કર્તા કદાપિ નથી, તે તો તેમનો જ્ઞાતા-દ્રષ્ટા જ છે.

જ્ઞાનગોષ્ઠી

પ્રશ્ન:- વ્યવહારનો બહુ નિષેધ કરવા જેવો નથી એમ પંચ-સંગ્રહમાં કહ્યું છે તેનો શું આશય છે ?

ઉત્તર:- ભગવાનના દર્શન, પૂજન, ભક્તિ, શાસ્ત્ર-શ્રવણ, સ્વાધ્યાય આદિ વ્યવહાર હોય છે. એ વ્યવહારના પરિણામ આવે છે. તેનો નિષેધ કરવા જઈશ તો પછી જિનદર્શન શ્રવણ આદિ કાંઈ રહેતું નથી. પર્યાયમાં પંચમહાવ્રત આદિના પરિણામનો વ્યવહાર હોય છે. નવ દેવના દર્શન ભક્તિ આદિનો વ્યવહાર હોય છે. તેને માને જ નહિ તો તે મિથ્યાદષ્ટિ છે અને તે વ્યવહારથી ધર્મ થાય તેમ માને તોપણ તે મિથ્યાદષ્ટિ છે. પર્યાય છે અને પર્યાયમાં અનેક પ્રકારના શુભરાગનો વ્યવહાર છે તેને માને જ નહિ તો મિથ્યાદષ્ટિ છે. તીર્થંકર ભગવાનના કલ્યાણકોમાં ઈન્દ્રાદિ દેવો કરોડો દેવોની સેના સહિત દર્શન પૂજન આદિ માટે આવે છે. ભલે તે વ્યવહાર છે તો હેય, પણ તે ભાવ આવે છે, આવ્યા વિના રહેતો નથી. તે જાણવા યોગ્ય છે, તેને યથાવત્ જાણે જ નહિ તો મિથ્યાદષ્ટિ છે. એક બાજુ કહે કે નિર્મળ ક્ષાયિક પર્યાયનું પણ લક્ષ કરે તો રાગ થાય છે. તેથી તે નિર્મળ પર્યાયને પણ પરદ્રવ્ય કહીને હેય કહી અને બીજી બાજુ શુભરાગનો વ્યવહાર આવે છે, હોય છે, તેને જાણે નહિ-માને નહિ તો તે મિથ્યાદષ્ટિ છે. દેવ-શાસ્ત્ર-ગુરૂ એ વ્યવહારનયનો વિષય છે, તેને જાણવો તો જોઈએ. ભલે તે આશ્રય યોગ્ય નથી પણ જાણવા યોગ્ય તો બરાબર છે, વ્યવહાર છે તેમ નહિ જાણે તો મિથ્યાદષ્ટિ છે. દેવ-શાસ્ત્ર-ગુરૂ એ વ્યવહારનયનો વિષય છે, તેને જાણવો તો જોઈએ. ભલે તે આશ્રય યોગ્ય નથી પણ જાણવા યોગ્ય તો બરાબર છે. વ્યવહાર છે તેમ નહિ જાણે તો મિથ્યાદષ્ટિ થઈ જશે. જૈનધર્મ અનેકાન્ત છે, તે બરાબર સમજવા જેવો છે, તે નહિ સમજે તો એકાન્ત થઈ જશે.

- આત્મધર્મ અંક ૪૩૧, સપ્ટેમ્બર ૧૯૭૯, પૃષ્ઠ ૧૩/૧૪

समयसार गाथा ९४-९५

तिविहो एसुवओगो अप्पवियप्पं करेदि कोहोऽहं ।
कत्ता तस्सुवओगस्स होदि सो अत्तभावस्स ॥९४॥

तिविहो एसुवओगो अप्पवियप्पं करेदि धम्मादी ।
कत्ता तस्सुवओगस्स होदि सो अत्तभावस्स ॥९५॥

(हरिगीत)

'हुं क्रोध' एम विकल्प ए उपयोग त्राणविध आचरे,
त्यां जीव ए उपयोगरूप जीवभावनो कर्त्ता बने. ९४.

'हुं धर्म आदि' विकल्प ए उपयोग त्राणविध आचरे,
त्यां जीव ए उपयोगरूप जीवभावनो कर्त्ता बने. ९५.

आ त्रण प्रकारनो उपयोग ज्यारे क्रोधादिमां 'हुं क्रोध छुं' – एवो आत्मविकल्प करे छे, पोतापणानो विकल्प करे छे; त्यारे आत्मा ते उपयोगरूप पोताना भावनो कर्त्ता थाय छे.

तेवी ज रीते आ त्रण प्रकारनो उपयोग ज्यारे धर्मास्तिकाय आदिमां 'हुं धर्मास्तिकाय छुं' – एवो आत्मविकल्प करे छे, पोतापणानो विकल्प करे छे, त्यारे आत्मा ते उपयोगरूप पोताना भावनो कर्ता थाय छे.

आत्मख्यातिमां आ गाथाओनो भाव आ प्रमाणे स्पष्ट करवामां आव्यो छे –

''સામાન્યપણે અજ્ઞાનરૂપ એવું જે મિથ્યાદર્શન-અજ્ઞાન-અવિરતિરૂપ ત્રણ પ્રકારનું સવિકાર ચૈતન્યપરિણામ છે, તે પરના અને પોતાના અવિશેષ દર્શનથી, અવિશેષ જ્ઞાનથી અને અવિશેષ રતિથી સમસ્ત ભેદને છુપાવીને, ભાવ્ય-ભાવકભાવને પામેલાં એવાં ચેતન અને અચેતનનો સામાન્ય-અધિકરણરૂપ અનુભવ કરવાથી - જાણે કે તેમને એક જ આધાર હોય - એવો અનુભવ કરવાથી - 'હું ક્રોધ છું' - એવો વિકલ્પ ઉત્પન્ન કરે છે; તેથી 'હું ક્રોધ છું' - એવી ભ્રાંતિને કારણે (જે સવિકાર - વિકાર સહિત - છે એવા ચૈતન્યપરિણામે પરિણમતો થકો આ આત્મા તે) સવિકાર ચૈતન્યપરિણામરૂપ પોતાના ભાવનો કર્તા થાય છે.

એવી જ રીતે જ્ઞેય-જ્ઞાયકભાવને પામેલા એવા સ્વપરનો સામાન્ય-અધિકરણરૂપ અનુભવ કરવાથી 'હું ધર્મ છું, હું અધર્મ છું, હું આકાશ છું, હું કાળ છું, હું પુદ્ગલ છું, હું અન્ય જીવ છું' - એવો આત્મવિકલ્પ ઉત્પન્ન કરે છે; તેથી 'હું ધર્મ છું, હું અધર્મ છું, - એવી ભ્રાંતિને કારણે જે સોપાધિક છે એવા ચૈતન્યપરિણામે પરિણમતો થકો આ આત્મા તે સોપાધિકપરિણામરૂપ પોતાના ભાવનો કર્તા થાય છે.

એવી જ રીતે 'ક્રોધ' પદને બદલાવીને માન, માયા, લોભ, મોહ, રાગ, દ્વેષ, કર્મ, નોકર્મ, મન, વચન, કાય, શ્રોત્ર, ચક્ષુ, રસના અને સ્પર્શ - એ સોળ સૂત્રોને પણ ઘટાવી લેવા જોઈએ, આ જ ઉપદેશથી આના સિવાય બીજા પણ સૂત્રો બનાવી શકાય છે. - આ પ્રમાણે એ સુનિશ્ચિત થયું કે કર્તૃત્વનું મૂળ અજ્ઞાન છે.''

પર અને પોતામાં અવિશેષ દર્શનરૂપ મિથ્યાદર્શન, અવિશેષ જ્ઞાનરૂપ મિથ્યાજ્ઞાન અને અવિશેષ રતિરૂપ, રમણતારૂપ, લીનતારૂપ મિથ્યાચારિત્ર - આ ત્રણેય સવિકાર ચૈતન્યપરિણામ છે, આત્માના જ વિકારી પરિણામ છે. જોકે આ ત્રણેય આત્માના શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર ગુણોના વિકારી પરિણમન છે, તેમ છતાં તેમને સામાન્યરૂપે 'અજ્ઞાન' નામથી જ અભિહિત કરવામાં આવે છે. આ જ પરિણામોને ૯૩મી ગાથામાં પુદ્ગલના પરિણામ કહ્યાં હતાં; અને અહીં તેમને સવિકાર ચૈતન્યપરિણામ કહેવાઈ રહ્યાં છે.

ભાવ્ય-ભાવક સંબંધવાળા ક્રોધાદિભાવો અને જ્ઞેય-જ્ઞાયકભાવને પામેલાં ધર્માદિ દ્રવ્યોને પોતાના આત્માથી ભિન્ન ન જાણતાં જ્યારે આ આત્મા હું ક્રોધ છું, હું માન છું આદિ સવિકાર ચૈતન્યપરિણામપણે અને

હું આકાશ છું, હું કાળ છું આદિ સોપાદિક પરિણામપણે છે ત્યારે તે પોતાના આ સવિકાર ચૈતન્યપરિણામોનો તેમજ સોપાધિકપરિણામોનો કર્ત્તા-ભોકતા થાય છે. આ બધા સવિકાર ચૈતન્યપરિણામ અને સોપાધિકપરિણામોનું એક નામ અજ્ઞાન છે; તેથી એમ કહેવાય છે કે અજ્ઞાનભાવરૂપે પરિણમેલો આત્મા અર્થાત્ અજ્ઞાની આત્મા અજ્ઞાનભાવનો કર્ત્તા-ભોકતા છે.

અહીં એક પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે એમ તો કોઈ પણ કહેતું નથી કે 'હું ધર્માસ્તિકાય છું, હું આકાશ છું' - તોપણ અહીં એમ શા માટે કહેવાઈ રહ્યું છે ?

આ જ પ્રકારનો પ્રશ્ન ઊઠાવીને આચાર્ય જયસેને તેનો ઉત્તર આ પ્રમાણે આપ્યો છે -

''આ ધર્માસ્તિકાય છે - એવો જે વિકલ્પ મનમાં થાય છે, તેને જ ઉપચારથી ધર્માસ્તિકાય કહે છે. જેમ ઘટાકાર વિકલ્પરૂપ પરિણત જ્ઞાનને 'ઘટ' કહેવામાં આવે છે, તેવી જ રીતે જ્યારે આ જીવ જ્ઞેયતત્ત્વના વિચારકાળમાં 'આ ધર્માસ્તિકાય છે, ઈત્યાદિ વિચારરૂપ-વિકલ્પરૂપ પરિણમિત થાય છે, ત્યારે શુદ્ધાત્મસ્વભાવના વિચારથી રહિત હોય છે અને તે જ વિકલ્પના સમયે 'હું ધર્માસ્તિકાય છું' - એવો વિકલ્પ ઉપચારથી ઘટિત થાય છે.''

આ વાતને છાબડાજી ભાવાર્થમાં આ પ્રમાણે સ્પષ્ટ કરે છે

''ધર્માદિકના વિકલ્પના સમયે જે સ્વયં શુદ્ધચૈતન્યરૂપ હોવાનું ભાન ન રાખતાં ધર્માદિકના વિકલ્પમાં એકાકાર થઈ જાય છે, તે પોતાને ધર્માદિદ્રવ્યરૂપ માને છે.

આમ અજ્ઞાનરૂપ ચૈતન્ય પરિણામ પોતાને ધર્માદિ દ્રવ્યરૂપ માને છે; તેથી અજ્ઞાની જીવ તે અજ્ઞાનરૂપ સોપાધિક ચૈતન્યપરિણામનો કર્ત્તા થાય છે અને તે અજ્ઞાનરૂપભાવ તેનું કર્મ થાય છે. તેથી કર્તૃત્વનું મૂળ અજ્ઞાન છે.''

ઉક્ત સંદર્ભમાં પૂજ્ય ગુરૂદેવનું સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે - ''૯૪મી ગાથામાં એમ કહ્યું હતું કે અજ્ઞાની પરની સાથે ભાવ્ય-ભાવકભાવને પામીને સ્વ-પરને એકપણે અનુભવે છે. આ ગાથામાં એમ કહે છે કે અજ્ઞાની જ્ઞેય-જ્ઞાયકભાવને પામીને, સ્વ-પરનો એકપણે અનુભવ કરવાથી 'હું ધર્મ છું' - એવો અનુભવ કરે છે.

આત્મા જ્ઞાયક અને રાગાદિ તેમજ ધર્માદિ છયે દ્રવ્યો પરજ્ઞેય છે, તે જ્ઞેય તથા જ્ઞાયક બન્નેનું અધિકરણ એક છે (જાણે કે તેમનો આધાર એક છે) - એવો અનુભવ અજ્ઞાની કરે છે. તેથી અજ્ઞાની ત્રણ પ્રકારના સવિકાર ચૈતન્યપરિણામનો કર્તા થાય છે.

અજ્ઞાની પોતાના શુદ્ધ ચૈતન્યમય જ્ઞાયકસ્વરૂપનો વિચાર છોડીને ધર્માસ્તિકાય આદિ છયે પ્રકારના દ્રવ્યોના વિચારમાં, વિકલ્પોમાં તલ્લીન થઈ જાય છે, ધર્માસ્તિકાયને પોતાનું માને છે. ધર્માસ્તિકાય દ્રવ્ય જીવ તેમજ પુદ્ગલોની ગતિમાં નિમિત્ત થનાર એક પદાર્થ છે. તેનો વિચાર કરતાં જે વિકલ્પ આવે છે, અજ્ઞાની તેમાં તલ્લીન થઈ જાય છે. પોતાના જ્ઞાતા-દ્રષ્ટાસ્વભાવના ભાનને ભૂલીને 'હું ધર્માસ્તિકાય છું' એમ માને છે.

આ જ રીતે અધર્માસ્તિકાય દ્રવ્ય જીવ તેમજ પુદ્ગલને ગતિપૂર્વક સ્થિતિમાં નિમિત્ત છે. અધર્માસ્તિકાયનો વિચાર કરતાં તેનો જે વિકલ્પ આવે છે, અજ્ઞાની તેમાં તદ્રૂપ એકાકાર થઈ જાય છે, તે અધર્માસ્તિકાયને પોતાનું માને છે. હું સદા જ્ઞાયકસ્વભાવી જ્ઞાતા-દ્રષ્ટાસ્વરૂપ ચૈતન્યતત્ત્વ છું - એ વાતને ભૂલીને 'હું અધર્માસ્તિકાય છું' - એવા વિકલ્પમાં એકાકાર થઈને અધર્માસ્તિકાયને તથા પોતાને એક માને છે.

હું શુદ્ધ ચૈતન્યસ્વભાવી આનંદકંદ પ્રભુ સ્વરૂપથી જ જ્ઞાતા-દ્રષ્ટા છું - એવું જેને ભાન નથી થયું, તે અજ્ઞાની જીવ પરપદાર્થનો વિચાર કરતો થકો તે કાળમાં 'આ પરપદાર્થ તે હું છું' એવા વિકલ્પની સાથે તદાકાર થઈને તે પરપદાર્થને પોતાનો માને છે.

સર્વવ્યાપી આકાશ નામનો એક પદાર્થ છે, જે સર્વ દ્રવ્યોના અવગાહનમાં નિમિત્ત થાય છે. તે આકાશનો વિચાર કરતાં જે જે વિકલ્પ થાય છે, અજ્ઞાની તેમાં એકાકાર થઈ જાય છે. 'હું આકાશ છું' - એવા વિકલ્પની સાથે એકાકાર થઈને તે આકાશને તથા પોતાને એક માને છે.

હું શુદ્ધ ચૈતન્યસ્વભાવી આનંદકંદ પ્રભુ સ્વરૂપથી જ જ્ઞાતા-દ્રષ્ટા છું - એવું જેને ભાન નથી થયું, તે અજ્ઞાની જીવ પરપદાર્થનો વિચાર કરતો થકો તે કાળમાં 'આ પરપદાર્થ તે હું છું' એવા વિકલ્પની સાથે તદાકાર થઈને તે પરપદાર્થને પોતાનો માને છે.

સર્વવ્યાપી આકાશ નામનો એક પદાર્થ છે, જે સર્વ દ્રવ્યોના અવગાહનમાં નિમિત્ત થાય છે. તે આકાશનો વિચાર કરતાં જે જે વિકલ્પ થાય છે, અજ્ઞાની તેમાં એકાકાર થઈ જાય છે. 'હું આકાશ છું' - એવા વિકલ્પની સાથે એકાકાર થઈને તે આકાશને તથા પોતાને એક માને છે.

જે આ પ્રમાણે વિકલ્પનો કર્તા થાય છે, તે મિથ્યાદ્રષ્ટિ છે.

લોકાકાશના એક-એક પ્રદેશ પર એક-એક કાળાણુ સ્થિત છે. આ પ્રમાણે લોકપ્રમાણ અસંખ્યાત કાળદ્રવ્ય છે. તે કાળદ્રવ્યો જીવાદિ સર્વ દ્રવ્યોના પ્રતિસમય થનારા પરિણમનમાં નિમિત્ત છે. એ કાળદ્રવ્યોના વિચારના કાળમાં જે વિકલ્પ થાય છે, અજ્ઞાની તે વિકલ્પોમાં તલ્લીન થઈ જાય છે. આમ 'હું કાળદ્રવ્ય છું' - એવા વિકલ્પોમાં લીન થઈને કાળદ્રવ્યને તથા પોતાને એક માને છે અને એ વિકલ્પોનો તે કર્ત્તા થઈ જાય છે.

એવી જ રીતે શરીર, મન, વાણી, ઈન્દ્રિય, ધન, સંપત્તિ ઈત્યાદિ પુદ્‌ગલ સંબંધી વિચારમાં થયેલા વિકલ્પોની સાથે એકાકાર થઈને 'આ પુદ્‌ગલ તે હું જ છું' - એવા અજ્ઞાનભાવથી પરમાં એકત્વ માને છે. તેથી તે પણ મિથ્યાદ્રષ્ટિ છે.

તથા નિજ આત્મા સિવાય અન્ય જીવોમાં પણ અજ્ઞાની એકત્વની ભાવના કરે છે. દેવ તથા ગુરુ પણ અન્ય જીવ છે. એ દેવ-ગુરુના વિચારના કાળમાં જે વિકલ્પો ઉઠે છે તે વિકલ્પોમાં અજ્ઞાની તન્મય થઈ જાય છે; તેથી આ મારા દેવ છે, આ મારા ગુરુ છે, આ મારા ધર્મ-પ્રદાતા છે ઈત્યાદિ અનેક વિકલ્પોમાં લીન થતો, તે મિથ્યાદ્રષ્ટિ જીવ તે-તે વિકલ્પોનો કર્ત્તા થાય છે.[1]''

જ્ઞેય-જ્ઞાયકભાવ અને ભાવ્ય-ભાવકભાવની વાત આરંભથી જ કરતા આવ્યા છે. ધર્માદિ છ યે દ્રવ્યો જ્ઞેયભાવ છે અને ક્રોધાદિ ભાવકભાવ છે. જોકે ધર્માદિ જ્ઞેયભાવોથી અને ક્રોધાદિ ભાવકભાવોથી નિજભગવાન આત્મા ભિન્ન છે; તોપણ નિજ આત્મા અને આ ભાવો વચ્ચે ભેદજ્ઞાન ન હોવાથી આ આત્મા 'હું ધર્માદિ દ્રવ્યરૂપ છું અને હું ક્રોધાદિભાવરૂપ છું' - એ પ્રકારના વિકલ્પોપણે પરિણમતો થકો એ જ પ્રકારના શ્રદ્ધાનરૂપે પરિણમે છે, એ જ પ્રકારના જ્ઞાનરૂપે પરિણમે છે તેમજ એ જ પ્રકારના આચરણરૂપે પરિણમે છે અને તેને જ અજ્ઞાનરૂપ પરિણમવું કહેવાય છે.

આ પ્રમાણે પરિણમિત અજ્ઞાની આત્મા એ પરિણમનનો કર્ત્તા થાય છે અને એ પરિણમન તે અજ્ઞાની આત્માનું કર્મ થાય છે. ઉકત બન્ને ગાથાઓ અને તેમની ટીકામાં માત્ર આ જ કહેવામાં આવ્યું છે.

આમ એ સુનિશ્ચિત થાય છે કે અજ્ઞાનભાવનો કર્ત્તા અજ્ઞાની આત્મા છે અને કર્ત્તૃત્વનું મૂળ અજ્ઞાન છે.

---

૧ પ્રવચનરત્નાકર (હિંદી), ભાગ-૪, પાનું ૫૩, ૫૪

સમયસાર ગાથા - ૯૬

"ततः स्थितं कर्तृत्वमूलमज्ञानम् - તેથી એ સિદ્ધ છે કે કર્તૃત્વનું મૂળ અજ્ઞાન છે" - આત્મખ્યાતિ ટીકાનું આ વાક્ય પાછલી ગાથાઓના ઉપસંહાર અને ૯૬મી ગાથાની ઉત્થાનિકાનું વાક્ય છે. આથી હવે આ ગાથામાં એમ બતાવે છે કે કર્તૃત્વનું મૂળ અજ્ઞાન કયા પ્રકારે છે ? ગાથા મૂળરૂપે આ પ્રમાણે છે -

एवं पराणि दव्वाणि अप्पयं कुणदि मंदबुद्धीओ
अप्पाणं अवि य परं करेदि अण्णाणभावेण ॥९६॥

(હરિગીત)

જીવ મંદબુદ્ધિ એ રીતે પરદ્રવ્યને નિજરૂપ કરે,
નિજ આત્મને પણ એ રીતે અજ્ઞાનભાવે પર કરે. ૯૬.[1]

આ રીતે અજ્ઞાની જીવ અજ્ઞાનભાવથી પરદ્રવ્યોને પોતારૂપ અને પોતાને પરરૂપ કરે છે.

આ ગાથાનો ભાવ આચાર્ય અમૃતચંદ્ર આત્મખ્યાતિમાં આ પ્રમાણે સ્પષ્ટ કરે છે -

"એ રીતે 'હું ક્રોધ છું અને હું ધર્માસ્તિકાય છું' - ઈત્યાદિની જેમ આ આત્મા પરદ્રવ્યોને પોતારૂપ અને પોતાને પરદ્રવ્યરૂપ કરે છે. તેથી આ આત્મા, જોકે સમસ્ત પરવસ્તુઓના સંબંધથી રહિત અનંત શુદ્ધ ચૈતન્યધાતુમય છે તોપણ, અજ્ઞાનને કારણે જ સવિકાર અને સોપાધિક કરાયેલા

---

૧ સમયસાર (ગુજરાતી), પાનું ૧૭૨

ચૈતન્યપરિણામવાળો હોવાથી આ પ્રકારના પોતાના ભાવનો કર્તા પ્રતિભાસે છે. આ રીતે, ભૂતાવિષ્ટ તથા ધ્યાનાવિષ્ટ પુરૂષની જેમ આત્માના કર્તૃત્વનું મૂળ અજ્ઞાન સિદ્ધ થયું.

જેમ ભૂતાવિષ્ટ પુરૂષ અજ્ઞાનને લીધે ભૂત અને પોતાને એક માનતો થકો અમનુષ્યોચિત વિશિષ્ટ ચેષ્ટાઓના અવલંબનપૂર્વક ભયંકર આરંભથી* યુક્ત અમાનુષિક** વ્યવહારવાળો હોવાથી તે પ્રકારના ભાવોનો કર્તા પ્રતિભાસે છે; તેવી જ રીતે આ આત્મા પણ અજ્ઞાનને લીધે જ ભાવ્ય-ભાવકરૂપ પરને તથા પોતાને એક કરતો થકો, અવિકાર અનુભૂતિમાત્ર ભાવકને અનુચિત એવા વિચિત્ર ભાવ્યરૂપ ક્રોધાદિ વિકારોથી મિશ્રિત ચૈતન્યપરિણામવિકારવાળો હોવાથી તે પ્રકારના ભાવોનો કર્તા પ્રતિભાસે છે.

જેમ અપરીક્ષક આચાર્યના ઉપદેશથી પાડાનું ધ્યાન કરતો કોઈ ભોળો પુરૂષ અજ્ઞાનને લીધે પાડાને અને પોતાને એક કરતો થકો, 'હું ગગનસ્પર્શી શિંગડાવાળો મોટો પાડો છું' - એવા અધ્યાસને લીધે મનુષ્યોચિત મકાનના બારણામાંથી બહાર નીકળવાથી ચ્યુત થયો થકો, તે પ્રકારના ભાવોનો કર્તા પ્રતિભાસે છે; તેવી જ રીતે આ આત્મા પણ અજ્ઞાનને લીધે જ્ઞેય-જ્ઞાયકરૂપ પરને અને પોતાને એક કરતો થકો 'હું પરદ્રવ્ય છું' - એવા અધ્યાસને લીધે મનના વિષયભૂત કરવામાં આવેલાં ધર્મ, અધર્મ, આકાશ, કાળ, પુદ્ગલ તથા અન્ય જીવ વડે પોતાની શુદ્ધ ચૈતન્યધાતુ રોકાયેલી હોવાથી અને ઈન્દ્રિયોના વિષયભૂત રૂપી પદાર્થો દ્વારા પોતાનો કેવળબોધ (-જ્ઞાન) ઢંકાયેલ હોવાથી તથા મૃતક શરીર વડે પરમ-અમૃતરૂપ વિજ્ઞાનઘન મૂર્છિત થયો હોવાથી તે પ્રકારના ભાવોનો કર્તા પ્રતિભાસે છે.''

ટીકામાં ભૂતાવિષ્ટ (જેના શરીરમાં ભૂત પ્રવેશ્યું હોય એવા) અને ધ્યાનાવિષ્ટ (ધ્યાન કરતા) પુરૂષના ઉદાહરણથી પરના કર્તૃત્વનું મૂળ અજ્ઞાન છે - એમ સમજાવવામાં આવ્યું છે.

---

* આરંભ = કાર્ય; વ્યાપાર; હિંસાયુક્ત વ્યાપાર. [સમયસાર (ગુજરાતી), પાનું ૧૭૩]

** અમાનુષિક = મનુષ્ય માટે અયોગ્ય એવો, મનુષ્યોએ નહિ કરવા જેવો.

જ્યારે કોઈ વ્યક્તિને ભૂત-પ્રેતાદિ વ્યંતરબાધા થઈ જાય છે, ભૂત વળગી જાય છે; તો તે એવી ચેષ્ટાઓ કરવા લાગે છે કે જે મનુષ્યોના જીવનમાં સામાન્ય રીતે જોવામાં આવતી નથી, - એવી વ્યક્તિને ભૂતાવિષ્ટ કહે છે.

એવી જ રીતે જો કોઈ વ્યક્તિ ધ્યાનના માધ્યમથી પોતાને એ રૂપે અનુભવ કરવા લાગે છે, કે જે રૂપે તે નથી, તો તેને ધ્યાનાવિષ્ટ કહે છે. ટીકામાં ધ્યાનાવિષ્ટનું સ્વરૂપ ગગનસ્પર્શી શિંગડાંવાળા પાડાના ધ્યાનના માધ્યમથી સમજાવવામાં આવ્યું છે.

કોઈ પુરૂષ અપરીક્ષક આચાર્યના ઉપદેશથી એવા ધ્યાનમાં ચઢી ગયો કે હું એવો પાડો છું કે જેના શિંગડાં એટલા લાંબા છે કે આકાશને અડી જાય. તે વિચારે છે કે મારાં બન્ને શિંગડાં આકાશના બન્ને ખૂણાઓને અડી ગયાં છે. તેથી હવે જો હું મારી ગર્દનને જરા પણ હલાવીશ તો ગર્દન તૂટી જવાનો સંભવ છે; કારણ કે શિંગડાં તો આકાશના ખૂણાઓને એવી રીતે અડી ગયા છે, ફસાઈ ગયા છે કે તેમનું હલવું સંભવિત નથી. આ પ્રકારના વિચારોમાં, ધ્યાનમાં તે એટલો તલ્લીન થઈ ગયો છે, એટલો એકાકાર થઈ ગયો છે કે તે પોતાને ખરેખર જ ગગનસ્પર્શી શિંગડાંવાળો પાડો માનવા લાગ્યો છે. ગર્દનમાં અત્યંત પીડા થવા છતાં પણ તે ગર્દન તૂટી જવાના ભયથી પોતાની ગર્દનને હલાવતો નથી અને મનુષ્યોને ઉચિત એવા મકાનના દરવાજાની બહાર પણ નીકળતો નથી. આવી જાતની વ્યક્તિને અહીં ધ્યાનારૂઢ કહેવામાં આવી છે.

આપને ઉક્ત ઉદાહરણમાં કાંઈક અતિશયોક્તિ જેવું લાગતું હશે, પરંતુ આ વાત પૂર્ણ રીતે સત્ય છે કે અનાદિથી આ આત્મા પોતે જેવો નથી, જે નથી; પોતાને તેવો અને તે માનતો આવ્યો છે અને પોતાની આ માન્યતામાં એટલો તલ્લીન છે, એટલો એકાકાર છે કે પરમાં એકત્વ-મમત્વ અને પરના કર્તૃત્વ-ભોક્તૃત્વને છોડવા માંગતો નથી.

જે પરપદાર્થો સાથે આત્માનો કોઈ પણ સંબંધ નથી; તેમને પોતાના માનવા, તેમનો કર્તા-ભોકતા પોતાને માનવો, તે એવી જ મહાન

ભૂલ છે, જેવી કે મનુષ્ય હોવા છતાં પણ પોતાને ગગનસ્પર્શી શિંગડાંવાળો પાડો માનવો.

જે પદાર્થો સાથે એનો જ્ઞેય-જ્ઞાયક સંબંધ હતો, અર્થાત્ જે પદાર્થો એના માત્ર જ્ઞેય હતાં, જેમને એ માત્ર જાણતો જ હતો; તેમનામાં એણે પોતાપણું સ્થાપિત કરી લીધું, તેમને પોતાના માની લીધાં અને તેમનો કર્તા-ભોકતા પણ પોતાને માનવા લાગ્યો. શું આ સાધારણ ભૂલ છે ?

અહીં જ્ઞેય પદાર્થોમાં એકત્વ-મમત્વ અને કર્તૃત્વ-ભોકર્તૃત્વ માનવાવાળા અજ્ઞાનીના સ્વરૂપને ધ્યાનાવિષ્ટ પુરૂષના અને રાગ-દ્વેષ આદિ વિકારીભાવોમાં એકત્વ-મમત્વ તેમજ કર્તૃત્વ-ભોકર્તૃત્વ સ્થાપિત કરવાવાળા અજ્ઞાનીના સ્વરૂપને ભૂતાવિષ્ટ પુરૂષના ઉદાહરણના માધ્યમથી સમજાવવામાં આવ્યા છે.

જુઓ, ભાઈ ! આચાર્યદેવ અહીં કહી રહ્યા છે કે રાગાદિ વિકારી ભાવોમાં તારું જે પોતાપણું છે, તે ભૂતાવિષ્ટ પુરૂષો જેવો અસદ્વ્યવહાર છે, અમાનુષિક વ્યવહાર છે અને પુદ્ગલાદિ પર પદાર્થોમાં તારૂં જે પોતાપણું છે, તે ધ્યાનાવિષ્ટ પુરૂષો જેવો અવિવેક છે, અમાનુષિક આચરણ છે.

આચાર્યદેવ આનાથી વધું શું કહે ? તેઓ કહી રહ્યા છે કે ભાઈ! તને રાગાદિમાં એકત્વનું ભૂત વળગી ગયું છે અને પરના કર્તૃત્વાદિનું પાગલપણું તારા પર સવાર થઈ ગયું છે. તાત્પર્ય એ છે કે જેઓ એમ માને છે કે પુદ્ગલાદિ પરપદાર્થો અને રાગાદિ વિકારી ભાવો મારાં છે, હું તેમનો કર્તા-ભોકતા છું; તે લોકો પાગલ છે અને તેમને ભૂત વળગી ગયું છે.

જ્યાં સુધી તારૂં આ પાગલપણું સમાપ્ત નહીં થાય, જ્યાં સુધી તારા માથાથી આ ભૂત નહીં ઉતરે; ત્યાં સુધી તારૂં કલ્યાણ થવું સંભવ નથી.

અરે ભાઈ ! ભૂતાવિષ્ટ અને ધ્યાનાવિષ્ટ વ્યક્તિ તો થોડા સમય માટે જ પાગલ જેવી હોય છે, મર્યાદિત સમય સુધી જ અનર્ગલ (નિરંકુશ) વ્યવહાર કરે છે, અમાનુષિક આચરણ કરે છે; પરંતુ પરપદાર્થો અને વિકારી

ભાવોમાં એકત્વ-મમત્વ કરવાવાળા, પોતાને તેમના કર્તા-ભોકતા માનવાવાળા તો અનાદિકાળથી પાગલ થઈ રહ્યાં છે, અનર્ગલ વ્યવહાર કરી રહ્યાં છે, અનાત્મિક આચરણ કરી રહ્યાં છે; પરિણામસ્વરૂપે અનંત દુઃખ પણ ભોગવી રહ્યાં છે. જો હજી પણ આ પાગલપણું નહીં છોડે તો ન જાણે ક્યાં સુધી આ અપાર સંસારમાં ભટકતા રહેશે અને અનંત દુઃખ પામતા રહેશે.

આથી જેઓને આ અપાર સંસારમાં અનંત કાળસુધી અનંત દુઃખ ન પામવું હોય, તેઓ આ પાગલપણાને આજે જ છોડે.

જ્યાં સુધી આ આત્મા ઉપર પરપદાર્થો અને વિકારના કર્તૃત્વ-ભોકર્તૃત્વ અને એકત્વ-મમત્વનું પાગલપણું સવાર છે, ત્યાં સુધી આ અજ્ઞાની આત્મા તેમનો તથા તેમના કર્તૃત્વ-ભોકર્તૃત્વના પરિણામોનો તેમજ તેમના પ્રતિ થવાવાળા એકત્વ-મમત્વરૂપ પરિણામોનો કર્તા-ભોકતા થાય છે. આ જ વાતને આ ગાથામાં એ રૂપે વ્યક્ત કરી છે કે રાગાદિ સવિકાર-ચૈતન્ય-પરિણામોમાં એકત્વ-મમત્વ અને કર્તૃત્વ-ભોકર્તૃત્વ માનવાવાળો અજ્ઞાની આત્મા તે રાગાદિનો તથા એકત્વ-મમત્વ તેમજ કર્તૃત્વ-ભોકર્તૃત્વરૂપ પરિણામોનો કર્તા થાય છે અને ધર્માસ્તિકાય આદિ પરદ્રવ્યોમાં, જ્ઞેય પદાર્થોમાં એકત્વ-મમત્વ તેમજ કર્તૃત્વ-ભોકર્તૃત્વ ભાવરૂપ સોપાધિક ભાવોમાં પરિણત અજ્ઞાની આત્મા પોતાના એ સોપાધિક ભાવોનો કર્તા થાય છે.

આમ આ આત્મા પોતાના સવિકારચૈતન્યપરિણામોનો કર્તા ભૂતાવિષ્ટ પુરૂષોની જેમ અને પોતાના સોપાધિકચૈતન્યપરિણામોનો કર્તા ધ્યાનાવિષ્ટ પુરૂષોની જેમ થાય છે; પરંતુ પરનો કર્તા તો અજ્ઞાની આત્મા પણ કદાપિ થતો નથી.

આ સંદર્ભમાં પૂજ્ય ગુરૂદેવનું સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે -

"અહીં કહે છે ભાઈ ! તું પોતાની ત્રિકાળી ચૈતન્યરૂપ વસ્તુને ભૂલીને રાગ તેમજ પરદ્રવ્યમાં એકાકાર થયો છે તથા પુણ્ય-પાપના

ભાવોને તેમજ પરદ્રવ્યને પોતાના માને છે. તારી આ ચેષ્ટા ભૂતાવિષ્ટ પુરૂષ જેવી છે.[૧]

પરદ્રવ્યના વિચારમાં તે એટલો એકાકાર થઈ ગયો છે કે 'હું શુદ્ધ ચૈતન્યરૂપ જ્ઞાયક આત્મા છું' - એ વાતને બિલકુલ ભૂલી ગયો છે તથા પોતાને પરદ્રવ્યસ્વરૂપ જ માનવા લાગ્યો છે. આમ પોતાને ભૂલીને પરદ્રવ્યના ધ્યાનમાં મશગૂલ થવાથી હવે તેને પરદ્રવ્યથી છૂટવું અત્યંત કઠણ થઈ ગયું છે.[૨]

અનંત પરદ્રવ્યો જ્ઞેય છે અને ભગવાન આત્મા જ્ઞાયક છે. જ્ઞાની અનંત પરદ્રવ્યોને જાણતો થકો જ્ઞાતા રહે છે અને અજ્ઞાની જ્ઞેય તથા જ્ઞાયકને એકરૂપ કરતો થકો, શુભાશુભ વિકલ્પોને ઉત્પન્ન કરતો થકો, તે સવિકાર તથા સોપાધિક ચૈતન્યપરિણામોનો કર્તા થાય છે.

ક્રોધાદિક ભાવો સવિકારચૈતન્યપરિણામ છે તથા 'ધર્માસ્તિકાય આદિ છ દ્રવ્યો મારાં છે' - એવી માન્યતા તે સોપાધિકચૈતન્યપરિણામ છે. અજ્ઞાની રાગને પોતાનો માનતો થકો, તેનો કર્તા થાય છે અને 'પરદ્રવ્ય મારૂં છે' - એવું માનતો થકો, મિથ્યા-માન્યતાનો કર્તા થાય છે, પરંતુ પરદ્રવ્યનો કર્તા તો કોઈ પણ જીવ કયારેય થઈ શકતો જ નથી.[૩]''

સોપાધિકભાવોના કર્તૃત્વના સંબંધમાં આત્મખ્યાતિમાં ત્રણ કારણો આપવામાં આવ્યા છે, જે આ પ્રમાણે છે -

(૧) મનના વિષયભૂત ધર્મ, અધર્મ, આકાશ, કાળ, પુદ્‌ગલ તેમજ અન્ય જીવો દ્વારા પોતાની ચૈતન્યધાતુ રોકાયેલી હોવાથી, (૨) ઈન્દ્રિયોના વિષયભૂત રૂપી પદાર્થો દ્વારા પોતાનો કેવળબોધ ઢંકાયેલ હોવાથી અને (૩) મૃતક શરીર દ્વારા પરમ-અમૃતરૂપ વિજ્ઞાનઘન મૂર્છિત થયેલો હોવાથી; - આ ભગવાન આત્મા સોપાધિકભાવોનો કર્તા પ્રતિભાસે છે.

---

૧ પ્રવચન રત્નાકર (હિંદી), ભાગ-૪, પાનું ૬૩
૨ પ્રવચન રત્નાકર (હિંદી), ભાગ-૪, પાનું ૬૬
૩ પ્રવચન રત્નાકર (હિંદી), ભાગ-૪, પાનું ૭૨-૭૩

જુઓ, અહીં એમ કહેવામાં આવી રહ્યું છે કે પહેલાં તો મનના વિષયભૂત ધર્માદિ દ્રવ્યોના વિચારોમાં આ આત્મા એટલો વ્યસ્ત છે કે એને પોતાને જાણવાનો અવસર જ નથી; બીજું ઈન્દ્રિયોના વિષયભૂત રૂપી પદાર્થોમાં જ્ઞાનની વ્યસ્તતાને કારણે પણ પોતાનો કેવળજ્ઞાનસ્વભાવ ઢંકાયેલો છે અને ત્રીજું આ ભગવાન આત્મા મૃતક શરીરમાં એટલો આસકત છે કે અમૃતસ્વરૂપ આ જ્ઞાનનો ઘનપિંડ મૂર્છિત જ થઈ ગયો છે.

જુઓ, અહીં જીવતા શરીરને પણ મૃતક શરીર જ કહેવામાં આવ્યું છે. ખરેખર શરીર તો મૃતક જ છે; કારણ કે એનામાં જીવન છે જ કયાં? જીવન તો જીવનો ધર્મ છે, જીવનો સ્વભાવ છે, તે શરીરમાં કેમ હોઈ શકે છે ? આથી શરીર તો મડદું જ છે. મડદામાં અથવા મડદા જેવા આ શરીરમાં પોતાપણાને લીધે આનંદામૃતનો પિંડ આ ભગવાન આત્મા પાગલ જેવો થઈ રહ્યો છે અને ઈન્દ્રિયોના વિષયભૂત પદાર્થોને ભોગવા તથા જાણવામાં અને મનના વિષયભૂત ધર્માદિ દ્રવ્યોના વિચારમાં એટલો મગ્ન થઈ ગયો છે કે એને પોતાને જાણવાનો અવસર જ નથી, ભાવ પણ નથી, જિજ્ઞાસા પણ નથી, કૌતુહલ પણ નથી.

આ પ્રમાણે મન અને ઈન્દ્રિયોના વિષયભૂત પદાર્થો અને શરીરમાં મગ્ન આ અજ્ઞાની આત્મા પરપદાર્થોનો નહિ, પરંતુ તેમના કર્તૃત્વાદિભાવોનો કર્તા અવશ્ય થાય છે.

જુઓ, મનમાં ઉઠવાવાળા ધર્માદિદ્રવ્યોના વિચાર પણ બંધના કારણ છે - અહીં એમ કહેવાઈ રહ્યું છે. જ્યાં ઉકત વિચારોથી પણ ચૈતન્યજ્યોતિ રોકાઈ ગઈ છે ત્યાં ઈન્દ્રિયજ્ઞાન અને શરીરમાં એકત્વની તો વાત જ શું કરવી ?

અહીં એક પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે જ્યારે ધર્માદિ દ્રવ્યોનો વિચાર પણ બંધનું કારણ છે તો શું તેમનો વિચાર પણ ન કરવો જોઈએ ?

આચાર્ય જયસેને તાત્પર્યવૃત્તિમાં આ જ પ્રકારનો પ્રશ્ન ઉપસ્થિત કરીને, તેનું સુંદરતમ સમાધાન પ્રસ્તુત કર્યું છે, જે આ પ્રમાણે છે –

''આ વિષે જો કોઈ એમ કહે કે હે ભગવન્ ! 'આ ધર્માસ્તિકાય છે, આ જીવ છે' – ઈત્યાદિ જ્ઞેયતત્વોના વિચારરૂપ વિકલ્પ કરવાથી પણ જો કર્મોનો બંધ થાય છે તો પછી જ્ઞેયતત્વોનો વિચાર કરવો પણ વૃથા છે, માટે તેવો વિચાર કરવો ન જોઈએ.

આચાર્યદેવ તેનો ઉત્તર દેતાં કહે છે કે નહીં ભાઈ ! એવું ન કહેવું જોઈએ; કારણ કે, જોકે ત્રિગુપ્તિરૂપપરિણતસમાધિના કાળમાં આવો વિકલ્પ કરવો યોગ્ય નથી તોપણ, ઉકત ત્રિગુપ્તિરૂપ ધ્યાનના અભાવમાં શુદ્ધાત્માને ઉપાદેય કરીને આગમભાષામાં મોક્ષને ઉપાદેય કરીને સરાગસમ્યકત્વના કાળમાં વિષય-કષાયથી બચવા માટે ધર્માસ્તિકાય આદિ જ્ઞેયતત્વોનો વિચાર પણ કરવો જ જોઈએ; કારણ કે ઉકત તત્વવિચારથી મુખ્યરૂપે તો પુણ્યબંધ જ થાય છે, પરંતુ પરંપરાથી નિર્વાણ પણ થાય છે. આથી એવો વિચાર કરવામાં કોઈ દોષ નથી; પરંતુ એ વાત અવશ્ય છે કે ઉકત તત્વવિચારના કાળમાં પણ વીતરાગસ્વસંવેદનજ્ઞાનપરિણત શુદ્ધાત્મા જ સાક્ષાત્ ઉપાદેય કરવો જોઈએ – એમ સમજવું જોઈએ.

અહીં શિષ્ય ફરી પ્રશ્ન ઉપસ્થિત કરે છે કે હે ભગવન ! 'વીતરાગસ્વસંવેદનજ્ઞાનના વિચારકાળમાં' – આ વાકયમાં આપ પ્રચુરતાથી વારંવાર 'વીતરાગ' વિશેષણનો પ્રયોગ કરો છો, – એનું કારણ શું છે? શું કોઈ સરાગસંવેદનજ્ઞાન પણ હોય છે ?

તેના ઉત્તરમાં આચાર્યદેવ કહે છે કે હા, ભાઈ ! વિષયસુખાનુભવના આનંદરૂપ સ્વસંવેદનજ્ઞાન સર્વજન પ્રસિદ્ધ જ છે, તે સરાગ હોય છે; પરંતુ જે શુદ્ધાત્માના સુખાનુભવરૂપ સ્વસંવેદનજ્ઞાન છે, તે વીતરાગ જ હોય છે.

સ્વસંવેદનજ્ઞાનના વ્યાખ્યાનના કાળમાં આ જ પ્રકારનું વ્યાખ્યાન સર્વત્ર જ જાણવું જોઈએ – આ ભાવાર્થ છે.''

ઉક્ત કથનમાં વિશેષ ધ્યાન દેવા યોગ્ય વાત એ છે કે અહીં લૌકિક સુખના સંવેદનને સરાગસ્વસંવેદન અને અતીન્દ્રિય આત્મિક આનંદના વેદનને વીતરાગસ્વસંવેદન કહેવામાં આવ્યું છે. સાથે જ એ આદેશ પણ આપવામાં આવ્યો છે કે જ્યાં-જ્યાં સ્વસંવેદનજ્ઞાનના વ્યાખ્યાનનો પ્રસંગ હોય, ત્યાં-ત્યાં સર્વત્ર જ સરાગસ્વંવેદન અને વીતરાગસંવેદનનો આ જ અર્થ કરવો જોઈએ.

ઉક્ત સંપૂર્ણ મંથનનું તાત્પર્ય માત્ર એટલું જ છે કે પર અને વિકારના કર્તૃત્વની માન્યતાનું મૂળ અજ્ઞાન છે, વીતરાગસ્વસંવેદનજ્ઞાનનો અભાવ છે. હવે આગામી ગાથામાં એમ કહે છે કે આ કર્તૃત્વની માન્યતા જ્ઞાનથી જ નાશ પામશે, વીતરાગસ્વસંવેદનજ્ઞાનથી જ નષ્ટ થશે.

જ્ઞાનગોષ્ઠી

પ્રશ્ન:- શાસ્ત્રમાં મનુષ્યના શરીરમાં કેટલા રોગ હોવાનું કહ્યું છે?

ઉત્તર:- ભાવપાહુડ ગાથા ૩૭ માં કહ્યું છે કે આ મનુષ્યના શરીરમાં એક તસુમાં છન્નુ છન્નુ રોગ છે તો આખા શરીરમાં રોગ કેટલા ? (એ હિસાબે આખા શરીરમાં પાંચ કરોડ અડસઠ લાખ નવાણું હજાર પાંચસો ચોર્યાશી રોગ હોય છે) શરીર તો રોગની મૂર્તિ છે અને આત્મા આનંદનો સાગર છે. રોગથી ઘેરાઈ જાય ત્યારે ક્યાં જવું ? અરે ! અંદર આત્મા વજ્રનો કિલ્લો છે, જ્યાં રોગનો અને રાગનો પ્રવેશ નથી, એકલો આનંદ જ ભર્યો છે ત્યાં ઘૂસી જવું ! આત્મા પરમ શરણ ને શાંતિનું ધામ છે.

- આત્મધર્મ અંક ૪૩૫, જાન્યુઆરી ૧૯૮૦, પૃષ્ઠ ૨૯/૩૦

સમયસાર ગાથા - ૯૭

એદેણ દુ સો કત્તા આદા णिच्छयविदूहिं परिकहिदो।
એવં खलु जो जाणदि सो मुच्चदि सव्वकत्तित्तं ॥૯૭॥

(હરિગીત)

એ કારણે આત્મા કહ્યો કર્તા સહુ નિશ્ચયવિદે,
-એ જ્ઞાન જેને થાય તે છોડે સકલ કર્તૃત્વને. ૯૭.[1]

આ કારણે નિશ્ચયનયના વિશેષજ્ઞ જ્ઞાનીઓએ તે આત્માને કર્તા કહ્યો છે - નિશ્ચયનયથી જે એમ જાણે છે, તે સર્વકર્તૃત્વને છોડી દે છે.

આ ગાથાનો ભાવ આચાર્ય અમૃતચંદ્ર આત્મખ્યાતિમાં આ પ્રમાણે સ્પષ્ટ કરે છે -

''આ આત્મા અજ્ઞાનને લીધે પરના અને પોતાના એકત્વનો આત્મવિકલ્પ કરે છે, તેથી તે નિશ્ચયથી કર્તા પ્રતિભાસે છે. - જે એમ જાણે છે, તે સમસ્ત કર્તૃત્વને છોડી દે છે; તેથી તે નિશ્ચયથી અકર્તા પ્રતિભાસે છે. હવે આ જ વાતને વિશેષ સમજાવે છે -

અનાદિથી જ સંકુચિત ભેદસંવેદનશક્તિવાળો આ આત્મા, અજ્ઞાનને કારણે આરંભથી જ મિશ્રિત સ્વાદનું સ્વાદન-અનુભવન-હોવાથી, પુદ્ગલકર્મ અને આત્માનો એકમેકરૂપ મિશ્ર અનુભવ હોવાથી, સ્વ-પરને એકપણે જાણતો થકો, 'હું ક્રોધ છું' ઈત્યાદિ આત્મવિકલ્પ કરે છે. આથી નિર્વિકલ્પ, અકૃત્રિમ, એક વિજ્ઞાનઘનસ્વભાવથી ભ્રષ્ટ થયો થકો, વારંવાર અનેક વિકલ્પરૂપ પરિણમિત થયો થકો કર્તા પ્રતિભાસિત થાય છે.

---

૧ સમયસાર (ગુજરાતી), પાનું ૧૭૪

અને જ્યારે આ આત્મા જ્ઞાની થાય છે, ત્યારે જ્ઞાનને કારણે પુદ્‌ગલકર્મ અને પોતાના સ્વાદનો ભિન્ન-ભિન્ન અનુભવ હોવાને લીધે ભેદસંવેદનશક્તિથી સંપન્ન થયો થકો એમ જાણે છે કે 'અનાદિનિધન, નિરંતર સ્વાદમાં આવવાવાળો, સમસ્ત અન્ય રસોથી વિલક્ષણ અત્યંત મધુર ચૈતન્ય રસવાળા આત્મા અને કષાયોમાં એકત્વનો અધ્યાસ અજ્ઞાનને કારણે થાય છે.' આમ પરને અને પોતાને ભિન્ન-ભિન્ન જાણીને આ આત્મા 'હું એક અકૃત્રિમ જ્ઞાન જ છું, કૃત્રિમ ક્રોધાદિ નહિ' - એમ જાણતો થકો 'હું ક્રોધ છું' ઈત્યાદિ આત્મવિકલ્પ કિંચિત માત્ર પણ કરતો નથી, તેથી સમસ્ત કર્તૃત્વને છોડી દે છે, માટે સદાય ઉદાસીન થયો થકો માત્ર જાણ્યા કરે છે. અને તેથી નિર્વિકલ્પ, અકૃત્રિમ, એક વિજ્ઞાનઘન થયો થકો અત્યંત અકર્તા પ્રતિભાસિત થાય છે.''

ઉક્ત ટીકાનું તાત્પર્ય અત્યંત સંક્ષેપમાં સ્પષ્ટ કરતાં પંડિત જયચંદજી છાબડા ભાવાર્થમાં લખે છે -

''જે પરદ્રવ્યના અને પરદ્રવ્યના ભાવોના કર્તૃત્વને અજ્ઞાન જાણે છે, તે સ્વયં કર્તા શા માટે બને ? જો અજ્ઞાની બન્યા રહેવું હોય તો પરદ્રવ્યનો કર્તા બનશે, માટે જ્ઞાન થયા બાદ પરદ્રવ્યનું કર્તૃત્વ રહેતું નથી.''

અહીં એક પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે શું જ્ઞાનીને આત્માના અતીન્દ્રિય આનંદની સાથે-સાથે લૌકિક સુખ-દુઃખ અને ભૂમિકાનુસાર વિદ્યમાન કષાયોનું પણ વેદન હોય છે ?

હા, હોય છે, અવશ્ય હોય છે; કારણ કે જો તેને એકલા આત્માનું જ વેદન હોય તો પછી તે એમ કેમ જાણશે કે જ્ઞાનાનંદસ્વભાવી આત્મા અલગ છે અને આ ક્રોધાદિ ભાવો અલગ છે ? બન્નેને ભિન્ન-ભિન્ન જાણવા તેને તો ભેદવિજ્ઞાન કહે છે. અહીં તો સ્પષ્ટ જ લખ્યું છે કે ભેદસંવેદનશક્તિ પ્રગટ થઈ ગઈ હોય જેની, એવો જ્ઞાની આત્મા અને ક્રોધાદિને ભિન્ન-ભિન્ન જાણે છે.

ઉક્ત સંદર્ભમાં પૂજ્ય ગુરુદેવના વિચાર પણ દ્રષ્ટવ્ય છે -

"જો કોઈ એમ કહે કે જ્ઞાનીને તો દુઃખનું વેદન છે જ નહીં, તો તેની એ વાત બરાબર નથી. ભૂમિકાનુસાર જ્ઞાનીને જ્ઞાન તેમજ આનંદનું વેદન પણ છે તથા દુઃખનું વેદન પણ છે; પરંતુ બન્નેનું પૃથક્-પૃથક્ વેદન હોય છે, એકરૂપ નહિ.

દ્રવ્યાનુયોગમાં અધ્યાત્મતત્વની મુખ્યતાથી જ્યાં દ્રષ્ટિના વિષયનું નિરુપણ હોય છે, ત્યાં એમ કહેવામાં આવે છે કે 'જ્ઞાનીને આનંદનું જ વેદન છે'; પરંતુ ત્યાં એ કથનમાં રાગ ગૌણ રહે છે અને જ્યાં જ્ઞાનની પ્રધાનતાથી વાત કરવામાં આવે છે, ત્યાં એમ કહે છે કે જ્ઞાનીને જ્ઞાનનું, આનંદનું તથા રાગ-દુઃખનું બન્નેનું પૃથક્-પૃથક્ વેદન હોય છે.

જુઓ ! કેવળીને એકલું જ્ઞાન તથા આનંદનું વેદન હોય છે અને મિથ્યાદ્રષ્ટિ અજ્ઞાનીને એકલા રાગ તથા દુઃખનું વેદન હોય છે. સમકિતી જ્ઞાનીને જ્ઞાનાનંદ તેમજ રાગનો ભિન્ન-ભિન્ન સ્વાદ આવે છે. જ્યારથી સમ્યગ્દર્શન તથા સમ્યગ્જ્ઞાન થયું ત્યારથી જ્ઞાનીને સ્વરૂપસંવેદનથી પ્રાપ્ત આનંદના સ્વાદનો તેમજ પર્યાયમાં વિદ્યમાન અલ્પ રાગના સ્વાદનો પૃથક્-પૃથક્ અનુભવ થાય છે. જ્ઞાની એક સમયમાં બન્નેના સ્વાદનો ભિન્ન-ભિન્નરૂપે અનુભવ કરે છે. અહા ! જ્યાંસુધી પૂર્ણ વીતરાગતા અને પૂર્ણ આનંદની પ્રાપ્તિ ન થાય, ત્યાં સુધી જ્ઞાનીને વીતરાગ પરિણતિથી પ્રાપ્ત આનંદની સાથે જેટલો રાગ છે, તેટલા દુઃખનો પણ ભિન્નપણે અનુભવ હોય છે. જ્ઞાનીને એકલા આનંદનો જ સ્વાદ આવતો હોય-એમ નથી.[૧]"

આ પ્રમાણે એ સુનિશ્ચિત થયું કે જોકે જ્ઞાનીને લૌકિક સુખ-દુઃખનું પણ વેદન હોય છે; તોપણ તેઓ તેને પોતાના આત્મસ્વભાવથી ભિન્ન જ જાણે છે.

ઉક્ત ગાથામાં જોરપૂર્વક એ વાત કહેવામાં આવી છે કે જ્યારે આ આત્મા એમ જાણી લે છે કે બંધના કારણભૂત આ કર્તૃત્વનું મૂળ અજ્ઞાન છે ત્યારે તે સમસ્ત પર કર્તૃત્વને સહજ જ છોડી દે છે.

---

૧ પ્રવચન રત્નાકર (હિંદી), ભાગ-૪, પાનું ૮૪

'કર્તૃત્વનું મૂળ અજ્ઞાન છે' - એ વાતને ૮૭મી ગાથાથી ૯૭મી ગાથા સુધી વિવિધ પ્રકારથી વિવિધ યુક્તિઓ દ્વારા વિસ્તારથી સમજાવવામાં આવી છે.

હવે આ અગિયાર ગાથાઓના ભવ્ય ભવન ઉપર આચાર્ય અમૃતચંદ્ર છ કળશ ચઢાવે છે; જેમાં મુખ્યરૂપે એ જ કહેવામાં આવવાનું છે કે આ જગતમાં જે કાંઈ અપ્રશસ્ત છે, અસુંદર છે; તે બધું અજ્ઞાનને કારણે જ છે અને જે કાંઈ પ્રશસ્ત, સુંદર તેમજ સુખદ છે; તેનું મૂળ કારણ એકમાત્ર સદ્જ્ઞાન છે, સમ્યગ્જ્ઞાન છે, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે.

ઉક્ત કળશોમાં પહેલો કળશ આ પ્રમાણે છે -

(बसंततिलका)

अज्ञानतस्तु सतृणाभ्यवहारकारी
ज्ञानं स्वयं किल भवन्नपि रज्यते यः ।
पीत्वा दधीक्षुमधुराम्लरसातिगृद्ध्या
गां दोग्धि दुग्धमिव नूनमसौ रसालम् ॥५७॥

(દોહરા)

ઘાસ સહિત મિષ્ટાન્નને આરોગે ગજરાજ,
સ્વાદભેદ સમજે નહીં, માને મીઠું ઘાસ;
જ્ઞાનસ્વરૂપ જે નિશ્ચયે એવો આતમરામ,
આસ્વાદે છે રાગને નિજરૂપ માની આમ;
દહીં-સાકરના સ્વાદનો લોલુપ જીવ અબૂધ,
શિખંડ પીને માનતો પીવું છું ગૌદૂધ. ૫૭

નિશ્ચયથી સ્વયં જ્ઞાનસ્વરૂપ હોવા છતાં પણ અજ્ઞાનને કારણે જે જીવ, ઘાસ સાથે મળેલા સ્વાદિષ્ટ ભોજનને ખાનારા હાથી આદિ પશુઓની જેમ રાગ કરે છે, રાગ અને આત્માનો મળેલો સ્વાદ લે છે; તે દહીં અને ઈક્ષુરસ (શેરડીનો રસ, ગોળ, સાકર)ના ખાટા-મીઠા સ્વાદની

अतिलोलुपताथी श्रीखंडने पीने पण 'हुं गायनुं दूध पी रह्यो छुं' - एम माननार पुरुष जेवो अज्ञानी छे.

कविवर बनारसीदासजीए आ छंदनो भावानुवाद नाटक समयसारमां आ प्रमाणे कर्यो छे -

(सवैया इकतीसा)

जैसैं गजराज नाज घास के गरास करि,
भच्छत सुभाय नहि भिन्न रस लीयौ है ।
जैसैं मतवारौ नहि जानै सिखरनि स्वाद,
जुंग में गगन कहै गऊ दूध पीयौ है ॥
तैसैं मिथ्याद्रष्टि जीव ग्यानरूपी है सदीव,
पग्यौ पाप-पुन्नसौं सहज सुन्न हीयौ है ।
चेतन अचेतन दुहूंकौ मिश्र पिंड लखि,
अेकमेक मानै न विवेक कछु कीयौ है ॥

जेम हाथी अनाज अने घासना मिश्रणथी बनेला भोजनने खातो होवा छतां पण, भक्षण करवानो ज स्वभाव होवाथी अनाज अने घासना भिन्न-भिन्न स्वादने जाणतो नथी तथा श्रीखंडना स्वादने नहीं जाणनार कोई मतवालो (अर्ध-पागल) पुरुष श्रीखंड पीने पण तेना नशामां चकचूर थईने कहे छे के में गायनुं दूध पीधुं छे. ते दूधना स्वादने नहीं जाणवाना कारणे श्रीखंडना स्वादने दूधनो ज स्वाद समजे छे.

उक्त हाथी अने मतवाला पुरुषनी जेम ज मिथ्याद्रष्टि जीव पण जोके सदाय ज्ञानस्वभावी छे, तोपण पुण्य-पापमां पड्यो होवाथी, पुण्य-पाप भावोथी एकत्वनो अभ्यास होवाथी आत्मज्ञानथी शून्य हृदयवाळो छे. आथी चेतन आत्मा अने अचेतन शरीरादिक तेमज रागादिकना मिश्रित रूपने जोईने, तेमने एकमेक ज मानी ले छे, कांई पण विवेक करतो नथी.

जोके मूळ कळशमां 'हाथी' अने 'अनाज' शब्दोना पर्यायवाची

(સમાનઅર્થી) કોઈ શબ્દો નથી, તોપણ કળશટીકામાં ભાવાર્થરૂપે તેમનું ઉદાહરણ આપીને સમજાવવામાં આવ્યું છે. તેને જ આધારે બનારસીદાસજીએ 'નાજ' અને 'ગજરાજ' શબ્દોનો ઉપયોગ કરીને વાતને સ્પષ્ટ કરી છે. સહજબોધગમ્ય હોવાથી પદ્યાનુવાદમાં મેં પણ તે જ શબ્દોનો ઉપયોગ કર્યો છે.

મૂળ છંદમાં સતૃણાભ્યવહારકારી પદ છે, જેનો સીધો-સાચો અર્થ થાય છે - 'તણખલા સાથે અન્ય પદાર્થોના મિશ્રણનો આહાર કરવાવાળો.' તણખલું તે ઘાસ છે અને ઘાસ ખાનાર પશુ હોય છે, માટે અહીં અન્ય સ્વાદિષ્ટ પદાર્થોની સાથે ઘાસ મેળવીને ખાનાર પશુ એ અર્થ જ ઉપયુક્ત છે; તેમજ હાથી પણ તો એક પશુ જ છે, માટે પશુના અર્થમાં ઉદાહરણરૂપે હાથીનો ઉપયોગ કરી લેવો પણ અયુક્ત નથી.

ખરેખર વાત એ છે કે ઉક્ત છંદમાં ચેતનમય પોતાના આત્માને અને શરીરાદિ તેમજ પુણ્ય-પાપરૂપ રાગાદિ ભાવોને એક માનીને તેમનામાં પોતાપણું સ્થાપિત કરનાર અજ્ઞાનીની સરખામણી ઘાસ અને સ્વાદિષ્ટ આહારના મિશ્રણને ખાનાર પશુ તથા શ્રીખંડ પીવાવાળા અર્ધપાગલ પુરુષ સાથે કરવામાં આવી છે, તેને અર્ધપાગલ મનુષ્ય અથવા અવિવેકી પશુ બતાવવામાં આવ્યો છે; સાથે જ એમ પણ કહ્યું છે કે જોકે સ્વભાવથી તો આ આત્મા જ્ઞાનસ્વભાવી જ છે; તેમ છતાં અજ્ઞાનને કારણે, ભેદજ્ઞાનના અભાવને કારણે તેની આ દુર્દશા થઈ રહી છે.

ઉક્ત કળશમાં તો એમ કહેવામાં આવ્યું છે કે આ આત્મા અજ્ઞાનને લીધે પરમાં તથા રાગાદિમાં એકત્વ માને છે અને હવે આગામી કળશમાં એમ કહી રહ્યા છે કે શુદ્ધજ્ઞાનમય હોવા છતાં પણ આત્મા પરનો અને રાગાદિભાવોનો કર્તા બનીને આકુલિત થઈ રહ્યો છે.

મૂળ કળશ આ પ્રમાણે છે -

(शार्दूलविक्रीडित)

अज्ञानान्मृगतृष्णिकां जलधिया धावन्ति पातुं मृगा
अज्ञानात्तमसि द्रवन्ति भुजगाध्यासेन रज्जौ जनाः ।

अज्ञानाच्च विकल्पचक्रकरणाद्वातोत्तरंगाब्धिवत्
शुद्धज्ञानमया अपि स्वयममी कर्त्रीभवन्त्याकुलाः ॥५८॥

(हरिगीत)

अज्ञानथी ज्यम दोडतां मृग रेतने जळ जाणीने,
जन पामतां भय अंधकारे दोरी विषधर मानीने;
छे ज्ञानमय आ जीव पण अज्ञानना कारण थकी,
आकुलित थई कर्ता बने ज्यम क्षुब्ध सागर पवनथी. ५८

જે રીતે અજ્ઞાનને લીધે મૃગમરીચિકા (મૃગજળ)માં જળની બુદ્ધિ હોવાથી મૃગ તેને પીવા માટે દોડે છે અને અજ્ઞાનને લીધે જ અંધકારમાં પડેલી દોરડીમાં સર્પનો અધ્યાસ થવાથી લોકો ભયથી ભાગે છે; તે જ રીતે શુદ્ધજ્ઞાનમય હોવા છતાં પણ આ જીવ અજ્ઞાનને લીધે પવનથી તરંગિત સમુદ્રની જેમ વિકલ્પોના સમૂહને કરવાથી આકુલિત થયો થકો પોતાની મેળે જ પરનો કર્તા થાય છે.

કવિવર બનારસીદાસજીએ નાટક સમયસારમાં ઉક્ત છંદનો ભાવાનુવાદ આ પ્રમાણે કર્યો છે -

(सवैया इकतीसा)

जैसैं महाधूप की तपनि मैं तिसायौ मृग,
भरम सौं मिथ्याजल पीवन कौं धायौ है ।
जैसैं अंधकार मांहि जेवरी निरखि नर,
भरम सौं डरपि सरप मानि आयौ है ॥
अपनैं सुभाव जैसैं सागर सुथिर सदा,
पवन-संजोग सौं उछरि अकुलायौ है ।
तैसैं जीव जड सौं अव्यापक सहज रूप,
भरम सौं करम कौ करता कहायौ है ॥

જેવી રીતે સખત તડકાના તાપથી સંતપ્ત તરસ્યું હરણ ભ્રમથી રણની રેતીને પાણી સમજીને તેને પીવા દોડે છે અને અંધકારમાં પડેલી દોરડીને જોઈને ભ્રમથી તેને સાપ માનીને લોકો ભાગે છે, તથા સ્વભાવથી સુસ્થિર હોવા છતાં પણ સાગર પવનના સંયોગથી ઉછળે છે, આકુલિત થાય છે; તે જ રીતે સહજરૂપે જ જડ પદાર્થોથી ભિન્ન આ આત્મા ભ્રમને લીધે કર્મોનો કર્તા બને છે, કર્મોનો કર્તા કહેવાય છે.

ઉક્ત છંદમાં અનેક ઉદાહરણો આપીને એ સમજાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે કે જ્ઞાનસ્વભાવી આ આત્મા અજ્ઞાનને કારણે જ પર પદાર્થો અને વિકારી ભાવોનો કર્તા બનીને આકુલિત થાય છે.

રણની જમીન પર સૂર્યના કિરણો પડવાથી રેતી ચમકે છે અને પાણી જેવી લાગે છે. તેને જોઈને મૃગોને એવો ભ્રમ થઈ જાય છે કે દૂરની જગ્યાએ જળ છે. તરસ્યાં મૃગો પાણી પીવાની ઈચ્છાથી તે દિશામાં દોડે છે; પરંતુ ત્યાં તેમને કાંઈ મળતું નથી. ત્યાંથી વળી આગળ પાણી જેવું દેખાવા લાગે છે. તેથી મૃગો ફરી દોડે છે. આમ ભયંકર ગરમીમાં તરસ બુઝાવવાની ભાવનાથી મૃગોનું દોડવું ચાલુ રહે છે. આવી સ્થિતિ ત્યાં સુધી બને છે કે મૃગોના મરણ પણ થઈ જાય છે. એને જ મૃગમરીચિકા કહે છે.

આ બધું અજ્ઞાનને કારણે જ થાય છે. તેવી જ રીતે અંધારામાં પડેલી દોરડીને સાપ સમજીને ડરને લીધે ભાગવાનું પણ અજ્ઞાનને કારણે જ થાય છે.

અહીં એમ બતાવવામાં આવ્યું છે કે જેમ મૃગમરીચિકામાં પડેલા મૃગો ભયંકર ગરમીમાં આકુલિત થઈને ભાગે છે અને અંધારામાં પડેલી દોરડીને સર્પ સમજીને લોકો આકુલિત થઈને ભાગે છે; તેમ જ્ઞાનસ્વભાવી આ ભગવાન આત્મા અજ્ઞાનને કારણે પરની સંભાળ કરવા ખાતર દોડ-ધામ કરે છે, ધનાદિ પદાર્થો મેળવવામાં જીવનની મહત્વપૂર્ણ ક્ષણો બરબાદ કરે છે, દેહાદિની અનુકૂળતા ખાતર ભક્ષ્યાભક્ષ્યના વિચાર રહિત થઈને

અસદ્ આચરણ કરે છે. અને પર પદાર્થો અને શુભાશુભભાવોનો કર્ત્તા-ધર્તા બનીને આકુલિત થાય છે.

જેવી રીતે સમુદ્ર સ્વભાવથી તો શાંત જ છે, તોપણ પવનના વેગથી તરંગિત થઈ જાય છે, આંદોલિત થઈ જાય છે; તેવી જ રીતે આ ભગવાન આત્મા પણ સ્વભાવથી તો શાંત જ છે, તોપણ અજ્ઞાનને કારણે પરનો કર્તા બનીને આકુલિત થાય છે.

ઉક્ત છંદમાં અજ્ઞાનના કારણો શું હોય છે ? - એ બતાવવામાં આવ્યું છે અને હવે આગામી છંદમાં એ બતાવે છે કે જ્ઞાનથી શું-શું થાય છે.

મૂળ છંદ આ પ્રમાણે છે -

(बसंततिलका)

ज्ञानाद्विवेचकतया तु परात्मनोर्यो
जानाति हंस इव वाःपयसोर्विशेषं ।
चैतन्यधातुमचलं स सदाधिरूढो
जानीत अेव हि करोति न किञ्चनापि ॥५९॥

(હરિગીત)

જ્યમ હંસ જાણે જ્ઞાનથી બસ નીર ક્ષીર વિશેષને,
ત્યમ જીવ જે જાણે વિવેકે આપ પરના ભેદને;
ચૈતન્યધાતુ અચળમાં આરૂઢ થઈને તે સદા,
બસ માત્ર જાણે પણ બને કિંચિત નહીં કર્તા કદા. ૫૯.

જેમ હંસ દૂધ અને પાણીના વિશેષને (તફાવતને) જાણી લે છે, તેમ જે જીવ જ્ઞાનને કારણે વિવેકવાળો હોવાથી આત્મા અને પર પદાર્થોના ભેદને જાણી લે છે; તે અચળ ચૈતન્યધાતુમાં સદા આરૂઢ થયો થકો, તેનો આશ્રય લેતો થકો માત્ર જાણે જ છે, કિંચેત માત્ર પણ કર્ત્તા થતો નથી. તાત્પર્ય એમ છે કે સ્વ-પરના ભેદને જાણનાર જ્ઞાતા જ છે, કર્ત્તા નહીં.

ઉક્ત છંદનો ભાવાનુવાદ નાટક સમયસારમાં આ પ્રમાણે કરવામાં આવ્યો છે -

(સવૈયા ઇકતીસા)

જૈસૈં રાજહંસ કે બદન કે સપરસત,
દેખિયે પ્રગટ ન્યારૌ છીર ન્યારૌ નીર હૈ ।
તૈસૈં સમકિતી કી સુદૃષ્ટિ મૈં સહજ રૂપ,
ન્યારૌ જીવ ન્યારૌ કર્મ ન્યારૌ હી સરીર હૈ ॥

જબ સુદ્ધ ચેતન કૌ અનુભૌ અભ્યાસૈ તબ,
ભાસૈ આપુ અચલ ન દૂજૌ ઔર સીર હૈ ।
પૂરવ કરમ ઉદૈ આઇકૈ દિખાઈ દેઈ,
કરતા ન હોય તિન્હકૌ તમાસગીર હૈ ॥

જેમ હંસના મોઢાનો સ્પર્શ થતાં, મળી ગયેલાં દૂધ અને પાણી જુદા જુદા થઈ જાય છે, અલગ-અલગ દેખાય છે; તેમ સમ્યગ્દ્રષ્ટિ જીવોની સુદ્રષ્ટિમાં સહજરૂપે જ શરીર, કર્મ અને આત્મા અલગ-અલગ દેખાય છે. જ્યારે શુદ્ધ ચૈતન્ય આત્માના અનુભવનો અભ્યાસ થાય છે ત્યારે બીજા પદાર્થની મેળવણી વગર એકલો અચળ આત્મા જ પ્રતિભાસે છે. જોકે ઉદયાગત પૂર્વ કર્મ પણ દેખાય છે; તોપણ આ આત્મા તેમનો કર્ત્તા બનતો નથી, પરંતુ તેમનો તમાશગીર જ રહે છે, તમાશો જોનાર જ રહે છે, જ્ઞાતા-દ્રષ્ટા જ રહે છે.

હંસની ચાંચમાં થોડી ખટાશ હોય છે. તેથી જ્યારે તે દૂધ પીવા માટે તેમાં પોતાની ચાંચ નાંખે છે, ત્યારે દૂધ ફાટી જાય છે. આમ દૂધ અને પાણી અલગ થઈ જાય છે. હંસની આ વિશેષતાને કારણે સાહિત્યજગતમાં એ પ્રસિદ્ધ છે કે હંસમાં દૂધ અને પાણીને અલગ અલગ કરી દેવાની અપાર ક્ષમતા છે. તેથી હંસને ક્ષીર-નીર વિવેકી પણ કહેવામાં આવે છે. જે વ્યક્તિ ભલા-બૂરાની ઓળખાણ કરવામાં સમર્થ હોય છે, અસલી-નકલીનો ભેદ સમજવામાં ચતુર હોય છે; તેને હંસની ઉપમા આપવામાં આવે છે અને તેને પણ ક્ષીર-નીર વિવેકી કહેવાય છે.

આ જ કારણ છે કે અહીં સમ્યગ્દ્રષ્ટિ જ્ઞાની ધર્માત્માને, શરીરાદિ પર પદાર્થોથી ભિન્ન પોતાના આત્માને જાણી લેવાથી, ક્ષીર-નીર વિવેકી કહ્યો છે, સાથે એમ પણ કહે છે કે જ્ઞાની આત્મા શરીર, કર્મ અને કર્મોદયજન્ય વિકારી ભાવોને જાણે તો છે, પણ કરતો નથી; તેમનો તમાશગીર જ રહે છે, તેમનો તમાશો જોનાર જ રહે છે, જ્ઞાતા-દ્રષ્ટા જ રહે છે, કર્ત્તા-ધર્ત્તા થતો નથી.

આગામી કળશમાં જ્ઞાનનો મહિમા બતાવતાં કહે છે -

(मन्दाक्रान्ता)

ज्ञानादेव ज्वलनपयसोरौष्ण्यशैत्यव्यवस्था
ज्ञानादेवोल्लसति लवणस्वादभेदव्युदासः ।
ज्ञानादेव स्वरसविकसन्नित्यचैतन्यधातौः
क्रोधादेश्च प्रभवति भिदा भिन्दती कर्त्तृभावम् ॥६०॥

(મંદાક્રાંતા)

જ્ઞાન જાણે ગરમ જળમાં શીત-ઉષ્ણ વ્યવસ્થા,
જ્ઞાન જાણે નમક રસને વ્યંજનોમાં વિવેકે;
ક્રોધાદિ ને નિજરસ વડે પૂર્ણ ચૈતન્યધાતુ,
જ્ઞાન ભેદે વિલય કરતાં ભાવ કર્તૃત્વ કેરો.૬૦.

ગરમ પાણીમાં અગ્નિની ઉષ્ણતા અને પાણીની શીતળતાનો ભેદ જ્ઞાનથી જ પ્રગટ થાય છે અને નમકના સ્વાદભેદનું નિરાકરણ જ્ઞાનથી જ થાય છે. તાત્પર્ય એ છે કે જ્ઞાનમાં જ એવી શક્તિ છે કે તે શાકમાં પડેલા નમકનો સામાન્ય સ્વાદ જાણી લે છે. તેમ નિજરસથી વિકસિત થતી નિત્ય ચૈતન્યધાતુ અને ક્રોધાદિભાવોનો પરસ્પર ભેદ પણ જ્ઞાન જ જાણે છે અને ક્રોધાદિકના કર્તૃત્વને ભેદતું જ્ઞાન જ પ્રગટ થાય છે.

આ કળશનો ભાવાનુવાદ નાટક સમયસારમાં આ પ્રમાણે કરવામાં આવ્યો છે -

(सवैया इकतीसा)

जैसैं उसनोदक मैं उदक-सुभाव सीरौ,
आग की उसनता एरस ग्यान लखियै ।
जैसैं स्वाद व्यंजन मैं दीसत विविधरूप,
लौन कौ सुवाद खारौ जीभ-ग्यान चखियै ॥
तैसैं घट पिंड मैं विभावता अग्यानरूप,
ग्यानरूप जीव भेद-ग्यानसौं परिखियै ।
भरमसौं करम कौ करता है चिदानंद,
दरब विचार करतार भाव नखियै ॥

જેમ શીતળસ્વભાવવાળા ગરમ જળની અગ્નિજનિત ઉષ્ણતા સ્પર્શજ્ઞાનથી જ જણાય છે તથા વિવિધ સ્વાદવાળા વ્યંજનોમાં નમકનો ખારો સ્વાદ રસના ઈન્દ્રિયથી ચખાય છે, રસના ઈન્દ્રિય સંબંધી જ્ઞાનથી જણાય છે; તેમ આ ઘટપિંડમાં અજ્ઞાનરૂપ વિભાવ અને જ્ઞાનસ્વરૂપી આત્મા ભેદજ્ઞાન વડે પરખાય છે, ભિન્ન-ભિન્ન જાણી લેવામાં આવે છે. આ ચિદાનંદ ભગવાન આત્મા ભ્રમને કારણે જ કર્મનો કર્ત્તા પ્રતિભાસે છે; દ્રવ્યનો વિચાર કરતાં, દ્રવ્યદ્રષ્ટિ વડે જોતાં આ કર્ત્તૃત્વભાવ સહજ જ નષ્ટ થઈ જાય છે.

ઉક્ત છંદમાં પણ જ્ઞાનનો જ મહિમા બતાવ્યો છે. કહ્યું છે કે ઉકળી રહેલા ગરમ પાણીનો પણ સ્વભાવ તો શીતળ જ છે. તેમાં જે ગરમી છે, તે પાણીની નહિ, અગ્નિની છે. આ વાતને જ્ઞાન જ તો જાણે છે. તેવી જ રીતે શાકમાં મિશ્રિત નમકના ખારાપણાને પણ જ્ઞાન જ તો જાણે છે.

આ બે ઉદાહરણ તો જ્ઞાનના ભેદક સ્વભાવને સમજાવવા માટે આપ્યાં છે. સમજવા-સમજાવવાની મૂળ વાત તો એક છે કે નિજસ્વરૂપગ્રાહી જ્ઞાનમાં જ એ સામર્થ્ય છે કે તે રાગાદિરૂપ પરિણત આત્મામાં પણ રાગાદિ ભિન્ન છે અને આત્મા ભિન્ન છે - એ વાત જાણે છે અને પરના કર્ત્તૃત્વને ભેદતું થકું પણ નિજસ્વરૂપગ્રાહી જ્ઞાન જ પ્રગટ થાય છે.

કળશમાં તો 'જ્ઞાન' શબ્દનો જ પ્રયોગ છે, પણ કળશટીકામાં પાંડે રાજમલજી તેને 'નિજસ્વરૂપગ્રાહીજ્ઞાન' પદથી સંબોધિત કરે છે. ખરેખર તે જ્ઞાન નિજસ્વરૂપગ્રાહીજ્ઞાન જ છે; કારણ કે નિજસ્વરૂપગ્રાહીજ્ઞાનથી જ નિજ ભગવાન આત્મા જાણવામાં આવે છે.

હવે આગામી પ્રકરણની સૂચના આપવાવાળા બે કળશ છે, જેમાં કહ્યું છે કે આત્મા પોતાના ભાવોનો જ કર્ત્તા છે, પરનો નહિ. તેને પરનો કર્ત્તા કહેવો તે વ્યવહારીજનોનો મોહ છે.

તે બન્ને કળશ મૂળતઃ આ પ્રમાણે છે –

(अनुष्टुप्)

अज्ञानं ज्ञानमप्येवं कुर्वन्नात्मानमंजसा ।
स्यात्कर्तात्मात्मभावस्य पर भावस्य न क्वचित् ॥६१॥

आत्मा ज्ञानं स्वयं ज्ञानं ज्ञानादन्यत्करोति किम् ।
परभावस्य कर्तात्मा मोहोऽयं व्यवहारिणाम् ॥६२॥

(હરિગીત)

નિજને કરે અજ્ઞાનમય વા જ્ઞાનમય આ આતમા,
કર્તા બને નિજ ભાવનો, પરનો નહીં કર્તા કદા.૬૧.

આત્મા સ્વયં છે જ્ઞાન, જ્ઞાન વિના બીજું તે શું કરે?
'પરભાવનો કર્તા બને' - વ્યવહારી જનનો મોહ છે.૬૨.

આ પ્રમાણે નિશ્ચયથી પોતાને અજ્ઞાનરૂપ અથવા જ્ઞાનરૂપ કરતો થકો આ આત્મા પોતાના જ ભાવનો કર્ત્તા છે, પરભાવનો કર્ત્તા કદાપિ નથી.

આત્મા જ્ઞાનસ્વરૂપ છે, સ્વયં જ્ઞાન જ છે; તેથી તે જ્ઞાનથી અતિરિક્ત બીજું શું કરે ? આત્મા પરભાવનો કર્ત્તા છે – એમ માનવું એ વ્યવહારી જીવોનો મોહ છે, અજ્ઞાન છે.

આ છંદોનો ભાવાનુવાદ નાટકસમયસારમાં આ પ્રમાણે કરવામાં આવ્યો છે -

(દોહરા)

ग्यानभाव ग्यानी करै, अग्यानी अग्यान ।
दर्वकर्म पुद्गल करै, यह निहचै परवान ॥
ग्यानसरूपी आतमा, करै ग्यान नहि और ।
दरब करम चेतन करै यह विवहारी दौर ॥

પોતાના જ્ઞાનભાવોનો કર્ત્તા જ્ઞાની આત્મા છે અને પોતાના અજ્ઞાનભાવોનો કર્ત્તા અજ્ઞાની આત્મા છે તથા દ્રવ્યકર્મોનું કર્ત્તા કાર્માણવર્ગણારૂપ પુદ્ગલદ્રવ્ય છે. આમ નિશ્ચયથી જાણવું જોઈએ.

જ્ઞાનસ્વભાવી આત્મા તો જ્ઞાન જ કરે છે, અન્ય કાંઈ કરતો નથી. દ્રવ્યકર્મોને ચેતન કરે છે - એ વ્યવહારનું કથન છે.

પાંડે રાજમલજી કળશટીકામાં ઉક્ત કથનનો ભાવ સ્પષ્ટ કરતાં લખે છે -

"જીવદ્રવ્ય અશુદ્ધચેતનારૂપ પરિણમે છે, શુદ્ધચેતનારૂપ પરિણમે છે; તેથી જે કાળે જે ચેતનારૂપ પરિણમે છે, તે કાળે તે ચેતના સાથે વ્યાપ્ય-વ્યાપકરૂપ છે; તેથી તે કાળે તે જ ચેતનાનો કર્ત્તા છે. તોપણ પુદ્ગલપિંડરૂપ જે જ્ઞાનાવરણાદિ કર્મ છે, તેની સાથે તો વ્યાપ્ય-વ્યાપકરૂપ નથી, તેથી તેનો કર્તા નથી."

પ્રશ્ન - આત્મખ્યાતિના છંદમાં તો એમ જ કહ્યું છે કે આત્મા પોતાના જ્ઞાનરૂપ અને અજ્ઞાનરૂપ ભાવોનો જ કર્ત્તા છે, પરનો કર્ત્તા કદાપિ નથી; પરંતુ નાટક સમયસારના ભાવાનુવાદમાં તો એમ કહ્યું છે કે જ્ઞાનરૂપભાવોનો કર્ત્તા જ્ઞાની આત્મા છે અને અજ્ઞાનરૂપ ભાવોનો કર્ત્તા અજ્ઞાની આત્મા છે તથા દ્રવ્ય-કર્મોનો કર્ત્તા પુદ્ગલદ્રવ્ય છે - આ અંતર શા માટે છે ?

ઉત્તર - આવું અંતર જોઈને તો અમે તેને ભાવાનુવાદ કહીએ છીએ. આત્મખ્યાતિના કળશમાં સામાન્ય કથન કરીને આત્માને પોતાના જ્ઞાન-અજ્ઞાન ભાવોનો કર્ત્તા જ બતાવ્યો છે; ન તો આત્માના જ્ઞાની અને અજ્ઞાની એવા ભેદ કર્યા છે અને ન તો એમ પણ બતાવ્યું છે કે તે ભાવોમાંથી કોનો કર્ત્તા જ્ઞાની છે અને કોનો અજ્ઞાની ? જ્યારે બનારસીદાસજીએ આત્માને જ્ઞાની-અજ્ઞાનીના ભેદોમાં વિભાજીત કરીને જ્ઞાનીને જ્ઞાનભાવોનો અને અજ્ઞાનીને અજ્ઞાનભાવોનો કર્તા બતાવ્યો છે.

આ પ્રમાણે મૂળ શ્લોકમાં તો માત્ર એટલું જ કહ્યું કે આત્મા પરનો કર્તા નથી, જ્યારે બનારસીદાસજીએ તે જ ભાવને સ્પષ્ટ કરતાં એમ પણ બતાવ્યું કે પૌદ્‌ગલિક કર્મોનો કર્ત્તા પુદ્‌ગલ છે.

આ તો બનારસીદાસજીની વિશેષતા છે કે તેઓએ એટલા જ નાનકડા છંદમાં તેના જ ભાવને વધુ વિસ્તારથી સ્પષ્ટ કરી દીધો છે.

બીજા છંદમાં એ જ વાતને પુષ્ટ કરતાં આચાર્યદેવ પાઠકોને પ્રશ્ન કરે છે કે જ્યારે આત્મા જ્ઞાનસ્વરૂપ છે, સ્વયં જ્ઞાન જ છે તો પછી જ્ઞાન સિવાય બીજું શું કરે ? જ્ઞાનનું કામ તો જ્ઞાન કરવું જ છે.

'આત્મા પરભાવોનો કર્ત્તા છે' - એમ માનવું એ તો વ્યવહારીજનોનો મોહ જ છે. જુઓ ! અહીં એમ ન કહ્યું કે આત્મા પરભાવોનો કર્ત્તા વ્યવહારથી છે; પરંતુ એમ કહ્યું છે કે એ તો વ્યવહારીજનોનો મોહ છે. - આમ કહીને આચાર્યદેવ વ્યવહારકથનની અસત્યાર્થતા તરફ સંકેત કરી રહ્યા છે.

આ વાતને આગામી ગાથાઓમાં આચાર્ય કુંદકુંદ સ્વયં જ વિસ્તારથી સ્પષ્ટ કરવાના છે. તેથી અહીં વધુ કાંઈ કહેવું અભિષ્ટ નથી.

વ્યવહારનયની ઉપયોગીતા, સત્યાર્થતા અને અસત્યાર્થતા વિષે લેખકની અન્ય કૃતિ 'પરમભાવપ્રકાશક નયચક્ર'માં વિસ્તારથી પ્રકાશ

પાથરવામાં આવ્યો છે. જે આત્માર્થી બંધુઓને આ સંદર્ભમાં વિશેષ જિજ્ઞાસા હોય, તેઓએ પરમભાવપ્રકાશક નયચક્રના પાના ૧૩૩ થી ૧૪૦ સુધીનો ઊંડાણથી અભ્યાસ કરવો જોઈએ.

જ્ઞાનગોષ્ઠી

પ્રશ્ન:- ભગવાન આત્મા વિકારનું કારણ છે કે અકારક ? શું વિકાર પરદ્રવ્યથી થાય છે ? જો ના, તો પરદ્રવ્યથી પરાન્મુખ હોવાનો ઉપદેશ કેમ દેવાય છે ? પર્યાયનું નિર્વિકારી હોવું દ્રવ્યને આધીન છે શું ? કૃપા કરી બધાનું સમાધાન કરશો.

ઉત્તર:- ભગવાન આત્મા નિર્વિકાર અતીન્દ્રિય આનંદનો પિંડ છે ને વિકારનું કારણ છે જ નહિ. પરદ્રવ્ય ઉપર લક્ષ કરવાથી વિકાર થાય છે પણ પરદ્રવ્યથી વિકાર થતો નથી. પરદ્રવ્ય ઉપર લક્ષ કરવાથી પર્યાય સ્વતંત્ર પોતાથી વિકારરૂપે થાય છે. સ્વદ્રવ્ય શુદ્ધ ચૈતન્યમૂર્તિ આંનદસ્વરૂપ છે તેનાથી પર્યાય નિર્વિકાર થતી નથી પણ સ્વદ્રવ્યનું લક્ષ કરતાં પર્યાય પોતે પોતાથી સ્વતંત્રરૂપે નિર્વિકાર થાય છે અને પરદ્રવ્યનું લક્ષ કરવાથી પર્યાય વિકારી થાય છે તેથી આત્મા એકલો સ્વભાવથી રાગનો અકારક જ છે. જો આત્મા રાગનો અકારક ન હોય તો પરદ્રવ્યથી હઠવાનો-પરદ્રવ્યનું લક્ષ છોડવાનો ઉપદેશ છે તે નિરર્થક ઠરે. તેથી પરદ્રવ્યના લક્ષે જ વિકાર થતો હોવાથી પરદ્રવ્યથી હઠવાનો ઉપદેશ છે. વિકાર થાય છે તેમાં પરદ્રવ્ય નિમિત્ત છે તે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ એમ જાહેર કરે છે કે આત્મા એકલો સ્વભાવથી વિકારનો અકારક જ છે.

- આત્મધર્મ અંક ૪૩૫, જાન્યુઆરી ૧૯૮૦, ટાઈટલ પૃષ્ઠ ૩ / પૃષ્ઠ ૨૯

समयसार गाथा ९८ थी १००

ववहारेण दु आदा करेदि घडपडरधाणि दव्वाणि ।
करणाणि य कम्माणि य णोकम्माणीह विविहाणी ॥९८॥

जदि सो परदव्वाणि य करेज्ज णियमेण तम्मओ होज्ज।
जम्हा ण तम्मओ तेण सो ण तेसिं हवदि कत्ता ॥९९॥

जीवो ण करेदि घडं णेव पडं णेव सेसगे दव्वे ।
जोगुवओगा उप्पादगा य तेसिं हवदि कत्ता ॥१००॥

(हरिगीत)

घट-पट-रथादिक वस्तुओ, करणो अने कर्मोवणी,
नोकर्म विधविध जगतमां आत्मा करे व्यवहारथी. ९८.[1]

परद्रव्यने जीव जो करे तो जरूर तन्मय ते बने,
पण ते नथी तन्मय अरे ! तेथी नहीं कर्त्ता ठरे. ९९.[2]

जीव नव करे घट, पट नहीं, जीव शेष द्रव्यो नव करे;
उत्पादको उपयोगयोगो, तेमनो कर्त्ता बने. १००.[3]

व्यवहारथी आत्मा घट-पट-रथ ईत्यादि वस्तुओने, ईन्द्रियोने, अनेक प्रकारना क्रोधादि द्रव्यकर्मोने अने शरीरादि नोकर्मोने करे छे.

---

१. समयसार (गुजराती), पानुं-१७९
२. समयसार (गुजराती), पानुं-१८०
३. समयसार (गुजराती), पानुं-१८१

જો આત્મા નિશ્ચયથી પણ પરદ્રવ્યોને કરે તો તે નિયમથી તન્મય (પરદ્રવ્યમય) થઈ જાય, પરંતુ તે તન્મય (પરદ્રવ્યમય) નથી, તેથી તે તેમનો કર્ત્તા પણ નથી.

આત્મા ઘટને કરતો નથી, પટને કરતો નથી અને શેષ અન્ય દ્રવ્યોને પણ કરતો નથી; પરંતુ જીવ ઘટ-પટને કરવના વિકલ્પવાળા પોતાના યોગ અને ઉપયોગનો કર્ત્તા અવશ્ય થાય છે.

આ ગાથાઓમાં એમ બતાવ્યું છે કે જોકે વ્યવહારનયથી એમ કહેવામાં આવે છે કે આત્મા ઘટ-પટાદિ પદાર્થો, ઈન્દ્રિયો, ક્રોધાદિ દ્રવ્યકર્મો અને શરીરાદિ નોકર્મોનો કર્ત્તા છે; તોપણ નિશ્ચયનય વ્યવહારનયનો નિષેધ કરતાં કહે છે કે જો આત્મા પરદ્રવ્યોને કરે તો તે પરદ્રવ્યરૂપ થઈ જાય; કારણ કે નિશ્ચયથી જે જેનો કર્ત્તા થાય છે, તે તેનાથી તન્મય હોય છે.

હા, એ વાત અવશ્ય છે કે જોકે આત્મા પરનો કર્ત્તા નથી, પરંતુ પરને કરવાના વિકલ્પરૂપ પરિણત પોતાના ઉપયોગ અને યોગનો કર્ત્તા અવશ્ય છે.

ઉક્ત ગાથાઓનો ભાવ આત્મખ્યાતિમાં આ પ્રમાણે સ્પષ્ટ કરવામાં આવ્યો છે -

"જે કારણથી આ આત્મા પોતાની ઈચ્છારૂપ વિકલ્પ અને હસ્તાદિકની ક્રિયારૂપ વ્યાપાર વડે ઘટ આદિ પરદ્રવ્યરૂપ બાહ્ય કાર્યોને કરતો પ્રતિભાસે છે; તે જ કારણથી ક્રોધાદિરૂપ પરદ્રવ્યસ્વરૂપ સર્વ અંતરંગ કાર્યોને પણ કરે છે; કારણ કે ઘટાદિ અને ક્રોધાદિ બન્નેય પરદ્રવ્યરૂપ છે, પરતત્ત્વની દ્રષ્ટિથી તેમનામાં કોઈ ભેદ નથી. - એવો વ્યવહારીજનોનો વ્યામોહ છે.

જો ખરેખર આ આત્મા પરદ્રવ્યસ્વરૂપ કાર્યને કરે તો પરિણામ-પરિણામીભાવની અન્યથા અપ્રાપ્તિ હોવાથી નિયમથી તન્મય થઈ જાય, પરંતુ એમ થતું નથી; કારણ કે અન્ય દ્રવ્યની અન્ય દ્રવ્યમાં તન્મયતા હોતાં અન્ય દ્રવ્યોના નાશની આપત્તિ આવે છે. તેથી એક દ્રવ્ય બીજાથી તન્મય થઈ શકતું જ નથી. માટે આત્મા ઘટાદિક તેમજ ક્રોધાદિક પરદ્રવ્યરૂપ

કાર્યોનો વ્યાપ્ય-વ્યાપકભાવથી તો કર્ત્તા છે જ નહિ; કારણ કે એમ માનવાથી તન્મયતાનો પ્રસંગ આવે છે.

નિમિત્ત-નૈમિત્તિકભાવથી પણ આત્મા ઘટાદિક અને ક્રોધાદિકનો કર્ત્તા નથી; કારણ કે એમ માનવાથી નિત્યકર્ત્તૃત્વનો પ્રસંગ આવે છે. અનિત્ય યોગ અને ઉપયોગ જ નિમિત્તરૂપે ઘટાદિક અને ક્રોધાદિકના કર્ત્તા છે.

જોકે આત્માને રાગાદિવિકારયુક્ત ચૈતન્યપરિણામરૂપ પોતાના વિકલ્પોનો અને આત્મપ્રદેશોના ચલનરૂપ પોતાના વ્યાપારનો કર્ત્તા તો કોઈ અપેક્ષાએ કહી પણ શકાય છે; તોપણ પરદ્રવ્યસ્વરૂપ ઘટાદિકાર્યોનો કર્ત્તા તો આત્મા નિમિત્તરૂપે પણ કદાપિ નથી.''

અહીં ધ્યાન રાખવાની મૂળ વાત તો એ છે કે અહીં ક્રોધાદિમાં દ્રવ્યકર્મરૂપ ક્રોધાદિને જ લેવાં જોઈએ, ભાવકર્મરૂપ ક્રોધાદિને નહીં, આત્માના વિકારી ભાવરૂપ ક્રોધાદિને નહીં; કારણ કે અહીં પરદ્રવ્યના કર્ત્તૃત્વનો નિષેધ જ ઈષ્ટ છે, આત્માના વિકારી પરિણામોના કર્ત્તૃત્વનો નિષેધ ઈષ્ટ નથી. પોતાના વિકારી અને અવિકારી પરિણામોનો અર્થાત્ પોતાના યોગ અને ઉપયોગનો કર્ત્તા તો આત્માને સ્વીકાર્યો જ છે.

આત્મખ્યાતિના ભાવને સ્પષ્ટ કરતાં જયચંદજી છાબડા ભાવાર્થમાં લખે છે -

''ઘટ-પટ, કર્મ-નોકર્મ ઈત્યાદિ પરદ્રવ્યોને આત્મા કરે છે - એમ માનવું તે વ્યવહારીજનોનો વ્યવહાર અથવા તેમનું અજ્ઞાન છે.

જો એક દ્રવ્યનું કર્ત્તા બીજું દ્રવ્ય હોય તો બન્ને દ્રવ્યો એક થઈ જાય; કારણ કે કર્ત્તા-કર્મભાવ અથવા પરિણામ-પરિણામીભાવ એક દ્રવ્યમાં જ હોઈ શકે છે. તેવી જ રીતે જો એક દ્રવ્ય બીજા દ્રવ્યરૂપ થઈ જાય તો તે દ્રવ્યનો નાશ જ થઈ જાય - આ મોટો દોષ આવી જશે. તેથી એક દ્રવ્યને બીજા દ્રવ્યનો કર્ત્તા કહેવો ઉચિત નથી.

યોગ અર્થાત્ આત્મપ્રદેશોનું પરિસ્પંદન (હલન-ચલન) અને ઉપયોગ અર્થાત્ જ્ઞાનનું કષાયો સાથે ઉપયુક્ત થવું - જોડાવું. આ યોગ અને ઉપયોગને ઘટાદિક અને ક્રોધાદિકના નિમિત્ત કર્ત્તા કહેવાય, પરંતુ આત્માને તો તેમનો કર્ત્તા કહી શકાતો નથી.

તાત્પર્ય એમ છે કે દ્રવ્યદ્રષ્ટિથી કોઈ દ્રવ્ય બીજા કોઈ દ્રવ્યનું કર્ત્તા નથી, પરંતુ પર્યાયદ્રષ્ટિથી કોઈ દ્રવ્યની પર્યાય કોઈ વખતે કોઈ અન્ય દ્રવ્યની પર્યાયને નિમિત્ત થાય છે. આ અપેક્ષાએ એક દ્રવ્યના પરિણામ બીજા દ્રવ્યના પરિણામોના નિમિત્તકર્ત્તા કહેવાય છે. પરમાર્થે દ્રવ્ય પોતાના જ પરિણામોનું કર્ત્તા છે, અન્યના પરિણામોનું અન્ય દ્રવ્ય કર્ત્તા થતું નથી.''

કર્તૃત્વના અહંકારથી ગ્રસ્ત અનેક લોકો એમ માને છે કે આ આત્મા પરદ્રવ્યોનો ઉપાદાનકર્ત્તા ભલે ન હો, પરંતુ નિમિત્તકર્ત્તા તો થાય છે જ.

તેમની આ મિથ્યા માન્યતાનું ખંડન કરતાં આચાર્યદેવ અહીં કહે છે કે જો આત્માને પરદ્રવ્યોની પર્યાયોનો નિમિત્તકર્ત્તા માનવામાં આવશે તો આત્મા નિત્ય હોવાથી ઉક્ત કાર્ય નિરંતર થતું રહેવું જોઈએ; પરંતુ એમ થતું તો જોવામાં આવતું નથી. આથી એ સુનિશ્ચિત જ છે કે આ ભગવાન આત્મા પર પદાર્થો, ઈન્દ્રિયો, ક્રોધાદિ દ્રવ્યકર્મો, શરીરાદિ નોકર્મોનો ઉપાદાનકર્ત્તા તો છે જ નહીં, પરંતુ નિમિત્તકર્ત્તા પણ નથી. હા, એ અવશ્ય છે કે પરને કરવાના ભાવરૂપ પરિણત આત્માનો ઉપયોગ અને આત્મપ્રદેશોના હલન-ચલનરૂપ આત્માનો યોગ પરદ્રવ્યની ક્રિયામાં નિમિત્ત થાય છે.

જોકે આત્મા પોતાના આ ઉપયોગ અને યોગનો કર્ત્તા છે, તોપણ તે યોગ અને ઉપયોગના નિમિત્તથી થતાં પરપદાર્થોના પરિણમનનો કર્ત્તા કદાપિ નથી.

ધ્યાન રહે કે અહીં પરદ્રવ્યના પરિણમનના કર્તૃત્વનો નિષેધ છે, તેમને કરવાના ભાવરૂપ પોતાના પરિણમનના કર્તૃત્વનો નહીં.

ખરેખર વાત તો એ છે કે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ પણ બે દ્રવ્યો વચ્ચે નહીં, બે દ્રવ્યોની પર્યાયો વચ્ચે હોય છે. ક્રોધાદિ દ્રવ્યકર્મોનો ઉદય આત્મામાં ઉત્પન્ન થતાં ક્રોધાદિ ભાવોમાં નિમિત્ત છે અને આત્મામાં ઉત્પન્ન થતાં ક્રોધાદિ ભાવો કાર્માણ વર્ગણાના કર્મરૂપ પરિણમનમાં નિમિત્ત છે. આત્મામાં ઉત્પન્ન થતાં ક્રોધાદિ પણ પર્યાય છે અને કાર્માણ વર્ગણાનું કર્મરૂપ પરિણમન પણ પર્યાય જ છે. આ બન્ને પર્યાયોમાં જ નિમિત્ત-નૈમિત્તિકભાવ ઘટિત થાય છે.

આમ ક્રોધાદિ દ્રવ્યકર્મોનો ઉદય પણ પર્યાય છે અને તેના નિમિત્તથી થતું આત્માનું ક્રોધાદિભાવરૂપ પરિણમન પણ પર્યાય છે - આ બન્નેમાં જ નિમિત્ત-નૈમિત્તિકપણું છે.

આ રીતે એ સુનિશ્ચિત છે કે નિમિત્ત-નૈમિત્તિકભાવ પર્યાયોમાં જ ઘટિત થાય છે. આ ભગવાન આત્મા પર્યાયરૂપ નહીં, દ્રવ્યરૂપ છે; માટે તે પરપદાર્થોના પરિણમનમાં નિમિત્ત પણ થતો નથી. વળી તે પરપદાર્થોના પરિણમનમાં ઉપાદાન તો થઈ શકતો જ નથી, કારણ કે પ્રત્યેક પર્યાયનું ઉપાદાન તો તે દ્રવ્ય જ હોય છે, કે જે દ્રવ્યની તે પર્યાય છે.

આમ એ સુનિશ્ચિત થયું કે આ આત્મા પરપદાર્થોનો ન તો ઉપાદાનકર્તા છે અને ન તો નિમિત્તકર્તા પણ.

આચાર્ય જયસેને પણ તાત્પર્યવૃત્તિમાં આનાથી વધું કાંઈ કહ્યું નથી.

આધ્યાત્મિક સત્પુરૂષ શ્રી કાનજીસ્વામીએ અત્યંત સહૃદયતાથી આ વિષયને સ્પષ્ટ કર્યો છે. માટે આ વિષય પર સ્વયં ટિપ્પટી લખવાની અપેક્ષાએ તેઓના સ્પષ્ટીકરણને પ્રસ્તુત કરી દેવું એ જ ઉપયુક્ત પ્રતીત થાય છે, જે આ પ્રમાણે છે :-

''આ ગાથા સૂક્ષ્મ છે. એમાં મૂળ મુદ્દાની વાત છે. ઘટ, પટ, મકાન, વસ્ત્ર, વાસણ આદિ પરદ્રવ્યરૂપ કર્મ છે તથા નવા જ્ઞાનાવરણાદિ જે જડકર્મ બંધાય છે; તે પણ પરદ્રવ્યરૂપ કર્મ છે. આત્મા વ્યાપક-

વ્યાપ્યભાવથી તેમનો કર્તા નથી. કારખાનામાં કપડાનો દોરો બને છે અથવા પેટ્રોલ, તેલ વગેરેને સાફ કરવાની ક્રિયા થાય છે, તે બધાં પરદ્રવ્યના કાર્ય છે. કારખાનાના કારીગર તથા કારખાનાનો માલિક તે કાર્યનો કર્તા નથી.

પરદ્રવ્યસ્વરૂપ જડનું પરિણામ તે વ્યાપ્ય અને આત્મા પરિણામી તેનો વ્યાપક-એમ થઈ શકતું નથી, કારણ કે પરદ્રવ્યની પર્યાય આત્માનું વ્યાપ્ય થાય અને આત્મા તેનો વ્યાપક કર્તા થઈ જાય તો આત્મા પરદ્રવ્યની ક્રિયામાં તન્મય થઈ જાય; પરંતુ આત્મા તન્મય થતો નથી, માટે પરના કાર્યોનો આત્મા વ્યાપ્ય-વ્યાપકભાવથી કર્તા નથી.[૧]

ગજબ વાત છે ! પોતાના આત્મા સિવાય જેટલા પણ અનંત પરદ્રવ્યો છે, તે પ્રત્યેકમાં પ્રતિસમય જે જે પર્યાયો થાય છે, તે પર્યાયોને કર્મ અથવા કાર્ય કહેવામાં આવે છે. એ કાર્યને જો આત્મા કરે, તો તેમાં તન્મય થવાનો પ્રસંગ પ્રાપ્ત થશે, પરંતુ એમ થતું નથી, માટે એ સિદ્ધ થયું કે વ્યાપ્ય-વ્યાપકભાવથી આત્મા પરદ્રવ્યના કાર્યનો કર્તા નથી. આત્માનો પરદ્રવ્ય સાથે કર્તા-કર્મભાવ નથી.[૨]

પરદ્રવ્યમાં જે કાર્ય થયું, તે નૈમિત્તિક તથા આત્મા તેનો નિમિત્તકર્તા - એમ કોઈ કહે તો તે પણ બરાબર નથી. પરનું કાર્ય તો તે કાળમાં તેના ઉપાદાનથી થયું છે, આત્મદ્રવ્ય તે પરના કાર્યનું નિમિત્તકર્તા પણ નથી. અરે ભાઈ ! આત્માને પરના કાર્યનો કર્તા માનવો એ તો [illegible] છે, મૂઢતા છે. પરનો કર્તા તો આત્મા છે જ નહીં, પરંતુ પરદ્રવ્યના તત્સમયમાં થતા ક્રમબદ્ધ પરિણમનનો નિમિત્તકર્તા પણ આત્મા નથી; કારણ કે જો એમ હોય તો તેને નિત્યકર્તૃત્વનો પ્રસંગ પ્રાપ્ત થશે. જો પરદ્રવ્યના કાર્યનો આત્મા નિમિત્તકર્તા થાય, તો જ્યાં-જ્યાં પરદ્રવ્યથી કાર્ય થશે, ત્યાં-ત્યાં આત્માને ઉપસ્થિત રહેવાનો પ્રસંગ પ્રાપ્ત થશે તથા નિત્યકર્તૃત્વનો પ્રસંગ આવવાથી પરદ્રવ્યની ક્રિયાના કાળમાં નિત્ય

---

૧ પ્રવચન રત્નાકર (હિંદી), ભાગ-૪, પાનું ૧૨૫-૧૨૬

૨ પ્રવચન રત્નાકર (હિંદી), ભાગ-૪, પાનું ૧૨૬

ઉપસ્થિત હોવાથી રાગથી ભિન્ન થઈને ભેદજ્ઞાન પ્રગટ કરવાનો અવસર જ રહેશે નહિ.

આ ૧૦૦મી ગાથામાં પરિપૂર્ણ સ્વતંત્રતાની વાત કહી છે. અહા! દિગંબર સંતોએ ગજબ કામ કર્યું છે ! તેઓ કહે છે કે આ શાસ્ત્રના અક્ષર લખવારૂપ જે પર્યાય થઈ, તેના કર્તા અમે નથી. તથા એ પર્યાયના કાળમાં અમારું આત્મદ્રવ્ય તેનું નિમિત્ત (કર્તા) પણ નથી. જો અમારું દ્રવ્ય તેમાં નિમિત્ત થાય, તો નિત્યકર્તૃત્વનો પ્રસંગ આવશે તથા પરના કાર્યમાં નિત્ય જ નિમિત્તરૂપે ઉપસ્થિત રહેવું પડશે.[1]

'નિમિત્તથી કાર્ય થાય છે' - એ વાત તો રહી જ નહીં, પરંતુ પરના કાર્યમાં આત્મા નિમિત્ત થાય છે - એ વાત પણ રહી નહીં. માત્ર અજ્ઞાનીના રાગ તથા યોગના ભાવને તે કાર્યના કાળમાં નિમિત્તકર્તા કહેવામાં આવે છે, કારણ કે અજ્ઞાની પોતાના રાગ તથા યોગનો કર્તા છે.

આ ગાથા અત્યંત મહત્વપૂર્ણ છે. આ વાત ત્રણ લોકના નાથ કેવળી ભગવાનની દિવ્યધ્વનિમાં કહેવામાં આવેલી તથા ભગવાનથી સિદ્ધ થયેલી વાત છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાર્ય કરે - એમ ત્રણ કાળમાં છે જ નહીં તથા આત્મદ્રવ્ય પરના કાર્યમાં નિમિત્તકર્તા પણ નથી, એ વાત અહીં સિદ્ધ કરી છે.[2]

અહીં પ્રશ્ન થાય છે કે તો પછી તે પરદ્રવ્યના કાર્યનું નિમિત્તકર્તા કોણ છે ? તેને કહે છે કે જેને પોતાની અંદર બિરાજમાન ભગવાન જ્ઞાયક ચૈતન્યમૂર્તિની ખબર નથી, એ ચૈતન્યમૂર્તિ જેની દ્રષ્ટિમાં આવ્યો નથી - એવા અજ્ઞાનીના યોગ તથા ઉપયોગ અર્થાત્ ઈચ્છારૂપ રાગ પરદ્રવ્યસ્વરૂપ કર્મના નિમિત્તકર્તા કહેવાય છે.

ધર્મી સમ્યગ્દ્રષ્ટિ જીવ યોગ તથા રાગ પરિણામનો કર્તા નથી,

---

૧ પ્રવચન રત્નાકર (હિંદી), ભાગ-૪, પાનું ૧૨૭

૨ પ્રવચન રત્નાકર (હિંદી), ભાગ-૪, પાનું ૧૨૯

તેથી ધર્માત્મા પરદ્રવ્યના કાર્યકાળમાં તેમનો નિમિત્તકર્તા પણ નથી. જ્ઞાની રાગ તથા યોગનો કર્તા નથી. જ્ઞાની (આત્મા) જ્ઞાન પરિણામને કરે છે - એમ કહેવું એ પણ ભેદકથન હોવાથી ઉપચાર છે, તો પછી પરના કર્તાની અને નિમિત્તની તો વાત જ ક્યાં રહી ? ત્યાં તો ઉપચાર પણ બનતો નથી.[૧]

જીવ (પોતાના) યોગના કંપનનો તથા રાગયુક્ત ઉપયોગનો તો કદાચિત્ અર્થાત્ અજ્ઞાનભાવથી કર્તા છે, પરંતુ તે કાળે પરનું જે કાર્ય થાય છે, તેનો કર્તા તો અજ્ઞાની પણ કદાપિ નથી. યોગ તથા રાગનો કદાચિત્ કર્તા છે - એમ જે કહ્યું છે, તેનું કારણ એ છે કે અજ્ઞાન સદા રહેતું નથી. જ્યાં સુધી રાગ તથા યોગનો કર્તા છે અને તે રાગ તથા યોગને પરના કાર્યના નિમિત્તકર્તા કહેવામાં આવે છે, પરંતુ તેનો અર્થ એમ ન કરવો કે નિમિત્ત પરના કાર્યનું વાસ્તવિક કર્તા છે. ભાઈ ! જગતના કાર્ય મારાથી થાય છે - એમ અજ્ઞાની માને છે, પરંતુ વસ્તુસ્થિતિ એમ નથી.

માત્ર અજ્ઞાનીને રાગ તથા યોગનો કર્તા કહેવામાં આવે છે, બસ એનાથી વધુ કાંઈ નથી. અહો ! આ તો થોડામાં ઘણું કહી દીધું છે. આ રાગ-દ્વેષ તેમજ વિષય-વાસનાના જે પરિણામ થાય છે, અજ્ઞાની તેમનો કર્તા છે, પરંતુ વિષયભોગના કાળમાં શરીરની જે ક્રિયા થાય છે, તે પરમાણુઓનું કાર્ય છે, જીવ તેનો કર્તા નથી. પરમાણુના એ કાર્યકાળમાં જીવદ્રવ્ય નિમિત્ત પણ નથી, જો જીવદ્રવ્ય નિમિત્ત હોય તો નિત્યકર્તૃત્વનો પ્રસંગ આવશે અને અજ્ઞાનનો કદી નાશ જ નહીં થાય. માટે અજ્ઞાની કે જે પોતાના તત્સંબંધી યોગ તથા રાગનો કર્તા છે, તેના તે યોગ તથા રાગ તે ભોગરૂપ જડની ક્રિયાના નિમિત્તકર્તા કહેવાય છે.[૩]

અજ્ઞાની જીવ પોતાના યોગ તથા રાગનો કર્તા છે, માટે તેના યોગ અને રાગ પરદ્રવ્યના કાર્યના નિમિત્તકર્તા કહેવાય છે.[૪]

---

૧ પ્રવચન રત્નાકર (હિંદી), ભાગ-૪, પાનું ૧૩૦
૨ પ્રવચન રત્નાકર (હિંદી), ભાગ-૪, પાનું ૧૩૧
૩ પ્રવચન રત્નાકર (હિંદી), ભાગ-૪, પાનું ૧૩૨
૪ પ્રવચન રત્નાકર (હિંદી), ભાગ-૪, પાનું ૧૩૩

કોઈ સમ્યગ્દ્રષ્ટિ કુંભાર ઉપસ્થિત હોય અને ઘડા બનાવવાની ક્રિયા હોય, ત્યાં ઘડો તો માટીથી બન્યો છે, કુંભારના રાગથી અથવા કુંભારના આત્મદ્રવ્યથી ઘડો બન્યો નથી. ઘડો બનવાની ક્રિયા તથા તત્સંબંધી જે રાગ થયો, તેનો સમકિતી કુંભાર કર્તા નથી, તે તો માત્ર જ્ઞાતા જ છે. ત્યાં ઘડાનું અને રાગનું જે જ્ઞાન થયું છે, તે સ્વયંથી થયું છે તથા ઘડો તેમજ રાગ તેમાં નિમિત્તમાત્ર છે. નિમિત્ત છે, માટે તેનું જ્ઞાન થયું - એમ નથી. અહા ! ઘડો બનવાની ક્રિયા તથા તત્સંબંધી જે રાગ થયો, તે જ્ઞાનીનું કાર્ય નથી. ભાઈ ! આ બહુ સૂક્ષ્મ વાત છે.[૧]

આચાર્યદેવે કર્તાની વ્યાખ્યા બહુ સ્પષ્ટરૂપે કરી છે. પરદ્રવ્યનો કર્તા કોઈ ઈશ્વર નથી તથા પરદ્રવ્યનો કર્તા તું (આત્મા) પણ નથી. પરદ્રવ્યનું પરિણામ પરથી થાય છે, તેનો તું કર્તા નથી અને તારો આત્મા એમાં નિમિત્ત પણ નથી. તે કાર્યકાળમાં રાગનો જે કર્તા થાય છે - તે અજ્ઞાનીના રાગ તથા યોગ તેના (નિમિત્ત) કર્તા કહેવામાં આવે છે.

આત્મા યોગ તથા ઉપયોગનો કર્તા તો કદાચિત્ (કોઈ અપેક્ષાએ) થઈ પણ જાય, પરંતુ પરદ્રવ્યસ્વરૂપ કર્મનો કર્તા તો કદાચિત્ પણ (નિમિત્તરૂપે પણ) થતો નથી.[૨]

પરના કર્તૃત્વના અભિમાનમાં ફસાયેલા અને કરવા-ધરવાના વિકલ્પોમાં જકડાયેલા જગતે આ પરમસત્યને ઊંડાણથી સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ. ન કેવળ સમજવાનો જ પ્રયત્ન કરવો જોઈએ, પરંતુ તદ્નુસાર જીવનમાં ઉતારવાનો પણ પ્રયાસ કરવો જોઈએ; કારણ કે જીવનમાં સુખ-શાંતિ પ્રાપ્ત કરવાનો એકમાત્ર આ જ ઉપાય છે.

૧ પ્રવચન રત્નાકર (હિંદી), ભાગ-૪, પાનું ૧૩૩
૨ પ્રવચન રત્નાકર (હિંદી), ભાગ-૪, પાનું ૧૩૪

સમયસાર ગાથા - ૧૦૧

૧૦૦મી ગાથામાં એમ કહેવામાં આવ્યું હતું કે ભગવાન આત્મા ઘટ-પટ-રથ આદિ પરપદાર્થો, ઈન્દ્રિયો, ક્રોધાદિ દ્રવ્યકર્મો અને શરીરાદિ નોકર્મોનો ઉપાદાનકર્તા તો નથી જ, નિમિત્તકર્તા પણ નથી. એમને કરવાના ભાવરૂપ પોતાના ઉપયોગ અને યોગનો કર્તા કદાચ અજ્ઞાની આત્માને કહી પણ શકીએ પરંતુ જ્ઞાની આત્મા તો એમનો પણ કર્તા નથી થતો.

તેથી આ પ્રશ્ન ઉઠવો સ્વાભાવિક જ છે કે જ્ઞાની આત્મા શું કરે છે ?

આ જ પ્રશ્નનો ઉત્તર ૧૦૧મી ગાથામાં છે જે આ પ્રમાણે છે.

जे पोग्गलदव्वाणं परिणामा होंति णाणआवरणा ।
ण करेदि ताणि आदा जो जाणदि सो हवदि णाणी ॥१०१॥

(હરિગીત)

જ્ઞાનાવરણાદિક જે પુદ્ગલ તણા પરિણામ છે;
કરતો ન આત્મા તેમને, જે જાણતો તે જ્ઞાની છે. ૧૦૧[1]

જ્ઞાનાવરણાદિક પુદ્ગલ દ્રવ્યોનાં જે પરિણામ છે એમને જે આત્મા કરતો નથી, પરંતુ જાણે છે તે આત્મા જ્ઞાની છે.

આ જ પ્રકારનો ભાવ ૭૫મી ગાથામાં આવ્યો છે. ત્યાં કહ્યું છે કે કર્મના પરિણામને અને નોકર્મના પરિણામને જે કરતો નથી, માત્ર જાણે છે એ જ્ઞાની છે અને અહીં એમ કહેવામાં આવ્યું છે કે જ્ઞાનાવરણાદિ

---

૧ સમયસાર (ગુજરાતી), પાનું ૧૮૨

કર્મોને જે કરતો નથી માત્ર જાણે છે એ જ્ઞાની છે. બંનેમાં કંઈ ફરક નથી, કારણ કે જોકે આ ગાથામાં એકલા જ્ઞાનાવરણાદિ કર્મોની જ વાત કરેલ છે, છતાં પ્રકરણ અનુસાર એ બધાને લેવા જોઈએ, જેમની ચર્ચા ૯૮ થી ૧૦૦મી ગાથા સુધી કરેલ છે. તાત્પર્ય એ છે કે જ્ઞાની જીવ ઘટ-પટ-રથાદિ પરપરપદાર્થો, ઈન્દ્રિયો, ક્રોધાદિ દ્રવ્યકર્મો અને શરીરાદિ નોકર્મોને પણ કરતો નથી, માત્ર જાણે જ છે. એ રીતે આ ગાથામાં પણ દ્રવ્યકર્મ, નોકર્મ આદિ બધા આવી ગયા.

પ્રશ્ન - ગાથામાં જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મોની વાત છે અને આપ ક્રોધાદિ દ્રવ્યકર્મોની વાત કરી રહ્યા છો.

ઉત્તર - પાછલી ગાથાઓમાં ક્રોધાદિ શબ્દનો ઉપયોગ કર્યો હતો અને આ ગાથામાં જ્ઞાનાવરણાદિ શબ્દનો ઉપયોગ છે. પણ બંનેનો ભાવ એક જ છે; કારણ કે બંને જગ્યાએ દ્રવ્યકર્મ જ લેવાનું છે.

આચાર્ય અમૃતચન્દ્ર અને આચાર્ય જયસેન તો આ ગાથાના આધાર પર બીજી ૨૩ ગાથાઓ બનાવવાની વાત કરે છે. એ રીતે અહીં ક્રોધાદિ શબ્દમાં એ બધા પરપદાર્થોને સમાવી લેવા માગે છે, જેમને આ જ્ઞાની આત્મા જાણે તો છે પણ કરતો નથી.

આત્મખ્યાતિમાં આ ગાથાનો ભાવ આ પ્રમાણે સ્પષ્ટ કરવામાં આવ્યો છે -

"જે પ્રકારે ગોરસ દ્વારા વ્યાપ્ત થઈને ઉત્પન્ન થનાર દૂધ-દહીં ગોરસનાં જ ખાટા-મીઠા પરિણામ છે. એમને તટસ્થભાવથી જાણનાર જ્ઞાતા-દ્રષ્ટા પુરુષ એમને કરતો નથી. એવી જ રીતે પુદ્‌ગલદ્રવ્ય દ્વારા વ્યાપ્ત થઈને ઉત્પન્ન થતા જ્ઞાનાવરણાદિક કર્મ પુદ્‌ગલ દ્રવ્યના જ પરિણામ છે. એમને તટસ્થભાવથી જાણનાર જ્ઞાતા-દ્રષ્ટા જીવ એમને કરતો નથી. પરંતુ જે રીતે એ ગોરસને જોવા-જાણવાવાળો પુરુષ ગોરસને જોવા જાણવામાં વ્યાપ્ત થઈને માત્ર એને જુએ અને જાણે જ છે એ જ રીતે જ્ઞાની જીવ પણ એ જ્ઞાનાવરણાદિ કર્મોને જોવા જાણવામાં વ્યાપ્ત થઈને માત્ર એને જુએ અને જાણે છે.

આ રીતે જ્ઞાની જ્ઞાનનો જ કર્તા છે.

આ રીતે જ્ઞાનાવરણ પદની જગાએ ક્રમસર દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુ, નામ, ગોત્ર અને અંતરાય પદ રાખીને સાત કર્મસૂત્ર બીજાં બનાવવા જોઈએ. એ જ રીતે મોહ, રાગ, દ્વેષ, ક્રોધ,માન, માયા, લોભ, નોકર્મ, મન, વચન, કાયા, શ્રોત્ર, ચક્ષુ, ઘ્રાણ, રસના અને સ્પર્શ - એમ સોળે પદોને રાખીને સોળ સૂત્રો બનાવીને વ્યાખ્યાન કરવું જોઈએ. આ ઉપદેશથી આ જ પ્રકારનાં બીજા સૂત્રો પણ બનાવી શકાય છે. એનો પણ વિચાર કરી લેવો જોઈએ.''

આચાર્ય જયસેન તો એટલે સુધી લખે છે કે શુદ્ધાત્માની અનુભૂતિથી વિલક્ષણરૂપ જે પણ અસંખ્ય લોકપ્રમાણ વિભાવભાવો છે એ બધાને ક્રોધાદિમાં લઈ લેવા જોએ. તાત્પર્ય એ છે કે જ્ઞાની આત્મા એ બધાને જાણે જ છે, પરંતુ તેમનો કર્તા નથી.

અહીં ખાટા-મીઠા પરિણામવાળા દૂધ-દહીંરૂપ ગોરસ અને તટસ્થભાવથી એને જોવા જાણવાવાળા પુરુષનું ઉદાહરણ આપીને એ સમજાવવામાં આવ્યું છે કે આ જ્ઞાની જીવ જ્ઞાનાવરણાદિ કર્મોનો માત્ર જ્ઞાતા-દ્રષ્ટા જ છે, કર્તા-ધર્તા નહીં.

ગાયનું દૂધ અને એનાથી બનવાવાળા પદાર્થોને જો કોઈ એક નામથી કહેવા હોય તો એને ગોરસ કહી શકાય છે. ગાયનો રસ એટલે દૂધ-દહીં વગેરે. ગોરસ પોતે જ દૂધમાંથી દહીંના રૂપમાં પરિણમી જાય છે. પોતાના એ પરિણમનનો કર્તા તે સ્વયં પોતે જ છે, એને દૂરથી જ તટસ્થભાવે જોનાર પુરુષ નહીં. એ દૂધને દહીંના રૂપમાં સ્વયં પરિણમિત થતું જોનાર પુરુષ પોતાના એ જોવા-જાણવારૂપ પરિણમનનો કર્તા તો છે, પણ દૂધને દહીંના રૂપમાં પરિણમાવવાનો કર્તા નથી.

એ પ્રકારે કાર્મણવર્ગણાઓ જ્ઞાનાવરણાદિ કર્મરૂપે પોતે જ પરિણમે છે. એને જાણવાવાળો જ્ઞાની જીવ એ જાણવારૂપ પોતાની જ્ઞાનની

પરિણતિનો તો કર્તા છે, પણ કાર્માણવર્ગણાઓના પરિણમનનો કર્તા નથી. એમના પરિણમનનો તો એ જ્ઞાતા દ્રષ્ટા જ છે, કર્તા-ધર્તા નથી.

૩૨મી અને ૩૩મી ગાથામાં પણ આ જ રીતે બીજા સૂત્ર બનાવીને એની વ્યાખ્યા કરવાનો આદેશ આચાર્યદેવે આપ્યો હતો, પરંતુ ત્યાં તો મોહ, રાગ, દ્વેષ આદિ સોળ સૂત્ર બનાવવાની જ વાત કહી હતી, પણ અહિં તો દર્શનાવરણાદિ કર્મોનાં સૂત્ર બનાવવાનો પણ આદેશ આપ્યો છે. એ ગાથાઓના અનુશીલનમાં એ સૂત્રો કેમ બનાવવા એ બતાવ્યું હતું. એ જ રીતે અહીં પણ બનાવી લેવા જોઈએ.

આધ્યાત્મિકસત્પુરૂષ શ્રી કાનજીસ્વામીએ આ ગાથા પર પ્રવચન કરતાં આઠ કર્મો પર ઘટિત કરીને વિસ્તારથી સમજાવ્યું છે, જે પ્રવચનરત્નાકર ભાગ ૫માં પ્રકાશિત છે. વિસ્તારથી જાણવાની ભાવના રાખવાંવાળા આત્માર્થીઓએ એનું અધ્યયન કરવું જોઈએ.

જ્ઞાનગોષ્ઠી

પ્રશ્ન:- આપ પ્રવચનસાર કરતાં સમયસારના બહુ વખાણ કરો છો તેનું શું કારણ ?

ઉત્તર:- પ્રવચનસારમાં જ્ઞાનપ્રધાન કથન છે, અને સમયસારમાં દષ્ટિ કરવવાના પ્રયોજનનું કથન મુખ્ય છે. સમયસારમાં વિકારને પુદ્‌ગલના લક્ષે થતો હોવાથી અને તે જીવનો સ્વભાવભાવ ન હોવાથી તેની દષ્ટિ છોડાવી દ્રવ્યની દષ્ટિ કરાવવાનું કથન મુખ્ય છે અને દ્રવ્યદષ્ટિથી જ સમ્યગ્દર્શન ને મોક્ષમાર્ગની શરૂઆત થાય છે.

- આત્મધર્મ અંક ૪૧૩, માર્ચ ૧૯૭૮, પૃષ્ઠ ૨૪

સમયસાર ગાથા - ૧૦૨

ગાથા ૧૦૧માં કહેવામાં આવ્યું છે કે જ્ઞાની આત્મા પરભાવોનો કર્ત્તા નથી. પણ એમને જાણવારૂપ પોતાનાં પરિણામનો કર્ત્તા જરૂર છે. એથી એ પ્રશ્ન સહજ રીતે જ ઉત્પન્ન થાય કે સમજદાર હોવાથી જ્ઞાની ભલે પરપદાર્થોનાં પરિણમનને કરતો ન હોય, પણ અજ્ઞાની તો પરનું કાર્ય કરતો જ હશે ?

આ પ્રશ્નનો ઉત્તર હવેની ગાથામાં આપવામાં આવ્યો છે જે આ પ્રમાણે છે :-

जं भावं सुहमसुहं करेदि आदा स तस्स खलु कत्ता।
तं तस्स होदि कम्मं सो तस्स दु वेदगो अप्पा ॥१०२॥

(હરિગીત)

જે ભાવ જીવ કરે શુભાશુભ તેહનો કર્તા ખરે,
તેનું બને તે કર્મ, આત્મા તેહનો વેદક બને. ૧૦૨[1]

આત્મા જે શુભ યા અશુભ ભાવને કરે છે, એ ભાવનો એ વાસ્તવમાં કર્ત્તા થાય છે. અને એ ભાવ એનું કર્મ થાય છે તથા એ આત્મા એ ભાવનો ભોકતા પણ થાય છે.

આ ગાથાનાં ભાવને ભાવાર્થમાં જયચંદજી છાબડા આ રીતે સ્પષ્ટ કરે છે -

''પુદ્‌ગલ કર્મનો ઉદય થતાં જ્ઞાની એને જાણે જ છે અર્થાત્ એ

---

૧ સમયસાર (ગુજરાતી), પાનું ૧૮૩

(ज्ञानનો જ કર્ત્તા થાય છે અને અજ્ઞાની અજ્ઞાનના કારણે કર્મોદયના નિમિત્તથી થવાવાળા પોતાનાં અજ્ઞાનરૂપ શુભાશુભ ભાવોનો કર્તા થાય છે. એ પ્રકારે જ્ઞાની પોતાના જ્ઞાનરૂપ ભાવોનો અને અજ્ઞાની પોતાના અજ્ઞાનરૂપ ભાવોનો કર્તા છે, પરભાવનો કર્તા તો જ્ઞાની કે અજ્ઞાની કોઈ પણ નથી.''

આત્મખ્યાતિમાં આચાર્ય અમૃતચંદ્રદેવ આ ગાથાના ભાવને આ પ્રમાણે સ્પષ્ટ કરે છે.

''પોતાનો અચલિત વિજ્ઞાનઘનરૂપ એક સ્વાદ હોવા છતાં પણ જે આત્મા અનાદિકાળના અજ્ઞાનને લીધે પરના અને પોતાના એકપણાના અધ્યાસથી મંદ અને તીવ્ર સ્વાદવાળી પુદ્ગલકર્મના વિપાકની બે દશાઓ વડે પોતાના વિજ્ઞાનઘન સ્વાદને ભેદતો થકો અજ્ઞાનરૂપ શુભ કે અશુભ ભાવને કરે છે, તે અજ્ઞાની આત્મા તે સમયે તન્મયપણે તે ભાવનો વ્યાપક હોવાથી તે શુભાશુભ ભાવનો કર્તા થાય છે અને તે શુભાશુભ ભાવપણ તે વખતે તન્મયપણે તે આત્માનું વ્યાપ્ય હોવાથી તેનું કર્મ થાય છે; વળી તે જ આત્મા તે સમયે તન્મયતાથી તે ભાવનો ભાવક હોવાથી તેનો અનુભવનાર (અર્થાત્ ભોક્તા) થાય છે અને તે ભાવ પણ તે સમયે તન્મયતાથી તે આત્માનું ભાવ્ય હોવાથી એનું અનુભાવ્ય થાય છે, ભોગ્ય થાય છે.

આ રીતે અજ્ઞાની પણ પરભાવનો કર્ત્તા નથી.''

ઉપરની ટીકામાં એ બતાવવામાં આવ્યું છે કે આ જ્ઞાનાનંદસ્વભાવી આત્મા પણ જ્યારે અજ્ઞાનના કારણે શુભાશુભભાવોમાં વ્યાપ્ત થાય છે, શુભાશુભભાવોમાં તન્મય થાય છે, તન્મયતાથી એનાં કર્તૃત્વ અને ભોક્તૃત્વરૂપ પરિણમિત થાય છે; ત્યારે તે એનો કર્તા-ભોક્તા થાય છે, પરંતુ પરનો કર્ત્તા-ભોક્તા તો તે ત્યારે પણ નથી થતો.

જ્ઞાની આત્મામાં પણ શુભાશુભભાવ જોવા મળે છે, પણ એ એમાં વ્યાપી જતો નથી, તન્મય થઈ જતો નથી. એનો સહજ જ્ઞાતા-દ્રષ્ટા રહે છે. એ જેવા થાય છે એવા જ સહજ ભાવથી એને જાણી લે છે; એ

કારણે એ એનો પણ કર્ત્તા-ભોક્તા થતો નથી. એને જાણવારૂપ પોતાના જ્ઞાન પરિણામનો જ કર્ત્તા-ભોક્તા થાય છે.

એ રીતે અજ્ઞાની પોતાના શુભાશુભભાવરૂપ અજ્ઞાન પરિણમનનો અને જ્ઞાની એને જાણવારૂપ પોતાના જ્ઞાનના પરિણમનનો કર્ત્તા થાય છે. પરંતુ પરનો કર્ત્તા ન તો જ્ઞાની હોય છે અને ન તો અજ્ઞાની. પરનો કર્ત્તા તો એ પરદ્રવ્ય જ થાય છે જેનું એ પરિણમન છે.

આચાર્ય જયસેન તાત્પર્યવૃત્તિમાં નયવિભાગથી આ ગાથાના ભાવને સ્પષ્ટ કરતાં જે નિષ્કર્ષ કાઢે છે તે આ પ્રમાણે છે :-

"તાત્પર્ય એ છે કે અજ્ઞાની જીવ અશુદ્ધ-ઉપાદાનરૂપ અશુદ્ધનિશ્ચયનયથી મિથ્યાત્વરાગાદિ ભાવોનો જ કર્ત્તા છે, દ્રવ્યકર્મોનો નહિ. આત્માને દ્રવ્યકર્મનો કર્ત્તા અસદ્‌ભૂતવ્યવહારનયથી કહ્યો છે. એ કારણે આ અશુદ્ધનિશ્ચયનયને નિશ્ચયનયના નામથી કહેવામાં આવ્યો છે, તો પણ શુદ્ધનિશ્ચયનયની અપેક્ષાએ આ અશુદ્ધનિશ્ચયનય પણ વ્યવહાર જ છે.

પ્રશ્ન - હે ભગવાન ! આપે અશુદ્ધ-ઉપાદાનરૂપે આત્માને રાગાદિભાવોનો કર્ત્તા કહ્યો છે તો એ આત્માના અશુદ્ધ-ઉપાદાન અને શુદ્ધ-ઉપાદાન એવા બે ભેદ કેમ થઈ ગયા ?

ઉત્તર - અગ્નિ દ્વારા ગરમ કરેલા લોઢાના ગોળાની જેમ ઔપાધિકભાવવાળો આત્મા અશુદ્ધ-ઉપાદાન છે તથા જે રીતે સોનું પોતાની પીળાશાદિ પર્યાયોનું, સિદ્ધ જીવ પોતાની અનંતજ્ઞાનાદિ પર્યાયોનો અને અગ્નિ પોતાની ઉષ્ણત્વાદિ પર્યાયોનો શુદ્ધ-ઉપાદાન છે; એ જ પ્રકારે આત્મા પોતાના નિરૂપાધિક ભાવોનો શુદ્ધ ઉપાદાન છે.

આ પ્રકારે શુદ્ધ અથવા અશુદ્ધ ઉપાદાનના સ્વરૂપનું આ વ્યાખ્યાન ઉપાદાન કારણના વ્યાખ્યાનના સમયે સર્વત્ર જ યાદ રાખવું જોઈએ."

ઉકત કથનમાં ધ્યાન આપવા યોગ્ય વાત એ છે કે અહીં શુદ્ધનિશ્ચયનયની અપેક્ષાએ અશુદ્ધનિશ્ચયનયને પણ વ્યવહાર કહ્યો છે.

તેથી જો આત્માને રાગાદિભાવોનો કર્તા, ક્યાંક એ વ્યવહારનયથી અને ક્યાંક અશુદ્ધનિશ્ચયનયથી કહ્યો હોય તો પણ મૂંઝાવાની જરૂર નથી.

પ્રશ્ન - જો ક્યાંક નિશ્ચયનયથી રાગાદિનો કર્ત્તા આત્માને કહ્યો હોય તો શું કરીએ ?

ઉત્તર - ત્યારે પણ મૂંઝાવાની જરૂર નથી, કારણ કે અશુદ્ધનિશ્ચયનય પણ તો નિશ્ચયનયનો જ ભેદ છે. જો નિશ્ચયનયથી રાગાદિનો કર્તા આત્માને કહ્યો હોય તો એમજ સમજવું જોઈએ કે અહીં 'નિશ્ચયનય' શબ્દનો પ્રયોગ અશુદ્ધનિશ્ચયનયના અર્થમાં જ થયો છે.

આ રીતે આ ગાથામાં એમ કહેવામાં આવ્યું છે કે અજ્ઞાની આત્મા પોતાનાં શુભાશુભ ભાવોનો કર્તા-ભોક્તા પોતે જ છે, પણ તે પરનો કર્ત્તા-ભોક્તા કદાપિ નથી.

જ્ઞાનગોષ્ઠી

અવિરત સમ્યગ્દષ્ટિ જ્ઞાની છે ?

અવિરત સમ્યગ્દષ્ટિને પણ અજ્ઞાનમય રાગ-દ્વેષ-મોહ હોતા નથી. મિથ્યાત્વ સહિત રાગાદિક હોય તે જ અજ્ઞાનના પક્ષમાં ગણાય છે. સમ્યક્ત્વ સહિત રાગાદિક અજ્ઞાનના પક્ષમાં નથી.

સમ્યગ્દષ્ટિને નિરંતર જ્ઞાનમય જ પરિણમન હોય છે. તેને ચારિત્રની નબળાઈથી જે રાગાદિક થાય છે તેનું સ્વામીપણું તેને નથી. રાગાદિકને રોગ સમાન જાણીને તે પ્રવર્તે છે અને પોતાની શક્તિ અનુસાર તેને કાપતો જાય છે. માટે જ્ઞાનીને જે રાગાદિક હોય છે તે વિદ્યમાન છતાં અવિદ્યમાન જેવાં છે, તેઓ આગામી સામાન્ય સંસારનો બંધ કરતા નથી, માત્ર અલ્પ સ્થિતિ અનુભાગવાળો બંધ કરે છે. આવા અલ્પ બંધને ગૌણ કરી બંધ ગણવામાં આવતો નથી. - *આત્મધર્મ અંક ૭, જેઠ ૨૦૦૦, પૃષ્ઠ ૧૨૦*

समयसार गाथा १०३-१०४

१०१ अने १०२ गाथाओमां એમ કહેવામાં આવ્યું છે કે જ્ઞાની પોતાના જ્ઞાન પરિણમનનો કર્ત્તા છે અને અજ્ઞાની પોતાનાં અજ્ઞાન પરિણમનનો. પરનો કર્ત્તા ન તો જ્ઞાની છે અને ન અજ્ઞાની. હવે ૧૦૩ અને ૧૦૪ ગાથામાં એ જ વાતને પુષ્ટ કરતાં કહે છે કે કોઈ દ્રવ્ય કોઈ અન્ય દ્રવ્યનો ભાવ કરવામાં સમર્થ નથી.

ગાથાઓ મૂળથી આ પ્રકારે છે -

जो जम्हि गुणे दव्वे सो अण्णम्हि दु ण संकमदि दव्वे ।
सो अण्णमसंकंतो कह तं परिणामए दव्वं ॥१०३॥

दव्वगुणस्स य आदा ण कुणदि पोग्गलमयम्हि कम्मम्हि ।
तं उभयमकुव्वंतो तम्हि कहं तस्स सो कत्ता ॥१०४॥

(हरिगीत)

જે દ્રવ્ય જે ગુણ-દ્રવ્યમાં, નહિ અન્ય દ્રવ્યે સંક્રમે
અણસંક્રમ્યું તે કેમ અન્ય પરિણમાવે દ્રવ્યને ? ૧૦૩[1]

આત્મા કરે નહિ દ્રવ્ય-ગુણ પુદ્ગલમયી કર્મો વિષે,
તે ઉભયને તેમાં ન કરતો કેમ તત્કર્ત્તા બને ? ૧૦૪[2]

જે વસ્તુ જે દ્રવ્યમાં અને જે ગુણમાં વર્તે છે, તે અન્ય દ્રવ્યમાં અથવા અન્ય ગુણમાં સંક્રમણ પામતી નથી. અન્યરૂપે સંક્રમણ ન પ્રાપ્ત

---

૧ સમયસાર (ગુજરાતી), પાનું ૧૮૫
૨ સમયસાર (ગુજરાતી), પાનું ૧૮૬

થતી થકી તે વસ્તુ અન્ય વસ્તુને કેમ પરિણમાવી શકે ? આત્મા પુદ્‌ગલમય કર્મનાં દ્રવ્ય અને ગુણને કરતો નથી. તે બંનેને નહિ કરતો થકો તે આત્મા તેમનો કર્ત્તા કેવી રીતે થઈ શકે ?

આ ગાથાઓનો ભાવ આત્મખ્યાતિમાં આ પ્રકારે સ્પષ્ટ કર્યો છે.

''પોતાના ચૈતન્યસ્વરૂપ અથવા અચૈતન્યસ્વરૂપ દ્રવ્યમાં અથવા ગુણમાં અનાદિથી જ જે વસ્તુ નિજરસથી વર્તે છે, અચલિત વસ્તુસ્થિતિની મર્યાદાને તોડવી અશક્ય હોવાથી તે વસ્તુ તેમાં જ વર્તે છે, દ્રવ્યાન્તર અથવા ગુણાન્તરરૂપ સંક્રમણને પ્રાપ્ત થતી નથી. આ રીતે દ્રવ્યાન્તર અથવા ગુણાન્તરરૂપ સંક્રમણને પ્રાપ્ત ન થતી તે વસ્તુ અન્ય વસ્તુને કેમ પરિણમાવી શકે ? એથી એ સુનિશ્ચિત છે કે પરભાવ કોઈ દ્વારા થઈ શકતો નથી.

જે પ્રમાણે માટીમય ઘડારૂપી કર્મ (કાર્ય) માટીરૂપી દ્રવ્યમાં અને માટીના ગુણમાં નિજરસથી જ વર્તો છે, એમાં કુંભાર પોતાના દ્રવ્યને કે પોતાના ગુણોને નાખતો કે મેળવતો નથી; કારણ કે કોઈ વસ્તુનું દ્રવ્યાન્તર અથવા ગુણાન્તરરૂપે સંક્રમણ થવાનો વસ્તુસ્થિતિથી જ નિષેધ છે. એ કારણે દ્રવ્યાન્તરરૂપે સંક્રમણ પ્રાપ્ત કર્યા વગર અન્ય વસ્તુને પરિણમાવવી અશક્ય હોવાથી, પોતાના દ્રવ્ય અને ગુણ બંનેને તે ઘડારૂપી કાર્યમાં ન નાખતો એવો એ કુંભાર પરમાર્થથી એનો કર્ત્તા પ્રતિભાસિત થતો નથી.

એ જ પ્રકાર પુદ્‌ગલમય જ્ઞાનાવરણાદિ કર્મ (કાર્ય) પુદ્‌ગલદ્રવ્યમાં અને પુદ્‌ગલના ગુણોમાં નિજરસથી જ વર્તે છે. એમાં આત્મા પોતાના દ્રવ્યને કે પોતાના ગુણોને ખરેખર નાખતો કે મેળવતો નથી; કારણ કે કોઈ વસ્તુનું દ્રવ્યાન્તર અથવા ગુણાન્તરરૂપે સંક્રમણ થવું અશક્ય છે. દ્રવ્યાન્તરરૂપે સંક્રમણને પ્રાપ્ત થયા વિના અન્ય વસ્તુને પરિણમાવવી અશક્ય હોવાથી, પોતાનાં દ્રવ્ય અને ગુણ બંનેને જ્ઞાનાવરણાદિ કર્મોમાં ન નાખતો એ આત્મા પરમાર્થથી એનો કર્ત્તા કેવી રીતે થઈ શકે ?

માટે ખરેખર આત્મા પુદ્‌ગલકર્મોનો અકર્ત્તા સિદ્ધ થયો.''

ઉપરની ગાથાઓ તથા ટીકાનો ભાવ સ્પષ્ટ કરતાં પૂજ્ય ગુરુદેવ કહે છે કે -

''જુઓ ! આ સિદ્ધાન્ત ! અચલિત વસ્તુસ્થિતિ જ એવી છે કે પરમાણુ પરમાણુની પર્યાયમાં વર્તે અને આત્મા આત્માની પર્યાયમાં વર્તે. આત્મા કર્મોને બાંધે અથવા કર્મો આત્મામાં વિકાર કરાવે - એવું વસ્તુસ્વરૂપ જ નથી. કર્મોથી જીવમાં વિકાર થાય છે - એ વાત સત્યાર્થ નથી. વિકારી પર્યાયને જડકર્મ કરે અને જડકર્મોની પ્રકૃતિને આત્મા કરે - એવું ત્રણ કાળમાં ક્યારે પણ સંભવ નથી. કેટલાય લોકો આ વાતને સાંભળીને ગભરાઈ જાય છે; પરંતુ ભાઈ ! આ તો જૈનશાસનનો મૂળ સિદ્ધાન્ત છે. એક દ્રવ્યની પર્યાય બીજું દ્રવ્ય ત્રણ કાળમાં નથી કરી શકતું - એ જિનશાસનનો અવિચળ સિદ્ધાન્ત છે.[૧]

જગતમાં બધી વસ્તુઓ પોતાના દ્રવ્ય-ગુણમાં જ વર્તે છે, દ્રવ્યાન્તર અથવા ગુણાન્તરરૂપે સંક્રમિત થતી નથી. એક દ્રવ્ય બીજા દ્રવ્યમાં પ્રવેશ પામતું નથી તથા એક પર્યાય બીજી પર્યાયરૂપ થાય એવું ક્યારેય થતું નથી. જીવની પર્યાયનું સંક્રમણ થઈને શરીરની અવસ્થારૂપ થાય - એવું ત્રણે કાળમાં સંભવ નથી. કોઈપણ વસ્તુની વર્તમાન પર્યાય સંક્રમણ કરીને પરની પર્યાયને કરે - એવું ક્યારે પણ થતું નથી.[૨]

અહીં કહે છે કે માટીરૂપી દ્રવ્યમાં માટીરૂપી ગુણ (ઘટ પરિણામ) નિજરસથી વર્તી રહ્યા છે. ગુણનો અર્થ અહીં પર્યાય છે. એમાં કુંભાર પોતાના દ્રવ્યના ગુણ અને પર્યાયને મેળવતો નથી. કુંભાર ઘડો બનાવવાનો જે રાગ કરે છે, એ રાગ ઘડારૂપ પર્યાયમાં પ્રવેશતો નથી, તો એ રાગ ઘડારૂપ પર્યાયને કેમ કરી શકે ? અજ્ઞાની જીવ રાગનો કર્ત્તા છે, પરંતુ એ પણ બીજાનું કામ ક્યારે પણ કરી શકતો નથી. જે જ્ઞાનાવરણાદિ કર્મોનો બંધ થાય છે, એમાં નિમિત્તરૂપ જે રાગાદિભાવ છે, અજ્ઞાની એનો કર્ત્તા

૧ પ્રવચન રત્નાકર (હિંદી), ભાગ-૪, પાનું ૧૬૬
૨ પ્રવચન રત્નાકર (હિંદી), ભાગ-૪, પાનું ૧૬૯

છે પરંતુ જે કર્મનો બંધ થાય છે એનો કર્તા તે નથી. કર્મબન્ધ થવો એ તો જડની પર્યાય છે. જડની પર્યાયને આત્મા ત્રણે કાળમાં ક્યારે પણ કરી ન શકે.[૧]

બાપુ ! આ વીતરાગનો માર્ગ અલૌકિક છે. જડ અને ચેતન બંનેનો હંમેશા પ્રગટ ભિન્ન સ્વભાવ છે. જડની પર્યાય જડથી થાય છે, બીજું કોઈ પણ દ્રવ્ય પોતાનાં દ્રવ્ય-ગુણ-પર્યાયોને એમાં નાખતું નથી, મેળવતું નથી. એથી આત્મા જડની ક્રિયાને ક્યારે પણ કરતો નથી એમ સિદ્ધ થાય છે. ભાઈ ! ''હું ખાઉં છું, બોલું છું, પોતાના શરીરને હલાવી ચલાવી શકું છું. ઈત્યાદિ અનેક પ્રકારથી હું પરદ્રવ્યની ક્રિયા કરી શકું છું'' - એમ માનવું મિથ્યા શ્રદ્ધાન છે તથા એનું ફળ ચાર ગતિઓમાં પરિભ્રમણ કરવાનું છે.''[૨]

આ પ્રકારે આ ગાથાઓમાં એ જ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે જ્યારે એક દ્રવ્ય બીજા દ્રવ્યમાં સંક્રમિત જ થતું નથી તો એમાં એ કરી પણ શું શકે ? માટે આ આત્મા પણ કર્મોમાં સંક્રમિત ન થવાથી કર્મોનો કર્તા થઈ શકતો નથી.

જ્ઞાન-ગોષ્ઠી

જૈન ધર્મ :- જૈન ધર્મ કોઈ વ્યક્તિના કથન, પુસ્તક, ચમત્કાર કે વિશેષ વ્યક્તિ પર નિર્ભર નથી. તે તો સત્યનો અખંડ ભંડાર, વિશ્વનો ધર્મ છે. અનુભવ તેનો આધાર છે, યુક્તિવાદ તેનો આત્મા છે. એ ધર્મને કાળની મર્યાદામાં કેદ કરી શકાય નહીં. પદાર્થોનાં સ્વરૂપનો તે પ્રદર્શક છે. ત્રિકાળ અબાધિત સત્યરૂપ છે. વસ્તુઓ અનાદિ અનંત છે. તેનું સ્વરૂપપ્રકાશક તત્ત્વજ્ઞાન પણ અનાદિ અનંત છે. ૨૦. - *આત્મધર્મ અંક ૨, પોષ ૨૦૦૦, પૃષ્ઠ ૧૩*

૧ પ્રવચન રત્નાકર (હિંદી), ભાગ-૪, પાનું ૧૭૩-૧૭૪
૨ પ્રવચન રત્નાકર (હિંદી), ભાગ-૪, પાનું ૧૭૫

સમયસાર ગાથા ૧૦૫ - ૧૦૬

પાછળની ગાથાઓમાં આ વાત બહુ વિસ્તારથી સ્પષ્ટ કરવામાં આવી છે કે આત્મા જ્ઞાનાવરણાદિ કર્મોનો કર્ત્તા નથી. તેથી હવે એક પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે જ્યારે આત્મા કર્મોનો કર્ત્તા જ નથી ત્યારે એવું કેમ કહેવામાં આવે છે કે આત્મા કર્મોનો કર્ત્તા છે. જિનવાણીમાં પણ ઘણી જગાએ એવું મળી આવે છે કે આત્મા જ્ઞાનાવરણાદિ કર્મોનો કર્ત્તા છે.

આ સમસ્યાનું સમાધાન હવેની ગાથાઓમાં ઉદાહરણસહિત આપવામાં આવી રહ્યું છે જે આ પ્રકારે છે :-

जीवम्हि हेदुभूदे बंधस्स दु पस्सिदूण परिणामं ।
जीवेण कदं कम्मं भण्णदि उपयारमेत्तेण ॥१०५॥

जोधेहिं कदे जुद्धे राएण कदं ति जंपदे लोगो ।
ववहारेण तह कदं णाणावरणादि जीवेण ॥१०६॥

(હરિગીત)

જીવ હેતુભૂત થતાં અરે ! પરિણામ દેખી બંધનું,
ઉપચારમાત્ર કથાય કે આ કર્મ આત્માએ કર્યું. ૧૦૫[1]

યોદ્ધા કરે જ્યાં યુદ્ધ ત્યાં એ નૃપકર્યું લોકો કહે,
એમ જ કર્યા વ્યવહારથી જ્ઞાનાવરણ આદિ જીવે. ૧૦૬[2]

---

૧ સમયસાર (ગુજરાતી), પાનું ૧૮૭
૨ સમયસાર (ગુજરાતી), પાનું ૧૮૮

જીવ નિમિત્તભૂત થતાં કર્મબંધનું પરિણામ થતું જોઈને 'જીવે કર્મ કર્યું' - એ રીતે માત્ર ઉપચારથી કહી દેવાય છે.

જે રીતે યોદ્ધાઓ દ્વારા યુદ્ધ કરવામાં આવતાં 'રાજાએ યુદ્ધ કર્યું' - એમ લોકો કહે છે; એવી જ રીતે જ્ઞાનાવરણાદિ કર્મ જીવે કર્યાં - એમ વ્યવહારથી કહેવાય છે.

ઉક્ત ગાથાઓનો ભાવ અત્યંત સરલ તેમ જ સહજ છે. આચાર્યદેવ એકદમ સ્પષ્ટ શબ્દોમાં કહી રહ્યા છે કે આ તો માત્ર ઉપચરિત કથન છે કે જીવે જ્ઞાનાવરણાદિ કર્મ કર્યાં. ખરેખર વિચાર કરીએ તો એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કર્ત્તા ન હોવાથી આત્મા જ્ઞાનાવરણાદિ કર્મોનો કર્ત્તા થઈ શકતો જ નથી.

રાજાનું ઉદાહરણ આપીને વાતને હજી વધુ સ્પષ્ટ કરી દેવામાં આવી છે. અરે ભાઈ ! યુદ્ધના મેદાનમાં લડે છે તો સૈનિકો જ; પણ જગતમાં એમ જ કહેવામાં આવે છે કે રાજાએ યુદ્ધ કર્યું. બસ એવી જ રીતે આગમમાં પણ ઉપચારથી, ઉપચરિત-અસદ્‌ભૂત વ્યવહારનયથી એમ કહેવાય છે કે જ્ઞાનાવરણાદિ કર્મ આત્માએ કર્યાં. શરીરાદિની ક્રિયાનો કર્ત્તા પણ આત્માને કહેવો એવી જ જાતનો ઉપચાર છે.

આચાર્ય અમૃતચન્દ્ર તો એક ડગલું આગળી વધીને આત્મખ્યાતિમાં અંત સુધી લખે છે કે 'પૌદ્‌ગલિક કર્મ આત્માએ કર્યાં - એવો વિકલ્પ નિર્વિકલ્પવિજ્ઞાનઘનસ્વભાવથી ભ્રષ્ટ વિકલ્પપરાયણ અજ્ઞાનીઓને જ હોય છે અને એ વિકલ્પ માત્ર ઉપચાર જ છે, પરમાર્થ નથી.'

જુઓ ! અહીં ઉપચરિત - અસદ્‌ભૂતવ્યવહારનયના કથનને અજ્ઞાનીઓનો વિકલ્પ કહ્યો છે અને એ અજ્ઞાનીઓને નિર્વિકલ્પવિજ્ઞાનઘનસ્વભાવથી ભ્રષ્ટ બતાવવામાં આવ્યા છે તથા એમ કહેવામાં આવ્યું છે કે તેમની ચતુરાઈ માત્ર વિકલ્પો સુધી જ સીમિત છે, એનાથી કોઈ કાર્ય થતું નથી. તેઓ વિકલ્પપરાયણ જ છે, આત્મકલ્યાણ કરવામાં પરાયણ નથી.

જે પ્રકારે લોકમાં એમ કહેવાય છે કે તે વ્યક્તિ તો માત્ર વાતોમાં જ શુરવીર છે, બહુ બોલકણો જ છે; તેનાથી કંઈ થઈ શકે એવું નથી. એવી જ રીતે કર્મોનો કર્તા પોતાને માનવાવાળા અજ્ઞાની માત્ર વિકલ્પપરાયણ જ છે. એમનાથી મોક્ષમાર્ગ સધાય એમ નથી. મોક્ષમાર્ગ વ્યવહારના આશ્રયથી સાધી શકાતો નથી. મોક્ષમાર્ગ તો નિશ્ચયનયના વિષયભૂત અકર્તાસ્વભાવી ભગવાન આત્માના આશ્રયથી જ સધાય છે.

આચાર્ય અમૃતચન્દ્રનું કહેલું કથન મૂળથી આ પ્રકારે છે :-

''જો કે આ લોકમાં આ આત્મા સ્વભાવ (પરમાર્થ) થી પૌદ્‌ગલિક કર્મોનું નિમિત્ત પણ નથી; તોપણ જે અજ્ઞાનભાવ પૌદ્‌ગલિક કર્મોના નિમિત્તભૂત છે, તેવા અજ્ઞાનભાવરૂપે અનાદિ અજ્ઞાનના કારણે (આત્મા) પરિણમિત થવાથી પૌદ્‌ગલિક કર્મ આત્માએ કર્યાં - એવો વિકલ્પ નિર્વિકલ્પવિજ્ઞાનઘનસ્વભાવથી ભ્રષ્ટ વિકલ્પપરાયણ અજ્ઞાનીઓને થાય છે અને એ વિકલ્પ માત્ર ઉપચાર જ છે, પરમાર્થ નથી.

જે પ્રકારે યુદ્ધના પરિણામમાં પોતે પરિણમિત થતા યોદ્ધાઓ દ્વારા યુદ્ધ કરવામાં આવતાં, યુદ્ધના પરિણામમાં પોતે પરિણમિત ન થનાર રાજામાં 'રાજાએ યુદ્ધ કર્યું' - એવો ઉપચાર કરવામાં આવે છે, તે માત્ર ઉપચાર છે, પરમાર્થ નથી.

તે જ પ્રકારે જ્ઞાનાવરણાદિ કર્મપરિણામરૂપ પોતે પરિણમતા પુદ્‌ગલ દ્રવ્ય દ્વારા જ્ઞાનાવરણાદિ કર્મ કરવામાં આવતાં, જ્ઞાનાવરણાદિ કર્મપરિણામરૂપ પોતે પરિણમિત ન થનાર આત્મામાં 'આત્માએ જ્ઞાનાવરણાદિ કર્મ કર્યાં' - એમ ઉપચાર કરવામાં આવે છે, એ માત્ર ઉપચાર છે, પરમાર્થ નથી.''

જુઓ અહીં એમ કહેવાઈ રહ્યું છે કે આત્માને કર્મોનો કર્ત્તા કહેવો એ તેવા પ્રકારનું અત્યંત સ્થૂલ ઉપચરિત કથન છે કે જે પ્રકારે સૈનિકો દ્વારા કરાયેલા યુદ્ધને રાજા દ્વારા કરાયેલું છે એમ કહેવામાં આવે છે. રાજા તો યુદ્ધના મેદાનમાં ગયો પણ નથી, આરામથી રાજમહેલમાં જ રહ્યો

છે અને સૈનિકો તો પૂરેપૂરા યુદ્ધમાં જ રચ્યાપચ્યા હતા, તો પણ યુદ્ધ કરવાવાળાના રૂપમાં સૈનિકોનું નામ પણ ન લેવું અને કહેવું કે રાજાએ યુદ્ધ કર્યું છે - એ જે રીતે કથન માત્ર છે, તે રીતે જે કાર્મણવર્ગણા કર્મરૂપ પરિણમિત થઈ છે, તેનું તો નામ પણ ન લેવું અને જે આત્મા કર્મનાં પરિણમનમાં નિમિત્ત પણ નથી, તેને કર્મોનો કર્ત્તા કહેવો તે પણ કથન માત્ર જ છે.

આચાર્ય જયસેન આ ગાથાઓનો નિષ્કર્ષ પ્રસ્તુત કરતાં કહે છે કે -

"એટલે એમ સિદ્ધ થયું કે શુદ્ધ નિશ્ચયનયથી શુદ્ધબુદ્ધ એકસ્વભાવી હોવાથી જીવ ન તો કોઈને ઉત્પન્ન કરે છે, ન બનાવે છે, ન બાંધે છે, ન પરિણમાવે છે અને ન ગ્રહણ કરે છે."

આ ગાથાઓના મર્મનું ઉદ્‌ઘાટન કરતાં પૂજ્ય ગુરુદેવ કહે છે કે - "જે રાગપરિણામ નવા કર્મબન્ધના નિમિત્ત થાય છે. એ રાગપરિણામ જ્ઞાનીને નથી; કારણ કે જ્ઞાની એનાથી ભિન્ન થઈ ગયો છે. જે રાગપરિણામ થાય છે, જ્ઞાની તેમને માત્ર જાણે જ છે, કરતો નથી. એ જ કારણે જ્ઞાની નવા કર્મબન્ધનું નિમિત્ત નથી. ભાઈ ! બહુ ગંભીર વાત છે.[1]

મૂળ ગાથા સૂત્રમાં તો એમ કહ્યું છે કે જીવ નવીન કર્મબન્ધમાં નિમિત્તભૂત થાય છે; પરંતુ ટીકામાં આચાર્યદેવે એમ કહ્યું છે કે આ લોકમાં ખરેખર તો આત્મા સ્વભાવથી પૌદ્‌ગલિક કર્મોમાં નિમિત્તભૂત પણ નથી. જો સ્વભાવથી જ આત્મા નિમિત્તભૂત હોય તો એને ત્રણેકાળ (હંમેશા) વિકાર કરવાનો પ્રસંગ પ્રાપ્ત થશે અને કર્મબન્ધનમાં નિમિત્તરૂપે જીવને હંમેશા ઉપસ્થિત રહેવાની સમસ્યા ઉત્પન્ન થઈ જશે. એ પ્રકારે નિત્યકર્તૃત્વનો પ્રસંગ આવવાથી મુક્તિ ક્યારે થશે જ નહીં અર્થાત્ એની મુક્તિનો જ અભાવ સિદ્ધ થશે.

---

૧ પ્રવચન રત્નાકર (હિંદી), ભાગ-૪, પાનું ૧૮૨

દયા, દાન આદિના વિકલ્પો આવે છે, જ્ઞાની એમને બંધનું કારણ જાણે છે. એ તેમને ધર્મ અથવા ધર્મનું કારણ નથી માનતો - આ વાત પણ અહીં લીધી નથી. અહીં તો એમ કહે છે કે જ્ઞાનીને નવીન બંધ થતો જ નથી; કારણ કે જ્ઞાનીની દૃષ્ટિ પોતાના જ્ઞાનાનંદસ્વભાવ પર રહે છે તથા એનાથી તેને સ્વભાવની જ પરિણતિ ઉત્પન્ન થાય છે. જે રાગનું પરિણામ થાય છે, એ જ્ઞાનીનું કર્મ નથી, તેથી જ્ઞાની નવીન કર્મબન્ધમાં નિમિત્ત પણ નથી. અહા ! કેવી ગંભીર વ્યાખ્યા કરી છે.[૧]

જે નવીન કર્મબન્ધ થાય છે, એ દશા તો જડકર્મથી થાય છે તથા એમાં ઉપાદાનરૂપે કર્મપરમાણુ વર્તે છે. તથા આત્માના વિકારીભાવ એ નવીન કર્મબન્ધમાં નિમિત્ત છે; પરંતુ ચૈતન્યરત્નાકર જ્ઞાતા-દૃષ્ટા તથા આનંદસ્વભાવથી ભરેલો ચિદાનન્દઘન પ્રભુ આત્મા વિકારથી શૂન્ય છે, એ કારણે જ્ઞાયકમૂર્તિ પ્રભુ આત્મા નવીન કર્મબન્ધમાં નિમિત્તભૂત નથી. ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદથી ભરેલો ચૈતન્યમહાસાગર છે. એમાં દયા, દાન આદિ વિકારનાં વિકલ્પ જ નથી, તો એ નવીન કર્મબન્ધમાં નિમિત્તભૂત કેમ થાય ? આત્મા સ્વભાવથી નવીન કર્મબન્ધમાં નિમિત્ત છે જ નહીં.[૨]

ભગવાન આત્મા નિરંજન, નિર્વિકાર, શુદ્ધ ચૈતન્યઘન પ્રભુ છે. એમાં શરીર, મન, વાણી, કર્મ, નોકર્મ તો છે જ નહીં, શુભભાવરૂપ વિકાર પણ નથી. એટલે આત્મા સ્વભાવથી કર્મબંધનનું નિમિત્ત નથી તથા જેને શુદ્ધ ચૈતન્યસ્વરૂપ આત્માના સ્વ-સંવેદનપૂર્વક સ્વાનુભવ થયો છે એ સમ્યગ્દૃષ્ટિને એવો રાગ પણ નથી થતો કે જે નવીન કર્મબન્ધનમાં નિમિત્ત થાય. જે અલ્પરાગ જ્ઞાનીને હોય છે, એને અહીં (દૃષ્ટિના જોરમાં) ગૌણ કરીને એમ કહેવાઈ રહ્યું છે કે જ્ઞાનીને રાગ થતો જ નથી અને અજ્ઞાનીને તો પોતાનાં શુદ્ધચૈતન્યસ્વરૂપનું ભાન જ નથી, એ કારણે અજ્ઞાનીના રાગભાવને નવીન કર્મબન્ધનનું નિમિત્ત કહ્યું છે.

---

૧ પ્રવચન રત્નાકર (હિંદી), ભાગ-૪, પાનું ૧૮૩
૨ પ્રવચન રત્નાકર (હિંદી), ભાગ-૪, પાનું ૧૮૪

જે નવીન કર્મબન્ધન થાય છે, એને આત્મા કરતો નથી. એ તો પુદ્‌ગલની પર્યાય છે અને અજ્ઞાનીનાં અજ્ઞાનરૂપ પરિણામ એમાં નિમિત્ત કહેવાય છે. આત્મદ્રવ્ય પણ એમાં નિમિત્ત નથી અને દષ્ટિવંત જ્ઞાની પણ એમાં નિમિત્ત નથી.[1]

અજ્ઞાની અજ્ઞાનભાવે પરિણમિત થવાથી, એના અજ્ઞાનભાવનું નિમિત્તભૂત થવાથી નવીન પૌદ્‌ગલિકકર્મ ઉત્પન્ન થાય છે; એ પ્રકારે અજ્ઞાનીનો પુણ્ય-પાપનો ભાવ નવીન કર્મબંધમાં નિમિત્ત થાય છે. માટે નિર્વિકલ્પવિજ્ઞાનઘન-સ્વભાવથી ભ્રષ્ટ વિકલ્પપરાયણ અજ્ઞાનીઓને એવો વિકલ્પ છે કે પૌદ્‌ગલિક કર્મ આત્માએ કર્યાં - પરંતુ એ વિકલ્પ ઉપચાર માત્ર છે પરમાર્થ નથી[2]''

આમ આ ગાથાઓમાં એમ જ કહેવામાં આવ્યું છે કે કર્મોનો કર્ત્તા ન તો જ્ઞાની આત્મા છે અને ન તો અજ્ઞાની આત્મા છે. આત્માને કર્મનો કર્ત્તા કહેવો તે અત્યન્ત સ્થૂલ ઉપચરિત કથન છે.

જ્ઞાનગોષ્ઠી

ત્યાગ એટલે શું ?

પરનો ત્યાગ તો આત્માને નથી, પણ રાગદ્વેષનો ત્યાગ તે પણ નામમાત્ર (કહેવા માત્ર) છે. રાગના ત્યાગનું કર્તાપણું દ્રવ્યદષ્ટિએ આત્માને નથી. પોતાના સ્વભાવમાં સ્થિર રહેતાં રાગદ્વેષ સહેજે ટળી જાય છે, તે ત્યાગ કહેવાય છે - તે પણ વ્યવહાર છે.

- આત્મધર્મ અંક ૮, અષાઢ ૨૦૦૦, પૃષ્ઠ ૧૩૨

૧ પ્રવચન રત્નાકર (હિંદી), ભાગ-૪, પાનું ૧૮૫-૧૮૬
૨ પ્રવચન રત્નાકર (હિંદી), ભાગ-૪, પાનું ૧૮૭

સમયસાર ગાથા - ૧૦૭-૧૦૮

પાછળની ગાથાઓમાં આ વાત હાથ પર રાખેલા આમળાની માફક સ્પષ્ટ થઈ ગઈ છે કે આત્મા પરભાવોનો ન તો ઉપાદાનકર્ત્તા છે અને ન તો નિમિત્તકર્તા, છતાંપણ લોકમાં આત્માને પરભાવોનો કર્ત્તા-ભોક્તા કહેવાય છે. ફક્ત લોકમાં જ નહિ, આગમમાં પણ આ પ્રકારનાં અનેક કથનો ઉપલબ્ધ થાય છે. એ કારણે ઘણાં આત્માર્થી ભાઈઓ મૂંઝવણમાં પડી જાય છે.

એ આત્માર્થી ભાઈઓની મૂંઝવણને દૂર કરવા માટે આચાર્યદેવ આગામી ગાથાઓમાં કહી રહ્યા છે કે એ બધા કથન વ્યવહારનયના છે અને એ વ્યવહાર પણ પ્રજ્ઞના દોષોનો જવાબદાર રાજાને કહેવા સમાન જ છે.

મૂળ ગાથાઓ આ પ્રકારે છે.

उप्पादेदि करेदि य बंधदि परिणामएदि गिण्हदि य ।
आदा पोग्गलदव्वं ववहारणयस्स वत्तव्वं ॥१०७॥

जह राया ववहारा दोसगुणुप्पादगो त्ति आलविदो ।
तह जीवो ववहारा दव्वगुणुप्पादगो भणिदो ॥१०८॥

(હરિગીત)

ઉપજાવતો, પ્રણમાવતો, ગ્રહતો, અને બાંધે, કરે.
પુદ્ગલદરવને આતમા - વ્યવહારનયવક્તવ્ય છે. ૧૦૭.[1]

---

૧ સમયસાર (ગુજરાતી), પાનું ૧૮૯

ગુણદોષઉત્પાદક કહ્યો જયમ ભૂપને વ્યવહારથી,
ત્યમ દ્રવ્યગુણઉત્પન્નકર્તા જીવ કહ્યો વ્યવહારથી.૧૦૮.[1]

આત્મા પુદ્‌ગલ દ્રવ્યને ઉપજાવે છે, કરે છે, બાંધે છે, પરિણમન કરાવે છે અને ગ્રહણ કરે છે - એ વ્યવહારનયનું કથન છે. જે રીતે રાજાને પ્રજાના દોષ અને ગુણોનો ઉત્પન્ન કરવાવાળો કહેવાય છે, એ જ રીતે અહીં જીવને પુદ્‌ગલ દ્રવ્યનાં દ્રવ્ય-ગુણોનો ઉત્પન્ન કરવાવાળો કહ્યો છે.

આચાર્ય જયસેને પાછળની ગાથાઓની ટીકામાં નિષ્કર્ષ રજૂ કરતાં કહ્યું હતું કે શુદ્ધનિશ્ચયનયથી આત્મા ન તો કોઈને ઉત્પન્ન કરે છે, ન બનાવે છે, ન બાંધે છે, ન પરિણમાવે છે અને ન ગ્રહણ કરે છે. એ જ સંદર્ભને આગળ વધારતાં આ ગાથાઓમાં કહેવામાં આવ્યું છે કે આત્મા પુદ્‌ગલ દ્રવ્યને ઉપજાવે છે, કરે છે, બાંધે છે, પરિણમન કરાવે છે અને ગ્રહણ કરે છે - એ વ્યવહારનયનું કથન છે.

એ રીતે અહીં બન્ને નયોનું કથન કરીને અંતમાં વ્યવહારનયની ઔપચારિકતાને પણ સ્પષ્ટ કરી દીધી છે.

આચાર્ય અમૃતચન્દ્ર આ ગાથાઓના ભાવને આત્મખ્યાતિમાં આ પ્રમાણે સ્પષ્ટ કરે છે -

"ખરેખર આ આત્મા વ્યાપ્યવ્યાપકભાવના અભાવને કારણે પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય - એવા પુદ્‌ગલદ્રવ્યાત્મક કર્મને ગ્રહણ કરતો નથી, પરિણમાવતો નથી, ઉત્પન્ન કરતો નથી અને ન તેને કરે છે, ન બાંધે છે, છતાં પણ એટલે કે આ રીતે વ્યાપ્યવ્યાપકભાવનો અભાવ હોવા છતાં પણ પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્યરૂપ પુદ્‌ગલદ્રવ્યાત્મક કર્મને આત્મા ગ્રહણ કરે છે, પરિણમાવે છે, ઉપજાવે છે, કરે છે અને બાંધે છે; એ પ્રકારે જે વિકલ્પ છે તે ખરેખર ઉપચાર જ છે.

જે રીતે પ્રજાના ગુણ-દોષો અને પ્રજામાં વ્યાપ્યવ્યાપકભાવ

---

૧ સમયસાર (ગુજરાતી), પાનું ૧૯૦

હોવાથી પ્રજા જ પોતાના ગુણ-દોષોની ઉત્પાદક છે - એ સ્વભાવથી સિદ્ધ થયા પછી પણ, પ્રજાના ગુણ દોષો અને રાજામાં વ્યાપ્યવ્યાપકભાવનો અભાવ હોવા છતાં ઉપચારથી કહેવાય છે કે પ્રજાના ગુણ-દોષોનો ઉત્પાદક રાજા છે.

એ જ રીતે પુદ્‌ગલદ્રવ્યનાં ગુણ-દોષો અને પુદ્‌ગલદ્રવ્યમાં વ્યાપ્યવ્યાપકભાવ હોવાથી પુદ્‌ગલદ્રવ્ય જ પોતાનાં ગુણ-દોષોનું ઉત્પાદક છે - એ સ્વભાવથી જ સિદ્ધ થયા પછી પણ પુદ્‌ગલનાં ગુણ-દોષો અને આત્મામાં વ્યાપ્યવ્યાપકભાવનો અભાવ હોવા છતાં આત્માને પુદ્‌ગલકર્મના પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્યરૂપ કાર્યોનો કર્તા કહેવો એકદમ ઉપચરિત કથન છે.

ગાથામાં ઉપજાવે છે, કરે છે, બાંધે છે, પરિણમે છે અને ગ્રહણ કરે છે - એ પાંચ ક્રિયાપદ છે. પાંચ વાતો કહેવામાં આવી છે; જેમાંથી ત્રણને તો આચાર્ય અમૃતચન્દ્રે પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્યના રૂપમાં રજૂ કરી દીધી છે અને બાકીનાં બે (કરવું અને બાંધવું) ને જુદા રાખ્યા છે.

આચાર્ય જયસેન આ પાંચ પદોમાંથી ચારને પ્રકૃતિ, પ્રદેશ, સ્થિતિ અને અનુભાગ બંધોથી જોડી દે છે અને "ઉત્પન્ન કરે છે" એ પદને જુદું રાખીને ચારેને એમાંજ સમાવી લે છે, પણ આ કાર્ય તેઓ અથવાના રૂપમાં કરે છે. એમનું મૂળ કથન આ પ્રમાણે છે -

"વ્યવહારનયના અભિપ્રાયથી એવું કથન કરવા યોગ્ય છે કે જે રીતે કુંભાર ઘડાને ઉત્પન્ન કરે છે, એ જ રીતે અનાદિ બંધપર્યાયને વશ થઈને રાગાદિ પરિણામથી ચીકણો થઈને આત્મા કાર્મણવર્ગણાયોગ્ય પુદ્‌ગલદ્રવ્યને દ્રવ્યકર્મરૂપે ઉત્પન્ન કરે છે, પ્રકૃતિબંધને કરે છે, બાંધે છે, પરિણમાવે છે, ગ્રહણ કરે છે; અથવા ઉત્પન્ન કરે છે - તેનું તાત્પર્ય એ છે કે પ્રકૃતિબંધને કરે છે, સ્થિતિબંધને બાંધે છે, અનુભાગબંધને પરિણમાવે છે અને જે રીતે પાણીમાં પડેલો લોઢાનો ગરમ ગોળો બધી બાજુથી પાણીને ગ્રહણ કરે છે, એ જ રીતે વિકારી આત્મા બધા આત્મપ્રદેશોથી પ્રદેશબંધને ગ્રહણ કરે છે - એમ અભિપ્રાય છે.

આચાર્ય જયસેન અનુસાર અહીં સુધી દ્વિક્રિયાવાદીના નિષેધનું જ પ્રકરણ ચાલી રહ્યું છે.

અહીં એક પ્રશ્ન સંભવ છે કે આત્મા પરદ્રવ્યનો કર્ત્તા નથી - આ વાતને વારંવાર કેમ કહેવાઈ રહી છે ?

એનું સીધું-સાચું સમાધાન તો એ જ છે કે અનાદિકાલીન અભ્યાસના કારણે અજ્ઞાનીની પરકર્તૃત્વ સંબંધી માન્યતા એટલી દઢ છે કે વારંવાર સમજાવવા છતાં પણ તૂટતી નથી. એને તોડવાને માટે અને અકર્તૃત્વની માન્યતાને દઢતા આપવા માટે જ અહીં વારંવાર કહેવાઈ રહ્યું છે કે આ ભગવાન આત્મા નિશ્ચયથી પરપદાર્થોનો કર્ત્તા-ભોક્તા નથી. એને પરપદાર્થોનો કર્ત્તા-ભોક્તા કહેવો એ ફક્ત ઉપચાર છે.

આચાર્ય જયસેનને પોતાને એવું લાગ્યું હશે કે એક જ વાત વારંવાર આવી રહી છે. એથી તેઓએ પોતે આ પ્રકારનો પ્રશ્ન ઉપસ્થિત કરીને એનો જે જવાબ આપ્યો છે તે આ પ્રમાણે છે -

શંકા - નિશ્ચયનયથી આત્મા દ્રવ્યકર્મને કરતો નથી - એવું કથન ઘણી વાર કર્યું છે, એનાથી જ દ્વિક્રિયાવાદીનું નિરાકરણ થઈ જાય છે તો પછી આ એક જ વાતનું પિષ્ટપેષણ કેમ કરવામાં આવી રહ્યું છે ?

સમાધાન - એવું નથી, કારણ કે હેતુ અને હેતુરૂપ ભાવ બતાવવા માટે એમ કરવું એ કોઈ દોષ નથી.

આ રીતે આ ગાથાઓમાં અંતિમરૂપે એમ સ્પષ્ટ કરી દેવામાં આવ્યું છે કે આત્મા જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મોનો કર્તા નથી; કારણ કે આ આત્મા ન તો તેમને ઉપજાવે છે, ન તો કરે છે, ન તો પરિણમાવે છે, ન તો ગ્રહણ કરે છે અને ન બાંધે જ છે.

આમ સુનિશ્ચિત થઈ જતાં આ પ્રકારના પ્રશ્નો સહેજે ઉત્પન્ન થાય છે કે જો એવું છે તો પછી આ કર્મોને કોણ બાંધે છે, તેઓ આત્મા સાથે શાથી બંધાય છે અને કેવી રીતે બંધાય છે ?

આ પ્રશ્નો એટલા મહત્ત્વપૂર્ણ છે કે તેમને આચાર્ય અમૃતચન્દ્ર પોતે કળશરૂપે ઉપસ્થિત કરે છે.

જે કળશમાં આ રીતનો પ્રશ્ન ઉઠાંવ્યો છે એ મૂળ કળશ આ પ્રમાણે છે -

(बसन्ततिलका)

जीवः करोति यदि पुद्गलकर्म नैव ।
कस्तर्हि तत्कुरुत इत्यभिशंकयैव ॥
अेतर्हि तीव्ररयमोहनिवर्हणाय ।
संकीर्त्यते शृणुत पुद्गलकर्मकर्तृ ॥६३॥

(દોહરા)

કરે ન પુદ્ગલકરમને જો આ ચેતનરાજ,
કોણ કરે - તે સૌંણ હવે ભરમ નિવારણ કાજ. ૬૩.

જો પુદ્ગલકર્મને જીવ કરતો નથી તો પછી એને કોણ કરે છે ? એવી આશંકાથી જ હવે વધુ તીવ્ર થયેલા મોહના નિવારણ માટે 'પુદ્ગલ કર્મનો કર્તા કોણ છે' એ આગામી ગાથાઓમાં કહે છે તે તમે સાંભળો.

આ કળશ આગળની ગાથાઓની ઉત્થાનિકાનો કળશ છે. જેમાં એ જ સ્પષ્ટ કર્યું છે કે હવેની ગાથાઓમાં પુદ્ગલકર્મના કર્તૃત્વ પર પ્રકાશ નાખવામાં આવશે.

આમાં એવું કઈ પણ નથી કે જે વિશેષ વિશ્લેષણની અપેક્ષા રાખે.

બનારસીદાસે આ કળશના ભાવને આ રીતે છંદમાં વ્યક્ત કર્યો છે -

(સવૈયા તેઈસા)

पुग्गलकर्म करै नहि जीव, कही तुम मैं समुझी नहि तैसी ।
कौन करै यह रूप कहौ अब, को करता करनी कहु कैसी ॥

आपुहि आपु मिले बिछुरै जड़, क्यों करि मो मन संसय ऐसी ।
सिष्य संदेह निवारन कारन, बात कहैं गुरु है कछु जैसी ॥

'જીવ પુદ્ગલકર્મને કરતો નથી' એવું જે આપે કહ્યું છે એ મારી સમજમાં આવતું નથી. આખરે આ કર્મોને કોણ કરે છે અને એની કરણી (ક્રિયા) કેવી છે ? આ કર્મો પોતાની મેળાએ જીવ સાથે કેવી રીતે બંધાય છે - છૂટે છે ? આ પ્રકારની શંકા મારા મનમાં છે.

શિષ્યની શંકાનું નિવારણ કરવા માટે આગળની ગાથાઓમાં ગુરુદેવ (આચાર્યદેવ) વસ્તુનું સ્વરૂપ જેવું છે તેવું જ નિરૂપણ કરે છે.

આમ આ કળશમાં એક પ્રશ્ન ઉત્પન્ન કર્યો છે; જેનો જવાબ આગળની ગાથાઓમાં આપવામાં આવી રહ્યો છે.

જ્ઞાનગોષ્ઠી

ત્યાગ : જ્ઞાનમૂર્તિ નિર્મળ ચૈતન્યઘન આનંદસ્વરૂપ છું; મારું સુખ મારામાં છે એવી દૃષ્ટિના જોરમાં રાગ ટળ્યો અને રાગ ટાળતાં રાગના નિમિત્ત સહજ ટળ્યાં તે જ ત્યાગ જ્ઞાન ગર્ભિત છે, અને તે જ સત્ય ત્યાગ છે. બાકી તો જેને આત્માનું ભાન નથી તે તો માત્ર "આ બાયડી છોકરામાં સુખ નથી માટે ચાલો છોડી દઈએ" એવા દ્વેષ ભાવથી ત્યાગ કરે છે, તે ત્યાગી નથી પણ અંતરમાં તેને ભોગની રુચિ પડી છે.

- આત્મધર્મ અંક ૪, ફાગણ ૨૦૦૦, પૃષ્ઠ ૧૮

સમયસાર ગાથા - ૧૦૯-૧૧૨

सामण्णपच्चया खलु चउरो भण्णंति बंधकत्तारो ।
मिच्छत्तं अविरमणं कसायजोगा य बोद्धव्वा ॥१०९॥

तेसिं पुणो वि य इमो भणिदो भेदो दु तेरसवियप्पो ।
मिच्छादिट्ठी आदी जाव सजोगिस्स चरमंतं ॥११०॥

एदे अचेदणा खलु पोग्गलकम्मुदयसंभवा जम्हा ।
ते जदि करेंति कम्मं ण वि तेसिं वेदगो आदा ॥१११॥

गुणसण्णिदा दु एदे कम्मं कुव्वंति पच्चया जम्हा ।
तम्हा जीवोऽकत्ता गुणा य कुव्वंति कम्माणि ॥११२॥

(હરિગીત)

સામાન્ય પ્રત્યય ચાર નિશ્ચય બંધના કર્તા કહ્યા,
મિથ્યાત્વ ને અવિરમાણ તેમ કષાયયોગો જાણવા. ૧૦૯

વળી તેમનો પણ વર્ણવ્યો આ ભેદ તેર પ્રકારનો,
મિથ્યાત્વથી આદિ કરીને ચરમ ભેદ સયોગીનો. ૧૧૦

પુદ્ગલકરમના ઉદયથી ઉત્પન્ન તેથી અજીવ આ,
તે જો કરે કર્મો ભલે, ભોક્તાય તેનો જીવ ના. ૧૧૧

જેથી ખરે 'ગુણ' નામના આ પ્રત્યયો કર્મો કરે,
તેથી અકર્તા જીવ છે, 'ગુણો' કરે છે કર્મને. ૧૧૨[1]

---

૧ સમયસાર (ગુજરાતી), પાનું ૧૯૧,૧૯૨

ચાર સામાન્ય પ્રત્યયો બંધના કર્ત્તા કહેવાય છે. એમને મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગના રૂપમાં જાણવા જોઈએ.

મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનથી માંડીને સયોગીકેવળી ગુણસ્થાન સુધી આ ચાર પ્રત્યયોના તેર ભેદ કહેવામાં આવ્યા છે.

એ બધાં અચેતન છે, કારણ કે પુદ્ગલકર્મના ઉદયથી ઉત્પન્ન થાય છે. જો ચાર પ્રત્યયો અથવા તેર ગુણસ્થાનરૂપ પ્રત્યયો કર્મોને કરે છે તો ભલે કરે; આત્મા એ કર્મોનો ભોકતા પણ નથી.

'ગુણ' નામના પ્રત્યયો અર્થાત્ ગુણસ્થાનો કર્મ કરે છે તેથી જીવ તો એ કર્મોનો અકર્ત્તા જ રહ્યો. અને ગુણ જ કર્મોને કરે છે.

જુઓ, અહીં પ્રત્યયોને બંધનાં કર્ત્તા કહેવાઈ રહ્યાં છે; કારણ કે એ તો સ્પષ્ટ કરી દેવામાં આવ્યું છે કે બંધનો કર્ત્તા ભગવાન આત્મા નથી. એવી પરિસ્થિતિમાં એ પ્રશ્ન ઉત્પન્ન થવો સ્વાભાવિક જ છે કે જ્યારે આત્મા બંધનો કર્ત્તા નથી તો પછી બંધનો કર્ત્તા કોણ છે ? કારણ કે બંધ થાય તો છે જ. જ્યારે બંધ થાય છે તો એનું કરવાવાળું કોઈ ને કોઈ તો હોવું જ જોઈએ કેમકે કર્ત્તા વિના કાર્યનું થવું સંભવ નથી.

એ જ પ્રશ્નના ઉત્તરમાં અહીં કહેવાઈ રહ્યું છે કે બંધના કારણ પ્રત્યય છે. એ પ્રત્યય સામાન્ય રીતે ચાર ભાગોમાં વિભાજિત કરવામાં આવે છે. એ ચાર પ્રકાર છે - મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ.

મહાશાસ્ત્ર તત્વાર્થસૂત્ર (મોક્ષશાસ્ત્ર)માં પણ બંધનાં કારણોના રૂપમાં એમને જ ગણાવ્યાં છે, પણ એટલો ફરક જરૂર છે કે ત્યાં એનાં પાંચ પ્રકાર બતાવવામાં આવ્યાં છે. જેમાં ચાર પ્રકાર તો એ જ છે. પાંચમો પ્રકાર છે પ્રમાદ, જેને ચારેની એકદમ વચ્ચોવચ્ચ રાખવામાં આવ્યો છે. આ તત્ત્વાર્થસૂત્ર અનુસાર મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ - એ પાંચ પ્રત્યય બંધના કારણ છે.

તાત્પર્ય એ છે કે બંધના મૂળ કારણ પ્રત્યયો છે. પ્રત્યયો કારણ

છે અને બંધ કાર્ય છે અથવા એમ પણ કહી શકાય કે પ્રત્યયો કર્ત્તા છે અને બંધ કર્મ છે. પ્રત્યય અને બંધમાં કારણ-કાર્ય અથવા કર્ત્તા-કર્મનો સંબંધ છે. કર્તાકર્માધિકાર હોવાથી એમને અહીં કર્ત્તાકર્મસંબંધના રૂપમાં જ પ્રસ્તુત કરવામાં આવ્યાં છે. તાત્પર્ય એ છે કે પ્રત્યયો જ બંધના કર્ત્તા છે, ભગવાન આત્મા નહિ.

આ ચાર પ્રત્યયોને તેર ગુણસ્થાનના રૂપમાં પણ વિભાજિત કરી શકાય છે. એટલે અહીં એમ કહેવાયું છે કે મિથ્યાત્વથી સયોગકેવળી પર્યન્ત જે તેર ગુણસ્થાન છે, તે પણ આ ચારે પ્રત્યયોના કારણ બને છે. તેથી એ તેર ગુણસ્થાનોને પણ બંધના કર્ત્તા કહી શકાય છે. કહી શું શકાય છે, આ ગાથાઓમાં એમને બંધના કર્ત્તા કહ્યાં છે. એમનું નામ સંક્ષેપમાં 'ગુણ' જ રાખ્યું છે તેથી આ ગાથાઓની અંતિમ પંક્તિઓમાં કહેવામાં આવ્યું છે કે 'ગુણ' જ કર્મ કરે છે, તેથી ભગવાન આત્મા અકર્ત્તા છે.

ધ્યાન રહે કે અહીં 'ગુણ' શબ્દનો અર્થ ગુણસ્થાન જ સમજવો, જ્ઞાનાદિ ગુણ નહીં. તાત્પર્ય એ છે કે જ્ઞાનાદિ ગુણ બંધના કારણ નથી પરંતુ ગુણસ્થાન બંધના કારણ છે.

જો ભગવાન આત્મા બંધનો કર્ત્તા નથી તો એ કર્મનો ભોક્તા પણ નથી; કારણ કે જે કર્ત્તા થાય છે, ભોક્તા પણ એ જ થાય છે.

આ ગાથાઓમાં એક વાત એ પણ કહેવામાં આવી છે કે અચેતન પૌદ્ગલિક કર્મોના ઉદયથી ઉત્પન્ન થવાથી ગુણસ્થાન પણ અચેતન છે, પુદ્ગલ છે અને તેઓ જ બંધના કર્ત્તા-ભોક્તા છે.

આ ગાથાઓનો ભાવ આત્મખ્યાતિમાં આ રીતે સ્પષ્ટ કરવામાં આવ્યો છે :-

''પુદ્ગલ કર્મનો કર્ત્તા વાસ્તવમાં તો એક પુદ્ગલદ્રવ્ય જ છે. એ પુદ્ગલદ્રવ્યના મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ એ ચાર પ્રકાર છે. આ ચારે પ્રકાર બંધના સામાન્ય હેતુ હોવાથી બંધના કર્ત્તા છે. એનાં જ

ભેદ કરવાથી મિથ્યાદૃષ્ટિથી માંડીને સયોગકેવળી સુધી તેર પ્રકારના થાય છે, જેને તેર ગુણસ્થાન કહેવાય છે. વિશેષ ભેદનો વિચાર કરતાં એ તેર (બંધના) કર્ત્તા છે.

(અહીં આચાર્ય કહે છે કે) પુદ્‌ગલકર્મના વિપાકનાં પ્રકાર હોવાથી અત્યંત અચેતન એ તેર ગુણસ્થાન જ કર્ત્તા થઈને વ્યાપ્યવ્યાપકભાવથી પુદ્‌ગલકર્મને કરે તો ભલે કરે, એમાં આત્માનું શું આવ્યું ?

અહીં કોઈ જો એવો તર્ક કરે કે પુદ્‌ગલમય મિથ્યાત્વાદિને ભોગવતો થકો જીવ સ્વયં જ મિથ્યાદૃષ્ટિ થઈને પુદ્‌ગલકર્મને કરે છે.

એમને કહે છે કે આ પ્રકારનો તર્ક ખરેખર અવિવેક જ છે. અવિવેકની નિશાની જ છે; કારણ કે ભાવ્યભાવકભાવનો અભાવ હોવાથી નિશ્ચયથી પુદ્‌ગલદ્રવ્યમય મિથ્યાત્વાદિનો ભોક્તા પણ આત્મા નથી તો પછી તે પુદ્‌ગલકર્મનો કર્ત્તા કેવી રીતે થઈ શકે ?

એનાથી એમ સિદ્ધ થયું કે ગુણ (ગુણસ્થાન) શબ્દથી કહેવાતા પુદ્‌ગલદ્રવ્યમય ચાર સામાન્ય પ્રત્યયોના ભેદરૂપ તેર વિશેષ પ્રત્યયો જ કર્મોને કરે છે, એથી જીવ પુદ્‌ગલકર્મોનો અકર્ત્તા છે. પરંતુ ગુણ (ગુણસ્થાન) જ એના કર્ત્તા છે અને એ ગુણ તો પુદ્‌ગલદ્રવ્ય જ છે, આથી એ બરોબર નક્કી થયું કે પૌદ્‌ગલિક કર્મોનો કર્ત્તા એક પુદ્‌ગલ જ છે.''

ટીકાનો ભાવ સરળ ભાષામાં સ્પષ્ટ કરતાં પંડિત જયચંદ્‌જી છાબડા ભાવાર્થમાં લખે છે –

''શાસ્ત્રોમાં પ્રત્યયોને બંધના કર્ત્તા કહ્યાં છે. ગુણસ્થાન પણ વિશેષ પ્રત્યયો જ છે, એટલે એ ગુણસ્થાન બંધના કર્ત્તા છે. અર્થાત્ પુદ્‌ગલકર્મના કર્ત્તા છે અને મિથ્યાત્વાદિ સામાન્ય પ્રત્યયો અને ગુણસ્થાનરૂપ વિશેષ પ્રત્યયો અચેતન પુદ્‌ગલદ્રવ્યમય જ છે. એનાથી એ સિદ્ધ થયું કે પુદ્‌ગલદ્રવ્ય જ પુદ્‌ગલકર્મનું કર્ત્તા છે, જીવ નથી. જીવને પુદ્‌ગલકર્મનો કર્ત્તા માનવો તે અજ્ઞાન છે.''

અહીં એક વાત તો ધ્યાન આપવા જેવી છે કે 'ગુણસ્થાન કર્ત્તા થઈને વ્યાપ્યવ્યાપકભાવથી પુદ્‌ગલકર્મને કરે તો ભલે કરે; પરંતુ આત્મા તો કર્મોનો કર્ત્તા છે જ નહીં' - આત્મખ્યાતિના ઉપરના વાક્યની ભાષા જ એવી છે કે જેમાં 'આત્મા કર્તા નથી' એ વાત પર વિશેષ વજન છે, ગુણસ્થાન કર્ત્તા છે કે નહીં - એ વાત પર નહીં.

બીજી વાત ધ્યાન આપવા જેવી એ છે કે અહીં ગુણસ્થાનો અને કર્મબંધનમાં વ્યાપ્યવ્યાપકભાવ બતાવ્યો છે, જ્યારે વ્યાપ્યવ્યાપકભાવ એક જ વસ્તુમાં લાગુ પડે છે; કારણ કે 'વ્યાપ્યવ્યાપકતા તદાત્મનિ ભવેત્ - વ્યાપ્યવ્યાપકતા તદાત્મક પદાર્થોમાં જ હોય છે' - એવું ૪૯માં કળશમાં કહ્યું છે.

ઉપરના સંદર્ભમાં પૂજ્ય ગુરુદેવનું સ્પષ્ટીકરણ આ પ્રકારે છે - "વાસ્તવમાં તો પ્રત્યેક દ્રવ્ય વ્યાપક (કર્ત્તા) છે અને એની પર્યાય જ એનું વ્યાપ્ય (કર્મ) છે; પરંતુ એવી વાત અહીંયા નથી. અહીં તો એમ કહેવું છે કે જે તેર ગુણસ્થાન છે, તે તો વ્યાપક છે તથા જે નવીન કર્મબંધ થાય છે, તે તેમનું વ્યાપ્ય છે. વિકારીભાવ પ્રસારિત થઈને (પસરીને) નવીન કર્મરૂપ વ્યાપ્યને બાંધે છે, કરે છે - અહીં એવો સંબંધ લઈને કથન કર્યું છે.

વ્યાપ્યવ્યાપકભાવ પરસ્પર એક જ દ્રવ્યમાં હોય છે. દ્રવ્ય કર્ત્તા વ્યાપક અને એનું કર્મ અથવા પર્યાય એનું વ્યાપ્ય; પરંતુ અહીં બીજી જુદી શૈલી (અપેક્ષા)થી વાત કહેવામાં આવી છે. આત્મા શુદ્ધચૈતન્યમય દ્રવ્ય છે અને તેર ગુણસ્થાનો અચેતન છે. ચૈતન્યસ્વભાવી પ્રભુ આત્મા એ અચેતનરૂપ તેર ગુણસ્થાનોને કેમ કરી શકે ? જ્યારે અચેતન ગુણસ્થાન શુદ્ધ આત્મદ્રવ્યમાં છે જ નહીં તો પછી આત્મા નવીન કર્મ બાંધે છે - એ વાત જ ક્યાં રહી ? અહો ! ભેદજ્ઞાનની વાત જ અલૌકિક છે."[૧]

---

૧ પ્રવચનરત્નાકર (હિન્દી), ભાગ-૪, પાનું ૨૦૮

આચાર્ય જયસેનની તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં આ ગાથાઓનાં ભાવને પ્રશ્નોત્તર શૈલીમાં નયવિભાગથી વિસ્તારમાં સ્પષ્ટ કર્યો છે જે આ પ્રમાણે છે :-

"નિશ્ચયનયથી અભેદવિવક્ષામાં બંધનો કર્ત્તા એક પુદ્ગલ જ છે, ભેદવિવક્ષામાં ચાર સામાન્યપ્રત્યયો-મૂળપ્રત્યયો બંધના કર્ત્તા કહેવામાં આવ્યા છે અને ઉત્તરપ્રત્યય તો ઘણાં જ હોય છે - એવું સર્વજ્ઞ ભગવાને કહ્યું છે.

પ્રશ્ન - સામાન્યનો અર્થ શું છે ?

ઉત્તર - વિવક્ષાનો અભાવ હોવો એ જ સામાન્ય શબ્દનો અર્થ છે. સામાન્યના વ્યાખ્યાન સમયે સર્વત્ર જ સામાન્ય શબ્દનો આ જ અર્થ લગાડવો જોઈએ.

આ ચાર પ્રત્યયો મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ છે. - એમ જાણવું જોઈએ. આ પ્રત્યયોનાં ગુણસ્થાનના ભેદથી, મિથ્યાત્વ ગુણસ્થાનથી લઈને સયોગકેવળીના ચરમ સમય સુધી તેર ભેદ છે.

એ મિથ્યાત્વાદિ ભાવપ્રત્યય શુદ્ધનિશ્ચયનયથી અચેતન જ છે; કારણ કે એ પુદ્ગલકર્મનાં ઉદયથી પ્રગટ થાય છે. સ્ત્રી અને પુરુષનાં સંયોગથી ઉત્પન્ન થવાવાળા પુત્રને વિવક્ષાભેદથી કોઈ દેવદત્તાનો પુત્ર કહે છે અને કોઈ દેવદત્તનો. એ બંને કથનમાં વિવક્ષાભેદથી જે પ્રકારે કોઈ દોષ નથી; એ જ રીતે જીવ અને પુદ્ગલના સંયોગથી ઉત્પન્ન થવાવાળા મિથ્યાત્વરાગાદિ ભાવપ્રત્યયો અશુદ્ધનિશ્ચયનયથી, અશુદ્ધઉપાદાનરૂપે ચેતનમય છે, જીવની સાથે સમ્બદ્ધ છે અને શુદ્ધનિશ્ચયનયથી શુદ્ધ-ઉપાદાનરૂપે એ મિથ્યાત્વરાગાદિ ભાવપ્રત્યયો અચેતન છે, પૌદ્ગલિક છે.

જો પરમાર્થથી વિચાર કરીએ તો એ મિથ્યાત્વરાગાદિ પ્રત્યયો ન તો એકાંતથી જીવરૂપ છે અને ન એકાંતથી પુદ્ગલરૂપ જ છે; પરંતુ ચૂનો અને હળદરના સંયોગથી ઉત્પન્ન થતા કુંકુમની જેમ એ પણ જીવ અને

પુદ્‌ગલના સંયોગથી ઉત્પન્ન થાય છે. જો સુક્ષ્મશુદ્ધનિશ્ચયનયથી વિચાર કરીએ તો વાસ્તવમાં તેઓ છે જ નહીં, કારણ કે અજ્ઞાનથી ઉત્પન્ન થતા હોવાથી કલ્પિત છે.

પ્રશ્ન - ઉપરના કથનનો નિષ્કર્ષ શું છે

ઉત્તર - સ્ત્રી-પુરુષના સંયોગથી ઉત્પન્ન થયેલા બાળકને એકાંતથી એકલા પુરૂષનો કહેવો અથવા એકાંતથી એકલી સ્ત્રીનો કહેવો જે પ્રમાણે મિથ્યા છે; એ જ પ્રમાણે જીવ-પુદ્‌ગલના સંયોગથી ઉત્પન્ન મિથ્યાત્વ રાગાદિને એકાંતથી એકલા જીવનો કહેવો યા એકલા પુદ્‌ગલનો કહેવો મિથ્યા છે.

પ્રશ્ન - આ બધું તો ઠીક, પણ એ રાગાદિભાવ સુક્ષ્મશુદ્ધનિશ્ચયનયથી કોના છે - જીવના યા પુદ્‌ગલના ?

ઉત્તર - અરે ભાઈ ! પહેલાં એમ કહી દીધું હતું ને કે સુક્ષ્મશુદ્ધનિશ્ચયનયથી એમનું અસ્તિત્વ જ નથી. હવે એનાથી વધુ બીજું અમે શું કહીએ ?

જો મિથ્યાત્વાદિ પ્રત્યયો જ કર્મો કરે છે તો ભલે કરતા રહે, એમાં જીવનું શું આવ્યું, એનાથી જીવને શું લેણાદેણી; કારણ કે શુદ્ધનિશ્ચયનયથી એ જીવના નથી - એ વાત 'સવ્વે સુદ્ધા હુ સુદ્ધ ણયા - શુદ્ધનયથી બધા જીવ શુદ્ધ જ છે' - એવા આગમવચનથી સંમત જ છે.

જો કોઈ કહે કે મિથ્યાત્વના ઉદયમાં મિથ્યાત્વી થઈને આ જીવ મિથ્યાત્વરાગાદિ કર્મોને ભોગવે છે, તેથી કર્ત્તા પણ થાય છે.

આ કથન બરોબર નથી; કારણ કે શુદ્ધનિશ્ચયનયથી આત્મા કર્મોનો ભોક્તા પણ નથી. જો એ ભોક્તા જ નથી તો કર્ત્તા કેમ થાય ? આ

પ્રકારે એ શાસ્ત્રસંમત જ છે કે આ આત્મા શુદ્ધનિશ્ચયનયથી કર્મોનો કર્ત્તા-ભોક્તા નથી.

હવે જે એકાન્તથી જીવને કર્મોનો અકર્ત્તા માને છે, એના મતમાં શું દોષ છે - એ બતાવીએ છીએ.

જો એકાન્તથી અકર્ત્તા કહેવામાં આવે તો જે પ્રકારે શુદ્ધનિશ્ચયનયથી અકર્ત્તા છે, એ જ રીતે વ્યવહારનયથી પણ અકર્ત્તાપણાને પ્રાપ્ત થશે. સર્વથા અકર્ત્તા માનવાથી સંસારના અભાવનો પ્રસંગ પ્રાપ્ત થશે. એક દૂષણ તો આ આવે છે અને બીજું દૂષણ એ આવશે કે એના મતમાં આત્મા કોઈ પણ અપેક્ષાએ કર્મોનો વેદક પણ નહીં રહે. સાંખ્ય આત્માને ભોક્તા માને છે અને એ કારણે એમને પોતાના જ મતના વ્યાઘાતનો પ્રસંગ આવશે.

આથી એ સિદ્ધ થયું કે ગુણસ્થાન સંજ્ઞાવાળા પ્રત્યયો જ કર્મ કરે છે - આ વાત આગળની ગાથામાં કહી દીધી છે. એટલે જીવ શુદ્ધનિશ્ચયનયથી કર્મોનો કર્તા નથી, ગુણસ્થાન સંજ્ઞાવાળા પ્રત્યયો જ કર્મોના કર્ત્તા છે - આ સંમત જ છે''

પ્રશ્ન - ગુણસ્થાન તો ચૌદ હોય છે, પણ અહીં વારંવાર તેર ગુણસ્થાન કહેવાઈ રહ્યા છે. એનું શું કારણ છે ?

ઉત્તર - અહીં બંધના કારણરૂપ પ્રત્યયોની ચર્ચા છે; જે ચાર પ્રકારના બતાવવામાં આવ્યા છે - મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ. આ ચાર સામાન્ય પ્રત્યયોનાં વિશેષ પ્રત્યયોના રૂપમાં જ અહીં ગુણસ્થાનોની ચર્ચા છે. ચૌદમા ગુણસ્થાનમાં આ ચાર પ્રત્યયોમાંથી કોઈ પણ પ્રત્યય નથી. તેથી અહીં ચૌદમા ગુણસ્થાનને લીધું નથી.

અરે ભાઈ ! અહીં ગુણસ્થાનોની ચર્ચા બંધના પ્રત્યયોના રૂપમાં છે. જ્યારે ચૌદમાં ગુણસ્થાનમા બંધ જ હોતો નથી તો પછી એ બંધના કારણરૂપ પ્રત્યયોમાં કેવી રીતે ગણી શકાય.

તેથી આ જ ઉચિત છે કે જ્યારે બંધના કારણ અથવા બંધના કર્ત્તાના રૂપમાં ગુણસ્થાનોની ચર્ચા હોય; ત્યારે તેર ગુણસ્થાનોની વાત લેવી જોઈએ.

આ રીતે આમ સિદ્ધ થયું કે તેર ગુણસ્થાન અથવા મિથ્યાત્વાદિ પ્રત્યયો જ કર્મોના કર્ત્તા અને કર્મબંધના કારણ છે, આત્મા નહીં.

જ્ઞાનગોષ્ઠી

પ્રશ્ન:- દર્શનમોહની એક પ્રકૃતિનું નામ સમ્યક્ત્વ-પ્રકૃતિ કેમ છે?

ઉત્તર:- કેમકે તેના ઉદયની સાથે સમ્યક્ત્વ પણ હોય છે, એટલે સમ્યક્ત્વની સહચારિણી હોવાથી તેનું નામ 'સમ્યક્ત્વપ્રકૃતિ' પડ્યું. ક્ષાયોપશમિક સમ્યક્ત્વની સાથે તેનો ઉદય હોય છે.

- આત્મધર્મ અંક ૨૬૪, ઓક્ટોબર ૧૯૬૫, પૃષ્ઠ ૩૦

પ્રશ્ન:- સંખ્યા અપેક્ષાએ મોટામાં મોટું અનંત કોણ ?

ઉત્તર:- કેવળજ્ઞાનના અવિભાગપ્રતિચ્છેદ સૌથી મહાન અનંત છે. અલોકાકાશના પ્રદેશ વગેરે બીજ અનંત કરતાં તે અનંતગણું - એમ કહીને પણ તેનું માપ આપી શકાતું નથી. આત્મદ્રવ્યની આ કોઈ અચિંત્ય તાકાત છે.

- આત્મધર્મ અંક ૨૬૪, ઓક્ટોબર ૧૯૬૫, પૃષ્ઠ ૩૦

સમયસાર ગાથા ૧૧૩ થી ૧૧૫

હવે આગળની ગાથાઓમાં એમ બતાવવામાં આવી રહ્યું છે કે પાછળની ગાથાઓમાં જે મિથ્યાત્વાદિ પ્રત્યયોને અથવા ગુણસ્થાનરૂપ પ્રત્યયોને બંધનાં કારણ બતાવ્યા હતા; એ પ્રત્યયો અને કર્મ-નોકર્મથી ભગવાન આત્મા અત્યન્ત ભિન્ન જ છે.

એ મૂળ ગાથાઓ આ પ્રમાણે છે :-

जह जीवस्स अणण्णुवओगो कोहो वि तह जदि अणण्णो।
जीवस्साजीवस्स य एवमणण्णत्तमावण्णं ॥११३॥

एवमिह जो दु जीवो सो चेव दु णियमदो तहाऽजीवो ।
अयमेयत्ते दोसो पच्चयणोकम्मकम्माणं ॥११४॥

अह दे अण्णो कोहो अण्णुवओगप्पगो हवदि चेदा ।
जह कोहो तह पच्चय कम्मं णोकम्ममवि अण्णं ॥११५॥

(હરિગીત)

ઉપયોગ જેમ અનન્ય જીવનો, ક્રોધ તેમ અનન્ય જો,
તો દોષ આવે જીવ તેમ અજીવના એકત્વનો. ૧૧૩

તો જગતમાં જે જીવ તે જ અજીવ પણ નિશ્ચય ઠરે;
નોકર્મ, પ્રત્યય, કર્મના એકત્વમાં પણ દોષ એ. ૧૧૪

જો ક્રોધ એ રીત અન્ય, જીવ ઉપયોગઆત્મક અન્ય છે,
તો ક્રોધવત્ નોકર્મ, પ્રત્યય, કર્મ તે પણ અન્ય છે.૧૧૫[1]

---

૧. સમયસાર (ગુજરાતી), પાનું-૧૯૪

જે રીતે જીવ અને ઉપયોગ અનન્ય છે (જુદા નથી); એ જ રીતે જો ક્રોધ પણ જીવથી અનન્ય હોય (જુદો ન હોય) તો જીવ અને અજીવમાં અનન્યત્વ થઈ જશે, એકત્વ થઈ જશે.

આવું થવાથી આ જગતમાં જે જીવ છે એ જ નિયમથી અજીવ ઠરશે અને એવા જ પ્રકારનો દોષ પ્રત્યય, કર્મ અને નોકર્મની સાથે પણ આવશે.

જો તું (આ દોષના) ભયથી એમ કહે કે ક્રોધ અન્ય છે અને ઉપયોગસ્વરૂપી જીવ અન્ય છે તો જે પ્રકારે ક્રોધ જીવથી અન્ય થશે; એ જ પ્રકારે પ્રત્યય, કર્મ અને નોકર્મ પણ જીવથી અન્ય સિદ્ધ થશે.

આ ગાથાઓમાં એમ કહ્યું છે કે જે મિથ્યાત્વાદિ ચાર પ્રત્યયો અથવા તેર ગુણસ્થાનરૂપ તેર પ્રત્યયો બંધના કારણ છે, આસ્રવ છે; તે ઉપયોગમયી આત્માથી ભિન્ન છે, એ કારણે આત્માને બંધનો કર્ત્તા માની શકાતો નથી.

આત્માને બંધનો કર્ત્તા માનવાની ભાવનાથી જો આ પ્રત્યયોને આત્માથી અભિન્ન માનવામાં આવે તો પછી જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મો અને શરીરાદિ નોકર્મોને પણ આત્માથી અભિન્ન માનવા પડશે, જે કોઈ પણ દૃષ્ટિથી ઉચિત નથી; કારણ કે કર્મ અને નોકર્મમાં એકત્વ-મમત્વ રાખવું અને એમનો કર્ત્તા-ભોકતા આત્માને માનવો એ જ અજ્ઞાન છે, મિથ્યાત્વ છે. આ વાત પાછળની ગાથાઓમાં વિસ્તારથી સમજાવવામાં આવી ગઈ છે.

આ ગાથાઓનો ભાવ આત્મખ્યાતિમાં આ રીતે સ્પષ્ટ કરવામાં આવ્યો છે :-

"જેમ જીવના ઉપયોગમયપણાને લીધે જીવથી ઉપયોગ અનન્ય જ છે તેમ જડ ક્રોધ પણ અનન્ય જ છે એવી જો પ્રતિપત્તિ (પ્રતીતિ) કરવામાં આવે, તો ચિદ્રુપના અને જડના અનન્યપણાને લીધે જીવને ઉપયોગમયપણાની માફક જડ ક્રોધમયપણું પણ આવી પડે. એમ થતાં તો જે જીવ છે તે જ અજીવ ઠરે, - એ રીતે અન્ય દ્રવ્યનો લોપ થઈ જાય.

આ જ પ્રકારનો દોષ પ્રત્યય, નોકર્મ અને કર્મ પણ જીવથી અનન્ય છે, એમ માનવાથી આવશે.

હવે જો આ દોષના ભયથી એમ સ્વીકારવામાં આવે કે ઉપયોગાત્મક જીવ અન્ય જ છે અને જડસ્વભાવી ક્રોધ અન્ય જ છે, તો જેમ ઉપયોગાત્મક જીવથી જડસ્વભાવી ક્રોધ અન્ય છે તેમ પ્રત્યય, નોકર્મ અને કર્મ પણ ઉપયોગાત્મક જીવથી અન્ય જ છે એમ સિદ્ધ થશે; કારણ કે તેમના જડસ્વભાવપણામાં કંઈ તફાવત નથી. જેમ ક્રોધ જડ છે તેમ પ્રત્યય, કર્મ અને નોકર્મ પણ જડ છે.

આ રીતે જીવ અને પ્રત્યયને એકપણું નથી''

આ ગાથાઓ અને એની ટીકાનો ભાવ જયચંદજી છાબડા ભાવાર્થમાં અતિ સંક્ષેપથી આ પ્રમાણે વ્યક્ત કરે છે :-

''મિથ્યાત્વાદિ આશ્રય તો જડસ્વભાવ છે અને જીવ ચૈતન્ય સ્વભાવ છે. જો જડ અને ચેતન એક થઈ જાય તો ભિન્ન દ્રવ્યોના લોપ થવાનો મહાદોષ આવે છે. એટલે નિશ્ચયનયનો આ સિદ્ધાન્ત છે કે આશ્રવ અને આત્મામાં એકત્વ નથી.''

ઉકત કથનનું તાત્પર્ય એ છે કે પ્રત્યયોરૂપ આસ્રવભાવ જ બંધનાં કારણ છે. ભગવાન આત્મા બંધનું કારણ નથી. ભગવાન આત્મા તો બંધનું કારણ છે જ નહીં, આત્માનો ઉપયોગમયી સ્વભાવ પણ બંધનું કારણ નથી, કારણ કે જાણવું-જોવું આત્માનો સ્વભાવ છે અને સ્વભાવ બંધનું કારણ નથી થતો. મિથ્યાત્વાદિભાવ વિભાવ છે, જડ છે; એ જ બંધનાં કારણ છે.

આ ગાથાઓનો ભાવ સ્પષ્ટ કરતાં પૂ. ગુરુદેવ કહે છે - ''હવે કહે છે કે પુણ્ય-પાપનાં ભાવ,અને મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ - એ બધા આશ્રવો પ્રત્યયો છે; શરીર મન, વાણી ઈત્યાદિ નોકર્મ છે તથા જ્ઞાનાવરણાદિ આઠ કર્મ જડકર્મ છે. એ બધાને જો આત્મા કરે, તો

આત્મા એ બધાથી અનન્ય અર્થાત્ એક (અભિન્ન) ઠરશે અને એ બધા જડસ્વરૂપ છે, તેથી આત્માને પણ જડ માનવો પડશે. આવી માન્યતાથી ચૈતન્ય દ્રવ્યનો લોપ થઈ જશે, જ્યારે ભગવાન તો સ્વરૂપથી શુદ્ધ જ્ઞાતા-દૃષ્ટા છે. પુણ્ય-પાપનાં ભાવોનો જ્ઞાતાદૃષ્ટા છે; એ પરનો કર્તા અથવા પરરૂપ થતો નથી અને પરપદાર્થ પણ જ્ઞાતાદૃષ્ટા થતા નથી. આ કારણે જીવથી રાગ અનન્ય છે - આવું માનવાથી જે દોષ આવે છે, એ જ દોષ પ્રત્યય, કર્મ તથા નોકર્મ આત્માથી અભિન્ન (એક) છે એમ માનવાથી આવે છે.

તેથી એમ સિદ્ધ થયું કે ચૈતન્ય ઉપયોગમય જ્ઞાનસ્વરૂપ જીવ જુદો છે અને જડસ્વભાવી ક્રોધ જુદો છે. શુભાશુભભાવ જડ છે અને ચૈતન્યમય આત્માથી જુદા છે.'[1]

જોકે આચાર્ય જયસેને પણ તાત્પર્યવૃત્તિમાં આત્મખ્યાતિનું જ અનુસરણ કર્યું છે; છતાં પ્રશ્નોતરના રૂપમાં કંઈક નવો પ્રમેય (સિદ્ધાંત) પણ પ્રસ્તુત કર્યો છે; જે આ પ્રમાણે છે.

પ્રશ્ન - આપ ઘણી વાર એમ કહો છો કે શુદ્ધનિશ્ચયનયથી જીવ ક્રોધાદિનો અકર્ત્તા છે અને વ્યવહારનયથી કર્તા છે.

હવે સવાલ એ છે કે જે રીતે વ્યવહારનયથી જીવ દ્રવ્યકર્મોનો કર્ત્તા છે, એ જ રીતે વ્યવહારનયથી ભાવકર્મોનો પણ કર્તા છે તો પછી દ્રવ્યકર્મ અને ભાવકર્મ એ બંનેમાં એકત્વ પ્રાપ્ત થશે; કારણ કે બંનેયનો કર્ત્તા આત્મા વ્યવહારનયથી જ છે.

ઉત્તર - એવું નથી, કારણ કે જે વ્યવહારનયથી રાગાદિભાવકર્મોનો કર્ત્તા આત્માને કહેવાય છે એ વ્યવહારનયને અશુદ્ધનિશ્ચયનય પણ કહેવાય છે. આ કથન દ્રવ્યકર્મો સાથે ભાવકર્મોનો તફાવત બતાવવા માટે કર્યું છે.

---

૧ પ્રવચન રત્નાકર (હિન્દી), ભાગ-૪, પાનું ૨૧૮

પ્રશ્ન - કેવો તફાવત ?

ઉત્તર - દ્રવ્યકર્મ અચેતન છે અને ભાવકર્મ ચેતન છે; તોપણ શુદ્ધનિશ્ચયનયની અપેક્ષાએ ભાવકર્મ પણ અચેતન જ છે. એ કારણે અશુદ્ધનિશ્ચયનય પણ શુદ્ધનિશ્ચયનયની અપેક્ષાએ વ્યવહારનય જ છે.

એનો ભાવાર્થ એ છે કે જીવ દ્રવ્યકર્મોનો કર્ત્તા-ભોક્તા અનુપચરિત અસદ્‌ભૂત વ્યવહારનયથી છે અને રાગાદિભાવકર્મોનો કર્ત્તા-ભોક્તા અશુદ્ધનિશ્ચયનયથી છે. શુદ્ધનિશ્ચયનયની અપેક્ષાએ આ અશુદ્ધનિશ્ચયનય વ્યવહાર જ છે.''

શાસ્ત્રોમાં જુદી જુદી જગાએ જુદા જુદા પ્રકારનાં કથન આવે છે. આત્માને શુભાશુભભાવોનો કર્ત્તા-ભોક્તા ક્યાંક વ્યવહારનયથી બતાવવામાં આવે છે અને ક્યાંક અશુદ્ધનિશ્ચયનયથી. આ પ્રકારનાં કથન વાંચી ચિત્તમાં જે મુંઝવણ થઈ જાય છે એનું નિરાકરણ તાત્પર્યવૃત્તિના ઉપરના કથનથી સારી રીતે થઈ જાય છે.

નિષ્કર્ષના રૂપમાં કહી શકાય કે આ ગાથાઓનું મૂળ પ્રતિપાદ્ય એ જ છે કે બંધના કારણરૂપ જે મિથ્યાત્વાદિ પ્રત્યયો છે, એનાથી પણ બધા ભગવાન આત્મા જુદો છે; આ કારણે આ ભગવાન આત્મા બંધનું કારણ પણ નથી અને બંધનો કર્ત્તા-ભોક્તા પણ નથી.

જ્ઞાનગોષ્ઠી

પ્રશ્ન:- ધર્મી સાધક જીવ રાગનો વેદક છે કે જ્ઞાતા છે ?

ઉત્તર:- સાધક જીવનું જ્ઞાન રાગમાં જાય છે તે દુઃખને વેદે છે, જ્ઞાન જ્ઞાનમાં રહે છે તે સુખને વેદે છે.

- આત્મધર્મ અંક ૪૪૬, ડિસેમ્બર ૧૯૮૦, પૃષ્ઠ ૩૦/૩૧

સમયસાર ગાથા ૧૧૬ થી ૧૨૦

હવે આગામી ૧૦ ગાથાઓમાં યુક્તિપૂર્વક એમ સમજાવે છે કે જીવ અને પુદ્ગલ - બંનેય પદાર્થોમાં પરિણામશક્તિ હોવાથી સ્વયં જ પરિણમનશીલ છે, એમને પોતાનાં પરિણમનમાં પરની અપેક્ષા રંચમાત્ર પણ નથી.

સર્વ પ્રથમ ગાથા ૧૧૬ થી ૧૨૦ સુધી સાંખ્યમતના અનુયાયી શિષ્યને ધ્યાનમાં રાખી પુદ્ગલદ્રવ્યને પરિણામસ્વભાવી સિદ્ધ કરે છે. ગાથાઓ આ પ્રમાણે છે.

जीवे ण सयं बद्धं ण सयं परिणमदि कम्मभावेण ।
जइ पोग्गलदव्वमिणं अप्परिणामी तदा होदि ॥११६॥

कम्मइयवग्गणासु य अपरिणमंतीसु कम्मभावेण ।
संसारस्स अभावो पसज्जदे संखसमओ वा ॥११७॥

जीवो परिणमायदे पोग्गलदव्वाणि कम्मभावेण ।
ते सयमपरिणमंते कहं णु परिणामयदि चेदा ॥११८॥

अह सयमेव हि परिणमदि कम्मभावेण पोग्गलं दव्वं ।
जीवो परिणामयदे कम्मं कम्मत्तमिदि मिच्छा ॥११९॥

णियमा कम्मपरिणदं कम्मं चिय होदि पोग्गलं दव्वं ।
तह तं णाणावरणाइपरिणदं मुणसु तच्चेव ॥१२०॥

(હરિગીત)

જીવમાં સ્વયં નહિ બદ્ધ, ન સ્વયં કર્મભાવે પરિણમે,
તો એવું પુદ્ગલદ્રવ્ય આ પરિણમનહીન બને અરે ! ૧૧૬

જો વર્ગણા કાર્માણ તણી નહિ કર્મભાવે પરિણમે,
સંસારનો જ અભાવ અથવા સમય સાંખ્ય તણો ઠરે ! ૧૧૭

જો કર્મભાવે પરિણમાવે જીવ પુદ્ગલદ્રવ્યને,
કયમ જીવ તેને પરિણમાવે જે સ્વયં નહિ પરિણમે ? ૧૧૮

સ્વયમેવ પુદ્ગલદ્રવ્ય વળી જો કર્મભાવે પરિણમે,
જીવ પરિણમાવે કર્મને કર્મત્વમાં - મિથ્યા બને. ૧૧૯

પુદ્ગલદરવ જે કર્મપરિણત, નિશ્ચયે કર્મ જ બને;
જ્ઞાનાવરણઈત્યાદિપરિણત, તે જ જાણો તેહને. ૧૨૦[1]

'આ પુદ્ગલદ્રવ્ય જીવમાં પોતાની મેળે નથી બંધાયું અને કર્મભાવે સ્વયં પરિણમિત નથી થયું' જો એમ માનવામાં આવે તો એ પુદ્ગલદ્રવ્ય અપરિણામી સિદ્ધ થાય છે અને કાર્મણવર્ગણાઓ કર્મભાવથી પરિણમિત ન થવાથી સંસારનો અભાવ સિદ્ધ થાય છે અથવા સાંખ્યમતનો પ્રસંગ આવે છે.

જો એમ માનવામાં આવે કે જીવ પુદ્ગલદ્રવ્યોને કર્મભાવે પરિણમાવે છે તો એ પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે સ્વયંથી ન પરિણમતી એવી કાર્મણવર્ગણાઓને ચેતન આત્મા કેમ પરિણમાવી શકે ?

જો એમ માનવામાં આવે કે પુદ્ગલદ્રવ્ય પોતાની મેળે જ કર્મભાવે પરિણમન કરે છે તો જીવ કર્મ (પુદ્ગલદ્રવ્ય)ને કર્મરૂપે પરિણમાવે છે એ કથન મિથ્યા સિદ્ધ થાય છે.

એથી એમ જાણો કે જે પ્રકારે નિયમથી કર્મરૂપ (કર્તાના કાર્યરૂપ) પરિણમતું પુદ્ગલદ્રવ્ય કર્મ જ છે એ જ પ્રકારે જ્ઞાનાવરણાદિરૂપ પરિણમતું પુદ્ગલદ્રવ્ય જ્ઞાનાવરણાદિ જ છે.

ઉપરની ગાથાઓની ઉત્થાનિકામાં આચાર્ય અમૃતચન્દ્ર લખે છે કે હવે સાંખ્યમતાનુયાયી શિષ્યને પુદ્ગલદ્રવ્યનું પરિણામસ્વભાવત્વ સિદ્ધ કરે છે.

---

૧ સમયસાર (ગુજરાતી), પાનું ૧૯૬

અહીં પ્રશ્ન એમ થઈ શકે કે આચાર્ય કુન્દકુન્દનો શિષ્ય હોઈને કોઈ વ્યક્તિ સાંખ્યમતનો અનુયાયી કેવી રીતે થઈ શકે; કારણ કે જે સાંખ્યમતને માનવાવાળો હોય એ જૈનાચાર્યનું શિષ્યત્વ કેવી રીતે સ્વીકાર કરી શકે ?

કોઈ કોઈ વ્યક્તિ જૈનધર્મની આસ્થાવાળી હોવા છતાં પણ નિશ્ચયનયના પક્ષને સાંભળીને એના એકાન્તમાં ચડી જાય છે અને વસ્તુના પરિણમનસ્વભાવની ઉપેક્ષા કરીને એને સર્વથા અપરિણામી જ માનવા લાગે છે. તેઓ પ્રગટરૂપથી તો જૈન જ રહે છે પણ એમની અંદરની માન્યતા સાંખ્યો જેવી થઈ જાય છે. એવા લોકોને જ અહીં સાંખ્યમતના અનુયાયી શિષ્ય કહીને સંબોધિત કર્યા છે.

આ ગાથાઓમાં યુક્તિ સાથે એમ સિદ્ધ કર્યું છે કે પુદ્ગલ દ્રવ્ય સ્વયં પરિણમનશીલ છે, એને પોતાના પરિણમનમાં પરની રંચમાત્ર પણ અપેક્ષા નથી.

આ ગાથાઓનો ભાવ આત્મખ્યાતિમાં આ પ્રમાણે સ્પષ્ટ કર્યો છે :-

''જો પુદ્ગલદ્રવ્ય જીવમાં સ્વયં નહિ બંધાયું થકું પોતાની મેળે કર્મભાવે પરિણમિત ન થાય તો તે અપરિણામી સિદ્ધ થશે. એવું થવાથી સંસારનો અભાવ સિદ્ધ થશે. કારણ એ છે કે કાર્મણવર્ગણાનું કર્મરૂપ થયા વિના જીવ કર્મ રહિત સિદ્ધ થશે. એવી સ્થિતિમાં સંસાર કેવો ? કારણ કે જીવની કર્મબદ્ધ અવસ્થાનું નામ જ તો સંસાર છે.

એનાથી બચવા માટે જો એ તર્ક ઉપસ્થિત કરવામાં આવે કે જીવ પુદ્ગલદ્રવ્યને કર્મભાવે પરિણમાવે છે, એથી સંસારનો અભાવ નહીં થાય. આ તર્ક પર વિચાર કરતાં એ પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે સ્વયં અપરિણમિત પુદ્ગલદ્રવ્યને જીવ કર્મરૂપે પરિણમાવે છે કે સ્વયં પરિણમિત પુદ્ગલદ્રવ્યને?

સ્વયં અપરિણમિત પદાર્થને બીજા વડે પરિણમાવવાનું શક્ય નથી કારણ કે વસ્તુમાં જે શક્તિ પોતાથી જ ન હોય એને અન્ય કોઈ કરી શકે નહિ.

તથા સ્વયં પરિણમતા પદાર્થને બીજા કોઈ પરિણમન કરાવનારની અપેક્ષા હોતી નથી; કારણ કે વસ્તુની શક્તિઓ પરની અપેક્ષા રાખતી નથી.

આ પ્રકારે બંને પક્ષોથી આ વાત સિદ્ધ નથી થતી કે જીવ પુદ્ગલદ્રવ્યને કર્મરૂપે પરિણમાવે છે. તેથી એ જ બરાબર છે કે પુદ્ગલદ્રવ્ય સ્વયં પરિણામસ્વભાવી હોય.

આવી સ્થિતિમાં જે પ્રકારે ઘડારૂપ પરિણમતી માટી જ સ્વયં ઘડો છે. એ પ્રકારે જડસ્વભાવવાળા જ્ઞાનાવરણાદિ કર્મરૂપ પરિણમિત પુદ્ગલદ્રવ્ય જ પોતે જ્ઞાનાવરણાદિ કર્મ છે.

આ પ્રમાણે પુદ્ગલદ્રવ્યનું પરિણામસ્વભાવત્વ સિદ્ધ થયું.''

ઉપરના કથનથી આ વાત અત્યન્ત સ્પષ્ટ થઈ ગઈ કે કાર્મણવર્ગણારૂપ પુદ્ગલદ્રવ્ય પોતાના પરિણમનસ્વભાવના કારણે જ કર્મરૂપ પરિણમિત થાય છે.

આગળના કળશમાં આ જ વાતને સ્પષ્ટ કરવામાં આવી છે જે આ પ્રમાણે છે :-

(उपजाति)

स्थितेत्याविघ्ना खलु पुद्गलस्य स्वभावभूता परिणामशक्तिः ।
तस्यां स्थितायां स करोति भावं यमात्मनस्तस्य स एव कर्ता ॥६४॥

(હરિગીત)

પુદ્ગલદરવમાં સહજ નિજ સૌ પરિણમનની શક્તિ છે,
ને વિઘ્ન એના પરિણમનમાં કોઈ પણ નથી આ રીતે;
કર્તા ઠર્યું પુદ્ગલદરવ તેથી સ્વયંના ભાવનું,
પુદ્ગલ તણા પરિણામનું આ કથન છે પરમાર્થનું ॥૬૪॥

આ પ્રમાણે પુદ્‌ગલદ્રવ્યની સ્વભાવભૂત પરિણમનશક્તિ નિર્વિઘ્ન સિદ્ધ થઈ અને એના સિદ્ધ થવાથી પુદ્‌ગલદ્રવ્ય પોતાના જે ભાવને કરે છે, તેનો તે પુદ્‌ગલદ્રવ્ય જ કર્ત્તા છે.

નાટક સમયસારમાં આ કળશનો ભાવાનુવાદ આ પ્રમાણે કરવામાં આવ્યો છે.

(દોહા)

पुदगल परिनामी दरव, सदा परिनवै सोइ ।
यातैं पुदगल करम कौ, पुदगल करता होइ ।।

આ ગાથાઓની ટીકા લખતી વખતે આચાર્ય જયસેને પણ તાત્પર્યવૃત્તિમાં લગભગ આ જ પ્રકારનો ભાવ વ્યક્ત કર્યો છે. હા, એક વાત જે તાત્પર્યવૃત્તિમાં સહજ જ આવી ગઈ છે, એ વિશેષ ધ્યાન આપવા યોગ્ય છે. એમાં કહ્યું છે કે જ્યારે કોઈ પણ મહત્વપૂર્ણ વાત કહેવામાં આવે તો એનો અર્થ પાંચ પ્રકારથી કરવો જોઈએ. એનો શબ્દાર્થ બતાવવો જોઈએ, એ કયા નયનું કથન છે તે બતાવવું જોઈએ, આ વાત કયા મતના સંદર્ભમાં કહેવામાં આવી છે - એ બતાવવું જોઈએ. એ વાતને સમર્થન આપનારા આગમને પણ પ્રસ્તુત કરવું જરૂરી છે અને એનો ભાવાર્થ શું છે - એ બતાવવું પણ આવશ્યક છે. ધ્યાન રાખવું કે ભાવાર્થમાં હેય અને ઉપાદેયનું વ્યાખ્યાન કરવામાં આવે છે.

જે લોકો અતિ મહત્ત્વપૂર્ણ વાતોમાં પણ આગમ અને નયોની ઉપેક્ષા કરવા માંગે છે અને ભાવાર્થમાં પોતાને જે ગમે તે લખવું એ પોતાનો અધિકાર સમજે છે; એવા લોકોએ આચાર્ય જયસેનના ઉપરના કથન પર ધ્યાન આપવું જોઈએ.

સમયસાર ગાથા - ૧૨૧ થી ૧૨૫

૧૧૬ થી ૧૨૦ ગાથા સુધી પાંચ ગાથાઓમાં જે વાત પુદ્ગલ માટે કહી છે, તે જ વાત આગળની પાંચ ગાથાઓમાં જીવને માટે કહે છે; જે આ પ્રમાણે છે :-

ण सयं बद्धो कम्मे ण सयं परिणमदि कोहमादीहिं।
जइ एस तुज्झ जीवो अप्परिणामी तदा होदि ॥१२१॥

अपरिणमंतम्हि सयं जीवे कोहादिएहिं भावेहिं ।
संसारस्स अभावो पसज्जदे संखसमओ वा ॥१२२॥

पोग्गलकम्मं कोहो जीवं परिणामएदि कोहत्तं ।
तं सयमपरिणमंतं कहं णु परिणामयदि कोहो ॥१२३॥

अह सयमप्पा परिणमदि कोहभावेण एस दे बुद्धी ।
कोहो परिणामयदे जीवं कोहत्तमिदि मिच्छा ॥१२४॥

कोहुवजुत्तो कोहो माणवजुत्तो माणमेवादा ।
माउवजुत्तो माया लोहुवजुत्तो हवदि लोहो ॥१२५॥

(હરિગીત)

કર્મે સ્વયં નહિ બદ્ધ, ન સ્વયં ક્રોધભાવે પરિણમે
તો જીવ આ તુજ મત વિષે પરિણમનહીન બને અરે ! ૧૨૧

ક્રોધાદિભાવે જો સ્વયં નહિ જીવ પોતે પરિણમે,
સંસારનો જ અભાવ અથવા સમય સાંખ્ય તણો ઠરે ! ૧૨૨

જો ક્રોધ-પુદ્ગલકર્મ-જીવને પરિણમાવે ક્રોધમાં,
કયમ ક્રોધ તેને પરિણમાવે જે સ્વયં નહિ પરિણમે ? ૧૨૩

અથવા સ્વયં જીવ ક્રોધભાવે પરિણમે - તુજ બુદ્ધિ છે,
તો ક્રોધ જીવને પરિણમાવે ક્રોધમાં - મિથ્યા બને. ૧૨૪

ક્રોધોપયોગી ક્રોધ, જીવ માનોપયોગી માન છે,
માયોપયુત માયા અને લોભોપયુત લોભ જ બને. ૧૨૫[1]

'આ જીવ કર્મમાં સ્વયં નથી બંધાતો અને ક્રોધાદિભાવમાં સ્વયં જ નથી પરિણમતો' - જો એવો તારો મત છે તો આ જીવદ્રવ્ય અપરિણામી સિદ્ધ થશે. જીવદ્રવ્ય સ્વયં ક્રોધાદિભાવરૂપ ન પરિણમતાં સંસારનો અભાવ સિદ્ધ થાય છે અથવા સાંખ્યમતનો પ્રસંગ આવે છે.

જો એવું માનવામાં આવે કે ક્રોધરૂપ પુદ્ગલકર્મ જીવને ક્રોધરૂપ પરિણમાવે છે તો એ પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે સ્વયં નહીં પરિણમતા જીવને ક્રોધકર્મ, ક્રોધરૂપ કેવી રીતે પરિણમાવી શકે ?

તથા જો એમ માનવામાં આવે કે આત્મા સ્વયં જ ક્રોધભાવરૂપ પરિણમે છે તો પછી - ક્રોધકર્મ જીવને ક્રોધરૂપ પરિણમાવે છે - એ કથન મિથ્યા સિદ્ધ થાય છે.

તેથી એમ માનવું જ ઠીક છે કે ક્રોધમાં ઉપયુક્ત આત્મા ક્રોધ જ છે, માનમાં ઉપયુક્ત આત્મા માન જ છે, માયામાં ઉપયુક્ત આત્મા માયા જ છે અને લોભમાં ઉપયુક્ત આત્મા લોભ જ છે.

ઉક્ત ગાથાઓમાં એ સિદ્ધ કરવામાં આવ્યું છે કે જીવ સ્વયં જ પોતાના પરિણામોનો કર્તા છે. વિશેષ ધ્યાન આપવા યોગ્ય વાત એ છે કે અહીં જીવને ક્રોધાદિ ભાવોનો કર્ત્તા બતાવવામાં આવ્યો છે.

આ ગાથાઓનો ભાવ આત્મખ્યાતિમાં આ પ્રકારે સ્પષ્ટ કરવામાં આવ્યો છે.

---

૧ સમયસાર (ગુજરાતી), પાનું ૧૯૯-૨૦૦

''જો જીવ કર્મમાં સ્વયં ન બંધાતો થકો ક્રોધાદિભાવે સ્વયં જ પરિણમતો ન હોય તો તે ખરેખર અપરિણામી સિદ્ધ થશે અને એમ થતાં સંસારનો અભાવ સિદ્ધ થશે.

એનાથી બચવા માટે જો એ તર્ક ઉપસ્થિત કરવામાં આવે કે ક્રોધાદિરૂપ પુદ્ગલકર્મ જીવને ક્રોધાદિભાવરૂપ પરિણમાવે છે, એ કારણે સંસારનો અભાવ થતો નથી.

આ તર્ક પર વિચાર કરતાં એ પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે ક્રોધાદિરૂપ પુદ્ગલકર્મ સ્વયં ન પરિણમતા જીવને ક્રોધાદિરૂપ પરિણમાવે છે કે સ્વયં પરિણમતા જીવને ?

સ્વયં ન પરિણમતા પદાર્થને બીજા દ્વારા પરિણમાવવું શક્ય નથી કારણ કે વસ્તુમાં જે શક્તિ પોતાની મેળે ન હોય એને બીજું કોઈ કરી શકે નહીં.

તથા સ્વયં પરિણમતા પદાર્થને બીજા પરિણમન કરાવનારની અપેક્ષા હોતી નથી; કારણ કે વસ્તુની શક્તિઓ પરની અપેક્ષા રાખતી નથી.

આ પ્રકારે બંને પક્ષોથી એ વાત સિદ્ધ નથી થતી કે ક્રોધાદિરૂપ પુદ્ગલકર્મ જીવને ક્રોધાદિભાવરૂપ પરિણમાવે છે. તેથી એ જ ઠીક છે કે જીવ પરિણમન સ્વભાવવાળો પોતે જ હોય. આવી સ્થિતિમાં જે રીતે ગરુડના ધ્યાનરૂપ પરિણમિત મંત્રસાધક પોતે જ ગરુડ છે. એ જ રીતે અજ્ઞાનસ્વભાવયુક્ત ક્રોધાદિરૂપ જેનો ઉપયોગ પરિણમ્યો છે એવો જીવ પોતે જ ક્રોધાદિ છે.

આ પ્રકારે જીવનું પરિણામસ્વભાવત્વ સિદ્ધ થયું''

ઉપરના સંપૂર્ણ કથનમાં ન તો ફક્ત એમ કહ્યું છે કે આ આત્મા સ્વયં ક્રોધાદિભાવરૂપ પરિણમે છે, પરંતુ એમ પણ કહ્યું છે કે ક્રોધાદિરૂપે પરિણમેલો આત્મા સ્વયં ક્રોધ જ છે.

અહીં આપને એવું લાગી શકે કે આત્મા ક્રોધ કેવી રીતે થઈ શકે? પણ વાત એમ છે કે જે નયથી અહીં આત્માને ક્રોધાદિનો કર્તા કહેવાઈ રહ્યો છે, એ જ નયથી એને ક્રોધ પણ કહી શકાય છે; કારણ કે એકત્વ, મમત્વ, કર્તૃત્વ અને ભોક્તૃત્વ એક નયના જ વિષય બને છે. તથા જે નયથી આત્માને ક્રોધ કહેવો સંભવ નથી એ જ નયથી તેને ક્રોધાદિનો કર્ત્તા કહેવો પણ સંભવ નથી.

આ રીતે આ ગાથાઓમાં એમ સિદ્ધ થાય છે કે આત્મા પોતાની સ્વભાવિક પરિણામશક્તિના કારણે જ ક્રોધાદિરૂપ પરિણમિત થાય છે, અન્ય દ્રવ્યના કારણે નહીં.

આ જ વાતને આગળના કળશમાં વ્યક્ત કરી છે, જે આ પ્રમાણે છે.

(उपजाति)

स्थितेति जीवस्य निरन्तराया स्वभावभूता परिणामशक्तिः ।
तस्यां स्थितायां स करोति भावं यं स्वस्य तस्यैव भवेत्स कर्ता ॥६५॥

(હરિગીત)

જીવદ્રવ્યમાં જ સ્વભાવભૂત સૌ પરિણમનની શક્તિ છે,
ને વિઘ્ન એના પરિણમનમાં કોઈ પણ નથી આ રીતે;
કર્તા ઠર્યું જીવદ્રવ્ય તેથી જીવના પરિણામનું,
જીવદ્રવ્ય કેરા પરિણમનનું કથન આ પરમાર્થનું ॥૬૫॥

આ પ્રકારે જીવની સ્વભાવભૂત પરિણમનશક્તિ નિર્વિઘ્ન સિદ્ધ થવાથી જીવ પોતાના જે ભાવને કરે છે એ ભાવનો કર્તા થાય છે.

પંડિત શ્રી બનારસીદાસજીએ ઉકત છંદનો ભાવાનુવાદ સમયસારનાટકમાં આ રીતે કર્યો છે.

(दोहा)

जीव चेतना संजुगत सदा पूरण सब ठौर ।
तातैं चेतनभाव कौ करता जीव न और ॥

ज्ञान-दर्शन चेतनाथी युक्त आ जीव हंमेशा सर्वांग परिपूर्ण वस्तु छे. ए कारणे चेतनभावोनो कर्ता जीव ज छे; बीजो कोई नहीं.

आ रीते पाछळनी १० गाथाओ अने बे कळशोमां आ वात अत्यंत स्पष्ट थई गई के पौद्गलिक कर्मोनो कर्ता पुद्गलद्रव्य छे अने चेतनभावोनो कर्ता जीव छे.

प्रश्न - आ ज गाथाओनुं स्पष्टीकरण करतां आचार्य जयसेन तो लखे छे के जीव पोतानी स्वभावभूत परिणामशक्तिने कारणे क्रोधादिभावोनो उपादानकर्त्ता छे. एनो शुं आशय छे ?

उत्तर - ए ज आशय छे के क्रोधादिभावोनो वास्तविक कर्त्ता आत्मा ज छे कारण के उपादानकर्ता ज वास्तविक कर्ता होय छे. क्रोधादिभावोमां द्रव्यकर्मनो उदय तो मात्र निमित्त छे.

प्रश्न - जो एवुं छे तो आचार्य अमृतचंद्रे एम केम लख्युं नथी?

उत्तर - आचार्य अमृतचंद्रे पण घडानी कर्ता माटी अने गरुडनां ध्यानमां परिणत मंत्र साधकनुं उदाहरण आपीने उपादानकर्ता तरफ़ ज संकेत कर्यो छे.

प्रत्येक पदार्थ पोतानी उपादानगत योग्यताने कारणे ज परिणमे छे. पर पदार्थ तो अेना परिणमनमां निमित्तमात्र ज थाय छे. ते अेने परिणमावता नथी. आ ज वात आ गाथाओ अने कळशोमां स्पष्ट करवामां आवी छे. तात्पर्य अे छे के पदार्थोनुं परिणमन अेमनी विकृतिनुं सूचक नथी, परंतु अेमनी स्वभावगत योग्यतानुं परिणाम छे. अेमनी परिणामशक्तिनुं कार्य छे.

जुओ, अहीं टीकामां बे वात बहु साफ़-साफ़ कहेवामां आवी छे.

(१) जे कार्यने करवानी शक्ति पोतामां न होय तेने अन्य द्वारा उत्पन्न करी शकाती नथी.

(૨) પોતાનું કાર્ય કરવામાં શક્તિઓ પરની અપેક્ષા રાખતી નથી.

આ બંને સિદ્ધાન્તોના માધ્યમથી આચાર્ય એ વાત સાફ કરી દેવા માગે છે કે કાર્ય પરિણામશક્તિરૂપ ઉપાદાનથી જ થાય છે.

ઉક્ત સંદર્ભમાં પૂજ્ય ગુરૂદેવના વિચાર આ પ્રમાણે છે :-

"હવે આચાર્યદેવ કહે છે કે જીવ પોતાના જે ભાવોને કરે છે, એનો કર્ત્તા તે પોતે થાય છે. સ્વયં પરિણમન કરતો જીવ પોતાના જે પરિણમોને કરે છે, એ પરિણામોનો કર્ત્તા તે પોતે થાય છે. ચાહે તો એ પરિણામ મિથ્યાત્વ અને રાગ-દ્વેષના હોય અથવા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના હોય; એ પરિણામોને જીવ પોતે કરે છે અને તે પોતે જ પોતાના પરિણામોનો કર્ત્તા છે. પોતાના પરિણમનમાં બીજા કોઈનો હસ્તક્ષેપ નથી, અને બીજા કોઈના પરિણામને તે પોતે પણ કરતો નથી.

અજ્ઞાની અજ્ઞાનભાવથી રાગ-દ્વેષનો કર્ત્તા થાય છે તથા જ્ઞાની જ્ઞાનભાવથી જ્ઞાનનો કર્ત્તા થાય છે. જડ પરમાણુઓનો કે જડકર્મોનો કર્ત્તા જ્ઞાની અને અજ્ઞાની કોઈ નથી. જડકર્મ તો સ્વયં પોતાના સામર્થ્યથી પરિણમન કરે છે તથા જીવ પણ સ્વયં પોતાના સામર્થ્યથી પરિણમે છે.

મિથ્યાત્વના જે ભાવ થાય છે, તે સ્વયં પોતાની યોગ્યતાથી પોતાના કારણે થાય છે, કોઈ કુગુરુના કારણે નહીં. એ જ રીતે સમ્યક્ત્વના પરિણામ પણ પોતાની મેળે સહજ થાય છે, કોઈ સુગુરુના કારણે નહીં. નિમિત્તાદિ પર કારણોથી કોઈમાં કોઈ પણ કાર્ય ક્યારેય થતું નથી.

પોતાની પરિણમન શક્તિથી જ પોતામાં પોતાનું કાર્ય થાય છે. પરથી નહીં. ભાઈ ! જો આ એક સિદ્ધાન્ત જ સારી રીતે યથાર્થ સમજણમાં આવી જાય તો બધું સમાધાન થઈ જાય. આ એવી અદ્‌ભુત વાત છે.

પ્રત્યેક દ્રવ્ય સ્વતંત્ર છે. એક દ્રવ્યની પર્યાય કોઈ અન્ય દ્રવ્ય કરી શકતું નથી. જીવમાં પોતાની નિર્વિઘ્ન પરિણમનશક્તિ છે. તાત્પર્ય એ છે કે જીવની પરિણમનશક્તિ કોઈ અન્ય દ્રવ્યને આશ્રિત નથી. જ્યારે

જીવ નિર્મળ અથવા મલિનભાવથી પરિણમિત થાય છે ત્યારે એની નિર્મળ અથવા મલિન પર્યાય પોતાથી જ થાય છે, પરથી અથવા કર્મથી નહીં; એ જ રીતે જ્યારે કોઈ પણ પરમાણુ પલટે છે તો એ પણ પોતાની પરિણમનશક્તિથી જ પલટે છે, આત્માથી નહીં. પ્રત્યેક પદાર્થમાં અનાદિ-અનંત પરિણમનસ્વભાવ છે; એ કારણે પ્રતિસમય તે પોતાથી જ પરિણમે છે; પરથી નહીં - એવી જ વસ્તુસ્થિતિ છે.''[૧]

આ ગાથાઓ પછી આચાર્ય જયસેનની તાત્પર્યવૃત્તિ ટીકામાં ત્રણ ગાથાઓ આવે છે, જે આત્મખ્યાતિમાં નથી. એ ગાથાઓ મૂળથી આ પ્રમાણે છે.

जो संगं तु मुइत्ता जाणदि उवओगमप्पगं सुद्धं ।
तं णिस्संगं साहुं परमट्ठवियाणया विंति ।।

જે સાધુ બાહ્ય અને અભ્યન્તર પરિગ્રહને છોડીને જ્ઞાનદર્શનસ્વભાવી આત્માને દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મથી રહિત શુદ્ધ જાણે છે, અનુભવ કરે છે, તે નિસંગ સાધુને પરમાર્થને જાણવાવાળા સર્વજ્ઞ પરમાત્મા વા જ્ઞાનીજન જિતમોહ સાધુ કહે છે.

આ ગાથાની ટીકા લખવા ઉપરાંત આચાર્ય જયસેન મોહ પદને બદલાવીને એની જગાએ રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ, કર્મ, નોકર્મ, મન, વચન, કાય, બુદ્ધિ, ઉદય, શુભપરિણામ, અશુભપરિણામ, શ્રોત્ર, ચક્ષુ, ઘ્રાણ, રસના અને સ્પર્શન પદ મૂકીને ૨૦ સૂત્રો બનાવવાનો આદેશ આપે છે. તથા એમ પણ લખે છે કે આ પ્રકારે પોતાના આત્મસ્વભાવથી ભિન્ન અસંખ્યાત લોકપ્રમાણ વિભાવભાવ છે - એમ જાણવું જોઈએ.

जो धम्मं तु मुइत्ता जाणदि उवओगमप्पगं सुद्धं ।
तं धम्मसंगमुक्कं परमट्ठवियाणया विंति ।।

જે યોગીન્દ્ર શુભોપયોગરૂપ ધર્મપરિણામને, પુણ્યને છોડીને

---

૧ પ્રવચનરત્નાકર (હિન્દી), ભાગ-૪, પાનું ૨૪૨-૨૪૩

જ્ઞાનદર્શનસ્વભાવી આત્માનો શુભાશુભ સંકલ્પ વિકલ્પોથી રહિત અનુભવ કરે છે, એમને પરમાર્થના જાણવાવાળા સર્વજ્ઞ ભગવાન અથવા જ્ઞાનીજન વ્યવહાર ધર્મરૂપ પુણ્ય પરિગ્રહથી રહિત સાધુ કહે છે.

ઉક્ત ગાથાઓમાં ઊંડાણથી દૃષ્ટિપાત કરીએ તો નીચેની વાતો વિશેષ ધ્યાનમાં આવે છે:-

(૧) આ ત્રણ ગાથાઓમાં વચ્ચેની ગાથા ૩૨મી ગાથા જેવી જ છે. ફરક એટલો જ છે એમાં સમાગત જિણિતા શબ્દના સ્થાન પર અહીં મુइत्ता શબ્દ આવે છે. જિણિત્તા નો અર્થ જીતીને થાય છે અને મુइत्ता નો અર્થ છોડીને થાય છે.

(૨) આમ તો 'परमट्ठवियाणया विंति'પદ ત્રણે ગાથાઓમાં એક જેવું છે; છતાં તાત્પર્યવૃત્તિમાં પહેલી ગાથામાં એનો અર્થ ગણધરદેવ, બીજી ગાથામાં તીર્થંકરદેવ અને ત્રીજી ગાથામાં પ્રત્યક્ષજ્ઞાની કરેલો છે.

સમ્યગ્દૃષ્ટિ જ્ઞાનીથી લઈને સર્વજ્ઞ પરમાત્મા સુધીના બધા જીવો પરમાર્થના જ્ઞાતા છે; તેથી મેં એનો અર્થ તીર્થંકરદેવ અથવા જ્ઞાનીજન કર્યો છે.

(૩) ત્રીજી ગાથા ૩૭મી ગાથાને મળતી છે; છતાં પણ ૩૭મી ગાથામાં 'धम्म' શબ્દનો પ્રયોગ ધર્મદ્રવ્યના અર્થમાં છે અને અહીં પુણ્યભાવના અર્થમાં 'धम्म' શબ્દનો પ્રયોગ છે.

(૪) પહેલી ગાથામાં 'શુદ્ધ' શબ્દનો અર્થ દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મથી રહિત કર્યો અને ત્રીજી ગાથામાં શુભાશુભ સંકલ્પ-વિકલ્પોથી રહિત કર્યો છે. એનું કારણ એમ પ્રતીત થાય છે કે પહેલી ગાથામાં સંગ (પરિગ્રહ) ને છોડવાની વાત છે અને ત્રીજી ગાથામાં પુણ્યભાવને છોડવાની વાત છે. સંગમાં બાહ્ય પદાર્થ અને રાગાદિવિકાર-બધાં આવી જાય છે તથા દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મમાં પણ બાહ્ય પરિગ્રહ તથા રાગાદિ ભાવરૂપ અંતરંગ પરિગ્રહ - એ બધાં આવી જાય છે.

(૫) ૧૨૫મી ગાથામાં એમ કહ્યું હતું કે ક્રોધમાં ઉપયુક્ત આત્મા ક્રોધ છે, માનમાં ઉપયુક્ત આત્મા માન છે, માયામાં ઉપયુક્ત આત્મા માયા છે અને લોભમાં ઉપયુક્ત લોભ છે.

૧૨૬મી ગાથામાં એમ કહેવાના છે કે જે આત્મા જે ભાવને કરે છે, એ ભાવનો કર્ત્તા થાય છે અને જ્ઞાનીના સર્વ ભાવ જ્ઞાનમય હોય છે તથા અજ્ઞાનીના અજ્ઞાનમય.

૧૨૫મી ગાથામાં ક્રોધાદિરૂપ અજ્ઞાનમયભાવની વાત તો આવી ગઈ હતી પણ જ્ઞાનમયભાવોની વાત આવી ન હતી. તેથી આગળની ત્રણ ગાથાઓમાં જ્ઞાનમય ભાવોની ચર્ચા કરેલી છે.

જ્ઞાન-ગોષ્ઠી

પ્રશ્ન:- જો કર્મ આત્માને વિકાર ન કરાવતાં હોય તો, આત્મામાં વિકાર થાય છે તેનું કારણ કોણ છે ? સમ્યગ્દષ્ટિ જીવોને તો વિકાર કરવાની ભાવના હોતી નથી છતાં તેમને વિકાર તો થાય છે, માટે કર્મ વિકાર કરાવે છે ને ?

ઉત્તર:- કર્મ આત્માને વિકાર કરાવે એ વાત ખોટી છે. આત્માને પોતાની પર્યાયના દોષથી જ વિકાર થાય છે; કર્મ વિકાર કરાવતું નથી પણ આત્માની પર્યાયની તેવી યોગ્યતા છે. સમ્યગ્દષ્ટિને રાગ-દ્વેષ કરવાની ભાવના નથી છતાં રાગદ્વેષ થાય છે તેનું કારણ ચારિત્રગુણની તેની પર્યાયની લાયકાત છે. રાગ-દ્વેષની ભાવના તે તો શ્રદ્ધાગુણની પર્યાય છે અને રાગદ્વેષ થાય છે તે ચારિત્રગુણની પર્યાય છે. પુરુષાર્થની નબળાઈથી રાગ-દ્વેષ થાય છે એમ કહેવું તે પણ નિમિત્તથી કથન છે. ખરેખર તો ચારિત્રગુણની જ તે તે સમયની યોગ્યતાને લીધે જ રાગદ્વેષ થાય છે.

- આત્મધર્મ અંક ૪૭, ભાદ્રપદ ૨૪૭૩, પૃષ્ઠ ૨૫૧

સમયસાર ગાથા - ૧૨૬-૧૨૭

૬૫મા કળશ પછી તરત આવતી ૧૨૬મી ગાથાની ઉત્થાનિકા આત્મખ્યાતિમાં ફક્ત 'તથાહિ' શબ્દના રૂપમાં જ આપવામાં આવી છે. 'તથાહિ' શબ્દનો આશય જ એ છે કે જે વાત હમણાં-હમણાં કહેવામાં આવી છે, હવે એને જ વિસ્તારથી સમજાવે છે. એનો આશય એ જ છે કે ૬૫મા કળશમાં સમાયેલ ભાવને જ આગળની ગાથાઓમાં વિસ્તારથી સ્પષ્ટ કરવામાં આવશે.

૬૫મા કળશમાં એમ કહેવામાં આવ્યું છે કે જીવ પોતાની સ્વભાવભૂત પરિણામશક્તિના કારણે જે જે ભાવરૂપે પરિણમિત થાય છે, તે તે ભાવોનો તે કર્તા થાય છે. તેથી હવે આગળની ગાથાઓમાં તે જ ભાવને સ્પષ્ટ કરી રહ્યા છે.

जं कुणदि भावमादा कत्ता सो होदि तस्स कम्मस्स ।
णाणिस्स स णाणमओ अण्णाणमओ अणाणिस्स ॥१२६॥

अण्णाणमओ भावो अणाणिणो कुणदि तेण कम्माणि ।
णाणमयो णाणिस्स दु ण कुणदि तम्हा दु कम्माणि ॥१२७॥

(હરિગીત)

જે ભાવને આત્મા કરે, કર્તા બને તે કર્મનો;
તે જ્ઞાનમય છે જ્ઞાનીનો, અજ્ઞાનમય અજ્ઞાનીનો. ૧૨૬

અજ્ઞાનમય અજ્ઞાનીનો, તેથી કરે તે કર્મને;
પણ જ્ઞાનમય છે જ્ઞાનીનો, તેથી કરે નહિ કર્મને. ૧૨૭[1]

---

૧ સમયસાર (ગુજરાતી), પાનું ૨૦૨

આત્મા જે ભાવને કરે છે, તે ભાવરૂપ કર્મનો એ કર્તા થાય છે. જ્ઞાનીના તે ભાવ જ્ઞાનમય હોય છે અને અજ્ઞાનીના અજ્ઞાનમય. અજ્ઞાનીના ભાવ અજ્ઞાનમય હોવાથી અજ્ઞાની કર્મોને કરે છે અને જ્ઞાનીના ભાવ જ્ઞાનમય હોવાથી જ્ઞાની કર્મોને કરતો નથી.

આ ગાથાઓનો ભાવ આત્મખ્યાતિમાં આ પ્રમાણે સ્પષ્ટ કર્યો છે.

''આ રીતે આ આત્મા પોતે જ પરિણામ સ્વભાવવાળો છે અને પોતાના જે ભાવને કરે છે, કર્મપણાને પામેલા તે ભાવનો કર્તા થાય છે. તાત્પર્ય એ છે કે તે ભાવ આત્માનું કર્મ છે અને આત્મા તે ભાવનો કર્તા છે. તે ભાવ પણ જ્ઞાનીનો જ્ઞાનમય જ હોય છે; કારણ કે જ્ઞાનીને સ્વપરના વિવેકથી, સર્વ પરભાવોથી ભિન્ન આત્માની ખ્યાતિ સમ્યક્પ્રકારે અત્યંત ઉદય પામી છે અને તે ભાવ અજ્ઞાનીને તો અજ્ઞાનમય જ છે કારણ કે તેને સમ્યક્ પ્રકારે સ્વપરનો વિવેક નહિ હોવાને લીધે પરપદાર્થોથી ભિન્ન આત્માની ખ્યાતિ અત્યંત અસ્ત થઈ ગઈ છે.

અજ્ઞાનીને, સમ્યક્ પ્રકારે સ્વપરનો વિવેક નહિ હોવાને લીધે ભિન્ન આત્માની ખ્યાતિ અત્યંત અસ્ત થઈ ગઈ હોવાથી, અજ્ઞાનમય ભાવ જ હોય છે; આવી સ્થિતિમાં સ્વપરના એકત્વના અભ્યાસને લીધે જ્ઞાનમાત્ર ભાવથી ભ્રષ્ટ અને રાગ-દ્વેષ સાથે એકાકાર થઈને જેને અહંકાર પ્રવર્ત્યો છે એવો પોતે 'હું રાગી છું, દ્વેષી છું, હું રાગ-દ્વેષ કરું છું' એમ માનતો થકો અજ્ઞાની રાગી-દ્વેષી થાય છે, અજ્ઞાનમય ભાવને કારણે પોતાને રાગ-દ્વેષરૂપ કરતો થકો કર્મોને કરે છે.

જ્ઞાનીને તો સમ્યક્પ્રકારે સ્વપરના વિવેક વડે પરથી ભિન્ન આત્માની ખ્યાતિ અત્યંત ઉદય પામી હોવાથી, જ્ઞાનમય ભાવ જ હોય છે. એવી સ્થિતિમાં સ્વપરના ભિન્નત્વના વિજ્ઞાનને લીધે જ્ઞાનમાત્ર એવા પોતાના ભાવમાં સારી રીતે રહેલો, પરરૂપ રાગ-દ્વેષાદિ ભાવોથી ભિન્નપણાને લીધે અહંકારથી નિવૃત્ત થયેલો જ્ઞાની કેવળ જાણે જ છે, રાગી-દ્વેષી થતો

નથી. રાગ-દ્વેષ કરતો નથી. આ રીતે જ્ઞાનમય ભાવને લીધે જ્ઞાની પોતાને રાગદ્વેષરૂપ નહિ કરતો થકો કર્મોને કરતો નથી.''

આ ગાથાઓનો ભાવ સ્પષ્ટ કરતાં ભાવાર્થમાં પંડિત જયચંદજી છાબડા લખે છે કે - ''જ્ઞાનીને સ્વપરનું ભેદજ્ઞાન થયું છે; તેથી એને પોતાના જ્ઞાનમયભાવનું જ કર્તૃત્વ છે અને અજ્ઞાનીને સ્વપરનું ભેદજ્ઞાન નથી; તેથી તેને અજ્ઞાનમય ભાવનું જ કર્તૃત્વ છે.

આ આત્માને ક્રોધાદિક મોહનીય કર્મની પ્રકૃતિનો (અર્થાત્ રાગદ્વેષનો) ઉદય આવતાં, પોતાના ઉપયોગમાં તેનો રાગદ્વેષરૂપ મલિન સ્વાદ આવે છે. અજ્ઞાનીને સ્વપરનું ભેદવિજ્ઞાન નહિ હોવાથી તે એમ માને છે કે 'આ રાગદ્વેષરૂપ મલિન ઉપયોગ છે તે મારૂં સ્વરૂપ છે - તે જ હું છું' આમ રાગદ્વેષમાં અહંબુદ્ધિ કરતો અજ્ઞાની પોતાને રાગીદ્વેષી કરે છે; તેથી તે કર્મોને કરે છે. આ પ્રમાણે અજ્ઞાનમય ભાવથી કર્મબંધ થાય છે.

જ્ઞાનીને ભેદજ્ઞાન હોવાથી તે એમ જાણે છે કે 'જ્ઞાનભાવ શુદ્ધ ઉપયોગ છે, એ જ મારૂં સ્વરૂપ છે - એ જ હું છું; રાગ-દ્વેષ કર્મોનો રસ છે, એ મારૂં સ્વરૂપ નથી' આ રીતે રાગ-દ્વેષમાં અહંબુદ્ધિ ન કરતો થકો જ્ઞાની પોતાને રાગી-દ્વેષી કરતો નથી, ફક્ત જ્ઞાતા જ રહે છે, તેથી તે કર્મોને કરતો નથી. આ રીતે જ્ઞાનમયભાવથી કર્મબંધ થતો નથી.''

ઉક્ત સંદર્ભમાં પૂજ્ય ગુરુદેવના વિચાર પણ જાણવા જેવા છે, જે આ પ્રમાણે છે -

''જ્ઞાનીના પરિણામ જ્ઞાનમય છે, એનો અર્થ પણ એ જ છે કે જ્ઞાનીના પરિણામ વીતરાગતામય છે. એની દૃષ્ટિ વીતરાગી થઈ છે, જ્ઞાન વીતરાગી થયું છે અને આચરણ પણ વીતરાગી થયું છે. જ્ઞાનીના બધા ભાવો વીતરાગી છે, આ કારણથી જ્ઞાની વીતરાગભાવનો જ કર્તા છે અને વીતરાગભાવ એનું કર્મ છે.[૧]

---

૧ પ્રવચનરત્નાકર (હિંદી), ભાગ-૪, પાનું ૨૫૦

પરંતુ જે વ્યવહારરત્નત્રયનો રાગ થાય છે, જ્ઞાની એનો કર્તા નથી. જ્ઞાનીના બધા ભાવ જ્ઞાનમય જ હોય છે. વ્યવહારરત્નત્રયનો જે રાગ થાય છે, એને જ્ઞાની માત્ર જાણે છે, પણ તે રાગ જ્ઞાનીનું કાર્ય નથી.[૧]

પ્રશ્ન - જ્ઞાનીને ભૂમિકાનુસાર રાગ તો થાય છે ને ?

ઉત્તર - હા, દેવ-ગુરૂ-શાસ્ત્રની ભક્તિ, પૂજા, વ્રત, દાનાદિનો રાગ જ્ઞાનીને ભૂમિકાનુસાર આવે છે, પરંતુ જ્ઞાનભાવે પરિણમેલા જ્ઞાનીના જ્ઞાન પરિણમનથી તે રાગ જુદો રહી જાય છે. 'પોતાનું ચૈતન્યસ્વરૂપ રાગથી ભિન્ન છે' - એવું ભેદજ્ઞાન પ્રગટ થઈ જવાથી જ્ઞાનીને જે શુભાશુભ રાગ આવે છે, તે એનો જ્ઞાતા રહે છે, કર્તા થતો નથી. જ્ઞાનીને રાગની રુચિ અને એનું સ્વામિત્વ નથી. રાગના સ્વામીપણે ન પરિણમતો જ્ઞાની માત્ર પોતાના શુદ્ધ પરિણામનો જ કર્તા થાય છે. જ્ઞાનીના ભાવ જ્ઞાનમય જ હોય છે, રાગ જ્ઞાનીનું કર્તવ્ય (કાર્ય) નથી.[૨]

ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યઘન અનંતગુણમય પવિત્રધામ પ્રભુ પોતે 'સ્વ' છે અને જે દયા-દાન, ભક્તિ આદિના વિકલ્પ ઉઠે, તે 'પર' છે. અજ્ઞાનીને એવું નિર્મળ ભેદજ્ઞાન હોતું નથી. સ્વપરનું ભેદજ્ઞાન ન હોવાથી તે અજ્ઞાનમય ભાવોનો જ કર્તા થાય છે, અર્થાત્ દયા, દાન, વ્રત, ભક્તિ આદિના જે વિકલ્પ ઉઠે છે, તેનો તે કર્તા થાય છે.''[૩]

આ રીતે આ ગાથાઓમાં એ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે જ્ઞાની આત્મા પોતાના જ્ઞાનમય ભાવોનો જ કર્તા થાય છે અને અજ્ઞાની અજ્ઞાનમય ભાવોનો જ કર્તા થાય છે.

આ ગાથાઓ પછી જે કળશ આવે છે, તેમાં એ પ્રશ્ન ઉઠાવ્યો છે કે અજ્ઞાની અજ્ઞાનભાવોનો જ અને જ્ઞાની આત્મા જ્ઞાનભાવોનો જ કર્તા કેમ થાય છે ? આ પ્રશ્નનો ઉત્તર આગળની ગાથાઓમાં આપવામાં આવશે. તે કળશ મૂળ આ પ્રમાણે છે -

---

૧ પ્રવચનરત્નાકર (હિંદી), ભાગ-૪, પાનું ૨૫૦
૨ પ્રવચનરત્નાકર (હિંદી), ભાગ-૪, પાનું ૨૫૪
૩ પ્રવચનરત્નાકર (હિંદી), ભાગ-૪, પાનું ૨૫૪

(आर्या)

ज्ञानमय एव भावः कुतो भवेत् ज्ञानिनो न पुनरन्यः ।
अज्ञानमयः सर्वः कुतोऽयमज्ञानिनो नान्यः ॥६६॥

(દોહરા)

જ્ઞાનીના ક્યમ ભાવ બસ જ્ઞાનમય જ સૌ હોય ?
વળી એના કો ભાવ કાં જ્ઞાનરહિત નહિ હોય ?
અજ્ઞાનીના ભાવ સૌ અજ્ઞાનમય જ હોય;
વળી એના કો ભાવ કાં જ્ઞાનસહિત નહિ હોય ? ૬૬.

અહીં પ્રશ્ન એ છે કે જ્ઞાનીના જ્ઞાનમયભાવ જ કેમ હોય છે, એને અજ્ઞાનમયભાવ કેમ હોતા નથી ? એ રીતે અજ્ઞાનીના બધા ભાવ અજ્ઞાનમય કેમ થાય છે, તેને જ્ઞાનમયભાવ કેમ હોતા નથી ?

કળશના અર્થ પર વિચાર કરીએ છીએ તો એવું લાગે છે કે આ પ્રશ્નમાં શું દમ છે કે જ્ઞાનીના ભાવ જ્ઞાનમય અને અજ્ઞાનીના ભાવ અજ્ઞાનમય કેમ હોય છે ? પણ ઊંડાણમાં જઈએ તો એ ભાવભાસિત થાય છે કે દયા-દાન-ભક્તિ આદિના શુભભાવ તથા વિષય-ભોગાદિના અશુભભાવ જો જ્ઞાનીના હોય તો એમને જ્ઞાનમયભાવ કહેવા અને એ જ ભાવ જો અજ્ઞાનીના હોય તો એ જ ભાવોને અજ્ઞાનમય કહેવા ક્યાં સુધી ઉચિત છે ? અજ્ઞાનીના ઉક્ત ભાવોને અજ્ઞાનમય કહીને બંધના કારણ બતાવવા અને જ્ઞાનીના ઉક્ત ભાવોને જ જ્ઞાનમય કહીને તે બંધના કારણ નથી - એમ કહેવું એ શું ન્યાયસંગત છે ? વાસ્તવિક પ્રશ્ન આ છે.

પાંડે રાજમલજીએ કળશ ટીકામાં આ કળશનો અર્થ કરતાં આ પ્રમાણે સંકેત કર્યા છે. એ જ કારણ છે કે બનારસીદાસજીએ આ કળશનો ભાવાનુવાદ આ પ્રમાણે કર્યો છે.

(अडिल्ल छन्द)

ग्यानवंत कौ भोग निरजरा हेतु है,
अग्यानी कौ भोग बंधफल देतु है ॥
यह अचरज की बात हिये नहिं आवही,
पूछै कोऊ सिष्य गुरू समझावही ॥

'જ્ઞાનીના ભોગ તો નિર્જરાનું કારણ છે અને અજ્ઞાનીને માટે એ જ ભોગ બંધનું કારણ છે' – આ વાત તો આશ્ચર્ય ઉત્પન્ન થાય એવી છે. આ વાત મારા હૃદયમાં બેસતી નથી, એમાં મને અન્યાય જણાય છે; કારણ કે જે ભાવ અજ્ઞાનીને માટે બંધનું કારણ છે, એ જ ભાવ જ્ઞાનીને માટે નિર્જરાનું કારણ કેમ થઈ શકે ?

શિષ્યનો આ પ્રમાણેનો પ્રશ્ન ઉપસ્થિત થવાથી ગુરુજી એને સમજાવે છે.

આ પ્રશ્નનો ઉત્તર આગળની ગાથાઓમાં અપાઈ રહ્યો છે.

જ્ઞાનગોષ્ઠી

પ્રશ્ન:- ધારણાજ્ઞાનથી આગળ વધાતું નથી તો કોના બળે આગળ વધાય છે?

ઉત્તર:- દ્રવ્યના બળે આગળ વધાય છે. જ્ઞાયકભાવ, ચૈતન્યભાવ, દ્રવ્યભાવ એના તરફ પહેલાં જોર જવું જોઈએ.

– આત્મધર્મ અંક ૪૪૯, માર્ચ ૧૯૮૧, પૃષ્ઠ ૨૧

---

૧ પ્રવચનરત્નાકર (હિન્દી), ભાગ-૪, પાનું ૨૪૨-૨૪૩

સમયસાર ગાથા - ૧૨૮ થી ૧૨૯

णाणमया भावाओ णाणमओ चेव जायदे भावो ।
जम्हा तम्हा णाणिस्स सव्वे भावा हु णाणमया ॥१२८॥

अण्णाणमया भावा अण्णाणो चेव जायदे भावो ।
जम्हा तम्हा भावा अण्णाणमया अणाणिस्स ॥१२९॥

(હરિગીત)

વળી જ્ઞાનમય કો ભાવમાંથી જ્ઞાનભાવ જ ઊપજે,
તે કારણે જ્ઞાની તણા સૌ ભાવ જ્ઞાનમયી ખરે. ૧૨૮

અજ્ઞાનમય કો ભાવથી અજ્ઞાનભાવ જ ઊપજે,
તે કારણે અજ્ઞાનીના અજ્ઞાનમય ભાવો બને. ૧૨૯[1]

કારણ કે જ્ઞાનમય ભાવમાંથી જ્ઞાનમય ભાવ જ ઉત્પન્ન થાય છે; એટલે જ્ઞાનીના બધા ભાવો જ્ઞાનમય જ હોય છે.

કારણ કે અજ્ઞાનમય ભાવમાંથી અજ્ઞાનમય ભાવ જ ઉત્પન્ન થાય છે; એટલે અજ્ઞાનીના બધા ભાવ અજ્ઞાનમય જ હોય છે.

આ ગાથાઓનો ભાવ આત્મખ્યાતિમાં આ પ્રમાણે વ્યક્ત કર્યો છે -

"ખરેખર અજ્ઞાનમય ભાવમાંથી જે કોઈ પણ ભાવ થાય છે તે સઘળાય અજ્ઞાનમયતાને નહિ ઉલ્લંઘતા થકા અજ્ઞાનમય જ હોય છે; તેથી અજ્ઞાનીના બધાય ભાવો અજ્ઞાનમય જ હોય છે અને જ્ઞાનમય ભાવમાંથી જે કોઈપણ ભાવ થાય છે તે સઘળાય જ્ઞાનમયતાને નહિ ઉલ્લંઘતા થકા જ્ઞાનમય જ હોય છે તેથી જ્ઞાનીના બધાય ભાવો જ્ઞાનમય હોય છે."

---

૧ સમયસાર (ગુજરાતી), પાનું ૨૦૭

આચાર્ય જયસેન તાત્પર્યવૃત્તિમાં 'ઉપાદાનકારણને અનુસરીને જ કાર્ય થાય છે' એ આગમના વાક્યને યાદ અપાવતાં એ સમજાવે છે કે જ્ઞાનમયભાવોમાંથી જ્ઞાનમયભાવ જ ઉત્પન્ન થાય છે, નિશ્ચયરત્નરૂપ જ્ઞાનભાવોથી મોક્ષપર્યાયરૂપ જ્ઞાનભાવ જ ઉત્પન્ન થાય છે તથા 'જવના બીજ વાવવાથી જે રીતે બાસમતી ચોખા ઉત્પન્ન થતા નથી' - આ ઉદાહરણથી પણ તે પોતાની વાતને પુષ્ટ કરતાં કહે છે કે અજ્ઞાનમયભાવોથી જ્ઞાનમય ભાવ ઉત્પન્ન થઈ ન શકે.

આ ગાથાઓની ટીકા પછી આચાર્ય અમૃતચંદ્ર જે છંદ (કળશ) લખે છે, એમાં પણ આ જ ભાવને દોહરાવ્યો છે, આ જ ભાવની પુષ્ટિ કરવામાં આવી છે. તે છંદ આ પ્રમાણે છે.

(अनुष्टुप्)

ज्ञानिनो ज्ञाननिर्वृत्ताः सर्वे भावा भवन्ति हि ।
सर्वेऽप्यज्ञाननिर्वृत्ता भवन्त्यज्ञानिनस्तु ते ॥६७॥

(હરિગીત)

અજ્ઞાનીના સૌ ભાવ તો અજ્ઞાનમાંથી જ નીપજે,
ને જ્ઞાનીના સૌ ભાવ તો સદ્જ્ઞાનમાંથી જ નીપજે. ૬૭

જ્ઞાનીના સઘળાય ભાવો જ્ઞાનથી રચેલા હોય છે અને અજ્ઞાનીના બધા ભાવ અજ્ઞાનથી રચિત હોય છે.

આ ગાથાઓ અને આ કળશનો ભાવ એ છે કે ચોથાદિ ગુણસ્થાનવર્તી જ્ઞાની જીવોનું ચારિત્રની કમજોરીથી જે ભૂમિકાનુસાર રાગાદિભાવોનું પરિણમન જોવામાં આવે છે, કારણ કે જ્ઞાની જીવને તે રાગાદિ હોવા છતાં પણ અનંતસંસારને (ઉત્પન્ન) કરનાર મિથ્યાત્વાદિનો બંધ થતો નથી. ચારિત્રમોહોદય સંબંધી જે પણ બંધ થાય છે, તે અતિ અલ્પ હોય છે, અનંત સંસારનું કારણ હોતું નથી. આ કારણથી તેને અહીં બંધમાં ગણતા જ નથી.

આ વાતોનું ઘણું બધું સ્પષ્ટીકરણ પાંડે રાજમલજીએ કળશટીકામાં આ કળશના ભાવાર્થમાં લખ્યું છે જે આ પ્રમાણે છે -

"ભાવાર્થ આ રીતે છે કે સમ્યગ્દષ્ટિ જીવની અને મિથ્યાદષ્ટિ જીવની ક્રિયા તો એક સમાન છે, ક્રિયાસંબંધી વિષય-કષાય પણ સરખા છે, પરંતુ દ્રવ્યનો પરિણમન ભેદ છે.

વિવરણ - સમ્યગ્દષ્ટિનું દ્રવ્ય શુદ્ધત્વરૂપે પરિણમ્યું છે, એટલે જે કોઈ પરિણામ બુદ્ધિપૂર્વક અનુભવરૂપ છે અથવા વિચારરૂપ છે અથવા વ્રત-ક્રિયારૂપ છે અથવા ભોગાભિલાષરૂપ છે અથવા ચારિત્રમોહના ઉદય ક્રોધ, માન, માયા, લોભરૂપ છે, એ બધા પરિણામને જ્ઞાનજાતિમાં ઘટાવી શકાય છે; કારણ કે જે કોઈ પરિણામ છે, તે સંવર-નિર્જરાનું કારણ છે, એવું જ કોઈ વિશેષ દ્રવ્યપરિણમન છે.

મિથ્યાદષ્ટિનું દ્રવ્ય અશુદ્ધરૂપે પરિણમેલું છે; તેથી મિથ્યાદષ્ટિના પરિણામ અનુભવરૂપ તો હોતા જ નથી. આ કારણથી સૂત્રસિદ્ધાન્તના પાઠરૂપ છે અથવા વ્રત-તપાચરણરૂપ છે અથવા દાન, પૂજા, દયા, શીલરૂપ છે અથવા ભોગાભિલાષરૂપ છે અથવા ક્રોધ, માન, માયા, લોભરૂપ છે .. એમ સઘળાય પરિણામ અજ્ઞાનજાતિનાં છે. કારણ કે બંધના કારણ છે, સંવર-નિર્જરાના કારણ નથી.

દ્રવ્યનું એવું જ વિશેષ પરિણમન છે"

ઉક્ત કથનમાં પાંડે રાજમલજી જ્ઞાનીના ક્રોધાદિભાવો અને ભોગાભિલાષા ને પણ જ્ઞાનભાવમાં ઘટાવી રહ્યા છે અને અજ્ઞાનીના વ્રત-તપાચરણ અને દાન-પૂજાદિભાવોને અજ્ઞાનભાવોમાં ઘટાવી રહ્યા છે.

પાંડે રાજમલજીના ઉક્ત કથનને આધાર બનાવીને પંડિત કવિવર બનારસીદાસજીએ આ છંદનો ભાવાનુવાદ આ પ્રમાણે કર્યો છે -

(सवैया इकतीसा)

दया-दान-पूजादिक विषय-कषायादिक,
दोऊ कर्मबंध पै दुहू कौ एक खेतु है ।
ग्यानी मूढ़ करम करत दीसे एक से पै,
परिणामभेद न्यारौ-न्यारौ फलदेतु है ॥

ग्यानबंत करनी करै पै उदासीन रूप,
ममता न धरै तातैं निरजरा कौ हेतु है ।
वहै करतूति मूढ़ करै पै मगनरूप,
अंध भयो ममता सौ बंधफल लेतु है ॥

દયાદાન અને પૂજા આદિ પુણ્યભાવ તથા વિષય-કષાયાદિક પાપભાવ-બંને જ ભાવ કર્મબંધરૂપ છે, કર્મનો બંધ કરનાર છે અને બંને ભાવોની ઉત્પત્તિનું સ્થાન પણ એક આત્મા જ છે. જો કે જ્ઞાની અને અજ્ઞાની બંને બે પ્રકારના કર્મોને કરતા થકા સરખા જ દેખાય છે, છતાં બંનેના પરિણામોમાં ફરક હોવાથી ફળમાં પણ ફરક પડી જાય છે. જ્ઞાની જીવ પુણ્ય-પાપના ભાવોને કરે તો છે પણ એમાં તેમનો ભાવ ઉદાસીન રહે છે. તેઓ એમાં મમત્વ ધારણ કરતા નથી, આ કારણથી એમના તે કાર્ય બંધના કારણ ન બનીને નિર્જરાનું કારણ બની જાય છે; પરંતુ અજ્ઞાની મગ્ન થઈને તે જ કાર્ય કરે છે, આંધળા બનીને તેમાં મમત્વ કરે છે; એ કારણથી બંધને પ્રાપ્ત થાય છે.

આ રીતે આ ગાથાઓમાં અને કળશમાં એ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે જ્ઞાનીને મિથ્યાત્વ અને અનંતાનુબંધી સંબંધી રાગાદિભાવ તો છે જ નહીં; પરંતુ અપ્રત્યાખ્યાનાવરણાદિ સંબંધી જે પણ રાગાદિભાવ વિદ્યમાન છે; અને જ્ઞાની એ રૂપ પરિણમે છે છતાં એનું સ્વામિત્વ તેને નથી, એનું કર્તૃત્વ પણ નથી, તે કારણથી એને તે સંબંધી બંધ પણ થતો નથી.

આ સંબંધમાં પૂજ્ય ગુરુદેવના વિચાર પણ જાણવા જેવા છે.

''અજ્ઞાનીને શુભાશુભભાવોમાં એકત્વબુદ્ધિ છે. તે કારણથી એના વ્રત-તપાદિના ભાવ પણ અજ્ઞાનમય જ છે, જ્યારે જ્ઞાનીને રાગથી ભિન્ન નિર્મળાનંદસ્વરૂપ પોતાના ચૈતન્યમય ભગવાન આત્માનું ભાન થઈ ગયું છે. તેથી એને જે રાગાદિભાવ થાય છે, એમને તે માત્ર જાણે જ છે. એનો કર્તા થતો નથી.

જ્ઞાની એ રાગ સંબંધી જ્ઞાનનો કર્તા તો છે, પરંતુ એ રાગભાવનો કર્તા નથી. જ્ઞાનીના બધા ભાવ જ્ઞાનની જાતિનું ઉલ્લંઘન કરતા નથી, તેથી એના બધા ભાવ જ્ઞાનમય જ છે; પરંતુ અજ્ઞાની જે વ્રત, તપાદિના ભાવ કરે છે, તે એ (અજ્ઞાનમય) ભાવોનું ઉલ્લંઘન નહીં કરી શકવાથી એમના બધા ભાવ અજ્ઞાનમય જ હોય છે.

'જેવી દૃષ્ટિ, તેવી સૃષ્ટિ' એટલે કે અજ્ઞાનીની દૃષ્ટિ રાગ પર જ છે, તેથી એની સૃષ્ટિ રાગમય પરિણામની હોય છે. ધર્મીજીવની દૃષ્ટિ રાગથી ભિન્ન પોતાના ચૈતન્યસ્વભાવ પર છે. તેથી એની સૃષ્ટિ જ્ઞાનમય પરિણામવાળી હોય છે.

અજ્ઞાનીને વ્રત, તપ, સંયમ, ઉપવાસ, બ્રહ્મચર્ય આદિના જે ભાવ હોય છે, તે રાગમય છે; કારણ કે એમાં તેની એકત્વબુદ્ધિ છે. તેથી અજ્ઞાનીના ભાવ અજ્ઞાનમય છે. આ રીતે જ્ઞાની અને અજ્ઞાનીના પરિણમનમાં જમીન આસ્માનનો ફરક છે.''[૧]

આ રીતે પાછળના કળશમાં જે પ્રશ્ન ઉપસ્થિત કર્યો હતો; એનો ઉત્તર આ કળશમાં આપવામાં આવ્યો. આગલા કળશમાં કહ્યું હતું કે જ્ઞાનવંતના ભોગ નિર્જરાનું કારણ છે. અને અજ્ઞાનીને તે જ ભોગ બંધ કરાવે છે. એનું શું કારણ છે ? આ કળશમાં આ પ્રશ્નનાં ઉત્તરમાં કહેવામાં આવ્યું છે કે અજ્ઞાનીને એ ભોગોમાં એકત્વ, મમત્વ, અને કર્તૃત્વ છે,

---

૧ પ્રવચનરત્નાકર (હિંદી), ભાગ-૪, પાનું ૨૬૬-૨૬૭

આ કારણથી અજ્ઞાનીને બંધ થાય છે. અને જ્ઞાનીનું એમાં એકત્વ, મમત્વ અને કર્તૃત્વ નથી; આ કારણે જ્ઞાનીને એનો બંધ થતો નથી.

આ બધાનો તાળો મેળવીને તાત્પર્ય એ છે કે બંધનું મૂળ કારણ શુભાશુભક્રિયા નથી. પરંતુ અજ્ઞાનભાવ છે, મિથ્યાત્વભાવ છે. તેથી આપણને એ અજ્ઞાનભાવ, મિથ્યાત્વભાવથી બચવાનો પ્રયાસ કરવો જોઈએ; પરંતુ પરપદાર્થોમાં મુગ્ધ આ જગતનું ધ્યાન આ તરફ છે જ નહીં. એ તો થોડી-ઘણી શુભક્રિયા અને શુભભાવ કરીને જ સંતુષ્ટ છે, એમાં જ ધર્મ માની રહ્યો છે.

જ્યાં સુધી તે પોતાના આ અજ્ઞાનભાવને નહીં છોડે, મિથ્યાત્વને નહીં છોડે ત્યાં સુધી બંધનો નિરોધ નહીં થાય, સંવર નહીં થાય, નિર્જરા નહીં થાય અને એ નહીં થવાથી એનો મોક્ષ પણ નહીં થાય.

જ્ઞાનગોષ્ઠી

પ્રશ્ન:- આપ કહો છો કે જ્ઞાનની પર્યાય છે તે ધ્રુવને જાણે છે, ધ્રુવ જાણતું નથી - તો ધ્રુવ આંધળો છે ?

ઉત્તર:- ધ્રુવ આંધળો નથી પણ મહાપ્રભુ છે. ધ્રુવ જાણવાની અવ્યક્તશક્તિઓનો પિંડ છે. પર્યાય વ્યક્ત છે, પ્રગટ છે, તે ધ્રુવને જાણે છે.

- આત્મધર્મ અંક ૪૪૯, માર્ચ ૧૯૮૧, પૃષ્ઠ ૨૧

સમયસાર ગાથા - ૧૩૦ થી ૧૩૧

જે વાત પાછળની ગાથાઓ અને કળશોમાં કહેવાઈ છે, હવે આગળની ગાથાઓમાં તે જ વાતને દૃષ્ટાંતથી સમજાવે છે.

कणयमया भावादो जायंते कुण्डलादओ भावा ।
अयमयया भावादो जह जायंते दु कडयादी ॥१३०॥

अण्णाणमया भावा अणाणिणो बहुविहा वि जायंते ।
णाणिस्स दु णाणमया सव्वे भावा तहा होंति ॥१३१॥

(હરિગીત)

જયમ કનકમય કો ભાવમાંથી કુંડલાદિક ઊપજે,
પણ લોહમય કો ભાવથી કટકાદિ ભાવો નીપજે. ૧૩૦

ત્યમ ભાવ બહુવિધ ઊપજે અજ્ઞાનમય અજ્ઞાનીને
પણ જ્ઞાનીને તો સર્વ ભાવો જ્ઞાનમય એમ જ બને. ૧૩૧[1]

જેમ સુવર્ણમય ભાવમાંથી સુવર્ણમય કુંડળ વગેરે ભાવો થાય છે અને લોહમય ભાવમાંથી લોહમય કડાં વગેરે ભાવો થાય છે, તેમ અજ્ઞાનીને અનેક પ્રકારનાં અજ્ઞાનમય ભાવો થાય છે અને જ્ઞાનીને બધા જ્ઞાનમય ભાવો થાય છે.

આત્મખ્યાતિમાં આચાર્ય અમૃતચંદ્ર આ ગાથાઓના ભાવને આ રીતે સ્પષ્ટ કરે છે -

"જેવી રીતે પુદ્‌ગલ સ્વયં પરિણામસ્વભાવવાળું હોવા છતાં

---

૧ સમયસાર (ગુજરાતી), પાનું ૨૦૭

'કારણને અનુસરીને કાર્ય થાય છે' આ નિયમને અનુસાર સુવર્ણમય પદાર્થમાંથી સુવર્ણમય કુંડળો જ બને છે, લોખંડમય કડા વગેરે નથી બનતા; કારણ કે સુવર્ણ સુવર્ણજાતિને ઓળંગતું નથી. અને લોખંડમય પદાર્થમાંથી લોખંડમય કડાં વગેરે બને છે, સુવર્ણમય કુંડળાદિ નહીં; કારણ કે લોખંડ લોખંડજાતિનું ઉલ્લંઘન કરતું નથી.

તેવી રીતે જીવ સ્વયં પરિણામસ્વભાવી હોવા છતાં પણ **'કારણના અનુસાર જ કાર્ય થાય છે'** એ નિયમ પ્રમાણે અજ્ઞાનીના અનેક પ્રકારના અજ્ઞાનમય જ ભાવો હોય છે, જ્ઞાનમય ભાવો થતા નથી; કારણ કે અજ્ઞાનય ભાવ અજ્ઞાનજાતિનું ઉલ્લંઘન કરતા નથી. અને જ્ઞાનમયભાવવાળા જ્ઞાનીને અનેક પ્રકારના જ્ઞાનમય ભાવ જ હોય છે. અજ્ઞાનમય ભાવ હોતા નથી; કારણ કે જ્ઞાનમયભાવ જ્ઞાનજાતિને ઉલ્લંઘતા નથી.

આ ટીકામાં એમ બતાવવામાં આવ્યું છે કે લોઢું અને સોનું - બંને જ પુદ્‌ગલ છે અને પુદ્‌ગલ સ્વયં પરિણમન સ્વભાવવાળો છે, તો પણ સોનામાંથી સોનાના જ આભુષણો બને છે અને લોઢામાંથી લોઢાના જ; કારણ કે **ઉપાદાન કારણને અનુસરીને જ કાર્ય થાય છે** - એ નિયમ છે. તેથી ઉપાદાન કારણના રૂપમાં જે સોનું છે તો એનાથી બનનાર બધા આભુષણો સોનામય જ હશે, સોનાના જ હશે. એવી જ રીતે જે ઉપાદાન કારણના રૂપમાં લોઢું છે તો એનાથી બનેલા બધા સાધનો લોખંડમય જ હશે.

એ રીતે જ્ઞાની અને અજ્ઞાની - બંને જ જીવ છે અને જીવ સ્વયં પરિણામસ્વભાવવાળો છે, તો પણ જ્ઞાનીના બધા ભાવ જ્ઞાનમય જ હોય છે અને અજ્ઞાનીના બધા ભાવ અજ્ઞાનમય જ હોય છે કારણ કે ઉપાદાન કારણને અનુસરીને જ કાર્ય થાય છે - એ નિયમ છે. તેથી ઉપાદાન કારણના રૂપમાં જે જ્ઞાની આત્મા છે તો એનાથી થતાં બધા ભાવ જ્ઞાનમય જ થશે અને જે ઉપાદાન કારણના રૂપમાં અજ્ઞાની આત્મા છે તો એનાથી થતાં બધા ભાવ અજ્ઞાનમય જ થશે.

આ રીતે આ કથનથી એમ સાબિત થયું કે સામાન્ય રીતે આત્મા પોતાના જ્ઞાનમય અને અજ્ઞાનમય - બધા ભાવોનો કર્તા કહેવામાં આવ્યો છે; કારણ કે તે એના જ ભાવ છે, એનું જ પરિણમન છે; છતાં પણ જ્યારે વિશેષ ભેદ પાડીને જોઈએ છીએ તો જ્ઞાની આત્મા જ્ઞાનભાવોનો કર્તા છે. અને અજ્ઞાની આત્મા અજ્ઞાનભાવોનો કર્તા છે; કારણ કે જ્ઞાનીના બધા ભાવ જ્ઞાનમય જ હોય છે અને અજ્ઞાનીના બધા ભાવ અજ્ઞાનમય જ હોય છે.

આ ગાથાઓના ભાવનું સ્પષ્ટીકરણ જયચંદજી છાબડાએ ભાવાર્થમાં આ પ્રમાણે કર્યું છે - ''અજ્ઞાનીને શુભાશુભભાવોમાં આત્મબુદ્ધિ હોવાથી એના બધાય ભાવો અજ્ઞાનમય જ છે. અવિરત સમ્યગ્દષ્ટિ (જ્ઞાની) ને ચારિત્રમોહનો ઉદય હોવાથી ક્રોધાદિક ભાવો પ્રવર્તે છે; છતાં પણ તેની તે ભાવોમાં આત્મબુદ્ધિ નથી. તે એમને પરના નિમિત્તથી ઉત્પન્ન થયેલી ઉપાધિ માને છે. એના ક્રોધાદિક કર્મ ઉદયમાં આવીને ખરી જાય છે. તે ભવિષ્યનો એવો બંધ નથી કરતો કે જેનાથી સંસાર પરિભ્રમણ વધે; કારણ કે (જ્ઞાની) પોતે ઉદ્યમી થઈને ક્રોધાદિભાવરૂપે પરિણમતો નથી. જો કે ઉદયના બળવાનપણાથી પરિણમે છે; તો પણ જ્ઞાતૃત્વનું ઉલ્લંઘન કરીને પરિણમતો નથી. જ્ઞાનીનું સ્વામિત્વ નિરંતર જ્ઞાનમાં જ વર્તે છે. તેથી તે ક્રોધાદિક ભાવોનો અન્ય જ્ઞેયોની માફક જ્ઞાતા જ છે, કર્તા નથી. આ રીતે જ્ઞાનીના સઘળાય ભાવો જ્ઞાનમય જ છે.''

પ્રશ્ન - 'ઉદયના બળવાનપણાથી પરિણમે છે' એનો શું આશય છે ? શું કર્મ એને જબરજસ્તી રાગાદિરૂપ પરિણમાવે છે ?

ઉત્તર - આ પ્રશ્નનો જવાબ જયપુરથી પ્રકાશિત સમયસારની ટિપ્પણીમાં આ રીતે આપવામાં આવ્યો છે. ''સમ્યગ્દષ્ટિની રુચિ હંમેશા શુદ્ધાત્મદ્રવ્ય પ્રત્યે જ હોય છે. એને કયારેય રાગદ્વેષાદિ ભાવોની રુચિ થતી નથી.

એને જે રાગદ્વેષાદિ ભાવ થાય છે, તે ભાવ થાય છે તો પોતાની નિર્બળતાથી અને એના પોતાના અપરાધથી જ થાય છે, તો પણ રુચિપૂર્વક

થતા નથી. કારણ કે તે ભાવોને 'કર્મના બળવાનપણાથી થતા ભાવ' કહેવાય છે. એમાં એમ નહીં સમજવું કે 'જડ દ્રવ્યકર્મ આત્મા ઉપર જરા પણ જોર કરી શકે છે, પરંતુ એમ સમજવું કે વિકારી ભાવો થવા છતાં પણ સમ્યગ્દૃષ્ટિ મહાત્માની શુદ્ધાત્મદ્રવ્યની રુચિમાં જરા પણ ઓછપ નથી. માત્ર ચારિત્રાદિ સંબંધી નિર્બળતા છે - એ આશય બતાવવા માટે એમ કહ્યું છે. જ્યાં જ્યાં કર્મનું બળવાનપણું, કર્મની જબરજસ્તી, કર્મનું જોર વગેરે કથન આવે ત્યાં ત્યાં એવો આશય સમજવો.''

પ્રશ્ન - જ્યારે જ્ઞાનીને પણ રાગાદિ હોય છે અને રાગાદિભાવ તો અજ્ઞાનભાવ જ છે. તો પછી જ્ઞાનીને અજ્ઞાનમય ભાવ હોતા નથી - એમ શા માટે કહેવાય છે ?

ઉત્તર - જ્ઞાની એ રાગાદિભાવોનો સ્વામી બનતો નથી, કર્તા બનતો નથી. એમનો સ્વામી અને કર્તા પોતાને માનતો નથી. એમનો પણ તે જ્ઞાતા જ રહે છે. અને જ્ઞાતૃત્વનો ભાવ તો જ્ઞાનભાવ જ છે. અજ્ઞાનભાવ નથી. એટલે એમ કહેવાય છે કે જ્ઞાનીને અજ્ઞાનમય ભાવ હોતા નથી.

આ સંદર્ભમાં પૂજ્ય ગુરુદેવના વિચાર પણ જાણવા જેવા છે -

''જ્ઞાની જ્ઞાનસ્વરૂપે જ પરિણમે છે, જ્ઞાની જ્ઞાનનું ઉલ્લંઘન કરીને પરિણમતો નથી. જ્ઞાનીનું સ્વામિત્વ નિરંતર જ્ઞાનમાં જ વર્તે છે. જ્ઞાનીને રાગાદિમાં સ્વામીપણું નથી. અશુભરાગ પણ ક્યારેક જ્ઞાનીને થાય છે, પરંતુ તેનું તેને સ્વામિત્વ નથી.

જ્ઞાની ક્રોધાદિ વિકારી ભાવોનો પણ જ્ઞાતા છે. કર્તા નથી. શરીર, મન, વાણી આદિ પર પદાર્થ જેમ જ્ઞેય છે, જાણવા લાયક છે એવી જ રીતે ચારિત્રમોહથી ઉત્પન્ન થયેલી અસ્થિરતારૂપ કમજોરીથી રાગાદિ હોવા છતાં પણ તે જ્ઞાનીના જ્ઞેય છે, એ તેમનો કર્તા થતો નથી. રાગાદિરૂપ પરિણમન છે, એ અપેક્ષાથી કર્તા કહેવાય છે - એ વાત જુદી છે.''[1]

---

૧ પ્રવચનરત્નાકર (હિંદી), ભાગ-૪, પાનું ૨૭૮

આ રીતે આ ગાથાઓમાં પણ ઉદાહરણથી એમ જ સિદ્ધ કરવામાં આવ્યું છે કે જ્ઞાનીના બધા ભાવ જ્ઞાનમય હોય છે અને અજ્ઞાનીના બધા ભાવ અજ્ઞાનમય હોય છે અથવા જ્ઞાની પોતાના જ્ઞાનમય ભાવોનો કર્તા-ભોક્તા છે અને અજ્ઞાની અજ્ઞાનમય ભાવોનો કર્તા-ભોક્તા છે.

હવે આગળની ગાથાઓની સુચના દેનાર કળશરૂપ કાવ્ય કહે છે જે આ પ્રમાણે છે.

(अनुष्टुप्)

अज्ञानमयभावानामज्ञानी व्याप्य भूमिकाम् ।
द्रव्यकर्मनिमित्तानां भावानामेति हेतुताम् ॥६८॥

(દોહરા)

અજ્ઞાની અજ્ઞાનમય ભાવભૂમિમાં વ્યાપ્ત,
આ કારણ દ્રવબંધના હેતુપણાને પ્રાપ્ત. ૬૮

અજ્ઞાની પોતાના અજ્ઞાનમય ભાવોની ભૂમિકામાં એકાકાર થઈને પોતાના અજ્ઞાનમય ભાવોના કારણે દ્રવ્યકર્મબંધનના હેતુત્વને પ્રાપ્ત થાય છે, દ્રવ્યકર્મના બંધનનું નિમિત્ત બને છે. તાત્પર્ય એ છે કે અજ્ઞાનીને અજ્ઞાનમયભાવ જ કર્મબંધનના નિમિત્તકારણરૂપ હેતુ છે.

પાછળની ગાથાઓમાં એમ કહેતા આવ્યા છીએ કે જ્ઞાનીના બધા ભાવ જ્ઞાનમય હોય છે અને અજ્ઞાનીના બધા ભાવ અજ્ઞાનમય હોય છે, જ્ઞાની જ્ઞાનમયભાવોનો કર્તા છે અને અજ્ઞાની અજ્ઞાનમયભાવોનો કર્તા છે. તથા એમ પણ કહેવામાં આવ્યું છે કે અજ્ઞાનીને કર્મબંધ થાય છે અને જ્ઞાનીને કર્મબંધ થતો નથી. એટલે અહીં એમ સ્પષ્ટ કરી રહ્યા છે કે અજ્ઞાનીનું અજ્ઞાનમયભાવભૂમિમાં એકાકાર થવું એ જ એના કર્મબંધનું કારણ છે.

આ કળશના ભાવને કળશટીકાકારે ઉદાહરણ સાથે સમજાવ્યો છે જેનો સાર આ પ્રમાણે છે.

"જે રીતે ઘડાના રૂપમાં તો માટી પરિણમે છે. કુંભારના પરિણામ એના બાહ્ય નિમિત્ત કારણ છે. પરંતુ વ્યાપ્ય-વ્યાપકરૂપ નથી, તે રીતે જ્ઞાનાવરણાદિ કર્મપિંડરૂપ તો પુદ્‌ગલ સ્વયં પરિણમે છે. પુદ્‌ગલદ્રવ્ય જ એમાં વ્યાપ્ય-વ્યાપકરૂપ છે. અને જીવના અશુદ્ધચેતનારૂપ મોહ, રાગ, દ્વેષાદિ પરિણામ બાહ્ય નિમિત્તકારણ છે, પરંતુ વ્યાપ્ય-વ્યાપકરૂપ નથી.

કોઈ જાણે કે જીવદ્રવ્ય તો શુદ્ધ, ઉપચારમાત્ર કર્મબંધનું કારણ થાય છે તો એવું નથી, કારણ કે તે પોતે મોહ-રાગ-દ્વેષ અશુદ્ધચેતનાપરિણામરૂપ પરિણમે છે તેથી તે કર્મનું કારણ છે.

દ્રવ્યકર્મ અનેક પ્રકારનું છે, એનો ઉદય પણ અનેક પ્રકારનો છે. એક કર્મ એવું છે કે જેના ઉદયમાં શરીર થાય છે, એક એવું છે કે જેના ઉદયમાં મન, વચન, કાયા થાય છે, એક કર્મ એવું હોય છે કે જેના ઉદયમાં સુખદુઃખ થાય છે એવા અનેક પ્રકારના કર્મના ઉદય થવાથી મિથ્યાદૃષ્ટિ જીવ કર્મના ઉદયને પોતારૂપ અનુભવે છે. તેથી રાગ-દ્વેષ-મોહના પરિણામ થાય છે તેનાથી નવો કર્મબંધ થાય છે. આ કારણે મિથ્યાદૃષ્ટિ જીવ અશુદ્ધચેતનપરિણામનો કર્તા છે; કારણ કે મિથ્યાદૃષ્ટિ જીવને શુદ્ધ સ્વરૂપનો અનુભવ નથી. તેથી કર્મના ઉદયના કાર્યને પોતાનું અનુભવે છે.

જેવી રીતે મિથ્યાદૃષ્ટિને કર્મનો ઉદય છે એ જ રીતે સમ્યગ્દૃષ્ટિને પણ છે. પરંતુ સમ્યગ્દૃષ્ટિ જીવને શુદ્ધ સ્વરૂપનો અનુભવ છે, તેથી કર્મના ઉદયને કર્મજાતિરૂપ અનુભવે છે. પોતાને શુદ્ધસ્વરૂપ અનુભવે છે. તેથી કર્મના ઉદયથી રંજાઈ જતો નથી. એટલે મોહ-રાગ-દ્વેષરૂપ પરિણમતો નથી. તેથી કર્મબંધન થતું નથી. એટલા માટે સમ્યગ્દૃષ્ટિ અશુદ્ધપરિણામનો કર્તા નથી."

કળશટીકાના આ ભાવને હૃદયસ્થ કરીને બનારસીદાસજીએ એને છંદમાં આ પ્રમાણે પ્રસ્તુત કર્યો છે.

છપ્પય

ज्यौं माटी मैं कलस होन की सकति रहे ध्रुव ।
दंड चक्र चीवर कुलाल बाहजि निमित्त हुव ॥

त्यौं पुद्गल परवांनु पुंज वरगना भेस धरि ।
ग्यानावरणादिक स्वरूप विचरंत विविध परि ॥

बाहजि निमित्त बहिरातमा गहि संसै अग्यानमति ।
जगमाहि अहंकृत भावसौं कामरूप ह्वै परिनमति ॥

જેવી રીતે માટીમાં ઘડારૂપ થવાની શક્તિ સદા વિદ્યમાન હોય છે. અને દંડ, ચાક, દોરી અને કુંભાર આદિ બાહ્ય નિમિત્તો થાય છે. આ રીતે પુદ્ગલપરમાણુઓનો પુંજ કાર્મણવર્ગણાઓનો વેશ ધારણ કરીને જ્ઞાનાવરણાદિ વિવિધરૂપ થઈને વિચરે છે, ત્યારે એમાં બહિરાત્મા અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ જીવ બાહ્ય નિમિત્ત થાય છે. એવું થવાથી અજ્ઞાનમતિ બહિરાત્મા સંશયશીલ થઈને કર્તૃત્વનો અહંકાર કરવા લાગે છે તેથી તેને કર્મબંધ થાય છે.

આ રીતે આ કળશમાં માત્ર એમ જ કહેવામાં આવ્યું છે કે અજ્ઞાની જીવ જૂના કર્મના ઉદયને લક્ષ્ય બનાવીને નવીન કર્મબંધના કારણરૂપ જે અજ્ઞાન ભાવ છે, એના હેતુપણાને પ્રાપ્ત થાય છે.

આ વાત આગળની ગાથાઓમાં વિસ્તારથી સમજાવવામાં આવી છે.

समयसार गाथा - १३२ थी १३६

अण्णाणस्स स उदओ जा जीवाणं अतच्चउवलद्धी।
मिच्छत्तस्स दु उदओ जीवस्स असद्दहाणतं ॥१३२॥

उदओ असंजमस्स दु जं जीवाणं हवेई अविरमणं ।
जो दु कलुसोवओगो जीवाणं सो कसाउदओ ॥१३३॥

तं जाण जोग उदयं जो जीवाणं तु चिट्ठउच्छाहो ।
सोहणमसोहण वा कायव्वो विरदिभावो वा ॥१३४॥

एदेसु हेदुभूदेसु कम्मइयवग्गणागदं जं तु ।
परिणमदे अट्ठविहं णाणावरणादिभावेहिं ॥१३५॥

तं खलु जीवणिबद्धं कम्मइयवग्गणागदं जइया ।
तइया दु होदि हेदू जीवो परिणामभावाणं ॥१३६॥

(हरिगीत)

અજ્ઞાન તત્ત્વ તણું જીવોને, ઉદય તે અજ્ઞાનનો,
અપ્રતીત તત્ત્વની જીવને જે, ઉદય તે મિથ્યાત્વનો. ૧૩૨

જીવને અવિરતભાવ જે, તે ઉદય આગસંયમ તણો,
જીવને કલુષ ઉપયોગ જે, તે ઉદય જાણ કષાયનો. ૧૩૩

શુભ કે અશુભ પ્રવૃત્તિ કે નિવૃત્તિની ચેષ્ટા તણો
ઉત્સાહ વર્તે જીવને, તે ઉદય જાણ તું યોગનો. ૧૩૪

આ હેતુભૂત જ્યાં થાય, ત્યાં કાર્માણવરગણારૂપ જે,
તે અષ્ટવિધ જ્ઞાનાવરણઈત્યાદિભાવે પરિણમે. ૧૩૫

કાર્માણવરગણારૂપ તે જ્યાં જીવનિબદ્ધ બને ખરે,
આત્માય જીવપરિણામ ભાવોનો તદા હેતુ બને. ૧૩૬[1]

---

૧ સમયસાર (ગુજરાતી), પાનું ૨૧૦

જીવોને જે અતત્ત્વની ઉપલબ્ધિ છે, તત્ત્વ સંબંધી અજ્ઞાન છે, તે અજ્ઞાનનો ઉદય છે. અને જીવને જે તત્ત્વનું અશ્રદ્ધાન છે તે મિથ્યાત્વનો ઉદય છે; જે અવિરમણ અર્થાત્ અત્યાગભાવ છે તે અસંયમનો ઉદય છે; જે મલિન ઉપયોગ છે, તે કષાયનો ઉદય છે વળી જે શુભ કે અશુભ પ્રવૃત્તિરૂપ અથવા નિવૃત્તિરૂપ ચેષ્ટાનો ઉત્સાહ છે, તે યોગનો ઉદય જાણ.

આ ઉદયો હેતુભૂત થતાં જે કાર્મણવર્ગણાગત પુદ્ગલદ્રવ્ય જ્ઞાનાવરણાદિભાવોરૂપે આઠ પ્રકારે પરિણમે છે, તે કાર્મણવર્ગણાગત પુદ્ગલદ્રવ્ય જ્યારે જીવથી બંધાય છે ત્યારે જીવ પોતાના અજ્ઞાનમય પરિણામભાવોનો હેતુ થાય છે.

પ્રશ્ન - મહાશાસ્ત્ર તત્ત્વાર્થસૂત્રમાં મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ - આ પાંચ ભાવોને બંધનો હેતુ બતાવવામાં આવ્યો છે.[1] અહીં જે બતાવવામાં આવી રહ્યું છે એનો મેળ તત્ત્વાર્થસૂત્રનાં આ કથન સાથે કેવી રીતે બેસે ?

અહીં આ ગાથાઓમાં પણ બંધના કારણ તો પાંચ જ બતાવવામાં આવ્યા છે; છતાં અહીં બતાવેલ પાંચ કારણોમાં તત્ત્વાર્થસૂત્રમાં ત્રીજા નંબર પર આવતો પ્રમાદ નથી. અને અહીં પહેલા નંબર પર ઉલ્લેખાએલ અજ્ઞાન તત્ત્વાર્થસૂત્રમાં બતાવેલા કારણોમાં નથી.

બીજી વાત એમ છે કે આ જ સમયસાર શાસ્ત્રમાં બંધના કારણ ચાર પ્રત્યયો જ બતાવેલા છે, જે તત્ત્વાર્થસૂત્રમાં બતાવેલા કારણો જેવા જ છે; પરંતુ એમનામાં પણ પ્રમાદ નથી.

તેથી પ્રશ્ન એ છે કે પહેલા તો બે આચાર્યોમાં આવી જાતનો મતભેદ કેમ છે ? કદાચિત્ બે આચાર્યોમાં મતભેદ થઈ પણ શકે છે; પરંતુ એક જ આચાર્યે એક જગાએ બંધના ચાર કારણ બતાવ્યા અને બીજી જગાએ પાંચ - એ કયાં સુધી ઉચિત્ત છે ?

---

૧ તત્ત્વાર્થસૂત્ર, અધ્યાય ૮, સૂત્ર-૧

ઉત્તર - અરે ભાઈ ! ન તો અહીં બે આચાર્યોમાં કોઈ મતભેદ છે અને ન તો એક આચાર્યે એક જ ગ્રંથમાં બે વાતો કહી છે. સમયસાર ગાથા ૧૦૯માં પ્રમાદને અવિરતિ અને કષાયમાં જ સામેલ કરી લીધો છે; કારણ કે ચાર કષાય, પાંચ ઈન્દ્રિયોની આધીનતા, ચાર વિકથા, નિદ્રા અને સ્નેહ - એના મિશ્રણનું નામ તો પ્રમાદ છે.

ગોમ્મટસાર જીવકાંડમાં ગુણસ્થાન અધિકારમાં એનું વિસ્તૃત વિવેચન છે. જેમને વિશેષ જિજ્ઞાસા હોય તેમણે જીવકાંડના ગુણસ્થાન અધિકારનું અધ્યયન કરવું જોઈએ.

પ્રમાદમાં મુખ્ય ભાગ પાંચ ઈન્દ્રિયોના વિષય સેવન રૂપ અવિરતિ અને ચાર કષાયોનો જ છે; તેથી કષાય અને અવિરતિમાં પ્રમાદને ગર્ભિત કરી લેવામાં કંઈ પણ અનુચિત નથી તથા વિશેષ ધ્યાન આકર્ષવા માટે જુદો ઉલ્લેખ કરવામાં પણ કંઈ નથી.

હવે વાત રહી સમયસારની આ ગાથાઓમાં પ્રથમ સ્થાન પર ઉલ્લેખાએલ અજ્ઞાનની વાત, અને તે તો મિથ્યાત્વાદિ ચાર કારણોના સમુદાયરૂપ જ છે. આ વાતનો ઉલ્લેખ આ ગાથાઓની આત્મખ્યાતિ ટીકામાં છે જ, જે આ પ્રમાણે છે -

"અતત્ત્વના ઉપલબ્ધિરૂપ અર્થાત્ તત્ત્વના અજ્ઞાનરૂપથી જ્ઞાનમાં સ્વાદરૂપ થતો થકો અજ્ઞાનનો ઉદય છે.

નવીન કર્મોના હેતુરૂપ આ અજ્ઞાનમયભાવ મિથ્યાત્વ, અસંયમ, કષાય અને યોગના ઉદયના રૂપમાં ચાર પ્રકારના છે.

તત્ત્વના અશ્રદ્ધાનરૂપથી જ્ઞાનમાં સ્વાદરૂપ થતો થકો મિથ્યાત્વનો ઉદય છે, અવિરમણરૂપથી જ્ઞાનમાં સ્વાદરૂપ થતો થકો અસંયમનો ઉદય છે, કલુષ ઉપયોગરૂપથી જ્ઞાનમાં સ્વાદરૂપ થતો થકો કષાયનો ઉદય છે, શુભાશુભ પ્રવૃત્તિ અથવા નિવૃત્તિના વ્યાપારરૂપથી જ્ઞાનમાં સ્વાદરૂપ થતો થકો યોગનો ઉદય છે.

આ પૌદ્‌ગલિક મિથ્યાત્વાદિના ઉદયનું હેતુભૂતપણું થવાથી જે પુદ્‌ગલદ્રવ્ય જ્ઞાનાવરણાદિ ભાવથી આઠ પ્રકારે સ્વયં જ પરિણમે છે, તે કાર્મણવર્ગણાગત પુદ્‌ગલદ્રવ્ય જ્યારે જીવમાં નિબદ્ધ થાય છે ત્યારે સ્વયં જ અજ્ઞાનથી સ્વપરના એકત્વના અભ્યાસને લીધે તત્ત્વ-અશ્રદ્ધાન આદિ પોતાના અજ્ઞાનમય પરિણામભાવોના હેતુ થાય છે.''

ગાથા અને ટીકાના આ જ ભાવને ભાવાર્થમાં પંડિત જયચંદજી છાબડા આ રીતે વ્યક્ત કરે છે -

''અજ્ઞાનભાવના ભેદરૂપ મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગના ઉદય પુદ્‌ગલના પરિણામ છે અને એમનો સ્વાદ અતત્ત્વશ્રદ્ધાનાદિરૂપ જ્ઞાનમાં આવે છે. તે ઉદયનું નિમિત્તભૂતપણું થવાથી કાર્મણવર્ગણારૂપ નવીન પુદ્‌ગલ સ્વયં જ જ્ઞાનાવરણાદિ કર્મરૂપે પરિણમે છે અને જીવની સાથે બંધાય છે અને તે સમયે જીવ પણ સ્વયં જ પોતાના અજ્ઞાનમય ભાવથી અતત્ત્વશ્રદ્ધાનાદિ ભાવરૂપ પરિણમે છે અને એ રીતે પોતાના અજ્ઞાનમય ભાવોનું કારણ પોતે જ બને છે.

મિથ્યાત્વાદિનો ઉદય થવો, નવીન પુદ્‌ગલોનું કર્મરૂપ પરિણમવું તથા બંધાવું અને જીવનું પોતાના અતત્ત્વશ્રદ્ધાનાદિ ભાવરૂપ પરિણમવું - આ ગણે એક જ સમયમાં થાય છે, બધા સ્વતંત્રતાથી પોતાની મેળે જ પરિણમે છે. કોઈ કોઈનું પરિણમન કરતું નથી.''

ગાથાઓમાં તો અજ્ઞાનનો ઉદય, મિથ્યાત્વનો ઉદય, અસંયમનો ઉદય, કષાયનો ઉદય અને યોગનો ઉદય - એ પાંચ પ્રકારના ઉદય બતાવ્યા છે; પરંતુ આત્મખ્યાતિ ટીકામાં અજ્ઞાનના ઉદયને મુખ્ય રાખીને બાકીના ચારનું અજ્ઞાનના ઉદયના ભેદરૂપ પ્રરૂપણ કર્યું છે. તેથી ચારેય એક રીતે અજ્ઞાનનો જ ઉદય છે. આ રીતે અજ્ઞાનના ઉદયમાં પાંચેયનો સમાવેશ થઈ ગયો છે. આ જ કારણ છે કે આ પાંચેને એક અજ્ઞાનભાવ શબ્દથી જ અભિહિત કરવામાં આવે છે.

આ પાંચેયની પરિભાષા ટીકા અને ભાવાર્થમાં સ્પષ્ટ થઈ જ ગઈ

છે. ભાવાર્થમાં એ પણ સ્પષ્ટ કરી દીધું છે કે અજ્ઞાનભાવના ભેદરૂપ આ બધા ઉદય પુદ્ગલના પરિણામ છે અને એમનો સ્વાદ અતત્ત્વશ્રદ્ધાનાદિક રૂપથી જ્ઞાનમાં આવે છે. મિથ્યાત્વાદિનો ઉદય થવો, નવીન પુદ્ગલોનું કર્મરૂપ પરિણમવું અને જીવનું અતત્ત્વશ્રદ્ધાનાદિરૂપ પરિણમવું - આ ત્રણે એક જ સમયમાં થાય છે તો પણ સ્વતંત્રરૂપથી પોતાની મેળે જ પરિણમે છે. કોઈ કોઈનું પરિણમન કરાવતું નથી પણ એમનામાં નિમિત્ત-નૈમિત્તકભાવ જરૂર છે.

અહીં એક મહત્ત્વપૂર્ણ પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે અહીં મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ - બધાને અજ્ઞાનભાવ બતાવવામાં આવી રહ્યા છે. અને એમ પણ કહ્યું છે કે અજ્ઞાનીના બધા ભાવ અજ્ઞાનમય હોય છે. આવી સ્થિતિમાં સમ્યગ્દષ્ટિ જ્ઞાનીને અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ નહીં હોવા જોઈએ; પણ સમ્યગ્દષ્ટિ જ્ઞાનીઓના એ ભાવ જોવામાં આવે છે. વળી એ પણ સ્પષ્ટ થઈ ગયું છે કે જ્ઞાનીના વિષય કષાય પણ જ્ઞાનભાવમાં જ આવે છે. અજ્ઞાનીના વ્રત-તપાદિ પણ અજ્ઞાનભાવમાં જ આવે છે. તેથી હવે પ્રશ્ન એ થાય છે કે અવિરતિ આદિને જ્ઞાનભાવ માનવા કે અજ્ઞાનભાવ.

અરે ભાઈ ! સીધી સરળ વાત છે કે અજ્ઞાનીના અવિરતિ આદિ ભાવ અજ્ઞાનભાવ છે; કારણ કે એ તેમને પોતાના માને છે, નિજરૂપ માને છે. એમનો કર્ત્તા-ભોક્તા પોતાને માને છે, જાણે છે અને જ્ઞાનીને ભૂમિકાનુસાર અવિરતિ, પ્રમાદ કષાયાદિ જોવામાં આવે છે, તે બધા જ્ઞાનભાવમાં જ આવે છે; કારણ કે જ્ઞાનીને તેનામાં એકત્વ-મમત્વ નથી. તે પોતાને એમનો કર્ત્તા-ભોક્તા માનતો નથી. એ જ ફરક જ્ઞાની અને અજ્ઞાનીમાં છે.

અહીં અજ્ઞાનીના અવિરતિ આદિ ભાવોની ચર્ચા છે. એ કારણથી એમને અજ્ઞાનભાવમાં સામેલ કરવામાં આવી રહ્યા છે, આત્મખ્યાતિ ટીકા અને જયચંદજીના ભાવાર્થમાં આ વાતનો સ્પષ્ટ સંકેત છે. 'જ્ઞાનમાં સ્વાદરૂપ થતો થકો અસંયમનો ઉદય, જ્ઞાનમાં સ્વાદરૂપ થતો થકો કષાયનો

ઉદય અને જ્ઞાનમાં સ્વાદરૂપ થતો થકો યોગનો ઉદય' વગેરે કથનથી એ સ્પષ્ટ છે કે અજ્ઞાનીનું જ્ઞાન એમને પોતાના જાણી રહ્યું છે. જ્ઞાનીની પર્યાયમાં ભૂમિકાનુસાર વિદ્યમાન અવિરતિ, કષાયાદિના ઉદય જ્ઞાનીના માત્ર જ્ઞેય બનીને રહી જાય છે. સ્વાદરૂપ થતા નથી. જ્ઞાની એમને પોતાના માનતો નથી. એ જ કારણ છે કે જ્ઞાનીનું એમને જાણવારૂપ પરિણમન જ્ઞાનભાવમાં જ આવે છે.

આત્મખ્યાતિ ટીકાનો અંતિમ ફકરો અને જયચંદજીના ભાવાર્થમાં સમાયેલ તથ્ય પણ ધ્યાન આપવા લાયક છે. એમાં જે કંઈ કહ્યું છે તેનો ભાવ આ રીતે ભાસિત થાય છે -

આમ તો જૂના પૌદ્‌ગલિક કર્મોનો ઉદય, એમના નિમિત્તથી આત્મામાં ઉત્પન્ન થતા ઔપાધિક ભાવ, વિભાવભાવ, રાગ-દ્વેષાદિ પરિણામ અને એ પરિણામોના નિમિત્તથી થનાર આગળનો દ્રવ્યકર્મનો બંધ - આ ત્રણે ક્રિયાઓ એકી સાથે એક સમયમાં જ થાય છે. તો પણ પૌદ્‌ગલિક પરિણમન પુદ્‌ગલમાં થાય છે, એમનો ઉપાદાન પુદ્‌ગલ છે અને રાગ-દ્વેષના પરિણામ આત્મામાં થાય છે એમનો ઉપાદાન આત્મા છે.

'જૂના કર્મના ઉદયમાં થતા રાગ-દ્વેષ પરિણામ અને એ રાગ-દ્વેષના પરિણામોથી નવા કર્મનો બંધ' જો એમાં રાગ-દ્વેષના પરિણામોને ગૌણ કરી દઈએ તો નવા કર્મોનાં બંધનનું કારણ જૂના કર્મોનો ઉદય કહી શકાય. આ રીતે પૌદ્‌ગલિક કર્મોના બંધનું કારણ પૌદ્‌ગલિક કર્મ જ કરે છે.

આમ જ્યારે કર્મોનો ઉદય આવે છે, ત્યારે આત્મા પોતે જ રાગદ્વેષાદિભાવો રૂપ પરિણમિત થાય છે. પરંતુ કર્મોનો ઉદય અને રાગ-દ્વેષરૂપ પરિણામ એ બંનેમાં એકત્વના અધ્યાસને કારણે એકત્વની ભ્રાન્તિના કારણે અજ્ઞાની આત્મા તત્ત્વના અશ્રદ્ધાનાદિરૂપ પોતાના અજ્ઞાનમય પરિણામોનો હેતુ બને છે, કર્તા બને છે.

પોતાના અજ્ઞાનમય પરિણામોનો કર્તા અજ્ઞાની જ બને છે. જ્ઞાની નહીં; કારણ કે એમાં એનો એકત્વનો અધ્યાસ નથી.

આ પ્રકરણનો ભાવ સ્પષ્ટ કરતાં ગુરુદેવ કહે છે - ''અહીં એ સિદ્ધ કરવું છે કે જૂના કર્મોનો ઉદય નવીન કર્મના બંધમાં કારણ થાય છે. મિથ્યાત્વ, અવિરતિ આદિ જે પૂર્વબદ્ધ કર્મ છે, તેમનો ઉદય નવીન બંધનું કારણ છે; પરંતુ જે જીવ પોતે મિથ્યાત્વ, અવિરતિ આદિ અજ્ઞાનભાવરૂપે પરિણમે છે, તેમને જ પૂર્વકર્મનો ઉદય નિમિત્ત કહેવામાં આવે છે, ભાઈ વાત થોડી સુક્ષ્મ છે, વીતરાગ-સર્વજ્ઞનો માર્ગ અલૌકિક છે. લોકોને એ સાંભળવા મળ્યો નથી એને લીધે અઘરો લાગે છે. પરંતુ સાંભળી-સાંભળીને બધું સહેલું બની જાય છે.[૧]

જૂના કર્મોનો જ ઉદય આવ્યો, તે નવીન કર્મબંધમાં હેતુ છે. કારણ કે અજ્ઞાની જીવ જ્યારે ત્રિકાળી શુદ્ધ ચૈતન્યની સાથે ક્ષણિક રાગના ભાવને એક માનીને પરિણમે છે; ત્યારે એને જૂના દ્રવ્યકર્મનો ઉદય નિમિત્ત થાય છે. અને એ રાગાદિથી નવીન કર્મબંધ થાય છે. આ રીતે જૂના કર્મ, નવીન કર્મબંધનું કારણ બને છે. વિકારના પરિણામ જીવનો સ્વભાવ નથી. તેથી એમ કહ્યું છે કે જૂના કર્મનો ઉદય નવીન કર્મબંધનો હેતુ છે, પરંતુ જે પોતાના ચૈતન્યસ્વભાવને ભૂલીને વિભાવરૂપે પરિણમે છે - એવા મિથ્યાદૃષ્ટિઓને જ જૂના કર્મોનો ઉદય નવીન કર્મબંધનો હેતુ બને છે.[૨]''

પ્રશ્ન - 'દ્રવ્યપ્રત્યયરૂપ પૂર્વકર્મના ઉદયમાં મિથ્યાત્વાદિ ભાવપ્રત્યય થશે અને એમના ઉદયાનુસાર નવીન દ્રવ્યકર્મોનો બંધ થશે' જો એમ માનવામાં આવે તો સંસારનો ક્યારે પણ અભાવ જ નહીં થાય અને મુક્તિનો માર્ગ સદા રૂંધાયેલો જ રહેશે.

ઉત્તર - આ પ્રશ્નનો ઉત્તર આચાર્ય જયસેનની આ ગાથાઓની ટીકામાં આ પ્રમાણે આપ્યો છે ''આનો ભાવાર્થ એ છે કે દ્રવ્યપ્રત્યયોનો

---

૧ પ્રવચનરત્નાકર (હિંદી), ભાગ-૪, પાનું ૨૮૫
૨ પ્રવચનરત્નાકર (હિંદી), ભાગ-૪, પાનું ૨૮૮

ઉદય આવતાં જો આ જીવ પોતાના સહજસ્વભાવને છોડીને રાગાદિ ભાવપ્રત્યયોરૂપ પરિણમન કરે છે ત્યારે જ નવો બંધ થાય છે, કેવળ દ્રવ્યપ્રત્યયોના ઉદયમાત્રથી બંધ થતો નથી. જે રીતે ઘોર ઉપસર્ગ થવા છતાં પાંડવાદિ મુનિરાજ પોતાના સ્વભાવથી ચ્યુત ન થયા, રાગાદિરૂપ પરિણમિત ન થયા તો એમને દ્રવ્યપ્રત્યયોનો ઉદય હોવા છતાં પણ નવીન બંધ થયો નહીં. આ જ પ્રમાણે બધે સમજવું જોઈએ.

જો દ્રવ્યપ્રત્યયોના ઉદયમાત્રને બંધ માની લેવામાં આવે તો પછી સદા સંસાર જ રહેશે. મુક્તિ ક્યારે પણ થશે જ નહીં કારણ કે સંસારી જીવોને કર્મનો ઉદય તો સદા રહે જ છે ને.''

આ કથનનું નિષ્કર્ષ એ છે કે દ્રવ્યપ્રત્યયોના ઉદયમાં જ્યારે જીવ પોતે વિકારીભાવો રૂપ પરિણમે છે ત્યારે કર્મબંધન થાય છે. પરંતુ જ્યારે આ જીવ કર્મોદયની હાજરી હોવા છતાં પણ પોતાના આત્મસન્મુખી પુરૂષાર્થ કરીને વિકારરૂપ પરિણમતો નથી. નિર્વિકારી રહે છે, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ પરિણમન કરે છે. ત્યારે આગામી બંધ થતો નથી. તેથી આત્માર્થીઓને પોતાના આત્માની ઉપલબ્ધિ માટે સતત સાવધાન રહેવું જોઈએ.

જ્ઞાનગોષ્ઠી

પ્રશ્ન:- ધ્રુવની કિંમત વધુ કે આનંદના અનુભવની ?

ઉત્તર:- ધ્રુવની કિંમત વધુ છે. આનંદની પર્યાય તો એક સમયની છે અને ધ્રુવમાં તો આનંદનો ઢગલો ભર્યો છે.

- આત્મધર્મ અંક ૪૪૫, નવેમ્બર ૧૯૮૦, પૃષ્ઠ ૩૨

સમયસાર ગાથા - ૧૩૭ થી ૧૪૦

હવે આ ગાથાઓમાં એ સ્પષ્ટ કરે છે કે પુદ્‌ગલના પરિણામ જીવથી ભિન્ન છે અને જીવના પરિણામ પુદ્‌ગલથી ભિન્ન છે.

जीवस्स दु कम्मेण य सह परिणामा हु होंति रागादी ।
एवं जीवो कम्मं दो वि रागादिमावण्णा ॥१३७॥

एकस्स दु परिणामो जायदि जीवस्स रागमादीहिं ।
ता कम्मोदयहेदूहिं विणा जीवस्स परिणामो ॥१३८॥

जह जीवेण सह च्चिय पोग्गलदव्वस्स कम्मभावेण ।
एवं पोग्गलजीवा हु दो वि कम्मत्तमावण्णा ॥१३९॥

एकस्य दु परिणामो पोग्गलदव्वस्स कम्मभावेण ।
ता जीवभावहेदूहिं विणा कम्मस्स परिणामो ॥१४०॥

(હરિગીત)

જીવના, કરાણ ભેળા જ, જો પરિણામ રાગાદિક બને,
તો કર્મ ને જીવ ઉભય પાણ રાગાદિપાણું પામે અરે ! ૧૩૭

પાણ પરિણમન રાગાદિરૂપ તો થાય છે જીવ એકને,
તેથી જ કર્મોદયનિમિત્તથી અલગ જીવપરિણામ છે. ૧૩૮

જો કર્મરૂપ પરિણામ, જીવ ભેળા જ પુદ્‌ગલના બને
તો જીવ ને પુદ્‌ગલ ઉભય પાણ કર્મપાણું પામે અરે ! ૧૩૯

પાણ કર્મભાવે પરિણમન છે એક પુદ્‌ગલદ્રવ્યને,
જીવભાવહેતુથી અલગ, તેથી, કર્મના પરિણામ છે. ૧૪૦[1]

---

૧ સમયસાર (ગુજરાતી), પાનું ૨૧૨-૨૧૩

'જીવના કર્મની સાથે જ રાગાદિ પરિણામ થાય છે અર્થાત્ કર્મ અને જીવ બંને મળીને રાગાદિરૂપ પરિણમે છે' - જો એમ માનવામાં આવે તો જીવ અને કર્મ બંને જ રાગાદિભાવને પ્રાપ્ત થઈ જાય; પરંતુ રાગાદિભાવરૂપ તો એક જીવ જ પરિણમે છે તેથી કર્મોદયરૂપ હેતુ વિના જ રાગાદિભાવ જીવના પરિણામ છે.

એ જ રીતે 'પુદ્ગલનું જીવની સાથે જ કર્મરૂપ પરિણામ થાય છે અર્થાત્ જીવ અને પુદ્ગલ બંને મળીને કર્મરૂપ પરિણમે છે' જો એમ માનવામાં આવે તો પુદ્ગલ અને જીવ બન્ને જ કર્મત્વને પ્રાપ્ત થઈ જાય, પરંતુ કર્મરૂપ પરિણામ તો એક પુદ્ગલદ્રવ્યનું જ થાય છે, તેથી જીવભાવના હેતુ વગર જ કર્મ પુદ્ગલનું પરિણામ છે.

ઉક્ત ગાથાઓના ભાવને પંડિત જયચંદજી છાબડા ભાવાર્થમાં આ રીતે સ્પષ્ટ કરે છે.

"જો એમ માનવામાં આવે કે જીવ અને પુદ્ગલકર્મ મળીને રાગાદિરૂપ પરિણમે છે તો બન્નેના રાગાદિરૂપ પરિણામ સિદ્ધ થાય; પરંતુ પુદ્ગલકર્મ તો રાગાદિરૂપ ક્યારેય પરિણમી નથી શકતો. તેથી પુદ્ગલકર્મનો ઉદય કે જે રાગાદિ પરિણામનું નિમિત્ત છે, એનાથી જુદા જ જીવના પરિણામ છે.

જો એમ માનવામાં આવે કે પુદ્ગલદ્રવ્ય અને જીવદ્રવ્ય બન્ને મળીને કર્મરૂપ પરિણમે છે તો બન્નેનાં કર્મરૂપ પરિણામ સિદ્ધ થાય; પરંતુ જીવ તો ક્યારે પણ જડકર્મરૂપ નથી પરિણમી શકતો. તેથી જીવના અજ્ઞાન પરિણામ કે જે કર્મના નિમિત્ત છે, તેનાથી અલગ જ પુદ્ગલદ્રવ્યનું કર્મ પરિણામ છે."

ઉક્ત કથનનું તાત્પર્ય એ છે કે જીવના રાગાદિભાવ કાર્મણવર્ગણાનું કર્મરૂપ પરિણમન થવામાં નિમિત્ત છે અને કર્મનો ઉદય જીવના આગળના રાગાદિભાવો થવામાં નિમિત્ત છે; છતાં પણ જીવનું રાગાદિભાવરૂપ પરિણમન સંપૂર્ણ રીતે જીવનું જ છે, એકલા જીવનું જ છે. એમાં કર્મનું કંઈ પણ નથી; એ જ રીતે કાર્મણવર્ગણાનું કર્મરૂપ પરિણમન સંપૂર્ણ રીતે પુદ્ગલનું જ છે, એકલા પુદ્ગલનું જ છે, એમાં જીવનું કંઈ પણ નથી.

આ ગાથાઓનો ભાવ આત્મખ્યાતિમાં આ પ્રમાણે સ્પષ્ટ કરવામાં આવ્યો છે.

"રાગાદિ અજ્ઞાન પરિણામના નિમિતભૂત ઉદયમાં આવેલા પુદ્ગલકર્મની સાથે જ, બન્ને ભેગા મળીને જ રાગાદિ-અજ્ઞાન પરિણામ થાય છે - જો એમ વિતર્ક કરવામાં આવે તો, જેમ ભેળા થયેલા ચૂના અને હળદરનું લાલ પરિણામ થાય છે; એ જ રીતે જીવ અને પુદ્ગલકર્મ બન્નેને રાગાદિ અજ્ઞાન પરિણામની આપત્તિ આવી પડે; પરંતુ રાગાદિ અજ્ઞાન પરિણામ તો એક જીવને જ હોય છે, તેથી પુદ્ગલકર્મનો ઉદય કે જે જીવના રાગાદિ-અજ્ઞાન પરિણામનું નિમિત્ત છે એનાથી જુદું જ જીવનું પરિણામ છે.

કર્મપરિણામના નિમિત્તભૂત એવા રાગાદિ-અજ્ઞાન પરિણામે પરિણમેલા જીવની સાથે જ કર્મરૂપ પરિણામ થાય છે - એમ વિતર્ક કરવામાં આવે તો જેમ ભેળાં થયેલાં ચૂના અને હળદરનું લાલ પરિણામ થાય છે તેમ, પુદ્ગલદ્રવ્ય અને જીવદ્રવ્ય બન્નેને કર્મરૂપ પરિણામની આપત્તિ આવી પડે. પરંતુ કર્મત્વરૂપ પરિણામ તો એક પુદ્ગલદ્રવ્યનું જ થાય છે; તેથી જીવના રાગાદિ-અજ્ઞાન પરિણામ કે જે કર્મના નિમિત્ત છે; તેનાથી જુદું જ પુદ્ગલકર્મનું પરિણામ છે."

હળદર અને ચૂનાની મેળવણીના રૂપનું ઉદાહરણ આપીને આત્મખ્યાતિના ઉક્ત કથનમાં પણ એ જ વાત સિદ્ધ કરવામાં આવી છે, જેનું સ્પષ્ટીકરણ ઉપર થઈ ગયું છે.

હળદર અને ચૂનો જ્યારે મળીને પરિણમે છે, ત્યારે બંને જ લાલ રંગરૂપ થઈ જાય છે, ન તો હળદર પીળી રહે છે અને ન તો ચૂનો સફેદ. એ રીતે જો આત્મા અને કાર્મણવર્ગણારૂપ પુદ્ગલ - બન્ને મળીને પરિણમે તો બન્નેને કાં તો દ્રવ્યકર્મરૂપ થઈ જવું જોઈએ અને કાં તો પછી રાગાદિભાવરૂપ ભાવકર્મરૂપ થઈ જવું જોઈએ; પરંતુ એવું થતું નથી; કારણ કે ન તો આત્મા દ્રવ્યકર્મરૂપ પરિણમે છે અને ન તો કાર્મણવર્ગણારૂપ પુદ્ગલ રાગાદિભાવરૂપ પરિણમે છે; તેથી એ સ્પષ્ટ જ છે કે આત્મા અને પુદ્ગલ મળીને

પરિણમતા નથી. આત્માના રાગાદિરૂપ પરિણમનમાં પુદ્ગલકર્મનો ઉદય નિમિત્ત છે અને પુદ્ગલકર્મના બંધમાં આત્માનો રાગાદિભાવ નિમિત્ત છે. રાગાદિભાવ અને દ્રવ્યકર્મોનું બંધન તથા દ્રવ્યકર્મોનો ઉદય અને રાગાદિભાવ બન્નેમાં નિમિત્ત-નૈમિત્તિક સંબંધ હોવા છતાં પણ બન્નેનું પરિણમન સ્વતંત્ર છે. તે એકદમ સ્પષ્ટ છે.

આત્મખ્યાતિમાં મૂળ શબ્દ સુધા છે. જેનો અનુવાદ પંડિત જયચંદજી છાબડાએ ફટકડી કર્યો છે. સહજાનંદ વર્ણીએ પણ ફટકડી જ કર્યો છે; જ્યારે બીજી જગાએ ચૂનો કરેલ છે. શબ્દકોશમાં પણ ચૂનો જ દેખાય છે, ફટકડી નહીં. પ્રયોગ કરીને જોવાથી ખબર પડી કે ચૂનો અને હળદર મેળવવાથી જેવો લાલ રંગ થતો દેખાય છે, એવો ફટકડી અને હળદરને મેળવવાથી થતો નથી. તેથી અમે પણ અહીં સુધાનો અર્થ ચૂનો જ કર્યો છે.

આચાર્ય જયસેન પણ તાત્પર્યવૃત્તિમાં હળદર અને ચૂનાના ઉદાહરણના માધ્યમથી જ વાતને સ્પષ્ટ કરે છે. હા, એક વાત તાત્પર્યવૃત્તિમાં વિશેષ જાણવા યોગ્ય છે જે આ પ્રમાણે છે -

''આ જીવ અનુપચરિત-અસદ્‌ભૂતવ્યવહારનયથી દ્રવ્યકર્મોનો જ કર્તા છે અને અશુદ્ધનિશ્ચયનયથી રાગાદિ ભાવકર્મોનો કર્તા છે. આમ તો જીવને દ્રવ્યકર્મોનો કર્તા કહેનાર અનુપચરિત-અસદ્‌ભૂતવ્યવહારનયની અપેક્ષાથી જ આ અશુદ્ધનિશ્ચયનય નામ મળ્યું છે; તો પણ શુદ્ધાત્મદ્રવ્યને વિષય બનાવવાવાળા શુદ્ધનિશ્ચયનયની અપેક્ષા તે ખરેખર વ્યવહાર જ છે - એ ભાવાર્થ છે.''

ઉક્ત કથનમાં બે વાતો ધ્યાન આપવા યોગ્ય છે. પહેલી વાત તો એ કે અહીં જીવને અનુપચરિત-અસદ્‌ભૂત વ્યવહારનયથી દ્રવ્યકર્મોનો કર્તા કહેવાયો છે. કારણ કે જીવને શરીર સાથે નિકટવર્તી સંબંધ હોવાથી જીવનું શરીર સાથે એકત્વ, મમત્વ, કર્તૃત્વ અને ભોક્તૃત્વ બતાવવાવાળા નયને અનુપચરિત-અસદ્‌ભૂતવ્યવહારનય કહે છે અને દ્રવ્યકર્મ

કાર્મણશરીરરૂપ જ છે; તેથી એનો કર્તા જીવને બતાવવો અનુપચરિત-અસદ્‌ભૂત-વ્યવહારનયનું જ કાર્ય છે.

બીજું અહીં શુદ્ધનિશ્ચયનયથી અશુદ્ધનિશ્ચયનયને વ્યવહાર બતાવવામાં આવ્યો છે. એ તો આપ જાણો છો કે પંચાધ્યાયી આદિ ગ્રંથોમાં પરમશુદ્ધનિશ્ચયનયને નયાધિરાજ કહેવામાં આવ્યો છે. અને એની અપેક્ષાએ બીજા બધા નયોને એક અપેક્ષાએ વ્યવહારની કક્ષામાં જ નાખી દીધા છે.

'શુદ્ધાત્મદ્રવ્યને વિષય બનાવવાવાળા શુદ્ધનિશ્ચયનયને એમ કહીને આચાર્ય જયસેન અહીં શુદ્ધનિશ્ચય શબ્દનો પ્રયોગ પરમશુદ્ધનિશ્ચયનયના અર્થમાં જ કરી રહ્યા છે; કારણ કે દૃષ્ટિનો વિષયભૂત શુદ્ધાત્મદ્રવ્ય પરમશુદ્ધનિશ્ચયનયનો જ વિષય છે.

આમ તો નયચક્રાદિ ગ્રંથોમાં ચાર પ્રકારના વ્યવહારનય અને ચાર પ્રકારના નિશ્ચયનય બતાવવામાં આવ્યા છે અને સમયસારાદિ ગ્રંથોમાં પ્રયોગ પણ તે રીતે જ જોવા મળે છે; કારણ કે નયચક્રકાર પોતે જ લખે છે કે અમે આ ગ્રંથ સમયસારાદિ ગ્રંથોનો આધાર લઈને જ બનાવ્યો છે; તો પણ શુદ્ધાત્મા સુધી લઈ જવા માટે નયાધિરાજ પરમશુદ્ધનિશ્ચયનયને જ નિશ્ચયનય બતાવીને બાકીને વ્યવહાર કહેવાની પદ્ધતિ પણ અધ્યાત્મમાં જોવા મળે છે. આ વાતનું પ્રબળ પ્રમાણ છે આચાર્ય જયસેનનું આ કથન.

અહીં હજી એક વાત ધ્યાન આપવા યોગ્ય છે, તે એ છે કે વિભિન્ન પ્રકાશનોમાં આ ચાર ગાથાઓના ક્રમમાં ફરક જોવામાં આવ્યો છે. અહીં અમે પણ જે ક્રમ આપ્યો છે, તે આચાર્ય જયસેનની તાત્પર્યવૃત્તિમાં તો છે જ; સાથે જ આત્મખ્યાતિની જે ભાષા ટીકા જયચંદજી છાબડાએ લખી છે, એમાં પણ તે જ ક્રમ છે અને સહજાનંદવર્ણીની સપ્તશાંગી ટીકામાં પણ એ જ ક્રમ છે; પરંતુ સોનગઢ અને જયપુરથી પ્રકાશિત સમયસારમાં ઉપરની બે ગાથાઓ પછીથી છે અને નીચેની બે ગાથાઓ પહેલા છે. ગાથાઓના અર્થ પર ધ્યાન આપ્યા બાદ પણ પરિવર્તનનું કોઈ

કારણ નજર આવતું નથી. કારણ કે એમને આગળ-પાછળ રાખવાથી ભાવમાં કાંઈ ફરક પડતો નથી.

આત્મખ્યાતિ અને તાત્પર્યવૃત્તિમાં એકરૂપતા રહે એ ભાવનાથી અમે છાબડાજીના ક્રમને જ રાખવાનું યોગ્ય સમજ્યા છીએ.

જ્ઞાનગોષ્ઠી

પ્રશ્ન:- ગોમ્મટસારમાં કર્મને લઈને વિકાર થાય છે તેમ કહ્યું છે ને?

ઉત્તર:- વિકારી અવસ્થા થાય છે તે પર્યાયની યોગ્યતાના સ્વકાળથી થાય છે, કર્મના લઈને થતી નથી. પણ નિમિત્તને આધીન થઈને વિકાર થાય છે તેથી ત્યાં નિમિત્તનું જ્ઞાન કરાવવા કર્મને લઈને થાય છે તેમ કહ્યું છે. સમયસારમાં પણ વિકારનો કર્તા પુદ્‌ગલ કર્મને કહ્યું છે. ત્યાં દૃષ્ટિનું દ્રવ્ય ઉપર જોર વર્તે છે તે બતાવવા વિકારરૂપે આત્મા થતો નથી તેમ બતાવીને જે અલ્પ વિકાર છે તેનો કર્તા પુદ્‌ગલ કર્મ છે તેમ કહેવામાં આવ્યું છે. પ્રવચનસારમાં વિકારનો કર્તા જીવ છે તેમ કહ્યું છે ત્યાં એ વિકારી પરિણમન કર્મનું નથી પણ જીવનું જ છે તેમ બતાવવું છે. જ્યાં જે અપેક્ષાથી કહ્યું હોય ત્યાં તે અપેક્ષા બરાબર સમજવી જોઈએ. તો જ વસ્તુનું સ્વરૂપ જે છે તેમ સમજવામાં આવી શકે.

રાગથી ભિન્ન પડી શુદ્ધ આત્માનું જ્ઞાન કરવું એ સમ્યગ્દર્શન છે. પૂજા, ભક્તિ, યાત્રા આદિ તો અનંતવાર કર્યા, પણ આત્માના સમ્યક્‌જ્ઞાન વિના ભવના અંત ન આવ્યા, ભવના અભાવ કરવાની મોસમનો આ સમય છે. નિયમસારમાં દિવ્યધ્વનિને સકલ જનતાના શ્રવણના સૌભાગ્યનું કારણ કહ્યું છે ને ! આવી પરમ અધ્યાત્મની ગંભીર વાતો એ તો હીરા-માણેકના હારડા છે, એના મૂલ્ય શા ?

- આત્મધર્મ અંક ૩૯૧, મે ૧૯૭૬, પૃષ્ઠ ૩૨

સમયસાર ગાથા - ૧૪૧

હવે નય વિભાગથી સ્પષ્ટ કરે છે કે આ આત્મા કર્મબંધનોથી બંધાયેલો છે કે બંધાયેલો નથી, કર્મોએ એને સ્પર્શ કર્યો છે કે નહીં ?

जीवे कम्मं बद्धं पुट्ठ चेदि ववहारणयभणिदं ।
सुद्धणयस्स दु जीवे अबद्धपुट्ठं हवदि कम्मं ॥१४१॥

(હરિગીત)

છે કર્મ જીવમાં બદ્ધસ્પષ્ટ - કથિત નય વ્યવહારનું;
પણ બદ્ધસ્પૃષ્ટ ન કર્મ જીવમાં - કથન છે નય શુદ્ધનું. ૧૪૧[1]

જીવમાં કર્મ બંધાયેલું છે તથા સ્પર્શાયેલું છે - એવું વ્યવહારનયનું કથન છે અને જીવમાં કર્મ અણબંધાયેલું, અણસ્પર્શાયેલું છે - આ શુદ્ધનયનું કથન છે.

આત્મખ્યાતિ ટીકામાં પણ આ ગાથાના આ જ અર્થને માત્ર બે લીટીઓમાં દોહરાવ્યો છે, જે આ પ્રમાણે છે.

"જીવના અને પુદ્‌ગલકર્મના એકબંધપર્યાયપણાથી જોતાં તેમને તે કાળે ભિન્નતાનો અભાવ હોવાથી જીવમાં કર્મ સ્પૃષ્ટ છે - એવો વ્યવહારનયનો પક્ષ છે. જીવના અને પુદ્‌ગલકર્મના અનેક દ્રવ્યપણાથી જોતાં તેમને અત્યંત ભિન્નતા હોવાથી જીવમાં કર્મ અબદ્ધસ્પૃષ્ટ છે એવો નિશ્ચયનયનો પક્ષ છે."

તાત્પર્યવૃત્તિમાં એની ટીકામાં તો કંઈ વિશેષ કહ્યું નથી. પરંતુ ૧૪૧ થી ૧૪૪ સુધીની ચાર ગાથાઓમાં તેના વિષયવસ્તુનો જે સંકેત કર્યો છે, તે જાણવા જેવો છે જે આ પ્રમાણે છે.

---

૧ સમયસાર (ગુજરાતી), પાનું ૨૧૪

"હવે વ્યવહારનયથી જીવ બંધાયેલો છે અને નિશ્ચયનયથી અણબંધાયેલો છે - ઈત્યાદિ વિકલ્પરૂપ નયપક્ષપાતને સ્વીકાર ન કરતાં થકા શુદ્ધપારિણામિકપરમભાવ - ગ્રાહક શુદ્ધદ્રવ્યાર્થિકનયથી પુણ્ય-પાપાદિ પદાર્થોથી ભિન્ન શુદ્ધ સમયસારનું કથન આગળની ચાર ગાથાઓ દ્વારા કરે છે."

ઉક્ત કથનથી એ સ્પષ્ટ કરે છે કે હવે આગળની ગાથાઓમાં નવતત્ત્વોમાં છુપાયેલી, પરંતુ નવતત્ત્વોથી ભિન્ન આત્મજ્યોતિનું સ્વરૂપ સ્પષ્ટ કરશે, અને અનુભવની પ્રક્રિયા પર પ્રકાશ નાખશે.

પદાર્થોની ચર્ચામાં જીવાજીવાદિ પદાર્થોને મુખ્યતા ન આપીને તથા પુણ્યપાપાદિ પદાર્થોની વાત કહીને આગળના અધિકારનો સંકેત પણ આપી દીધો છે. આગળની ચાર ગાથાઓમાં કર્તાકર્માધિકાર સમાપ્ત થઈ જશે અને એના પછી પુણ્યપાપાધિકાર આવશે. આ વાતનો સંકેત ઉક્ત કથનમાં છે.

હમણાં સુધી આચાર્યદેવ જુદા જુદા નયોથી વસ્તુને સમજાવતા આવ્યા છે. હવે આગળની ગાથાઓમાં તે આપણને નયપક્ષાતીત વસ્તુ તરફ લઈ જવા માગે છે; એ જ કારણ છે કે ઉક્ત ગાથાના માધ્યમથી એક વાર સંક્ષેપમાં વ્યવહાર અને નિશ્ચયનયની વિષયવસ્તુને સ્પષ્ટ કરવામાં આવી છે.

સમયસાર ગાથા - ૧૪૨

૧૪૧મી ગાથામાં આત્માના સંદર્ભમાં વ્યવહારનય અને નિશ્ચયનયના પક્ષને પ્રસ્તુત કર્યો છે. એ જ સંદર્ભમાં આચાર્ય અમૃતચંદ્ર આ ગાથાની ઉત્થાનિકા, આત્મખ્યાતિમાં **'ततः किम्** - એનાથી શું ?' માત્ર આટલી જ આપે છે. તાત્પર્ય એ છે કે કોઈ નય ગમે તે કેમ ન કહે, મને એનાથી શું પ્રયોજન છે ? કારણ કે હું તો નયપક્ષથી પાર છું. નયવિકલ્પોથી વિકલ્પાતીત છું અને આત્માનુભૂતિ પણ નયપક્ષાતીત અવસ્થાનું નામ છે. તેથી મને આ નય વિકલ્પોથી શું પ્રયોજન છે ? આ આશયને દર્શાવતી આગળની ગાથા આ પ્રમાણે છે.

कम्मं बद्धमबद्धं जीवे एवं तु जाण णयपक्खं ।
पक्खादिक्कंतो पुण भण्णदि जो सो समयसारो ॥१४२॥

(હરિગીત)

છે કર્મ જીવમાં બદ્ધ વા અણબદ્ધ એ નયપક્ષ છે,
પણ પક્ષથી અતિક્રાંત ભાખ્યો તે 'સમયનો સાર' છે. ॥૧૪૨॥[1]

જીવમાં કર્મ બદ્ધ છે અથવા અબદ્ધ છે એ પ્રકારે તો નયપક્ષ જાણ; પણ જે પક્ષાતિક્રાંત કહેવાય છે, સમયસાર તો તે છે, શુદ્ધાત્મા તો તે છે.

ઉક્ત ભાવને પંડિત જયચંદજી છાબડાએ ભાવાર્થમાં આ રીતે વ્યક્ત કર્યો છે -

---

૧ સમયસાર (ગુજરાતી), પાનું ૨૧૫

''જીવ કર્મથી 'બંધાયેલો છે' તથા 'નથી બંધાયેલો' - આ બંને નયપક્ષ છે. એમાંથી કોઈએ બંધપક્ષ ગ્રહણ કર્યો, એણે વિકલ્પ જ ગ્રહણ કર્યો; કોઈએ અબંધ પક્ષ લીધો, તો એણે પણ વિકલ્પને જ ગ્રહણ કર્યો. પરંતુ એવા વિકલ્પોને છોડીને જે કોઈ પણ પક્ષને ગ્રહણ નથી કરતો, તે જ શુદ્ધ પદાર્થનું સ્વરૂપ જાણીને એ રૂપ સમયસારને, શુદ્ધાત્માને પ્રાપ્ત કરે છે. નયપક્ષને ગ્રહણ કરવો રાગ છે, તેથી બધાય નયપક્ષને છોડીને વીતરાગ સમયસાર થવાય છે.''

નય સંબંધી જે પણ કથન છે, ચિંતન છે; એ બધા વિકલ્પાત્મક છે અને સમયસારસ્વરૂપ ભગવાન આત્મા નિર્વિકલ્પ છે, વિકલ્પાતીત છે, એ જ કારણ છે કે તે નયપક્ષાતીત છે; તાત્પર્ય એ છે કે જ્યારે આત્માનો અનુભવ થાય છે, ત્યારે નય સંબંધી વિકલ્પ હોતો નથી.

આ રીતે દૃષ્ટિનો વિષયભૂત ભગવાન આત્મા પણ નયપક્ષાતીત છે અને એની અનુભૂતિ પણ નયપક્ષાતીત છે. નયના કથનોથી તો માત્ર એ સ્વરૂપનું પ્રતિપાદન થાય છે. જ્યારે આત્માનું સ્વરૂપ અમારા વિકલ્પાત્મક જ્ઞાનમાં સ્પષ્ટ થઈ ગયું તો હવે પ્રતિપાદનનું પણ શું પ્રયોજન રહી જાય છે ? તેથી હવે આ નયવિકલ્પોથી બસ કરો - એમાં જ સાર છે.

ઉકત ગાથાનો ભાવ આચાર્ય અમૃતચંદ્ર આત્મખ્યાતિમાં આ પ્રમાણે સ્પષ્ટ કરે છે -

''જીવમાં કર્મ બદ્ધ છે અથવા જીવમાં કર્મ અબદ્ધ છે એ પ્રકારનાં બન્ને વિકલ્પ નયપક્ષ જ છે. જે વ્યકિત બન્ને નયપક્ષોને ઓળંગી જાય છે, અતિક્રમે છે, બન્નેને છોડી દે છે; તે જ સકળ વિકલ્પને અતિક્રમતો પોતે નિર્વિકલ્પ, એક વિજ્ઞાનઘનસ્વભાવરૂપ થઈને સાક્ષાત્ સમયસાર થાય છે.

જે વ્યકિત 'જીવમાં કર્મ બદ્ધ છે' - એવો વિકલ્પ કરે છે, તે 'જીવમાં કર્મ અબદ્ધ છે' - એવા એક પક્ષને અતિક્રમતો હોવા છતાં

વિકલ્પને અતિક્રમતો નથી અને જે વ્યક્તિ 'જીવમાં કર્મ અબદ્ધ છે' એવો વિકલ્પ કરે છે તે પણ 'જીવમાં કર્મ બદ્ધ છે' એવા એક પક્ષને અતિક્રમતો હોવા છતાં વિકલ્પને અતિક્રમતો નથી. વળી જે 'જીવમાં કર્મ બદ્ધ છે અને અબદ્ધ પણ છે' એમ વિકલ્પ કરે છે તે બન્ને પક્ષને નહિ અતિક્રમતો થકો, વિકલ્પને અતિક્રમતો નથી.

તેથી જે વ્યક્તિ સમસ્ત નયપક્ષને અતિક્રમે છે, તે જ સમસ્ત વિકલ્પને અતિક્રમે છે તે જ સમયસારને પ્રાપ્ત કરે છે - અનુભવે છે.''

ગાથામાં તો માત્ર બે નયપક્ષોની જ ચર્ચા આવી છે; પરંતુ ટીકામાં ત્રીજા પ્રમાણપક્ષને પણ રાખવામાં આવ્યો છે, જેમાં કહેવામાં આવ્યું છે કે જે એવો વિકલ્પ કરે છે કે આત્મા બદ્ધ પણ છે અને અબદ્ધ પણ છે, તે પણ વિકલ્પનો અતિક્રમણ નથી કરતો. એ રીતે અહીં નય અને પ્રમાણ - બંને પક્ષોનો નિષેધ કરવામાં આવ્યો છે. કહેવામાં આવ્યું છે કે વસ્તુ નયાતીત જ નહીં, પ્રમાણાતીત પણ છે; નયપક્ષના વિકલ્પથી પણ પાર છે અને પ્રમાણના વિકલ્પથી પણ પાર છે, બધી જાતના વિકલ્પોથી પાર છે.

અહીં એક વાત એ પણ ધ્યાન આપવા યોગ્ય છે કે ગાથા અને ટીકામાં તો સમા ભાષાનો પ્રયોગ છે કે 'જીવમાં કર્મ બદ્ધ છે કે અબદ્ધ' પરંતુ જયચંદજીના ભાવાર્થમાં એવું લખ્યું છે કે જીવ કર્મોથી બંધાયેલો છે કે નથી બંધાયેલો. વર્તમાનમાં સમયસાર પર પ્રવચન કરવાવાળા બધા પ્રવકતા પણ પંડિત જયચંદજીના અનુકરણથી 'જીવ કર્મોથી બંધાયેલો છે કે નથી બંધાયેલો' ભાષાનો જ પ્રયોગ કરે છે. આમ તો બન્નેના ભાવમાં કોઈ ફરક નથી. તો પણ ગાથા અને ટીકાની ભાષા જ વધારે યોગ્ય લાગે છે; કારણ કે એમાં ભગવાન આત્માની મુખ્યતા જણાય છે.

ગાથામાં પ્રતિપાદિત સંપૂર્ણ વિષય-વસ્તુનું પ્રતિપાદન કરતાં પૂજ્ય ગુરુદેવે જે પ્રકાશ નાખ્યો છે, એમાં કંઈક ધ્યાન આપવા યોગ્ય તથ્ય આ પ્રમાણે છે -

"એનો અર્થ એ છે કે દૃષ્ટિ અંતરમાં વળતાં જ બધા વિકલ્પ છૂટી જાય છે, ત્યારે આત્માનો સાક્ષાત્ અનુભવ થઈ જાય છે. 'આ વિકલ્પ છે, હું એમને છોડું છું' એવો વિકલ્પ પણ રહેતો નથી, માત્ર અંતરદૃષ્ટિપૂર્વક અનુભવ જ રહી જાય છે.[1]

અહીં સમસ્ત નયપક્ષને છોડવાની વાત ચાલી રહી છે. પાછળ ૧૧મી ગાથામાં જે કહ્યું છે કે ભૂતાર્થનાં આશ્રયથી જીવ સમ્યગ્દૃષ્ટિ થાય છે, ત્યાં નયપક્ષના વિકલ્પની વાત નથી. ત્યાં તો ભૂતાર્થ અર્થાત્ શાશ્વત રહેવાવાળા શુદ્ધ ચૈતન્યસ્વભાવમય ભગવાન આત્માને જ શુદ્ધનય કહ્યો છે અને એના આશ્રયથી જે સ્વાનુભવ પ્રગટ થાય છે, તેને સમ્યગ્દર્શન કહેવાય છે.

અહીં એમ કહી રહ્યા છે કે 'હું આવો છું' એવા નયપક્ષને છોડી દે. આત્મા બંધાયેલો અને સ્પર્શાયેલો નથી એ તો સત્ય છે. એવા અબદ્ધસ્પૃષ્ટ આત્માને છોડવાની વાત નથી, પણ 'હુ અબદ્ધસ્પૃષ્ટ છું' - એવો જે એક નયપક્ષનો વિકલ્પ છે, એને છોડવાનું કહેવાઈ રહ્યું છે. કારણ કે જે સમસ્ત વિકલ્પોને છોડે છે, તે જ સમયસારને પ્રાપ્ત કરે છે, અનુભવ કરે છે.[2]

જ્યાં એમ કહ્યું છે કે જ્ઞાનીના બધા ભાવ જ્ઞાનમય જ છે, ત્યાં આશય એમ છે કે જ્ઞાનીને જે વિકલ્પ આવે છે, તે એને માત્ર જાણે છે. જે વિકલ્પ છે એનું જ્ઞાન પોતાથી ઉત્પન્ન થાય છે અને જ્ઞાની એ જ્ઞાનનો કર્તા છે; પરંતુ એ વિકલ્પનો કર્તા જ્ઞાની નથી. જે જાતિનો વિકલ્પ થાય છે. તેવા પ્રકારની સ્વપરપ્રકાશક પર્યાય જ્ઞાનમાં પોતાની મેળે ઉત્પન્ન થાય છે."[3]

આ રીતે અમે જોઈએ છે કે આત્મખ્યાતિ ટીકામાં ન તો કેવળ બધા નયોના પક્ષપાતથી પાર થવાની વાત છે; પણ પ્રમાણ સંબંધી વિકલ્પોથી વિરામ લેવાની પણ વાત છે.

---

૧ પ્રવચનરત્નાકર (હિન્દી), ભાગ-૪, પાનું ૩૦૫-૩૦૬
૨ પ્રવચનરત્નાકર (હિન્દી), ભાગ-૪, પાનું ૩૦૮
૩ પ્રવચનરત્નાકર (હિન્દી), ભાગ-૪, પાનું ૩૧૦

ટીકામાં અંતમાં કહેવામાં આવ્યું છે કે 'જો એમ છે તો નયપક્ષના ત્યાગની ભાવનાને વાસ્તવમાં કોણ નહીં નચાવશે' એવું કહીને આચાર્ય અમૃતચંદ્ર નયપક્ષના ત્યાગની ભાવનાવાળા ૨૩ કળશરૂપ કાવ્ય લખે છે, જેમાં પહેલું કાવ્ય આ પ્રમાણે છે.

(उपेन्द्रवज्रा)

य एव मुक्त्वा नयपक्षपातं स्वरूपगुप्ता निवसंति नित्यम् ।
विकल्पजालच्युतशांतचित्तास्त एव साक्षादमृतं पिवंति ॥६९॥

(હરિગીત)

નયપક્ષપાત તજી અને જે સ્વરૂપગુપ્ત બની રહે,
થઈ શાંતચિત્ત વિકલ્પહીન તે આત્મઅમૃતને પીએ ॥૬૯॥

જે નયોના પક્ષપાતને છોડીને સદા સ્વરૂપમાં ગુપ્ત થઈને નિવાસ કરે છે, તે જ સાક્ષાત્ અમૃતનું પાન કરે છે. કારણ કે એનું ચિત્ત વિકલ્પજાળથી રહિત થઈ ગયું છે અને એકદમ શાંત થઈ ગયું છે.

ઉક્ત છંદમાં 'સ્વરૂપગુપ્ત' શબ્દ આવ્યો છે. આચાર્ય અમૃતચંદ્રને આ પદ અત્યંત પ્રિય છે. તેઓ આ પદનો પ્રયોગ વારંવાર પોતાના માટે કરે છે. અંતિમકળશ, જે એક રીતે પ્રશસ્તિનો છંદ છે, એમાં તેઓ પોતાને સ્વરૂપગુપ્ત અમૃતચંદ્ર કહે છે. અહીં પણ તેઓ કહી રહ્યા છે કે જે વ્યક્તિ સ્વરૂપમાં ગુપ્ત થઈને રહે છે. નિજાત્મસ્વરૂપનો આશ્રય લે છે; તે સાક્ષાત્ અમૃતનું પાન કરે છે. આ રીતે સ્વરૂપગુપ્ત અને અમૃતચંદ્ર આ બંને પદ આ છંદમાં પણ આવ્યા છે.

ઉક્ત છંદનો ભાવ પંડિત જયચંદજી છાબડા ભાવાર્થમાં આ રીતે વ્યક્ત કરે છે –

"જ્યાં સુધી કંઈ પણ પક્ષપાત રહે છે, ત્યાં સુધી ચિત્તનો ક્ષોભ મટતો નથી. જ્યારે નયોનો પક્ષપાત દૂર થઈ જાય છે, ત્યારે વીતરાગદશા થઈને સ્વરૂપની શ્રદ્ધા નિર્વિકલ્પ થાય છે, સ્વરૂપમાં પ્રવૃત્તિ થાય છે અને અતીન્દ્રિય સુખનો અનુભવ થાય છે."

આ જ પ્રકારનો ભાવ કળશ ટીકામાં પાંડે રાજમલજી પણ વ્યક્ત કરે છે; જે આ પ્રમાણે છે -

"જે એક સત્ત્વરૂપ વસ્તુ છે, એનું દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપ, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ વિચાર કરવાથી વિકલ્પ થાય છે, એ વિકલ્પ થવાથી મન આકુળ થાય છે, આકુળતા દુઃખ છે, તેથી વસ્તુ માત્રનો અનુભવ થતાં વિકલ્પ મટે છે, વિકલ્પ મટતાં આકુળતા મટે છે, આકુળતા મટતાં દુઃખ મટે છે, તેથી અનુભવશીલી જીવ પરમસુખી છે."

નાટક સમયસારમાં એનો ભાવાનુવાદ આ પ્રમાણે કરવામાં આવ્યો છે.

(सवैया तेईसा)

जे न करै नयपच्छ विवाद, धरै न विखाद अलीक न भाखें ।
जे उदवेग तजै घट अन्तर, सीतलभाव निरन्तर राखैं ॥
जे न गुनी-गुन भेद विचारत, आकुलता मनकी सब नाखैं ।
ते जग मैं धरि आतम ध्यान, अखण्डित ग्यानसुधारस चाखैं ॥

જે નયોના પક્ષમાં પડીને વિવાદ કરતા નથી, ચિત્તમાં વિષાદ રાખતા નથી. જુઠું બોલતા નથી, આંતરિક ઉદ્વેગને છોડી દે છે અને સદાય શાંત રહે છે, જે ગુણ-ગુણીના વિચારમાં ઉલઝતા નથી અને મનની સમસ્ત આકુળતાને છોડી દે છે; તે જીવ જ આ લોકમાં આત્મધ્યાન ધારણ કરીને અખંડિત જ્ઞાનામૃતનો રસ ચાખે છે, આત્માનુભવ કરે છે.

આ રીતે એ સ્પષ્ટ છે કે આ છંદમાં માત્ર એમ કહેવામાં આવ્યું છે કે જે વ્યક્તિ નયપક્ષાતીત થઈને નિજસ્વરૂપમાં નિવાસ કરે છે; તે વિકલ્પજાળથી રહિત શાંત ચિત્તવાળા વ્યક્તિ અતીન્દ્રિય આનંદામૃતનું પાન કરે છે. તાત્પર્ય એ છે કે આત્માનુભવી જ સુખી થાય છે.

હવે આચાર્ય અમૃતચંદ્રદેવ લગભગ એક જ ભાવવાળા ૨૦ છંદોના માધ્યમથી નયપક્ષ-સન્યાસની ભાવનાને નચાવે છે, આત્માનુભવની ભાવના તેઓ ભાવે છે; જે આ પ્રમાણે છે.

(उपजाति)

एकस्य बद्धो न तथा परस्य चिति द्वयोर्द्वाविति पक्षपातौ ।
यस्तत्त्ववेदी च्युतपक्षपातस्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव ॥७०॥

एकस्य मूढो न तथा परस्य चिति द्वयोर्द्वाविति पक्षपातौ ।
यस्तत्त्ववेदी च्युतपक्षपातस्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव ॥७१॥

एकस्य रक्तो न तथा परस्य चिति द्वयोर्द्वाविति पक्षपातौ ।
यस्तत्त्ववेदी च्युतपक्षपातस्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव ॥७२॥

एकस्य दुष्टो न तथा परस्य चिति द्वयोर्द्वाविति पक्षपातौ ।
यस्तत्त्ववेदी च्युतपक्षपातस्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव ॥७३॥

एकस्य कर्ता न तथा परस्य चिति द्वयोर्द्वाविति पक्षपातौ ।
यस्तत्त्ववेदी च्युतपक्षपातस्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव ॥७४॥

एकस्य भोक्ता न तथा परस्य चिति द्वयोर्द्वाविति पक्षपातौ ।
यस्तत्त्ववेदी च्युतपक्षपातस्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव ॥७५॥

एकस्य जीवो न तथा परस्य चिति द्वयोर्द्वाविति पक्षपातौ ।
यस्तत्त्ववेदी च्युतपक्षपातस्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव ॥७६॥

एकस्य सूक्ष्मो न तथा परस्य चिति द्वयोर्द्वाविति पक्षपातौ ।
यस्तत्त्ववेदी च्यतुपक्षपातस्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव ॥७७॥

एकस्य हेतु र्न तथा परस्य चिति द्वयोर्द्वाविति पक्षपातौ ।
यस्तत्त्ववेदी च्युतपक्षपातस्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव ॥७८॥

एकस्य कार्यं न तथा परस्य चिति द्वयोर्द्वाविति पक्षपातौ ।
यस्तत्त्ववेदी च्युतपक्षपातस्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव ॥७९॥

एकस्य भावो न तथा परस्य चिति द्वयोर्द्वाविति पक्षपातौ ।
यस्तत्त्ववेदी च्युतपक्षपातस्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव ॥ ८०॥

एकस्य चैको न तथा परस्य चिति द्वयोर्द्वाविति पक्षपातौ ।
यस्तत्त्ववेदी च्युतपक्षपातस्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव ॥८१॥

एकस्य सांतो न तथा परस्य चिति द्वयोर्द्वाविति पक्षपातौ ।
यस्तत्त्ववेदी च्युतपक्षपातस्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव ॥८२॥

एकस्य नित्यो न तथा परस्य चिति द्वयोर्द्वाविति पक्षपातौ ।
यस्तत्त्ववेदी च्युतपक्षपातस्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव ॥८३॥
एकस्य वाच्यो न तथा परस्य चिति द्वयोर्द्वाविति पक्षपातौ ।
यस्तत्त्ववेदी च्युतपक्षपातस्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव ॥८४॥

एकस्य नाना न तथा परस्य चिति द्वयोर्द्वाविति पक्षपातौ ।
यस्तत्त्ववेदी च्युतपक्षपातस्यास्ति नित्यं खलु चिच्चिदेव ॥८५॥

एकस्य चेत्यो न तथा परस्य चिति द्वयोर्द्वाविति पक्षपातौ ।
यस्तत्त्ववेदी च्युतपक्षपातस्तस्याति नित्यं खलु चिच्चिदेव ॥८६॥

एकस्य दृश्यो न तथा परस्य चिति द्वयोर्द्वाविति पक्षपातौ ।
यस्तत्त्ववेदी च्युतपक्षपातस्तस्याति नित्यं खलु चिच्चिदेव ॥८७॥

एकस्य वेद्यो न तथा परस्य चिति द्वयोर्द्वाविति पक्षपातौ ।
यस्तत्त्ववेदी च्युतपक्षपातस्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव ॥८८॥

एकस्य भातो न तथा परस्य चिति द्वयोर्द्वाविति पक्षपातौ ।
यस्तत्त्ववेदी च्युतपक्षपातस्तस्यास्ति नित्यं खलु चिच्चिदेव ॥८९॥

(દોહરા)

એક કહે છે બદ્ધ ને બદ્ધ ન બીજો પક્ષ
પક્ષો છે આ જીવ વિષે ઉભયનયોને લક્ષ;
પક્ષપાતથી રહિત જન તત્ત્ववેદી જે થાય,
ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ તેને સદા જણાય. ૭૦

એક કહે છે મૂઢ ને મૂઢ ન બીજો પક્ષ
પક્ષો છે આ જીવ વિષે ઉભયનયોને લક્ષ;
પક્ષપાતથી રહિત જન તત્ત્ववેદી જે થાય
ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ તેને સદા જાણાય. ૭૧

એક કહે છે રક્ત ને રક્ત ન બીજો પક્ષ,
પક્ષો છે આ જીવ વિષે ઉભયનયોને લક્ષ;
પક્ષપાતથી રહિત જન તત્ત્ववેદી જે થાય,
ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ તેને સદા જાણાય. ૭૨

દ્વેષી છે દ્વેષી નથી એવા છે બે પક્ષ
પક્ષો છે આ જીવ વિષે ઉભયનયોને લક્ષ;
પક્ષપાતથી રહિત જન તત્ત્ववેદી જે થાય,
ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ તેને સદા જાણાય. ૭૩

કર્તા છે કર્તા નથી એવા છે બે પક્ષ,
પક્ષો છે આ જીવ વિષે ઉભયનયોને લક્ષ;
પક્ષપાતથી રહિત જન તત્ત્ववેદી જે થાય,
ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ તેને સદા જાણાય. ૭૪

ભોક્તા છે ભોક્તા નથી એવા છે બે પક્ષ,
પક્ષો છે આ જીવ વિષે ઉભયનયોને લક્ષ;
પક્ષપાતથી રહિત જન તત્ત્ववેદી જે થાય,
ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ તેને સદા જાણાય. ૭૫

એક કહે છે જીવ ને જીવ ન બીજો પક્ષ,
પક્ષો છે આ જીવ વિષે ઉભયનયોને લક્ષ;
પક્ષપાતથી રહિત જન તત્ત્ववેદી જે થાય,
ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ તેને સદા જાણાય. ૭૬

એક કહે છે સૂક્ષ્મ ને સૂક્ષ્મ ન બીજો પક્ષ,
પક્ષો છે આ જીવ વિષે ઉભયનયોને લક્ષ;
પક્ષપાતથી રહિત જન તત્ત્ववેદી જે થાય,
ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ તેને સદા જણાય. ૭૭

એક કહે છે હેતુ ને હેતુ ન બીજો પક્ષ,
પક્ષો છે આ જીવ વિષે ઉભયનયોને લક્ષ;
પક્ષપાતથી રહિત જન તત્ત્ववેદી જે થાય,
ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ તેને સદા જણાય. ૭૮

એક કહે છે કાર્ય ને કાર્ય ન બીજો પક્ષ,
પક્ષો છે આ જીવ વિષે ઉભયનયોને લક્ષ;
પક્ષપાતથી રહિત જન તત્ત્ववેદી જે થાય,
ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ તેને સદા જણાય. ૭૯

એક કહે છે ભાવ ને ભાવ ન બીજો પક્ષ,
પક્ષો છે આ જીવ વિષે ઉભયનયોને લક્ષ;
પક્ષપાતથી રહિત જન તત્ત્ववેદી જે થાય,
ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ તેને સદા જણાય. ૮૦

એક કહે છે એક ને એક ન બીજો પક્ષ,
પક્ષો છે આ જીવ વિષે ઉભયનયોને લક્ષ;
પક્ષપાતથી રહિત જન તત્ત્ववેદી જે થાય,
ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ તેને સદા જણાય. ૮૧

એક કહે છે સાંત ને સાંત ન બીજો પક્ષ,
પક્ષો છે આ જીવ વિષે ઉભયનયોને લક્ષ;
પક્ષપાતથી રહિત જન તત્ત્ववેદી જે થાય,
ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ તેને સદા જણાય. ૮૨

એક કહે છે નિત્ય ને નિત્ય ન બીજો પક્ષ,
પક્ષો છે આ જીવ વિષે ઉભયનયોને લક્ષ;
પક્ષપાતથી રહિત જન તત્ત્ववેદી જે થાય,
ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ તેને સદા જણાય. ૮૩

એક કહે છે વાચ્ય ને વાચ્ય ન બીજો પક્ષ,
પક્ષો છે આ જીવ વિષે ઉભયનયોને લક્ષ;
પક્ષપાતથી રહિત જન તત્ત્ववેદી જે થાય,
ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ તેને સદા જણાય. ૮૪

નાના છે નાના નથી એવા છે બે પક્ષ,
પક્ષો છે આ જીવ વિષે ઉભયનયોને લક્ષ;
પક્ષપાતથી રહિત જન તત્ત્ववેદી જે થાય,
ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ તેને સદા જણાય. ૮૫

એક કહે છે ચેત્ય ને ચેત્ય ન બીજો પક્ષ,
પક્ષો છે આ જીવ વિષે ઉભયનયોને લક્ષ;
પક્ષપાતથી રહિત જન તત્ત્ववેદી જે થાય,
ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ તેને સદા જણાય. ૮૬

એક કહે છે દૃશ્ય ને દૃશ્ય ન બીજો પક્ષ,
પક્ષો છે આ જીવ વિષે ઉભયનયોને લક્ષ;
પક્ષપાતથી રહિત જન તત્ત્ववેદી જે થાય,
ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ તેને સદા જણાય. ૮૭

એક કહે છે વેદ્ય ને વેદ્ય ન બીજો પક્ષ,
પક્ષો છે આ જીવ વિષે ઉભયનયોને લક્ષ;
પક્ષપાતથી રહિત જન તત્ત્ववેદી જે થાય,
ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ તેને સદા જણાય. ૮૮

એક કહે છે ભાત ને ભાત ન બીજો પક્ષ,
પક્ષો છે આ જીવ વિષે ઉભયનયોને લક્ષ;
પક્ષપાતથી રહિત જન તત્ત્વવેદી જે થાય,
ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ તેને સદા જણાય. ૮૯

એક નયનો પક્ષ છે કે જીવ કર્મોથી બંધાયેલો છે અને બીજા નયનો પક્ષ છે કે જીવ કર્મોથી બંધાયેલો નથી.

આ રીતે ચિત્સ્વરૂપ જીવના સંબંધમાં બે નયોના બે પક્ષપાત છે, પરંતુ તત્વને જાણનારો એ બન્નેય પક્ષપાત રહિત હોય છે. એને માટે ચિત્સ્વરૂપ જીવ સદા ચિત્સ્વરૂપ જ છે.

એક નયનો પક્ષ છે કે જીવ મૂઢ છે અને બીજા નયનો પક્ષ છે કે જીવ મૂઢ નથી. આ રીતે ચિત્સ્વરૂપ જીવના સંબંધમાં બે નયોના બે પક્ષપાત છે, પરંતુ તત્વવેદી પક્ષપાત રહિત છે. એને માટે તો ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે.

એક નયનો પક્ષ છે કે જીવ રાગી છે અને બીજા નયનો પક્ષ છે કે જીવ રાગી નથી. ચિત્સ્વરૂપ જીવના સંબંધમાં બે નયોના બે પક્ષપાત છે, પરંતુ તત્વવેદી પક્ષપાત રહિત છે. એને માટે તો ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે.

એક નયનો પક્ષ છે કે જીવ દ્વેષી છે અને બીજા નયનો પક્ષ છે કે જીવ દ્વેષી નથી. ચિત્સ્વરૂપ જીવના સંબંધમાં બે નયોના બે પક્ષપાત છે, પરંતુ તત્વવેદી પક્ષપાત રહિત છે એને માટે તો ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે.

એક નયનો પક્ષ છે કે જીવ કર્તા છે અને બીજા નયનો પક્ષ છે કે જીવ કર્તા નથી. આ રીતે ચિત્સ્વરૂપ જીવના સંબંધમાં બે નયોનાં બે પક્ષપાત છે, પરંતુ તત્વવેદી પક્ષપાત રહિત છે. એને માટે તો ચિત્સ્વરૂપ જીવ સદા ચિત્સ્વરૂપ જ છે.

એક નયનો પક્ષ છે કે જીવ ભોકતા છે અને બીજા નયનો પક્ષ છે કે જીવ ભોકતા નથી. આ રીતે ચિત્સ્વરૂપ જીવના સંબંધમાં બે નયોના બે પક્ષપાત છે, પરંતુ તત્વવેદી પક્ષપાત રહિત છે. એને માટે તો ચિત્સ્વરૂપ જીવ સદા ચિત્સ્વરૂપ જ છે.

એક નયનો પક્ષ છે કે જીવ જીવ છે અને બીજા નયનો પક્ષ છે કે જીવ જીવ નથી. આ રીતે ચિત્સ્વરૂપ જીવના સંબંધમાં બે નયોના બે પક્ષપાત છે, પરંતુ તત્વવેદી પક્ષપાત રહિત છે. એને માટે તો ચિત્સ્વરૂપ જીવ સદા ચિત્સ્વરૂપ જ છે.

એક નયનો પક્ષ છે કે જીવ સૂક્ષ્મ છે અને બીજા નયનો પક્ષ છે કે જીવ સૂક્ષ્મ નથી. આ રીતે ચિત્સ્વરૂપ જીવના સંબંધમાં બે નયોના બે પક્ષપાત છે, પરંતુ તત્વવેદી પક્ષપાત રહિત છે. એને માટે તો ચિત્સ્વરૂપ જીવ સદા ચિત્સ્વરૂપ જ છે.

એક નયનો પક્ષ છે કે જીવ હેતુ (કારણ) છે અને બીજા નયનો પક્ષ છે કે જીવ હેતુ (કારણ) નથી. આ રીતે ચિત્સ્વરૂપ જીવના સંબંધમાં બે નયોના બે પક્ષપાત છે, પરંતુ તત્વવેદી પક્ષપાત રહિત છે. એને માટે તો ચિત્સ્વરૂપ જીવ સદા ચિત્સ્વરૂપ જ છે.

એક નયનો પક્ષ છે કે જીવ કાર્ય છે અને બીજા નયનો પક્ષ છે કે જીવ કાર્ય નથી. આ રીતે ચિત્સ્વરૂપ જીવના સંબંધમાં બે નયોના બે પક્ષપાત છે, પરંતુ તત્વવેદી પક્ષપાત રહિત છે. એને માટે તો ચિત્સ્વરૂપ જીવ સદા ચિત્સ્વરૂપ જ છે.

એક નયનો પક્ષ છે કે જીવ ભાવ છે અને બીજા નયનો પક્ષ છે કે જીવ ભાવ નથી. આ રીતે ચિત્સ્વરૂપ જીવના સંબંધમાં બે નયોના બે પક્ષપાત છે, પરંતુ તત્વવેદી પક્ષપાત રહિત છે. એને માટે તો ચિત્સ્વરૂપ જીવ સદા ચિત્સ્વરૂપ જ છે.

એક નયનો પક્ષ છે કે જીવ એક છે અને બીજા નયનો પક્ષ છે કે જીવ એક નથી. આ રીતે ચિત્સ્વરૂપ જીવના સંબંધમાં બે નયોના બે પક્ષપાત છે, પરંતુ તત્વવેદી પક્ષપાત રહિત છે. એને માટે તો ચિત્સ્વરૂપ જીવ સદા ચિત્સ્વરૂપ જ છે.

એક નયનો પક્ષ છે કે જીવ સાંત છે અને બીજા નયનો પક્ષ છે જીવ સાંત નથી. આ રીતે ચિત્સ્વરૂપ જીવના સંબંધમાં બે નયોનાં બે પક્ષપાત છે, પરંતુ તત્વવેદી પક્ષપાત રહિત છે. એને માટે તો ચિત્સ્વરૂપ જીવ સદા ચિત્સ્વરૂપ જ છે.

એક નયનો પક્ષ છે કે જીવ નિત્ય છે અને બીજા નયનો પક્ષ છે કે જીવ નિત્ય નથી. આ રીતે ચિત્સ્વરૂપ જીવના સંબંધમાં બે નયોનાં બે પક્ષપાત છે, પરંતુ તત્વવેદી પક્ષપાત રહિત છે. એને માટે તો ચિત્સ્વરૂપ જીવ સદા ચિત્સ્વરૂપ જ છે.

એક નયનો પક્ષ છે કે જીવ વાચ્ય છે અને બીજા નયનો પક્ષ છે કે જીવ વાચ્ય નથી. આ રીતે ચિત્સ્વરૂપ જીવના સંબંધમાં બે નયોના બે પક્ષપાત છે, પરંતુ તત્વવેદી પક્ષપાત રહિત છે. એને માટે તો ચિત્સ્વરૂપ જીવ સદા ચિત્સ્વરૂપ જ છે.

એક નયનો પક્ષ છે કે જીવ નાનારૂપ છે અને બીજા નયનો પક્ષ છે કે જીવ નાનારૂપ નથી. આ રીતે ચિત્સ્વરૂપ જીવના સંબંધમાં બે નયોના બે પક્ષપાત છે, પરંતુ તત્વવેદી પક્ષપાત રહિત છે. એને માટે તો ચિત્સ્વરૂપ જીવ સદા ચિત્સ્વરૂપ જ છે.

એક નયનો પક્ષ છે કે જીવ ચેત્ય છે અને બીજા નયનો પક્ષ છે કે જીવ ચેત્ય નથી. આ રીતે ચિત્સ્વરૂપ જીવના સંબંધમાં બે નયોના બે પક્ષપાત છે, પરંતુ તત્વવેદી પક્ષપાત રહિત છે. એને માટે તો ચિત્સ્વરૂપ જીવ સદા ચિત્સ્વરૂપ જ છે.

એક નયનો પક્ષ છે કે જીવ દશ્ય છે અને બીજા નયનો પક્ષ છે કે જીવ દશ્ય નથી. આ રીતે ચિત્સ્વરૂપ જીવના સંબંધમાં બે નયોના બે પક્ષપાત છે, પરંતુ તત્વવેદી પક્ષપાત રહિત છે. એને માટે તો ચિત્સ્વરૂપ જીવ સદા ચિત્સ્વરૂપ જ છે.

એક નયનો પક્ષ છે કે જીવ વેદ્ય છે અને બીજા નયનો પક્ષ છે

કે જીવ વેદ્ય નથી. આ રીતે ચિત્સ્વરૂપ જીવના સંબંધમાં બે નયોના બે પક્ષપાત છે, પરંતુ તત્વવેદી પક્ષપાત રહિત છે. એને માટે તો ચિત્સ્વરૂપ જીવ સદા ચિત્સ્વરૂપ જ છે.

એક નયનો પક્ષ છે કે જીવ ભાત છે અને બીજા નયનો પક્ષ છે કે જીવ ભાત નથી. આ રીતે ચિત્સ્વરૂપ જીવના સંબંધમાં બે નયોના બે પક્ષપાત છે, પરંતુ તત્વવેદી પક્ષપાત રહિત છે. એને માટે તો ચિત્સ્વરૂપ જીવ સદા ચિત્સ્વરૂપ જ છે.

ઉક્ત વીસ છંદોમાં એમ કહેવામાં આવ્યું છે કે આત્મા બદ્ધ છે, અબદ્ધ છે; મૂઢ છે, અમૂઢ છે; રાગી છે, અરાગી છે; દ્વેષી છે, અદ્વેષી છે; કર્તા છે, અકર્તા છે; ભોકતા છે, અભોકતા છે; જીવ છે, અજીવ છે; સૂક્ષ્મ છે, સ્થૂલ છે; કારણ છે, અકારણ છે, કાર્ય છે, અકાર્ય છે; ભાવ છે, અભાવ છે; એક છે, અનેક છે; વાચ્ય છે, અવાચ્ય છે; નાના છે, અનાના છે; ચેત્ય છે, અચેત્ય છે; દૃશ્ય છે, અદૃશ્ય છે; વેદ્ય છે, અવેદ્ય છે અને ભાત છે, અભાત છે - આ બધા નયોના કથન છે. આમ તો સમજવા માટે અત્યંત ઉપયોગી છે, પરંતુ વિકલ્પાત્મક હોવાથી નયપક્ષ જ છે.

જે આત્માર્થી ઉક્ત કથનોના માધ્યમથી યથાયોગ્ય વિવક્ષાપૂર્વક વસ્તુસ્વરૂપનો નિર્ણય કરીને, તત્વનો નિર્ણય કરીને, આ નયકથનોનો પણ પક્ષપાત છોડીને, નયોનો પક્ષપાત છોડીને, નયકથનોના વિકલ્પોને તોડીને, ચિત્સ્વરૂપ પોતાના આત્માનો અનુભવ કરે છે; તે જ આત્માને પ્રાપ્ત કરે છે, સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રને પ્રાપ્ત થાય છે; અતીન્દ્રિય આનંદને પ્રાપ્ત કરે છે; પરમસુખી થાય છે; મુક્તિને પ્રાપ્ત કરે છે.

આમ તો આત્મામાં અનેક સાધારણ ધર્મ છે, સામાન્ય ધર્મ છે, તો પણ ચિત્સ્વભાવ આત્માનો અસાધારણ ધર્મ છે, વિશેષ ધર્મ છે, પ્રગટ અનુભવગોચર ધર્મ છે. આ કારણથી એને મુખ્ય કરીને અહીં જીવને વારંવાર ચિત્સ્વરૂપ જ કહેવામાં આવ્યો છે.

ઉક્ત વીસ કળશોમાં પ્રત્યેકના અંતિમ ત્રણ પદ તો સરખા જ

છે, માત્ર પહેલા પદમાં ફરક છે. ૭૦મા કળશમાં અર્થાત્ પ્રથમ કળશમાં સમાયેલ બદ્ધ-અબદ્ધ પદોની જગાએ ક્રમસર: મૂઢ-અમૂઢ, રાગી-અરાગી, દ્વેષી-અદ્વેષી, કર્તા-અકર્તા, આદિ પદ રાખીને બાકીના છેદ બનાવવામાં આવ્યા છે. તેથી એક ૭૦મા છંદનો ભાવ ખ્યાલમાં આવી જતાં બાકીના છેદોનો ભાવ પણ સહજ જ ભાસિત થઈ જાય છે.

આ જ કારણથી કળશટીકાકાર પાંડે રાજમલજીની કળશ ટીકામાં ફક્ત એક ૭૦મા છંદનો જ અર્થ કર્યો છે, બાકીના છંદોનો અર્થ જ કર્યો નથી.

કળશટીકામાં ૭૦મા છંદનો જે અર્થ કરવામાં આવ્યો છે, એનો ભાવ આ પ્રમાણે છે -

"ચૈતન્યમાત્ર વસ્તુમાં દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિક બે નયોના બે જ પક્ષપાત છે. જીવદ્રવ્ય અનાદિથી કર્મ સંયોગની સાથે એક પર્યાયરૂપ વિભાવરૂપ પરિણમેલો છે. એ રીતે દ્રવ્યસ્વરૂપને ગ્રહણ ન કરતાં માત્ર બંધપર્યાયની બાજુથી જોઈએ તો જીવ બંધાયેલો છે. એક પર્યાયાર્થિક નયનો પક્ષ તો આ છે. બીજો દ્રવ્યાર્થિક નયનો પક્ષ એ છે કે જીવદ્રવ્ય અનાદિનિધન ચેતના લક્ષણ છે, તેમાં બંધન છે જ નહીં, તે સદા પોતારૂપ જ રહે છે કારણ કે કોઈ દ્રવ્ય બીજા દ્રવ્યના દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપ પરિણમતું નથી.

જે વ્યક્તિ જીવના શુદ્ધ ચેતનામાત્ર સ્વભાવનો અનુભવશીલ છે, ને ઉક્ત પક્ષપાતથી રહિત છે. એક વસ્તુની અનેક રૂપ કલ્પના કરવાનું નામ જ પક્ષપાત છે અને વસ્તુમાત્રનો સ્વાદ આવતાં કલ્પનાબુદ્ધિ સહજ જ મટી જાય છે. શુદ્ધસ્વરૂપનો અનુભવ કરનારને ચૈતન્યવસ્તુનો પ્રત્યક્ષ સ્વાદ આવે છે. તેથી તે નયપક્ષાતીત છે."

કવિવર પંડિત બનારસીદાસજી નાટક સમયસારમાં સર્વત્ર કળશ ટીકાનું અનુસરણ કરે છે. તેથી એમણે પણ બધા ૨૦ છંદોના ભાવોને પકડીને સમયસારમાં એક જ છંદ બનાવ્યો છે, જે આ પ્રમાણે છે.

(सवैया इकतीसा)

विवहार-दृष्टिसौं विलोकत बंध्यौसौ दीसै,
निहचै निहारत न बांध्यौ यह किनिहीं ।

एक पच्छ बंध्यौ एक पच्छसौं अबंध सदा,
दोउ बपच्छ अपनै अनादि धरे इनिहीं ।।

कोऊ कहै समल विमलरूप कोऊ कहै,
चिदानन्द तैसौई बखान्यौ जैसौ जिनिहीं ।

बंध्यौ मानै खुल्यौ मानै दोऊ नैको भेद जानै,
सोई ग्यानवंत जीव तत्त्व पायौ तिनिहीं ।।

વ્યવહારનયથી જોતાં આત્મા બંધાયેલો જણાય છે અને નિશ્ચયનયથી જોતાં પ્રતીત થાય છે કે તે કોઈથી પણ બંધાયેલો નથી. એક પક્ષ આત્માને બંધાયેલો માને છે અને બીજો કહે છે કે તે સદાય અબંધ છે. અપેક્ષા સમજ્યા વગર એ બંને જ પક્ષ અપનય છે; કુનય છે; મિથ્યાનય છે અને તે અનાદિથી ચાલી રહ્યા છે. કોઈ નય આત્માને મળ સહિત કહે છે, કોઈ નય મળ વગરનો કહે છે; જે નયથી જેમ કહ્યું છે, તે નયથી આત્મા તેવો જ છે; પરંતુ જે વ્યક્તિ પ્રત્યેક નયના કથનનો ખરો અભિપ્રાય સમજે છે, તે કથનના પ્રયોજનને બરોબર ઓળખે છે અને આત્માને યથાયોગ્ય બંધાયેલો અને અણબંધાયેલો માને છે; તે જ વ્યક્તિએ તત્વ પ્રાપ્ત કર્યું છે.

પાંડે રાજમલજી અને કવિવર બનારસીદાસજીએ ઉકત છંદનો જે ભાવ બતાવ્યો છે તેનું અનુશીલન કરતાં નીચે મુજબના મુદ્દાઓ ધ્યાનમાં આવે છે –

(૧) મૂળ છંદમાં તો 'એક નયથી બંધાયેલો અને બીજા નયથી અબંધ' – માત્ર એટલું જ લખ્યું છે, નયોના નામોનો ઉલ્લેખ કર્યો નથી; પણ પાંડે રાજમલજી નયોનો ઉલ્લેખ પર્યાયાર્થિક અને દ્રવ્યાર્થિક

નયોના રૂપમાં કરે છે અને બનારસીદાસજી વ્યવહાર અને નિશ્ચય નયોના રૂપમાં કરે છે.

(૨) રાજમલજી પક્ષપાતનું સ્વરૂપ સ્પષ્ટ કરતાં કહે છે કે એક વસ્તુની અનેક કલ્પના કરવી જ પક્ષપાત છે. વસ્તુમાત્રનો સ્વાદ આવતાં ઉક્ત કલ્પના વિલીન થઈ જાય છે, આત્માનુભવ થતાં વિકલ્પ સમાપ્ત થઈ જાય છે. એ અવસ્થાનું નામ જ નયપક્ષાતીત અવસ્થા છે. આ રીતે આત્માનુભવી જ નયપક્ષાતીત છે, તત્ત્વવેદી છે.

(૩) બનારસીદાસજી આ વાત પર વજન આપે છે કે જે વ્યક્તિ બંને નયોના કથનના મર્મને સમજે છે. એમના અભિપ્રાયને જાણે છે, પ્રયોજનને ઓળખે છે તે જ જ્ઞાનવંત છે. તે જ તત્ત્વવેદી છે, તેણે જ તત્ત્વને મેળવ્યું છે.

ઉક્ત ત્રણ મુદ્દાઓમાં પ્રથમ મુદ્દાના સંદર્ભમાં એ વાત છે કે દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિક નય મૂળથી આગમના નય છે અને નિશ્ચય-વ્યવહાર અધ્યાત્મના. આમ તો બન્ને જ શૈલીઓ એકદમ જુદી-જુદી છે; છતાં પણ એકબીજાની વિરોધી નથી, પરંતુ પૂરક છે.

પ્રસ્તુત પ્રકરણમાં બન્ને જ શૈલિઓ સહજ જ ઘટિત થઈ જાય છે. 'આત્મામાં કર્મ બદ્ધ છે' આ કથન પર્યાયદૃષ્ટિથી કરેલું હોવાથી પર્યાયાર્થિક નયનું કથન છે તથા આત્મા અને કર્મોના સંયોગનું કથન હોવાથી બે દ્રવ્યોની વચ્ચે સંયોગ બતાવનાર અસદ્‌ભૂતવ્યવહારનયનું પણ કથન છે. આ રીતે 'આત્મામાં કર્મ અબદ્ધ છે' એ કથન દ્રવ્યદૃષ્ટિથી કરેલું હોવાથી દ્રવ્યાર્થિકનયનું કથન છે અને સંયોગનો અસ્વીકાર કરી દેનાર કથન હોવાથી શુદ્ધસ્વભાવના પ્રતિપાદક નિશ્ચયનયનું કથન છે. આ રીતે આપણે જોઈએ છે કે બંને જ શૈલિઓ સહજભાવથી જ ઘટિત થાય છે.

એ તો આપ જાણો છો કે કળશટીકાકાર પાંડે રાજમલજી સંયોગનું કથન કરનાર અસદ્‌ભૂતવ્યવહારનયને નય જ માનતા નથી.

જે આ વાતથી અપરિચિત હોય તેમણે **'પરમભાવપ્રકાશક નયચક્ર'**નાં **'પંચાધ્યાયીના અનુસાર વ્યવહારનયનાં ભેદ-પ્રભેદ'** પ્રકરણનું અધ્યયન કરવું જોઈએ.

હા, તો સંયોગી કથન કરનાર અસદ્‌ભૂતવ્યવહારનયને નયાભાસ માનનાર પાંડે રાજમલજી અહીં 'આત્મામાં કર્મ બદ્ધ છે' - આ સંયોગી કથનને વ્યવહારનયનું કથન કેવી રીતે કહી શકતા હતા ? આ જ કારણથી એમણે અહીં 'એક નય' શબ્દનો અર્થ પર્યાયાર્થિકનય અને 'બીજા નય' શબ્દનો અર્થ દ્રવ્યાર્થિકનય કર્યો છે.

બીજું તે વ્યવહારનય અને પર્યાયાર્થિકનયને પર્યાયવાચક જેવા જ માને છે. જેવું કે એમના નીચેના કથનથી સ્પષ્ટ જ છે -

''पर्यायार्थिक नय इति यदि वा व्यवहार एव नामेति ।
एकार्थो यस्मादिह सर्वोऽप्युपचारमात्रः स्यात् ॥'[1]

પર્યાયાર્થિકનય કહો કે વ્યવહારનય કહો - એ બન્નેનો એક જ અર્થ છે; કારણ કે એ નયના વિષયમાં જેટલો પણ વ્યવહાર હોય છે, તે ઉપચાર માત્ર છે.''

જે વ્યવહારનય અને પર્યાયાર્થિકનયને પર્યાયવાચક જ માનતો હોય તેને આ વાતના ઊંડાણમાં જવાની શું જરૂર છે કે તે 'એક નય' શબ્દનો અર્થ પર્યાયાર્થિકનય કરે અથવા વ્યવહારનય. આ જ કારણ છે કે સહજભાવથી જે શબ્દ ખ્યાલમાં આવ્યો એનો જ પ્રયોગ કરી દીધો.

પ્રશ્ન - જો એમ વાત હોય તો પછી નાટક સમયસારમાં બધે જ કળશ ટીકાનું અનુસરણ કરનાર બનારસીદાસજીએ અહીં પણ એનું અનુસરણ કેમ ન કર્યું ?

બનારસીદાસજી તો નાટક સમયસારના અંતમાં પ્રશસ્તિમાં સ્પષ્ટ શબ્દોમાં લખે છે -

---

૧ પંચાધ્યાયી, પ્રથમ અધ્યાય શ્લોક ૫૨૯

(चौपाई)

पांडे राजमल्ल जिनधर्मी, समैसार नाटक के मर्मी ।
जिन गिरनथ की टीका कीनी, बालबोध सुगम कर दीनी ॥

इह विधि बोध-वचनिका फैली, समै पाय अध्यातम सैली ।
प्रगटी जगमांही जिनवाणी, घर-घर नाटक कथा बखानी ॥

नाटक समयसार हित जी का, सुगमरूप राजमली टीका ।
कवितबद्ध रचना जो होई, भाषा ग्रन्थ पढ़ै सब कोई ॥

तब बनारसी मनमहिं आनी, कीजै तो प्रगटै जिनवानी ।
पंचपुरुष की आज्ञा लीनी कवितबद्ध की रचना कीनी ॥

ઉક્ત છંદોમાં સ્પષ્ટ જ છે કે બનારસીદાસજીના નાટક સમયસારનો મુખ્ય આધાર રાજમલજીની કળશટીકા જ છે. આવી સ્થિતિમાં એવો પ્રશ્ન ઉઠવો અત્યંત સ્વાભાવિક છે કે આ છંદનો અર્થ કરવામાં બનારસીદાસજીએ કળશટીકાકારનું અનુસરણ કેમ ન કર્યું ?

ઉત્તર - અધ્યાત્મપ્રેમી મુમુક્ષુ સમાજ આ વાતથી અપરિચિત નથી કે આચાર્ય કુંદકુંદના મુખ્ય ગ્રંથ સમયસાર અને નિયમસારમાં નિશ્ચય-વ્યવહારનયની મુખ્યતાથી કથન છે અને પ્રવચનસાર અને પંચાસ્તિકાયમાં દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિકનયની મુખ્યતાથી કથન કરેલું છે. લાગે છે કે એ વાતને ધ્યાનમાં રાખીને જ બનારસીદાસજી અહીં નિશ્ચય-વ્યવહારનયોનો પ્રયોગ કરવો જ યોગ્ય સમજ્યા છે. એમ પણ થઈ શકે કે પાંડે રાજમલજીની જેમ એમની દૃષ્ટિમાં પણ વ્યવહારનય અને પર્યાયાર્થિકનય એકાર્થવાચક જ હોય. આ કારણથી એમણે એની તરફ વિશેષ ધ્યાન જ આપ્યું ન હોય અને સહજ છંદાનુરોધથી નિશ્ચય-વ્યવહાર શબ્દોનો પ્રયોગ કરી દીધો હોય. જે પણ હોય, મૂળ વાત એ છે કે બંને જ અર્થ સાચા છે અને પ્રસ્તુત પ્રકરણમાં સંપૂર્ણ રીતે લાગુ પડે છે તથા આત્મખ્યાતિના કળશના ભાવને બરોબર સ્પષ્ટ કરવામાં સમર્થ છે.

પંડિત જયચંદજી છાબડાએ બન્નેમાંથી કોઈ પણ નયના નામનો ઉલ્લેખ નથી કર્યો. એમણે તો બધા ૨૨ છંદોમાં 'એક નયનો પક્ષ છે કે આત્મા બંધાયેલો છે અને બીજા નયથી અબંધ છે' - આ રીતે 'એક નય' અને 'બીજો નય' શબ્દોથી જ કામ ચલાવી લીધું છે.

પ્રશ્ન - આ પ્રકરણમાં આપે બધાનો મત તો બતાવ્યો, પણ આપનો મત શું છે ? - તે ન બતાવ્યો.

ઉત્તર - અરે ભાઈ ! અમારો શું મત હોય, અમારો મત તો તે જ છે, જે આચાર્યોનો છે. સમયસારની ૧૪૧મી ગાથામાં આ જ વાતને બતાવવા માટે શુદ્ધનય અને વ્યવહારનયનો પ્રયોગ છે અને આ કળશ પણ ૧૪૨મી ગાથા પછી તરત જ આવ્યા છે, પ્રકરણ પણ તે જ ચાલુ છે. તેથી મારું બળ તો નિશ્ચય-વ્યવહાર તરફ જ જાય છે. એકલી કળશટીકાને છોડીને બીજી બધી જ જગાએ નિશ્ચય-વ્યવહારનો જ પ્રયોગ છે.

નયોના પ્રકરણમાં પણ પાંડે રાજમલજીની ધારા આજ સુધી પ્રાપ્ત આગમ-અધ્યાત્મ ધારાથી કંઈક છેટી જ છે, એની છાયા અહીં પણ આવી ગઈ હોય એમ લાગે છે. બીજા અને ત્રીજા મુદ્દાના સંદર્ભમાં પણ બે પ્રશ્ન સામે આવે છે. પહેલું તો એમ કે આત્મા અનુભવના સમયમાં જ નયપક્ષાતીત થાય છે અને બીજું એમ કે વસ્તુનું સમ્યક્ સ્વરૂપ જાણનાર આત્માનુભવી જ્ઞાની હંમેશા નયપક્ષાતીત છે.

જ્યાં પક્ષનો અર્થ તે સંબંધીનો વિકલ્પ જ લેવાય, ત્યાં પહેલો અર્થ લાગુ પડશે અને જ્યાં પક્ષનો અર્થ પક્ષપાત લેવાય અથવા એક પક્ષના પ્રતિપાદનમાં બીજા પક્ષનો સર્વથા નિષેધ અભીષ્ટ હોય; ત્યાં બીજો અર્થ લાગુ પડશે.

નયપક્ષાતીત એટલે વિકલ્પાતીત. જ્યાં સુધી વિકલ્પ ચાલશે, ત્યાં સુધી આત્માનો અનુભવ નહીં થાય. આ વિકલ્પ ચારિત્ર સંબંધી કમજોરીનું પરિણામ છે; કારણ કે આત્માનુભૂતિરૂપ શુદ્ધોપયોગચારિત્ર નિર્વિકલ્પ દશાનું જ નામ છે. એ અપેક્ષાથી શુદ્ધોપયોગીઓને જ વિકલ્પાતીત,

નયપક્ષાતીત કહેવાય છે; સામાન્ય જ્ઞાનીઓને પણ અનુભૂતિના સમયમાં જ વિકલ્પાતીત, નયપક્ષાતીત કહેવાય છે.

બીજા બંને નયોના સ્વરૂપને બરોબર સમજનાર, એમના પ્રયોજનને ઓળખનાર, આત્માનુભવી જ્ઞાની ધર્માત્મા હંમેશા જ નયપક્ષાતીત છે; કારણ કે જે બન્નેમાંથી કોઈ પણ નયના પક્ષમાં પડતા નથી. તે બન્નેને સાચા સ્વરૂપમાં જાણે છે અને બન્નેનો બરોબર યોગ્ય ઉપયોગ કરે છે. તેથી તે હંમેશા નયપક્ષાતીત છે.

ઉક્ત સંદર્ભમાં પૂજ્ય ગુરુદેવના વિચાર પણ જાણવા યોગ્ય છે, જે આ પ્રમાણે છે -

''જુઓ 'હું એક છું, અબદ્ધ છું' - આ પ્રકારની જે વૃત્તિ ઉઠે છે, તે પણ એક નયપક્ષનો વિકલ્પ છે; એનો પણ જે ત્યાગ કરે છે, તે જ હંમેશા સ્વરૂપમાં ગુપ્ત થઈને રહી શકે છે. જુઓ, બાહ્ય વસ્તુનો ગ્રહણ-ત્યાગ તો સ્વરૂપમાં છે જ નહીં. અહીં તો એક સમયની અવસ્થામાં જે નયપક્ષનો વિકલ્પ ઉઠે છે, એના પણ ત્યાગની ભાવનાની વાત છે.[૧]

જ્યાંસુધી વ્રત, તપાદિ શુભરાગનો પક્ષપાત રહે છે, ત્યાંસુધી ચિત્તમાં ક્ષોભ રહે છે. એ વાત તો છે જ; પરંતુ 'હું શુદ્ધ છું, અભેદ એકરૂપ ચિદ્રુપ છું' એવો પોતાના સ્વરૂપ સંબંધી નયપક્ષનો વિકલ્પ પણ જ્યાં સુધી ઉઠે છે, ત્યાંસુધી ચિત્તનો ક્ષોભ મટતો નથી. આ નયપક્ષના વિકલ્પ પણ ક્ષોભ છે, આકુળતા છે. જ્યારે નયનો બધો પક્ષપાત મટી જાય છે, ત્યારે વીતરાગદશા થવાથી સ્વરૂપની શ્રદ્ધા નિર્વિકલ્પ થાય છે, સ્વરૂપમાં પ્રવૃત્તિ થાય છે અને અતીન્દ્રિય આનંદ અનુભવમાં આવે છે.[૨]

---

૧ પ્રવચનરત્નાકર (હિંદી), પાનું ૩૧૨

૨ પ્રવચનરત્નાકર (હિંદી), પાનું ૩૧૪

જુઓ, ચોથા ગુણસ્થાનમાં જે સમ્યગ્દર્શન થાય છે, તે શ્રદ્ધાની અપેક્ષાએ નિર્વિકલ્પ અર્થાત્ રાગરહિત વીતરાગી પરિણામ જ છે. એવું નહીં સમજતા કે જીવ ૧૧મા-૧૨મા ગુણસ્થાનમાં જ વીતરાગદશા પ્રાપ્ત કરે છે. ભાઈ ! સમ્યગ્દર્શન પોતે જ વીતરાગી દશા છે.

'હું એક છું, શુદ્ધ ચિદ્રૂપ છું, અબદ્ધ છું' - એવો જે નયવિકલ્પ અર્થાત્ રાગની લગન છે, જ્યારે તે પણ છૂટી જાય છે, ત્યારે વીતરાગી દશા થઈને સ્વરૂપનું શ્રદ્ધાન નિર્વિકલ્પ થાય છે. ભાઈ ! આ સ્વદયાની વાત છે. આત્માનું જીવન જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ છે. રાગનો વિકલ્પ આત્માનું જીવન જ નથી.[૧]

આચાર્ય કહે છે કે પહેલા જ્ઞાનમાં એવો પક્ષપાત આવે છે કે વસ્તુ આ જ છે, પછી તે પક્ષપાતરૂપવિકલ્પ મટીને વસ્તુનો જે નિર્વિકલ્પ અનુભવ થાય છે, તે ધર્મ છે. આ આત્મધર્મની વાત છે. તત્ત્વવેદી ધર્મી જીવ ચિત્સ્વરૂપને ચિત્સ્વરૂપથી જ નિરંતર અનુભવ કરે છે. એક સમયનું પણ અંતર પડ્યા વગર ધર્મીને નિરંતર ચૈતન્યમૂર્તિ જળહળ જ્યોતિસ્વરૂપ ભગવાન આનંદસ્વરૂપથી જ અનુભવમાં આવે છે.[૨]

જુઓ, પ્રારંભમાં વસ્તુસ્વરૂપનો નિર્ણય કરતી વખતે નયના વિકલ્પ આવે જ છે અને આવવા જ જોઈએ; પરંતુ જે પુરુષ તેમના દ્વારા વસ્તુસ્વરૂપનો નિર્ણય કરીને સ્વભાવસન્મુખ થાય છે, તેને ચિત્સ્વરૂપ જીવનો ચિત્સ્વરૂપથી જ અનુભવ થાય છે. વિકલ્પોથી પાર થઈને જે ચૈતન્યની પર્યાય સ્વભાવમાં તન્મય થાય છે, એનું જ નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે. પહેલા તે જ્ઞાન પર્યાય વિકલ્પમાં એકમેક હતી, હવે જ્ઞાયકમાં એકમેક થવા લાગી છે. બસ એનું જ નામ ધર્મ છે. જ્ઞાનીને નિરંતર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ અનુભવમાં આવે છે.''[૩]

---

૧ પ્રવચનરત્નાકર (હિંદી), ભાગ-૪, પાનું ૩૧૫
૨ પ્રવચનરત્નાકર (હિંદી), ભાગ-૪, પાનું ૩૧૭
૧ પ્રવચનરત્નાકર (હિંદી), ભાગ-૪, પાનું ૩૩૪

ઉક્ત સંપૂર્ણ કથનનું નિષ્કર્ષ એ છે કે તત્ત્વવિચારના કાળમાં ઉક્ત નયકથનો પર વિચાર થાય છે, ચિંતન થાય છે. મંથન થાય છે, તત્ત્વચર્ચા પણ થાય છે; પરંતુ અનુભૂતિના કાળમાં અન્ય વિકલ્પોની વાત તો દૂર, નયસંબંધી વિકલ્પ પણ થતા નથી; કારણ કે આત્માનુભૂતિ નિર્વિકલ્પ દશાનું નામ છે. તાત્પર્ય એ છે કે વ્યવહારનય સંબંધી વિકલ્પ તો થતા જ નથી, નિશ્ચયનય સંબંધી વિકલ્પ પણ થતા નથી; કારણ કે આત્માનુભૂતિ સર્વવિકલ્પોથી પાર એવી નિર્વિકલ્પ દશા છે કે જેમાં કોઈ પણ પ્રકારના કોઈ પણ વિકલ્પને, વિચારને કોઈ સ્થાન જ નથી.

હવે ઉપરના ૨૦ કળશોના ભાવનો ઉપસંહાર કરતાં આચાર્યદેવ ૯૦મો કળશ લખે છે; જે આ પ્રમાણે છે -

(वसन्ततिलका)

स्वेच्छासमुच्छलदनल्पविकल्पजाला -
मेवं व्यतीत्य महतीं नयपक्षकक्षाम् ।
अन्तर्बहिः समरसैकरसस्वभावं
स्वं भावमेकमुपयात्यनुभूतिमात्रम् ॥९०॥

(હરિગીત)

જેમાં ઉઠે છે જાળ આમ વિકલ્પતણી બહુવિધની,
ઓળંગી જઈને ભૂમિને બહુ મોટી અને નયપક્ષની;
જીવ તત્ત્વવેદી પામતો અનુભૂતિમાત્ર સ્વભાવને,
સમતારૂપી રસ જેહનો છે ભાવ અંતર બાહ્ય તે. ૯૦

આ રીતે જેમાં ઘણા બધા વિકલ્પોની જાળ પોતાની મેળે ઉઠી રહી છે - એવી બહુવિધ નયપક્ષકક્ષાનું ઉલ્લંઘન કરીને જ્ઞાની જીવ અંતર્બાહ્યથી સમતારસ સ્વભાવવાળા અનુભૂતિમાત્ર પોતાના ભાવને પ્રાપ્ત કરે છે.

ઉક્ત કળશનો ભાવાનુવાદ બનારસીદાસજીના નાટક સમયસારમાં આ પ્રમાણે કર્યો છે.

(સવૈયા ઇકતીસા)

प्रथम नियत नय दूजी विवहार नय,
दुहूकौं फलावत अनंत भेद फले हैं ।
ज्यौं-ज्यौं नय फलैं त्यौं-त्यौं मनके कल्लोल फलैं,
चंचल सुभाव लोकालोकलौं उछले हैं ॥

ऐसी नयकक्ष ताकौ पक्ष तजि ग्यानी जीव,
समरसी भए एकतासौं नहिं टले हैं ।
महामोह नासि सुद्ध-अनुभौ अभ्यासि निज,
बल परगासि सुखरासि मांहि रले हैं ॥

પહેલો નિશ્ચયનય છે અને બીજો વ્યવહારનય છે. એ બન્ને નયોની ચોખવટ કરવાથી, એમના વિસ્તારમાં જવાથી, એમના અનંત ભેદ થઈ જાય છે; કારણ કે જેટલા પણ વચન વિકલ્પ થઈ શકે છે, તેટલા જ નય પણ થઈ શકે છે. જેમ કે ગોમ્મટસારમાં કહ્યું છે –

'जावयिया वयणवहा तावयिया चेव होंति णयवादा ।[१]

જેટલા વચન-વિકલ્પ છે, તેટલા જ નયવાદ છે, અર્થાત્ નયના ભેદ છે.'

જેમ જેમ નયોના વિસ્તારમાં જઈએ છીએ, તેમ તેમ મનના વિકલ્પ પણ વિસ્તરી જાય છે, ચંચળ ચિત્ત લોકાલોક સુધી ઉછળવા માંડે છે. જ્ઞાની જીવ આ પ્રકારના નયોના પક્ષને છોડીને સમરસીભાવને પ્રાપ્ત થઈને, આત્માના એકત્વમાં અટળ થઈને મહામોહનો નાશ કરીને, શુદ્ધ અનુભવના અભ્યાસથી નિજાત્મબળ પ્રગટ કરીને પૂર્ણાનંદમાં લીન થઈ જાય છે.

આ રીતે આ કળશમાં એમ જ કહેવામાં આવ્યું છે કે નયવિકલ્પોના વિસ્તારમાંથી ઉપયોગને સમેટીને જ્યારે આત્મા સ્વસન્મુખ થઈને

---

૧ ગોમ્મટસાર કર્મકાંડ, ગાથા ૮૯૪

નિર્વિકલ્પજ્ઞાનરૂપ પરિણમિત થાય છે; ત્યારે અતીન્દ્રિય આનંદનો અનુભવ કરે છે.

આ કળશના અર્થમાં પણ કળશટીકાકારે નિશ્ચય-વ્યવહારનય ન લેતાં દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિકનય લીધા છે. એના સંદર્ભમાં વિસ્તારથી ચર્ચા આગલા કળશમાં થઈ ચૂકી છે. તેથી અહીં કંઈ પણ લખવાની આવશ્યકતા નથી.

હવે નયપક્ષના ત્યાગની ભાવનાનું અંતિમ કાવ્ય કહે છે -

(रथोद्धता)

इन्द्रजालमिदमेवमुच्छलत् पुष्कलोच्चलविकल्पवीचिभिः ।
यस्य विस्फुरणमेव तत्क्षणं कृत्स्नमस्यति तदस्मि चिन्महः ॥९१॥

(દોહરા)

ચંચળ, વિપુલ, મહાન છે વિકલ્પરૂપ તરંગ,
એનાથી બનતી બધી ઈન્દ્રજાળ અનંત;
તત્ક્ષણમાં સહુ તેહ બસ વિલયપ્રાપ્ત થઈ જાય,
જેના સ્ફુરણથી છું હું તે ચિત્પુંજ સદાય. ૯૧.

વિપુલ, મહાન, ચંચળ વિકલ્પરૂપ તરંગોથી ઉઠતા આ સમસ્ત ઈન્દ્રજાળને જેનું સ્ફુરણ માત્ર જ તત્ક્ષણ ઉડાવી દે છે, તેવો ચિન્માત્ર તેજપુંજ હું છું.

આ કળશમાં એમ કહેવામાં આવ્યું છે કે હું તો એવો ચૈતન્યનો પુંજ ચિન્માત્રજ્યોતિ ભગવાન આત્મા છું કે જે જ્ઞાન પર્યાયમાં સ્ફુરાયમાન થતાં સમસ્ત વિકલ્પોનું શમન થઈ જાય છે, નયોની ઈન્દ્રજાળ વિલાયમાન થઈ જાય છે. તાત્પર્ય એ છે કે ત્રિકાળીધ્રુવ ભગવાન આત્માના આશ્રયથી જ વિકલ્પોની જાળ સમાપ્ત થઈ જાય છે. તેથી એકમાત્ર તે આત્મા જ શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર ગુણોની પર્યાયો દ્વારા આશ્રય કરવા યોગ્ય છે. એક માત્ર શ્રદ્ધેય, ધ્યેય અને પરમજ્ઞેય નિજભગવાન આત્મા જ છે.

આ કળશનો ભાવાનુવાદ નાટક સમયસારમાં કવિવર બનારસીદાસજીએ આ પ્રમાણે કર્યો છે.

(સવૈયા ઇકતીસા)

જૈસૈં કાહૂ બાજીગર ચૌહટૈ બજાઇ ઢોલ,
નાનારૂપ ધરિકૈં ભગલ-વિદ્યા ઠાની હૈ ।
તૈસૈં મૈં અનાદિકૌ મિથ્યાત કી તરંગનિસૌં,
ભરમ મૈં ધાઈ બહુ કાય નિજ માની હૈ ॥

અબ ગ્યાનકલા જાગી ભરમ કી દૃષ્ટિ ભાગી,
અપની પરાઈ સબ સૌંજ પહિચાની હૈ ।
જાકૈ ઉદૈ હોત પરવાંન ઐસી ભાંતિ ભઈ,
નિહચૈ હમારી જોતિ સોઈ હમ જાની હૈ ॥

જેવી રીતે કોઈ બાજીગર (ઈન્દ્રજાળિયો-જાદૂગર) ચોતરા પર ઢોલ વગાડીને ભીડ એકઠી કરીને અનેક રૂપ ધારણ કરીને જાદુવિદ્યાનો પ્રયોગ કરે છે, જાદૂગરી દેખાડે છે, ઠગવિદ્યાથી લોકોને ભ્રમમાં નાખી દે છે; એ રીતે હું પણ અનાદિકાળથી મિથ્યાત્વની તરંગોથી ભ્રમમાં ભટકીને, આંદોલિત થઈને અનેક શરીરોને ધારણ કરતો થકો, એમાં જ પોતાને માનતો રહ્યો; જે શરીરમાં પહોંચ્યો, તેને જ પોતાનું માનીને આજ સુધી ભટકી રહ્યો છું; પરંતુ હવે મારા ચિત્તમાં જ્ઞાનકળા જાગી ગઈ છે, ભ્રમની દૃષ્ટિ ભાગી ગઈ છે. પોતાના અને પરાયાની સાચી ઓળખાણ થઈ છે. એવી દૃષ્ટિ થવાથી, જ્ઞાનકળા જાગૃત થવાથી મેં એવું પ્રમાણિત કરી લીધું છે કે જે મારી ચૈતન્યજ્યોતિ છે, નિશ્ચયથી હું તો તે છું, હું તો નિજ ચૈતન્યજ્યોતિસ્વરૂપ જ છું.

સમયસાર ગાથા - ૧૪૩

પાછલી ગાથાઓ અને કળશોમાં આ વાત જોર આપીને કહેતા આવી રહ્યા છે કે સમયસાર સ્વરૂપ શુદ્ધાત્મા પક્ષાતિક્રાંત છે. તેથી એ પ્રશ્ન ઉઠવો સ્વાભાવિક છે કે પક્ષાતિક્રાંતનું વાસ્તવિક સ્વરૂપ શું છે ? આ જ કારણથી આ ગાથાની ઉત્થાનિકામાં આચાર્ય અમૃતચંદ્ર લખે છે કે પક્ષાતિક્રાન્તસ્ય કિં સ્વરૂપમિતિ ચેત્ -જો કોઈ એમ પૂછે કે પક્ષાતિક્રાન્તનું શું સ્વરૂપ છે તો એના ઉત્તરમાં આ ગાથા કહેવામાં આવી રહી છે -

दोण्ह वि णयाण भणिदं जाणदि णवरं तु समय पडिबद्धो ।
ण दु णयपक्खं गिण्हदि किंचि वि णयपक्ख परिहीणो ॥१४३॥

(હરિગીત)

નયદ્વયકથન જાણે જ કેવળી સમયમાં પ્રતિબદ્ધ જે,
નયપક્ષ કંઈ પણ નવ ગ્રહે, નયપક્ષથી પરિહીન તે. ૧૪૩[1]

નયપક્ષથી રહિત જીવ સમયથી પ્રતિબદ્ધ થતો, ચિત્સ્વરૂપ આત્માનો અનુભવ કરતો, નયોના કથનોને માત્ર જાણે જ છે, પરંતુ નયપક્ષને કિંચિત્ માત્ર પણ ગ્રહણ કરતો નથી.

ગાથામાં તો એ સ્પષ્ટ છે કે નયપક્ષથી રહિત જ્ઞાની જીવ બન્ને નયોના કથનોને જાણે તો છે, પરંતુ માત્ર જાણે જ છે, નયપક્ષને રંચમાત્ર પણ ગ્રહણ નથી કરતા; સાથે જ 'સમયથી પ્રતિબદ્ધ' વિશેષણનો પ્રયોગ હોવાથી એ પણ સંકેત મળે છે કે આ વાત આત્માનુભવી જ્ઞાની જીવોની જ છે. તાત્પર્ય એ છે કે કોઈ પણ નયના વિષયને જાણવાનો નિષેધ નથી; પરંતુ નયપક્ષમાં પડવાનો નિષેધ અવશ્ય છે.

---

૧ સમયસાર (ગુજરાતી), પાનું ૨૨૬

આ ગાથાનો ભાવ આત્મખ્યાતિમાં આ રીતે સ્પષ્ટ કર્યો છે -

"જેવી રીતે કેવળી ભગવાન, વિશ્વના સાક્ષીપણાને લીધે, શ્રુતજ્ઞાનના અવયવભૂત એવા વ્યવહાર-નિશ્ચયપક્ષોના સ્વરૂપને માત્ર જાણે જ છે, પરંતુ નિરંતર પ્રકાશમાન, સહજ, વિમળ, સકળ કેવળજ્ઞાન વડે સદા પોતે જ વિજ્ઞાનઘન સ્વભાવી થયા હોઈને, શ્રુતજ્ઞાનની ભૂમિકાના અતિક્રાન્તપણા વડે અર્થાત્ શ્રુતજ્ઞાનની ભૂમિકાને ઓળંગી ગયા હોવાને લીધે સમસ્ત નયપક્ષના ગ્રહણથી દૂર થયા હોવાથી, કોઈ પણ નયપક્ષને ગ્રહણ કરતા નથી.

તેવી રીતે જ શ્રુતજ્ઞાની આત્મા તત્સંબંધી ક્ષયોપક્ષમથી જેમનું ઉપજવું થાય છે એવા શ્રુતજ્ઞાનાત્મક વિકલ્પો ઉત્પન્ન થવા છતાં પણ પરનું ગ્રહણ કરવા પ્રતિ ઉત્સાહ નિવૃત્ત થયો હોવાને લીધે, શ્રુતજ્ઞાનના અવયવભૂત વ્યવહાર-નિશ્ચયપક્ષોના સ્વરૂપને કેવળ જાણે જ છે; પરંતુ અતિ તીક્ષ્ણ જ્ઞાનદષ્ટિથી ગ્રહણ કરવામાં આવેલા, નિર્મળ, નિત્ય-ઉદિત, ચિન્મય સમયથી પ્રતિબદ્ધતા વડે અર્થાત્ ચૈતન્યમય આત્માના અનુભવ વડે અનુભવના સમયે પોતે જ વિજ્ઞાનઘન થયો હોવાથી, શ્રુતજ્ઞાનાત્મક સમસ્ત અંતર્જલ્પરૂપ તથા બહિર્જલ્પરૂપ વિકલ્પોની ભૂમિકાના અતિક્રાન્તપણા વડે સમસ્ત નયપક્ષના ગ્રહણથી દૂર થયો હોવાથી કોઈ પણ નયપક્ષને ગ્રહણ કરતો નથી; તે શ્રુતજ્ઞાની આત્મા પણ ખરેખર સમસ્ત વિકલ્પોથી અતિ પર, પરમાત્મા, જ્ઞાનાત્મા, પ્રત્યગ્જ્યોતિ, આત્મખ્યાતિરૂપ, અનુભૂતિમાત્ર સમયસાર છે."

ટીકાનો સાર સંક્ષેપમાં પ્રસ્તુત કરતાં પંડિત જયચંદજી છાબડા ભાવાર્થમાં લખે છે -

"જેમ કેવળી ભગવાન સદા નયપક્ષના સ્વરૂપના સાક્ષી (જ્ઞાતાદષ્ટા) છે. તેમ શ્રુતજ્ઞાની પણ જ્યારે સમસ્ત નયપક્ષોથી રહિત થઈને શુદ્ધ ચૈતન્યમાત્ર ભાવનું અનુભવન કરે છે, ત્યારે તે નયપક્ષના સ્વરૂપનો જ્ઞાતા જ છે. જો એક નયનો પક્ષ સર્વથા ગ્રહણ કરવામાં આવે,

તો મિથ્યાત્વની સાથે મળેલો રાગ થાય છે, પ્રયોજનવશ એક નયને મુખ્ય કરીને એનું ગ્રહણ કરે, તો મિથ્યાત્વથી અતિરિક્ત માત્ર ચારિત્ર મોહનો રાગ રહે છે અને જ્યારે નયપક્ષને છોડીને વસ્તુસ્વરૂપને માત્ર જાણે જ છે, ત્યારે તે સંમયે શ્રુતજ્ઞાની પણ કેવળજ્ઞાનીની માફક વીતરાગ જેવો જ હોય છે - એમ જાણવું.''

ઉક્ત સંપૂર્ણ વિષયવસ્તુને પૂ. ગુરૂદેવે બહુ જ સારી રીતે સ્પષ્ટ કરી છે. તેથી મારા તરફથી કંઈ પણ ટિપ્પણી કર્યા વગર એમના સ્પષ્ટીકરણને ઉદ્ધૃત કરવું જ પર્યાપ્ત લાગે છે; જે આ પ્રમાણે છે -

''ટીકાકાર આચાર્ય અમૃતચંદ્રદેવ કેવળી ભગવાનનું દૃષ્ટાંત આપીને સમજાવે છે -

(૧) જે પ્રમાણે કેવળી ભગવાન વિશ્વના સાક્ષી હોવાથી અન્ય સમસ્ત લોકાલોકની સાથે શ્રુતજ્ઞાનના અવયવભૂત વ્યવહાર અને નિશ્ચયનયના ભેદોને પણ માત્ર સાક્ષીપણાથી જાણે જ છે; તે જ રીતે શ્રુતજ્ઞાની પણ શ્રુતજ્ઞાનાત્મક વિકલ્પમય થવા છતાં પરના ગ્રહણ પ્રતિના ઉત્સાહથી નિવૃત્ત હોવાથી શ્રુતજ્ઞાનના અવયવભૂત વ્યવહાર-નિશ્ચયના પક્ષોના સ્વરૂપને માત્ર જાણે જ છે.

(૨) જે પ્રમાણે કેવળી ભગવાન નિરંતર પ્રકાશમાન, સહજ, વિમલ, સકલ કેવળજ્ઞાનથી સદા પોતે જ વિજ્ઞાનઘન હોવાથી શ્રુતજ્ઞાનની ભૂમિકાથી અતિક્રાન્ત છે; તે જ પ્રમાણે શ્રુતજ્ઞાની પણ અતિતીક્ષ્ણ જ્ઞાનદૃષ્ટિથી ગ્રહણ કરતાં, નિર્મળ, નિત્યઉદ્દિત, ચૈતન્યમય આત્માના અનુભવથી, અનુભવના કાળમાં પોતે જ વિજ્ઞાનઘન હોવાથી શ્રુતજ્ઞાનાત્મક સમસ્ત અંતર્જલ્પરૂપ અને બહિર્જલ્પરૂપ વિકલ્પોની ભૂમિકાને પાર કરી ગયા છે, એનું ઉલ્લંઘન કરી ગયા છે.

(૩) જેવી રીતે કેવળી ભગવાન શ્રુતજ્ઞાનની ભૂમિકાથી અતિક્રાન્તતાના કારણે સમસ્ત નયપક્ષના ગ્રહણથી દૂર થઈ ગયા છે, કોઈ પણ

નયપક્ષને ગ્રહણ નથી કરતા, તેવી રીતે શ્રુતજ્ઞાની પણ અનુભવના કાળમાં સ્વયં વિજ્ઞાનઘન હોવાથી સમસ્ત નયપક્ષોના ગ્રહણથી દૂર થઈ ગયા છે; તેથી નયપક્ષને ગ્રહણ કરતા નથી.

આમ ઉપર કહેલ ત્રણ બોલ દ્વારા સમ્યગ્દષ્ટિના અનુભવની પ્રક્રિયાને કેવળી ભગવાનના જ્ઞાતા-દષ્ટા સ્વભાવનું ઉદાહરણ આપીને સમજાવી છે. ઉકત બોલમાં કેવળી અને શ્રુતજ્ઞાનીને સમાન બતાવ્યા છે. કેવળી ભગવાનને શ્રુતજ્ઞાન નથી તેથી તેમને નય નથી; માત્ર તેઓ શ્રુતજ્ઞાનના સ્વરૂપને જાણે છે; તેમ જ શ્રુતજ્ઞાનીને પણ આત્માનુભવના કાળમાં વ્યવહાર-નિશ્ચયનો પક્ષ છૂટી ગયો છે, તેથી તે પણ અનુભવના કાળમાં નયપક્ષના સ્વરૂપને કેવળ જાણે જ છે. તેને પણ તે સમયે નયોનો વિકલ્પ રહેતો નથી.

કેવળી ભગવાન તો હંમેશને માટે પૂર્ણ વિજ્ઞાનઘન થઈ ગયા છે, પણ સમ્યગ્દષ્ટિ ફકત અનુભવના કાળમાં જ વિજ્ઞાનઘન થયો છે. કારણ કે અનુભવકાળ સિવાય સમ્યગ્દષ્ટિ જીવને નાના પ્રકારના વિકલ્પ ઉઠે જ છે, તેથી ફકત અનુભવના કાળમાં જ તે વિજ્ઞાનઘન થયો છે - એમ કહ્યું છે. આ વાત ધર્મની પ્રારંભિક ભૂમિકાની છે અર્થાત્ ચોથા ગુણસ્થાનવર્તી સમ્યગ્દષ્ટિની જ વાત ચાલી રહી છે.

હું શુદ્ધ છું - એવો જે અંદર વિકલ્પ ઉઠે છે, તે અન્તર્જલ્પ છે અને બહાર જે વાણી નીકળે છે તે બહિર્જલ્પ અને બહિર્જલ્પરૂપ વિકલ્પોને લાંઘી ચૂકયો છે. અહો ! અમૃતચંદ્રાચાર્યદેવે શ્રુતજ્ઞાની આત્માનુભવી જીવને કેવળજ્ઞાની સાથે તુલના કરીને સમજાવ્યું છે, ગજબનું કામ કર્યું છે.[1]

જેમાં રાગનો અંશ પણ નથી, એવા શુદ્ધ ચૈતન્યમય આત્માનું અનુભવ કરનારને અહીં પહેલા પરમાત્મા કહ્યો, પછી એના જ્ઞાનગુણને મુખ્ય કરીને જ્ઞાનાત્મા કહ્યો તથા રાગથી ભેદજ્ઞાન કરાવીને તેને જ

૧ પ્રવચનરત્નાકર (હિંદી), ભાગ-૪, પાનું ૩૪૪-૩૪૫

પ્રત્યગ્જ્યોતિ કહ્યો, તે પછી તેને જ આત્મજ્યોતિ કહ્યો અને અંતમાં તેને જ અનુભૂતિમાત્ર સમયસાર કહ્યો છે.[૧]

પર્યાયમાં બદ્ધ છે, દ્રવ્ય અપેક્ષા અબદ્ધ છે; - એવું જે વસ્તુસ્વરૂપ છે, તેને તો અજ્ઞાની માનતો નથી અને એકાંતમાં એકપક્ષને જ ગ્રહણ કરે છે. પર્યાયમાં અશુદ્ધતા છે - એવો વ્યવહારનયનો પક્ષ છે અને દ્રવ્ય ત્રિકાળ શુદ્ધ છે - એવો નિશ્ચયનયનો પક્ષ છે. જે એમાં એક નયને તો માને અને બીજાને ન માને તો તે અજ્ઞાની છે, મિથ્યાદૃષ્ટિ છે.

હું ત્રિકાળ શુદ્ધ ચૈતન્યમય આનંદકંદ પ્રભુ છું - એવું તો જાણે નહીં અને વ્રતાદિના શુભરાગને જ માત્ર ગ્રહણ કરીને સંતુષ્ટ રહે, તો તે વ્યવહારાભાસી મિથ્યાદૃષ્ટિ છે અને 'આત્મા શુદ્ધ આનંદકંદ પ્રભુ છે' એવું કહે, પરંતુ પર્યાયમાં જે રાગાદિ છે, એમનો સ્વીકાર ન કરે, તો તે નિશ્ચયભાસી મિથ્યાદૃષ્ટિ છે તથા બંને પક્ષોને તો ગ્રહણ કરે અને આત્માને ગ્રહણ ન કરે, તો તે પણ વિકલ્પોની જાળમાં ઉલઝી ગયેલો અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ જ છે. જૈન હોવાની તો એ શરત છે કે કોઈ પણ નયપક્ષને ગ્રહણ નહીં કરે, પરંતુ બન્ને નયો દ્વારા વસ્તુને યથાર્થ જાણીને નયપક્ષને પણ છોડીને માત્ર આત્મવસ્તુને જ ગ્રહણ કરે.

પ્રયોજનવશ એક નયને મુખ્ય કરીને એને ગ્રહણ કરે, તો મિથ્યાત્વ નહીં થાય માત્ર ચારિત્રમોહનો રાગ રહેશે. 'હું શુદ્ધ, અખંડ, એકરૂપ, આનંદસ્વરૂપ છું, જ્ઞાયક છું' - એ પ્રયોજનને સિદ્ધ કરવા માટે વ્યવહારનયના પક્ષને ગૌણ કરીને તથા નિશ્ચયનયના પક્ષને મુખ્ય કરીને એને ગ્રહણ કરે, તો મિથ્યાત્વરહિત માત્ર ચારિત્રમોહનો રાગ રહે છે. અનુભવ થયા બાદ પણ 'હું શુદ્ધ છું' - એમ પ્રધાનપણાનો પક્ષ રહે તો તે રાગરૂપ ચારિત્રનો દોષ છે. તેને જ્ઞાની યથાવત્ જાણે છે અને ઉગ્ર પુરૂષાર્થથી સ્વભાવનો આશ્રય લઈને એને પણ દૂર કરે છે.

---

૧ પ્રવચનરત્નાકર (હિંદી), ભાગ-૪, પાનું ૩૪૭-૩૪૮

અને જ્યારે નયપક્ષને છોડીને વસ્તુસ્વરૂપને કેવળ જાણે જ છે, ત્યારે શ્રુતજ્ઞાની પણ કેવળજ્ઞાનીની જેમ વીતરાગ જેવો જ હોય છે.[૧]''

જે લોકો પૂજ્ય ગુરુદેવને એકાંતી હોવાનો ભ્રમ પાળે છે, તેમને પૂજ્ય ગુરુદેવના ઉકત કથનો પર ધ્યાન આપવું જોઈએ અને જે લોકો અનુયાયી હોવા છતાં પણ એક પક્ષનો સર્વથા સ્વીકાર કરવા માગે છે એમને પણ પૂજ્ય ગુરુદેવના ઉકત કથનો પર ગંભીરતાથી વિચાર કરવો જોઈએ.

હવે આગળના કળશમાં એમ કહે છે કે તે આત્મા એવો અનુભવ કરે છે કે -

(स्वागता)

चित्स्वभावभरभावितभावाभावपरमार्थतयैकम् ।
बंधपद्धतिमपास्य समस्तां चेतये समयसारमपारम् ॥९२॥

(દોહરા)

ભવાય છે ચિત્પુંજથી ભાવાભાવને ભાવ,
એવું છે પરમાર્થરૂપ તેથી એક સ્વભાવ;
કર્મજનિત સહુ પદ્ધતિ બંધની કરી હું પાર,
અનુભવુ છું માત્ર એ સમયસાર અપાર. ૯૨

ચિત્સ્વરૂપના પુંજ દ્વારા જ પોતાના ઉત્પાદ, વ્યય અને ધ્રુવ કરવામાં આવે છે - એવું જેનું પરમાર્થસ્વરૂપ છે, તે કારણે જે એક છે; - એવા અપાર સમયસારને હું સમસ્ત બંધપદ્ધતિને દૂર કરીને અર્થાત્ કર્મોદયથી થનાર સમસ્ત ભાવોને છોડીને અનુભવ કરું છું.

અહીં **'चित्स्वभावभर'** પદનો પ્રયોગ છે, જે એમ બતાવે છે કે આ ભગવાન આત્મા ચિત્સ્વભાવથી ભરેલો છે અને **'भावित**

---

૧ પ્રવચનરત્નાકર (હિંદી), ભાગ-૪, પાનું ૩૪૯

भावाभावभाव' પદમાં ભાવ-અભાવભાવમાં ભાવ એટલે ઉત્પાદ, અભાવ એટલે વ્યય અને ભાવ એટલે ધ્રુવ થાય છે. તાત્પર્ય એ છે કે પહેલા ભાવનો અર્થ ઉત્પાદ અને બીજા ભાવનો અર્થ ધ્રૌવ્ય થાય છે. ભાવિતનો અર્થ છે કે આ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય ચિત્સ્વભાવથી જ ભાવિત છે, થાય છે. દ્રવ્ય હોવાથી ભગવાન આત્માનું પરમાર્થસ્વરૂપ; ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યથી યુક્ત હોવું છે અને એ કારણથી ભગવાન આત્મા એક છે. એવો આ અપાર સમયસારસ્વરૂપ ભગવાન આત્મા હું પોતે જ છું. એવો અનુભવ કરવાથી સંપૂર્ણ બંધપદ્ધતિથી નિવૃત્તિ થાય છે. તેથી હું સમસ્ત બંધપદ્ધતિનો અભાવ કરતાં એવો અનુભવ કરું છું કે આ ચૈતન્યસ્વરૂપ પરમાર્થ આત્મા હું જ છું.

આ સંદર્ભમાં પાંડે રાજમલજી કળશટીકામાં લખે છે કે - ''શુદ્ધસ્વરૂપનો અનુભવ થતાં જેમ નયવિકલ્પ મટી જાય છે, તેમ સમસ્ત કર્મોના ઉદયથી થનાર ભાવ પણ મટી જાય છે - એવો સ્વભાવ છે''

આ કળશનો ભાવાનુવાદ નાટક સમયસારમાં બનારસીદાસજી આ પ્રમાણે પ્રસ્તુત કરે છે -

(सवैया इकतीसा)

जैसैं महा रतन की ज्योति मैं लहरि उठै,
जलकी तरंग जैसैं लीन होय जल मैं ।
तैसैं शुद्ध आतम दरब परजाय करि,
उपजै बिनसै थिर रहै निज थल मैं ॥
ऐसै अविकलपी अजलपी अनंदरूपी,
अनादि अनंत गहि लीजै एक पल मैं ।
ताकौ अनुभव कीजै परम पीयूष पीजै,
बंधकौ विलास डारि दीजै पुद्गल मैं ॥

જેવી રીતે અમૂલ્ય રત્નની જ્યોતિમાંથી લહેરો ઉઠે છે અને પાણીની તરંગો પાણીમાં વિલીન થઈ જાય છે; તેવી જ રીતે આ શુદ્ધ આત્મા પોતાના દ્રવ્ય અને પર્યાયો દ્વારા પોતામાં જ ઉત્પન્ન થાય છે, નષ્ટ થાય છે અને સ્થિર રહે છે. એવા આ વાણી અને વિકલ્પોથી પાર, આનંદમયી, અનાદિ-અનંત આત્માને એક પળમાં ગ્રહણ કરી લો, એનો અનુભવ કરો, પરમ-અમૃતનું પાન કરો અને બંધના વિલાસને પુદ્‌ગલમાં નાખી દો.

જુઓ, અહીં એમ કહી રહ્યા છે કે જેમ રત્નોની કિરણો રત્નોમાંથી નીકળે છે; તેમ આત્માની પર્યાયોની ઉત્પતિ આત્મામાંથી જ થાય છે તથા જેવી રીતે જળની તરંગો જળમાં જ સમાઈ જાય છે; તેવી જ રીતે આત્માની પર્યાયો વ્યય થઈને આત્મામાં જ સમાઈ જાય છે અને આત્મા દ્રવ્યરૂપથી હંમેશા સ્થિર રહે છે. આમ આ ભગવાન આત્મા પોતામાં જ ઉત્પન્ન થાય છે, નષ્ટ થાય છે અને સ્થિર રહે છે.

અહીં ધ્યાન આપવા યોગ્ય વાત એ છે કે અહીં ઉત્પાદને સમજાવવા માટે રત્નની જ્યોતિનો અને વ્યયને સમજાવવા માટે જળની તરંગોનું ઉદાહરણ આપ્યું છે. જળની તરંગોના ઉદાહરણથી એ વાત સ્પષ્ટ થાય છે કે, જેવી રીતે જળની તરંગો જળમાં જ સમાઈ જાય છે; તેવી રીતે વ્યય થનાર પર્યાયો દ્રવ્યમાં જ સમાઈ જાય છે, ક્યાં બહાર ચાલી જતી નથી. આ પણ ધ્યાન રાખવું જોઈએ કે તે પર્યાયો વ્યય થઈને આત્મદ્રવ્યમાં ઉદયાદિ ભાવો રૂપ ન રહેતાં પારિણામિકભાવના રૂપમાન રહે છે.

અહીં બનારસીદાસજી કહી રહ્યા છે કે ભાઈ ! વાણી અને વિકલ્પોથી પાર આ આનંદમયી, અનાદિ-અનંત આત્માને આ જ સમયે એક પળમાં જ ગ્રહણ કરી લો, એનો જ અનુભવ કરો, પરમ-અમૃત રસનું પાન કરો અને બંધની ચર્ચાને પુદ્‌ગલકૃત જાણીને, એનાથી ઉપયોગને હટાવી લો. એમાં જ સાર છે અને બીજું અસાર છે, સંસાર છે.

જ્ઞાનપ્રધાન કથન હોવાથી અહીં એમ કહેવામાં આવ્યું છે કે જે ચિત્પુંજ આત્મા વડે પોતાના ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય કરવામાં આવે છે, હું એ જ સમયસારરૂપ આત્માનો અનુભવ કરું છું.

ઉક્ત સંદર્ભમાં પૂજ્ય ગુરુદેવનું સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે ''અહા! ત્રિકાળી જ્ઞાયક ચૈતન્ય સ્વભાવરૂપ આત્મા પોતાના ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સ્વભાવથી જ નવીન અવસ્થારૂપ ઉત્પાદ, એક સમય પહેલાની જૂની અવસ્થાના અભાવરૂપ વ્યય અને સ્થિરતારૂપ ધ્રુવસ્વભાવથી અનુભવમાં આવે છે.[૧]

આ જ્ઞાનપ્રધાન કથન છે; તેથી કહે છે કે ચિત્સ્વભાવ આત્મા વડે જ આત્માનું ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય થાય છે, વ્યવહારના વિકલ્પોથી નહીં.

અહીં કહે છે કે જ્ઞાનસ્વભાવનો પુંજ ભગવાન આત્મા પોતે પોતાથી જ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ પરિણમે છે અર્થાત્ ધ્રુવરૂપથી રહે છે અને એના આશ્રયથી જ નિર્મળ વીતરાગી પર્યાયનો ઉત્પાદ થાય છે.''[૨]

આ રીતે એ સુનિશ્ચિત થયું કે દૃષ્ટિપ્રધાન કથનમાં તો ભગવાન આત્માને પર અને પર્યાયોથી પાર જ બતાવવામાં આવે છે, ઉત્પાદ-વ્યય નિરપેક્ષ જ બતાવવામાં આવે છે; પરંતુ જ્ઞાનપ્રધાન કથનમાં તેને ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસ્વભાવી જ બતાવવામાં આવે છે.

૧ પ્રવચનરત્નાકર (હિંદી), ભાગ-૪, પાનું ૩૫૦
૨ પ્રવચનરત્નાકર (હિંદી), ભાગ-૪, પાનું ૫૫૧

समयसार गाथा - १४४

આ ગાથા કર્તાકર્માધિકારની અંતિમ ગાથા છે. એમાં પક્ષાતિક્રાન્ત સંબંધીના સંપૂર્ણ પ્રકરણની સમાપ્તિ છે, નિષ્કર્ષ આપવામાં આવ્યો છે. આ જ કારણ છે કે આત્મખ્યાતિમાં આ ગાથાની ઉત્થાનિકા આ પ્રમાણે આપવામાં આવી છે - "पक्षातिक्रान्त एव समयसार इत्यवतिष्ठते એમ સુનિશ્ચિત થઈ જાય છે કે પક્ષાતિક્રાન્ત જ સમયસાર છે."

પક્ષાતિક્રાન્તને સમયસાર કહેવાવાળી એ ગાથા આ પ્રમાણે છે-

सम्मद्दंसणणाणं एसो लहदि त्ति णवरि ववदेसं ।
सव्वणयपक्खरहिदो भणिदो जो सो समयसारो ॥१४४॥

(હરિગીત)

સમ્યક્ત્વ તેમ જ જ્ઞાનની જે એકને સંજ્ઞા મળી,
નયપક્ષ સકલ રહિત ભાખ્યો તે 'સમયનો સાર' છે. ૧૪૪[1]

જે સર્વ નયપક્ષોથી રહિત કહેવામાં આવ્યો છે, તે સમયસાર છે. આ સમયસારને જ કેવળ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન એવી સંજ્ઞા મળે છે. તાત્પર્ય એ છે કે નામથી ભિન્ન હોવા છતાં પણ વસ્તુ એક જ છે.

જુઓ, અહીં આત્મા ને જ, સમયસારને જ; સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કહેવાઈ રહ્યો છે. બંનેને એક જ વસ્તુ બતાવવામાં આવી રહી છે. એની શું અપેક્ષા છે - આ બધું ટીકામાં સ્પષ્ટ કરવામાં આવશે.

આ ગાથાની આત્મખ્યાતિ ટીકામાં આ ગાથાના જે ભાવને સ્પષ્ટ કરવામાં આવ્યો છે તે આ પ્રમાણે છે -

---

१ समयसार (गुजराती), पानुं २२८

"જે ખરેખર સમસ્ત નયપક્ષો વડે ખંડિત નહિ થતો હોવાથી જેનો સમસ્ત વિકલ્પોનો વ્યાપાર અટકી ગયો છે - એવા સમયસારરૂપ ભગવાન આત્માને જ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનનું નામ મળે છે. તાત્પર્ય એ છે કે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન સમયસારરૂપ આત્માથી જુદા નથી, અભિન્ન જ છે.

પ્રથમ શ્રુતજ્ઞાનના અવલંબનથી જ્ઞાનસ્વભાવ આત્માનું સ્વરૂપ સુનિશ્ચિત કરીને, સારી રીતે સમજીને; પછી આત્માની ખ્યાતિને માટે, પ્રગટ પ્રસિદ્ધિને માટે; પરપદાર્થોની પ્રસિદ્ધિના કારણો ઈન્દ્રિયો અને મન દ્વારા પ્રવર્તતી બુદ્ધિઓ તે બધીને મર્યાદામાં લાવીને, આત્મોન્મુખ કરીને; જેણે મતિજ્ઞાનતત્વને આત્મસન્મુખ કર્યું છે એવો, તથા વિવિધ પ્રકારના નયપક્ષોના આલંબનથી થતા અનેક વિકલ્પો વડે આકુળતા ઉત્પન્ન કરનારી શ્રુતજ્ઞાનની બુદ્ધિઓને પણ મર્યાદામાં લાવીને, આત્મોન્મુખ કરીને, શ્રુતજ્ઞાનને પણ આત્મસન્મુખ કરતો, અત્યંત વિકલ્પરહિત થઈને, તત્કાળ જ નિજરસથી જ પ્રગટ થતા, આદિ-મધ્ય-અંત રહિત, અનાકુળ, કેવળ એક, આખાય વિશ્વના ઉપર જાણે કે તરતો હોય - તેમ અખંડ પ્રતિભાસમય અનંત વિજ્ઞાનઘન પરમાત્મરૂપ સમયસારને જ્યારે આત્મા અનુભવે છે, તે વખતે જ આત્મા સમ્યક્રૂપણે દેખાય છે અને જણાય છે. તેથી સમયસાર જ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે."

અહીં ટીકામાં એમ તો કહ્યું જ છે કે સ્વાનુભૂતિસંપન્ન, પક્ષાતિક્રાન્ત, સમયસારસ્વરૂપ, ભગવાન આત્મા જ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે; સાથે જ પક્ષાતિક્રાન્ત થવાની, સમ્યગ્દર્શન-જ્ઞાન પ્રાપ્ત કરવાની, આત્માનુભૂતિ પ્રાપ્ત કરવાની વિધિ પણ બતાવવામાં આવી છે.

આ વિધિમાં એમ બતાવવામાં આવ્યું છે કે સૌથી પહેલા શું કરવું જોઈએ. આત્માનુભૂતિ પ્રાપ્ત કરવા માટે કરણલબ્ધિ હોવી જરૂરી છે અને કરણલબ્ધિ દેશનાલબ્ધિ વગર થતી નથી. તેથી સૌથી પ્રથમ દેશનાલબ્ધિની વાત છે અને દેશનાલબ્ધિ માટે સૌથી પહેલા શ્રુતજ્ઞાનના માધ્યમથી, દેવ-ગુરૂના સદુપદેશથી, જિનવાણીના સ્વાધ્યાયથી, જ્ઞાની ધર્માત્માના

સંબોધનથી, તત્સંબંધી અધ્યયનથી, મનનથી, ચિંતનથી જ્ઞાનસ્વભાવી આત્માનો નિર્ણય કરવો જોઈએ, જ્ઞાનસ્વભાવી આત્માનો વિકલ્પાત્મક જ્ઞાનમાં સમ્યક્ નિર્ણય કરવો જોઈએ. આત્માના જ્ઞાનસ્વભાવને સારી રીતે સમજવો જોઈએ; કારણ કે જ્યાં સુધી આત્માનું સ્વરૂપ વિકલ્પાત્મક જ્ઞાનમાં બરોબર સ્પષ્ટ નહીં થાય ત્યાં સુધી આત્માનુભૂતિની પ્રક્રિયા સંપન્ન થવી સંભવ નથી.

આત્માનું લક્ષણ ઉપયોગ છે. તેથી જ્ઞાન-દર્શન ઉપયોગ લક્ષણથી આત્માને જાણવો જોઈએ; કારણ કે લક્ષ્યની ઓળખ લક્ષણથી જ થાય છે. તેથી જાણવું જોઈએ કે જે જાણે છે - દેખે છે તે આત્મા છે. આત્માને દેહવાળો, કુટુંબ-પરિવારવાળો, રાગ-દ્વેષવાળો જાણવો - એ આત્માની સાચી ઓળખ નથી. આત્માને સંયોગોથી જાણવાનો નથી. પરંતુ અસંયોગી આત્મતત્ત્વને એના જ્ઞાનસ્વભાવથી જાણવાનો છે. એ જાણવાનું છે કે આત્મા જાણવા-દેખવાના સ્વભાવવાળો પદાર્થ છે. આત્માનો સ્વભાવ સ્વપરપ્રકાશક છે, સ્વપરને જાણવું-દેખવું માત્ર છે; પરમાં કંઈ કરવું અથવા રાગાદિભાવ કરવો આત્માનો સ્વભાવ નથી. આ વાત શ્રુતજ્ઞાનથી જાણવાની છે અને આત્માને જ્ઞાનસ્વભાવી જાણવાનો છે, જાણવા-દેખવાના સ્વભાવવાળો જાણવાનો છે.

જ્યારે શ્રુતજ્ઞાનના માધ્યમથી જ્ઞાનસ્વભાવી આત્મા જાણી લેવામાં આવે તો તે બાદ મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનરૂપ જ્ઞાન પર્યાયોને બાહ્ય વિષયોમાંથી સમેટી લઈને આત્મસન્મુખ કરવાની છે. મતિજ્ઞાન પાંચ ઈંદ્રિયો અને મનના માધ્યમથી પરપદાર્થોને જાણવામાં ઉલઝ્યો છે અને શ્રુતજ્ઞાન વિવિધ પ્રકારના નયવિકલ્પોમાં ઉલઝીને રહ્યું છે, આકુલિત થઈ રહ્યું છે. એ બન્ને જ્ઞાનને મર્યાદામાં લાવીને આત્મસન્મુખ કરવાનું છે. આત્માનુભૂતિ પ્રાપ્ત કરવાનો આ જ ઉપાય છે.

જ્યારે આ મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન નિર્વિકલ્પ થઈને આત્મસન્મુખ થાય છે, ત્યારે તત્કાળ જ સમયસારસ્વરૂપ ભગવાન આત્માનું દર્શન થાય છે, જ્ઞાન થાય છે; ભગવાન આત્મા પ્રતીતિમાં આવે છે, અનુભૂતિમાં

આવે છે અને એનામાં અતીન્દ્રિય આનંદનું ઝરણું ઝરે છે. આત્માની આ પરિણતિનું જ નામ આત્માનુભૂતિ છે, સમ્યગ્દર્શન છે, સમ્યગ્જ્ઞાન છે. તે કારણે આત્મા અને આત્માનુભૂતિ એક જ છે, અભિન્ન જ છે, સમ્યગ્દર્શન અને સમગ્જ્ઞાન પણ આત્મા જ છે.

ઉકત સંદર્ભમાં પૂજ્ય ગુરૂદેવનું સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે - ''સર્વપ્રથમ વીતરાગ-સર્વજ્ઞ પરમાત્માએ કહેલા, ગણધરદેવે ગૂંથેલા અને તે મુજબ કુન્દકુન્દાચાર્યાદિ દિગંબર સંતોએ રચેલા શાસ્ત્રોના અવલંબનથી જ્ઞાનસ્વભાવ આત્માનો નિશ્ચય કરવો જોઈએ. નિર્વિકલ્પ અનુભવ માટે પહેલા વિકલ્પ દ્વારા જ્ઞાનસ્વભાવી આત્માનો નિર્ણય કરવાનું કહ્યું છે. તેથી એમ નહીં સમજવું કે આ વિકલ્પાત્મક નિર્ણય નિર્વિકલ્પ અનુભવનું કારણ છે, પણ એમ જાણવાનું છે કે નિર્વિકલ્પ અનુભવથી પહેલા વિકલ્પાત્મક નિર્ણય થાય જ છે. પ્રથમ ભૂમિકામાં શ્રુતજ્ઞાનના અવલંબનથી રાગ મિશ્રિત વિચાર દ્વારા એમ નિર્ણય થાય છે કે - 'હું ત્રિકાળી શુદ્ધ જ્ઞાનસ્વભાવી નિત્યાનંદસ્વરૂપ પ્રભુ આત્મા છું'

'શ્રુતજ્ઞાનના અવલંબનથી' - એનો અર્થ એમ છે કે સર્વજ્ઞદેવ અને નિર્ગ્રંથગુરૂ આગમ દ્વારા જે વાત કહે છે, એને સાંભળીને આત્માર્થી જીવ પહેલા વિકલ્પમાં એવો નિર્ણય કરે છે કે હું વિકલ્પોથી માંડીને સમસ્ત લોકાલોકથી ભિન્ન શુદ્ધ જ્ઞાનસ્વભાવી છું. એ જાણીને સૌ પ્રથમ તે મનમાં વિકલ્પાત્મક નિર્ણય કરે છે. સમ્યગ્દર્શન થવું એ તો પછીની વાત છે, આ તો વિકલ્પાત્મક નિર્ણય કરવાની વાત છે.

આત્માના અનુભવની શરૂઆત જેને કરવી હોય, જેણે સમ્યગ્દર્શન પ્રગટ કરવું હોય, તેણે પ્રથમ શ્રુતજ્ઞાનના અવલંબનથી જ્ઞાનસ્વભાવી આત્માનો નિર્ણય કરવો જોઈએ.[1]

જેમને સમ્યગ્દર્શન પ્રગટ કરવું છે, તે સર્વપ્રથમ શ્રુતજ્ઞાનના અવલંબનથી સ્વરૂપનો નિશ્ચય કરે છે. પછી પાંચ ઈન્દ્રિયો અને મન દ્વારા

---

૧ પ્રવચનરત્નાકર (હિન્દી), ભાગ-૪, પાનું ૩૫૯-૩૬૦

પરપદાર્થોની પ્રસિદ્ધિ કરવાવાળા જ્ઞાનને મર્યાદામાં લે છે અને મતિજ્ઞાનને આત્મસન્મુખ કરે છે. મતિજ્ઞાનને પરજ્ઞેયોથી હટાવીને સ્વજ્ઞેયમાં જોડે છે, આ જ આત્માનુભવની વિધિની પ્રક્રિયા છે.[૧]

અહીં કહે છે કે ભાઈ ! જે મતિજ્ઞાન હમણાં સુધી મન અને ઈંદ્રિયો તરફ ઝુકેલું છે, એને ત્યાંથી હટાવીને આત્મસન્મુખ કર. આ એક બોલ થયો. શ્રુતજ્ઞાનના અનેક પ્રકારના નયપક્ષોના આલંબનથી અનેક પ્રકારના વિકલ્પ ઉત્પન્ન થાય છે. હું અબદ્ધ છું, હું બદ્ધ છું, હું શુદ્ધ છું, હું અશુદ્ધ છું; ઈત્યાદિ નયપક્ષના વિકલ્પ તો આકુળતા ઉત્પન્ન કરવાના જ છે; પરંતુ હું અબદ્ધ છું - એવા સ્વરૂપ સંબંધીના વિકલ્પ પણ આકુળતા ઉત્પન્ન કરનાર જ છે; વ્રત, તપ, ભક્તિ આદિના રાગ તો આકુળતા ઉત્પન્ન કરે જ છે; પરંતુ નયપક્ષનો રાગ પણ આકુળતા ઉત્પન્ન કરે છે, દુઃખદાયી છે.

માત્ર શુદ્ધ જ્ઞાનઘનસ્વરૂપ ભગવાન આત્મામાં રાગ અને દુઃખ નથી. શ્રુતજ્ઞાનના વિકલ્પથી ઉત્પન્ન થયેલી આકુળતા આત્મવસ્તુમાં નથી. હું પૂર્ણ છું, શુદ્ધ છું - એવા જે વિકલ્પ ઉઠે છે તે આત્માથી ભિન્ન છે. આ વિકલ્પોથી પણ ભિન્ન આત્માનો અનુભવ સમ્યગ્દર્શન છે.[૨]

અહીં તો એમ કહે છે કે આકુળતાને ઉત્પન્ન કરતાં નયપક્ષના વિકલ્પોથી ભગવાન આત્મા ભિન્ન છે. એવું સ્વરૂપ નિર્વિકલ્પ અનુભવથી પ્રસિદ્ધ થાય છે. આ કારણે શ્રુતજ્ઞાનની બુદ્ધિઓને પણ મર્યાદામાં લઈને અર્થાત્ શ્રુતવિકલ્પથી હટાવીને શ્રુતજ્ઞાનતત્ત્વને પણ આત્મસન્મુખ કરો. એમ કહ્યું છે.

શ્રુતજ્ઞાનની બુદ્ધિઓ અર્થાત્ જ્ઞાનની દશાઓ, જે નયજ્ઞાનમાં ઉલઝીને પડી હતી, તેમને ત્યાંથી સમેટીને સ્વસન્મુખ કરવાનું કહ્યું છે.[૩]

જે સમયે આત્મા અનેક વિકલ્પોથી આકુળતા ઉત્પન્ન કરનાર

---

૧ પ્રવચનરત્નાકર (હિન્દી), ભાગ-૪, પાનું ૩૬૧

૨ પ્રવચનરત્નાકર (હિન્દી), ભાગ-૪, પાનું ૩૬૧-૩૬૨

૩ પ્રવચનરત્નાકર (હિન્દી), ભાગ-૪, પાનું ૩૬૨

શ્રુતજ્ઞાનની બુદ્ધિઓને પણ મર્યાદામાં લઈને શ્રુતજ્ઞાનતત્ત્વને આત્મસન્મુખ કરે છે; તે જ સમયે આત્મા બરોબર દેખાવા માંડે છે. વિકલ્પ બહિર્મુખભાવ છે. જે વિકલ્પોમાં જ અટકીને રહે છે, તે બહિરાત્મા છે.[૧]

પહેલા કહ્યું હતું કે મતિજ્ઞાનતત્ત્વને આત્મસન્મુખ કરવું અને અહીં કહે છે કે શ્રુતજ્ઞાનતત્ત્વને પણ આત્મસન્મુખ ઢાળવું. અહાહા.... એમાં કેટલો પુરૂષાર્થ છે. સંપૂર્ણ દિશા (પરથી સ્વદ્રવ્યની તરફ) પલટવાની વાત છે.

હવે કહે છે કે મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનનું આત્મસન્મુખ થવાથી જે આત્માનો અનુભવ થાય છે, એમાં વિકલ્પોનો અત્યંત અભાવ છે. હું આવો છું, આવો નથી - એવા વિકલ્પોને પણ જ્યાં અવકાશ રહેતો નથી, તો પછી પરના કર્તૃત્વની તો વાત જ ક્યાં રહી ? અત્યંત વિકલ્પરહિત થવાથી આત્મા તત્કાળ નિજરસથી જ પ્રગટ થાય છે. અંતરમાં દૃષ્ટિ પડી, જ્ઞાનની દશા જ્યાં જ્ઞાતા તરફ ઢળી, તે જ ક્ષણે ભગવાન આત્મા નિજરસથી પ્રગટ થઈ જાય છે. નિજરસ અર્થાત્ જ્ઞાનરસ, આનંદરસ, શાંતરસ, સમરસ, વીતરાગરસ એવા નિજરસથી ભગવાન આત્મા તત્કાળ પ્રસિદ્ધ થઈ જાય .

પરના અથવા વિકલ્પોના આશ્રયથી સમ્યગ્દર્શન પ્રગટ નથી થતું, પરંતુ અંતરમાં સ્વભાવસન્મુખ થવાથી આત્મા તત્કાળ નિજરસથી જ પ્રગટ થાય છે.[૨]

ત્રિકાળી ધ્રુવ - એવા દ્રવ્યની સન્મુખ થતાં નિજરસથી જ આત્મા તત્કાળ પ્રગટ થઈ જાય છે, આદિ-મધ્ય-રહિત, અનાદિ-અનંત, પરમાત્મરૂપ સમયસાર એ જ સમયે સમ્યક્ત્વથી શ્રદ્ધા અને જ્ઞાનનો વિષય બની જાય છે, જ્ઞાત થઈ જાય છે. આત્મા પહેલા ન હતો અને હવે થઈ ગયો એવું નથી. હવે તો માત્ર પર્યાયમાં પ્રગટ-પ્રસિદ્ધિ થઈ છે. જે હોય, તેની જ પ્રગટ-પ્રસિદ્ધિ થાય છે.[૩]

---

૧ પ્રવચનરત્નાકર (હિન્દી), ભાગ-૪, પાનું ૩૬૩
૨ પ્રવચનરત્નાકર (હિન્દી), ભાગ-૪, પાનું ૩૬૩-૩૬૪
૩ પ્રવચનરત્નાકર (હિન્દી), ભાગ-૪, પાનું ૩૬૪

દિગંબર સંત કહે છે કે ભગવાન, તારી વર્તમાન મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનની પર્યાય પર તરફ ઝુકેલી છે, એ કારણે તને પરપદાર્થની પ્રસિદ્ધિ થાય છે પણ હવે તું સ્વ-પદાર્થની પ્રસિદ્ધિના માટે મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનના તત્ત્વને અન્તર્સ્વભાવની તરફ ઝુકાવીને સ્વસન્મુખ થા, જેનાથી તારો આત્મા નિર્જરસથી જ પર્યાયમાં પ્રગટ થશે. આત્મા નિર્વિકલ્પ વીતરાગભાવથી જ પ્રગટ થાય છે.[1]

ભાવાર્થ એમ છે કે આગમજ્ઞાનથી જ્ઞાનસ્વરૂપ આત્માનો નિશ્ચય કરીને ઈંદ્રિય બુદ્ધિરૂપ મતિજ્ઞાનને જ્ઞાનભાવમાં જ મેળવીને તથા શ્રુતજ્ઞાનરૂપી નયોના વિકલ્પને મટાડીને શ્રુતજ્ઞાનને પણ નિર્વિકલ્પ કરીને એક અખંડ પ્રતિભાસનો અનુભવ કરવાને જ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કહે છે. સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન અનુભવથી કોઈ જુદી વસ્તુ નથી.''[2]

આ રીતે કર્ત્તાકર્મ-અધિકારની આ અંતિમ ગાથા અને એની ટીકામાં સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત કરવાની વિધિ બતાવીને એમ કહેવામાં આવ્યું છે કે સમયસારરૂપ ભગવાન આત્મા અથવા એના અનુભવનું નામ જ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે.

હવે અહીં ૧૪૪મી ગાથાની સમાપ્તિની સાથે જ કર્તાકર્મ-અધિકાર પણ સમાપ્ત થઈ રહ્યો છે. આ અવસરે આચાર્ય અમૃતચંદ્ર આત્મખ્યાતિ ટીકામાં ૭ કળશ લખે છે, જેમાં શરૂઆતના બે કળશ તો પક્ષાતિક્રાંત સમયસારનું સ્વરૂપ બતાવનાર પ્રકરણથી સંબંધિત છે, શેષ પાંચ કળશ સંપૂર્ણ કર્તાકર્મ-અધિકારની સમાપ્તિના કળશ છે.

(शार्दूलविक्रीडित)

आक्रामन्नविकल्पभावमचलं पक्षैर्नयानां विना ।
सारो यः समयस्य भाति निभृतैरास्वाद्यमानः स्वयम् ॥

---

१ પ્રવચનરત્નાકર (હિન્દી), ભાગ-૪, પાનું ૩૬૫

૨ પ્રવચનરત્નાકર (હિન્દી), ભાગ-૪, પાનું ૩૬૯

विज्ञानैकरसः स एष भगवान्पुण्यः पुराणः पुमान् ।
ज्ञानं दर्शनमप्ययं किमथवा यत्किंचनैकोऽप्ययम् ॥९३॥

(હરિગીત)

પુરાણ પુણ્ય પવિત્ર જે વિજ્ઞાનઘન ભગવાન છે,
આસ્વાદ્ય નિભૃતજન થકી બસ તે જ દર્શન જ્ઞાન છે;
નયપક્ષવાણ અવિકલ્પ અવિચલ એ સમયનો સાર છે,
કહીએ વધું શું, હો બધું, પણ એ જ સૌનો સાર છે ॥૯૩॥

નયપક્ષોથી રહિત, અચળ, નિર્વિકલ્પભાવને પ્રાપ્ત થતો જે સમયનો સાર પ્રકાશિત કરે છે, તે આ સમયસાર (શુદ્ધાત્મા) છે, જે નિભૃત (આત્મલીન-નિશ્ચલ) પુરૂષો દ્વારા સ્વયં આસ્વાદ્યમાન છે, એમના અનુભવમાં આવે છે અને વિજ્ઞાન જ જેમનો એક રસ છે - આવો ભગવાન આત્મા પવિત્ર છે, પુરાણપુરુષ છે. એને જ્ઞાન કહો યા દર્શન, ચાહે જે કંઈ પણ કહો, એ જ સારભૂત છે. અધિક શું કહીએ - જે કંઈ છે, તે એક જ છે.

આ કળશમાં એમ કહેવાઈ રહ્યું છે કે પાછળની ગાથાઓમાં જે નયપક્ષાતીત ભગવાન આત્માની ચર્ચા કરવામાં આવી છે, તે ભગવાન આત્મા પુણ્યસ્વરૂપ છે અર્થાત્ પવિત્ર છે; પુરાણ છે અર્થાત્ અત્યંત પ્રાચીન છે, અનાદિ-અનંત છે; પુમાન છે અર્થાત્ પુરુષ છે, પૌરુષથી યુક્ત છે, અનંત ગુણવાળો છે; અચળ છે અર્થાત્ નિર્વિકલ્પ ચૈતન્યવસ્તુરૂપ છે, વિકલ્પજાળમાં ઉલઝી જાય એવો નથી. વિકલ્પોથી પ્રાપ્ત થનાર નથી. શુદ્ધભાવરૂપ-નિર્વિકલ્પભાવરૂપ પરિણમતો, વિજ્ઞાન જ એક જેનો રસ છે અને જે નિભૃત પુરૂષો વડે, આત્માનુભવી જ્ઞાનીઓ વડે આસ્વાદ્યમાન છે, અનુભવ યોગ્ય છે; - એવો આ ભગવાન આત્મા જ દર્શન છે, જ્ઞાન છે; સમ્યગ્દર્શન છે, સમ્યગ્જ્ઞાન છે. વધુ શું કહીએ - જે કંઈ છે, તે એક આત્મા જ છે.

આ રીતે આ કળશ દૃષ્ટિના વિષયભૂત, સમ્યગ્દર્શન-જ્ઞાન-

ચારિત્રના એકમાત્ર મૂળાધાર ભગવાન આત્માની મહિમા બતાવતો કળશકાવ્ય છે.

આ કળશનો ભાવ સ્પષ્ટ કરતાં પાંડે રાજમલજી લખે છે –

''ભાવાર્થ એમ છે કે જેટલા નય છે, એટલું શ્રુતજ્ઞાન છે; શ્રુતજ્ઞાન પરોક્ષ છે, અનુભવ પ્રત્યક્ષ છે; તેથી શ્રુતજ્ઞાન વગર જે જ્ઞાન છે, તે પ્રત્યક્ષ અનુભવે છે. આ કારણે પ્રત્યક્ષરૂપથી અનુભવતો જે કોઈ શુદ્ધસ્વરૂપ આત્મા છે, તે જ્ઞાનપુંજ વસ્તુ છે,-એમ કહેવામાં આવે છે.''

એનું જ અનુકરણ કરતાં બનારસીદાસ નાટક સમયસારમાં આ છંદનો ભાવાનુવાદ આ પ્રમાણે કરે છે.

(सवैया इकतीसा)

दरब की नय अर परजायनय दोऊ,
श्रुतग्यानरूप श्रुतग्यान तो परोख है ।
सुद्ध परमातमाकौ अनुभौ प्रगट तातैं,
अनुभौ विराजमान अनुभौ अदोख है ॥

अनुभौ प्रवांन भगवान पुरुष पुरान,
ग्यान और विग्यानघन महासुखपोख है ।
परम पवित्र यौं अनंत नाम अनुभौके,
अनुभौ बिना न कहूँ और ठौर मोख है ॥

દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક એ બંને જ નય શ્રુતજ્ઞાન છે અને શ્રુતજ્ઞાન પરોક્ષ પ્રમાણ છે તથા શુદ્ધ આત્માનો અનુભવ પ્રત્યક્ષ પ્રમાણ છે. આ અનુભવ નિર્દોષ છે, સુશોભિત છે, પ્રમાણ છે, ભગવાન છે, પુરૂષ છે, પુરાણ છે, જ્ઞાન છે, વિજ્ઞાનઘન છે, મહાન છે અને સુખનું પોષણ કરનાર છે. આ અનુભવ પરમ પવિત્ર છે, એના અનંત નામ છે, એ મોક્ષ સ્વરૂપ છે, મોક્ષનું કારણ છે; એના વગર બીજે કયાં પણ મોક્ષ નથી.

અહીં ધ્યાન આપવાની વાત એ છે કે અહીં બનારસીદાસજીએ બધા વિશેષણ અનુભવના બનાવી લીધા છે. ભગવાન, પુણ્ય, પુરાણ, પુમાન, જ્ઞાન આદિ બધાને અનુભવના નામાન્તર બતાવ્યા છે. કળશ ટીકામાં પણ આ પ્રકારની ધ્વનિ વિદ્યમાન છે અને બનારસીદાસજીએ આ ભાવને ત્યાંથી જ ગ્રહણ કર્યો છે.

બીજું અહીં પણ મૂળ છંદમાં નયોના નામ નથી; પરંતુ બનારસીદાસજી કળશટીકાનું અનુકરણ કરીને અહીં દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિક નય જ લે છે, પહેલાની જેમ નિશ્ચય-વ્યવહારનય લેતા નથી. તેથી પ્રતીત થાય છે કે બનારસીદાસજીને બંને પ્રકારના નયો લેવામાં કંઈ સંકોચ નથી; પરંતુ કળશટીકાકાર બંને દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિક નયોને જ લેતા આવ્યા છે. આ સંબંધી વિસ્તૃત સમીક્ષા પહેલા જ થઈ ગઈ છે. તેથી અહીં કંઈ લખવાની જરૂરત નથી.

૧૪૪મી ગાથામાં સમયસાર (શુદ્ધાત્મા) ને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કહ્યો જ છે. તેથી સમયસારના નામાંતરોને અનુભવના નામાંતર કહેવા અનુચિત પણ નથી. સંક્ષેપમાં અહીં પણ એમ જ કહેવામાં આવી રહ્યું છે કે નયપક્ષાતીત સમયસાર જ સમ્યગ્દર્શન છે, સમ્યગ્જ્ઞાન છે, અનુભવ છે અને આ જ અનુભવના ગીત ગાયા છે, નાટક સમયસારના આ છંદમાં.

હવે પછીના કળશમાં એ કહે છે કે આ આત્માનુભવ કેવી રીતે થાય ?

(शार्दूलविक्रीडित)

दूरं भूरि विकल्पजालगहने भ्राम्यन्निजौघाच्च्युतो ।
दूरादेव विवेकनिम्नगमनान्नीतो निजौघं बलात् ॥
विज्ञानैकरसस्तदेकरसिनामात्मानमात्मा हरन् ।
आत्मन्येव सदा गतानुगततामायात्ययं तोयवत् ॥९४॥

(હરિગીત)

નિજ સમૂહથી ચ્યૂત પાણી જો ભમતું કદી કો વન વિષે,
તો ઢાળથી તે વાળતાં પાછું જ મળતું સમૂહને;
નિજ ભાવથી ચ્યૂત આતમા ભમતો વિકલ્પવને ઘણાં,
વિવેકઢાળથી તેહને નિજ વીર્યપૂર્વક વાળતાં;
વિજ્ઞાનઘન નિજ સ્વરૂપમાં ખેંચાઈ આવે આતમા,
વિજ્ઞાનઘનના રસિક જન જે અનુભવે છે આતમા ॥૬૪॥

જેવી રીતે પાણી પોતાના સમૂહથી ચ્યુત થતાં, દૂર ગાઢ વનમાં વહી રહ્યું હોય, એને દૂરથી જ ઢાળવાળા માર્ગ દ્વારા પોતાના સમુહની તરફ બળપૂવક વાળવામાં આવે, તો તે પાણી પાણીને પાણીના સમૂહની તરફ ખેંચતો, પ્રવાહરૂપ થઈને પોતાના સમૂહમાં આવીને મળે છે; એ જ રીતે આ આત્મા પોતાના વિજ્ઞાનઘનસ્વભાવથી ચ્યુત થઈને પ્રચુર વિકલ્પજાળોના ગાઢ વનમાં દૂર-દૂર સુધી પરિભ્રમણ કરી રહ્યું હતું, એને દૂરથી વિવેકરૂપી ઢાળવાળા માર્ગથી પોતાના વિજ્ઞાનઘનસ્વભાવ તરફ બળપૂર્વક વાળી દેવામાં આવ્યો. તેથી વિજ્ઞાનઘન આત્માનો રસિક આત્મા આત્માને આત્મા તરફ ખેંચતો, જ્ઞાનને જ્ઞાન તરફ ખેંચતો પ્રવાહરૂપ થઈને સદા વિજ્ઞાનઘનસ્વભાવમાં આવીને મળે છે.

આ કળશન ભાવને પંડિત જયચંદજી છાબડા ભાવાર્થમાં આ પ્રમાણે પ્રસ્તુત કરે છે -

"જેવી રીતે પાણી, પોતાના પાણીના નિવાસસ્થાનથી કોઈ માર્ગે બહાર નીકળીને વનમાં અનેક સ્થાનો પર વહી નીકળે અને પછી કોઈ ઢળાણવાળા માર્ગથી જેમનું તેમ પોતાના નિવાસસ્થાનમાં આવીને મળે; એવી જ રીતે આત્મા પણ મિથ્યાત્વના માર્ગથી સ્વભાવની બહાર નીકળીને વિકલ્પોના વનમાં ભ્રમણ કરતો, કોઈ ભેદજ્ઞાનરૂપી ઢાળવાળા માર્ગથી પોતે જ પોતાને ખેંચતો, પોતાના વિજ્ઞાનઘનસ્વભાવમાં આવીને મળે છે."

પાણીનો સ્વભાવ નીચેની તરફ વહેવાનો છે; તેથી પોતાના સમૂહથી વિલગ થઈને ગાઢ વનમાં નીચેની તરફ વહેતાં પાણીને ફરીથી એના જળસમૂહમાં આવીને મળવું સહેલું નથી; તો પણ જો એને બળપૂર્વક ઢાળવાળા માર્ગથી એ તરફ વાળવામાં આવે, જ્યાંથી તે જળસમૂહથી વિલગ થયું હતું, તો એ તે જ જળસમુહમાં આવી મળે છે. જોકે આ કામ સહેલું નથી; તોપણ સંભવ છે, અસંભવ નથી.

એ જ રીતે પોતાના વિજ્ઞાનઘનસ્વભાવથી ભ્રષ્ટ, વિકલ્પજળના ગાઢ વનમાં ભ્રમિત આત્માનું આત્મસન્મુખ થવું સહેલું નથી; છતાં એને પણ જો વિવેકરૂપી ઢાળવાળા માર્ગથી પોતાના વિજ્ઞાનઘનસ્વભાવ તરફ બળપૂર્વક વાળવામાં આવે તો તે પણ આત્માનુભવ કરવામાં સમર્થ થઈ શકે છે. તાત્પર્ય એ છે કે આત્માનુભવની વિધિ જ આ છે કે આપણે આપણા ઉપયોગને પુરૂષાર્થપૂર્વક સ્વસ્વભાવ તરફ વાળીએ, આત્મસન્મુખ કરીએ.

૧૪૪મી ગાથાની ટીકામાં એમ જ કહ્યું હતું કે પાંચ ઈંદ્રિયો અને મનના માધ્યમથી વિષય-કષાયમાં ઉલઝેલા મતિજ્ઞાનને તેમનાથી હટાવીને બળપૂર્વક આત્મસન્મુખ કરીએ અને નાના નયોના વિકલ્પથી ઉલઝેલા શ્રુતજ્ઞાનને પણ આત્મસન્મુખ કરીએ, ત્યારે જ આત્માનુભવ થાય છે. એ જ વાતને આ કળશમાં કહી રહ્યા છે કે પોતાના ઉપયોગને બળપૂર્વક આત્મસન્મુખ કરો; કારણ કે આત્માનુભવ કરવાની આ જ રીત છે, આ જ વિધાન છે, આ જ ઉપાય છે.

આ પુરૂષાર્થની પ્રેરણા આપવાવાળું કળશ કાવ્ય છે. આ પુરૂષાર્થ પણ બીજું કંઈ પણ નહીં; માત્ર પરસન્મુખ થયેલા પોતાના ઉપયોગને બળપૂર્વક આત્મસન્મુખ કરવાનું જ છે.

આ કળશના ભાવને નાટક સમયસારમાં આ પ્રમાણે વ્યક્ત કરવામાં આવ્યો છે.

(સવૈયા ઇકતીસા)

जैसै एक जल नानारूप-दरबानुजोग,
भयौ बहु भाँति पहिचान्यौ न परतु है ।
फिरि काल पादिरबानुजोग दूरि होत,
अपनै सहज नीचे मारग ढरतु है ॥

तैसै यह चेतन पदारथ विभाव तकासौ,
गति जोनि भेस भव-भांवरि भरतु है ।
सम्यक् सुभाई पाइ अनुभौ के पंथ धाइ,
बंधकी जुगति भानि मुकति करतु है ॥

જેવી રીતે પાણી અનેક વસ્તુઓના સંયોગથી અનેકરૂપ થઈ જાય છે અને ઓળખી શકાતું નથી, પછી સમય આવતાં જ્યારે સંયોગો દૂર થઈ જાય છે ત્યારે પોતાના સ્વભાવમાં આવીને નીચેની તરફ વહેવા માંડે છે; તે જ રીતે આ ચેતન આત્મા વિભાવ અવસ્થામાં ગતિ, યોનિ, વેશરૂપ સંસારના ચક્કરમાં ભ્રમણ કરતો રહે છે, પછી સમય આવતાં, પોતાના સમ્યક્સ્વભાવને પ્રાપ્ત કરી, અનુભવના પંથે લાગીને, બંધનો નાશ કરીને મુક્તિ પ્રાપ્ત કરે છે.

પ્રશ્ન - સંસ્કૃત છંદનો જે ભાવ ઉપર બતાવવામાં આવ્યો છે, એનામાં અને નાટક સમયસારના છંદના ભાવમાં એકરૂપતા દેખાતી નથી; કારણ કે સંસ્કૃત છંદમાં તો એમ કહ્યું છે કે પાણી પોતાના સમૂહથી ચ્યુત થઈને નીચેની તરફ વહે છે, પરંતુ જ્યારે એને બળપૂર્વક ઢાળવાળા માર્ગ પર વાળવામાં આવે છે, ત્યારે એ તેમાં જઈને મળે છે; અને અહીં એમ કહેવામાં આવી રહ્યું છે કે વસ્તુઓના સંયોગથી પાણી અનેકરૂપ થઈ જાય છે અને સંયોગો દૂર થતાં સ્વભાવમાં આવીને નીચેની તરફ વહેવા માંડે છે.

પાણીના દૃષ્ટાંતમાં જેવો ફરક છે, એવો જ ફરક સિદ્ધાન્તમાં પણ દેખાઈ આવે છે. એનું કારણ શું છે ?

૩૦૮ સમયસાર અનુશીલન - કર્તાકર્માધિકાર

ઉત્તર - એમ તો પહેલા સ્પષ્ટ કરી દેવામાં આવ્યું છે કે બનારસીદાસજી નાટક સમયસારમાં સર્વત્ર કળશ ટીકાનું અનુસરણ કરે છે. લાગે છે કે અહીં પણ એવું જ થયું છે; કારણ કે કળશટીકાકાર પાંડે રાજમલજી આ છંદ (કળશ)નો ભાવ આ પ્રમાણે વ્યક્ત કરે છે -

"જે રીતે પાણીનો શીતળ, સ્વચ્છ અને દ્રવત્વ યુક્ત સ્વભાવ છે; એ સ્વભાવથી તે ક્યારેક ચ્યુત થાય છે, પોતાના સ્વભાવને છોડે છે; તે રીતે જીવદ્રવ્યનો સ્વભાવ કેવળજ્ઞાન, કેવળદર્શન, અતીન્દ્રિય સુખ ઈત્યાદિ અનંત ગુણસ્વરૂપ છે અને એ અનાદિકાળથી તેનાથી ભ્રષ્ટ થયો છે, વિભાવરૂપ પરિણમ્યો છે.

જે રીતે પાણી પોતાના સ્વાદથી ભ્રષ્ટ થયેલો, વિવિધ વૃક્ષરૂપ પરિણમે છે; તે રીતે જીવદ્રવ્ય પોતાના શુદ્ધસ્વરૂપથી ભ્રષ્ટ થયેલો વિવિધ પ્રકારે ચતુર્ગતિ પર્યાયરૂપ પોતાને આસ્વાદે છે.

જે રીતે પાણી પોતાના સ્વરૂપથી ભ્રષ્ટ થાય છે અને કાળનું નિમિત્ત પામીને ફરી જળરૂપ થાય છે, નીચેના માર્ગથી ઢળકતો ફરી પુંજરૂપ પણ થાય છે; તે રીતે જીવદ્રવ્ય અનાદિથી સ્વરૂપથી ભ્રષ્ટ છે. શુદ્ધસ્વરૂપ લક્ષણ સમ્યકત્વ પ્રગટ થતાં મુક્ત થાય છે. - એવું દ્રવ્યનું પરિણામ છે."

નાટક સમયસારનો છંદ ઉક્ત ભાવનું જ અનુસરણ કરી રહ્યો છે.

પોતાના સમુહથી ચ્યુત પાણીનું ઢાળવાળા માર્ગથી ફરીથી એના સમુહમાં આવીને મળવું સહજભાવથી બધાને સ્વીકૃત થતું નથી. લોકોને એમ લાગે છે કે એવું કેમ થઈ શકે; કારણ કે પાણીનો સ્વભાવ તો નીચે તરફ વહેવાનો છે. તથા પાણીનો સ્વભાવ જ જ્યારે નીચે વહેવાનો છે તો પછી પાણીનું પોતાના સમુહથી ચ્યુત થઈને નીચે વહેવું વિભાવ કેમ માની શકાય ? આ પ્રકારના ચિંતનથી મેળ બેસાડવા માટે એમ કહેવામાં આવ્યું છે કે જ્યારે પાણી પોતાના સમુહથી ચ્યુત થાય છે ત્યારે તે આડા-અવળા, ખાડા-ખડિયા માર્ગમાં ભટકી જાય છે, નાના પ્રકારની જમીન

અને નાના પ્રકારની વનસ્પતિઓમાં વિલીન-જેવું જ થઈ જાય છે; પરંતુ તે જ પાણીને જ્યારે ઢાળવાળો નીચો રસ્તો મળી જાય છે ત્યારે તે સ્વાભાવિકરૂપથી શાંત થઈને સહજભાવથી વહેવા માંડે છે. તે જ રીતે આ ભગવાન આત્મા પણ અંતર્મુખ સહજ સ્વાભાવિક પરિણામથી ચ્યુત થઈને ભટકી જાય છે, નાનાપ્રકારના જ્ઞેયોમાં ઉલઝીને રહી જાય છે, વિભાવભાવરૂપ પરિણમવા માંડે છે; પરંતુ જ્યારે એને બળપૂર્વક વિવેકમાર્ગમાં લગાડવામાં આવે છે ત્યારે અંતર્મુખ થઈને સહજભાવથી સ્વભાવમાં પરિણમવા માંડે છે, સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ પરિણમવા માંડે છે.

પ્રશ્ન - બન્ને અર્થમાંથી કયો અર્થ સાચો છે.

ઉત્તર - બન્ને જ સાચા છે; કારણકે બન્ને ભાવોમાં કોઈ અંતર નથી. અંતર તો માત્ર ઉદાહરણને ઘટિત કરવામાં છે, એના સ્પષ્ટીકરણમાં છે, નિષ્કર્ષમાં તો કોઈ અંતર છે જ નહીં.

આ કળશનો ભાવ પૂજ્ય ગુરૂદેવ આ પ્રમાણે સ્પષ્ટ કરે છે -

''અહીં નદીના પ્રવાહના દૃષ્ટાંત દ્વારા જીવની પર્યાયજનિત ભૂલ અને સ્વભાવગત વિશેષતાને સમજાવીને સ્વભાવનું લક્ષ્ય કરાવે છે. જે રીતે નદીનું અપાર જળસમૂહ પોતાના વેગથી પોતાની ધારામાં વહી રહ્યું હોય, એમાંથી થોડું પાણી પોતાની ધારાને છોડીને બીજે રસ્તેથી અહીંયા-ત્યાં વહીને ગાઢ વનમાં ક્યાં દૂર ચાલ્યું જાય. પછી એને કોઈ વ્યક્તિ ઢાળવાળા માર્ગથી એ જ નદીની તરફ વળી દે, તો પછી તે પાણી ઢાળ મળતાં પાણીના મૂળસમૂહની તરફ પ્રવાહિત થતો, પાણીના મૂળસમૂહમાં મળી જાય છે.

એ જ રીતે આ ભગવાન આત્મા અનાદિકાળથી પોતાના વિજ્ઞાનઘનસ્વભાવથી ચ્યુત થયો હતો, ભ્રષ્ટ થઈને પ્રચુર વિકલ્પજાળરૂપી વનમાં ભટકી ગયો હતો. પોતાના ત્રિકાળી ધ્રુવસ્વભાવી પ્રવાહરૂપ વસ્તુ તો ત્રિકાળ પોતાના જ્ઞાન અને આનંદના રસથી ભરપૂર જ પડી છે; પરંતુ

કેવળ પર્યાયમાં આ આત્મા એ પરિપૂર્ણ સ્વભાવથી ચ્યુત થઈ રહ્યો છે, અનાદિકાળથી ભ્રષ્ટ થઈ રહ્યો છે; હવે એ પોતાના ઉગ્ર પુરુષાર્થથી વિવેકરૂપી ઢાળવાળા માર્ગ દ્વારા પોતાના યથાર્થ સ્વરૂપ વિજ્ઞાનઘનસ્વભાવની તરફ આવ્યો છે.

કળશ ટીકામાં પંડિત રાજમલજીએ 'विवेक निम्नगमनात्' પદનો અર્થ એમ કર્યો છે કે - શુદ્ધસ્વરૂપનો અનુભવ એ જ થયો નીચો ઢાળવાળો માર્ગ, એ કારણે જીવદ્રવ્યનું જેવું સ્વરૂપ હતું, એવું પ્રગટ થયું.[૧]

જે અજ્ઞાનીજીવ અનાદિકાળથી પોતાના વિજ્ઞાનઘનસ્વભાવથી ભ્રષ્ટ થયેલો પ્રચુર વિકલ્પથી ગાઢ વનમાં દૂર-દૂર સુધી ભટકી રહ્યો હતો, અનેક પ્રકારના વિકલ્પોના રાગજળમાં પોતે ઉલઝી રહ્યો હતો, દયા, દાન, વ્રત આદિ શુભપુણ્યરૂપ તથા હિંસાદિ અશુભ-પાપરૂપ અનંત પ્રકારના શુભાશુભ વિકલ્પો અથવા અનેક પ્રકારના નય વિકલ્પોના ઈંદ્રજાળમાં પોતે પોતાના વિભાવ સ્વભાવમાં અટકી રહ્યો હતો; તે તત્ત્વજ્ઞાનના બળથી એને દૂર જ છોડીને અર્થાત્ રાગાદિને મળ્યા વગર જ પોતાના ઉપયોગને સ્વભાવમાં જોડી દે છે. ભેદજ્ઞાન દ્વારા પ્રાપ્ત પોતાના બળથી જ પોતાના ચૈતન્યસ્વભાવ તરફ ઝુકી જાય છે.[૨]

શ્લોકમાં એવો પાઠ છે કે 'विवेक निम्नगमनात्' - એનો અર્થ એમ છે કે ભેદજ્ઞાનરૂપી માર્ગ દ્વારા પોતે પોતાના જ્ઞાનસ્વભાવમાં આવીને મળે છે. ઢાળવાળો માર્ગ અર્થાત્ ભેદજ્ઞાનરૂપી ગંભીર માર્ગ, એના દ્વારા સ્વરૂપમાં આવીને મળે છે.''[૩]

''પાણીનો સમુહ તો સમુદ્ર, નદી, સરોવર અને તળાવ બધામાં હોય છે; તોપણ પૂજ્ય ગુરુદેવે જલોઘનો અર્થ નદી જ કર્યો છે, જે ઉપયુક્ત જ છે; કારણ કે સમુદ્ર, સરોવર અને તળાવનું પાણી જો પોતાના સમૂહથી

---

૧ પ્રવચનરત્નાકર (હિન્દી), ભાગ-૪, પાનું ૩૭૭૭
૨ પ્રવચનરત્નાકર (હિન્દી), ભાગ-૪, પાનું ૩૭૮
૩ પ્રવચનરત્નાકર (હિન્દી), ભાગ-૪, પાનું ૩૭૯

ચ્યુત થઈને નીચેની તરફ વહી નીકળે તો યાંત્રિક પ્રયોગ વગર એનું એ જ જળસમૂહમાં મળવું સંભવ નથી. પરંતુ નિજસમૂહથી ચ્યુત નદીના પાણીને ઢાળવાળા માર્ગથી એ જળસમૂહમાં મેળવવું યંત્ર વિના પણ સંભવ છે; કારણ કે નદીનું પાણી પણ તો સહજભાવથી નીચેની તરફ જ વહી રહ્યું છે. જે જગ્યાએ પાણી પોતાના સમૂહથી ચ્યુત થયું છે, ભલે ને એને એ જ જગાએ મળાવી ન શકાય; પરંતુ એ જ જળધારામાં આગળ અવશ્ય મળાવી શકાય છે.

હરદ્વારમાં ગંગાનદીની એક જળધારાને નહેરનું રૂપ આપીને ગંગાથી જુદી કરવામાં આવી અને એ જ જળધારા (નહેર)ને લગભગ પાંચસો કિલોમીટર દૂર ચાલીને કાનપુરની આસપાસ ગંગા નદીમાં જ મેળવી દીધી.

તેથી પૂજ્ય ગુરૂદેવે જે જળસમૂહનો અર્થ નદી કર્યો છે; તે તર્કસંગત છે અને એ લૌકિક અનુભવને પણ સિદ્ધ કરે છે.

અરે ભાઈ ! નદીનું જે પાણી પોતાની મૂળધારાથી અલગ થઈ જશે, બિછડી જશે; એની દુર્દશા જ થવાની છે. એનો વિનાશ સુનિશ્ચિત જ છે; તે પાણી હવે પાણીના રૂપમાં રહી નહીં શકે; કાં તો માટીમાં મળીને કીચડ થઈ જશે, કાં તો પછી કોઈ વૃક્ષ દ્વારા એનું શોષણ થઈ જશે. જો એ પાણી પોતાની સુરક્ષા ઈચ્છતું હોય તો હવે એને જેમ બને તેમ નદીની મૂળધારા તરફ જ પાછા ફરવું પડશે; એની સુરક્ષાનો અન્ય કોઈ ઉપાય નથી.

એ રીતે જે આત્માના શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર ત્રિકાળીધ્રુવ નિજ શુદ્ધાત્માથી ચ્યુત થઈને પરપદાર્થોમાં સમર્પિત છે; એમની દુર્દશા સુનિશ્ચિત જ છે. એવા જીવ જ ચાર ગતિ અને ચોરાશી લાખ યોનિઓમાં ભટકી રહ્યા છે અને ત્યાં સુધી ભટકતા રહેશે કે જ્યાં સુધી પરથી પરાન્મુખ થઈને નિજ ભગવાન આત્મા પ્રતિ સમર્પિત નહીં થાય.

તાત્પર્ય એ છે કે જે આત્માના શ્રદ્ધાગુણે પોતાના ત્રિકાળીધ્રુવ આત્મામાં પોતાપણું ન રાખી, પોતાના આત્માથી ભિન્ન પરપદાર્થો અને પોતાના જ આત્મામાં ઉત્પન્ન થતા રાગ-દ્વેષાદિભાવોમાં પોતાપણું રાખ્યું; અને જે આત્માના જ્ઞાનગુણે પોતાના આત્માને નિજરૂપ ન જાણી પરપદાર્થો અને રાગાદિને પોતારૂપ જાણ્યા; એ જ રીતે જે આત્માના ચારિત્રગુણે પોતાના આત્મામાં લીનતા ન કરતાં, સ્થિરતા ન રાખતાં; પરપદાર્થો અને રાગાદિભાવોમાં લીનતા કરી, સ્થિરતા કરી; તે આત્મા ચાર ગતિ અને ચોરાશી લાખ યોનિઓમાં ભટકી-ભટકીને અનંત દુઃખ ઉઠાવે છે.

જે આત્મા આત્મોન્મુખી પુરૂષાર્થ દ્વારા પોતાના શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રગુણને આત્મસન્મુખ કરે છે અર્થાત્ એવી શ્રદ્ધા કરે છે કે હું તો ત્રિકાળીધ્રુવ જ્ઞાનાનંદસ્વભાવી આત્મા છું; એવું જ જાણે છે અને એ જ આત્મામાં ઉપયોગ સ્થિર કરીને લીન થઈ જાય છે; તે સમ્યક્દર્શન, જ્ઞાન અને ચારિત્રને પ્રાપ્ત કરી અનંત સુખી થઈ જાય છે.

તેથી પ્રત્યેક આત્માર્થી ભાઈ-બહેનનું કર્તવ્ય છે કે તેઓ પોતાની શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રને પુરૂષાર્થપૂર્વક પોતાના આત્મા તરફ વાળે; કારણ કે સુખી થવાનો એકમાત્ર આ જ ઉપાય છે.

આ રીતે આ કળશમાં ઈંદ્રિયોના માધ્યમથી વિષય-વિકારમાં ફસેલા અને નયોની વિકલ્પાત્મક જાળમાં ઉલઝેલા આત્માને નિજસ્વભાવથી ભ્રષ્ટ બતાવીને અંતરોન્મુખી પુરૂષાર્થ દ્વારા પોતાના શુદ્ધાત્મતત્ત્વને પ્રાપ્ત કરવાની પ્રેરણા આપવામાં આવી છે.

આ રીતે ૯૩ અને ૯૪ એ બન્ને કળશોમાં નયપક્ષાતીત ભગવાન આત્માના પ્રકરણની સમાપ્તિ કરીને હવે આગળના પાંચ કળશોમાં સંપૂર્ણ કર્તાકર્મ અધિકારની સમાપ્તિ કરે છે.

(अनुष्टुप्)

विकल्पकः परं कर्ता विकल्पः कर्म केवलम् ।
न जातु कर्तृकर्मत्वं सविकल्पस्य नश्यति ॥९५॥

(દોહરા)

વિકલ્પનો કરનાર તે કેવળ કર્તા હોય,
વિકલ્પ તેનું જ કર્મ બસ અન્ય કંઈ નવ હોય;
જ્યાં લગી કોઈ આતમા, રહિતવિકલ્પ ન હોય,
કર્તાકર્મપણા તણો નાશ કદાપિ ન હોય ॥૯૫॥

વિકલ્પ કરનાર કર્તા છે અને તે વિકલ્પ જ એનું કર્મ છે. આ રીતે સવિકલ્પપુરુષોની કર્તાકર્મપ્રવૃતિ ક્યારે પણ નષ્ટ થતી નથી. તાત્પર્ય એ છે કે જ્યાં સુધી વિકલ્પભાવ છે, ત્યાં સુધી કર્તાકર્મભાવ છે અને જ્યારે વિકલ્પોનો અભાવ થઈ જાય છે, ત્યારે કર્તાકર્મભાવનો પણ અભાવ થઈ જાય છે.

અહીં મોહ-રાગ-દ્વેષમય વિકલ્પોમાં એકત્વ, મમત્વ, કર્તૃત્વ અને ભોકતૃત્વ સ્થાપિત કરનાર અજ્ઞાની મિથ્યાદષ્ટિને સવિકલ્પ કહ્યો છે. એવા સવિકલ્પ અજ્ઞાનીની કર્તાકર્મની પ્રવૃતિનો ક્યારેય નાશ થતો નથી. આ જ બતાવવામાં આવ્યું છે આ છંદમાં.

કળશટીકાકાર પાંડે રાજમલજીની દષ્ટિમાં પણ કર્મજનિત રાગાદિભાવોમાં પોતાપણું માનતો મિથ્યાદષ્ટિ જ સવિકલ્પ છે. અને આ પ્રકારના સવિકલ્પ (મિથ્યાદષ્ટિ)ના કર્તાકર્મભાવ ક્યારે પણ નાશ પામતા નથી. આ કળશનો ભાવ સ્પષ્ટ કરતાં લખે છે -

"કોઈ એમ માનશે કે જીવદ્રવ્ય સદાય અકર્તા છે, તો એના પ્રત્યે એવું સમાધાન છે કે જેટલા સમય સુધી જીવનો સમ્યક્ત્વ ગુણ પ્રગટ નહીં થાય, એટલા સમય સુધી જીવ મિથ્યાદષ્ટી છે. મિથ્યાદષ્ટિ હોય તો અશુદ્ધ પરિણામનો કર્તા હોય છે. એટલે જ્યારે સમ્યક્ત્વ ગુણ પ્રગટે છે,

ત્યારે અશુદ્ધ પરિણામ મટે છે અને ત્યારે અશુદ્ધ પરિણામનો કર્તા થતો નથી.''

કળશટીકાકારના ઉકત કથનમાં આ વાત અત્યંત સ્પષ્ટ છે કે પરદ્રવ્ય અને રાગાદિભાવોમાં એકત્વ, મમત્વ, કર્તૃત્વ અને ભોકતૃત્વ ભાવોને જ અહીં અશુદ્ધભાવ કહ્યા છે. તે અશુદ્ધભાવ મિથ્યાદષ્ટિના છે; તેથી તે એમનો કર્તા છે અને સમ્યગ્દષ્ટિના આ ભાવ નથી; તેથી તે એમનો કર્તા નથી.

જ્યારે કર્તૃત્વાદિના ભાવ સમ્યગ્દષ્ટિના છે જ નહીં, તો તે એમનો કર્તા કેવી રીતે થઈ શકે ? તાત્પર્ય એ છે કે મિથ્યાદષ્ટિને મિથ્યાત્વ સંબંધી રાગાદિ છે અને તે એમનો કર્તા છે અને સમ્યગ્દષ્ટિને તે મિથ્યાત્વ સંબંધી રાગાદિ છે જ નહીં; તેથી તે એમનો કર્તા પણ નથી.

સમ્યગ્દષ્ટિને જે ચારિત્રમોહ સંબંધી રાગાદિભાવ હજી વિદ્યમાન છે; એની વાત અહીં થતી નથી. અહીં તો રાગાદિભાવોમાં એકત્વ, મમત્વ, કર્તૃત્વ અને ભોકતૃત્વભાવરૂપ રાગાદિભાવોની વાત છે.

એ સ્પષ્ટીકરણને ધ્યાનમાં રાખતાં કવિવર પંડિત બનારસીદાસજી નાટક સમયસારમાં આ છંદનો ભાવાનુવાદ આ પ્રમાણે કરે છે -

(દોહા)

निसि दिन मिथ्याभाव बहु, धरै मिथ्याती जीव ।
तातैं भावित करमकौ, करता कह्यो सदीव ॥

મિથ્યાદષ્ટિ (સવિકલ્પ) જીવ દિવસ-રાત મિથ્યાભાવોને ધારણ કરતો રહે છે, કર્યા કરે છે, એ કારણે ભાવકર્મોનો કર્તા કહેવાય છે.

અહીં બનારસીદાસજીએ સવિકલ્પનો અર્થ સીધો મિથ્યાદષ્ટિ જ લઈ લીધો છે. તાત્પર્ય એ છે કે અહીં ચારિત્રમોહ સંબંધી વિકલ્પોને વિકલ્પની શ્રેણીમાં રાખ્યા નથી.

'સવિકલ્પ' શબ્દનો અર્થ પૂજ્ય ગુરુદેવ આ પ્રમાણે કરે છે.

''જે જીવ વિકલ્પ સહિત છે, એનું કર્તા-કર્મપણું ક્યારે પણ નષ્ટ થતું નથી. અર્થાત્ જે એવા વિકલ્પ સહિત છે કે 'વિકલ્પ મારો છે, હું વિકલ્પનો કર્તા છું અને વિકલ્પ મારૂં કર્મ છે' એમની કર્તા-કર્મપણાની વૃત્તિ ચાલુ જ રહે છે. એમને ક્યારેય નિશ્ચય સમ્યગ્દર્શન પ્રગટ થતું નથી.''

પૂજ્ય ગુરુદેવનાં ઉક્ત કથનથી આ વાત સ્પષ્ટ થઈ જાય છે કે અહીં વિકલ્પનો અર્થ માત્ર વિકલ્પનું ઉઠવું એ જ નથી, પરંતુ વિકલ્પમાં મમત્વબુદ્ધિ અને કર્તૃત્વબુદ્ધિનું નામ વિકલ્પ છે, મિથ્યાત્વ સંબંધી વિકલ્પનું નામ વિકલ્પ છે. ચારિત્રમોહ સંબંધી વિકલ્પ અહીં અપેક્ષિત નથી. અહીં પરમાં અને વિકલ્પોમાં એકત્વ-મમત્વ કરનાર અને વિકલ્પોના કર્તા પોતાને માનનારને જ સવિકલ્પ કહેવામાં આવ્યો છે.

હવે આગામી કળશમાં આ જ વાતને પુષ્ટ કરતાં કહે છે કે જે કર્તા છે, તે જ્ઞાતા થઈ શકતો નથી અને જે જ્ઞાતા છે, તે કર્તા થઈ શકતો નથી.

(રથોદ્ધતા)

यः करोति स करोति केवलं, यस्तु वेत्ति स तु वेत्ति केवलम् ।
यः करोति न हि वेत्ति स क्वचित्, यस्तु वेत्ति न करोति स क्वचित् ॥९६॥

(ચોપાઈ)

કરે કરમ છે તે કરનાર, જે જાણે તે જાણનહાર;
કરનારો નહિ જાણનહાર, જાણનહાર નહીં કરનાર. ॥૯૬॥

જે કરે છે તે માત્ર કરે જ છે અને જે જાણે છે તે માત્ર જાણે જ છે. જે કરે છે તે ક્યારેય જાણતો નીથી અને જે જાણે છે, તે ક્યારેય કરતો નથી. તાત્પર્ય એ છે કે જે કર્તા છે, તે જ્ઞાતા નથી અને જે જ્ઞાતા છે, તે કર્ત્તા નથી.

આ કળશના ભાવને સ્પષ્ટ કરતાં કળશ ટીકાકાર પાંડે રાજમલજી લખે છે -

"ભાવાર્થ આમ છે કે સમ્યક્‌ત્વ અને મિથ્યાત્વના પરિણામ પરસ્પર વિરુદ્ધ છે. જેમ સૂર્યનો પ્રકાશ થતાં અંધકાર હોતો નથી અને અંધકાર થતાં પ્રકાશ હોતો નથી; તેવી જ રીતે સમ્યક્‌ત્વના પરિણામ થતાં મિથ્યાત્વ પરિણમન થતું નથી. આ કારણે એક કાળમાં એક પરિણામસ્વરૂપ જીવદ્રવ્ય પરિણમે છે; તેથી એ પરિણામનો કર્તા થાય છે. આ કારણે મિથ્યાદૃષ્ટિ જીવ કર્મનો કર્તા અને સમ્યગ્‌દૃષ્ટિ જીવ કર્મનો અકર્તા - એમ સિદ્ધાન્ત સિદ્ધ થયો."

કળશટીકાના આ કથનમાં જ્ઞાતૃત્વભાવને સમ્યક્‌ત્વ અને કર્તૃત્વભાવને મિથ્યાત્વ શબ્દથી અભિહિત કર્યો છે; અને એ બન્નેનો પરસ્પર વિરોધી પરિણામ બતાવ્યા છે.

આ જ ભાવને બનારસીદાસજી આ પ્રમાણે વ્યક્ત કરે છે -

(ચૌપાઈ)

करै करम सोई करतारा, जो जाने सौ जाननहारा ।
जो करता नहिं जाने सोई, जाने सो करता नहीं होई ॥

જે કર્મ કરે, તે કર્તા છે અને જે જાણે તે જ્ઞાતા છે. જે કર્તા છે, તે જ્ઞાતા થતો નથી અને જે જ્ઞાતા છે તે કર્તા થતો નથી.

તાત્પર્ય એ છે કે જ્ઞાની આત્મા પરપદાર્થો અને પર્યાયમાં વિદ્યમાન રાગાદિભાવોનો સહજ જ્ઞાતા-દૃષ્ટા જ રહે છે. કર્તા-ભોક્તા થતો નથી. આ કારણે એને મિથ્યાત્વાદિ સંબંધી બંધ થતો નથી.

આ સંબંધમાં પૂજ્ય ગુરુદેવનું સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે.

"અજ્ઞાની પોતાની મિથ્યા માન્યતાથી એવું માને છે કે રાગ મારું કાર્ય છે; તેથી તે રાગનો કર્તા જ છે અને જ્ઞાની પોતાની સ્વ-પરપ્રકાશક

શક્તિથી રાગને અને પોતાને માત્ર જાણે જ છે, તેથી જ્ઞાતા જ છે. કથંચિત્ જાણે છે અને કથંચિત્ કરે છે - એવું નથી; કારણ કે કર્તૃત્વ અને ભોકતૃત્વ એ બન્ને એક સાથે રહી શકતા નથી.[૧]''

આ વાતનું સ્પષ્ટીકરણ આગળના કળશમાં પણ કરે છે જે આ પ્રમાણે છે.

(इन्द्रवज्रा)

ज्ञप्तिः करोतौ न हि भासतेऽन्तः,
ज्ञप्तौ करोतिश्च न भासतेऽन्तः ।
ज्ञप्तिः करोतिश्च ततो विभिन्ने,
ज्ञाता न कर्तेति ततः स्थितं च ॥९७॥

(સવૈયા એકત્રીસા)

કરવારૂપ ક્રિયાની અંદર જાણનક્રિયાનો નહિ ભાસ,
જાણનરૂપ ક્રિયાની અંદર કરતાક્રિયાનો નહિ વાસ;
ભિન્ન ભિન્ન તેથી છે બંને જ્ઞપ્તિ એમ કરોતિ જાણ,
વળી કર્યું એથી પાણ એવું જ્ઞાતા તે કર્તા નહિ માન. ॥૯૭॥

કરવારૂપ ક્રિયાની અંદર જાણવારૂપ ક્રિયા ભાસિત થતી નથી અને જાણવારૂપ ક્રિયાની અંદર કરવારૂપ ક્રિયા ભાસિત થતી નથી. તેથી જ્ઞપ્તિ ક્રિયા અને કરોતિ ક્રિયા બંન્ને ભિન્ન ભિન્ન છે. તેથી સિદ્ધ થયું કે જે જ્ઞાતા છે તે કર્તા નથી.

પાંડે રાજમલજી જ્ઞપ્તિ ક્રિયાનો અર્થ જ્ઞાનગુણ અને કરોતિ ક્રિયાનો અર્થ મિથ્યાત્વ રાગાદિરૂપ ચિકાશ કરે છે. પોતાની વાત સ્પષ્ટ કરતાં તેઓ લખે છે કે જ્ઞપ્તિ એટલે જ્ઞાનગુણ અને કરોતૌ એટલે મિથ્યાત્વ રાગાદિરૂપ ચિકાશ; એમાં ન હિ ભાસતે એટલે એકપણું નહીં. મિથ્યાદષ્ટિ જીવના જ્ઞાનગુણ પણ છે અને રાગાદિ ચિકાશ પણ છે. કર્મબંધ રાગાદિ ચીકાશથી

૧ પ્રવચનરત્નાકર (હિન્દી), ભાગ-૪, પાનું ૩૮૩

થાય છે, જ્ઞાનગુણના પરિણમનથી નહીં - એવું વસ્તુનું સ્વરૂપ છે. જ્ઞાનગુણ અને અશુદ્ધપણું મળેલા દેખાય છે, પણ છે જુદા-જુદા. આ કારણે એવો સિદ્ધાન્ત નિષ્પન થયો કે સમ્યગ્દષ્ટિ પુરુષ રાગાદિ અશુદ્ધ પરિણામનો કર્તા થતો નથી. ભાવાર્થ એમ છે કે દ્રવ્યના સ્વભાવથી જ્ઞાનગુણ કર્તા નથી, અશુદ્ધપણું કર્તા છે. તેથી સમ્યગ્દષ્ટિને અશુદ્ધપણું નથી; એટલા માટે કર્તા નથી.''

ઉકત ટીકાને આધાર બનાવીને બનારસીદાસજી નાટક સમયસારમાં આ કળશનો ભાવાનુવાદ આ પ્રમાણે કરે છે.

(સોરઠા)

ग्यान मिथ्यात न एक, नहिं रागादिक ग्यान महि ।
ग्यान करम अतिरेक, ग्याता सो करता नहीं ॥

જ્ઞાન અને મિથ્યાત્વ એક નથી. જ્ઞાનમાં રાગાદિક હોતા નથી અને જ્ઞાન અને કર્મ પણ ભિન્ન-ભિન્ન છે, તેથી જ્ઞાતા કર્તા નથી.

ઉકત સંપૂર્ણ કથનનું નિષ્કર્ષ એ છે કે જે વ્યક્તિ પોતાનામાં જ ઉત્પન્ન થનાર રાગાદિભાવોનો કર્તા બને છે, એમને પોતાના જાણે-માને છે, એમને કર્તૃત્વબુદ્ધિરૂપ અને સ્વામિત્વબુદ્ધિ (મમત્વબુદ્ધિ) રૂપ મિથ્યાત્વ હોય છે, અનંતાનુબંધી સંબંધી રાગ-દ્વેષ હોય છે અને તે એમનો કર્તા થાય છે તથા એ તેના કર્મ થાય છે. આ રીતે અજ્ઞાની (મિથ્યાદષ્ટિ) રાગાદિભાવોનો કર્તા થાય છે અને તે રાગાદિભાવ એના કર્મ થાય છે. પરનો કર્તા-ભોકતા તો જ્ઞાની-અજ્ઞાની કોઈ પણ નથી.

સમ્યગ્દષ્ટિ જ્ઞાનીના જે રાગાદિભાવ (અપ્રત્યાખ્યાનાદિ સંબંધી) દેખાય છે, તે એમનો કર્તા બનતો નથી. એમને પોતાના માનતો નથી; તેથી તેને એમનામાં કર્તૃત્વબુદ્ધિ અને મમત્વબુદ્ધિ રૂપ અજ્ઞાન નથી. મિથ્યાત્વ નથી. અનંતાનુબંધી રાગ નથી; તેથી તે એમનો કર્તા પણ નથી અને તેથી એને તત્સંબંધી બંધ પણ થતો નથી. એના જે અપ્રત્યાખ્યાનાદિ

સંબંધી રાગાદિ વિદ્યમાન છે અને તત્સંબંધી જે બંધ થાય છે, તે રાગાદિભાવ અને તે બંધ અનંતસંસારનું કારણ ન હોવાથી અહીં એને બંધ જ માનવામાં આવ્યો નથી. જ્યાં ચારિત્રમોહ સંબંધી બંધની ચર્ચા થાય છે, ત્યાં એમને પણ બંધનું કારણ કહેવામાં આવે છે અને કર્તાનયથી આત્માને એમનો કર્તા પણ કહેવામાં આવે છે. એ જ્ઞાની-અજ્ઞાની બંને પર જ સમાનરૂપે ઘટે છે.

એની ચર્ચા ભાવાર્થમાં પં. જયચંદજી છાબડાએ કરી છે; જે આ પ્રમાણે છે.

''જ્યારે આત્મા આ પ્રમાણે પરિણમન કરે છે કે ''હું પરદ્રવ્યને કરું છું.'' ત્યારે તો તે કર્તાભાવરૂપ પરિણમન ક્રિયા કરવાથી અર્થાત્ 'કરોતિ' ક્રિયા કરવાથી કર્તા જ છે અને જ્યારે ને આ પ્રકારે પરિણમન કરે છે કે 'હું પરદ્રવ્યને જાણું છું' ત્યારે જ્ઞાતાભાવરૂપ પરિણમન કરવાથી અર્થાત્ 'જ્ઞપ્તિ' ક્રિયા કરવાથી જ્ઞાતા જ છે.

અહીં કોઈ પ્રશ્ન કરે કે અવિરત-સમ્યગ્દષ્ટિ આદિને જ્યાં સુધી ચારિત્રમોહનો ઉદય રહે છે, ત્યાં સુધી તે કષાયરૂપ પરિણમન કરે છે; તેથી એ તેમનો કર્તા કહેવાય છે કે નહીં ?

એનું સમાધાન - અવિરત સમ્યગ્દષ્ટિ ઈત્યાદિના શ્રદ્ધા અને જ્ઞાનમાં પરદ્રવ્યના સ્વામિત્વરૂપ કર્તૃત્વનો અભિપ્રાય નથી. જે કષાયરૂપ પરિણમન છે, તે ઉદયની બળવત્તાના કારણે છે; તે એનો જ્ઞાતા છે; તેથી તેને અજ્ઞાન સંબંધી કર્તૃત્વ નથી. નિમિત્તની બળવત્તાથી થતા પરિણમનનું ફળ કિંચિત હોય છે, એ સંસારનું કારણ નથી. જેમ વૃક્ષનું મૂળ કાપી દીધા બાદ તે વૃક્ષ થોડો સમય સુધી રહે અથવા ન રહે - પ્રતિક્ષણ એનો નાશ જ થાય છે. એ પ્રમાણે અહીં સમજવું.

ઉક્ત સંદર્ભમાં પૂજ્ય ગુરુદેવે બહુ વિસ્તારથી સ્પષ્ટીકરણ કર્યું છે, જે અત્યંત ઉપયોગી છે. એનો મહત્ત્વપૂર્ણ અંશ આ પ્રમાણે છે -

"જે જીવ રાગના પરિણામરૂપ ક્રિયાને કરે છે અર્થાત્ 'આ શુભરાગની ક્રિયા મારી છે, હું શુભરાગની ક્રિયા કરું છું' - એવું જે માને છે, એને પોતાનો જ્ઞાતા-દષ્ટા સ્વભાવ જણાતો નથી, અર્થાત્ તે જ્ઞાતા-દષ્ટાભાવથી રહેવારૂપ ક્રિયા કરી શકતો નથી, જ્ઞાતા-દષ્ટા રહી શકતો નથી.

જુઓ, અહીં જડ ક્રિયા કરવાની વાત નથી. આત્મા પુદ્ગલનો કર્તા નથી - એ વાત પછી કરીશું. અહીં તો હમણાં આત્મા અને આત્માની અશુદ્ધતા વચ્ચેની વાત છે. આચાર્ય કહે છે કે જેને એવું જણાય છે કે હું રાગની ક્રિયા કરું છું, એને પોતાની જાણનક્રિયા જણાતી નથી.

જગતના લૌકિક જન દયા-દાન-વ્રત આદિ બાહ્ય ક્રિયાઓ કરીને એમાં ધર્મનું સાધન માને છે; પરંતુ ભાઈ ! આ માન્યતા યથાર્થ નથી. રાગની ક્રિયાના કર્તૃત્વમાં આત્માનું જ્ઞાતા-દષ્ટા સ્વભાવરૂપ પરિણમન થતું નથી જ્ઞાનસ્વરૂપી ભગવાન આત્માનું સંવેદન થઈને જે જાણવારૂપ ક્રિયા થાય છે, તેને જ્ઞાનની ક્રિયા કહે છે. જ્ઞાનરૂપ, શ્રદ્ધાનરૂપ, વીતરાગી શાંતિરૂપ અને આનંદરૂપથી જે આત્માનું પરિણમન થાય છે, તે જ્ઞાનની ક્રિયા છે. એવી જ્ઞાનની ક્રિયાના કાળમાં જ્ઞાનીને રાગના કર્તૃત્વરૂપ અજ્ઞાનની ક્રિયા હોતી નથી અને થતી નથી, તેથી જણાતી નથી.

પ્રશ્ન - તો શું જ્ઞાનીને રાગ થતો જ નથી ?

ઉત્તર - નહીં ભાઈ ! એવી વાત નથી. જ્ઞાનીને રાગ તો થાય છે; પરંતુ 'રાગની ક્રિયા મારી છે' - એવું એને જણાતું નથી, અર્થાત્ એને રાગની ક્રિયાનું સ્વામિત્વ નથી, એ તે ક્રિયાને પોતાની ક્રિયા સમજતો નથી. આ ચોથા ગુણસ્થાનની વાત છે. પુરુષાર્થની હીનતાના કારણે અલ્પરાગની રચના થાય છે; પરંતુ 'એ ક્રિયા મારી, હું એનો કર્તા છું' એવું સમ્યગ્દષ્ટિ માનતો નથી. જ્ઞાનીને જ્ઞાનની રચના હોય છે - એ જ્ઞાનની રચનામાં એને રાગની રચના જણાતી નથી. તાત્પર્ય આ છે કે ધર્મીને રાગ તો થાય છે; પરંતુ તે એ રાગનો સ્વામી નથી બનતો.

આત્મામાં એક સ્વ-સ્વામિત્વ નામની શક્તિ છે. જ્ઞાનીના દ્રવ્ય, ગુણ અને શુદ્ધ પર્યાય 'સ્વ' છે તથા જ્ઞાની એમનો સ્વામી છે, જ્ઞાની અશુદ્ધતાનો સ્વામી નથી.[1]

ધર્મીને જ્યારે જે રાગની ક્રિયા થાય છે, એ સમયે એને એનું જ્ઞાન પણ થાય છે; કારણ કે જ્ઞાનનો એવો જ સ્વભાવ છે કે જેવા ત્યાં પર્યાયમાં રાગ-દ્વેષ, વિષય-વાસના આદિ ભાવ ઉત્પન્ન થાય છે, એનું જ્ઞાન પણ ત્યાં પોતે જ ઉત્પન્ન થાય છે. રાગના કારણે રાગનું જ્ઞાન થયું હોય - એવું નથી, પરંતુ જ્ઞાનના સ્વ-પરપ્રકાશક સ્વભાવને કારણે જ જ્ઞાનીને સ્વ-પરપ્રકાશક પરિણતિ પ્રગટ થાય છે; તેથી કહ્યું છે કે જ્ઞાનીની ક્રિયામાં અશુદ્ધતાની ક્રિયા જણાતી નથી, અર્થાત્ જ્ઞપ્તિ-ક્રિયામાં કરાંતિ ક્રિયા હોતી નથી.

'કરોતિ' ક્રિયા અર્થાત્ આત્માનું અશુદ્ધપણું, મિથ્યાત્વ રાગાદિરૂપ ક્રિયા અને 'જ્ઞપ્તિ' ક્રિયા અર્થાત્ જ્ઞાનીની જ્ઞાતાભાવથી રહેવારૂપ ક્રિયા - બંને ક્રિયાઓ ભિન્ન-ભિન્ન છે. અજ્ઞાનીને રાગાદિરૂપ અશુદ્ધ ક્રિયા છે, અને કેવળ જ્ઞાતા-દષ્ટા રહેવારૂપ જ્ઞાનની ક્રિયા નથી અને જ્ઞાનીને જ્ઞાતારૂપ જ્ઞાન ક્રિયા છે, રાગાદિરૂપ અશુદ્ધ ક્રિયા નથી. તેનાથી એ સિદ્ધ થયું કે જે જ્ઞાતા છે, તે કર્તા નથી; જે કર્તા છે, તે જ્ઞાતા નથી. સમ્યગ્દષ્ટિ ધર્મીજીવ પોતાના શાશ્વત ધ્રુવ જ્ઞાતાસ્વભાવનો જ્ઞાયક છે. શુદ્ધ ચૈતન્યની દષ્ટિમાં તે વર્તમાન અશુદ્ધ કૃત્રિમરાગરૂપ અશુદ્ધ ક્રિયાનો સ્વામી નથી, આ કારણે તે બન્ને ક્રિયાઓ એક સાથે થતી નથી, બંને ક્રિયાઓ જુદી-જુદી છે.

ચોથા ગુણસ્થાનમાં જ્ઞાનીને અશુદ્ધ રાગાદિ ક્રિયા હોવા છતાં પણ જ્ઞાની એનો સ્વામી નથી; તેથી તે કેવળ જ્ઞાતા જ છે. કર્તા નથી. ૧૧૦મા કળશમાં આવ્યું છે કે જ્ઞાનધારા જ્ઞાનભાવથી પ્રવાહિત થાય છે. બન્ને સાથે છે; પરંતુ બન્ને એકમેક નથી - એવું અહીં સિદ્ધ કર્યું છે. જ્ઞાનધારા ધર્મ

---

૧ પ્રવચનરત્નાકર (હિન્દી), ભાગ-૪, પાનું ૩૮૬-૩૮૭

છે, સંવર-નિર્જરાનું કારણ છે અને રાગધારા કર્મધારા છે અને બંધનું કારણ છે.

પરંતુ અહીં તો એમ કહી રહ્યા છે કે જ્ઞાનીને એકલી જ્ઞાનધારા છે; કારણ કે રાગ હોવા છતાં પણ એ તેનો કર્તા નથી. જે સમયે રાગાદિભાવ થાય છે, એ સમયે તત્સંબંધી સ્વ-પરપ્રકાશક જ્ઞાન સ્વયંથી ઉત્પન્ન થઈ જાય છે. કાળ એક છે; છતાં પણ બન્નેનાં ભાવ ભિન્ન-ભિન્ન છે. રાગનું જ્ઞાન રાગની ઉપસ્થિતિનાં કારણે થયું નથી, પરંતુ રાગના કાળમાં જ સ્વ-પરને જાણવાની જ્ઞાનક્રિયા પોતે જ પોતાના નિજરસથી જ ઉત્પન્ન થાય છે. જ્ઞાનમાં રાગ નિમિત છે - એમ તો કહ્યું; પરંતુ રાગમાં જ્ઞાનનું નિમિત્તપણું નથી કહ્યું.[1]

જ્ઞાતાના જ્ઞાનરૂપ પરિણમનના સમયે રાગાદિભાવ પણ થાય છે. ચોથા ગુણસ્થાનમાં અપ્રત્યાખ્યાન કષાયજન્ય રાગ થાય છે, પાંચમા ગુણસ્થાનમાં પણ પ્રત્યાખ્યાન કષાયજન્ય અને છઠ્ઠા ગુણસ્થાનમાં સંજ્વલન કષાયજન્ય રાગ થાય છે; પરંતુ જ્ઞાનીના જ્ઞાનરૂપ પરિણમનમાં તે કષાયજન્ય રાગ જ્યારે જ્ઞેયરૂપથી જ્ઞાન થાય છે, ત્યારે એને રાગનું નિમિત્ત કહેવાય છે. જ્ઞાની રાગમાં તન્મય થતો નથી અને રાગ જ્ઞાનમાં તન્મય નથી. જ્ઞાની રાગનો કર્તા નથી અને રાગ જ્ઞાનની સ્વ-પરોપ્રકાશક પર્યાયનો કર્તા નથી. એવું જ વસ્તુનું સહજ સ્વરૂપ છે.

સર્વવિશુદ્ધજ્ઞાન-અધિકારમાં પણ આવ્યું છે કે કેવળજ્ઞાન પર્યાયમાં લોકાલોક જ્ઞેયરૂપ નિમિત્ત છે અને લોકાલોકને જ્ઞેય બનવામાં કેવળજ્ઞાન જ્ઞાતારૂપ નિમિત્ત છે. અહીં નિમિત્તનો શું અર્થ છે ? શું લોકાલોકના અસ્તિત્વથી લોકાલોકનું જ્ઞાન થયું છે ?

નહીં, એવું નથી હોતું. લોકાલોકનું જ્ઞાન પોતાની (જ્ઞાતાની) જ્ઞાન પર્યાયના સ્વકાળમાં પોતાની ઉપાદાનની યોગ્યતાથી જ પોતે થાય છે અને એમાં લોકાલોક કેવળ નિમિત્ત હોય છે.

---

૧ પ્રવચનરત્નાકર (હિન્દી), ભાગ-૪, પાનું ૩૮૭-૩૮૮

તથા 'લોકાલોકને કેવળજ્ઞાન નિમિત્ત છે' એવું જે કહ્યું, એનો પણ આ જ અભિપ્રાય છે કે કેવળજ્ઞાનમાં લોકાલોક ઝળકયું; એટલે લોકાલોકનું અસ્તિત્વ નથી; કારણ કે લોકાલોક તો અનાદિથી છે અને કેવળજ્ઞાન તો નવું ઉત્પન્ન થયું છે. તેથી કેવળજ્ઞાન લોકાલોકના અસ્તિત્વનું નિમિત્ત કેવી રીતે થઈ શકે ? ભાઈ ! અહીં નિમિત્તનો અર્થ એ છે કે કેવળજ્ઞાન અને લોકાલોક પરસ્પર એક-બીજાનું કંઈ પણ કર્યા વગર માત્ર જ્ઞાતા-જ્ઞેય રૂપથી છે.

બીજી વસ્તુ નિમિત્ત થાય છે; પરંતુ તે કંઈ કરતી નથી. થવું અને કરવું એમાં ઘણું મોટું અંતર છે.[1]

પ્રશ્ન - ચોથા, પાંચમા અને છઠ્ઠા ગુણસ્થાનવાળાઓને ચારિત્રમોહના ઉદયથી રાગદ્વેષ છે; તો પણ આપ એને જ્ઞાતા કહો છો? તેઓ ધમશાણયુદ્ધ લડે છે. તે એમના રાગ-દ્વેષ તો છે જ. ભરત અને બાહુબળી. બને ક્ષાયિક સમ્યગ્દષ્ટિ અને તદ્ભવ મોક્ષગામી હતા. એ બન્નેની વચ્ચે યુદ્ધ થયું. ભરતે ૯૬૦૦૦ લગ્ન કર્યા, તો શું આ રાગ-દ્વેષના પરિણામોના કર્તા હતા કે નહીં ? શું એમને રાગ-દ્વેષના કર્તા કહેવામાં નહીં આવે ?

ઉત્તર - નહીં કહેવામાં આવે; કારણ કે ચોથા ગુણસ્થાનવાળા જીવોને શ્રદ્ધા-જ્ઞાનમાં પરદ્રવ્યના સ્વામિત્વરૂપથી કર્તૃત્વનો અભિપ્રાય નથી. તે કે કષાયનું પરિણમન છે; પરંતુ તે ઉદયની બળજોરીથી છે, તે એમના જ્ઞાતા જ છે, આ કારણે અજ્ઞાન સંબંધી કર્તાપણું તેમને નથી.

પ્રવચનસારમાં ૪૭ નયોના પ્રકરણમાં કહ્યું છે કે જ્ઞાનીને જેટલું રાગનું પરિણમન છે, એનો તે પોતે કર્તા છે - એવું કર્તૃનયથી જાણે છે; પરંતુ અહીં એ વાત નથી. અહીં તો દષ્ટિપ્રધાન વાત છે. દષ્ટિની

---

૧ પ્રવચનરત્નાકર (હિન્દી), ભાગ-૪, પાનું ૩૮૯

પ્રધાનતામાં નિશ્ચયથી જ્ઞાનીને રાગનું કર્તાપણું નથી. જે અપેક્ષાથી જે વાત છે, તે જ અપેક્ષાથી એને યથાર્થ સમજવી જોઈએ.[1]

પ્રશ્ન - આપે કહ્યું કે જ્ઞાનીનું કષાયરૂપ પરિણમન ઉદયની બળજોરીથી છે, તો શું જ્ઞાનીની રાગરૂપ પરિણતિ કર્મના કારણે છે ?

ઉત્તર - નહીં, ભાઈ ! એવું નથી. વાત એ છે કે જ્ઞાનીને રાગની રુચિ નથી. એનો રાગ કરવાનો અભિપ્રાય નથી. રાગમાં એનું સ્વામિત્વ નથી, છતાં રાગ થાય છે; કારણ કે તે પણ સમય-સમયની પર્યાયનું સ્વ-કાળરૂપ પર્યાયધર્મ છે, તથા તે જ્ઞાની જીવના પુરુષાર્થની હીનતાનું સૂચક છે; પરંતુ પરના કારણે અથવા કર્મની બળજોરીના કારણ થયું નથી. દૃષ્ટિની પ્રધાનતાથી રાગને પુદ્‌ગલના પરિણામ કહે છે અને તેને જ અહીં ઉદયની બળજોરીથી થાય છે - એમ કહ્યું છે.

જ્ઞાનીને પણ અસ્થિરતાનું પરિણમન છે. પરિણમનની અપેક્ષાથી એને એટલું કર્તાપણું પણ છે. પ્રવચનસારમાં ૪૭ નયોના અધિકારમાં આ વાત કહી પણ છે. અસ્થિરતાના પરિણામનો જ્ઞાની કર્તા પણ છે અને ભોક્તા પણ છે; પરંતુ દૃષ્ટિની અપેક્ષાથી એને શુદ્ધતારૂપ પરિણમન છે - એવું કહેવાય છે; કારણ કે અશુદ્ધતાના પરિણામની એને રુચિ નથી. જ્ઞાની જાણે છે કે પોતાની કમજોરીથી રાગ પરિણામ થાય છે અને રાગને ભોગવે પણ છે, પણ તે એ રાગ પરિણામને કરવા લાયક (કર્તૃત્વ) અને ભોગવવા યોગ્ય નથી માનતો, એમાં ઉપાદેય બુદ્ધિ થતી નથી.

જ્ઞાનીને નિમિત્તની બળજોરી અર્થાત્ પુરુષાર્થની મંદતાના કારણે રાગરૂપ પરિણમન થવા છતાં પણ કિંચિત્ ફળ થાય છે, કર્મની તીવ્ર સ્થિતિ અને અનુભાગ નથી પડતો, અલ્પસ્થિતિ અને અનુભાગ પડે છે અને તે અલ્પબંધ સંસારનું કારણ થતું નથી.

---

૧ પ્રવચનરત્નાકર (હિન્દી), ભાગ-૪, પાનું ૩૯૦-૩૯૧

જો કોઈ એમ માનતું હોય કે જ્ઞાનીને રાગ અથવા દુઃખ છે નહીં, તો આ માન્યતા સાચી નથી. દ્રવ્યદૃષ્ટિપ્રકાશમાં નિહાલભાઈએ જે એમ કહ્યું છે કે જ્ઞાનીને શુભરાગ ધગધગતી ભઠ્ઠી જેવો લાગે છે, એ વાત બિલ્કુલ સાચી છે. ચોથા, પાંચમા અને છઠ્ઠા ગુણસ્થાનમાં જ્ઞાનીને જેટલો રાગ છે, તે દુઃખરૂપભાવ છે, દુઃખના વેદનરૂપ છે. આમ તો અંતરાત્મામાં અકષાયરૂપ આનંદનું પ્રચુર વેદન છે; પરંતુ સાથે જેટલો રાગ છે, એટલું દુઃખનું વેદન પણ છે - એવું જ્ઞાન યથાર્થ જાણે છે.

કેવળી ભગવાનને કેવળ પરિપૂર્ણ જ્ઞાનનું જ વેદન છે અને મિથ્યાદૃષ્ટિને કેવળ દુઃખનું જ વેદન છે તથા સમકિતીને પ્રચુર આનંદ અને સાથે કંઈક દુઃખનું પણ વેદન છે; તોપણ દૃષ્ટિ અને દૃષ્ટિના વિષયની અપેક્ષાએ જ્ઞાનીને રાગ નથી - એમ કહેવાય છે. તેથી જે અપેક્ષા હોય એને એમ જ સમજવી જોઈએ.'''

આ રીતે ૯૫,૯૬ અને ૯૭ - આ ત્રણ કળશોમાં એ જ કહેવામાં આવ્યું છે કે રાગાદિ વિકારીભાવોમાં કર્તૃત્વબુદ્ધિ હોવાના કારણે મિથ્યાદૃષ્ટિ જીવોને એમનો કર્તા કહેવામાં આવ્યો છે; પરંતુ રાગાદિભાવોમાં કર્તૃત્વબુદ્ધિ ન હોવાના કારણે સમ્યગ્દૃષ્ટિ જીવ એ રાગાદિભાવોનો કર્તા નથી બનતો, સહજ જ્ઞાતા-દૃષ્ટા-ભાવથી પરિણમિત થાય છે. આ રીતે મિથ્યાદૃષ્ટિ જીવ તો રાગાદિભાવોના કર્તા-ધર્તા થાય છે અને સમ્યગ્દૃષ્ટિ જીવ સહજ જ્ઞાતા-દૃષ્ટા જ રહે છે. એ જ કારણ છે કે મિથ્યાદૃષ્ટિઓને અનંત સંસારના કારણભૂત મિથ્યાત્વાદિ કર્મોનો બંધ થાય છે અને સમ્યગ્દૃષ્ટિઓને એ કર્મોનો બંધ થતો નથી.

હવે આગળના કળશમાં આચાર્યદેવ આશ્ચર્ય વ્યક્ત કરતાં કહે છે કે જો વસ્તુસ્થિતિ આટલી સ્પષ્ટ છે; તોપણ ન જાણે આ મોહ કેમ નાચે છે ?

---

૧ પ્રવચનરત્નાકર (હિન્દી), ભાગ-૪, પાનું ૩૯૧-૩૯૨

(शार्दूलविक्रीडित)

कर्ता कर्मणि नास्ति नास्ति नियतं कर्मापि तत्कर्तरि ।
द्वंद्वं विप्रतिषिध्यते यदि तदा का कर्तृकर्मस्थितिः ।
ज्ञाता ज्ञातरि कर्म कर्मणि सदा व्यक्तेति वस्तुस्थिति -
र्नेपथ्ये बत नानटीति रभसा मोहस्तथात्येष किम् ॥९८॥

(હરિગીત)

નથી કર્મમાં કર્તા અને વળી કર્મ કર્તામાં નથી,
તેથી જ કર્તા કર્મની સ્થિતિ કદી બનતી નથી;
છે કર્મમાં બસ કર્મ જ્ઞાતા જ્ઞાનમાં જ રહે ખરે,
છે આમ તો યે મોહ આ કાં નાચતો રહેતો અરે ! ॥૯૮॥

નિશ્ચયનયથી ન તો કર્તા કર્મમાં છે અને ન તો કર્મ કર્તામાં જ છે. જો આ રીતે પરસ્પર બંનેનો નિષેધ કરવામાં આવે તો પછી કર્તાકર્મની શું સ્થિતિ થશે ? અર્થાત્ જીવ અને પુદ્ગલને કર્તાકર્મપણું ક્યારેય નહીં થઈ શકે. આ રીતે જ્ઞાતા સદા જ્ઞાતામાં જ છે અને કર્મ સદા કર્મમાં જ છે. આમ તો વસ્તુની આવી સ્થિતિ એકદમ પ્રગટ છે; છતાં પણ અરે! આ મોહ પડદા પાછળ અત્યંત વેગથી કેમ નાચી રહ્યો છે ? આ આશ્ચર્ય અને ખેદની વાત છે.

પાંડે રાજમલજીએ કળશ ટીકામાં અહીં 'કર્તા' શબ્દનો અર્થ રાગાદિ અશુદ્ધપરિણામ પરિણત અજ્ઞાની જીવ લીધો છે અને કર્મનો અર્થ જ્ઞાનાવરણાદિ કર્મરૂપ પરિણત પુદ્ગલપિંડ લીધો છે. આ રીતે એમણે કર્તા કર્મમાં નથી અને કર્મ કર્તામાં નથીનો અર્થ એ કર્યો છે કે એ બન્નેમાં એકપણું નથી. એ જ આધારથી તે આ નિષ્કર્ષ કાઢે છે કે જ્યારે અજ્ઞાની જીવ અને જ્ઞાનાવરણાદિ રૂપ પુદ્ગલ કર્મ - બંને જુદા-જુદા છે તોપછી એમનામાં પરસ્પર કર્તાકર્મભાવ કેવી રીતે થઈ શકે ? તેથી આ વસ્તુસ્થિતિ અત્યંત સ્પષ્ટ છે કે જ્ઞાતા જ્ઞાતામાં છે અને જ્ઞાનાવરણાદિ કર્મ કર્મમાં છે, તો પછી કોણ જાણે અજ્ઞાની જીવોની માન્યતામાં આ મોહ કેમ નાચે

છે ? આ મોટા અચંબાની વાત છે, આના પર ગંભીરતાથી વિચાર કરવો જોઈએ.

કવિવર પંડિત બનારસીદાસજી નાટક સમયસારમાં આ છંદનો ભાવાનુવાદ આ પ્રમાણે કરે છે.

(છપ્પય)

करम पिंड अरु रागभाव मिलि एक हौंहि नहि ।
दोऊ भिन्नसरूप बसहिं दोऊ न जीव महि ॥
करमपिंड पुग्गल विभाव रागादि मूढ़ भ्रम ।
अलख एक पुग्गल अनंत किमि धरहि प्रकृति सम ॥
निज निज विलास जुत जगत महि जथा सहज परिणमहि तिम ।
करतार जीव जड़ करमकौ मोह विकल जन कहहि इम ॥

જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મોનો પિંડ અને રાગાદિભાવકર્મ આ બન્ને મળીને એક થતા નથી. જુદા જુદા જ છે બંને અને જુદા જુદા જ રહે છે આ બંને જ જીવમાં નથી. જીવથી ભિન્ન છે. જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મ પુદ્ગલપિંડ છે અને રાગાદિભાવકર્મ જીવના વિભાવ છે. આત્મા એક છે અને પુદ્ગલ અનંત છે - બંનેની પ્રકૃતિ એક સમાન કેમ થઈ શકે ?

આ જગતમાં બધા પદાર્થ પોતપોતામાં વિલસિત થઈ રહ્યા છે, યથાયોગ્ય સહજભાવથી પરિણમી રહ્યા છે, તો પણ મોહના મારથી વ્યાકુળ લોકો એમ કહે છે કે જીવ જડકર્મોનો કર્તા છે. તાત્પર્ય આ છે કે જીવને જડકર્મોનો કર્તા કહેવો એ મોહમાં નાચવું છે.

આમ તો કળશટીકા અને નાટક સમયસારના કથનોમાં થોડું ઘણું અંતર દેખાઈ આવે છે; તોપણ બંનેનો નિષ્કર્ષ એક જ છે અને તે આ છે કે જ્ઞાનાવરણાદિ જડકર્મોનો કર્તા તો અજ્ઞાની જીવ પણ નથી.

પંડિત જયચંદજી છાબડા ભાવાર્થમાં આ છંદનો નિષ્કર્ષ આ પ્રમાણે પ્રસ્તુત કરે છે -

"કર્મ તો પુદ્‌ગલ છે, જીવને એનો કર્તા કહેવો અસત્ય છે. એ બંનેમાં અત્યંત ભેદ છે, ન તો જીવ પુદ્‌ગલમાં છે અને ન તો પુદ્‌ગલ જીવમાં; તો પછી એમનામાં કર્તાકર્મભાવ કેમ થઈ શકે ? તેથી જીવ તો જ્ઞાતા છે, તે જ્ઞાતા જ છે, તે પુદ્‌ગલકર્મોનો કર્તા નથી અને પુદ્‌ગલકર્મ છે, તે પુદ્‌ગલ જ છે જ્ઞાતાના કર્મ નથી. આચાર્યદેવે ખેદપૂર્વક કહ્યું છે કે આ રીતે પ્રગટથી દ્રવ્ય ભિન્ન છે છતાં પણ 'હું કર્તા છું અને આ પુદ્‌ગલ મારા કર્મ છે' આ રીતે અજ્ઞાનીનો આ મોહ (અજ્ઞાન) કેમ નાચી રહ્યો છે ?"

આ કળશના ભાવને પૂજ્ય ગુરુદેવ આ પ્રમાણે સ્પષ્ટ કરે છે -

"જે રાગાદિ વિકલ્પ પોતે સ્વ-સમયમાં પોતાની પર્યાયગત યોગ્યતાથી થાય છે, એમને હું કરું છું - એવા કર્તૃત્વરૂપ મિથ્યાત્વથી પરિણત થયેલો જીવ કર્તા કહેવાય છે. તે કર્તા જીવ પણ જડ કર્મોને કરતો નથી અને તે જડકર્મ પણ એ કર્તાના કર્મ (કાર્ય) થઈ શકતા નથી; કારણ કે જડકર્મોનો કર્તા ચેતન હોતો નથી.

આત્મા પોતાના અશુદ્ધ પરિણમનનો કર્તા તો છે; પરંતુ જડકર્મોનો કર્તા નથી અને જડકર્મ પણ પોતાની પર્યાયના કર્તા છે; પરંતુ તે ચેતનની પર્યાયને કરતા નથી - આવી સ્થિતિમાં બન્નેની વચ્ચે કર્તા-કર્મપણું ક્યાં રહ્યું ?

ભાઈ ! શરીર, મન, વાણીના ક્રિયાનો કર્તા તો અજ્ઞાની પણ નથી; કારણ કે પરસ્પર દ્વન્દ છે, ભિન્નતા છે. જ્યાં ભિન્નતા છે, ત્યાં કર્તા-કર્મનો શો સંબંધ ? આત્મા અજ્ઞાનભાવથી મિથ્યાત્વના પરિણામોને પણ કરે અને જડકર્મની પર્યાયને પણ કરે - એવી વસ્તુસ્વરૂપની મર્યાદા જ નથી. આ જ રીતે જડકર્મ પોતાની જડકર્મની પર્યાયને પણ કરે અને જીવના મિથ્યાત્વને પણ કરે - એવું સામર્થ્ય પણ વસ્તુમાં નથી. એક દ્રવ્યથી બીજું દ્રવ્ય અત્યંત ભિન્ન છે અને ભિન્ન-ભિન્ન બે દ્રવ્યોમાં કર્તા-કર્મપણું હોતું નથી.

લૌકિકજન એમ માને છે કે જડનું કાર્ય જીવ કરી શકે છે, પરંતુ એમનું એમ માનવું એ ભ્રમ છે. તન-મન-વચન, ધન-દૌલત વગેરે બધું પુદ્‌ગલ છે. આત્મા એ બધાથી અત્યંત ભિન્ન છે, આ કારણે જડ-પુદ્‌ગલની અવસ્થાનો આત્મા કર્તા નથી. ધન-દૌલત કમાવવી, મકાન બનાવવું આદિ કાર્ય આત્માના નથી. હા, અજ્ઞાનીથી રાગ-દ્વેષ અને મિથ્યાત્વ આદિના જે અજ્ઞાનભાવ થાય છે, તેમને અજ્ઞાનીએ કર્યા - એમ કહેવાય છે.[૧]

હવે આચાર્ય કહે છે કે જ્ઞાતા સદા જ્ઞાતામાં જ છે અને કર્મ સદા કર્મમાં જ છે. જ્યારે પરના કર્તૃત્વની બુદ્ધિ છુટી જાય છે, ત્યારે હું જ્ઞાયક છું - એવી જ્ઞાતાપણાની દૃષ્ટિ ખીલી જાય છે.[૨]

પહેલા એમ સિદ્ધ કર્યું કે જડકર્મમાં આત્મા નથી અને આત્માના અશુદ્ધ પરિણામમાં જડકર્મ નથી. પછી વાત બદલીને એમ કહ્યું કે ભગવાન આત્મા ચિદ્રૂપ છે, જ્ઞાયકરૂપ છે, આનંદસ્વરૂપ છે, ઈશ્વર છે, અપરિમિત સ્વભાવરૂપ છે. એના સ્વભાવની શક્તિ બેહદ અપરિમિત છે - એવો જ્ઞાતા સદા જ્ઞાતાસ્વભાવમાં જ રહે છે. એમાં જ અંતર્દૃષ્ટિ કરવાનું નામ સમ્યગ્દર્શન છે, ધર્મ છે.[૩]

સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવામાં પરની કોઈ પ્રકારની સહાયતાની અપેક્ષા નથી. વ્યવહારની પણ અપેક્ષા નથી. એવી વસ્તુની મર્યાદા પ્રગટ છે; તો પણ જીવનના નેપથ્યમાં આ મોહ આટલા વેગથી કેમ નાચી રહ્યો છે. આચાર્યદેવ પોતાને એનું આશ્ચર્ય છે.[૪]''

આ રીતે આ છંદમાં એમ જ કહ્યું છે કે સંપૂર્ણ કર્તાકર્માધિકારના મંથનથી આ વાત અત્યંત સ્પષ્ટ છે કે આમ તો રાગ-દ્વેષ-મોહરૂપ

૧ પ્રવચનરત્નાકર (હિંદી), ભાગ-૪, પાનું ૩૯૩.
૨ પ્રવચનરત્નાકર (હિંદી), ભાગ-૪, પાનું ૩૯૪
૩ પ્રવચનરત્નાકર (હિંદી), ભાગ-૪, પાનું ૩૯૫
૪ પ્રવચનરત્નાકર (હિંદી), ભાગ-૪, પાનું ૩૯૫-૩૯૬

ભાવકર્મોનો કર્તા અજ્ઞાની આત્મા થાય છે; તો પણ જ્ઞાનાવરણાદિ જડકર્મો અને શરીરાદિ નોકર્મોનો કર્તા તો જ્ઞાની અને અજ્ઞાની કોઈ પણ જીવ નથી. આગમમાં જ્યાં પણ આત્માને જડકર્મોનો અને નોકર્મોનો કર્તા કહેવામાં આવ્યો હોય, એ બધાને અસદ્‌ભૂતવ્યવહારનયના ઉપચરિત કથન જ સમજવા જોઈએ.

'વસ્તુસ્થિતિ ઉક્ત કથનાનુસાર અત્યંત સ્પષ્ટ હોવા છતાં પણ અજ્ઞાનીઓને પરકર્તૃત્વસંબંધી મોહ ન જાણે કેમ નાચે છે ? આ પ્રકારનું આશ્ચર્ય આ ૯૮મા કળશમાં વ્યક્ત કર્યું છે.

એના પછી આચાર્ય અમૃતચંદ્રે આ કળશના ઉપસંહાર અને આગામી કળશની ઉત્થાનિકાના રૂપમાં એક વાક્ય લખ્યું છે, જે આ પ્રમાણે છે -

''अथवा नानट्यतां तथापि - અથવા મોહ નાચે છે તો નાચે, તો પણ''

એનો ભાવ એમ છે કે મોહ નાચે તો ભલે જ નાચે; પણ તેથી વસ્તુની સ્થિતિમાં કોઈ ફરક પડવાનો નથી; કારણ કે વસ્તુસ્થિતિ તો જે છે તે જ છે. જ્ઞાનજ્યોતિ પ્રગટ થતાં બધું જ સહજ થઈ જાય છે. 'જ્ઞાનજ્યોતિના પ્રગટ થવાથી શું થાય છે' એનું સ્પષ્ટીકરણ આગળના કળશમાં છે.

આમ આગળના કળશમાં આચાર્યદેવ જ્ઞાનજ્યોતિનું સ્મરણ કરતાં કર્તાકર્મ અધિકારની સમાપ્તિ કરે છે.

(मन्दाक्रान्ता)

कर्ता कर्ता भवति न यथा कर्म कर्मापि नैव ।
ज्ञानं ज्ञानं भवति च यथा पुद्‌गलः पुद्‌गलोऽपि ।
ज्ञानज्योतिर्ज्वलितमचलं व्यक्तमंतस्तथोच्चै -
श्चिच्छक्तीनां निकरभरतोऽत्यंतगंभीरमेतत् ॥९९॥

(હરિગીત)

પ્રગટી પ્રબળ આ જ્ઞાનજ્યોતિ અચળ વ્યક્ત અહો વળી,
ગંભીર જે સૌ ચિત્સ્વરૂપ નિજ શક્તિઓના ભારથી;
કર્તા ન થાયે આતમા, પુદ્ગલ કરમરૂપ થાય ના,
પુદ્ગલ રહે પુદ્ગલ મહીં ને જ્ઞાન પાગ નિજ સ્વરૂપમાં.૯૯.

અચળ, વ્યક્ત અને ચિત્શક્તિઓના સમૂહના ભારથી અત્યંત ગંભીર આ જ્ઞાનજ્યોતિ અંતરંગમાં ઉગ્રતાથી એવી રીતે જાજ્વલ્યમાન થઈ કે જે આત્મા અજ્ઞાન અવસ્થામાં કર્તા થતો હતો, તે હવે કર્તા થતો નથી અને અજ્ઞાનના નિમિત્તથી જે કાર્મણવર્ગણારૂપ પુદ્ગલ કર્મરૂપ થતું હતું. તે હવે કર્મરૂપ થતું નથી. આ રીતે જ્ઞાન જ્ઞાનરૂપ જ રહે છે અને પુદ્ગલ પુદ્ગલદ્રવ્ય જ રહે છે.

'અચળ, વ્યક્ત અને ચૈતન્યશક્તિઓના ભારથી અત્યંતર ગંભીર અનંતગુણાત્મક ચિન્માત્રજ્યોતિ જાજ્વલ્યમાન થઈ' - એવું કહીને અહીં ચિન્માત્રજ્યોતિમાં દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેને જ શામેલ કરવામાં આવ્યા છે.

આ રીતે અહીં દ્રવ્ય-ગુણ-પર્યાયમય જ્ઞાનજ્યોતિનું સ્મરણ કરવામાં આવ્યું છે અને એમ કહેવામાં આવ્યું છે કે જ્યારે આ જ્ઞાનજ્યોતિ ઉચ્ચતાથી. ઉગ્રતાથી જાજ્વલ્યમાન થાય છે, ત્યારે જ્ઞાન જ્ઞાનરૂપ થઈ જાય છે, તે કર્તા નથી બનતો અને પુદ્ગલ પુદ્ગલરૂપ રહી જાય છે, તે કર્મ નથી બનતો. આ પ્રમાણે કર્તા-કર્મની પ્રવૃત્તિનો અભાવ થઈ જાય છે.

આ કળશના ભાવને ભાવાર્થમાં પંડિત જયચંદજી છાબડા આ પ્રમાણે સ્પષ્ટ કરે છે -

"જ્યારે આત્મા જ્ઞાની થાય છે, ત્યારે જ્ઞાન તો જ્ઞાનરૂપ જ પરિણમિત થાય છે, પુદ્ગલકર્મનો કર્તા થતો નથી અને પુદ્ગલ પુદ્ગલ

જ રહે છે, કર્મરૂપ પરિણમિત થતો નથી. આ રીતે યથાર્થ જ્ઞાન થતાં બન્ને દ્રવ્યોના પરિણમનમાં નિમિત્ત-નૈમિત્તિક ભાવ થતો નથી. એવું જ્ઞાન સમ્યગ્દષ્ટિનું હોય છે.''

આ પ્રમાણે આ કળશમાં એમ સ્પષ્ટ કરી દીધું કે સમ્યગ્જ્ઞાનજ્યોતિનો ઉદય થતાં, આત્માનુભૂતિ થતાં, સમ્યગ્દર્શન થઈ જતાં; પરપદાર્થ અને રાગાદિભાવમાં પોતાપણું રહેતું નથી, સ્વામિત્વ રહેતું નથી; કર્તૃત્વ અને ભોકતૃત્વ પણ રહેતું નથી; સહજ જ્ઞાતા-દષ્ટાભાવ પ્રગટ થઈ જાય છે.

આ કર્તાકર્મ-અધિકારનો અંતિમ કળશ છે. તેથી અહીં એ જ્ઞાનજ્યોતિનું ફરીથી સ્મરણ કર્યું છે, જેનું સ્મરણ દરેક અધિકારના આરંભમાં કરવામાં આવે છે. આ અધિકારના અંતનું મંગલાચરણ છે. મંગલાચરણની બાબત કહેવામાં આવ્યું છે કે - आदौ मध्येऽवसाने च मंगलं भासितं बुधैः[1] - વિદ્વાન લોકોએ કહ્યું છે કે મંગલાચરણનું કાર્ય ગ્રંથની શરૂઆત, મધ્ય અથવા અંતમાં કરવું અભીષ્ટ છે. આ કથનના અનુસાર એક પ્રકારથી કર્તાકર્મ અધિકારની સમાપ્તિનું મંગળાચરણ છે.

આ કળશમાં અચળ, વ્યકત અને ચિત્શકિતઓના ભારથી અત્યંત ગંભીર જ્ઞાનજ્યોતિના સ્મરણની સાથે સાથે આ પણ સ્પષ્ટ કરી દેવામાં આવ્યું છે કે આ જ્ઞાનજ્યોતિના પ્રકાશમાં અજ્ઞાનજન્ય કર્તાકર્મની પ્રવૃત્તિનો અભાવ થઈ ગયો છે. તે કારણે હમણાં સુધી જે આત્મા રાગાદિ ભાવોનો કર્તા બનતો હતો હવે એ કર્તા નથી રહ્યો અને હવે એને તત્સંબંધી કર્મનો બંધ પણ નથી થતો, તેથી કર્મ કર્મ નથી રહ્યું, જ્ઞાન જ્ઞાનરૂપ થઈ ગયું અને પુદ્ગલ કર્મ પુદ્ગલ રૂપ જ રહ્યું. આ રીતે અજ્ઞાનતાનો નાશ થતાં જ અજ્ઞાનજન્ય કર્તાકર્મની પ્રવૃત્તિનો પણ અભાવ થઈ ગયો.

કર્તાકર્મ અધિકારના આરંભમાં જ કહ્યું હતું કે જ્યાં સુધી અજ્ઞાનજન્ય કર્તાકર્મની પ્રવૃત્તિ છે, ત્યાં સુધી જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મોનો બંધ થાય છે અને જ્યારે આ અજ્ઞાનજન્ય કર્તાકર્મની પ્રવૃત્તિનો અભાવ થઈ જાય છે તો તત્સંબંધી બંધનો અભાવ પણ નિયમથી થઈ જાય છે.

આ જ વાતને અનેક યુક્તિઓ, આગમપ્રમાણો અને અનુભવના આધાર પર સિદ્ધ કરીને હવે અધિકારના અંતમાં એનો જ ઉપસંહાર કરી રહ્યા છે.

ઉક્ત છંદનો ભાવ પંડિત બનારસીદાસજી નાટક સમયસારમાં આ પ્રમાણે વ્યક્ત કરે છે.

(छप्पय)

जीव मिथ्यात न करै, भाव नहि धरै भरममल ।
ग्यान ग्यानरस रमै, होई करमादिक पुदगल ॥
असंख्यात परदेस सकति, जगमगै प्रगट अति ।
चिदविलास गंभीर धीर, थिर रहै विमलमति ॥
जब लगि प्रबोध घटमहि उदित, तब लगि अनय न पेखिये ।
जिमि धरमराज बरतंत पुर, जहं तहं नीति परेखिये ॥

જીવ મિથ્યાત્વરૂપ દ્રવ્યકર્મોને નથી કરતો અને મિથ્યાત્વ-રાગ-દ્વેષ આદિ ભ્રમભાવોને પણ ધારણ નથી કરતો. જ્ઞાન જ્ઞાનરસમાં જ રમે છે અને જ્ઞાનાવરણાદિ કર્મ પુદ્ગલરૂપ જ રહે છે. તથા ધીર-ગંભીર સ્થિર ચૈતન્યમાં વિલસતી નિર્મળ જ્ઞાનજ્યોતિ પૂર્ણ શક્તિથી આત્માના અસંખ્ય પ્રદેશોમાં પ્રગટ રૂપથી પ્રકાશિત થાય છે, અત્યંત ઝગમગ કરે છે.

જેમ જ્યાં-જ્યાં ધર્મનું સામ્રાજ્ય રહે છે, ત્યાં-ત્યાં નીતિ-ન્યાય પણ જોવામાં આવે છે; તેમ જ્યાં સુધી હૃદયમાં સમ્યગ્જ્ઞાનજ્યોતિ ઉદિત છે, ત્યાંસુધી અનય (અન્યાય-મિથ્યાત્વ) જોવામાં આવતો નથી.

આ કળશના ભાવને સ્પષ્ટ કરતાં પૂજ્ય ગુરુદેવ કહે છે -

''ભગવાન આત્મા અનંત ચિત્શક્તિઓના સમૂહનો ભંડાર, જ્ઞાનનો ગોળો, અચળ અને નિત્ય ચૈતન્યધાતુમય સદા પ્રગટ જ છે. આમ તો પર્યાયની અપેક્ષાએ એને અવ્યક્ત કહ્યો છે, પરંતુ સ્વભાવની સન્મુખ જઈને જોતાં એ સદા વ્યક્ત જ છે, પ્રગટ જ છે.[1]

---

૧ પ્રવચનરત્નાકર (હિન્દી), ભાગ-૪, પાનું ૩૯૮

ભગવાન આત્માના જ્ઞાનાનંદસ્વભાવની ગંભીરતાની શું વાત કરીએ ? તે અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ, અનંતશાંતિ, અનંતસ્વચ્છતા, અનંત વીર્ય, અનંત પ્રભુતા આદિ અનંત ચિત્શક્તિઓની સમૂહથી ભરેલો અત્યંત ગંભીર છે. ભગવાન આત્મા સંખ્યાથી તો અનંત શક્તિઓનો ભંડાર છે જ, એની એક-એક શક્તિનો સ્વભાવ પણ અનંત છે.[૧]

આત્મા ચિત્શક્તિઓથી ભરેલો અર્થાત્ જ્ઞાનના અવિભાજ્ય પ્રતિચ્છેદોના સમૂહથી ભરેલો, ગંભીર જ્ઞાનજ્યોતિસ્વરૂપ વસ્તુ છે. જેના બે વિભાગ ન થઈ શકે - એવા સૂક્ષ્મઅંશને અવિભાજ્ય-પ્રતિચ્છેદ કહે છે. જ્ઞાનસ્વભાવી આત્મજ્યોતિ એવા જ અનંત અવિભાજ્ય અંશોનો પિંડ છે. જ્યારે આ જ્ઞાનજ્યોતિ અંતરંગમાં ઉગ્રપણાથી જાજ્વલ્યમાન થાય છે, ત્યારે તરત જ અજ્ઞાનના કારણે હમણાં સુધી થયેલ કર્તૃત્વભાવનો અભાવ થઈ જાય છે અને પછી તે જ્ઞાનસ્વભાવ જ્ઞાનરૂપ જ રહે છે અને પુદ્ગલ પુદ્ગલરૂપ જ રહે છે. જેઓ પહેલા અજ્ઞાન અવસ્થામાં પોતાની મિથ્યા માન્યતાના કારણે પોતાને જ રાગનો અને પરનો કર્તા માની રહ્યા હતા. તેઓ જ પછી જ્યારે પોતાના જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્માને ઓળખી લે છે, ત્યારે પરનું અને રાગનું કર્તૃત્વ છોડીને કેવળ જ્ઞાતા-દ્રષ્ટા બની જાય છે. અને રાગના નિમિત્તથી જે પુદ્ગલ કર્મરૂપ થતા હતા, તે કર્મરૂપ નથી થતા. જ્ઞાન જ્ઞાનરૂપ રહે છે, પુદ્ગલ પુદ્ગલરૂપ અને ભગવાન ચિદ્ઘન ચિદ્ઘન જ રહે છે. બન્નેને ભિન્ન-ભિન્ન જાણવાનું નામ જ ભેદજ્ઞાન છે, એનું ફળ કેવળજ્ઞાન છે, સિદ્ધપદ છે.[૧]''

જેમ પ્રકાશ થતાં બધા પદાર્થ પૃથક્-પૃથક્ જણાવા માંડે છે; તેમ જ્ઞાનજ્યોતિ પ્રકાશિત થતાં જ્ઞાનસ્વભાવી ભગવાન આત્મા જ્ઞાતારૂપ જણાવા માંડ્યો અને જડ પુદ્ગલ પુદ્ગલરૂપ જણાવા માંડ્યા; સહજ જ્ઞાતા-દ્રષ્ટા સ્વભાવ પ્રસ્ફુટિત થઈ ગયો - આ જ કહ્યું છે કે ૯૯મા કળશમાં.

---

૧ પ્રવચનરત્નાકર (હિન્દી), ભાગ-૪, પાનું ૩૯૯

૧ પ્રવચનરત્નાકર (હિન્દી), ભાગ-૪, પાનું ૩૯૯

આમ અહીં કર્તા-કર્મ અધિકાર સમાપ્ત થાય છે. એની સમાપ્તિ કરતાં આચાર્ય અમૃતચંદ્ર આત્મખ્યાતિમાં જે અંતિમ વાક્ય લખે છે તે આ પ્રમાણે છે -

''इति जीवाजीवौ कर्तृकर्मवेषविमुक्तौ निष्क्रान्तौ - આ રીતે જીવ અને અજીવ કર્તા-કર્મનો વેષ ત્યાગીને બહાર નીકળી ગયા.''

એમ તો પહેલા સ્પષ્ટ કરી દીધું છે કે આત્મખ્યાતિમાં સમયસારને નાટકના રૂપમાં પ્રસ્તુત કરવામાં આવ્યો છે. તેથી અહીં એના સંબંધમાં કંઈ વધુ કહેવાની આવશ્યકતા નથી.

આ વાક્યનું સ્પષ્ટીકરણ પંડિત જયચંદજી છાબડા આ પ્રમાણે કરે છે -

''જીવ અને અજીવ બંને કર્તા-કર્મનો વેષ ધારણ કરીને એક થઈને રંગભૂમિમાં પ્રવેશ્યા હતા. જ્યારે સમ્યક્‌દૃષ્ટિએ પોતાના યથાર્થ દર્શન-જ્ઞાનથી એમના ભિન્ન-ભિન્ન લક્ષણથી એમ જાણી લીધું કે તેઓ એક નથી, પરંતુ બે અલગ-અલગ છે; ત્યારે તેઓ વેષનો ત્યાગ કરીને રંગભૂમિથી બહાર નીકળી ગયા.

બહુરૂપિયાની એવી પ્રવૃત્તિ હોય છે કે જ્યાં સુધી જોવાવાળા એને ઓળખી ન લે, ત્યાં સુધી તે પોતાની ચેષ્ટાઓ કર્યા કરે છે, પરંતુ જ્યારે કોઈ યથાર્થ રૂપથી ઓળખી લે છે, ત્યારે તે પોતાના રૂપને પ્રગટ કરીને ચેષ્ટા કરવું છોડી દે છે. એ રીતે અહીં સમજવું.''

અહીં છાબડાજીએ બહુરૂપિયાનું ઉદાહરણ આપીને એમ સ્પષ્ટ કર્યું છે કે કર્તા-કર્મના વેશમાં સમાગત જીવ અને અજીવ જ્ઞાનજ્યોતિ દ્વારા ઓળખાઈ ગયા માટે વેષ ત્યાગીને રંગભૂમિથી બહાર થઈ ગયા.

પંડિત જયચંદજી છાબડા પોતાની ભાષા ટીકાના અંતમાં સંપૂર્ણ અધિકારની વિષયવસ્તુને સમેટી લેતાં એક છંદ લખે છે જે આ પ્રમાણે છે -

(સવૈયા તેઇસા)

જીવ અનાદિ અજ્ઞાન વસાય વિકાર ઉપાય વને કરતા સો,
તાકરિ બન્ધન આન તણૂં ફલ લે સુખ-દુઃખ ભવાશ્રણમવાસો;
જ્ઞાન ભયે કરતા ન બનૈ તબ બન્ધ ન હોય ખુલૈ પરપાસો,
આતમમાંહિ સદા સુવિલાસ કરૈ સિવ પાય રહૈ નિતિ થાસો ।

આ જીવ અનાદિ અજ્ઞાનને વશ થઈને વિકાર ઉત્પન્ન કરતો પરનો કર્તા બને છે. તે કારણે એને બંધ થાય છે અને એના ફળસ્વરૂપે સંસારમાં રહેતો થકો સુખ-દુઃખ ભોગવે છે. જ્યારે એને સમ્યગ્જ્ઞાન થાય છે, ત્યારે એ પરનો કર્તા નથી બનતો, વિકારનો કર્તા નથી બનતો અને એ જ કારણે બંધ પણ થતો નથી. એ પરના બંધનથી મુક્ત થઈ જાય છે, મુક્તિ પ્રાપ્ત કરી લે છે; પછી સદા મુક્તિમાં નિવાસ કરતો સદા આત્મામાં જ સુવિલાસ કરે છે, આત્મીક આનંદને ભોગવે છે.

આ રીતે આ છંદમાં કર્તાકર્મ-અધિકારની સંપૂર્ણ વિષયવસ્તુને સમેટીને અતિ સંક્ષેપમાં પ્રભાવક રીતે પ્રસ્તુત કરી દીધી છે.

આમ કર્તૃત્વ અને ભોક્તૃત્વ સંબંધી અજ્ઞાનને મટાડતો, કર્તાકર્મની પ્રવૃત્તિનો અભાવ કરતો, સમ્યગ્જ્ઞાનજ્યોતિને પ્રજ્વલિત કરતો આ કર્તા-કર્મ અધિકાર સમાપ્ત થાય છે.

જ્ઞાનગોષ્ઠી

પ્રશ્ન:- આ સાંભળેલું યાદ રહેતું નથી તેનું શું કરવું ?

ઉત્તર:- કોઈએ સરખાઈની આકરી ગાળ દીધી હોય તે યાદ રહે છે ને ! તો ગુણ યાદ કેમ ન રહે ! પણ પોતાને ખરી દરકાર નથી તેથી યાદ રહેતું નથી. દરકાર હોય તો યાદ રહે જ.

- આત્મધર્મ અંક ૪૨૨, ડિસેમ્બર ૧૯૭૮, પૃષ્ઠ ૩૦

પુણ્યપાપાધિકાર

પુણ્યપાપાધિકાર

જીવાજીવાધિકારમાં વર્ણાદિથી લઈ ગુણસ્થાનપર્યન્ત ભાવોથી ભગવાન આત્માનું એકત્વ અને મમત્વ તથા કર્તાકર્માધિકારમાં તે જ ભાવોથી કર્તૃત્વ અને ભોકતૃત્વ છોડાવ્યું છે.

આ રીતે અત્યાર સુધી ભગવાન આત્માને પરપદાર્થ અને તેના આશ્રયથી પોતાના જ આત્મામાં ઉત્પન્ન થવાવાળા મોહ-રાગ-દ્વેષાદિ ભાવોથી એકત્વ, મમત્વ, કર્તૃત્વ અને ભોકતૃત્વ છોડાવીને આત્મસન્મુખ કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

હવે આ પુણ્યપાપાધિકારમાં એમ બતાવે છે કે મુક્તિના માર્ગમાં પાપની જેમ જ પુણ્ય પણ હેય છે.

જો કે પાપભાવની જેમ પુણ્યભાવ પણ આત્માની વિકારી પર્યાય હોવાથી આત્મા નથી, આત્માથી ભિન્ન છે, આસ્ત્રવભાવ છે, બંધભાવ છે અને આત્માને સંસાર સાગરમાં ડૂબાડનાર છે; તોપણ અનાદિકાલીન મિથ્યા માન્યતાને લીધે અજ્ઞાની જીવોની તેમાં ઉપાદેય બુદ્ધિ બની રહે છે, તેઓ તેને સુખનું કારણ માને છે અને પુણ્યભાવના કર્તા બની પોતાની જાતને ભાગ્યવાન સમજે છે.

કોઈ વ્યક્તિએ એક મંદિર બંધાવ્યું, એક ધર્મશાળા બંધાવી, તે પોતાના આ કાર્યથી પોતાને બહુ જ ગૌરવશાળી અનુભવે છે, પોતાને તેનો કર્તા-ધર્તા માને છે, સ્વામી માને છે.

હવે જ્યારે એને એમ સમજાવવામાં આવે કે આ મંદિર, આ ધર્મશાળા ન તો તમે છો કે ન તો એ તમારા છે અને ન તો તમે એના કર્તા-ધર્તા છો, કારણ કે એ તો જડ છે, જડના પરિણમન છે અને આપ તો ચેતન પદાર્થ છો. ચેતન જડનો કર્તા-ધર્તા કેવી રીતે હોઈ શકે ? તેના

કર્તા-ધર્તા બનવા માટે તો તમારે જડ બનવું પડશે. શું આપ ચેતનમાંથી જડ બનવાનું પસંદ કરશો ? જો નહીં, તો પછી તમે એના કર્તા-ધર્તા કેવી રીતે બની શકો ?

આગમનો આધાર અને યુક્તિઓના પ્રબળ પ્રહારથી આ વાત તેની બુદ્ધિને સ્વીકૃત થઈ ગયા પછી પણ તેનું હૃદય આ વાતને સ્વીકાર કરવા તૈયાર નથી થતું. આ કારણથી તે કોઈને કોઈરૂપે તેને ચિટકી રહેવાનું પસંદ કરે છે. તેથી કહે છે ભલે હું તેનો કર્તા-ધર્તા નથી પણ આપ એ બતાવો ને કે આ કામ સારું તો છે ને ?

જ્યારે તમે મંદિર અથવા ધર્મશાળાની પ્રશંસા કરો છો તો તે મનમાં ખૂબ સંતોષ પામે છે અને કહેવા લાગે છે કે તમારા કહેવા અનુસાર ભલે હું તેનો કર્તા-ધર્તા નથી, પણ કામ તો સારું થયું છે ને ? એમાં મારાથી કંઈ કસર તો નથી રહીને ? આ રીતે જુદા-જુદા પ્રકારથી તે પોતાની જાતને તેનો કર્તા-ધર્તા માનતો રહે છે. અને સારા કાર્યના બહાને તે પોતાના પરકર્તૃત્વને જ પુષ્ટ કરતો રહે છે.

આમ અનાદિકાલીન મિથ્યા માન્યતાના જોરથી અજ્ઞાની જીવ આત્માને બંધનમાં નાખવાવાળા કર્મોમાં પણ શુભ અને અશુભનો ભેદ કરી શુભને ઉપાદેય માની લે છે, કરવા યોગ્ય માની લે છે. આ રીતે શુભકાર્યના બહાને, પરનો અને રાગાદિનો કર્તા-ભોકતા પોતાને માનતો રહે છે.

કહે છે કે હું ભલે પરપદાર્થોનો કર્તા-ભોકતા ન હોઉં, રાગાદિનો કર્તા-ભોકતા ન હોઉં, પરંતુ પુણ્યકાર્ય અને શુભભાવ સારા તો છે જ ને ?

આ રીતે તે સારા અને ભલાના બહાને તેમાં પોતાપણું સ્થાપિત કરી લે છે અને ભલે હું તેનો કર્તા નથી, પણ નિમિત્ત તો હું જ છું; આ રીતે જુદા પ્રકારથી તેમાં કર્તાપણું સ્થાપિત કરી લે છે.

અજ્ઞાની જીવોની આવી માન્યતાનું નિરાકરણ કરવા માટે પુણ્ય

અને પાપની સમાનતા બતાવવાવાળા આ પુણ્યપાપાધિકારનો જન્મ થયો છે. આ રીતે આ અધિકાર પણ જીવાજીવાધિકાર અને કર્તાકર્માધિકારનો પૂરક અધિકાર જ છે; કારણકે તેમાં પણ પુણ્ય-પાપકર્મો અને પુણ્ય-પાપભાવોથી આત્માને ભિન્ન બતાવી તેના કર્તૃત્વ-ભોકતૃત્વનો નિષેધ કરવાનું જ યોગ્ય બતાવ્યું છે. આ કારણે તે એક રીતે કર્તા-કર્મ અધિકારનો પૂરક જ છે, તેનું પરિશિષ્ટ જ છે.

આ અધિકારમાં 'મુક્તિના માર્ગમાં પુણ્યભાવ પણ પાપભાવની જેમ જ હેય છે' - તે બતાવવામાં આવ્યું છે; કારણકે પુણ્યભાવ અને પાપભાવ આખરે છે તો રાગભાવ જ, અને રાગભાવ હોવાથી બંને એક જ છે. આ જ કારણે કવિવર બનારસીદાસજી નાટક સમયસારમાં આ અધિકારનું નામ 'પુણ્યપાપએકત્વદ્વાર' જ રાખે છે. તેમ જ આ અધિકારની વિષયવસ્તુને સ્પષ્ટ કરાવનાર પ્રતિજ્ઞાવાકયરૂપ છંદ પણ આ રીતે લખે છે:-

(दोहा)

करता किरया करमकौ, प्रगट वखान्यौ मूल ।
अब वरनौं अधिकार यह पाप पुन्न समतूल ॥

કર્તા, કર્મ અને ક્રિયાનું મૂળ સ્વરૂપ સ્પષ્ટ કરીને હવે પુણ્ય અને પાપને સમાન બતાવવાવાળા આ અધિકારનું વર્ણન કરીએ છીએ.

પંડિત જયચંદજી છાબડા આ અધિકારની ટીકાની શરૂઆત કરતી વખતે મંગલાચરણના રૂપમાં જે છંદ લખે છે. તે આ રીતે છે:-

(दोहा)

पुण्य-पाप दोऊ करम, बन्धरूप दुर् मानि ।
शुद्ध आतमा जिन लह्यो नमूँ चरण हित जानि ॥

જે જીવોએ પુણ્ય અને પાપ-બંને કર્મોને બન્ધરૂપ અને દુષ્ટ જાણી પોતાના શુદ્ધ આત્માને પ્રાપ્ત કર્યો છે; હિતરૂપ જાણીને હું તેમના ચરણોની વંદના કરું છું.

આ અધિકારનો આરંભ કરતાં આચાર્ય અમૃતચંદ્ર આત્મખ્યાતિમાં જે વાક્ય લખે છે. તે આ રીતે છે :-

''अथैकमेव कर्म द्विपात्रीभूय पुण्यपापरूपेण प्रविशति - હવે એક જ કર્મ પુણ્ય અને પાપ એમ બે પાત્રોના રૂપમાં રંગમંચ પર પ્રવેશ કરે છે.''

ધ્યાનમાં રહે કે અહીં પાત્ર (અભિનેતા) એક છે અને તેણે બે રૂપ ધારણ કરી રાખ્યા છે. જેવી રીતે એકપાત્રીય નાટકોમાં એક જ પાત્ર અનેક રૂપોમાં વાત કરે છે; તેવી રીતે અહીં એક જ કર્મ પુણ્ય અને પાપ - આ બે રૂપોમાં પ્રસ્તુત થઈ રહ્યું છે.

જીવાજીવાધિકાર અને કર્તાકર્માધિકારમાં પાત્રો બે-બે હતા અને તેમણે મળીને એક રૂપ ધારણ કર્યું હતું, પણ અહીં તેનાથી વિપરીત પાત્ર (અભિનેતા) એક કર્મ છે અને એણે પુણ્ય અને પાપ-એમ બે રૂપ ધારણ કરી રાખ્યા છે, તે અહીં ડબલરોલમાં છે.

આ અધિકારના મંગલાચરણરૂપે જે છંદ આચાર્ય અમૃતચંદ્રે આત્મખ્યાતિમાં લખ્યો છે, તેની ઉત્થાનિકા લખતી વખતે પંડિત જયચંદજી છાબડા લખે છે :-

''જેવી રીતે નૃત્યમંચ પર એક જ પુરુષ પોતાના બે રૂપ બતાવી નાચી રહ્યો હોય તો તેને યથાર્થ જ્ઞાતા ઓળખી જાય છે અને તેને એક જ જાણી લે છે; તે રીતે અહીં જોકે કર્મ એક જ છે, તોપણ તે પુણ્ય-પાપના ભેદથી બે પ્રકારના રૂપ ધારણ કરીને નાચે છે, તેને સમ્યગ્દૃષ્ટિનું યથાર્થ જ્ઞાન એકરૂપ જાણી લે છે. તે જ્ઞાનના મહિમાનું કાવ્ય આ અધિકારની શરૂઆતમાં ટીકાકાર આચાર્ય કહે છે.''

(द्रुतविलम्बित)

तदथ कर्म शुभाशुभभेदतो द्वितयतां गतमैक्यमुपानयन् ।
ग्लपितनिर्भरमोहरजा अवं स्वयमुदेत्यवबोधसुधाप्लवः ॥१००॥

(હરિગીત)

શુભ ને અશુભના ભેદથી જે બે-પણાને પામતું
તે કર્મ પણ જેના ઉદયથી ઐક્યતાને ધારતું;
દૂરે કરી છે મોહરજને અતિ અતિ જેણે અહો !
પામે સ્વયં છે ઉદયને આ ચંદ્રમા તે જ્ઞાનનો. ૧૦૦

હવે શુભ અને અશુભના ભેદથી બહુરૂપીપણાને પ્રાપ્ત તે કર્મને રૂપ કરીને જેણે મોહરજને અત્યંત દૂર કરી છે. એવો તે જ્ઞાનરૂપી ચંદ્ર ાની જાતે જ ઉદયને પ્રાપ્ત થાય છે.

આ પુણ્યપાપાધિકારના મંગલાચરણનો કળશ છે. તેમાં તે ફજ્ઞાન જ્યોતિનું, જ્ઞાનસુધાકરનું સ્મરણ કરવામાં આવ્યું છે; જેણે -પાપ સંબંધી અજ્ઞાનનો નાશ કર્યો છે. અજ્ઞાનને કારણે પુણ્યને સારું પાપને ખરાબ માનવામાં આવતું હતું, પણ આ જ્ઞાનજ્યોતિના થી, આ જ્ઞાનસુધાકરના ઉદયથી તે અજ્ઞાન નષ્ટ થઈ ગયું અને એ ાન પ્રગટ થઈ ગયું કે મુક્તિના માર્ગમાં પાપની જેમ જ પુણ્ય પણ જ છે.

આ છંદનો ભાવાનુવાદ કવિવર પંડિત બનારસીદાસજી નાટક સારમાં આ રીતે કરે છે. -

(કવિત્ત માત્રિક)

કે ઉદૈ હોત ઘટ-અંતર, વિનસૈ મોહ મહાતમ રોક ।
ા અરુ અસુભ કરમકી દુવિધા મિટૈ સહજ દીસૈ ઇક થોક ॥
કી કલા હોત સંપૂરન, પ્રતિભાસૈ સબ લોક અલોક ।
પ્રબોધસસિ નિરખિ બનારસિ સીસ નવાઇ દેત પગ ધોક ॥

હૃદયમાં જેનો ઉદય થવાથી મોહરૂપી મહાઅંધકાર નાશ થઈ જાય ભ કર્મ સારું અને અશુભ કર્મ ખરાબ - એવી શંકા મટી જાય છે, ુભ અને અશુભ - બંને કર્મો એક જ સરખા દેખાવા લાગે છે,

તે જ્ઞાનરૂપી ચંદ્રમાને જોઈને બનારસીદાસજી મસ્તક નમાવીને નમસ્કાર છે.

આ કલશનો ભાવાર્થ સ્પષ્ટ કરતાં પાડે રાજમલજી કલશટીકા લખે છે-

"કોઈ મિથ્યાદષ્ટિ જીવનો અભિપ્રાય એમ છે - જે દયા, વ્ર તપ, શીલ, સંયમ વગેરેથી દેહરૂપ સુધી જેટલી છે શુભ ક્રિયા અને શુભ ક્રિયા અનુસાર થાય છે જે શુભોપયોગ પરિણામ તથા તે પરિણા નિમિત્ત બનાવી બાંધે છે જે સાતાકર્મ આદિથી લઈને પુણ્યરૂપ પુદ્ગલ તે સારાં છે, જીવને સુખકારી છે. હિંસા વિષય-કષાયરૂપ જેટલી છે ક્રિ તે ક્રિયા અનુસાર થાય છે જે અશુભોપયોગરૂપ સંકલેશ પરિણામ, પરિણામોને નિમિત્ત બનાવી થાય છે જે અસાતા કર્મ આદિથી લ પાપબન્ધરૂપ પુદ્ગલ પિંડ; તે ખરાબ છે. જીવને દુઃખકારી છે. એમ જીવ માને છે. એના પ્રત્યે સમાધાન એ છે કે જેમ અશુભકર્મ જી દુઃખી કરે છે; તેવી જ રીતે શુભકર્મ પણ જીવને દુઃખી કરે છે. ક તો સારું કોઈ નથી. પોતાના મોહને લઈને મિથ્યાદષ્ટિ જીવ કર્મને કરીને માને છે. આવી ભેદ પ્રતીતિ શુદ્ધસ્વરૂપનો અનુભવ થાય ત્ય પ્રાપ્ત થાય છે."

કળશ ટીકાના ઉપરના કથનમાં એ સ્પષ્ટ કરવામાં આવ્યું દયા, દાન, વ્રત, તપ, શીલ, સંયમ વગેરે શુભક્રિયા તથા તેના શુભભાવ અને તેના કારણથી બંધાવવાવાળા પુણ્ય કર્મ સારાં છે, સુખકારી છે - આ માન્યતા મિથ્યાદષ્ટિઓની છે. સમ્યગ્જ્ઞાન થયા એ માન્યતા સમાપ્ત થઈ જાય છે.

આ જ વાતને પૂજ્ય ગુરુદેવ આ રીતે સ્પષ્ટ કરે છે.

"ચાહે તીર્થંકર નામની કર્મપ્રકૃતિને બાંધવાવાળો શુભભા અથવા નરકગતિની કર્મ પ્રકૃતિને બાંધવાવાળો અશુભ ભાવ હોય પ્રકારના ભાવ બન્ધરૂપ છે; એટલે દુઃખરૂપ જ છે. - એમ જાણત

સમ્યગ્જ્ઞાની બધા શુભાવોને એક કર્મરૂપ જ માને છે. તેમાં તેને એકતા લાગતી નથી.

ભાઈ ! તું યમાં હેયોપાદેયપણું માની અથવા પુણ્યને સારૂં અને પાપને ખી દુઃખના પહાડની નીચે દબાઈ ગયો છે. પ્રભુ ! પુણ્ય-પાપનાનો પોતે જ દુઃખરૂપ છે તથા દુઃખના કારણ છે, આકુળતામય છે બંને ભાવો સ્વભાવથી વિરૂદ્ધભાવ છે. આવા સ્વભાવવિરૂદ્ધ ભાવો જાણી જે તેને એક કર્મરૂપ માને છે, તેને પરની અપેક્ષા વિન સમ્યગ્જ્ઞાનરૂપી ચંદ્રમા ઉદય થાય છે.[૨]

જુઓ, પુણ બંને ભાવો અશાન્ત છે. દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધાનો રાગ અશાન્તકુળતામય છે. લોકોને આ વાત કડક લાગે છે; પરંતુ તેથી શું થ-પાપથી રહિત શુદ્ધજ્ઞાન ઘનસ્વરૂપ ભગવાન આત્માને નિર્મળ પરિણતિથી ગ્રહણ કરી તેનો એકનો જ અનુભવ કરવો તેને જ વીતરાગી શાંતિ છે.''[૩]

આ રીતે અને પાપમાં એકત્વ સ્થાપિત કરવાવાળા જ્ઞાનરૂપી ચંદ્રમાનું વામાં આવ્યું છે, તેને નમસ્કાર કરવામાં આવ્યા છે.

પ્રશ્ન:- રૂપી ચંદ્રમાને નમસ્કાર કરવામાં આવ્યા છે, તે જ્ઞાનને કેવળજ્ઞાનરૂપે ?

ઉત્તર:- ંધાનમાં કળશ ૪૬ની વ્યાખ્યામાં વિસ્તારથી સમજાવવામાં આ અનુસાર અહીં પણ સમજવું જોઈએ. જે વાતો પર ત્યાં ાં આવ્યો છે, તે અહીં પણ લાગુ પડી શકે તેમ છે. તેથી ો એ જ રહેશે કે આપ તે પ્રકરણને એક વખત વધારે ઇ જશો.

---

૧. પ્રવચનરત્નાક ૫, પાનું-૨
૨. પ્રવચનરત્નાક ૫, પાનું-૪
૩. પ્રવચનરત્નાક ૫, પાનું-૭

મંગલાચરણના ઉક્ત છંદમાં એ સ્પષ્ટ આવ્યું છે કે અજ્ઞાનને કારણે કર્મમાં જે શુભ અને અશુભનામાં આવી રહ્યાં છે, તે વાસ્તવિક નથી, આ કારણથી એ બંનેનો સ્થાપિત કરતી થકી સમ્યગ્જ્ઞાનજ્યોતિ પ્રગટ થઈ છે.

હવે આગળના કળશમાં તે જ વાતને દ્વારા સ્પષ્ટ કરે છે.

(मन्दाक्रान्ता)

एको दूरात्त्यजति मदिरां ब्राह्मणत्व-
दन्यः शूद्रः स्वयमहमिति स्नाति नित्यं ।
द्वावप्येतौ युगपदुदरान्निर्गतौ शुद्धिक
शूद्रौ साक्षदपि च चरतो जातिभेदभ्रमे।

(દોહરા)

શૂદ્રાણીને પુત્ર બે જન્મ્યાં એકસાથ,
ઉછર્યો નિજ ઘર એક ને, બીજો સાથ;

'શૂદ્ર છું'- પહેલો માનીને કરતો સ્નાન,
બીજો સ્પર્શે પણ નહિ 'હું બ્રાહ્મણ'માન.

શૂદ્રાણીના ઉદરથી જન્મ્યા છે સાથ,
પરમાર્થે બન્નેયને તેથી શૂદ્ર જાણ.

જાતિભેદના ભ્રમથકી બેઉ ભ્રમ,
પુણ્ય-પાપ એ બે વિષે હે જીવ આ. ૧૦૧

એક તો બ્રાહ્મણત્વના અભિમાનને લીધે દારૂનો ત્યાગ કરે છે, એને સ્પર્શતો પણ નથી. બીજો "હું સ્વ - એમ માની રોજ મદિરાથી સ્નાન કરે છે, તેમાં જ ડૂબેલો પવિત્ર માને છે. જો કે તે બંનેય શૂદ્રાણીના પેટથી એક સાથ થયા

છે, એટલે બંનેય સાક્ષાત શૂદ્ર જ છે; તોપણ તેઓ જાતિભેદના ભ્રમથી એવું આચરણ કરે છે.

ઉપરના છંદમાં શૂદ્રના જોડિયા પુત્રોના ઉદાહરણના માધ્યમથી પુણ્ય અને પાપની એકતાને સમજાવવામાં આવી છે.

એક શૂદ્ર મહિલાના પેટથી બે બાળકો એક સાથે (જોડિયા) પેદા થયા. તેણે પોતાનું એક બાળક બ્રાહ્મણીને આપી દીધું. બ્રાહ્મણીએ તેને પોતાના પુત્રની જેમ પાળી-પોષી મોટો કર્યો. બ્રાહ્મણીને ત્યાં ઉછરનાર બાળકને એ ખબર ન હતી કે તે શૂદ્રનો પુત્ર છે. તે તો પોતાને બ્રાહ્મણ પુત્ર માની બ્રાહ્મણ જેવું પવિત્ર આચરણ પાળતો હતો, શરાબને હાથ પણ લગાડતો નહોતો.

બીજો બાળક શૂદ્રાણીને ત્યાં જ મોટો થયો. શૂદ્રોને ત્યાં શરાબ સહજભાવથી પીવામાં આવે છે. આ કારણથી તે રોજ શરાબ પીતો હતો.

આચાર્યદેવ કહે કે છે જોકે તે બંને સગા જોડિયા ભાઈઓ છે; તો પણ જાતિભેદના ભ્રમથી તેમના આચરણમાં આ ભેદ જોવામાં આવે છે.

આ જ રીતે આ પુણ્ય-પાપભાવ પણ એક જ જાતિના છે. સગા જોડિયા ભાઈઓ જ છે, કર્મના જ ભેદ છે. રાગભાવના જ ભેદ છે, તોપણ અજ્ઞાની ભ્રમથી પુણ્યને સારું અને પાપને ખરાબ સમજે છે. તેમના આ ભ્રમના નિવારણને અર્થે જ આ પુણ્ય-પાપ અધિકાર લખવામાં આવી રહ્યો છે.

પાંડે રાજમલજી કળશ ટીકામાં આ ઉદાહરણનો ભાવાર્થ સ્પષ્ટ કરતાં કહે છે કે આ રીતે કોઈ જીવ શુભોપયોગી થયો થકો, યતિક્રિયામાં મગ્ન થઈ, શુદ્ધોપયોગને નહિ જાણતો અને "અમે તો મુનીશ્વર છીએ, અમને તો વિષય-કષાય નિષિદ્ધ છે." - એમ માની વિષય-કષાય સામગ્રીને છોડી પોતાને ધન્ય માને છે, મોક્ષમાર્ગી માને છે; પરંતુ તે મિથ્યાદૃષ્ટિ જ છે અને કર્મબન્ધ કરે છે. કોઈ અશુભોપયોગી છે, ગૃહસ્થક્રિયામાં મશગુલ છે; "અમે તો ગૃહસ્થ છીએ, વિષય-કષાય અમારે

ભોગવવા યોગ્ય છે'' - એમ જાણી વિષય-કષાય સેવે છે, તે પણ મિથ્યાદૃષ્ટિ છે, કર્મબન્ધને કરે છે, કારણકે કર્મજનિત પર્યાય માત્રને પોતારૂપ જાણે છે, જીવના શુદ્ધસ્વરૂપનો અનુભવ નથી.

તાત્પર્ય એ છે કે શુદ્ધોપયોગ અને આત્માનુભવથી રહિત મુનિજન મુનિત્વના અભિમાનથી શુભ-આચરણ પાળે છે અને આત્મઅનુભૂતિથી રહિત ગૃહસ્થ, ગૃહસ્થનું કર્તવ્ય સમજી અશુભ આચરણમાં મશગુલ રહે છે; પરંતુ બંનેનું આચરણ પર્યાયના લક્ષ્યે હોવાથી, આત્માના લક્ષ્યે ન હોવાથી માત્ર બંધનું જ કારણ છે, મુક્તિનું કારણ નથી.

ઉકત કથનનો ભાવ સ્પષ્ટ કરતાં પૂજ્ય ગુરુદેવ કહે છે.

''જુઓ, કોઈ એક વ્યક્તિ ગૃહસ્થાશ્રમમાં સ્ત્રી, કુટુંબ પરિવારની સાથે રહી વિષય-કષાયનું સેવન કરતો હોય અને બીજાએ રાજપાટનો ત્યાગ કરી નગ્ન દિગંબર દીક્ષા ધારણ કરી હોય, તો આ રીતે બહારથી બંનેની પ્રવૃત્તિ સ્પષ્ટ રીતે અલગ-અલગ દેખાતી હોવાથી અજ્ઞાનીને એવો ભ્રમ થાય છે કે જરૂર આ બંનેના અંતરંગમાં અંતર હોવું જોઈએ. તે એકને પાપી અને બીજાને ધર્માત્મા માન્યા વિના રહેશે નહિં.

બાપુ ! જ્યાં સુધી અર્ન્તદૃષ્ટિ નથી થઈ, દૃષ્ટિમાં ચૈતન્યનો મહિમા નથી આવ્યો, આનંદનો નાથ સચ્ચિદાનંદસ્વરૂપ સર્વજ્ઞસ્વભાવી પ્રભુ દૃષ્ટિમાં નથી આવ્યો; ત્યાં સુધી ખરેખર કાંઈપણ ફેર પડતો નથી. શુભાશુભ બંને ભાવ માત્ર બંધના જ કારણરૂપ છે. જો કે સારા-ખરાબ દેખાઈ રહ્યા છે; પરંતુ એ તો કોરો ભ્રમ છે. શુભાશુભ પ્રવૃતિના ભેદથી તેઓ સારા કે ખરાબ લાગે છે; પરંતુ વાસ્તવમાં બંને જ બંધરૂપ છે, બંને સંસાર જ છે, તેમનામાંથી એક પણ મુક્તિનું કારણ નથી.''[૧]

ઉકત છંદનો ભાવાનુવાદ નાટક સમયસારમાં પંડિત બનારસીદાસજીએ આ રીતે કર્યો છે.

(सवैया इकतीसा)

जैसे काहू चंडाली जुगल पुत्र जनें तिनि,
एक दीयौ बांभनकै एक घर राख्यौ है ।

---

૧. પ્રવચનરત્નાકર (હિંદી) ભાગ ૫, પાનું-૧૩

बांभन कहायौ तिनि मद्य मासं त्याग कीनौ,
चंडाल कहायौ तिनि मद्य मांस चाख्यौ है ॥
तैसे एक वेदनी करम के जुगल पुत्र,
एक पाप एक पुन्न नाम भिन्न भाख्यौ है ।
दुहूँ मांहि दौर धूप दोऊ कर्मबंधरूप,
यातैं ग्यानवंत नहि कोउ अभिलाख्यौ है ॥

જેવી રીતે કોઈ ચાંડાલણીએ જોડિયા પુત્રો પેદા કર્યાં. તેમાંથી એક પુત્ર કોઈ બ્રાહ્મણીને દત્તક આપી દીધો અને એક પોતાના જ ઘરમાં રાખ્યો. બ્રાહ્મણીના ઘરે ઉછેરવાથી જે પુત્ર બ્રાહ્મણ કહેવાયો, તેણે મદ્ય-માંસ વગેરે અભક્ષ્ય પદાર્થોનો ત્યાગ કરી દીધો અને જે પોતાના ઘરે રહ્યો, તે ચાંડાળ કહેવાણો અને એણે મદ્ય-માંસ વગેરે પદાર્થોનું સેવન કર્યું.

આ રીતે એક વેદનીય કર્મના બે જોડિયા પુત્રો છે. જેમાં એકનું નામ પાપ અને બીજાનું નામ પુણ્ય છે. બંનેમાં જ દોડા-દોડી છે. બંને કર્મબન્ધરૂપ જ છે; આ કારણથી જ્ઞાની જીવ બંનેમાંથી કોઈને ઈચ્છતા નથી.

જુઓ, અહીં પુણ્ય-પાપ બંનેને ચાંડાલણીના પુત્ર બતાવ્યા છે અને એમ પણ કહ્યું છે કે બ્રાહ્મણત્વના અભિમાનથી શુભાચરણ કરવા છતાં તે ચાંડાલણીનો પુત્ર બ્રાહ્મણ નથી થઈ જતો, ચાંડાળ જ રહે છે. તેવી રીતે શુભભાવરૂપ હોવાથી પુણ્ય ધર્મ નથી થઈ જતું, કર્મ જ રહે છે; કારણ કે પુણ્ય અને પાપ કર્મના જ ભેદ છે, ધર્મના નહીં.

પુણ્ય અને પાપની જાતિ એક છે, તોપણ આચરણના ભેદથી અજ્ઞાનીઓને જાતિભેદનો ભ્રમ થઈ જાય છે, અને તેઓ તેમને અલગ-અલગ જાતિના સમજવા લાગે છે. ભ્રમનો નાશ થયા પછી જ્ઞાનજ્યોતિ પ્રગટ થાય છે અને એ વાત સ્પષ્ટ થઈ જાય છે કે પાપની જેમ જ પુણ્ય પણ મુક્તિમાર્ગમાં હેય જ છે.

યસાર ગાથા-૧૪૫

(हरिगीत)

कम्ममसुंह कुं सुहकम्मं चावि जाणह सुसीलं ।
कह तं हो सुसीलं जं संसारं पवेसेदि ॥१४५॥

(હરિગીત)

છે કર્મ અશુભ કુ ને જાણો સુશીલ શુભકર્મને!
તે કેમ હોય સુશ જે સંસારમાં દાખલ કરે ? ૧૪૫[1]

અશુભ કર્મ સુશ છે અને શુભકર્મ સુશીલ છે - એમ તમે જાણો છો, પણ જે જીવોને સરમાં પ્રવેશ કરાવે, તે સુશીલ કેવી રીતે હોઈ શકે ?

ગાથામાં એમ ક્યામાં આવ્યું છે કે લૌકિક માણસો એમ માને છે કે શુભકર્મ સુશીલ (સારું છે, કરવા યોગ્ય છે અને અશુભ કર્મ કુશીલ છે, ખરાબ છે, વજવા યોગ્ય છે; પણ જ્ઞાની માણસો કહે છે કે જ્યારે શુભ અને અશુભ બંનેય કર્મ જ હોવાથી સંસાર-સાગરમાં ડૂબાડનાર છે, તો પછી તેમાંથી એકને-શુભને સુશીલ કેવી રીતે માની શકાય ? જે સંસારમ પ્રવેશ કરાવે તે સુશીલ કેવી રીતે હોઈ શકે ?

આ ગાથાની ટીકા લખતાં આચાર્ય અમૃતચંદ્રદેવ પહેલાં વ્યવહારનયનો પક્ષ રજુ કરીને પુણ્ય અને પાપમાં ચાર પ્રકારથી તફાવત

---

૧. સમયસાર (ગુજરાતી), પાનું-૨૩૬

બતાવે છે અને અંતમાં નિશ્ચયનયનો પક્ષ રી તેનું સંયુક્ત નિરાકરણ કરે છે, જે આ રીતે છે -

"કોઈ કર્મ (પુણ્ય)માં જીવના શુરિણામ નિમિત્ત હોય છે અને કોઈ કર્મ (પાપ)માં જીવના અશુભ ૧મ નિમિત્ત હોય છે; આ કારણથી પુણ્ય અને પાપ કર્મના કારણોાદ્દ છે.

કોઈ કર્મ (પુણ્ય) શુભ પુદ્ગલપમમય હોય છે અને કોઈ કર્મ (પાપ) અશુભ પુદ્ગલપરિણામમય હો; આ કારણથી પુણ્ય અને પાપ કર્મના સ્વભાવમાં ભેદ હોય છે.

કોઈ કર્મ (પુણ્ય)નો શુભ ફળરૂપ ।ક હોય છે અને કોઈ કર્મ (પાપ)નો અશુભ ફળરૂપ વિપાક હોય છે;. કારણથી કર્મના અનુભવ (સ્વાદ)માં ભેદ હોય છે.

કોઈ કર્મ (પુણ્ય) શુભ મોક્ષમાર્ગઆશ્રિત છે અને કોઈ કર્મ (પાપ) અશુભ બંધમાર્ગને આશ્રિત છે; ચકારણથી કર્મના આશ્રયમાં પણ ભેદ છે.

આ રીતે જો કે કર્મ એક જ છે; ણ કેટલાક લોકોનો એવો પક્ષ છે કે કોઈ કર્મ (પુણ્ય) શુભ છે અને ઈ કર્મ (પાપ) અશુભ છે, પરંતુ એ લોકોનો આ પક્ષ પ્રતિપક્ષ સહિત છેજેનું સ્પષ્ટીકરણ આ પ્રકારે છે-

જીવોના શુભ અને અશુભ બંને પરિણમો કેવળ અજ્ઞાનમય હોવાથી એક જ છે. અને એમના એક હોવાથી કર્મના કારણોમાં ભેદ નથી રહેતો, આ કારણથી કર્મ એક જ છે.

શુભ અને અશુભ પુદ્ગલ પરિણામ કેવળ પુદ્ગલમય હોવાથી એક છે અને એમના એક હોવાથી કર્મના સ્વભાવમાં ભેદ નથી રહેતો; આ કારણથી કર્મ એક જ છે.

શુભ અથવા અશુભ ફળરૂપ થવાવાળો વિપાક કેવળ પુદ્‌ગલમય હોવાથી એક છે અને તેમના એક હોવાથી કર્મના અનુભવ (સ્વાદ)માં ભેદ નથી રહેતો; આ કારણથી કર્મ એક જ છે.

શુભ મોક્ષમાર્ગ કેવળ જીવમય છે અને અશુભ બંધમાર્ગ કેવળ પુદ્‌ગલમય છે; આ કારણથી તેઓ અનેક (ભિન્ન-ભિન્ન) છે અને તેમના અનેક હોવા છતાં પણ કર્મ કેવળ પુદ્‌ગલમય બંધમાર્ગને જ આશ્રિત હોવાથી કર્મના આશ્રયમાં ભેદ નથી; આ કારણથી કર્મ એક જ છે.''

આ રીતે અહીં પુણ્ય અને પાપમાં અંતર છે - વ્યવહારનયના આ પક્ષને પ્રસ્તુત કરી નિશ્ચયનય દ્વારા એનું સંયુક્તિ ખંડન કરવામાં આવ્યું છે.

એક વાત વિશેષ ધ્યાન આપવા યોગ્ય છે કે આશ્રયના પ્રકરણમાં શુભ શબ્દનો પ્રયોગ શુદ્ધના અર્થમાં કરવામાં આવ્યો છે.

ઉપરોક્ત ટીકાનો ભાવ સ્પષ્ટ કરતાં પંડિત જયચંદજી છાબડા ભાવાર્થમાં લખે છે-

''કોઈ કર્મ તો અરહંત વગેરેમાં ભક્તિ-અનુરાગ, જીવો પ્રત્યે અનુકંપાના પરિણામ અને મંદ કષાયથી ચિત્તની ઉજ્જવલતા વગેરે શુભપરિણામોના નિમિત્તથી થાય છે અને કોઈ કર્મ તીવ્ર ક્રોધ વગેરે અશુભ લેશ્યા, નિર્દયતા, વિષયાસક્તિ અને દેવ, ગુરુ આદિ પૂજ્ય પુરુષોની પ્રત્યે વિનયભાવથી ન વર્તવું વગેરે અશુભ પરિણામોના નિમિત્તથી થાય છે. આ પ્રકારે હેતુ ભેદ થવાથી કર્મના શુભ અને અશુભ બે ભેદ થઈ જાય છે.

સાતાવેદનીય, શુભઆયુ, શુભનામ અને શુભગોત્ર - આ કર્મોના પરિણામો (પ્રકૃતિ વગેરે)માં તથા ચાર ઘાતીકર્મ, અસાતા વેદનીય, અશુભઆયુ, અશુભનામ અને અશુભગોત્ર - આ કર્મોના પરિણામો (પ્રકૃતિ વગેરે)માં ભેદ છે; આ પ્રકારે સ્વભાવભેદ હોવાથી કર્મોના શુભ અને અશુભ બે ભેદ છે.

કોઈ કર્મના ફળનો અનુભવ સુખરૂપ અને કોઈનો દુઃખરૂપ છે; આ રીતે અનુભવનો ભેદ હોવાથી કર્મના શુભ અને અશુભ બે ભેદ છે.

કોઈ કર્મ મોક્ષમાર્ગને આશ્રિત છે અને કોઈ કર્મ બન્ધમાર્ગને આશ્રિત છે; આ રીતે આશ્રયનો ભેદ હોવાથી કર્મના શુભ અને અશુભ બે ભેદ છે.

આ રીતે હેતુ, સ્વભાવ, અનુભવ અને આશ્રય - એમ ચાર પ્રકારથી કર્મમાં ભેદ હોવાથી કોઈ કર્મ શુભ અને કોઈ અશુભ છે - એવો કેટલાક લોકોનો પક્ષ છે.

હવે આ ભેદપક્ષનો નિષેધ કરવામાં આવે છે - જીવના શુભ અને અશુભ બંને પરિણામ અજ્ઞાનમય છે; એટલે કર્મનો હેતુ એક અજ્ઞાન જ છે; તેથી કર્મ એક જ છે. શુભ અને અશુભ પુદ્ગલપરિણામ બંને પુદ્ગલમય જ છે; એટલે કર્મનો સ્વભાવ એક પુદ્ગલપરિણામરૂપ જ છે; તેથી કર્મ એક જ છે. સુખ-દુઃખરૂપ બંને અનુભવ પુદ્ગલમય જ છે, એટલે કર્મનો અનુભવ એક પુદ્ગલમય જ છે; તેથી કર્મ એક જ છે. મોક્ષમાર્ગ અને બન્ધમાર્ગમાં, મોક્ષમાર્ગ તો ફક્ત જીવના પરિણામમય જ છે અને બન્ધમાર્ગ ફક્ત પુદ્ગલના પરિણામમય જ છે, એટલે કર્મનો આશ્રય માત્ર બન્ધમાર્ગ જ છે (અર્થાત્ - કર્મ એક બન્ધમાર્ગના આશ્રયથી જ થાય છે - મોક્ષમાર્ગમાં થતા નથી) આથી કર્મ એક જ છે.

આ રીતે કર્મના શુભાશુભ ભેદના પક્ષને ગૌણ કરીને તેનો નિષેધ કર્યો છે; કારણકે અહીં અભેદ પક્ષ પ્રધાન છે અને જો અભેદપક્ષથી જોવામાં આવે તો કર્મ એક જ છે - બે નહીં

પ્રશ્ન - અહીં બન્ધમાર્ગને ફક્ત પુદ્ગલ પરિણામમય કહેવામાં આવ્યો છે; તો શું આત્મામાં ઉત્પન્ન થનારા શુભાશુભભાવ પણ પુદ્ગલ પરિણામમય છે ?

ઉત્તર:- આ પ્રશ્નનું સમાધાન પૂજ્ય ગુરુદેવ આ રીતે કરે છે.

''અહીં કહે છે કે મોક્ષનો માર્ગ ફક્ત જીવના પરિણામમય જ છે. તાત્પર્ય એ છે કે શુભાશુભભાવ જીવના પરિણામ નથી, એટલે કે તે પુદ્ગલના પરિણામ છે, એટલે કર્મનો આશ્રય ફક્ત બંધમાર્ગ જ છે.

જે નિર્મળ રત્નત્રયને અહીં સમયસારમાં જીવના પરિણામ કહ્યાં તેને જે નિયમસારમાં પરદ્રવ્ય કહ્યા છે, તેથી ત્યાં તે બીજી અપેક્ષાથી કહ્યું છે. જેવી રીતે પરદ્રવ્યમાંથી જીવની નવીન પર્યાય નથી આવતી, તેવી રીતે મોક્ષમાર્ગની પર્યાયમાંથી નવીન પર્યાય નથી આવતી; નવીન પર્યાય ઉત્પન્ન થવાનો ભંડાર તો ત્રિકાળી દ્રવ્ય છે. તેથી ત્યાં દ્રવ્યનો આશ્રય કરાવવાના પ્રયોજનથી ત્રિકાલ દ્રવ્યને સ્વદ્રવ્ય અને નિશ્રય મોક્ષમાર્ગના પરિણામને પરદ્રવ્ય કહ્યું છે.

અહીં મોક્ષમાર્ગના પરિણામને જીવના કહ્યા છે ને શુભાશુભ ભાવોને પુદ્ગલમાં નાખ્યા છે તથા તત્વાર્થસૂત્રના બીજા અધ્યાયના પહેલા સૂત્રમાં શુભાશુભ ભાવોને જીવના સ્વ-તત્વ કહ્યા છે. પાંચેય ભાવોને જીવતત્વ કહ્યા છે. અહીં એ અપેક્ષા છે કે શુભાશુભ ભાવ જીવની પર્યાયમાં જ થાય છે; એટલે એને જીવતત્વ કહ્યાં છે. તે વ્યવહારનય, પર્યાયનયનો ગ્રંથ છે ને ? આથી તેમાં વ્યવહારનયથી શુભાશુભ ભાવોને જીવના કહ્યાં છે. જ્યારે અહીં રાગ-દ્વેષરૂપ શુભાશુભ પરિણામો અજ્ઞાનમય હોવાથી તેમને જીવના ન કહીને પુદ્ગલમય પરિણામ કહ્યાં છે.

જુઓ આચાર્ય શ્રી કુંદકુંદદેવ આચાર્ય શ્રી ઉમાસ્વામીના ગુરુ હતા. ગુરુ શુભાશુભ ભાવોને પુદ્ગલના કહે છે અને શિષ્ય તેને જીવતત્વ કહે છે, તો શું એમને પરસ્પર મતભેદ હતો ?

નહીં ભાઈ ! એમાં કોઈ વિરોધ નથી. ગુરુનું કથન નિશ્ચયનયના આશ્રયથી છે અને શિષ્યનું કથન વ્યવહારનયના આશ્રયથી છે. બંનેની અપેક્ષાઓ જુદી-જુદી છે. જિનવાણીમાં જ્યાં જે નય-વિવક્ષા હોય, તેને ત્યાં તે વિવક્ષાથી સમજવું જોઈએ. 'सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः' - આ જે સૂત્ર છે, તે પર્યાયાર્થિકનયનું કથન છે. નિશ્રયનયનું નહિ.

નિશ્ચયનયથી તો ત્રિકાળી શુદ્ધ દ્રવ્યના આશ્રયરૂપ એક જ મોક્ષમાર્ગ છે. સમ્યક્‌દર્શન-જ્ઞાનચારિત્રના પરિણામ જેને અહીં જીવના પરિણામ કહ્યા, તે ભેદરૂપ પર્યાયાર્થિકનયનું કથન છે. પ્રવચનસાર ગાથા ૨૪૨માં આવે છે કે - 'તે ભેદાત્મક હોવાથી સમ્યક્‌દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષમાર્ગ છે. આવું પર્યાયપ્રધાન વ્યવહારનયથી તેનું પ્રજ્ઞાપન છે, તે મોક્ષમાર્ગ અભેદાત્મક હોવાથી એકાગ્રતા મોક્ષમાર્ગ છે'- એવું દ્રવ્યપ્રધાન નિશ્ચયનયથી તેનું પ્રજ્ઞાપન છે.''

સમયસાર કળશ ટીકા ૧૬માં કહ્યું છે કે ''નિશ્ચય સમ્યક્‌દર્શન-જ્ઞાન-ચારિત્રના જે નિર્મળ પરિણામ છે, તે ભેદ છે, પર્યાય છે, એટલે મેચક છે, મલિન છે અને આ કારણથી વ્યવહાર છે તથા અભેદથી જે આત્મા એક સ્વરૂપ છે, તે અમેચક છે, નિર્મળ છે. ભાઈ, શૈલી તો જુઓ, ક્યાં શું કહ્યું છે - એની ખબર વિના એકાંતથી ખેંચતાણ કરે તો નહિ ચાલે. કળશ ટીકાકારે મોક્ષમાર્ગના પરિણામને ભેદરૂપ હોવાથી મેચક કહ્યાં અને સમ્યક્‌જ્ઞાનદીપિકામાં શ્રી ધર્મદાસજી ક્ષુલ્લકે તેમને અશુદ્ધ કહ્યાં છે. મોક્ષના પરિણામ ભેદરૂપ છે, મેચક છે; તેથી અશુદ્ધ છે.

અહીં કહે છે કે મોક્ષમાર્ગ તો ફક્ત જીવના પરિણામમય જ છે. આ અભેદથી વાત કહી છે તથા બંધમાર્ગ ફક્ત પુદ્‌ગલના જ પરિણામમય છે. કહેવાનો અર્થ એટલો જ છે કે કર્મ એક બંધમાર્ગના આશ્રયથી જ થાય છે. મોક્ષમાર્ગમાં થતાં નથી, એટલે કર્મ એક જ છે. આ રીતે કર્મના શુભાશુભ ભેદરૂપ પક્ષને ગૌણ કરી તેનો નિષેધ કર્યો છે.

ગજવાની ભાષા છે. ''ગૌણ કરીને'' કહ્યું તાત્પર્ય એ જ છે કે ભેદ છે તો જરૂર, પરંતુ ફક્ત અભેદની દૃષ્ટિ કરાવવા માટે ભેદને ગૌણ કર્યો છે. ભેદનું જ્ઞાન કરાવવા માટે તો ભેદ છે જ તોપણ એનો જે નિષેધ કર્યો છે, તેનો હેતુ અભેદ પક્ષને મુખ્ય કરવાનો જ છે. દૃષ્ટિના વિષયમાં પુણ્ય-પાપનો પક્ષ નથી; આ રીતે અભેદ પક્ષથી જોતાં તો કર્મ એક જ છે, બે નહીં. આમ કરીને ભેદનો નિષેધ કરીને સ્વભાવનો આશ્રય કરાવ્યો છે.[1]

---

૧. પ્રવચનરત્નાકર (હિંદી) ભાગ ૫, પાનું ૩૨-૩૩

જે વાત ટીકામાં કહેવામાં આવી છે. હવે તે જ વાતને કળશના માધ્યમથી કહે છે.

(उपजाति)

हेतुस्वभावानुभवाश्रयाणां सदाप्यभेदान्न हि कर्मभेदः ।
तद्बंधमार्गाश्रितमेकमिष्टं स्वयं समस्तं खलु बंधहेतुः ॥१०२॥

(હરિગીત)

હેતુ, સ્વભાવ અને અનુભવ તેમ આશ્રય પણ થકી,
હો પુણ્ય કે હો પાપ નિશ્ચય કર્મભેદ કંઈ નથી;
તેથી નિયમથી બંધઆશ્રિત કર્મ સઘળું છે વળી,
તે બંધહેતુ હોઈને છે કર્મ એક જ એ નકી. ૧૦૨

હેતુ, સ્વભાવ, અનુભવ અને આશ્રય, આ ચારેય હંમેશા અભેદ હોવાથી કર્મ (પુણ્ય-પાપ)માં નિશ્ચયથી ભેદ નથી. એટલે નિશ્ચયથી સમસ્ત કર્મ (પુણ્ય-પાપ) બન્ધમાર્ગને આશ્રિત છે, અને બંધના કારણ છે; આ કારણે કર્મ એક જ માનવામાં આવ્યું છે, માનવા યોગ્ય છે.

આ કળશનો અર્થ કળશટીકામાં વિસ્તારથી કરવામાં આવ્યો છે. આત્મખ્યાતિ ટીકા, કળશ અને કળશટીકા-આ ત્રણેને આધાર બનાવી કવિવર બનારસીદાસજીએ નાટક સમયસારમાં ત્રણ છંદોની રચના કરી છે. જેમાં એક ચોપાઈ અને બે સવૈયા એકત્રીસા છે. શરૂઆતના બે છન્દોમાં શિષ્ય તરફથી સતર્ક પ્રશ્ન ઉત્પન્ન કરવામાં આવ્યો છે અને છેલ્લા છંદમાં જવાબ આપવામાં આવ્યો છે, સમાધાન કરવામાં આવ્યું છે; જેને વાંચવાથી સંપૂર્ણ વિષયવસ્તુ સ્પષ્ટ થઈ જાય છે.

(चौपाई)

कोऊ सिष्य कहै गुरु पांही, पाप पुन्न दोऊ सम नाहीं ।
कारण रस सुभाव फल न्यारे, एक अनिष्ट लगै इक प्यारे ।

(सवैया इकतीसा)

संकलेस परिनामनिसौं पाप बंध होइ,
विसुद्धसौं पुन्न बंध हेतु-भेद मानियै ।
पाप के उदै असाता ताकौ है कटुक स्वाद,
पुन्न उदै साता मिष्ट रसभेद जानियै ॥
पाप संकलेस रूप पुन्न है विशुद्ध रूप,
दुहूँकौ सुभाव भिन्न भेद यौं बखानियै ।
पापसौं कुगति होई पुन्नसौं सुगति होई,
ऐसौ फलभेद परतच्छि परमानियै ॥
पाप बंध पुन्न बंध दुहूँमैं मुकति नाहिं,
कटुक मधुर स्वाद पुग्गलकौ पेखिए ।
संकलेश विसुद्ध सहज दोऊ कर्मचाल,
कुगति सुगति जगजाल मैं विसेखिए ॥
कारनादि भेद तोहि सुझत मिथ्यात मांहि,
ऐसौ द्वैतभाव ग्यानदृष्टिमैं न लेखिए ।
दोऊ महा अंधकूप दोऊ कर्मबंधरूप,
दुहूँकौ विनास मोख मारगमैं देखिए ॥

ગુરુજીના ચરણોની સમીપ જઈ કોઈ શિષ્ય કહે છે કે પાપ અને પુણ્ય બંને સરખા હોઈ શકે નહીં; કારણકે બંનેના કારણ, રસ, સ્વભાવ, અને ફળ જુદા-જુદા છે. એકના કારણ, રસ, સ્વભાવ અને ફળ અનિષ્ટ લાગે છે અને બીજાના સારા લાગે છે. સંક્લેશ પરિણામોથી પાપ બંધ થાય છે. અને વિશુદ્ધ પરિણામોથી પુણ્ય બંધ થાય છે.' આ રીતે બંનેમાં હેતુભેદ માનવામાં આવ્યો છે. પાપના ઉદયમાં અસાતાની પ્રાપ્તિ થાય છે અને તેનો સ્વાદ કડવો હોય છે. તથા પુણ્યના ઉદયમાં સાતાની પ્રાપ્તિ થાય છે અને તેનો સ્વાદ મીઠો હોય છે. આ રીતે બંને રસભેદ જાણવા જોઈએ. પાપ સંક્લેશરૂપ છે અને પુણ્ય વિશુદ્ધરૂપ છે. આ રીતે બંનેમાં

સ્વભાવ ભેદ પણ કહેવામાં આવ્યો છે. પાપથી કુગતિની પ્રાપ્તિ થાય છે અને પુણ્યથી સુગતિની પ્રાપ્તિ થાય છે. આ રીતે ફળભેદ પણ પ્રત્યક્ષ જોવામાં આવે છે.

આનું સમાધાન કરતા કવિ કહે છે કે પાપબંધ અને પુણ્યબંધ બંનેમાં મુક્તિ નથી. કડવો અને મીઠો સ્વાદ પણ પુદ્‌ગલમાં જોવામાં આવે છે. પરિણામોનું સંક્લેશરૂપ થવું અથવા વિશુદ્ધ થવું - એ તો કર્મની સહજ ચાલ છે અને કુગતિ અને સુગતિ બંને સંસારમાં જ તો છે, જગતની જાળમાં જ તો છે. હે અજ્ઞાની ! તને પુણ્ય-પાપમાં જે કારણાદિ ભેદ દેખાય છે. તે બધો મિથ્યાત્વનો જ પ્રભાવ છે; કારણકે આ પ્રકારનો દ્વૈતભાવ જ્ઞાનીઓની દૃષ્ટિમાં તો દેખાતો જ નથી. પુણ્ય અને પાપ બંને મોટા આંધળા કુવા છે. બંનેય કર્મબંધરૂપ છે, મુક્તિના માર્ગમાં તો બંનેનો જ નાશ જોવામાં આવે છે.

આ કળશ પર પ્રવચન કરતાં પૂજ્ય ગુરુદેવ કહે છે.

''જુઓ, વર્તમાનમાં કેટલાક વિદ્વાનો દ્વારા એવું કહેવામાં આવે છે કે આ બાહ્ય વ્રત, તપ, ભક્તિ, પૂજા વગેરે જે વ્યવહારરૂપ શુભ આચરણ છે, તેનાથી શુદ્ધતા પ્રગટ થાય છે. એમના ઉપરના વાક્યનો આ કળશમાં સ્પષ્ટ ખુલાસો છે.

'અશુભભાવથી શુદ્ધતા નથી થતી'- આ તો યથાર્થ અને સર્વમાન્ય તથ્ય છે જ; પરંતુ જેઓ શુભભાવના કાળમાં શુભભાવોથી શુદ્ધતા થાય તેમ માને છે; એમનું માનવું પણ યથાર્થ નથી; કારણકે શુભભાવ પણ અશુભની જેમ જ અશુદ્ધ છે.

આ વાક્યના અનુસંધાનમાં વ્યવહારી લોકોનો એક પ્રશ્ન એ પણ છે કે સમ્યક્‌દર્શનરૂપ નિર્વિકલ્પ અનુભવના પહેલાં જે અંતિમ શુભભાવ થાય છે, તે શુભભાવ શુદ્ધભાવનું કારણ છે કે નહીં ?

આનું સમાધાન કરતાં આચાર્ય કહે છે કે ભાઈ, આ અંતિમ

શુભભાવનો પણ અભાવ થઈ સમ્યક્‌દર્શનની નિર્વિકલ્પ અનુભૂતિ થાય છે, શુભભાવથી નહિ. શુભભાવ તો વિભાવસ્વભાવ છે, જડસ્વભાવ છે, ચૈતન્યસ્વભાવ નથી.[૧]

અહીં કહે છે કે શુભ અને અશુભ બંને ભાવો બન્ધનના કારણરૂપ અશુદ્ધ ભાવ છે, સ્વભાવથી વિપરીત વિભાવ ભાવ છે. ભાઈ ! સ્વભાવની સન્મુખતાનો ભાવ તો શુદ્ધ ચૈતન્યમય હોય છે અને આ બંને ભાવ ચૈતન્યરહિત અજ્ઞાનમય ભાવ છે, એટલે બંનેય ભેદરહિત એક જ જાતિના છે.

પ્રશ્ન:- શું મુક્તિમાર્ગમાં વ્યવહારનું કોઈ સ્થાન જ નથી ?

ઉત્તર:- મુક્તિમાર્ગમાં ભૂમિકા અનુસાર વ્યવહાર જરૂર હોય છે, વ્યવહાર હોય જ નહિ એવું નથી; પરન્તુ વ્યવહારથી-શુભરાગથી સમ્યક્‌દર્શન અથવા નિશ્ચય મોક્ષમાર્ગ માનવો એ બરાબર નથી.''[૨]

આ રીતે આપણે જોઈએ છીએ કે ટીકા અને કળશ બંનેમાં એમ સિદ્ધ કરવામાં આવ્યું છે કે કારણ, સ્વભાવ, અનુભવ અને આશ્રય - આ ચારેયની દૃષ્ટિથી કોઈ ભેદ નથી. આ કારણ છે કે મુક્તિના માર્ગમાં પુણ્ય અને પાપ - બંને સમાનરૂપે હેય જ છે.

---

૧. પ્રવચનરત્નાકર (હિંદી) ભાગ ૫, પાનું ૩૪

૨ પ્રવચનરત્નાકર (હિંદી) ભાગ ૫, પાનું ૩૫

સમયસાર ગાથા ૧૪૬ થી ૧૪૯

હવે આ જ વાતને આગામી ગાથાઓમાં ઉદાહરણથી સમજાવે છે.

सोवण्णियं पि णियलं बंधहि कालायसं पि जह पुरिसं ।
बंधदि एवं जीवं सुहमसुहं वा कदं कम्मं ॥१४६॥

तम्हा दु कुसीलेहि य रागं मा कुणह मा व संसग्गं ।
साहीणो हि विणासो कुसीलसंसग्गरायेण ॥१४७॥

जह णाम कोवि पुरिसो कुच्छियसीलं जणं वियाणित्ता ।
वज्जेदि तेण समयं संसग्गं रागकरणं च ॥१४८॥

एमेव कम्मपयडीसीलसहावं च कुच्छिदं णादुं ।
वज्जंति परिहरंति य तस्संसग्गं सहावरदा ॥१४९॥

(હરિગીત)

જ્યમ લોહનું ત્યમ કનકનું જંજીર જકડે પુરુષને,
એવી રીતે શુભ કે અશુભ કૃત કર્મ બાંધે જીવને. ૧૪૬[1]

તેથી કરો નહિ રાગ કે સંસર્ગ એ કુશીલો તણો,
છે કુશીલના સંસર્ગ-રાગે નાશ સ્વાધીનતા તણો. ૧૪૭[2]

જેવી રીતે કો પુરુષ કુત્સિલશીલ જનને જાણીને,
સંસર્ગ તેની સાથ તેમ જ રાગ કરવો પરિતજે. ૧૪૮

એમ જ કરમપ્રકૃતિશીલસ્વભાવ કુત્સિત જાણીને,
નિજ ભાવમાં રત રાગને સંસર્ગ તેનો પરિહરે. ૧૪૯[3]

---

૧. સમયસાર (ગુજરાતી), પાનું-૨૩૯
૧. સમયસાર (ગુજરાતી), પાનું-૨૪૦
૧. સમયસાર (ગુજરાતી), પાનું-૨૪૧

જેવી રીતે લોઢાની બેડીની જેમ જ સોનાની બેડી પણ પુરુષને બાંધે છે, તેવી રીતે અશુભ કર્મની જેમ જ શુભકર્મ પણ જીવને બાંધે છે.

એટલે આ બંને કુશીલોની સાથે રાગ અને સંસર્ગ ન કરો, કારણકે કુશીલની સાથે રાગ અને સંસર્ગ કરવાથી સ્વાધીનતાનો નાશ થાય છે.

જેવી રીતે કોઈ પુરુષ કુશીલ પુરુષને જાણી એની સાથે રાગ કરવાનો અને એનો સંસર્ગ કરવાનો છોડી દે છે; તેવી રીતે સ્વભાવમાં રત પુરુષ કર્મપ્રકૃતિના કુત્સિલશીલ (કુશીલ)ને જાણી તેનો સંસર્ગ અને રાગ છોડી દે છે.

આ ગાથાઓનો ભાવ આત્મખ્યાતિમાં આ રીતે સ્પષ્ટ કરવામાં આવ્યો છે.

''જેવી રીતે સોના અને લોઢાની બેડી કોઈ જાતના તફાવત વિના પુરુષને બાંધે છે; કારણકે બંધનપણાના અપેક્ષાએ એમાં કોઈ તફાવત નથી. તેવી જ રીતે શુભ અને અશુભ કર્મ કોઈ જાતના તફાવત વિના જીવને બાંધે છે; કારણકે બંધભાવની અપેક્ષાએ એમાં કોઈ તફાવત નથી.

જેવી રીતે મનોરમ હોય કે અમનોરમ, કુશીલ હાથણી રૂપ કૂટણી સાથે રાગ અને સંસર્ગ કરવાનું હાથીને માટે બંધનનું કારણ બને છે; તેવી રીતે જ શુભ હોય કે અશુભ, પણ કુશીલ કર્મોની સાથે રાગ અને સંસર્ગ કરવાનું જીવને માટે બંધનનું કારણ બને છે. આ કારણથી અહીં શુભાશુભ કર્મોની સાથે રાગ અને સંસર્ગ કરવાનો નિષેધ કરવામાં આવ્યો છે.

જેવી રીતે કોઈ જંગલનો કુશળ હાથી પોતાના બંધન માટે નજીક આવતી સુંદર મુખવાળી મનોરમ અથવા અમનોરમ હાથણીરૂપી કૂટણીને પરમાર્થથી ખરાબ જાણી તેની સાથે રાગ અથવા સંસર્ગ નથી કરતો, તેવી જ રીતે આત્મા અરાગી જ્ઞાની થયો થકો પોતાના બંધ માટે સમીપ આવતી (ઉદયમાં આવતી) મનોરમ અથવા અમનોરમ (શુભ અથવા અશુભ) બધી કર્મપ્રકૃતિઓને પરમાર્થે ખરાબ જાણી તેની સાથે રાગ અને સંસર્ગ કરતો નથી.''

ઉક્ત કથનના ભાવને સરલ ભાષામાં રજુ કરીને પંડિત જયચંદજી છાબડા ભાવાર્થમાં લખે છે. -

''હાથીને પકડવા માટે હાથણી રાખવામાં આવે છે. હાથી કામાંધ થઈ તે હાથણીરૂપી કૂટણી સાથે રાગ અને સંસર્ગ કરે છે; એટલે તે પકડાઈ જાય છે અને પરાધીન થઈને દુઃખ ભોગવે છે. જે હાથી ચતુર હોય છે તે હાથણી સાથે રાગ અને સંસર્ગ કરતો નથી.

આ રીતે અજ્ઞાની જીવ કર્મ પ્રકૃતિને સારી સમજી, તેની સાથે રાગ અને સંસર્ગ કરે છે; એટલે તે બંધમાં પડી પરાધીન બની સંસારના દુઃખો ભોગવે છે, અને જે જ્ઞાની હોય છે તે તેની સાથે ક્યારેય રાગ અને સંસર્ગ કરતો નથી.''

જંગલી હાથીઓને પકડવા માટે જંગલમાં એક બહુ મોટો ઉંડો ખાડો ખોદવામાં આવે છે. તેને ઢાંકીને ઉપર માટી નાખી ઘાસ-તૃણ અને ઝાડની ડાળીઓ નાખવામાં આવે છે કે જેથી જાણે નક્કર જમીન જ હોય એવો દેખાવ લાગે. જંગલી હાથીઓને ફસાવવા માટે એક ચતુર હાથણીને તાલીમ આપવામાં આવે છે. તે હાથણી પોતાની કામુક ચેષ્ટાઓથી જંગલી હાથીઓને આકર્ષિત કરે છે, મોહિત કરે છે અને પોતાની પાછળ-પાછળ આવવા માટે પ્રેરિત કરે છે. એમની સાથે વિવિધ ક્રીડાઓ કરતી તે હાથણી એમને તે ખાડાની નજીક લાવે છે. ઝડપથી દોડતી તે કૂટણી હાથણી તો જાણકાર હોવાથી એ ખાડાથી બચીને નીકળી જાય છે, પણ ઝડપથી પીછો કરનાર કામુક હાથી દોડતાં-દોડતાં એ ખાડામાં પડી જાય છે. આ રીતે પોતાની સ્વાધીનતા ગુમાવી બેસે છે, બંધનમાં પડી જાય છે. તે કૂટણી હાથણી ભલે સુંદર હોય કે બેડોળ; તેના મોહમાં પડનાર હાથી બંધનને જ પ્રાપ્ત થાય છે.

ઉપરના ઉદાહરણ દ્વારા અહીં એમ સમજાવવામાં આવી રહ્યું છે કે કર્મ ભલે શુભ હોય અથવા અશુભ, પુણ્યરૂપ હોય અથવા પાપરૂપ; એની સાથે રાગ કરવાવાળો, એને કરવા યોગ્ય માનવાવાળો એને ઉપાદેય

માનવાવાળો સંસારરૂપી ખાડામાં પડે છે, ફસાય છે, બંધનને પ્રાપ્ત થાય છે. આથી કર્મ ભલે શુભ હોય અથવા અશુભ, પુણ્યરૂપ હોય અથવા પાપરૂપ-બંનેથી રાગ અને સંસર્ગ કરવો જોઈએ નહીં, એમને ઉપાદેય માનવા ન જોઈએ.

કામાંધ હાથીની કુરૂપ હાથણીની અપેક્ષાએ સુરૂપ (સુંદર) હાથણી પર મોહિત થવાની શક્યતા વધારે છે; આ કારણથી ઉપર વર્ણવેલ બદચલન હાથણીનું કુરૂપ હોવાને બદલે સુરૂપ (સુંદર) હોવું વધારે ખતરનાક છે. આ રીતે મોહિત જીવોને પાપકર્મોની અપેક્ષાએ પુણ્યકર્મો પર મોહિત થવાની શક્યતા વધારે છે; આ કારણથી પુણ્યના સંદર્ભમાં અધિક સાવધાની અપેક્ષિત છે.

ઉપરની ગાથાઓનો મર્મ ખોલતા પૂજ્ય ગુરુદેવ કહે છે.

"જુઓ, અહીં સ્પષ્ટ કહેવામાં આવ્યું છે કે શુભ અને અશુભ - બંને કર્મ કુશીલ છે અને નિજ ચૈતન્ય સ્વભાવની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા સુશીલ છે. આનો અર્થ એ થયો કે નિજ જ્ઞાનાનંદ સ્વભાવી ભગવાન આત્માનું શ્રદ્ધાન, જ્ઞાન અને રમણતારૂપ નિર્મળ શાન્ત વીતરાગી પરિણતિને છોડીને જે દયા, દાન વગેરે શુભભાવ થાય છે; તેમને પણ અહીં કુશીલ કહ્યા છે. વાત થોડીક કડક છે; પણ સાચી છે. કારણકે આ જીવની સ્વભાવમય શુદ્ધ પરિણતિ નથી.[૧]

આ વ્રત, નિયમ, શીલ, તપ વગેરેમાં જે તપ કહેવામાં આવ્યું છે, તેમાં ધ્યાન નામનું અંતરંગ તપ પણ આવી ગયું. વિકલ્પરૂપ ધ્યાન પણ શુભકર્મ હોવાથી કુશીલ છે - એમ અહીં કહેવામાં આવ્યું છે. વાસ્તવિક ધ્યાન તો શુદ્ધસ્વરૂપમાં એકાગ્ર થઈ મગ્ન થવું તે છે, પણ જેને આત્માની પ્રતીતિ થઈ જ નથી તે ક્યાં અને શેમાં મગ્ન થશે ? પોતાનો આત્મા જે ધ્રુવ નિત્યાનંદ ચિદાનંદસ્વરૂપ છે, હવે જ્યારે તે અનુભવમાં, વેદનમાં કે દૃષ્ટિમાં જ નથી આવ્યો; તો એમાં એકાગ્ર થઈ સ્થિર થવારૂપ

---

૧. પ્રવચનરત્નાકર (હિંદી) ભાગ ૫, પાનું ૪૯

ધ્યાન ક્યાંથી થશે ? બાપુ ! ધ્યાનના આ બાહ્ય વિકલ્પ છે, તે તો રાગ છે, તેથી કુશીલ છે, બંધનનું કારણ છે.[૧]

"ઉદયમાં આવતી-સમીપ આવતી કર્મપ્રકૃતિ" નો આશય એ છે કે શુભકર્મના ઉદયમાં શુભભાવ થાય છે અને અશુભકર્મના ઉદયમાં અશુભભાવ થાય છે - આને જ કર્મપ્રકૃતિનું નજીક આવવું કહેવામાં આવે છે તાત્પર્ય એ છે કે શુભાશુભ પ્રકૃતિના ઉદયના કાળમાં જે શુભાશુભ ભાવ થાય છે, એને જ્ઞાની જીવે ખરાબ માને છે અને ખરાબ માનીને તેની સાથે રાગ અથવા સંસર્ગ કરતા નથી.

અહીં કોઈ એમ કહી શકે કે આ તો જડ કર્મની વાત છે, શુભાશુભ ભાવની નહીં; પણ ભાઈ ! એવું નથી. ૧૫૩મી ગાથાની ટીકામાં બતાવ્યું છે કે વ્રત, નિયમ, શીલ વગેરે બધા શુભકર્મ છે. રાગરૂપી કાર્યને ત્યાં શુભકર્મ કહ્યા છે. જડકર્મ તો એમનાથી ભિન્ન જ છે. ભાવકર્મની નિમિત્ત જે કર્મપ્રકૃતિ, એના ઉદયમાં આવવાથી જે શુભાશુભભાવ થાય છે. એને જ્ઞાની ખરાબ જાણે છે. જડ કર્મ પ્રકૃતિઓને નહીં. ૧૪૫મી ગાથામાં પણ કર્મ શબ્દ છે. તેની ટીકામાં જે ચાર અર્થ કર્યા છે, એમાંથી એક અર્થ જડકર્મના હેતુ જે શુભાશુભભાવ છે તેને જ કર્મરૂપથી ગ્રહણ કર્યા છે.[૨]

શુભાશુભભાવને બુરા જાણીને આ કહેવાનો ભાવ જ એ છે કે ભાવ થાય છે તો જરૂર, જો થતા જ ન હોય, તો તો વર્તમાનમાં જ વીતરાગી થઈ ગયા હોત, પરંતુ એવું તો નથી જ. જ્ઞાની વિદ્યમાન શુભાશુભભાવોને બુરા (અહિતકર) જાણી, તેમનામાં એકત્વ કરતા નથી.

'પરમાર્થથી બુરા માનીને' આ વાક્યનો જો કોઈ આવો અર્થ કરે કે 'વ્યવહારથી બરાબર માની ને તો આ અર્થ પણ બરાબર નથી. શુભને તો વ્યવહારથી ઠીક કહેવામાં આવે છે; પણ અશુભને તો વ્યવહારથી પણ

---

૧. પ્રવચનરત્નાકર (હિંદી) ભાગ ૫, પાનું ૫૧-૫૨

૧. પ્રવચનરત્નાકર (હિંદી) ભાગ ૫, પાનું ૫૮

બરાબર કહેવામાં આવતું નથી. બંધનની અપેક્ષાએ તો બંને એક સરખા જ બુરા છે. વ્યવહારથી ઠીક એમ કહેવાનો અર્થ જ એ છે કે પરમાર્થથી ઠીક નથી. આ કારણે અહીં કહેવામાં આવ્યું છે કે જ્ઞાની શુભાશુભભાવની સાથે રાગ અર્થાત્ અંદરને અંદર ચિત્તમાં પ્રીતિ નથી કરતા તથા સંસર્ગ અર્થાત્ વાણી દ્વારા પ્રશંસા તેમજ કાયા દ્વારા સંકેતોથી અથવા હાથ વગેરેની ચેષ્ટાથી 'આ ભાવ ઠીક છે' - એવું વ્યક્ત નથી કરતા.[1]

આનાથી એમ ન સમજવું જોઈએ કે શુભભાવને છોડી અશુભભાવ કરવા જોઈએ. ભાઈ ! તને અનાદિથી જે શુભની રુચિ છે તેનો ત્યાગ કરી દે; કારણકે શુભભાવથી ધર્મ થાય છે અને શુભભાવ ધર્મ છે.- આ માન્યતા વિપરીત છે, મિથ્યાત્વનું શલ્ય છે.''[2]

આચાર્ય જયસેન આ ગાથાઓનો અર્થ કરતાં લખે છે -

''રૂપલાવણ્ય, સૌભાગ્ય, કામદેવ, ઈન્દ્ર, અહમિન્દ્ર, ખ્યાતિ, લાભ અને પૂજા વગેરેની ભાવનાથી, ભોગોની આંકાક્ષા તેમજ તેના ફળની ઈચ્છાથી જે વ્યક્તિ વ્રત, તપશ્ચર્યા, દાન, પૂજા વગેરે કરે છે; તે પુરુષ વ્રત વગેરેને એવી રીતે વ્યર્થ ગુમાવી દે છે કે જેવી રીતે કોઈ વ્યક્તિ છાશને માટે રત્ન વેચી દે, રાખ (ભસ્મ)ને માટે રત્નની ઢગલીને સળગાવી દે, દોરાને માટે મોતીઓના હારનો ભૂક્કો કરી નાખે, કોદરા નામના અતિ તુચ્છ અનાજના ઉત્પાદન માટે ચંદનના વનને કાપી નાખે, પરંતુ શુદ્ધાત્માનુભૂતિની સાધનાને માટે જે બાહ્ય વ્રત, તપ, દાન અને પૂજા વગેરે કરે છે, તે પરંપરાથી મોક્ષને પ્રાપ્ત કરે છે - આવો ભાવાર્થ છે.

એટલે કુશીલવાળા શુભાશુભ કર્મોની સાથે માનસિક રાગ ન કરો અને બહિરંગ વચન અને કાયાથી પ્રગટ થાય એવો સંસર્ગ પણ ન કરો; કારણકે કુશીલની સાથે સંસર્ગ અને રાગ કરવાથી પોતાની સ્વતંત્રતાનો,

---

૧. પ્રવચનરત્નાકર (હિંદી) ભાગ ૫, પાનું ૫૯

૨. પ્રવચનરત્નાકર (હિંદી) ભાગ ૫, પાનું ૬૧

નિર્વિકલ્પ સમાધિનો, પ્રયોજનભૂત કાર્યનો અને સ્વાધીન આત્મસુખનો નાશ નિયમથી થાય છે.''

આચાર્યદેવના ઉકત આદેશ પછી એવો કોણ હશે કે જે શુભાશુભભાવોને અને પુણ્ય-પાપકર્મોને ઉપાદેય માને, મુક્તિનો માર્ગ માને ?

જ્ઞાનગોષ્ઠી

પ્રશ્ન:- એક દ્રવ્ય બીજા દ્રવ્યને સ્પર્શ કરતું નથી, અડતું નથી, ચુંબતું નથી તેથી સમયસાર ગાથા ૩ માં કહ્યું છે કે આત્મા શરીરને તેમજ એક શરીર બીજાના શરીરને અડતા નથી. જીવ ખોરાકને લઈ શકતો નથી. ભાષા બોલી શકતો નથી. પર વસ્તુ ચોરી શકાતી નથી. ધન-ધાન્ય આદિ ગ્રહણ કરી શકાતા નથી તો મુનિઓ હિંસા-જૂઠ-ચોરી-અબ્રહ્મ ને પરિગ્રહનો ત્યાગ શા માટે કરે છે ?

ઉત્તર:- ભાઈ ! એક દ્રવ્ય બીજા દ્રવ્યને સ્પર્શતું કે અડતું નથી તે તો મહાસિદ્ધાંત છે. વસ્તુસ્થિતિ એમ જ છે. એક દ્રવ્ય બીજા જીવ કે પુદ્ગલદ્રવ્યને અડતું કે સ્પર્શ કરતું જ નથી અને અન્ય દ્રવ્યની ક્રિયાથી જીવને બંધ પણ થતો જ નથી, પરંતુ ત્યાં વિશેષ એ છે કે પરદ્રવ્યના લક્ષે થતાં રાગાદિ ભાવો જીવને બંધનુ કારણ થતાં હોવાથી હિંસાદિ પોતાના પાપ ભાવોનો મુનિ ત્યાગ કરે છે તેથી તે રાગાદિ પાપ ભાવોના ત્યાગના નિમિત્તભૂત બાહ્ય હિંસાદિ પરદ્રવ્યોની ક્રિયાનો ત્યાગ કર્યો તેમ ઉપચારથી કહેવાય છે.

- આત્મધર્મ અંક ૪૦૧, માર્ચ ૧૯૭૭, પૃષ્ઠ ૧૭

સમયસાર ગાથા ૧૫૦

''બધા પ્રકારનો રાગભાવ બંધનું કારણ છે'' આ વાતને યુક્તિથી સિદ્ધ કરવા ઉપરાંત આ વાતની પુષ્ટિ આગમથી કરે છે. આ ૧૫૦મી ગાથાની ઉત્થાનિકા આચાર્ય અમૃતચંદ્ર આ રીતે લખે છે.

''अथोभयं कर्म बन्धहेतुं प्रतिषेध्यं चागमेन साधयति - હવે આ વાત આગમથી સિદ્ધ કરે છે કે બંને પ્રકારના કર્મ બંધનું કારણ છે; એટલા માટે નિષેધ્ય છે.''

रत्तो बन्धदि कम्मं मुच्चदि जीवो विरागसंपत्तो ।
एसो जिणोवदेसो तम्हा कम्मेसु मा रज्ज ॥१५०॥

(હરિગીત)

જીવ રક્ત બાંધે કર્મને વૈરાગ્યપ્રાપ્ત મુકાય છે,
- એ જિન તણો ઉપદેશ તેથી ન રાચ તું કર્મો વિષે. ૧૫૦[1]

રાગી જીવ કર્મો બાંધે કે અને વૈરાગ્યને પ્રાપ્ત જીવ કર્મોથી છૂટે છે. આ જિનેન્દ્ર ભગવાનનો ઉપદેશ છે. એટલે કર્મો (શુભાશુભ)થી રાગ ન કરો.

આ મહત્ત્વપૂર્ણ ગાથાની ટીકા આચાર્ય અમૃતચંદ્ર અત્યંત સંક્ષેપમાં આ રીતે લખે છે.-

''રાગી જીવ કર્મ બાંધે છે અને વૈરાગ્યને પ્રાપ્ત જીવ કર્મોથી છૂટે છે. - આ આગમવચન સામાન્યપણે રાગીપણાની નિમિત્તતાથી શુભાશુભ

---

૧. સમયસાર (ગુજરાતી), પાનું ૨૪૨

બંને કર્મોને અવિશેષ પણે બંધના કારણરૂપ સિદ્ધ કરે છે. અને આ જ કારણે બંને કર્મોનો નિષેધ કરે છે.''

આચાર્ય જયસેન આ ગાથાના ભાવને વિશેષ સ્પષ્ટ કરતાં તાત્પર્યવૃત્તિમાં કહે છે કે શુભ અને અશુભ - બંને ભાવો કેવળ બંધના જ હેતુ નથી, પરંતુ હેય છે, ત્યાજ્ય છે, નિષેધ કરવા યોગ્ય છે.

એના પછી તેઓ પુણ્ય-પાપ અધિકારની અત્યાર સુધીની છ ગાથાઓનો ઉપસંહાર કરી નયવિભાગને સ્પષ્ટ કરી દે છે. જે આ રીતે છે. -

''જો કે અનુપચરિતઅસદ્‌ભૂતવ્યવહારનયથી દ્રવ્ય પુણ્ય પાપોમાં ભેદ છે અને અશુદ્ધ નિશ્ચયનયનથી એ બંનેથી ઉત્પન્ન ઈંદ્રિય જન્ય સુખ-દુઃખમાં પણ ભેદ છે; તો પણ શુદ્ધ નિશ્ચયનયનથી પુણ્ય-પાપમાં અને તેનાથી ઉત્પન્ન થનારા ઈંદ્રિયજન્ય સુખ દુઃખમાં કોઈ ભેદ નથી.''

પ્રશ્ન:- ઉત્થાનિકામાં કહેવામાં આવ્યું હતુ કે શુભ અને અશુભ બંને ભાવો કર્મબંધના કારણ છે. - આ વાતને હવે આગમથી સિદ્ધ કરીએ છીએ; પરંતુ ગાથામાં કોઈ આગમ વાક્યને પ્રસ્તુત કર્યા વિના ફક્ત એટલું જ કહ્યું છે કે ''રાગી જીવ બંધાય છે અને વિરાગી મુક્ત થાય છે''- એવો જિનોપદેશ છે આનું શું કારણ છે ?

ઉત્તર:- અરે ભાઈ ! જિનોપદેશ જ તો આગમ છે. એટલે આટલું કહેવું પર્યાપ્ત છે.

પ્રશ્ન:- આગમનું પ્રમાણ પણ આપવું જોઈતું હતું ?

ઉત્તર:- એક વાત એ છે કે આગમનું ઉકત કથન તે વખતના સમાજમાં સર્વજન પ્રસિદ્ધ હોવાથી કોઈ ગ્રંથ વિશેષના ઉલ્લેખની જરૂર જ નહોતી; અને બીજી વાત એ પણ છે કે એ વખતના યુગમાં આગમને લેખિત રૂપ આપવાની શરૂઆત જ થઈ હતી; મોટા ભાગના આગમ મૌખિક

જ ચાલી રહ્યા હતા. તેથી ''આવો જિનોપદેશ છે''- એટલું લખવું પર્યાપ્ત હતું.

''રાગી જીવ કર્મ બાંધે છે'' આ વાક્યમાં સમાગત 'રાગી' શબ્દનો આશય સ્પષ્ટ કરતા પૂજ્ય ગુરુદેવ કહે છે.

''અહીં અસ્થિરતા જનિત રાગની વાત નથી, અહીં તો જેને રાગમાં એકત્વબુદ્ધિ છે, અહંબુદ્ધિ છે; તે મિથ્યાદષ્ટિને રાગી કહ્યા છે. જ્ઞાની સમ્યક્‌દષ્ટિને પણ અસ્થિરતાને કારણે રાગ થાય છે; પરંતુ તે રાગમાં જોડાતા નથી. રુચિવંત નથી થતા, એટલા માટે તે વિરાગી છે.[૧]

સામાન્યરૂપથી દસમા ગુણસ્થાન સુધી રાગ રહે છે, આ અપેક્ષાથી ત્યાં સુધી જીવ રાગી કહેવાય છે; પરંતુ અહીં તે અપેક્ષા નથી. અહીં તો જેને રાગથી પ્રેમ છે, રાગમાં સ્વામીપણું છે અને શુભ રાગમાં ધર્મબુદ્ધિ છે. એને રાગમાં રંગાયેલો અથવા રાગી કહ્યો છે.[૨]

સ્ત્રી-પુત્ર, દુકાન-ધંધા વગેરે બાહરની સામગ્રી છોડી દેવા માત્રથી કોઈ વૈરાગી કહી શકાતો નથી. અહીં તો એમ કહ્યું છે કે જેના અંતરમાંથી રાગની, પરની રુચિ છૂટી ગઈ છે અને જેને આનંદ સાથે વીતરાગ-સ્વભાવી શુદ્ધ ચૈતન્યમય આત્માની દષ્ટિ, રુચિ, જ્ઞાન અને અનુભવ થયો છે - તે જ વિરક્ત અથવા વિરાગી છે, તે જ કર્મથી છૂટે છે - એવું આગમ વચન છે.[૩]

કેટલાક લોકો કહે છે કે જે કેવળ અશુભ રાગમાં રચ્યા પચ્યા રહે છે, એમને શુભરાગ કરવાનું કહીએ તો શું વાંધો છે ?

ભાઈ ! શુભરાગ કોઈ નવી વસ્તુ નથી. અનાદિથી આ શુભાશુભ ભાવ તો કરતો જ આવ્યો છે જ્યારે નિગોદમાં હતો, ત્યારે પણ શુભાશુભ ભાવના પરિણામ થતા હતા. કરણાનુયોગના કથનને અનુસાર બધા જીવોને

૧. પ્રવચનરત્નાકર (હિંદી) ભાગ ૫, પાનું ૬૩
૨. પ્રવચનરત્નાકર (હિંદી) ભાગ ૫, પાનું ૬૩
૩. પ્રવચનરત્નાકર (હિંદી) ભાગ ૫, પાનું ૬૩-૬૪

ક્ષણ-ક્ષણે શુભાશુભ ભાવ ઝુલાના ઝુલવાની જેમ થયા જ કરે છે. આજ પણ નિગોદમાં આવા અનંત જીવ છે; જેમણે આજ સુધી કયારેય ત્રસ પર્યાય પણ નથી મેળવી, એમને પણ ક્રમશઃ શુભાશુભભાવ થતા જ રહે છે. બધા જીવોની શુભાશુભ ભાવોની ધારા નિરંતર ચાલુ રહે છે. ત્યાં જો કે દયા, દાન, પૂજા-ભક્તિ વગેરે ક્રિયાઓ હોતી નથી. પણ શુભ અને અશુભ ભાવ તો ત્યાં પણ થયા જ કરે છે.

આ રીતે આચાર્ય કહે છે કે ભાઈ ! શુભાશુભ ભાવ કોઈ અપૂર્વ વસ્તુ નથી. આત્મભાન વિના અજ્ઞાનીએ નવમા ગ્રૈવયક સુધી જવા યોગ્ય શુકલલેશ્યાના શુભભાવ પણ અનંતવાર કર્યા છે, પરંતુ એનાથી શું લાભ થયો ? રંચ માત્ર પણ દુઃખ ઓછું થયું નથી.

શુભભાવથી પુણ્ય બંધાણું, મનુષ્ય પર્યાય મળી, મનુષ્ય પર્યાયમાં ધર્મ સાંભળવાનો-સમજવાનો અવસર મળ્યો, - આ લાભ તો શુભભાવથી જ થયોને ? બાપુ ! આવો અવસર તો અનંતવાર મળ્યો, પરંતુ રાગનો પ્રેમ છૂટયા વિના બધું સાંભળેલું કરેલું નિરર્થક જ રહ્યુ; કારણ કે ચારેય અનુયોગોના શાસ્ત્રોનું તાત્પર્ય તો એક વીતરાગતા જ છે. શાસ્ત્ર સાંભળીને પણ જો રાગની રુચિ છૂટી નહિ અને સ્વભાવની દષ્ટિ ન થઈ તો શાસ્ત્રનું મૂળ તાત્પર્ય નથી જાણ્યુ.''[૧]

ઉકત સંપૂર્ણ કથનનો સાર એટલો જ છે કે અહીં રાગી શબ્દનો અર્થ સામાન્ય રાગ નથી લેવાનો, પરંતુ શુભાશુભરાગમાં એકત્વ-મમત્વ બુદ્ધિરૂપ રાગ લેવો જોઈએ, રાગભાવોનો સ્વયંને કર્તા-ભોકતા માનવાવાળો રાગ લેવો જોઈએ તથા શુભભાવોમાં ધર્મ માનવા રૂપ રાગ લેવો જોઈએ. તાત્પર્ય એ છે કે મિથ્યાત્વ સંબંધી રાગ લેવો જોઈએ. શુભરાગને ધર્મ માનવો તે જ મિથ્યાત્વ છે, અને તેને જ અહીં રાગ કહેવામાં આવ્યો છે. આવા રાગથી સંયુકત જીવ રાગી છે તથા તે જ કર્મોને બાંધે છે અને કર્મોથી બંધાય છે.

---

૧. પ્રવચનરત્નાકર (હિંદી) ભાગ ૫, પાનું ૬૪-૬૫

આ રીતે એ સુનિશ્ચિત થયું કે અશુભભાવોની જેમ શુભભાવ પણ બંધનું કારણ હોવાથી મોક્ષના હેતુ નથી; મોક્ષનો હેતુ તો એકમાત્ર વીતરાગભાવ જ છે; જ્ઞાનભાવ જ છે.

હવે આચાર્ય અમૃતચંદ્ર દ્વે આ ભાવના પોષક બે કળશ લખે છે. તે આ રીતે છે.

(स्वागता)

कर्म सर्वमपि सर्वविदो यद् बंधसाधनमुशन्त्यविशेषात् ।
तेन सर्वमपि तत्प्रतिषिद्धं ज्ञानमेव विहितं शिवहेतुः ॥१०३॥

(હરિગીત)

છે બંધકારણ કર્મ સઘળું એમ સર્વજ્ઞે કહ્યું,
તેથી નિષેધ્યું કર્મને ને જ્ઞાન શિવહેતુ જ કહ્યું. ૧૦૩

સર્વજ્ઞદેવ બધા શુભાશુભ કર્મોને સમાન રૂપથી બંધનું જ કારણ કહે છે; એટલે આ સાબિત થાય છે કે એમણે બધા શુભાશુભકર્મોનો જ નિષેધ કર્યો છે, અને જ્ઞાનને મુક્તિનો હેતુ કહેલ છે.

કવિવર પંડિત બનારસીદાસજી નાટક સમયસારમાં આ નાના એવા છંદનો એકત્રીસા સવૈયા જેવા મોટા છંદમાં ભાવાનુવાદ આ રીતે કરે છે.

(इकतीसा सवैया)

सील तप संजम विरति दान पूजादिक,
अथवा असंजम कषाय विषै-भोग है ।
कोऊ सुभरूप कोऊ अशुभ स्वरूप मूल,
वस्तु के विचारत दुविध कर्मरोग है ।
ऐसी बंध पद्धति बखानी वीतराग देव,
आतम धरम मैं करम त्याग-जोग है ।
भौ-जल-तरैया राग-द्वैष कौ हरैया महा,
मोख को करैया एक सुद्ध उपयोग है ॥

શીલ, તપ, સંયમ, વ્રત, દાન અને પૂજા વગેરે અથવા અસંયમ, કષાય અને વિષય-ભોગ; જો કે આમાંથી કોઈ તો શુભભાવરૂપ છે અને કોઈ અશુભભાવ રૂપ છે; તોપણ મૂળ સ્વરૂપનો વિચાર કરવાથી એ સ્પષ્ટ થઈ જાય છે કે બંને જ કર્મરૂપી રોગ છે. વીતરાગી અરહંત ભગવાને બંધ પદ્ધતિનું આવું સ્વરૂપ બતાવ્યું છે અને કહ્યું છે કે આત્મધર્મમાં, આત્માના ધર્મમાં તો બધા કર્મ ત્યાગ કરવા યોગ્ય જ છે. સંસારરૂપી સમુદ્રથી પાર ઉતારનાર, રાગ-દ્વેષનું હરણ કરનાર-નાશ કરનાર, મહાન મોક્ષ કરાવનાર તો એક શુદ્ધોપયોગ જ છે.

જુઓ, આ છંદમાં શીલ, તપ, સંયમ, વ્રત, દાન, પૂજા રૂપ શુભભાવો અને વિષય-ભોગ, કષાય અને અસંયમને એક જ પંક્તિમાં રાખ્યા છે, એક સરખી રીતે જ હેય બતાવ્યા છે. સંસ્કૃતના મૂળ છન્દમાં તો ''બધા કર્મો'' માત્ર એટલો જ સંકેત કરવામાં આવ્યો હતો. પરંતુ આ ભાવાનુવાદમાં તો તે બધા શુભાશુભ કર્મોના નામ પણ ગણાવી દીધા છે. મૂળ છન્દમાં જ્ઞાનને શિવહેતુ કહ્યું હતું અને અહીં જ્ઞાન શબ્દનો અર્થ શુદ્ધોપયોગ કર્યો છે. ''એક શુદ્ધોપયોગ જ મોક્ષ કરાવનાર છે.'' આનો ભાવ એટલો જ છે કે અશુભોપયોગની જેમ જ શુભોપયોગ પણ બંધનું જ કારણ છે, મુક્તિનું કારણ નથી.

બનારસીદાસજી આ છંદમાં કહે છે કે ભલે લૌકિક દૃષ્ટિમાં અથવા જિનાગમમાં વ્યવહારનયથી શુભભાવને સારો કહેવામાં આવતો હોય; પરંતુ આત્મધર્મમાં આત્મસાધનાના માર્ગમાં તો બધા શુભાશુભ કર્મ ત્યાગ કરવા યોગ્ય જ છે.

જુઓ, અહીં શુભ અને અશુભ બંને જ ભાવોને કર્મરૂપી રોગ કહ્યા છે. આ ગ્રંથના આરંભમાં આ ગ્રંથમાં સમાગત મૂળ શબ્દોના પર્યાયવાચી શબ્દ આપવામાં આવ્યા છે, નામમાળા આપવામાં આવી છે; તેમાં પુણ્યના નામોમાં **અકરરોગ** અને પાપના નામોમાં **કંપરોગ** આપવામાં આવ્યા છે - જે આ રીતે છે -

(દોહા)

पुन्य सुकृत ऊरधवदन, अकररोग शुभकर्म ।
सुखदायक संसारफल, भाग बहिर्मुख धर्म ॥
पाप अधोमुख एन अघ, कंपरोग दुखधाम ।
कलिल कलुस किल्विस दुरित, असुभकरम के नाम ॥

પુણ્ય, સુકૃત, ઉર્ધ્વવદન, અકરરોગ, શુભકર્મ, સુખદાયક, ભાગ્ય, સંસારફળ, બર્હિમુખ અને ધર્મ - આ બધા પુણ્યના નામ છે.

પાપ, અધોમુખ એન, અઘ, કંપરોગ, દુઃખધામ કલિલ, કલુષ, કિલ્વષ, દુરિત અને અશુભકર્મ -આ બધા પાપના નામ છે.

અકર એટલે અક્કડ, પુણ્યના ઉદયમાં લોકો અભિમાની બની અકડવા લાગે છે, આ કારણથી પુણ્યને અકરરોગ અથવા અકડરોગ કહેવામાં આવે છે અને પાપના ઉદયમાં ડરના માર્યા લોકો ધ્રુજવા માંડે છે; આ કારણથી પાપને કંપરોગ કહેવામાં આવે છે.

ઉક્ત કળશ પર પ્રવચન કરતા પૂજ્ય ગુરુદેવ કહે છે -

"આ વાત સામાન્ય માણસો સહજ ભાવથી સ્વીકારતા નથી, એટલે આચાર્યદેવે સર્વજ્ઞના આધારથી આ વાત કહી છે. વર્તમાનમાં બહુ ગડબડ ચાલી રહી છે. મોટાભાગના લોકો વ્રત, તપ, ભક્તિ વગેરે બાહ્ય ક્રિયાઓમાં જ ધર્મ માની અટકી ગયા છે. કહે છે કે આ બધું કરતા-કરતા મોક્ષમાર્ગ અથવા મોક્ષ થઈ જશે; પરંતુ ભાઈ ! આ બધા તો શુભભાવ છે, એમને સર્વજ્ઞ ભગવાને બંધના કારણ કહ્યા છે.[1]

ચારે અનુયોગોમાં એક જ્ઞાનને જ મોક્ષનું કારણ કહેવામાં આવે છે. શુદ્ધ ચૈતન્યઘન સ્વરૂપ ભગવાન આત્મામાં એકાગ્ર થઈ શ્રદ્ધા-જ્ઞાન અને રમણતા પ્રગટ કરવી તે જ મોક્ષમાર્ગ છે. સ્વભાવથી તો આત્મા સ્વયં ત્રિકાળ જ્ઞાનસ્વરૂપ જ છે; પરંતુ વર્તમાનમાં એ ત્રિકાળી જ્ઞાનસ્વરૂપ આત્મામાં એકાગ્રતા કરવી તે જ 'ज्ञानमेव' નો અર્થ છે.

---

૧. પ્રવચનરત્નાકર (હિંદી) ભાગ ૫, પાનું ૬૯

'ज्ञानमेव' કહીને આચાર્યદેવે અહીં વર્તમાન પર્યાયમાં શુદ્ધરત્નત્રયરૂપ હોવાની વાત કરી છે. ભગવાન આત્મા જે ત્રિકાળી ધ્રુવ જ્ઞાનસ્વભાવી વસ્તુ છે; એનામાં એકાગ્રતા કરવી મોક્ષનું કારણ છે. અશુભની જેમ જ શુભ પણ બંધનું કારણ હોવાથી ધર્મનું કારણ ન હોઈ શકે; આથી મોક્ષમાર્ગમાં તેનો નિષેધ કરવામાં આવ્યો છે.[1]

અહીં એક પ્રશ્ન ઉત્પન્ન થાય છે કે જો મુક્તિના માર્ગમાં બધા કર્મ ત્યાગ કરવા યોગ્ય છે તો પછી મુક્તિમાર્ગના પ્રવાસી મુનિરાજ શું કરશે; કારણ કે એમને તો કરવાનું કાંઈ રહ્યું જ નહીં ?

આ પ્રશ્નનો ઉત્તર આગળના કળશમાં આપવામાં આવ્યો છે, જે આ રીતે છે–

(शिखरिणी)

निषिद्धे सर्वस्मिन् सुकृतदुरिते कर्मणि किल
प्रवृत्ते नैष्कर्म्ये न खलु मुनयः सन्त्यशरणाः ।
तदा ज्ञाने ज्ञानं प्रतिचरितमेषां हि शरणं
स्वयं विन्दन्त्येते परममृतं तत्र निरताः ॥१०४॥

(હરિગીત)

સુકૃત ને દુષ્કૃત એવા સર્વ કર્મ નિષેધથી,
નિષ્કર્મરૂપ પ્રવર્તતા મુનિઓ કંઈ અશરણ નથી;
છે શરણ મુનિને જ્ઞાનમાં આચરણ કરતા જ્ઞાનનું;
એ જ્ઞાનમાં લીન મુનિવરોને અનુભવન અમૃતતણું. ૧૦૪

સુકૃત (પુણ્ય) અને દુષ્કૃત (પાપ) – બધા પ્રકારના કર્મોનો નિષેધ કરવામાં આવતા નિષ્કર્મ અવસ્થામાં પ્રવર્તમાન, નિવૃત્તિમય જીવન જીવતાં મુનિરાજ કાંઈ અશરણ નથી થઈ જતા; કારણકે નિષ્કર્મ અવસ્થામાં જ્ઞાનમાં

---

१. પ્રવચનરત્નાકર (હિંદી) ભાગ ૫, પાનું ૭૦

આચરણ કરતા, રમણ કરતા, પરિણમન કરતા તે મુનિરાજોનું પરમ શરણ જ્ઞાન જ છે. તે મુનિરાજ પોતે જ જ્ઞાનસ્વભાવમાં લીન થઈ પરમામૃતનું પાન કરે છે. અતીન્દ્રિય આનંદનો અનુભવ કરે છે. સ્વાદ લે છે.

ઉક્ત છન્દમાં આચાર્યદેવ એમ કહેવા માગે છે કે કોઈ વ્યક્તિ એમ કહે કે જો આપણે શુભ અને અશુભ બંને ભાવોનો નિષેધ કરી દઈએ તો પછી બધા કામોથી નિવૃત્તિ લઈ લેવાવાળા મુનિરાજ શું કરશે ? એમને તો કાંઈ કામ જ નહી રહે.

આચાર્યદેવનું આ રીતે વિચારવું ખોટું પણ નથી; કારણકે આપણે આજે પણ લોકોને આ જાતની ચર્ચા કરતા જોઈએ છીએ. સ્વયંને મુનિ માનવાવાળા અનેક લોકો આજે પણ શુભકાર્યોમાં મગ્ન જોવામાં આવે છે. તેઓ શુભભાવો અને શુભપ્રવૃત્તિને જ ધર્મ માને છે, જાણે છે અને તેમાં જ ધર્મ માની નિત્ય પ્રવૃત્ત રહે છે.

આવા લોકોને સમજાવવાની ભાવનાથી ઉક્ત છંદની રચના થઈ છે, જેમાં આચાર્યદેવ કહે છે કે તેમના માટે તો રમણ કરવા માટે જ્ઞાનસ્વભાવી આત્મા હમેશાં એમની પાસે વિદ્યમાન જ છે. તેઓ તો હમેશાં પોતાના આત્મામાં જ રમણ કરે છે, તેઓ કામ-ધંધા વગરના નથી. તેઓ તો હંમેશાં પોતાના આત્માની આરાધનામાં લીન રહે છે, એમને શુભાશુભભાવ કરવાની, શુભાશુભ પ્રવૃત્તિ કરવાની ફુરસદ જ ક્યાં છે ?

અરે ભાઈ ! શુભભાવ મુનિઓનું શરણ નથી, એમનું શરણ તો એમનો જ ભગવાન આત્મા છે. આત્માનું જ્ઞાન-આત્માનું શ્રદ્ધાન અને આત્માનું ધ્યાન-એ એવા મહાન કાર્ય છે, જેમાં મુનિરાજ નિરંતર વ્યસ્ત રહે છે. શુભભાવોમાં શરણ શોધવાની એમને રંચમાત્ર પણ જરૂર નથી.

ઉક્ત કળશનો ભાવ સ્પષ્ટ કરતા પંડિત જયચંદજી છાબડા ભાવાર્થમાં લખે છે-

"કોઈને એમ શંકા થઈ શકે છે કે જ્યારે સુકૃત અને દુષ્કૃત બંનેનો જ નિષેધ કરવામાં આવ્યો છે, તો પછી મુનિઓ એ કંઈ પણ કરવાનું

બાકી રહેતું નથી; એટલે તેઓ કોના આશ્રયથી અથવા કોના આધારથી મુનિપણાનું પાલન કરી શકે ?

આચાર્યદેવે આનું સમાધાન કરવાના હેતુથી લખ્યું છે કે બધા કર્મોનો ત્યાગ થઈ ગયા પછી જ્ઞાન જ મોટું શરણ છે. તે જ્ઞાનમાં લીન થવાથી સર્વ આકુળતાથી રહિત પરમાનંદની પ્રાપ્તિ થાય છે. જેના સ્વાદની જ્ઞાનીને જ ખબર છે. અજ્ઞાની કષાયી જીવ કર્મોને જ સર્વસ્વ માની તેમાં જ લીન થઈ રહ્યા છે, તેઓ જ્ઞાનાનંદના સ્વાદને જાણતા નથી.''

શુભભાવને જ ધર્મ માનવાવાળાને એ ચિંતા સતાવે છે કે જો શુભભાવનો પણ નિષેધ કરશું તો મુનિરાજ અશરણ થઈ જશે, એમને કરવા માટે કોઈ કામ નહીં રહે. આત્માના જ્ઞાન, ધ્યાન અને શ્રદ્ધાનમય વીતરાગભાવની ખબર ન હોવાથી અજ્ઞાનીઓને આવા વિકલ્પો ઉઠે છે; પરંતુ શુભભાવ થવા એ કોઈ અપૂર્વ ઉપલબ્ધિ નથી; કારણકે શુભભાવ તો આ જીવને અનેકવાર થયા છે. પણ એનાથી ભાવનો અંત નથી આવ્યો. જો શુભભાવ ન થયા હોત તો આ મનુષ્યભવ જ ન મળ્યો હોત. આ મનુષ્યભવ અને આ અનુકૂળ સંયોગ જ એ વાત બતાવે છે કે આપણે પૂર્વમાં અનેક પ્રકારના શુભભાવ કર્યા છે; પણ દુઃખોનો અંત આવ્યો નથી. આથી એક વાર ગંભીરતાથી વિચાર કરીને આ નિર્ણય કરીએ કે શુભભાવમાં ધર્મ નથી, શુભભાવ કર્તવ્ય નથી; ધર્મ તો વીતરાગભાવરૂપ જ છે અને એક માત્ર કર્તવ્ય પણ તે જ છે. તે વીતરાગભાવ આત્માના આશ્રયથી થાય છે; એટલે પોતાનો આત્મા જ પરમશરણ છે. જે મુનિરાજોને પોતાના ભગવાન આત્માનું પરમશરણ પ્રાપ્ત છે, તેમને અશરણ સમજવા તે આપણા અજ્ઞાનને જ પ્રદર્શિત કરે છે.

આ કળશ પર પ્રવચન કરતા પૂજ્ય ગુરુદેવ કહે છે –

''આ વાત સામાન્ય માણસોની સમજમાં નથી આવતી, એમના મનમાં સહેલાઈથી નથી બેસતી; એ કારણથી બિચારા તેઓ અનંતકાળથી શુભાશુભ કર્મમાં અટકયા છે; પણ ભાઈ ! શુભાશુભ ભાવ કોઈ અપૂર્વ વસ્તુ નથી. એ ભાવો તો નિગોદના જીવોને પણ હમેંશા થયા કરે છે.

કંદમૂળના એક રાઈના જેવડા ટુકડામાં પણ અસંખ્ય ઔદારિક શરીર હોય છે, અને પ્રત્યેક શરીરમાં શક્તિ અપેક્ષા ભગવાનસ્વરૂપ ચૈતન્યસ્વભાવમય અનંત નિગોદિયા જીવ રહે છે. જો કે એમને ત્યાં દેવ-શાસ્ત્ર-ગુરુનો યોગ નથી અને દાન વગેરે શુભ વ્યવહાર પણ સંભવ નથી; તોપણ પ્રત્યેક જીવને ક્ષણ-ક્ષણમાં અશુભ-શુભભાવ થયા કરે છે. એવી શુભાશુભભાવરૂપ તેમની કર્મધારા નિરંતર ચાલ્યા જ કરે છે; આથી શુભાશુભભાવ કોઈના માટે કાંઈ નવી વસ્તુ છે નહીં.[૧]

અઠ્ઠાવીસ મૂળગુણરૂપ શુભાચરણ પુણ્યબંધનું કારણ છે. ધર્મ તો તેનાથી ભિન્ન ચૈતન્યમૂર્તિ, સહજાનંદસ્વભાવી, પરમપદાર્થ આત્માના આશ્રયથી પ્રગટ થાય છે. એટલે તે એક જ પરમ શરણભૂત છે. મુનિવર જે નિર્મળ પરિણતિ દ્વારા સ્વભાવની દૃષ્ટિ અથવા લીનતા કરે છે. તે વીતરાગ પરિણતિનું એકમાત્ર શરણ ત્રિકાલ શુદ્ધ આત્મદ્રવ્ય જ છે. ત્રિકાળી ધ્રુવ આત્મવસ્તુ, જે સચ્ચિદાનંદ, પૂર્ણાનંદ, સહજાનન્દ, અકૃત્રિમ, સહજાત્મસ્વરૂપ, અવિનાશી, અનંત ગુણધામ, હમેંશા જ પોતાની અંદર વિદ્યમાન છે, તેનો આશ્રય કરી તેમાં જ લીન થવું તે જ સાચું શરણ છે.[૨]

ધર્મ તો એને જ કહે છે, જેમાં આત્માના અતીન્દ્રિય આનંદ રસનું વેદન થાય છે. શુભાશુભ ભાવ તો કર્મરસ છે, તેનો સ્વાદ ઝેરનો સ્વાદ છે. શુદ્ધની અપેક્ષાથી બંને ઝેર છે. અશુભ તીવ્ર ઝેર છે અને શુભ મંદ ઝેર છે; પણ છે તો બંને ઝેર જ; એટલે બંનેનો જ નિષેધ કરવામાં આવ્યો છે. એક શુદ્ધ ચૈતન્યઘન સ્વરૂપ આત્મામાં લીનતા કરવી જ અમૃતસ્વરૂપનો સ્વાદ છે અને તે જ ધર્મ છે.'[૩]

---

૧. પ્રવચનરત્નાકર (હિંદી) ભાગ ૫, પાનું ૭૩-૭૪
૨. પ્રવચનરત્નાકર (હિંદી) ભાગ ૫, પાનું ૭૯
૩. પ્રવચનરત્નાકર (હિંદી) ભાગ ૫, પાનું ૭૯

આચાર્ય અમૃતચંદ્રના મૂળ કળશમાં ''મુનય'' શબ્દ જ છે, પરંતુ બનારસીદાસજી એમાં સમ્યક્‌દૃષ્ટિ અને વ્રતી ગૃહસ્થોને પણ લઈ લે છે. જે તેમના નીચે લખેલા છંદથી સ્પષ્ટ જ છે.

(સવૈયા ઇકતીસા)

સિષ્ય કહૈ સ્વામી તુમ કરની અસુભ સુભ,
કીની હૈ નિષેધ મેરે સંસૈ મન માંહી હૈ ।
મોખકે સધૈયા ગ્યાતા દેસવિરતી મુનીસ,
તિનકી અવસ્થા તૌ નિરાવલંબ નાંહી હૈ ॥
કહૈ ગુરુ કરમ કૌ નાસ અનુભૌ અભ્યાસ,
ઐસૌ અવલંબ ઉનહી કૌ ઉન પાંહી હૈ ।
નિરુપાધિ આતમ સમાધિ સોઈ સિવરૂપ,
ઔર દૌર ધૂપ પુદ્‌ગલ પરછાંહી હૈ ॥૮॥

શિષ્ય કહે છે કે હે સ્વામી ! આપ શુભ અને અશુભ – બંને કાર્યોનો નિષેધ કરી દીધો છે; એનાથી મારા મનમાં આ સંશય ઉત્પન્ન થયો છે કે મોક્ષની સાધના કરવાવાળા અવિરત સમ્યક્‌દૃષ્ટિ અને દેશવ્રતી શ્રાવકો તથા મુનિરાજોની અવસ્થા તો અવલમ્બન રહિત નથી. તાત્પર્ય એ છે કે જ્ઞાની શ્રાવકો અને મુનિરાજોનું અવલમ્બન તો શુભભાવ જ છે, તો પછી આપ એનો નિષેધ શું કામ કરો છો ?

શિષ્યના આ પ્રશ્નના ઉત્તરમાં ગુરુદેવ કહે છે કે કર્મોનો નાશ કરવાવાળો તો પોતાના આત્માનો અનુભવ છે અને જ્ઞાની શ્રાવકો અને મુનિરાજો તેનો અભ્યાસ નિરંતર કરે છે. આ રીતે તેમનું આ વાસ્તવિક અવલમ્બન એમની પાસે છે જ, આધિ, વ્યાધિ અને ઉપાધિથી રહિત નિર્વિકલ્પ આત્મસમાધિ જ શિવરૂપ છે, કલ્યાણસ્વરૂપ છે, કલ્યાણ કરનાર છે, એના સિવાયની બધી જાતની દોડાદોડી (ક્રિયાકાંડ) પુદ્‌ગલનો, પડછાયો છે. પુદ્‌ગલનું પરિણમન છે, તેનાથી આત્માનું કલ્યાણ નથી થતું.

પ્રશ્ન:- જ્યારે મૂળ કળશમાં માત્ર મુનિઓનો જ ઉલ્લેખ છે તો પછી બનારસીદાસજી એ શ્રાવકોને પણ શા માટે ભેળવી દીધા ?

ઉત્તર:- ઉપરની વાત બધા સમ્યક્‌દૃષ્ટિ શ્રાવકો અને મુનિરાજોને એક સરખી રીતે લાગુ પીડે છે; પણ આચાર્ય અમૃતચંદ્ર સ્વયં મુનિરાજ હોવાથી એમણે એકલા મુનિઓનો જ ઉલ્લેખ કર્યો છે. અને બનારસીદાસજી સ્વયં ગૃહસ્થ હતા; એટલે એમણે ગૃહસ્થોનો પણ ઉલ્લેખ કરી દીધો. તેથી એમાં કાંઈ દોષ નથી.

આ રીતે આ ૧૦૩ અને ૧૦૪ કળશમાં આ સિદ્ધ કરવામાં આવ્યું કે મુક્તિનો હેતુ એકમાત્ર જ્ઞાન જ છે.

જ્ઞાનગોષ્ઠી

પ્રશ્ન:- આત્મસ્વભાવ સુખનો સાગર છે તો વર્તમાનમાં એ સુખનો એક અંશ પણ કેમ આવતો નથી ?

ઉત્તર:- આત્મા સુખનો સાગર હોવા છતાં તેણે રાગની આડ મારી છે, રાગમાં એકતાબુદ્ધિના તાળા માર્યા છે. તેથી સ્વભાવમાંથી સુખનો અંશ આવતો નથી. રાગની એકતાબુદ્ધિના તાળા તોડી રાગથી ભેદજ્ઞાન કરે તો સ્વભાવમાંથી સુખનો અંશ પ્રગટે.

- આત્મધર્મ અંક ૪૨૦, ઓક્ટોબર ૧૯૭૮, પૃષ્ઠ ૨૩

પ્રશ્ન:- કુંદકુંદાચાર્યે પણ મહાવ્રતને પાળ્યા હતા ને ?

ઉત્તર:- કુંદકુંદાચાર્યે મહાવ્રતને પાળ્યા ન હતા પણ મહાવ્રતના વિકલ્પો આવ્યા હતા તેને જાણ્યા હતા. પણ તે વિકલ્પોના તેઓ સ્વામી ન હતા, તેને પોતાપણે જાણતા ન હતા પણ પરજ્ઞેયપણે જાણનાર હતા. - આત્મધર્મ અંક, ૪૨૯, જુલાઈ ૧૯૭૯, પૃષ્ઠ ૨૯

સમયસાર ગાથા ૧૫૧

परमट्ठो खलु समओ सुद्धो जो केवली मुणी णाणी ।
तम्हि ट्ठिदा सहावे मुणिणो पावंति णिव्वाणं ॥१५१॥

(હરિગીત)

પરમાર્થ છે નકી; સમય છે, શુધ, કેવળી, મુનિ, જ્ઞાની છે,
એવા સ્વભાવે સ્થિત મુનિઓ મોક્ષની પ્રાપ્તિ કરે. ૧૫૧[૧]

જે નિશ્ચયથી પરમાર્થ (પરમ પદાર્થ) છે, સમય છે, શુદ્ધ છે, કેવળી છે, મુનિ છે, જ્ઞાની છે; એવા સ્વભાવમાં સ્થિત મુનિજન નિર્વાણને પ્રાપ્ત કરે છે.

આ ગાથામાં એક ત્રિકાળી ધ્રુવ ભગવાન આત્માને જ પરમાર્થ, સમય, શુદ્ધ, કેવળી, મુનિ અને જ્ઞાની શબ્દોથી સંબોધિત કરવામાં આવ્યો છે અને અંતે કહેવામાં આવ્યું છે કે આ જ્ઞાનસ્વભાવી ભગવાન આત્માના સ્વભાવમાં સ્થિત થયેલા મુનિરાજ જ નિર્વાણને પ્રાપ્ત કરે છે. તાત્પર્ય એ જ છે કે ઉકત ભગવાન આત્માની અનુભૂતિપૂર્વક તેમાં જ પોતાનાપણું સ્થાપિત કરવાવાળા, તેને જ પોતાનું સ્વરૂપ જાણવાવાળા અને એમાં જ રમવા-જમવાવાળા મુનિરાજ જ અનંત-આનંદમય મુક્તિને પ્રાપ્ત કરે છે.

---

૧. સમયસાર (ગુજરાતી) પાનું ૨૪૪

આ ગાથાનો ભાવ આત્મખ્યાતિમાં આ રીતે સ્પષ્ટ કરવામાં આવ્યો છે -

''જ્ઞાન મોક્ષનું કારણ છે; કારણ કે તે શુભાશુભ કર્મોના બંધનું કારણ નથી. આ કારણ તેના મોક્ષનું કારણપણું બને છે. તે જ્ઞાન કર્મ વગેરે બીજી બધી જાતિઓથી ભિન્ન ચૈતન્યજાતિમાત્ર પરમાર્થ છે. પરમપદાર્થ છે, આત્મા છે. તે જ્ઞાન અથવા આત્મા એક જ સાથે એકરૂપથી પ્રવર્તમાન જ્ઞાન અને ગમન (પરિણમન) સ્વરૂપ હોવાથી સમય છે. સમસ્ત નયપક્ષોથી અમિશ્રિત એક જ્ઞાનસ્વરૂપ હોવાથી શુદ્ધ છે. કેવળ ચિન્માત્ર વસ્તુસ્વરૂપ હોવાથી કેવળી છે. ફક્ત મનનમાત્ર (જ્ઞાનમાત્ર) ભાવસ્વરૂપ હોવાથી મુનિ છે. સ્વયં જ જ્ઞાન સ્વરૂપ હોવાથી જ્ઞાની છે. સ્વના ભવનમાત્ર સ્વરૂપ હોવાથી સ્વભાવ છે અથવા સ્વતઃ ચૈતન્યનું ભવનમાત્ર સ્વરૂપ હોવાથી સદ્‌ભાવ છે. આ રીતે શબ્દભેદ હોવા છતાં વસ્તુભેદ નથી.''

અહીં એક વાત વિશેષ ધ્યાન આપવા યોગ્ય છે કે ગાથાની બીજી પંક્તિમાં સમાગત 'સહાવ' પદના આત્મખ્યાતિમાં સ્વભાવ અને સદ્‌ભાવ - એવા બે અર્થ કરવામાં આવ્યા છે, અને 'સહાવ' પદને છોડી બાકીની શેષ પંક્તિનો અર્થ જ નથી કર્યો.

આચાર્ય જયસેન આ ગાથાના સ્પષ્ટીકરણમાં જે કાંઈ કહે છે, તેનો ભાવાર્થ આ રીતે છે - ''પરમાર્થ એટલે ઉત્કૃષ્ટ પદાર્થ; અથવા ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ પુરુષાર્થોમાં સર્વોત્કૃષ્ટ મોક્ષ પુરુષાર્થરૂપ પદાર્થ; અથવા મતિ, શ્રુત, અવધિ, મન-પર્યય અને કેવળજ્ઞાન પર્યાયોથી રહિત નિશ્ચયનયનો વિષયભૂત પરમાત્મા જ પરમાર્થ છે. આ રીતે દૃષ્ટિનો વિષયભૂત આત્મા જ પરમાર્થ છે.

તે જ્ઞાનસ્વભાવી આત્મા એક જ સાથે પોતાના ગુણ-પર્યાયોને પ્રાપ્ત થવાથી, ગુણ-પર્યાયોમાં પરિણમિત હોવાથી સમય છે; અથવા

સંશયાદિરહિત જ્ઞાનવાળો હોવાથી સમય છે અથવા પરમસમરસીભાવથી પોતાના શુદ્ધસ્વરૂપમાં જવા-ગમન કરવાના પરિણમન કરવાને કારણે સમય છે.

તે આત્મા રાગ વગેરે ભાવકર્મોથી રહિત હોવાથી શુદ્ધ છે. પરદ્રવ્યોની સહાયતાથી રહિત હોવાને કારણે કેવળી છે. વિશુદ્ધ જ્ઞાનવાળો હોવાથી જ્ઞાની છે. આ રીતે ઉક્ત વિશેષણોથી કહેવામાં આવેલા આત્મસ્વભાવમાં સ્થિત વીતરાગ સ્વસંવેદનજ્ઞાનમાં રત તપસ્વી મુનિરાજ નિર્વાણને પ્રાપ્ત કરે છે.''

આત્મખ્યાતિ અને તાત્પર્યવૃત્તિ બંનેની ટીકાઓમાં આત્માના ઉક્ત વિશેષણોની જે વ્યાખ્યા કરવામાં આવી છે, તેનો સરળ ભાષામાં સાર આ રીતે છે -

આપણો આ આત્મા પરમપદાર્થ હોવાથી, સર્વોત્કૃષ્ટ પદાર્થ હોવાથી પરમાર્થ છે; પોતાના ગુણ-પર્યાયોને પ્રાપ્ત થવાથી અને એક જ સાથે જાણનાર અને પરિણમન કરનાર હોવાથી સમય છે અથવા સંશયાદિરહિત જ્ઞાનવાળો હોવાથી અને પરમસમરસીભાવથી પોતાના શુદ્ધ સ્વભાવમાં પરિણમિત હોવાથી સમય છે; સમસ્ત નયપક્ષોથી પાર એક જ્ઞાનસ્વરૂપ હોવાથી અને રાગ વગેરે ભાવકર્મોથી રહિત હોવાથી શુદ્ધ છે; કેવળ ચિન્માત્ર વસ્તુ હોવાથી અને પરની સહાયતાની અપેક્ષાથી રહિત હોવાથી કેવળી છે; ફક્ત મનનમાત્ર (જ્ઞાનમાત્ર) ભાવસ્વરૂપ હોવાથી મુનિ છે. અને સ્વયં વિશુદ્ધ જ્ઞાનસ્વરૂપ હોવાથી જ્ઞાની છે.

આવા સ્વભાવના અસ્તિત્વમય આ ભગવાન આત્માનો આશ્રય કરવાવાળા મુનિરાજ જ નિર્વાણ પામે છે.

ઉક્ત ગાથામાં મુનિ શબ્દ બે વાર આવ્યો છે. ઉપરની પંક્તિમાં સમાગત મુનિ શબ્દ આત્માનું વિશેષણ છે અને બીજી પંક્તિમાં સમાગત મુનિ શબ્દ સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્રથી વિભૂષિત મુનિરાજોના અર્થમાં છે.

આ રીતે પહેલી પંક્તિમાં સમાગત કેવળી અને જ્ઞાની પદ પણ આત્મદ્રવ્યના વાચક છે. કેવળજ્ઞાન અને સમ્યક્‌જ્ઞાન રૂપ પર્યાયના વાચક નથી. ધ્યાનમાં રહે કે અહીં કેવળી અને જ્ઞાની શબ્દોનો પ્રયોગ કેવળજ્ઞાન અથવા સમ્યક્‌જ્ઞાનથી સહિત આત્માના અર્થમાં ન હોય, કેવળજ્ઞાન અને સમ્યક્‌જ્ઞાનથી ભિન્ન કેવળજ્ઞાનસ્વભાવી અથવા સર્વજ્ઞસ્વભાવી અને જ્ઞાનસ્વભાવી ભગવાન આત્માના અર્થમાં થયો છે. તાત્પર્ય એ છે કે આ ભગવાન આત્મા જ્ઞાન, શક્તિ અને સર્વજ્ઞત્વ શક્તિથી સંપન્ન છે.

પ્રશ્ન:- અહીં ધ્યાન આપવા યોગ્ય વાત એ છે કે ઉત્થાનિકામાં જ્ઞાન ને જ મોક્ષનો હેતુ કહ્યો હતો અને ટીકામાં પણ શરૂઆતમાં જ્ઞાનને જ મોક્ષનું કારણ કહેવામાં આવ્યું છે, અને ગાથાની પ્રથમ પંક્તિમાં સમાગત વિશેષણોને જ્ઞાનના જ વિશેષણો બતાવી બીજી પંક્તિમાં તે જ્ઞાનનો આશ્રય કરવાવાળા મુનિરાજોને જ નિર્વાણની પ્રાપ્તિ બતાવવામાં આવી છે. આ રીતે અહીં જ્ઞાનનો અર્થાત જ્ઞાનસ્વભાવી નિજ ભગવાન આત્માને અથવા આત્માને જાણવાવાળા જ્ઞાનને જ મુક્તિનું કારણ બતાવવામાં આવ્યું છે અને જિનાગમમાં અન્યત્ર લગભગ સર્વત્ર રત્નત્રય ને જ મુક્તિનું કારણ બતાવવામાં આવેલ છે. એટલે પ્રશ્ન એ છે કે જ્ઞાનસ્વભાવી આત્મા મુક્તિનું કારણ છે અથવા તેને જાણવાવાળી જ્ઞાનપર્યાય અથવા સમ્યક્‌દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ રત્નત્રયધર્મ ?

ઉત્તર:- જ્ઞાન શબ્દનો પ્રયોગ વિશેષરૂપથી ત્રણ અર્થોમાં થાય છે - (૧) જ્ઞાનસ્વભાવી આત્મદ્રવ્ય (૨) જ્ઞાનગુણ અને (૩) જાણવારૂપ જ્ઞાન પર્યાય.

જ્યારે જ્ઞાનસ્વભાવી આત્મદ્રવ્યના અર્થમાં જ્ઞાન શબ્દનો પ્રયોગ હોય અને તેને મુક્તિનું કારણ બતાવવામાં આવે તો તેને આશય એ સમજવો જોઈએ કે જ્ઞાનસ્વભાવી આત્માના આશ્રયથી મુક્તિમાર્ગમાં ગમન થાય છે. એ કારણથી એને મુક્તિનો હેતુ કહેવામાં આવી રહ્યો છે.

આત્માના જ્ઞાન, શ્રદ્ધાન અને ધ્યાનથી મુક્તિની પ્રાપ્તિ થાય છે.

આ તો સર્વમાન્ય અફર સિદ્ધાંત છે. તેની વ્યાખ્યામાં ત્રણ રીતે કથન કરવામાં આવે છે કે જ્યારે આશ્રયભૂત આત્મદ્રવ્ય પર વજન દેવામાં આવે છે, ત્યારે એમ કહેવામાં આવે છે, એક જ્ઞાન સ્વભાવી આત્મા જ મુક્તિનો હેતુ છે; પણ જ્યારે આત્માના આશ્રયથી ઉત્પન્ન પર્યાયો પર વજન મૂકવામાં આવે તો કહેવામાં આવે છે કે આત્માના આશ્રયથી ઉત્પન્ન થવાવાળા સમ્યક્‌દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ રત્નત્રય જ મુક્તિનું કારણ છે.

જ્યારે એકલી જ્ઞાન પર્યાયને મુક્તિનો હેતુ કહેવામાં આવે તો એ સમજવું જોઈએ કે તેમાં શ્રદ્ધા અને ચારિત્ર ગુણની નિર્મળ પરિણતિ પણ શામિલ છે જ; કારણ કે જ્યારે જ્ઞાનગુણ આત્મસન્મુખ થાય છે અને ત્રિકાળી ધ્રુવ ભગવાન આત્માને જ્ઞેય બનાવે છે તો સાથે શ્રદ્ધાગુણ પણ આત્મ સન્મુખ બની ત્રિકાળી ધ્રુવ આત્મામાં પોતાનાપણું સ્થાપિત કરી લે છે, અને ચારિત્રગુણમાં આંશિક શુદ્ધતા પ્રગટ થઈ જાય છે. આત્મા જ્ઞાનનું જ્ઞેય થવાની સાથે ધ્યાનનું ધ્યેય પણ બની જાય છે. આ રીતે આ ત્રણેય ગુણોમાં નિર્મળતા એક સાથે જ પ્રગટ થાય છે. આ કારણથી એકના કહેવામાં ત્રણેયનો સમાવેશ પણ સહજ રીતે થઈ જાય છે.

આ વાતનું સ્પષ્ટીકરણ પૂ. ગુરુદેવ આ રીતે કરે છે.

''જ્ઞાન જ મોક્ષનું કારણ છે; કારણકે તે શુભાશુભકર્મોના બન્ધનું કારણ નથી. આમ કહીને આચાર્યદેવ અહીં એમ કહેવા માગે છે કે શુદ્ધ ચૈતન્યસ્વરૂપ ભગવાન આત્માના જ્ઞાન-શ્રદ્ધાનાદિરૂપ નિર્મળ પરિણતિ જ મોક્ષનું કારણ છે. પોતાના જ અંતરમાં વિરાજમાન ચિદાનંદમય પરમ પવિત્ર ભગવાન આત્મામાં દૃષ્ટિ અને લીનતા કરવાથી પોતાની પર્યાયમાં જે નિર્વિકલ્પ જ્ઞાન અને આનંદનો સ્વાદ આવે છે, તે મોક્ષનું કારણ છે.

જુઓ, સમ્યક્‌દર્શન થયા પછી પણ ધર્મીજીવને ભક્તિ, પૂજા, યાત્રા વગેરેના શુભભાવ આવે છે; પરંતુ આ બધા શુભભાવ જ્ઞાનીની દૃષ્ટિમાં હેય છે. જ્યારે તે અંતરમાં લીન નથી રહી શકતા, ત્યારે અશુભથી

બચવા શુભભાવ પણ આવે છે; પરંતુ તે તેમને આદરણીય અથવા મોક્ષનું કારણ નથી માનતા.[૧]

જુઓ, અસ્તિ-નાસ્તિથી કહીએ તો જ્ઞાન મોક્ષનું કારણ છે અને શુભાશુભરૂપ કર્મોના બન્ધનનું કારણ નથી. જ્ઞાન કર્મબન્ધનું કારણ નથી; એ કારણથી તે મોક્ષનું કારણપણું બને છે. ભગવાન આત્મા જ્ઞાતા-દષ્ટા સ્વભાવવાળો છે. જ્ઞાન-દર્શનરૂપ પરિણમિત થવું જ તેનું પરિણમન છે, અને તે પરિણમન જ મોક્ષનું કારણ છે. બન્ધભાવમાં અંશમાત્ર પણ મોક્ષમાર્ગ નથી અને મોક્ષમાર્ગમાં અંશમાત્ર બન્ધનું અસ્તિત્વ નથી. શુદ્ધચૈતન્ય સ્વભાવમાં જ્ઞાન-શ્રદ્ધાન અને રમણતારૂપ ચૈતન્યની પરિણતિ મોક્ષનું કારણ છે; કારણકે બન્ધના કારણરૂપ શુભાશુભભાવનો તેમાં અભાવ છે. આ રીતે ભગવાન આત્માના જ્ઞાનાનંદસ્વભાવની દષ્ટિ, જ્ઞાન અને રમણતા - આ એક જ મોક્ષનું કારણ છે.[૨]

તાત્પર્ય એ જ છે કે મોક્ષનું મૂળ ઉપાદાન, શુદ્ધ ઉપાદાન તો આત્મા જ છે. તથા પરમાર્થથી આત્માનો સ્વભાવ જ્ઞાન છે. જ્ઞાન છે. તે આત્મા છે અને આત્મા તે જ્ઞાન છે. આત્માના બધા ગુણોમાં જ્ઞાનગુણની એ વિશેષતા છે કે જ્ઞાન સ્વયં પોતાને જાણે છે અને પરને પણ જાણે છે.

વિકલ્પ-રાગ વિના માત્ર જાણે - એવો એનો સ્વભાવ છે. તથા વિકલ્પપૂર્વક (ભેદ કરીને) જાણે એવો પણ તેનો સ્વભાવ છે. આ રીતે જ્ઞાનસ્વભાવી હોવાથી આત્મા જ્ઞાન છે અને જ્ઞાન આત્મા છે.

એટલે જ્ઞાન ને જ મોક્ષનું કારણ કહેવું તે યોગ્ય છે. જ્ઞાન આત્માનો સ્વભાવ છે અને તેનું પરિણમન જ મોક્ષનું કારણ છે. જે મોક્ષનું કારણ છે, તે જ્ઞાનનું જ પરિણમન છે, રાગનું નથી.[૩]

---

૧. પ્રવચનરત્નાકર (હિંદી) ભાગ ૫, પાનું ૮૩
૨. પ્રવચનરત્નાકર (હિંદી) ભાગ ૫, પાનું ૮૪
૩. પ્રવચનરત્નાકર (હિંદી) ભાગ ૫, પાનું ૯૧

આ રીતે આપણે જોઈએ છીએ કે અહીં જ્ઞાનને મોક્ષનો હેતુ કહેવું ઉચિત જ છે. જિનવાણીમાં વિભિન્ન સ્થાનો પર વિભિન્ન અપેક્ષાએ વિભિન્ન કથન આવે છે. આથી ખૂબ જ સાવધાનીપૂર્વક જ્યાં જે અપેક્ષા હોય તેને યથાર્થ ગ્રહણ કરવી જોઈએ.

જ્ઞાનને જ મોક્ષનો હેતુ કહેવાનું યોગ્ય દર્શાવી પંડિત જયચંદજી છાબડા ભાવાર્થમાં લખે છે -

"મોક્ષનું ઉપાદાન તો આત્મા જ છે. પરમાર્થથી તો આત્માનો જ્ઞાનસ્વભાવ છે; જે જ્ઞાન છે તે આત્મા છે અને આત્મા છે તે જ્ઞાન છે. એટલે જ્ઞાનને જ મોક્ષનું કારણ કહેવું યોગ્ય છે."

હવે આ જ વાતનું આગળની ગાથાઓ દ્વારા સમર્થન કરવામાં આવશે.

જ્ઞાનગોષ્ઠી

પ્રશ્ન:- ભાવલિંગી મુનિનું લક્ષણ શું ?

ઉત્તર:- અંતર્મુહૂર્તમાં છઠ્ઠા-સાતમાં ગુણસ્થાને આવ્યા કરે તે ભાવલિંગી મુનિનું લક્ષણ છે. છઠ્ઠા ગુણસ્થાને પણ અંદર શુદ્ધ પરિણતિ રહે છે તે ભાવલિંગપણું છે. મુનિદશામાં તો આનંદનું પ્રચુર સ્વસંવેદન હોય છે, ચોથા-પાંચમા ગુણસ્થાને આનંદનું વેદન હોય છે પણ અલ્પ છે, પ્રચુર આનંદનું વેદન તો ભાવલિંગી મુનિને હોય છે.

- *આત્મધર્મ અંક ૪૧૮, ઓગષ્ટ ૧૯૭૮, પૃષ્ઠ ૨૩*

સમયસાર ગાથા ૧૫૨-૧૫૩

परमट्ठम्हि दु अठिदो जो कुणदि तवं वदं च धारेदि ।
तं सव्वं बालतवं बालवदं बेंति सव्वण्हू ॥१५२॥
वदणियमाणि धरंता सीलाणि तहा तवं च कुव्वंता ।
परमट्ठबाहिरा जे णिव्वाणं ते ण विंदंति ॥१५३॥

(હરિગીત)

પરમાર્થમાં આગસ્થિત જે તપને કરે, વ્રતને ધરે,
સઘળુંય તે તપ બાળ ને વ્રત બાળ સર્વજ્ઞો કહે. ૧૫૨

વ્રતનિયમને ધારે ભલે, તપશીલને પાગ આચરે,
પરમાર્થથી જે બાહ્ય તે નિર્વાણ પ્રાપ્તિ નહીં કરે. ૧૫૩[1]

પરમાર્થમાં અસ્થિત એવો જ જીવ તપ કરે છે અને વ્રતધારણ કરે છે; તેના તે બધા તપ અને વ્રતોને સર્વજ્ઞદેવ બાળતપ અને બાળવ્રત કહે છે.

જે પરમાર્થથી બાહ્ય છે, તે વ્રત અને નિયમોને ધારણ કરીને શીલ અને તપને કરીને પણ નિર્વાણ પ્રાપ્ત કરી શકતા નથી.

અહીં એમ કહેવામાં આવી રહ્યું છે કે જે જીવ પરમાર્થથી બાહ્ય છે અથવા પરમાર્થમાં અસ્થિત છે; ત્રિકાળી ધ્રુવ નિજ ભગવાન આત્માને નથી જાણતા; તેમના વ્રત, નિયમ, તપ, શીલ બધું વ્યર્થ છે; કારણકે એમને આત્મજ્ઞાન વિના ફક્ત એનાથી જ મુક્તિની પ્રાપ્તિ થઈ શકવાની નથી.

આ ગાથાઓનો ભાવ આત્મખ્યાતિમાં આ રીતે સ્પષ્ટ કરવામાં આવ્યો છે –

---

૧. સમયસાર (ગુજરાતી) પાનું ૨૪૫-૨૪૬

"જે જીવ પરમાર્થભૂત જ્ઞાનથી રહિત છે, એમના દ્વારા અજ્ઞાનપૂર્વક કરવામાં આવેલા વ્રત, તપ વગેરે બધા કાર્ય કર્મબંધના કારણ છે, મુક્તિનું કારણ નથી; એટલે આગમમાં પણ એમના આ કાર્યોને બાલસંજ્ઞા આપી એનો નિષેધ કરવામાં આવ્યો છે અને જ્ઞાનને જ મુક્તિનું કારણ કહેવામાં આવ્યું છે.

જ્ઞાન જ મોક્ષનો હેતુ છે; કારણકે જ્ઞાનના અભાવમાં સ્વયં જ અજ્ઞાનરૂપ હોવાવાળા અજ્ઞાનીઓને વ્રત, તપ, શીલ, સંયમ વગેરે શુભકર્મોનો સદ્‌ભાવ હોવા છતાં મોક્ષનો અભાવ છે. આ રીતે અજ્ઞાન જ બંધનું કારણ છે; કારણકે એના અભાવમાં સ્વયં જ જ્ઞાનરૂપ હોવાવાળા જ્ઞાનીઓને બાહ્ય વ્રત, નિયમ, શીલ, તપ વગેરે શુભકર્મોનો અભાવ હોવા છતાં પણ મોક્ષનો સદ્‌ભાવ છે."

તાત્પર્ય એ જ છે કે આત્માના જ્ઞાન, શ્રદ્ધાન અને ધ્યાનથી સંયુક્ત જ્ઞાની માણસો વ્રત, તપ, શીલ વગેરે કર્યા વિના પણ મુક્ત થતા જોવામાં આવે છે અને આત્માના જ્ઞાન, શ્રદ્ધાન અને ધ્યાનથી શૂન્ય અજ્ઞાની માણસો વ્રત નિયમ વગેરેનું પાલન કરતા હોવા છતાં પણ મુક્ત નથી થતા; આ કારણથી આ સહજ રીતે જ સિદ્ધ છે કે આત્માનું જ્ઞાન, શ્રદ્ધાન અને ધ્યાનરૂપ આત્મજ્ઞાન જ મુક્તિનો એક માત્ર હેતુ છે.

અહીં એક પ્રશ્ન ઉપસ્થિત થઈ શકે છે કે જો આત્માના જ્ઞાન, શ્રદ્ધાન અને ધ્યાનના સદ્‌ભાવમાં જ્ઞાનીઓને વ્રત, નિયમ, શીલ અને તપ વગેરેના વિના પણ જો મુક્તિ પ્રાપ્ત થઈ શકે છે તો પછી તો જ્ઞાનીઓનું વિષય-વ્યાપારમાં પ્રવૃત્ત રહેવું પણ પાપ નહીં હોય; કારણકે વ્રત, નિયમ વગેરેમાં વિષય-વ્યાપારનો જ ત્યાગ હોય છે. વિષય-વ્યાપારના ત્યાગનું નામ જ વ્રત છે, નિયમ છે, શીલ છે.

આચાર્ય જયસેને પોતે જ આ જાતનો પ્રશ્ન ઉત્પન્ન કરી, તેનો તર્ક સંગત જવાબ આપ્યો છે; જે આ રીતે છે -

શંકા :- વ્રત, નિયમ, શીલ અને બહિરંગ તપનું આચરણ વગેરેના વિના પણ જો મોક્ષ થઈ શકતો હોય તો પછી સંકલ્પ-વિકલ્પ રહિત

જ્ઞાનીઓનું વિષય-વ્યાપારમાં રહેવું પણ પાપ નહીં કહેવાય અને જો તપસ્યાના અભાવમાં પણ મોક્ષ થઈ શકતો હોય તો એનાથી તો સાંખ્ય અને શૈવમતની જ સિદ્ધિ થશે.

સમાધાન :- આમ કહેવું બરાબર નથી; કારણકે આ તો અમે ઘણીવાર કહી ગયા છીએ કે નિર્વિકલ્પત્રિગુપ્તિસમાધિલક્ષણ ભેદજ્ઞાન સહિત જીવોને મોક્ષ થાય છે. આ પ્રકારના ભેદજ્ઞાન વખતે તો મન, વચન અને કાયાના તે શુભરૂપ વ્યાપાર પણ નથી રહેતા, જેને પરંપરાથી મુક્તિનું કારણ કહેવામાં આવે છે; તો પછી વિષય-કષાયરૂપ અશુભ વ્યાપારના હોવાનો સવાલ જ ક્યાં રહે છે ?

જેવી રીતે ચોખાના અંતરંગ છોતરા (લાલકણ)ના ચાલ્યા જવાથી બહિરંગ તુષ(છોતરા) રહી શકતા નથી; તેવી રીતે ચિત્તમાં સ્થિત રાગભાવના નષ્ટ થઈ જવાથી બહિરંગ વિષય-વ્યાપાર પણ જોવામાં આવતા નથી.

જેવી રીતે પરસ્પર વિરૂદ્ધ સ્વભાવવાળા હોવાથી જ્યાં શીતળતા હોય છે, ત્યાં ઉષ્ણતા નથી હોતી અને જ્યાં ઉષ્ણતા હોય છે, ત્યાં શીતલતા નથી હોતી, તેવી જ રીતે પરસ્પર વિરૂદ્ધ સ્વભાવવાળા હોવાથી જ્યાં-જ્યાં નિર્વિકલ્પસમાધિલક્ષણ ભેદવિજ્ઞાન હોય છે. ત્યાં વિષય-કષાયરૂપ વ્યાપાર નથી હોતા, અને જ્યાં વિષય-કષાયરૂપ વ્યાપાર હોય છે. ત્યાં નિર્વિકલ્પસમાધિલક્ષણ ભેદવિજ્ઞાન હોતું નથી.''

તાત્પર્ય એ છે કે મુક્તિનું સાક્ષાત કારણ તો શુદ્ધોપયોગરૂપ દશા છે અને શુદ્ધોપયોગરૂપ દશામાં જ્યારે તે શુભોપયોગ પણ નથી રહેતો. જેને પરંપરાથી મુક્તિનું કારણ કહેવામાં આવે છે; તો પછી અશુભોપયોગને રહેવાનો તો પ્રશ્ન જ નથી ઉભો થતો. શુદ્ધોપયોગ તો શુભોપયોગ અને અશુભોપયોગ તથા શુભ પ્રવૃત્તિ અને અશુભ પ્રવૃત્તિ - આ બધાના અભાવમાં ઉત્પન્ન થવાવાળી સ્થિતિ છે.

આ રીતે આ ગાથાઓમાં પણ એમ જ કહેવામાં આવ્યું છે કે જ્ઞાન જ મોક્ષનો હેતુ છે. હવે આગામી કળશમાં પણ આ વાતનું સમર્થન કરવામાં આવે છે.

(शिखरिणी)

यदेतद् ज्ञानात्मा ध्रुवमचलमाभाति भवनं
शिवस्यायं हेतुः स्वयमपि यतस्तच्छिव इति ।।
अतोऽन्यद्बंधसोय स्वयमपि यतो बंध इति तत् ।
ततो ज्ञानात्मत्वं भवनमनुभूतिर्हि विहितम् ।।१०५।।

(હરિગીત)

ધ્રુવ અચળરૂપે આતમા આ જ્ઞાનરૂપ થયો થકો,
છે મોક્ષરૂપ સ્વયં અને છે હેતુ તેથી મોક્ષનો;
છે બંધરૂપ બીજું બધું ને હેતુ તેથી બંધનું,
કરજે અનુભૂતિ જ્ઞાનની એવું વિધાન જિને કર્યું. ૧૦૫

જે આ જ્ઞાનસ્વરૂપ આત્મા ધ્રુવરૂપથી અને અચલરૂપથી જ્ઞાનસ્વરૂપ થતો - પરિણમતો દેખાય છે તે જ મોક્ષનો હેતુ છે; કારણ તે સ્વયં જ મોક્ષસ્વરૂપ છે. તેના સિવાય અન્ય જે કાંઈપણ છે, તે બંધનો હેતુ છે; કારણ કે તે સ્વયં જ બંધસ્વરૂપ છે. એટલે આગમમાં જ્ઞાનસ્વરૂપ હોવાનું, જ્ઞાનસ્વરૂપ પરિણમિત હોવાનું અર્થાત્ આત્માની અનુભૂતિ કરવાનું જ વિધાન છે.

આ કળશમાં એ જ કહેવામાં આવ્યું છે કે જ્ઞાનાનંદસ્વભાવી, ત્રિકાળીધ્રુવ, અચળ, જિનભગવાન આત્માનો અનુભવ જ મુક્તિરૂપ છે, મુક્તિનો માર્ગ છે. એના સિવાયનું બીજું જે કાંઈ શુભાશુભ આચરણ છે; તે બધા બંધરૂપ છે, બંધનું કારણ છે. આ જ કારણ છે કે જિનાગમમાં આત્માના અનુભવની પ્રેરણા આપવામાં આવી છે.

આ છંદનો ભાવાનુવાદ નાટક સમયસારમાં બનારસીદાસજી આ પ્રકારે કરે છે.

(सवैया तेईसा)

मोख सरूप सदा चिनमूरति, बंधमई करतूति कही है ।
जावतकाल बसै जहाँ चेतन, तावत सो रस रीति गही है ।

आतमकौ अनुभौ जबलौं, तबलौं सिवरूप दसा निबही है ।
अंध भयौ करनी जब ठानत, बंध विथा तब फैल रही है ॥

ચૈતન્યમૂર્તિ ભગવાન આત્મા સદા મુક્તસ્વરૂપ જ છે અને કરણી અર્થાત્ શુભાશુભ ભાવરૂપ વિભાવપરિણતિ બંધસ્વરૂપ છે. આ ચેતન જેટલો સમય જ્યાં રહે છે, તેટલો સમય એના જ રસની રીતિ ગ્રહણ કરે છે. તેના જ રસરૂપ પરિણમિત થાય છે. જ્યાં સુધી આત્માના અનુભવમાં રહે છે; ત્યાં સુધી ચેતનની મુક્તરૂપ દશાનો નિર્વાહ થાય છે અને આંધળો બની જ્યારે કર્તૃત્વમાં આવી જાય છે. ત્યારે બંધનના ચક્કરમાં પડી જાય છે, બંધની વ્યથા ફેલાવવા લાગે છે.

આ રીતે આ કળશમાં બે ટૂંકા શબ્દોમાં આ વાત સ્પષ્ટ કરી દેવામાં આવી છે કે મુક્તિનો માર્ગ એકમાત્ર આત્માનો અનુભવ છે; આત્માનુભૂતિ છે; બાકી બધા શુભાશુભ ભાવ પુણ્ય-પાપ બંધના કારણ છે.

વસ્તુસ્થિતિ આટલી સ્પષ્ટ હોવા છતાં પણ અજ્ઞાની લોકો પુણ્યની ઈચ્છા કરે છે - આ વાતને આગામી ગાથામાં કહે છે.

જ્ઞાનગોષ્ઠી

પ્રશ્ન:- સવિકલ્પ દ્વારા નિર્વિકલ્પ થાય છે ?

ઉત્તર:- સવિકલ્પ દ્વારા નિર્વિકલ્પ થતો નથી પણ કહેવાય ખરું કેમકે વિકલ્પને છોડીને નિર્વિકલ્પમાં જાય તે બતાવવા સવિકલ્પ દ્વારા એમ કહેવાય છે. રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં રોમાંચ ખડા થાય છે તેમ આવે છે. એટલે કે વીર્ય અંદર જવા ઉછળે છે તે બતાવવું છે.

- આત્મધર્મ અંક ૩૯૧, મે ૧૯૭૬, પૃષ્ઠ ૩૦

સમયસાર ગાથા ૧૫૪

परमट्ठबाहिरा जे ते अण्णाणेण पुण्णमिच्छंति ।
संसारगमणहेदुं पि मोक्खहेदुं, अजाणंता ॥१५४॥

(હરિગીત)

પરમાર્થબાહ્ય જીવો અરે ! જાણે ન હેતુ મોક્ષનો,
અજ્ઞાનથી તે પુણ્ય ઈચ્છે હેતુ જે સંસારનો. ૧૫૪.[1]

જે જીવો પરમાર્થથી બાહ્ય છે, તેઓ મોક્ષનો વાસ્તવિક હેતુ ન જાણતા હોવાથી અજ્ઞાનથી સંસારગમનનો હેતુ હોવા છતાં મોક્ષનો હેતુ સમજી પુણ્યને ઈચ્છે છે.

આ ગાથામાં એમ કહેવામાં આવ્યું છે કે જે જીવ પરમાર્થથી બાહ્ય છે અર્થાત્ આત્માના વાસ્તવિક સ્વરૂપને નથી જાણતા; તે જીવ મુક્તિ પ્રાપ્ત કરવાનો વાસ્તવિક ઉપાય તો જાણતા નથી અને જે પુણ્ય સંસાર પરિભ્રમણનું કારણ છે. તેને જ મુક્તિનો માર્ગ સમજી ચાલવા લાગે છે. તેને જ અપનાવીને એમ સમજે છે કે અમે મુક્તિ માર્ગમાં ચાલી રહ્યા છીએ - આવા જીવોને ક્યારેય પણ મુક્તિની પ્રાપ્તિ સંભવ નથી.

આ ગાથાનો ભાવ આત્મખ્યાતિમાં આ રીતે સ્પષ્ટ કરવામાં આવ્યો છે -

---

૧. સમયસાર (ગુજરાતી) પાનું ૨૪૭

''સમસ્ત કર્મના પક્ષના ક્ષયથી પ્રાપ્ત થવાવાળા આત્મલાભરૂપ મોક્ષની અભિલાષા કરીને તથા મોક્ષના કારણભૂત સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સ્વભાવવાળી તથા પરમાર્થભૂત જ્ઞાનભવનમાત્ર એકાગ્રતા લક્ષણવાળી સમયસારસ્વરૂપ સામાયિકની પ્રતિજ્ઞા કરીને પણ જે જીવ દુરન્તકષાયચક્રને પાર કરવાની નપુંસકતાને કારણે પરમાર્થભૂત જ્ઞાનના ભવનમાત્ર સામાયિકસ્વરૂપ આત્મસ્વભાવને પ્રાપ્ત ન થતાં, અત્યંત સ્થૂલ સંકલેશપરિણામરૂપ કર્મોમાં નિવૃત થયેલ હોવા છતાં પણ અત્યંત સ્થૂલ વિશુદ્ધપરિણામરૂપ કર્મોમાં પ્રવૃત રહે છે; તેઓ કર્મના અનુભવના ગુરૂત્વ-લઘુત્વની પ્રાપ્તિ માત્રથી જ સંતુષ્ટ ચિત્ત થયેલા હોવા છતાં પણ સ્વયં જ સ્થૂળલક્ષવાળા થઈ સંકલેશ પરિણામોને છોડતા હોવા છતાં પણ સમસ્ત કર્મકાંડને જડમૂળથી નથી ઉખેડતા.

આ રીતે તેઓ સ્વયં પોતાના અજ્ઞાનથી કેવળ અશુભકર્મને બંધનું કારણ માની; વ્રત નિયમ, શીલ, તપ વગેરે શુભકર્મોને; બંધનું કારણ હોવા છતાં પણ, તેમને બંધનું કારણ ન માની મોક્ષના કારણરૂપથી અંગીકાર કરે છે અર્થાત્ મોક્ષના કારણરૂપમાં તેમનો આશ્રય કરે છે.''

ટીકામાં આચાર્યદેવ તે મુનિરાજોની ચર્ચા કરી રહ્યા છે. જેમને મુક્તિ પ્રાપ્ત કરવાની અભિલાષા પણ છે અને મુક્તિ પ્રાપ્ત કરવા માટે દિક્ષા લેતી વખતે આત્મામાં એકાગ્રતા લક્ષણવાળા શુદ્ધોપયોગ (સામાયિક) રૂપ મુનિધર્મને અંગીકાર કર્યો હતો; તેની જ પ્રતિજ્ઞા કરી હતી; પરંતુ પોતાના પુરુષાર્થની કમજોરીને કારણે તેને પ્રાપ્ત કરી શકયા નથી. જોકે તે મુનિરાજ અત્યંત સ્થૂલ સંકલેશ પરિણામોથી નિવૃત થઈ ગયા છે; તો પણ અત્યંત સ્થૂલ વિશુદ્ધપરિણામવાળા કર્મોમાં રત છે અને તેમાં જ સંતુષ્ટ છે; એમ માની રહ્યા છે કે અમે ધર્મ કરી રહ્યા છીએ, આનાથી જ અમને મુક્તિની પ્રાપ્તિ થશે.

આવા સ્થૂલલક્ષ્યવાળા તે મુનિરાજ અશુભભાવો અને અશુભકાર્યોને છોડીને પણ સમસ્ત કર્મકાંડને જડમૂળથી નથી ઉખેડતા અને શુભભાવોને મુક્તિનું કારણ માની તેમાં જ પ્રવૃત રહે છે.

ટીકાનો ભાવ સ્પષ્ટ કરતાં પંડિત જયચંદજી છાબડા ભાવાર્થમાં લખે છે.

"કેટલાય અજ્ઞાની લોકો દીક્ષા લેતી વખતે સામાયિકની પ્રતિજ્ઞા કરે છે પરંતુ સુક્ષ્મ એવા આત્મસ્વભાવની શ્રદ્ધા, લક્ષ તથા અનુભવ નહિ કરી શકવાથી, સ્થૂલ લક્ષ્યવાળા તે જીવો સ્થૂલ સંકલેશ પરિણામોને છોડીને એવા જ સ્થૂલ વિશુદ્ધપરિણામોમાં (શુભ પરિણામોમાં) રાચે છે (સંકલેશ પરિણામ તેમ જ વિશુદ્ધ પરિણામ બંને અત્યંત સ્થૂલ છે; આત્મસ્વભાવ જ સૂક્ષ્મ છે.) આ રીતે તેઓ - જોકે વાસ્તવિક રીતે સર્વ કર્મરહિત આત્મસ્વભાવનું અનુભવન જ મોક્ષનું કારણ છે, તો પણ - કર્માનુભવના બહુપણા-થોડાપણાને જ બંધ-મોક્ષનું કારણ માનીને વ્રત, નિયમ, શીલ, તપ વગેરે શુભ કર્મોનો મોક્ષના હેતુ તરીકે આશ્રય કરે છે."

આના સંદર્ભમાં પૂજ્ય ગુરુદેવનું સ્પષ્ટીકરણ પણ જાણવા જેવું છે જે આ રીતે છે.

"જુઓ, આચાર્ય કહે છે બધા પાપ-પુણ્યના ભાવોનો નાશ કરવાથી આત્મલાભની પ્રાપ્તિ થાય છે. આ આત્મોપલબ્ધિ જ મોક્ષ છે. જગતમાં કેટલાય જીવો આ મોક્ષને ઈચ્છતા હોવા છતાં પણ મોક્ષના કારણભૂત જે સામાયિક છે, તેને નથી જાણતા. આ સામાયિક સમ્યક્‌દર્શન-જ્ઞાન-ચારિત્ર સ્વભાવવાળા પરમાર્થભૂત જ્ઞાનનું ભવનમાત્ર છે. પૂર્ણાનંદમય આત્માના જ્ઞાન-શ્રદ્ધાન અથવા રમણતારૂપ જે ભવન-પરિણમન છે, તે જ સામાયિક છે. આવી સામાયિક શુભરાગના સુક્ષ્મ વિકલ્પોના પણ અભાવરૂપ છે. શુભરાગરૂપ વિકલ્પ સામાયિક નથી. વિકલ્પમાત્રમાં સામાયિકની નાસ્તિ છે અને સામાયિકમાં વિકલ્પોની નાસ્તિ છે. પરમાર્થભૂત જ્ઞાન અર્થાત્ આત્માનું ભવન માત્ર જ સામાયિક છે.[1]

સામાયિક સમ્યક્‌દર્શન-જ્ઞાન-ચારિત્ર સ્વભાવવાળા પરમાર્થભૂત જ્ઞાનનું ભવન માત્ર છે - એક વાત તો આ થઈ, બીજી વાત એ છે કે

---

૧. પ્રવચનરત્નાકર (હિંદી) ભાગ ૫, પાનું ૧૦૫-૧૦૬

તે સામાયિક સ્વરૂપમાં એકાગ્રતારૂપ છે. પોતાના ધ્રુવ એક ચૈતન્યસ્વરૂપને અગ્ર (મુખ્ય) બનાવવાથી આત્મામાં જે વીતરાગતા અને અતીન્દ્રિય આનંદરૂપ પરિણમન થાય છે, તે એકાગ્રતા લક્ષણવાળુ પરિણામ જ સામાયિક છે. જેને તે સામાયિક પરિણામની તો ખબર નથી અને આસન બિછાવી એક જગ્યાએ બેસી જવાથી એમ માને છે કે મારી સામાયિક થઈ ગઈ તો એની આ માન્યતા મિથ્યા છે.[1]

ભાઈ ! સામાયિક તો સમયસાર સ્વરૂપ છે દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મથી રહિત સમયસાર સ્વરૂપ આત્માનો અનુભવ જ સામાયિક છે. એક સચ્ચિદાનંદસ્વરૂપ ભગવાન આત્માના આશ્રયથી ચૈતન્ય અને આનંદરૂપ ભવન-પરિણમન જ સામાયિક છે.[2]

જ્ઞાનાનંદસ્વભાવી શુદ્ધ ચૈતન્ય ધાતુમય ભગવાન આત્માનું અનુસરણ કરવાથી જે શુદ્ધ પરિણમન થાય છે, તેને સામાયિક કહે છે. તેમ જ રાગનું અનુસરણ કરવાથી જે પરિણમન થાય છે, નપુંસકતા છે, તે પુરુષાર્થ નથી. જેવી રીતે પાપને છોડ્યું. તેવી રીતે પુણ્યને પણ છોડીને શુદ્ધાત્માનું અનુસરણ કરવાનો જે પુરુષાર્થ છે તે જ સામાયિક છે.[3]

જુઓ, અહીં વ્રત, તપ, પુજા, ભક્તિ વગેરે શુભભાવોને અત્યંત સ્થૂલ અને જડ કહ્યા છે. ગાથા ૭૨માં પણ તેને અશુચિ, અચેતન અને દુઃખનું કારણ કહ્યા હતા. આ રીતે એ સિદ્ધ થાય છે કે શુભરાગ મોક્ષનું કારણ નથી.

આચાર્યદેવે અહીં શુભભાવને લઘુકર્મ અને અશુભભાવને ગુરૂકર્મ કહ્યા છે. અશુભ જે ગુરૂકર્મ છે. તેને અજ્ઞાની એ અનેક વાર છોડ્યા, પણ જે લઘુ-હલકા સ્થૂલ શુભભાવ છે. તેને સંચિત કરતો રહે છે, જ્યારે

---

૧. પ્રવચનરત્નાકર (હિંદી) ભાગ ૫, પાનું ૧૦૬
૨. પ્રવચનરત્નાકર (હિંદી) ભાગ ૫, પાનું ૧૦૬
૩. પ્રવચનરત્નાકર (હિંદી) ભાગ ૫, પાનું ૧૦૭

બંને જ કર્મ છે, વિકાર છે, દોષ છે. અજ્ઞાની દોષને દોષરૂપ ન જોતા શુભભાવરૂપ કર્મને ઠીક માની સંતુષ્ટ ચિત્ત થઈ, તેમાં મિઠાસનો અનુભવ કરે છે. તેથી અતીન્દ્રિય આનંદની પ્રાપ્તિનો પુરુષાર્થ નથી કરતા. આ રીતે તેઓ સ્થૂલ લક્ષ્યવાળા થઈ સમસ્ત કર્મકાંડને મૂળથી ઉખેડતા નથી.[૧]

અહીં તો એમ કહે છે કે અજ્ઞાની શુભભાવમાં વર્તે છે, તે કારણથી તે સ્થૂલ લક્ષ્યવાળો છે; કારણ કે સુક્ષ્મ ચૈતન્યના લક્ષ્યનો તેનામાં અભાવ છે. આવી સ્થિતિમાં તેને સામાયિક કેવી રીતે થઈ શકે ? ભલે તે સામાયિકની પ્રતિજ્ઞા લઈ બેસી જાય, અને નમોકાર મંત્ર અને પંચ પરમેષ્ઠીની સ્તુતિ વગેરેનો પાઠ કરે પણ એનાથી શું ? ભગવાન પંચપરમેષ્ઠી નિજ આત્મદ્રવ્યથી ભિન્ન પરદ્રવ્ય છે. અને પરદ્રવ્યનું સ્મરણ સ્થૂલ શુભરાગ છે. તે શુભરાગથી જ્ઞાનનું ભવન માત્ર સામાયિક કેવી રીતે થઈ શકે ?[૨]

જુઓ, શુભ અને અશુભ બંને પરિણામોને સ્થૂલ કહ્યા અને એનાથી ભિન્ન આત્મસ્વભાવને અથવા જ્ઞાયકભાવને સુક્ષ્મ કહ્યો છે. અશુભભાવ જેવો સ્થૂલ છે તેવો જ સ્થૂલ શુભભાવ છે બંધની અપેક્ષાએ બંને એક જ છે.''[૩]

ઉક્ત સંપૂર્ણ કથનનું તાત્પર્ય એ જ છે કે કર્મક્ષયનો મૂળહેતુ તો નિજભગવાન આત્માના જ્ઞાન, શ્રદ્ધાન અને ધ્યાનરૂપ સામાયિક અથવા શુદ્ધોપયોગ જ છે, શુભાશુભભાવ નથી; કારણ કે શુભાશુભભાવ તો કર્મબંધનું કારણ છે. અજ્ઞાની જીવ આ વાતને તો ઉંડાણથી સમજતા નથી અને પુણ્યભાવને જ કર્મક્ષયનો હેતુ જાણી તેમાં જ મગ્ન રહે છે.

આચાર્ય જયસેન અહીં પુણ્યાધિકારને સમાપ્ત માને છે. આ ગાથાની ટીકાના અંતમાં તેઓ લખે છે –

---

૧. પ્રવચનરત્નાકર (હિંદી) ભાગ ૫, પાનું ૧૦૮
૨. પ્રવચનરત્નાકર (હિંદી) ભાગ ૫, પાનું ૧૦૮
૩. પ્રવચનરત્નાકર (હિંદી) ભાગ ૫, પાનું ૧૧૦

''एवं गाथादशकेन पुण्याधिकार समाप्तः

- આ રીતે આ દસ ગાથાઓ દ્વારા આ પુણ્યાધિકાર પુરો થયો.''

ધ્યાન રહે કે આચાર્ય જયસેન અહીં પુણ્યાધિકારની સમાપ્તિની સૂચના દઈ રહ્યા છે. પુણ્ય-પાપાધિકારની સમાપ્તિની નહીં; કારણ કે પુણ્ય-પાપાધિકારની સમાપ્તિ તો તેઓ પણ આચાર્ય અમૃતચંદ્રની જેમ અહીંથી નવ ગાથાઓ પછી ૧૬૩મી ગાથા પર જ કરશે.

જ્ઞાનગોષ્ઠી

પ્રશ્ન:- જ્ઞાન વગરનો વૈરાગ્ય તે રુંધાયેલો કષાય છે ?

ઉત્તર:- હા, આત્માના જ્ઞાન-ભાન વિનાના કષાયની મંદતાના વૈરાગ્યરૂપ પરિણામમાં કષાય દબાયેલો છે, કષાય ટળ્યો નથી. એ દબાયેલો-રુંધાયેલો કષાય ફાટશે ત્યારે નરક નિગોદમાં ચાલ્યો જશે. ભલે બહારથી રાજપાટ સ્ત્રી પુત્રાદિ છોડ્યા હોય પણ આત્માના ભાન વિનાનો કષાય ટળતો નથી, દબાય છે અને કાળક્રમે ફાટતા તીવ્ર કષાય થાય છે.

- આત્મધર્મ અંક ૪૨૯, જુલાઈ ૧૯૭૯, પૃષ્ઠ ૨૯

પ્રશ્ન:- સમ્યગ્દર્શન થયા પછી સાધુપણા માટે વ્રતાદિ તો કરવા પડશે ને ?

ઉત્તર:- ભાઈ ! સાધુપણું બહારથી કે વ્રતાદિના વિકલ્પોથી આવતું નથી, અતીન્દ્રિય આનંદની જમાવટ થાય તે સાધુપણું છે, પણ વ્રતાદિ કરવા પડે તે સાધુપણું નથી. આનંદની ઉગ્ર જમાવટ થતાં વ્રતાદિના વિકલ્પો પણ સહજ હોય છે પણ અંદરમાં સ્થિરતા થવી તે સાધુપણું છે.

- આત્મધર્મ અંક ૪૦૯ નવેમ્બર ૧૯૭૭, પૃષ્ઠ ૧૯

સમયસાર ગાથા ૧૫૫

૧૫૪મી ગાથામાં ખુબ દઢતાથી એમ કહેવામાં આવ્યું છે કે શુભાશુભ ભાવ મુક્તિના હેતુ નથી; એટલે એ જિજ્ઞાસા જાગૃત થવી સ્વાભાવિક છે કે મુક્તિનો વાસ્તવિક હેતુ શું છે ? આ જિજ્ઞાસાને શાંત કરવા માટે જ આ ગાથા લખવામાં આવી છે; જે આ રીતે છે. -

जीवादीसद्दहणं सम्मत्तं तेसिमधिगमो णाणं ।
रागादीपरिहरणं चरणं एसो दु मोक्खपहो ॥१५५॥

(હરિગીત)

જીવાદિનું શ્રદ્ધાન સમકિત, જ્ઞાન તેમનું જ્ઞાન છે,
રાગાદિ-વર્જન ચરણ છે, ને આ જ મુક્તિપંથ છે. ૧૫૫[1]

જીવાદિ પદાર્થોનું શ્રદ્ધાન સમ્યક્ત્વ છે તે જીવાદિ પદાર્થોનો અધિગમ (જાણવું) જ્ઞાન છે અને રાગાદિનો ત્યાગ ચારિત્ર છે; - આ જ મોક્ષનો માર્ગ છે.

આ એક સીધી-સાદી, સહજ, સરળ, સુબોધ ગાથા છે; જેમાં સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્રનું સ્વરૂપ સમજાવવામાં આવ્યું છે અને આ ત્રણેની એકતાને મોક્ષમાર્ગ બતાવવામાં આવ્યો છે.

આ ગાથાની આત્મખ્યાતિ ટીકામાં આચાર્ય અમૃતચંદ્ર સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર આ ત્રણેય ને જ જ્ઞાન પર ઘટિત કરે છે;

---

૧. સમયસાર (ગુજરાતી) પાનું ૨૪૯

કારણ કે પહેલેથી તેઓ કહેતા આવ્યા છે કે જ્ઞાન જ મોક્ષનો હેતુ છે. ઉક્ત કથનોથી આ કથનની સંગતિ બેસાડવાનો આ એક સફળ પ્રયાસ છે. એમનું મુળ કથન આ પ્રમાણે છે -

''વસ્તુતઃ મોક્ષનું કારણ સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર છે. તેમાં જીવાદિપદાર્થોનું શ્રદ્ધાનસ્વભાવરૂપ જ્ઞાનનું થવું - પરિણમવું સમ્યક્દર્શન છે, જીવાદિ પદાર્થોનું જ્ઞાનસ્વરૂપ જ્ઞાનનું થવું - પરિણમવું તે સમ્યક્જ્ઞાન છે; અને રાગાદિના ત્યાગસ્વભાવરૂપ જ્ઞાનનું થવું - પરિણમવું તે સમ્યક્ચારિત્ર છે. તેથી આ રીતે એમ ફલિત થયું કે સમ્યક્દર્શન-સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ ત્રણેય એકલા જ્ઞાનનું ભવન (પરિણમન) જ છે. માટે જ્ઞાન જ પરમાર્થે મોક્ષનું કારણ છે.''

આચાર્ય અમૃતચંદ્રની ઉક્ત વ્યાખ્યાનું ઔચિત્ય સિદ્ધ કરતા પંડિત જયચંદજી છાબડા ભાવાર્થમાં લખે છે -

''આત્માનું અસાધારણ સ્વરૂપ જ્ઞાન છે, અને આ પ્રકરણમાં જ્ઞાનને જ પ્રધાન કરી વિવેચન કરવામાં આવ્યું છે. એટલે 'સમ્યક્દર્શન, જ્ઞાન અને ચારિત્ર - આ ત્રણેય સ્વરૂપે જ્ઞાન જ પરિણમિત થાય છે.' - એમ કહીને જ્ઞાન ને જ મોક્ષનું કારણ કહ્યું છે જ્ઞાન છે તે અભેદ વિવક્ષામાં આત્મા જ છે. - એમ કહેવામાં કાંઈપણ વિરોધ નથી; એટલે ટીકામાં કેટલેક સ્થળે આચાર્યદેવે જ્ઞાનસ્વરૂપ આત્માને 'જ્ઞાન' શબ્દથી કહ્યો છે.''

ઉક્ત સંદર્ભમાં પૂજ્ય ગુરુદેવનું સ્પષ્ટીકરણ આ રીતે છે.

''જીવાદિ સાત તત્વોનું શ્રદ્ધાન સમ્યક્દર્શન - આ 'એકેન્દ્રિય વગેરે જીવ છે અને ઘટ-પટાદિ અજીવ છે' - એવા શ્રદ્ધાનની વાત નથી, પરંતુ જીવ જ્ઞાયકભાવરૂપ છે. વીતરાગસ્વભાવી છે. રાગસ્વભાવ અને કર્મસ્વભાવરૂપ નથી એવા સ્વભાવ-વિભાવની ભિન્નતાના શ્રદ્ધાનરૂપ સમકિતની વાત છે.

શ્રદ્ધાન સ્વભાવથી જ્ઞાનનું થવું - એમ જે ટીકામાં કહ્યું છે, ત્યાં જ્ઞાનનો અર્થ આત્મા છે. તે પ્રકરણમાં આત્મા ન કહી જ્ઞાન કહેવાનું પ્રયોજન રાગાદિ વિકારથી રહિત આત્માનું જ્ઞાનરૂપ પરિણમન છે.

હવે કહે છે કે જીવાદિ પદાર્થોના જ્ઞાનસ્વભાવથી જ્ઞાનનું થવું - પરિણમવું જ્ઞાન છે.

જુઓ, અહીં શાસ્ત્રજ્ઞાનની વાત નથી, તે તો પરલક્ષી જ્ઞાન છે. અહીં તો આત્માના જ્ઞાનના અંતરમાં સ્વ-સંવેદનરૂપ સ્વના પ્રત્યક્ષ જ્ઞાનરૂપ હોવાને જ્ઞાન કહ્યું છે જ્ઞાનસ્વભાવી ભગવાન આત્મા જે પોતાના સ્વરૂપથી જ્ઞાનરૂપ પરિણમે છે. તેને જ્ઞાન કહે છે અને તે વીતરાગી પર્યાય છે. ભાઈ! ત્રિલોકીનાથ વીતરાગ સર્વજ્ઞદેવે ઈન્દ્રો અને ગણધરોની વચ્ચે ધર્મસભામાં જે કહ્યું - તે આ જ વાત છે.

આત્માનું જીવાદિ પદાર્થોના જાણવારૂપ પરિણમવું અથવા નિજજ્ઞાયકના લક્ષ્યથી જ્ઞાનપર્યાયરૂપ પરિણમવું જ સમ્યગ્જ્ઞાન છે. પુણ્ય-પાપથી રહિત શુદ્ધ નિજજ્ઞાયકને જાણવાવાળું અર્થાત્ જ્ઞાયકના લક્ષ્યથી પરિણમન કરવાવાળું જ્ઞાન પુણ્ય-પાપના ભાવોથી રહિત છે. ભાઈ! આ સમ્યક્જ્ઞાનની પર્યાય વીતરાગી પર્યાય છે.[1]

હવે કહે છે કે રાગાદિના ત્યાગસ્વભાવથી જ્ઞાનનું હોવું પરિણમવું ચારિત્ર છે.

જુઓ પાંચ મહાવ્રતોના પાલનનું પરિણામ, અઠ્ઠાવીસ મૂળગુણ પાલન કરવાનું પરિણામ રાગ છે. અવ્રતનું પરિણામ પાપભાવ છે. વ્રતનું પરિણામ પુણ્યભાવ છે. આ બંનેના ત્યાગભાવરૂપ જ્ઞાનનું થવું અર્થાત્ આત્માનું થવું - પરિણમવું ધર્મ છે. અહીં આત્મા જ્ઞાનસ્વભાવથી અંતરમાં એકાગ્ર થઈ પરિણમે છે. તે સહજ જ રાગરૂપ નથી હોતો.

---

૧. પ્રવચનરત્નાકર (હિંદી) ભાગ ૫, પાનું ૧૧૫-૧૧૬

આ પરિણમન જ રાગના અભાવરૂપ છે તથા તે જ સમ્યક્ચારિત્ર છે. ''આ રાગ છે, હું એને છોડું છું'' - એવું નથી થતું પરંતુ જ્યારે પરિણામ સ્વરૂપમાં લીન થઈ સ્થિર થાય છે, ત્યારે રાગની ઉત્પત્તિ જ નથી થતી. આ જ સ્વરૂપના આચરણરૂપ ચારિત્ર છે.[૧]

આ રીતે સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર - ત્રણે એક જ્ઞાનનું જ ભવન (પરિણમન) છે. એટલે જ્ઞાન જ પરમાર્થ (વાસ્તવિક) મોક્ષનું કારણ છે.''[૨]

આચાર્ય જયસેન તાત્પર્યવૃતિમાં આ ગાથામાં સમાયેલ વિષય-વસ્તુને નિશ્ચય-વ્યવહારની સંધિપૂર્વક આ રીતે સ્પષ્ટ કરે છે.

''જીવાદિ નવ પદાર્થોનું વિપરીતાભિનિવેશ રહિત શ્રદ્ધાન સમ્યક્દર્શન છે; આ જ પદાર્થોનું સંશય, વિપર્યય અને અનધ્યવસાય રહિત સુનિશ્ચિત જ્ઞાન સમ્યક્જ્ઞાન છે. અને ઉકત સમ્યક્દર્શન-જ્ઞાનપૂર્વક રાગાદિનો પરિહાર સમ્યક્ચારિત્ર છે - આ વ્યવહાર મોક્ષમાર્ગ છે. અથવા ભૂતાર્થનયથી જાણેલા આ જ નવપદાર્થોનું શુદ્ધાત્માથી ભિન્ન અવલાંકન કરવું અર્થાત્ તે પદાર્થોથી ભિન્ન પોતાના આત્માનું અવલોકન કરવું નિશ્ચય સમ્યક્ત્વ છે, ભિન્ન જાણવું નિશ્ચય સમ્યક્જ્ઞાન છે, અને આ બંને રાગાદિ વિકલ્પોથી રહિત થઈ નિજ શુદ્ધાત્મામાં રહેવું નિશ્ચય સમ્યક્ચારિત્ર છે, અને આ જ નિશ્ચય મોક્ષમાર્ગ છે.''

આચાર્ય જયસેનની ઉકત ટીકા પર સમયસાર ગાથા ૧૩ તેમ જ આચાર્ય અમૃતચંદ્રના પુરૂષાર્થસિદ્ધીઉપાય નામના ગ્રંથમાં સમાગત સમ્યક્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રની પરિભાષાઓની છાયા વિદ્યમાન છે. લાગે છે કે આચાર્ય જયસેને તેમના જ ભાવને અહીં પ્રસ્તુત કરી દીધા છે.

પુરૂષાર્થસિદ્ધિઉપાયમાં સમાગત તે પરિભાષાઓ આ રીતે છે.

जीवाजीवादीनां तत्त्वार्थानान सदैव कर्त्तव्यम् ।
श्रद्धानं विपरीताभिनिवेश विविक्तमात्मरूपं तत् ॥२२॥

---

૧. પ્રવચનરત્નાકર (હિંદી) ભાગ ૫, પાનું ૧૧૯
૨. પ્રવચનરત્નાકર (હિંદી) ભાગ ૫, પાનું ૧૨૦

कर्त्तव्योऽध्यवसायः सदनेकान्तात्मकेषु तत्त्वेषु ।
संशयविपर्य्ययानध्यवसायविविक्तमात्मरूपं तत् ॥३५॥

चारित्रं भवति यतः समस्तसावद्ययोगपरिहरणात् ।
सकलकषायविमुक्तं विशदमुदासीनमात्मरूपं तत् ॥३९॥

જીવાજીવાદિ તત્વાર્થોનું વિપરીતાભિનિવેશથી રહિત શ્રદ્ધાન હમેંશા જ કરવું જોઈએ; કારણ કે તે આત્માનું સ્વરૂપ છે.

અનેકાંતસ્વરૂપ તત્વોનો સંશય, વિપર્યય અને અનધ્યવસાય રહિત નિર્ણય કરવાનો અધ્યવસાય (પ્રયત્ન) જરૂર કરવો જોઈએ; કારણ કે તે સમ્યક્જ્ઞાન છે અને આત્માનું નિજરૂપ છે. સમસ્ત સાવદ્યના ત્યાગથી થવાવાળા, સંપૂર્ણ કષાયોથી રહિત, પરપદાર્થોથી ઉદાસીન, નિર્મળ ચારિત્ર આત્મસ્વરૂપ હોય છે.

સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્રની પરિભાષા બતાવનારા ઉપરના ત્રણેય છંદોનું અંતિમ પદ 'आत्मरूपं तत्' છે, જે એ બતાવે છે કે ત્રણેય આત્મરૂપ છે, આત્માના સ્વરૂપ જ છે.

એમની આત્મરૂપતા એમના નિશ્રયસ્વરૂપને બતાવે છે, અને બાકીના વિશેષણો એમના વ્યવહારરૂપને બતાવનારા છે. આ રીતે આ પરિભાષાઓમાં નિશ્રય અને વ્યવહાર બંને પ્રકારની પરિભાષાઓ આવી જાય છે.

કારણ જે કાંઈપણ રહ્યું હોય, પણ આ ગાથાઓની ટીકા કરતી વખતે આચાર્ય જયસેન આત્મખ્યાતિનું અનુકરણ ન કરતા આચાર્ય અમૃતચંદ્રની અન્ય કૃતિ પુરૂષાર્થસિદ્ધિઉપાયનું અનુકરણ કરતા જોવામાં આવે છે.

આ રીતે આ ગાથામાં એ સુનિશ્રિંત કરી દેવામાં આવ્યું છે કે મુક્તિનું કારણ એક ત્રિકાળી ધ્રુવ નિજ ભગવાન આત્મા અથવા તેના આશ્રયથી ઉત્પન્ન થવાવાળી રત્નત્રયરૂપ પરિણતિ છે.

હવે આગામી ગાથામાં એ સ્પષ્ટ કરશે કે આનાથી અન્ય જે પણ શુભાશુભભાવ, પુણ્ય-પાપના પરિણામ અને તેના સંબંધી પ્રવૃત્તિઓ, જેને અહીં કર્મ નામ આપવામાં આવ્યું છે, તે મુક્તિનું કારણ નથી.

જ્ઞાનગોષ્ઠી

પ્રશ્ન:- ભાવલિંગી મુનિઓને છઠ્ઠા ગુણસ્થાને શુભભાવ આવે છે, તો તે પણ મોક્ષમાર્ગ છે ? શું તેને તે ભલો અને સુખરૂપ લાગે છે ? જો નહિં તો કેમ ?

ઉત્તર:- ભાવલિંગી મુનિઓને છઠ્ઠા ગુણસ્થાને શુભરાગ આવે છે તે પ્રમાદ છે, શાસ્ત્રમાં તેને જગપંથ કહ્યો છે. સ્વરૂપમાં ઠરી જવું એ જ મુનિદશા છે, એમાંથી શુભરાગમાં આવવું ગોઠતું નથી. જેમ ચક્રવર્તીને પોતાના સુખદાયી મહેલમાંથી બહાર આવવું ગમતું નથી તેમ ચૈતન્યમહેલમાં જે વિશ્રાંતિથી બેઠા છે તેને એ સુખદાયી ચૈતન્ય મહેલમાંથી બહાર આવવું ગમતું નથી. અશુભરાગ તો પાપરૂપ ઝેર છે પણ શુભરાગ પણ દુ:ખરૂપ બંધન છે. આત્મા અતીન્દ્રિય જ્ઞાનાનંદની મૂર્તિ છે એવા સ્વરૂપની ઓળખાણ થઈ છે તેને સ્વરૂપમાંથી બહાર આવવું ગમતું નથી. જેને ૯૬ હજાર રાણીઓ, ૯૬ કરોડ ગામ ને ૧૬ હજાર દેવો સેવા કરનાર છે એવી સાહ્યબીમાં પડેલાં ચક્રવર્તી મળને છોડે તેમ વિભૂતિને ક્ષણમાં છોડી આનંદનો ઉગ્ર સ્વાદ લેવા વનમાં ચાલી નીકળે છે. એ અતીન્દ્રિય આનંદનો ઉગ્ર-પ્રચુર સ્વાદ લેવા વનમાં ચાલી નીકળે છે. એ અતીન્દ્રિય આનંદનો ઉગ્ર-પ્રચુર સ્વાદ લેનારને શુભરાગમાં આવવું મુશ્કેલ લાગે છે, બોજો લાગે છે, બહાર આવવું ગમતું નથી. શાસ્ત્ર રચવાનો કે ઉપદેશ દેવાનો વિકલ્પ આવે છે પણ તે બોજારૂપ લાગે છે.

- આત્મધર્મ અંક ૪૧૮, ઓગષ્ટ ૧૯૭૮ પૃષ્ઠ ૨૩/૨૪

સમયસાર ગાથા ૧૫૬

મોત્તૂણ ણિચ્છયટ્ઠં વવહારેણ વિદુસા પવટ્ટંતિ ।
પરમટ્ઠમસ્સિદાણ દુ જદીણ કમ્મક્ખઓ વિહિઓ ॥૧૫૬॥

(હરિગીત)

વિદ્વજ્જનો ભૂતાર્થ તજી વ્યવહારમાં વર્તન કરે,
પણ કર્મક્ષયનું વિધાન તો પરમાર્થ-આશ્રિત સંતને. ૧૫૬[1]

વિદ્વાન લોકો નિશ્ચયનયના વિષયભૂત નિજ ભગવાન આત્મારૂપ પરમ-અર્થને છોડી વ્યવહારમાં પ્રર્વતે છે; પરંતુ કર્મોનો નાશ તો નિજ ભગવાન આત્મારૂપ પરમ-અર્થનો આશ્રય લેવાવાળા યતીશ્વરો (મુનિરાજો) ને જ કહેવામાં આવ્યો છે.

આ ગાથાનો અર્થ એમ પણ કરવામાં આવે છે કે - વિદ્વાન લોકો નિશ્ચયનયના વિષયભૂત નિજ ભગવાન આત્માને છોડી વ્યવહારમાં પ્રવર્તન નથી કરતા; કારણ કે કર્મોનો નાશ તો પરમાર્થનો આશ્રય લેવાવાળા મુનીશ્વરોને જ કહેવામાં આવ્યો છે.

આ અંતર વવહારેણ અને વવહારે ણ પ્રયોગથી આવી ગયું છે. વવહારે ની સાથે ણ ને મેળવવાથી પહેલો અર્થ અને વવહારે થી ણ ને અલગ લખવાથી બીજો અર્થ પ્રતિફલિત થાય છે. આ અંતર કરણ કારક અને અધિકરણ કારકનું અંતર છે.

---

૧. સમયસાર (ગુજરાતી) પાનું ૨૫૦

વવહારે તે સાતમી વિભક્તિના એકવચનનો, અધિકારણ કારકનો પ્રયોગ છે. અને વવહારેણ તે તૃતીયાના એકવચનનો કરણકારકનો પ્રયોગ છે.

આચાર્ય જયસેને એને અધિકરણનો જ પ્રયોગ માને છે. તે કારણથી તેઓ એનો અર્થ આ રીતે કરે છે -

''मोत्तूण णिच्छयट्ठं ववहारे - निश्चयार्थं मुक्त्वा व्यवहारविषये ण विदुसा पवट्ठंति - विद्वांसो ज्ञानिनो न प्रवर्तन्ते । कस्मात ? परमट्ठमासिदाणं दु जदीण कम्ममख्ओ होदि - सम्यग्दर्शनज्ञानचारित्रैका ग्रयपरणतिलञ्रणं निजशुद्धत्मभावनारूपं परमार्थमाश्रितानां तु यतीनां कर्मक्षयो भवतीति यतः कारणादिति ।

નિશ્રયાર્થને છોડી વ્યવહારનયના વિષયમાં વિદ્વાન-જ્ઞાની લોકો પ્રવૃતિ નથી કરતા. શા માટે નથી કરતા ? કારણ કે કર્મોનો ક્ષય તો સમ્યક્દર્શન જ્ઞાનચારિત્રરૂપએકાગ્રપરિણતિવાળા અને નિજ શુદ્ધાતમાની ભાવનારૂપ પરમાર્થને આશ્રિત રહેવાવાળા મુનિઓને થાય છે.''

પહેલાં અર્થનો સ્વીકાર કરવાથી એવું લાગે છે કે વિદ્વાન અને મુનિઓ પરસ્પર વિરોધી છે. વિચારવાની વાત એ છે કે શું સાધુ માણસો વિદ્વાન ન હોય, શું સાધુમાણસો વિદ્વાન ન હોઈ શકે ? એવી જ રીતે શું વિદ્વાન સંયમ ધારણ કરી મુનિરાજ ન બની શકે ? જ્યારે વસ્તુ સ્થિતિ તો એ છે કે આપણા કુંદકુંદ, ઉમાસ્વામી, સમન્તભદ્ર, અકલંક, અમૃતચંદ્ર જેવા અનેક મુનિવરો ઉચ્ચકોટિના વિદ્વાન પણ હતા.

આચાર્ય જયસેને તો ઉકત ટીકામાં વિદ્વાન શબ્દનો અર્થ જ્ઞાની જ કર્યો છે.

હવે જો એમ કહેવામાં આવે કે કેટલાક વિદ્વાનો આત્મજ્ઞાનશૂન્ય પણ હોઈ શકે, તો શું કેટલાક મુનિરાજ પણ આત્મજ્ઞાનશૂન્ય ન હોઈ શકે ? મૂળ વાત એ છે કે આત્મજ્ઞાન શૂન્ય વ્યક્તિના કર્મોનો નાશ નથી થતો અને આત્મજ્ઞાનીઓના કર્મોનો નાશ થાય છે.

એટલે તો આચાર્ય અમૃતચંદ્ર પોતાની ટીકામાં ન તો વિદ્વાન શબ્દનો પ્રયોગ કરે છે અને ન તો યતિ શબ્દનો. તેઓ તો કોઈ માણસો

(केषांचित्) શબ્દ નો જ ઉપયોગ કરે છે. એમનું કથન મૂળ આ રીતે છે -

"કેટલાક લોકો મોક્ષના પરમાર્થિક હેતુથી ભિન્ન જે વ્રત, તપ વગેરે શુભકર્મ છે; તેને મોક્ષનો હેતુ માને છે. અહીં એ બધાનો નિષેધ કરવામાં આવ્યો છે; કારણ કે તે વ્રતાદિ અન્ય દ્રવ્યના સ્વભાવવાળા પુદ્ગલરૂપ છે; આ કારણથી તેના સ્વભાવથી જ્ઞાનનું ભવન (હોવું) થતું નથી. જે પરમાર્થિક મોક્ષહેતુ છે, તે એકદ્રવ્ય સ્વભાવવાળા (જીવસ્વભાવવાળા) હોવાથી તેના સ્વભાવ દ્વારા જ્ઞાનનું ભવન (હોવું) બને છે."

અહીં એક દ્રવ્યસ્વભાવ શું છે અને અન્ય દ્રવ્યસ્વભાવ શું છે? - તે સમજવું અત્યંત જરૂરી છે; કારણ કે એની ચર્ચા આગળના કલશોમાં પણ આવવાની છે.

જે દ્રવ્યમાં જે કાર્ય થવાનું છે. તે કાર્યનું કારણ પણ તે જ દ્રવ્યમાં વિદ્યમાન હોવું એક દ્રવ્યસ્વભાવ છે. એકદ્રવ્યસ્વભાવવાળુ કારણ જ સાચું કારણ છે. મોક્ષ પણ આત્માનો જ થવાનો છે અને આત્માના શ્રદ્ધાન, જ્ઞાન અને ચારિત્ર ગુણનું પરિણમન પણ આત્મામાં જ થવાનું છે અને આત્માની સન્મુખ થઈને જ થવાનું છે; આ રીતે મુક્તિનું કારણ આત્મા અને આત્મસન્મુખ દર્શન, જ્ઞાન, ચારિત્રના પરિણમનને કહેવું એકદ્રવ્યસ્વભાવવાળો હેતુ થયો.

શુભાશુભભાવ અને શુભાશુભક્રિયા પુદ્ગલ સ્વભાવી છે, આથી તે આત્માને મોક્ષની પ્રાપ્તિરૂપ કર્મને માટે અન્યદ્રવ્ય સ્વભાવી છે, આથી તે શુભાશુભભાવ અને શુભાશુભક્રિયા મોક્ષના હેતુ હોઈ શકે નહીં.

આ પ્રકરણ અને આ ગાથાનું મૂળ પ્રતિપાદ્ય આ જ છે; વિદ્વાનો ને મોક્ષ નથી થતો અને યતિઓને થાય છે - એ નથી. આ જ કારણ છે કે ટીકામાં આચાર્ય અમૃતચંદ્રે વિદ્વાન અને યતિ શબ્દનો ઉપયોગ જ નથી કર્યો. અહીં આ પ્રકરણ એ વાતનું નથી કે કોને મોક્ષ થાય છે અને કોને નથી થતો; પરંતુ એ વાતનું છે કે મોક્ષનો મૂળ હેતુ શું છે અને શું નહી ? તેથી આત્મખ્યાતિમાં આ વાત પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું

છે કે આત્માના આશ્રયથી ઉત્પન્ન થવાવાળા સમ્યક્ શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રરૂપ જ્ઞાનનું પરિણમન જ મોક્ષનો હેતુ છે, શુભાશુભભાવરૂપ પુણ્ય-પાપ નહીં.

આ વાતનું સ્પષ્ટીકરણ પૂજ્ય ગુરુદેવ આ રીતે કરે છે -

''જુઓ, દયા, દાન, વ્રત, તપ, ભક્તિ વગેરે શુભભાવ જો કે મોક્ષના વાસ્તવિક કારણ નથી; છતાં પણ કેટલાક લોકો તેને મોક્ષનું પરમાર્થ કારણ માને છે; તેમના ભ્રમનું નિવારણ કરવા માટે તેમ જ પરમાર્થ મોક્ષના હેતુઓનું જ્ઞાન કરાવવા માટે અહીં તે સમસ્ત શુભભાવોમાં મોક્ષમાર્ગના કારણપણાનો નિષેધ કરવામાં આવ્યો છે.

ભગવાન આત્મા જેમ ત્રિકાળ સ્વભાવથી શુદ્ધ ચૈતન્યસ્વરૂપ વીતરાગસ્વભાવી છે; તેવી રીતે વર્તમાન પર્યાયમાં પણ વીતરાગી ભાવથી પરિણમિત હોવું પરમાર્થ મોક્ષમાર્ગ છે. તેનાથી ભિન્ન વ્રત, તપ વગેરે શુભકર્મરૂપ અથવા શુભભાવરૂપ રાગ યથાર્થ મોક્ષમાર્ગ નથી.'[1]

આ ગાથાની ટીકા લખવા ઉપરાંત આચાર્ય અમૃતચંદ્રદેવ આ જ ભાવના પોષક બે કળશ તથા આગામી ગાથાઓનો સૂચક - એક કળશ એ રીતે ત્રણ કળશ લખે છે; જે આ રીતે છે -

(अनुष्टुप्)

वृत्तं ज्ञानस्वभावेन ज्ञानस्य भवनं सदा ।
एकद्रव्यस्वभावत्वान्मोक्षहेतुस्तदेव तत् ॥१०६॥

वृत्तं कर्मस्वभावेन ज्ञानस्य भवनं न हि ।
द्रव्यांतरस्वभावत्वान्मोक्षहेतुर्न कर्म तत् ॥१०७॥

मोक्षहेतुतिरोधानाद् बन्धत्वात्स्वयमेव च ।
मोक्षहेतुतिरोधायित्वात्तन्निषिध्यते ॥१०८॥

---

१. प्रवचनरत्नाकर (हिंदी) भाग ५, पानुं १२५

(દોહરા)

જ્ઞાનભાવનું પરિણમન જ્ઞાનભાવમય હોય,
એક જ દ્રવ્યસ્વભાવ તે હેતુ મુક્તિનો હોય. ૧૦૬

કર્મભાવનું પરિણમન જ્ઞાનરૂપ ના હોય,
અન્ય દ્રવ્યસ્વભાવ તે હેતુ મુક્તિનો ન્હોય. ૧૦૭

કર્મો છે શિવહેતુના તિરોધાન કરનાર,
બંધસ્વરૂપી કર્મનો તેથી નિષેધ જાણ. ૧૦૮

જ્ઞાન એક દ્રવ્યસ્વભાવી (જીવસ્વભાવી) હોવાથી જ્ઞાનના સ્વભાવથી જ્ઞાનનું ભવન (પરિણમન) થાય છે; એટલે જ્ઞાન જ મોક્ષનું કારણ છે.

કર્મ અન્યદ્રવ્યસ્વભાવી (પુદ્ગલસ્વભાવી) હોવાથી કર્મના સ્વભાવથી જ્ઞાનનું ભવન (પરિણમન) નથી થતું; એટલે કર્મ મોક્ષનું કારણ નથી.

કર્મ મોક્ષના કારણનું તિરોધાન કરનારું હોવાથી અને તે સ્વયં જ બંધસ્વરૂપ હોવાથી તથા મોક્ષના કારણોનું તિરોધાન કરવાના સ્વભાવવાળું હોવાથી તેનો નિષેધ કરવામાં આવ્યો છે.

આ કળશોનો ભાવ સ્પષ્ટ કરતા પૂજ્ય ગુરુદેવ કહે છે –

"જાણવું શ્રદ્ધાન કરવું અને સ્થિર થવું – એ ત્રણેય એક માત્ર જીવદ્રવ્યસ્વભાવી અથવા ચૈતન્યસ્વભાવી છે. રાગની ક્રિયાથી ભિન્ન રહી આત્માનું જે અન્તર્પરિણમન થયું. તે ચૈતન્યસ્વભાવી હોવાથી જ્ઞાનનું અર્થાત્ આત્માનું જ પરિણમન છે. આત્મદ્રવ્યના શુદ્ધસ્વભાવના આશ્રયથી જ આત્મદ્રવ્યનું શુદ્ધ થવું – પરિણમવું થાય છે. એમાં કોઈ પરદ્રવ્યની અથવા રાગના આશ્રયની અપેક્ષા નથી.[1]

---

૧. પ્રવચનરત્નાકર (હિંદી) ભાગ ૫, પાનું ૧૩૫

જુઓ, આ કળશમાં કેટલો સાર ભર્યો છે. જ્ઞાન, શ્રદ્ધાન અને શાંતિરૂપ વીતરાગ પરિણતિ - એ ત્રણેય એક જીવદ્રવ્યસ્વભાવી છે. અને તે જ મોક્ષનું કારણ છે. રાગની ક્રિયા અન્યદ્રવ્યસ્વભાવી હોવાથી ધર્મનું કારણ હોઈ શકે નહીં.[૧]

જુઓ, કર્મ અર્થાત્ વ્રત, તપ, દયા, દાન, ભક્તિ, પૂજા વગેરે બધા શુભભાવ અન્યદ્રવ્યસ્વભાવી અથવા પુદ્ગલદ્રવ્યસ્વભાવી છે. રાગ આત્માનો સ્વભાવ નથી. અગર જો રાગ આત્માનો સ્વભાવ હોય તો તે કદી આત્માથી અલગ ન થઈ શકે; પણ જ્યારે આત્મા પોતાના ચૈતન્યસ્વભાવમાં સ્થિર થાય છે, ત્યારે રાગ નીકળી જાય છે અને આત્મા કેવળ જ્ઞાનસ્વરૂપ રહી જાય છે.[૨]

જુઓ, આચાર્યદેવે ખુબ ઘોષણા કરી કરીને કહ્યું છે કે - વ્રત, તપ વગેરે બ્રાહ્યક્રિયારૂપ શુભકર્મ મોક્ષનું કારણ નથી; તોપણ લોકોને આ વાત કેમ નથી રુચતી ? સમજવાનું તો બહુ દૂર, સાંભળવા પણ નથી માગતા. જેનો મહાન ભાગ્યોદય હશે, તેને જ આ વાત રુચશે; તે જ સાંભળશે અને તે જ સમજશે. આમ વિચાર કરીને જ સંતોષ ધારણ કરવો પડે છે.[૩]

સમયસાર કળશમાં પણ આ જ શ્લોકની ટીકા કરતાં શ્રી રાજમલજીએ સ્વયં શંકા - સમાધાન કરતા લખ્યું છે કે - અહીં કોઈ એમ માને કે શુભ-અશુભ ક્રિયારૂપ જે આચરણ અથવા ચારિત્ર છે; તે જેવી રીતે કરવા યોગ્ય નથી તેવી રીતે નિષેધ કરવા યોગ્ય પણ નથી. તેનું સમાધાન આ રીતે છે કે - નિષેધ કરવા યોગ્ય છે; કારણ કે તેનું વ્યવહારચારિત્ર નામ હોવા છતાં પણ તે દુષ્ટ છે, અનિષ્ટ છે, ઘાતક છે; આ કારણથી વિષય-કષાયની જેમ જ ક્રિયારૂપ ચારિત્ર પણ નિષિદ્ધ છે.[૪]

---

૧. પ્રવચનરત્નાકર (હિંદી) ભાગ ૫, પાનું ૧૩૫
૨. પ્રવચનરત્નાકર (હિંદી) ભાગ ૫, પાનું ૧૩૬
૩. પ્રવચનરત્નાકર (હિંદી) ભાગ ૫, પાનું ૧૩૮
૪. પ્રવચનરત્નાકર (હિંદી) ભાગ ૫, પાનું ૧૪૦

હવે કહે છે કે 'मोक्ष हेतु तिरोधायित्वात्' અર્થાત્ વ્રતાદિરૂપ જેટલા શુભકર્મ છે, તે બધા મોક્ષના કારણની વિરુદ્ધ સ્વભાવવાળા છે, તે કારણથી તે કર્મનો નિષેધ કરવામાં આવ્યો છે.

આ રીતે શુભકર્મ નીચે લખેલા ત્રણ બોલોથી નિષિદ્ધ કરવામાં આવ્યા છે.

(૧) કર્મ મોક્ષના કારણના ઘાતક છે.

(૨) કર્મ સ્વયં બંધનું સ્વરૂપ છે.

(૩) કર્મ મોક્ષના કારણોની વિરુદ્ધ સ્વભાવવાળા છે.

ભગવાન આત્મા તો ચૈતન્યસ્વભાવી સદા મુક્તસ્વરૂપ જ છે, તથા તેના આશ્રયથી જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના નિર્મળ પરિણામ થાય છે, તે પણ અબન્ધસ્વરૂપ છે; એટલે એકમાત્ર તે જ મોક્ષના કારણ છે. એટલે એ સિદ્ધ થયું કે શુભભાવથી આત્માનું કલ્યાણ થાય એમ માનવું મિથ્યાદર્શન છે.

અહીં મિથ્યાદર્શનને જ્ઞાન અને ચારિત્રના પરિણામથી વિપરીત સ્વભાવવાળું કહી જડ-અચેતન કહ્યું છે. તાત્પર્ય એ છે કે જ્યાં ચૈતન્યના સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ પરિણામ હોય છે, ત્યાં મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામો નથી હોતા. બંને જાતિના પરિણામ એક સાથ નથી થતા. જેને આત્માના નિર્વિકલ્પ શ્રદ્ધાન જ્ઞાન અને શાંતિનું વેદન થાય છે. એને કદાચિત રાગ થાય છે; પણ તે જ્ઞાની-સમકિતીને મિથ્યાત્વ નહીં હોવાથી તે રાગ પ્રત્યે સ્વામીત્વ નથી હોતું. આ કારણથી તેને પૂર્ણ વીતરાગતા નહિં હોવા છતાં મિથ્યાચારિત્ર નથી હોતું સમ્યક્ચારિત્ર જ છે.

સ્વભાવથી જ આત્મદ્રવ્ય ભગવાનસ્વરૂપ વીતરાગસ્વરૂપ છે. તેનું શ્રદ્ધાન-જ્ઞાન અને રમણતારૂપ પરિણનામ મોક્ષમાર્ગ છે, અને શુભાશુભ

કર્મ તેના ઘાતક છે, સ્વયં બન્ધ સ્વરૂપ છે અને શુદ્ધ પરિણતિથી વિપરીત સ્વભાવવાળા છે; એટલે નિષેધ્ય છે.''[૧]

આ રીતે આપણે જોઈએ છીએ કે આ ત્રણે કળશોમાં એમ કહેવામાં આવ્યું છે કે સમ્યક્‌દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ જ્ઞાનનું પરિણમન આત્મસ્વભાવ હોવાથી મુક્તિનું કારણ છે અને શુભાશુભભાવરૂપ કર્મ પરિણમન પુદ્‌ગલસ્વભાવ હોવાથી મુક્તિનું કારણ નથી, મુક્તિનું નિરોધક છે; તેથી તે કર્મોનો મુક્તિમાર્ગમાં નિષેધ કરવામાં આવ્યો છે.

અનેક આગમ પ્રમાણો અને યુક્તિઓથી આ વાત બહુ સરસ રીતે સ્પષ્ટ થઈ ગઈ છે કે આ બધા શુભાશુભ ભાવ અને પુણ્યપાપરૂપ પરિણામ બંધના જ કારણો છે; છતાં પણ તીવ્ર મિથ્યાત્વના કારણે અજ્ઞાનીઓને આ વાત ગમતી નથી, રુચતી નથી અને પચતી નથી.

કવિવર પંડિત બનારસીદાસજી ઉક્ત ત્રણ કળશોનો ભાવાનુવાદ નાટક સમયસારમાં આ રીતે પ્રસ્તુત કરે છે.

(સોરઠા)

अंतर - दृष्टि - लखाउ, निज सरूपकौ आचरण ।
ए परमातम भाउ, सिव कारन येई सदा ।।

પોતાના અંતરમાં દૃષ્ટિને કેન્દ્રિત કરવી, પોતાને જ લખવું (દેખવું) અને પોતાના સ્વરૂપમાં જ આચરણ કરવું, રમવું જ પરમાત્મ પદ પ્રાપ્ત કરવાનો ભાવ છે અને તે જ મુક્તિનું કારણ છે. તાત્પર્ય એ છે કે નિશ્ચય સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્ર જ મુક્તિનું કારણ છે.

(સોરઠા)

करम सुभासुभ दोइ, पुद्‌गलपिंड विभाव मल ।
इनसौं मुकति न होई नहिं केवल पद पाइए ।।

---

(૧) પ્રવચનરત્નાકર (હિંદી) ભાગ ૫, પાનું ૧૪૦-૧૪૧

શુભ અને અશુભ - બંને પ્રકારના કર્મ પુદ્‌ગલના પિંડ જ છે, વિભાવ છે, મેલ છે; એનાથી નથી મુક્તિ થતી અથવા નથી કેવલજ્ઞાનની પ્રાપ્તિ થતી.

ત્રીજા કળશના ભાવને એમણે શિષ્ય-ગુરુના સંવાદના રૂપમાં પ્રસ્તુત કર્યો છે. જે આ રીતે છે.

(સવૈયા ઇકતીસા)

કોઈ શિષ્ય કહૈ સ્વામી ! અસુભક્રિયા અસુદ્ધ,
સુભક્રિયા સુદ્ધ તુમ ઐસી ક્યોં ન વરની ।
ગુરુ કહૈ જબલૌં ક્રિયા કે પરિનામ રહૈં,
તબલૌં ચપલ ઉપયોગ જોગ ધરની ॥
વિરતા ન આવૈ તોલૌં સુદ્ધ અનુભૌ ન હોઈ,
યાતૈં દોઊ ક્રિયા મોખ-પંથ કી કતરની ।
બંધ કી કરૈયા દોઊ દૂહૂમેં ન ભલી કોઊ,
બાધક વિચારિ મૈં નિસિદ્ધ કીની કરની ॥૧૨॥

કોઈ શિષ્ય કહે છે કે હે સ્વામી ! આપે એમ શા માટે ન કહ્યું કે અશુભક્રિયા અશુદ્ધ છે અને શુભક્રિયા શુદ્ધ છે ?

ઉત્તરમાં ગુરુજી કહે છે કે ભાઈ ! જ્યાંસુધી ક્રિયા (કરવા)ના પરિણામ રહે છે; ત્યાંસુધી ઉપયોગ અને યોગ (મન-વચન-કાય)માં ચંચળતા બની રહે છે. જ્યાં સુધી યોગ અને ઉપયોગમાં સ્થિરતા નથી આવતી; ત્યાં સુધી શુદ્ધ આત્માનો અનુભવ થતો નથી. એટલે શુભ અને અશુભ બંને ક્રિયાઓ મોક્ષમાર્ગને કાપવા માટે કાતર સમાન છે. જેવી રીતે કાતર કપડાને કાપે છે; તેવી રીતે શુભાશુભભાવ મુક્તિપંથને કાપે છે.

કવિ કહે છે કે હું વધારે શું કહું ? આ શુભ અને અશુભ બંને જ ભાવો બંધને કરનાર છે, બંનેમાં કોઈપણ સારું નથી. મેં એમને મુક્તિમાર્ગમાં બાધક જાણીને જ તેનો નિષેધ કર્યો છે. કરણી માત્ર નિષેધ

કરવા યોગ્ય છે. કોઈપણ પ્રકારની કરણી (કર્તૃત્વબુદ્ધિ) કેમ ન હોય, તે તો બંધનું કારણ હોવાથી નિષેધ કરવા યોગ્ય જ છે.

આ રીતે આ કળશોમાં એમ કહેવામાં આવ્યું છે કે બધા પ્રકારના શુભાશુભ ભાવ મુક્તિમાર્ગના વિરોધી હોવાથી હેય જ છે.

હવે આ જ વાતને આગળની ગાથાઓમાં ઉદાહરણ સહિત સ્પષ્ટ કરેશે.

જ્ઞાનગોષ્ઠી

પ્રશ્ન:- મુનિપણામાં વ્રત-તપ-શીલ આદિ આચરણ કરવાનું કહ્યું છે. જે કરી શકાય છે એને તો બંધનરૂપ અને સંસારનું કારણ કહ્યું તે પછી મુનિઓને શરણ કોનું રહ્યું ? મુનિપણું કોના આશ્રયે પાળશે ?

ઉત્તર:- વ્રત-તપ-શીલ આદિ શુભ આચરણરૂપ કર્મનો નિષેધ કરતાં, નિષ્કર્મ અવસ્થારૂપે પ્રવર્તતા, મુનિઓ કાંઈ અશરણરૂપ નથી, જ્ઞાનસ્વરૂપમાં આચરણ કરતું જ્ઞાન જ મુનિઓને શરણરૂપ છે. જ્ઞાનનું શરણ લેતાં મુનિઓ પરમ અમૃતને આસ્વાદ છે તેથી શુભાચરણને નિષેધતાં મુનિઓને જ્ઞાન પરમ શરણરૂપ છે.

- આત્મધર્મ અંક ૪૨૯, જુલાઈ ૧૯૭૯, પૃષ્ઠ ૨૯

પ્રશ્ન:- આત્માના સંસ્કારોને દઢ કરવા શું કરવું ?

ઉત્તર:- વસ્તુસ્વરૂપનો નિર્ણય દઢ કરવો. શુદ્ધ છું, એક છું, જ્ઞાયક છું, એનો ચારે પડખાથી વારંવાર નિર્ણય પાકો કરીને દઢ કરવો.

- આત્મધર્મ અંક ૪૪૦, જૂન ૧૯૮૦, પૃષ્ઠ ૩૧

સમયસાર ગાથા ૧૫૭ થી ૧૫૯

વત્થસ્સ સેદભાવો જહ ણાસેદિ મલમેલણાસત્તો ।
મિચ્છત્તમલોચ્છણ્ણં તહ સમ્મત્તં ખુ ણાદવ્વં ॥૧૫૭॥

વત્થસ્સ સેદભાવો જહ ણાસેદિ મલમેલણાસત્તો ।
અણ્ણાણમલોચ્છણ્ણં તહ ણાણં હોદિ ણાદવ્વં ॥૧૫૮॥

વત્થસ્સ સેદભાવો જહ ણાસેદિ મલમેલણાસત્તો ।
કસાયમલોચ્છણ્ણં તહ ચારિત્તં પિ ણાદવ્વં ।૧૫૯॥

(હરિગીત)

મળમિલનલેપથી નાશ પામે શ્વેતપાણું જયમ વસ્ત્રનું,
મિથ્યાત્વમળના લેપથી સમ્યક્ત્વ એ રીત જાણવું. ૧૫૭

મળમિલનલેપથી નાશ પામે શ્વેતપાણું જયમ વસ્ત્રનું,
અજ્ઞાનમળના લેપથી વળી જ્ઞાન એ રીત જાણવું. ૧૫૮

મળમિલનલેપથી નાશ પામે શ્વેતપાણું જયમ વસ્ત્રનું,
ચારિત્ર પામે નાશ લિપ્ત કષાયમળથી જાણવું. ૧૫૯[1]

જેવી રીતે કપડાંની સફેદી મેલના મળવાથી નષ્ટ થઈ જાય છે, તિરોભૂત થઈ જાય છે; તેવી રીતે મિથ્યાત્વરૂપી મેલથી ખરડાવાને લીધે સમ્યક્ત્વ તિરોહિત થઈ જાય છે - એમ જાણવું જોઈએ.

---

૧. સમયસાર (ગુજરાતી) પાનું ૨૫૨

જેવી રીતે કપડાંની સફેદી મેલના મળવાથી નષ્ટ થઈ જાય છે, તિરોભૂત થઈ જાય છે; એવી રીતે અજ્ઞાનરૂપી મેલથી ખરડાવાને લીધે જ્ઞાન તિરોભૂત થઈ જાય છે - એમ જાણવું જોઈએ.

જેવી રીતે કપડાંની સફેદી મેલના મળવાથી નષ્ટ થઈ જાય છે, તિરોભૂત થઈ જાય છે; તેવી રીતે કષાયરૂપી મેલથી ખરડાવાને લીધે ચારિત્ર તિરોભૂત થઈ જાય છે - એમ જાણવું જોઈએ.

આત્મખ્યાતિમાં આ ગાથાઓનો ભાવ આ રીતે સ્પષ્ટ કરવામાં આવ્યો છે -

"જેવી રીતે પરભાવરૂપ મેલથી વ્યાપ્ત હોવાથી શ્વેત વસ્ત્રનો સ્વભાવભૂત શ્વેત સ્વભાવ તિરોભૂત થઈ જાય છે; તેવી રીતે મોક્ષના કારણરૂપ જ્ઞાનનો સમ્યક્ત્વસ્વભાવ પરભાવરૂપ મિથ્યાત્વ નામના કર્મરૂપી મેલના દ્વારા વ્યાપ્ત હોવાથી તિરોભૂત થઈ જાય છે.

જેવી રીતે પરભાવરૂપ મેલથી વ્યાપ્ત હોવાથી શ્વેત વસ્ત્રનો સ્વભાવભૂત શ્વેતસ્વભાવ તિરોભૂત થઈ જાય છે; તેવી રીતે મોક્ષના કારણરૂપ જ્ઞાનનો જ્ઞાનસ્વભાવ પરભાવરૂપ અજ્ઞાન નામના કર્મરૂપી મેલના દ્વારા વ્યાપ્ત હોવાથી તિરોભૂત થઈ જાય છે.

જેવી રીતે પરભાવરૂપ મેલથી વ્યાપ્ત હોવાથી શ્વેત વસ્ત્રનો સ્વભાવભૂત શ્વેત સ્વભાવ તિરોભૂત થઈ જાય છે; તેવી રીતે મોક્ષના કારણરૂપ જ્ઞાનનો ચારિત્રસ્વભાવ પરભાવરૂપ કષાય નામના કર્મરૂપી મેલના દ્વારા ખરડાયેલો હોવાથી તિરોભૂત થઈ જાય છે.

એટલે મોક્ષના કારણરૂપ સમ્યક્દર્શનજ્ઞાનચારિત્રના તિરોધાન કરવાવાળા હોવાથી કર્મનો નિષેધ કરવામાં આવ્યો છે."

આ પ્રકારનો ભાવ આચાર્ય જયસેને તાત્પર્યવૃતિમાં વ્યક્ત કર્યો છે.

આ રીતે ગાથા અને ટીકાઓમાં સફેદ વસ્ત્રના ઉદાહરણના માધ્યમથી એ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે જેવી રીતે કપડાંની સફેદી મેલથી ઢંકાઈ જાય છે; તેવી રીતે આત્માનો પરમ પવિત્ર નિર્મળ સ્વભાવ

શુભાશુભભાવોથી ઢંકાઈ જાય છે. આ જ કારણ છે કે મુક્તિના માર્ગમાં શુભાશુભભાવોનો નિષેધ કરવામાં આવ્યો છે.

ઉક્ત કથનને અત્યંત સરલ શબ્દોમાં પંડિત જયચંદજી છાબડા ભાવાર્થમાં આ રીતે વ્યક્ત કરે છે –

"સમ્યક્દર્શન-જ્ઞાન અને ચારિત્ર મોક્ષમાર્ગ છે. જ્ઞાનનું સમ્યક્ત્વરૂપ પરિણમન મિથ્યાત્વકર્મથી તિરોભૂત થઈ જાય છે, જ્ઞાનનું જ્ઞાનરૂપ પરિણમન અજ્ઞાનકર્મથી તિરોભૂત થઈ જાય છે અને જ્ઞાનનું ચારિત્રરૂપ પરિણમન કષાયકર્મથી તિરોભૂત થઈ જાય છે. આ રીતે મોક્ષના કારણભાવોને કર્મ તિરોભૂત કરતું હોવાથી તેનો નિષેધ કરવામાં આવ્યો છે."

ઉપરના સંદર્ભમાં પૂજ્ય ગુરુદેવના વિચાર પણ જાણવા જેવા છે. જે આ રીતે છે – "જુઓ, અહીં જે મિથ્યાત્વ કર્મમળની ચર્ચા છે, તે ભાવમિથ્યાત્વની વાત છે. 'શુભભાવ ધર્મ છે' – એવી વિપરીત માન્યતારૂપ મિથ્યાત્વની વાત છે. આ મિથ્યાત્વરૂપ મેલથી ખરડાયેલ હોવાથી ત્રિકાળી ચૈતન્યસ્વરૂપ ભગવાન આત્માનું સમ્યક્ત્વ તિરોભૂત થઈ જાય છે, જેને ટીકામાં જ્ઞાનનું સમ્યક્ત્વ કહેવામાં આવ્યું છે. જ્ઞાનનું સમ્યક્ત્વ કહો અથવા આત્માનું સમ્યક્ત્વ કહો – એક જ વાત છે. એનો અર્થ છે કે ત્રિકાળી શુદ્ધ ચૈતન્યમૂર્તિ ભગવાન આત્માની અનુભૂતિ અથવા પ્રતીતિ; તે પ્રતીતિ મોક્ષના કારણરૂપ આત્માનો નિજ સ્વભવ છે.[1]

જુઓ, અહીં જ્ઞાનાનંદસ્વભાવી ભગવાન ચૈતન્યસ્વરૂપ નિજ આત્માના જ્ઞાનને જ 'જ્ઞાનનું જ્ઞાન' કહેવામાં આવ્યું છે. આ રીતે અહીં સંપૂર્ણ આત્માને 'જ્ઞાન' શબ્દથી સંબોધિત કર્યો છે. જ્ઞાનનું જ્ઞાન અર્થાત્ અખંડ એકરૂપ ત્રિકાળી ચૈતન્યમય જ્ઞાનાનંદસ્વભાવી આત્માનું જ્ઞાન. ચૈતન્યમય આત્માનું આ જ્ઞાન જ મોક્ષનું કારણ છે. અહીં શાસ્ત્રજ્ઞાનરૂપ પરાશ્રિત જ્ઞાનની વાત નથી. આ તો એ આત્મજ્ઞાનની વાત છે, જેમાં સંવર, નિર્જરા અને મોક્ષની પર્યાય પણ નથી તથા જે શુદ્ધ ચૈતન્યમય

---

૧. પ્રવચનરત્નાકર (હિંદી) ભાગ ૫, પાનું ૧૪૪

નિત્યાનંદસ્વરૂપ અનંત ગુણના એકરૂપ છે - એવું આત્મજ્ઞાન જ મોક્ષના કારણરૂપ સ્વભાવવાળું છે.

આવો જે મોક્ષના કારણરૂપ આત્મસ્વભાવ છે, તે જ જ્ઞાનનું જ્ઞાન છે. તે જ્ઞાન પરભાવરૂપ અજ્ઞાનરૂપી કર્મમળથી ઢંકાઈ જાય છે. શુભભાવને ધર્મ માનવો તે જ અજ્ઞાન છે. અને તે અજ્ઞાન જ મેલ છે. આવા અજ્ઞાનરૂપી મેલથી વ્યાપ્ત હોવાથી આત્માનું જ્ઞાન તિરોભૂત થઈ જાય છે, સમ્યક્‌જ્ઞાન ઉત્પન્ન થતું નથી.[1]

હવે જ્ઞાનના ચારિત્ર અથવા આત્માના ચારિત્રની વાત કહે છે -

'જ્ઞાનનું ચારિત્ર' જે મોક્ષનો કારણરૂપ સ્વભાવ છે. તે પરભાવસ્વરૂપ કષાય નામના કર્મમળ દ્વારા વ્યાપ્ત હોવાથી તિરોભૂત થઈ જાય છે. જેમ કે પરભાવસ્વરૂપ મેલથી વ્યાપ્ત હોવાથી શ્વેતવસ્ત્રનું સ્વભાવભૂત શ્વેતપણું તિરોભૂત થઈ જાય છે.

જુઓ, અહીં 'સાચું ચારિત્ર કોને કહે છે ?' એ સમજાવવામાં આવી રહ્યું છે. ત્રિકાળ આનંદસ્વરૂપી ભગવાન આત્મા જે પોતાની અંદર સદા વિદ્યમાન છે; તેમાં અંતર્દૃષ્ટિ કરી તેમાં અન્તર્લીન થવાથી, રમણતા કરવાથી જે અતીન્દ્રિય આનંદનું અથવા શાંતિનું વેદન થાય છે; તે ચારિત્ર છે. તેને જ અહીં 'જ્ઞાનનું ચારિત્ર' કહેવામાં આવ્યું છે. જ્ઞાનનું ચારિત્ર અર્થાત્ આત્માના અતીન્દ્રિય આનંદનું પ્રચુર સ્વ-સંવેદન. આત્માના આવા ચારિત્રને અહીં મોક્ષનો કારણરૂપ સ્વભાવ કહ્યો છે.

પાંચ મહાવ્રતાદિરૂપ પુણ્યના પરિણામ મોક્ષનો કારણરૂપ સ્વભાવ નથી. તે તો શુભરાગ છે, કષાયરૂપ મેલ છે, એ તો જ્ઞાનના ચારિત્રને અર્થાત્ આત્માના ચારિત્રને ઢાંકી દે છે, આચ્છાદિત કરે છે, ઘાત કરે છે. જે આત્માનો ઘાતક છે, તે આત્માને લાભદાયક કેવી રીતે થઈ શકે ? જે વ્યક્તિ પુણ્યના પરિણામને આત્માને માટે લાભદાયક માને છે. તેની તો મૂળ માન્યતા જ ઉલ્ટી છે.

---

૧. પ્રવચન રત્નાકર (હિંદી) ભાગ ૫, પાનું ૧૪૪-૧૪૫

તીર્થંકર પરમાત્માની દિવ્યધ્વનિમાં તો ચારિત્રનું સ્વરૂપ આવું આવ્યું છે કે - સચ્ચિદાનંદ સ્વરૂપ વીતરાગસ્વભાવી ધ્રુવ આત્મામાં અંતરરમણતારૂપ નિર્વિકલ્પ વીતરાગ પરિણતિનું થવું જ ચારિત્ર છે તથા આવા જ્ઞાનના ચારિત્રનું અર્થાત્ આત્માના ચારિત્રગુણનું પરભાવરૂપમાં પરિણમવું, કષાયરૂપ હોવું. શુભરાગરૂપ હોવું આત્માના ઘાતક પરિણામ છે. એવા ઘાતક પરિણામ કરતા-કરતા અથવા શુભરાગરૂપ વ્યવહાર કરતા-કરતા વીતરાગભાવરૂપ નિશ્ચય ધર્મ કેવી રીતે પ્રગટ થઈ શકે ? ન થઈ શકે.[1]

આ રીતે મોક્ષના કારણરૂપ ભાવોને શુભભાવરૂપ કર્મ તિરોભૂત કરે છે, તેથી તેનો નિષેધ કરવામાં આવ્યો છે.[2]

આ રીતે એ સુનિશ્ચિંત થયું કે શુભાશુભભાવરૂપ કર્મ બંધનું કારણ હોવાથી નિષેધ કરવા યોગ્ય છે.

જ્ઞાનગોષ્ઠી

પ્રશ્ન:- સમ્યગ્દષ્ટિને અશુભમાં આયુષ્ય બંધાય ?

ઉત્તર:- સમ્યગ્દષ્ટિને ચોથે પાંચમે વેપાર-વિષય આદિનો અશુભ રાગ પણ હોય છે છતાં સમ્યગ્દર્શનનું એવું માહાત્મ્ય છે કે તેને અશુભ ભાવ વખતે આયુષ્ય બંધાય નહિ. શુભભાવમાં જ આયુષ્ય બંધાય છે. સમ્યગ્દર્શનનો એવો પ્રભાવ છે કે તેને ભવ વધે તો નહિ, પણ હલકો ભવ પણ હોય નહિ, સ્વર્ગ આદિનો ઉંચો ભવ જ હોય. - *આત્મધર્મ અંક ૪૧ ડિસેમ્બર ૧૯૭૭, પૃષ્ઠ ૨૬*

---

૧. પ્રવચન રત્નાકર (હિંદી) ભાગ ૫, પાનું ૧૪૬

૨. પ્રવચન રત્નાકર (હિંદી) ભાગ ૫, પાનું ૧૪૮

સમયસાર ગાથા ૧૬૦

હવે એમ કહે છે કે આ શુભાશુભભાવરૂપ કર્મ બંધનું કારણ જ નથી; પણ પોતે જ બંધ સ્વરૂપ છે. આ ભાવને વ્યક્ત કરનાર આગામી ગાથા આ પ્રમાણે છે.

सो सव्वणाणदरिसी कम्मरएण णियेणावच्छण्णो ।
संसारसमावण्णो ण विजाणदि सव्वतो सव्वं ॥१६०॥

(હરિગીત)

તે સર્વજ્ઞાની-દર્શી પણ નિજ કર્મરજ-આચ્છાદને,
સંસારપ્રાપ્ત ન જાણતો તે સર્વ રીતે સર્વને. ૧૬૦[૧]

જોકે તે આત્મા બધાને જાણવા-દેખવાના સ્વભાવવાળો છે; તો પણ પોતાના કર્મમળથી ખરડાયેલો અને સંસારને પ્રાપ્ત થયેલો હોવાથી, સર્વને સર્વપ્રકારે જાણતો નથી.

આ ગાથામાં એમ કહી રહ્યા છે કે જોકે આ ભગવાન આત્માનો સ્વભાવ તો બધાને જાણવા-દેખવાનો છે; તો પણ પોતાના વિકારી ભાવરૂપ કર્મમળથી ખરડાયેલો હોવાને કારણે વર્તમાનમાં બધાને જાણવા-દેખવામાં અસમર્થ છે. આશ્ચર્યની વાત તો એ છે કે તે બધાને જાણવા-દેખવામાં અસમર્થ હોવાની સાથે-સાથે બધાને જાણવા-દેખવાના સ્વભાવવાળા પોતાના આત્માને પણ નથી જાણતો.

આ વાતને આત્મખ્યાતિમાં આ રીતે વ્યક્ત કરવામાં આવી છે

---

૧. સમયસાર (ગુજરાતી) પાનું ૨૫૪

''જે પોતે જ જ્ઞાન હોવાને લીધે વિશ્વના સર્વપદાર્થોને સામાન્ય-વિશેષપણે જાણવાના સ્વભાવવાળું છે. એવું જ્ઞાન અર્થાત્ આત્મદ્રવ્ય અનાદિ કાળથી પોતાના પુરુષાર્થના અપરાધથી પ્રવર્તતા એવા કર્મમળ વડે લેપાયું - વ્યાપ્ત થયું - હોવાથી જ, બંધ અવસ્થામાં સર્વ પ્રકારે સંપૂર્ણ એવા પોતાને અર્થાત્ સર્વ પ્રકારે સર્વ જ્ઞેયોને જાણનારા એવા પોતાને નહિ જાણતું થકું, આ પ્રમાણે પ્રત્યક્ષ અજ્ઞાનભાવે વર્તે છે; તેથી એ નક્કી થયું કે કર્મ પોતે જ બંધસ્વરૂપ છે માટે, પોતે બંધસ્વરૂપ હોવાથી કર્મને નિષેધવામાં આવ્યું છે.''

એ તો પહેલા કહેવામાં આવ્યું જ છે કે અહીં આત્માને જ્ઞાન શબ્દથી સંબોધિત કરવામાં આવ્યો છે. તો પણ કોઈ ભ્રમ ન રહી જાય - આ કારણથી ભાવાર્થમાં જયચંદજી છાબડા એક વાર ફરીથી સાવધાન કરતા કહે છે.

''અહીં પણ 'જ્ઞાન' શબ્દથી આત્મા સમજવો. જ્ઞાન અર્થાત્ આત્મદ્રવ્ય સ્વભાવથી તો બધાને જાણવા-દેખવાવાળું છે; પરંતુ અનાદિથી સ્વયં અપરાધી હોવાને કારણે કર્મોથી ખરાડાયેલું છે; એટલે તે પોતાના સંપૂર્ણ સ્વરૂપને નથી જાણતું, એમ જ અજ્ઞાનદશામાં ભટકી રહ્યું છે. આ રીતે કેવળજ્ઞાન સ્વરૂપ અથવા મુક્તસ્વરૂપ આત્મા કર્મોથી ખરડાયેલ હોવાથી અજ્ઞાનરૂપ અથવા બદ્ધરૂપ વર્તે છે; એટલે એ નક્કી થયું કે કર્મ પોતે જ બંધસ્વરૂપ છે. તેથી કર્મોનો નિષેધ કરવામાં આવ્યો છે.''

આ રીતે એ નક્કી થઈ ગયું કે સમસ્ત શુભાશુભભાવ કર્મબંધસ્વરૂપ છે. કર્મબંધના કારણ છે, આત્માની દુર્દશાના પ્રતીક છે; તેથી તેમને મુક્તિના માર્ગમાં કોઈ પણ પ્રકારે ઉપાદેય માની શકાય નહીં.

પૂજ્ય ગુરુદેવ પણ કહે છે

''જુઓ મુળ, ગાથામાં 'સવ્વણાણદરસી' પાઠ છે; તેમાંથી ટીકાકાર આચાર્યદેવે એ રહસ્ય કાઢ્યું છે કે વિશ્વને અર્થાત્ સર્વ પદાર્થોને જાણવા-દેખવાના સ્વભાવવાળું દ્રવ્ય જે સ્વયં છે તેને જાણવું જોઈએ; તેને બદલે તું પરના રાગને જાણે છે, અનુભવ કરે છે અને તેમાં જ રોકાઈ જાય છે;

એ તારો અપરાધ છે. અજ્ઞાનભાવ છે કારણ કે આ રાગ આસ્રવ અથવા બંધ તત્ત્વ છે.[૧]

ભગવાન ! તું પરમાત્મસ્વરૂપ છો. જેવી રીતે પરમેશ્વર પરમાત્મા પ્રગટ પર્યાયમાં સર્વજ્ઞ અથવા સર્વદર્શી છે; તેવી રીતે તું સ્વભાવમાં ત્રિકાળી દ્રવ્યસ્વરૂપ સર્વજ્ઞસર્વદર્શી છો. જે આવા ત્રિકાળી દ્રવ્યસ્વરૂપને ન જોતાં રાગને જોવામાં અટકી જાય છે. તે પર્યાયદૃષ્ટિમાં અટકી જવાને કારણે, પોતાના સર્વગુણસંપન્ન અનંતજ્ઞાન, અનંતસુખ આદિ અનંત સામર્થ્યથી ભરેલા અનંત ગુણમંડિત પરિપૂર્ણ આત્માને નથી જાણતો. સર્વપ્રકારથી સર્વજ્ઞેયોને જાણનાર આત્મા પોતાને નથી જાણતો. જુઓ, અહીં રાગમાં રોકાયેલા જીવ સર્વજ્ઞને નથી જાણતા - એમ નથી કહ્યું પણ એમ કહ્યું છે કે સર્વજ્ઞેયોને જાણવાવાળો પોતાને નથી જાણતો. પોતાને જાણવું મુખ્ય છે; કારણ કે જે સ્વયંને જાણે છે, તે બધાને જાણે છે.[૨]

પહેલાં આવ્યું હતું કે રાગ મોક્ષમાર્ગની પરિણતિનો ઘાતક છે. હવે કહે છે કે રાગ સ્વયં બન્ધસ્વરૂપ છે. આ કારણથી અહીં તેનો નિષેધ છે. બધાને જાણવા-દેખવાના સ્વભાવવાળા આત્માનો સ્વભાવ તો અબન્ધસ્વરૂપ છે. આવો અબન્ધસ્વરૂપ ભગવાન આત્મા રાગમાં અટકી જવાને કારણે સ્વયંને નથી જાણતો-એમ કહ્યું છે. એમ નથી કહ્યું કે સર્વજ્ઞેયોને નથી જાણતો; કારણ કે પોતાને જાણવું - તે નિશ્ચય છે અને પરને જાણવું - તે વ્યવહાર છે.[૩]

સમ્યગ્દર્શનમાં પોતાના આત્માના સંપૂર્ણ સ્વરૂપની પ્રતીતિ થાય છે. જોકે હજુ કેવળજ્ઞાન નથી; તો પણ સમ્યગ્દૃષ્ટિને વર્તમાનમાં અનંત ગુણોનો પિંડ પરિપૂર્ણ જ્ઞાતા-દૃષ્ટાસ્વભાવી આત્મા પ્રતીતિમાં આવે છે. હું મારામાં પરિપૂર્ણ છું - એવું તેને યથાર્થ શ્રદ્ધાન થાય છે. તે રાગને

---

૧. પ્રવચનરત્નાકર (હિંદી) ભાગ ૫, પાનું ૧૫૨
૨. પ્રવચનરત્નાકર (હિંદી) ભાગ ૫, પાનું ૧૫૩-૧૫૪
૩. પ્રવચનરત્નાકર (હિંદી) ભાગ ૫, પાનું ૧૫૪

પોતાનો નથી માનતો એટલે કે અલ્પજ્ઞ પર્યાય જેટલો પણ પોતાનો નથી માનતો.

જુઓ, આ ચોથા ગુણસ્થાનવાળા સમ્યક્‌દૃષ્ટિની વાત છે. જે સમ્યગ્‌દર્શન વિના બાહ્ય વ્રતાદિના રાગ-વિકલ્પોમાં રોકાઈ જાય છે; તેને પોતાના સંપૂર્ણ સ્વરૂપનો અનુભવ નથી થતો.''[૧]

આ રીતે આ ગાથામાં એમ કહેવામાં આવ્યું છે કે શુભાશુભભાવમાં અટવાયેલો આ આત્મા બધાને જાણવા-દેખવાના સ્વભાવવાળા નિજ ભગવાન આત્માને નથી જાણતો - આ કારણથી કર્મમળથી લિપ્ત થાય છે અને સંસાર સાગરમાં પરિભ્રમણ કરે છે.

જ્ઞાનગોષ્ઠી

પ્રશ્ન:- સત્‌ના સંસ્કાર નાખવાથી શું લાભ થાય ?

ઉત્તર:- જેમ કોરી માટલીમાં પાણીના ટીપાં પડતાં ટીપાં ચૂસાઈ જાય છે, ઉપર દેખાતાં નથી છતાં માટલીમાં પાણીના ટીપાંની ભીનાશ અંદર રહી છે. તેથી વધુ ટીપાં પડતાં માટલી ભીની થઈ જાય છે ને પાણી માટલી ઉપર દેખાય છે. તેમ જે જીવે સત્‌ની ઊંડી જિજ્ઞાસા કરીને સત્‌ના ઊંડા સંસ્કાર નાખ્યા હશે તે જીવને કદાચ વર્તમાનમાં પુરુષાર્થની કચાસ રહી જાય ને કાર્ય ન થાય તોપણ સત્‌ના ઊંડા નાખેલાં સંસ્કાર બીજી ગતિમાં પ્રગટ થશે, માટે સત્‌ના ઊંડા સંસ્કાર રેડ. - *આત્મધર્મ અંક ૪૧૮, ઓગષ્ટ ૧૯૭૮, પૃષ્ઠ ૨૬*

૧. પ્રવચનરત્નાકર (હિંદી) ભાગ ૫, પાનું ૧૫૬

સમયસાર ગાથા ૧૬૧ થી ૧૬૩

सम्मत्तपडिणिबद्धं मिच्छत्तं जिणवरेहि परिकहियं ।
तस्सोदयेणजीवो मिच्छादिट्ठि त्ति णादव्वो ॥१६१॥

णाणस्स पडिणिबद्धं अण्णाणं जिणवरेहि परिकहियं ।
तस्सोदयेण जीवो अण्णाणी होदि णादव्वो ॥१६२॥

चारित्तपडिणिबद्धं कसायं जिणवरेहि परिकहियं
तस्सोदयेण जीवो अचरित्तो होदि णादव्वो ॥१६३॥

સમ્યક્ત્વ પ્રતિબંધક કરમ મિથ્યાત્વ જિનદેવે કહ્યું,
એના ઉદયથી જીવ મિથ્યાત્વી બને એમ જાણવું. ૧૬૧

એમ જ્ઞાનપ્રતિબંધક કરમ અજ્ઞાન જિનદેવે કહ્યું,
એના ઉદયથી જીવ અજ્ઞાની બને એમ જાણવું. ૧૬૨

ચારિત્રને પ્રતિબંધ કર્મ કષાય જિનદેવે કહ્યું,
એના ઉદયથી જીવ બને ચારિત્રહીન એમ જાણવું. ૧૬૩[1]

સમ્યક્ત્વનું પ્રતિબન્ધક મિથ્યાત્વ છે - એમ જિનવરોએ કહ્યું છે. તેના ઉદયથી જીવ મિથ્યાદૃષ્ટિ થાય છે - એમ જાણવું. જ્ઞાનનું પ્રતિબન્ધક અજ્ઞાન છે - એમ જિનવરોએ કહ્યું છે. તેના ઉદયથી જીવ અજ્ઞાની થાય છે. એમ જાણવું. ચારિત્રનો પ્રતિબન્ધક કષાય છે - એમ જિનવરોએ કહ્યું છે. તેના ઉદયથી જીવ અચારિત્રવાન થાય છે - એમ જાણવું.

---

૧. સમયસાર (ગુજરાતી), પાનું ૨૫૫

આ સીધી-સરળ ગાથાઓનો સીધો-સરળ ભાવ આત્મખ્યાતિમાં આ રીતે વ્યક્ત કરવામાં આવ્યો છે -

"મોક્ષના કારણભૂત સમ્યક્ત્વસ્વભાવનું પ્રતિબંધક મિથ્યાત્વ છે. તે જાતે કર્મ જ છે અને તેના ઉદયથી જ જ્ઞાન (આત્મા) નું મિથ્યાદૃષ્ટિપણું થાય છે. મોક્ષના કારણભૂત જ્ઞાનસ્વભાવનું પ્રતિબંધક અજ્ઞાન છે. તે જાતે કર્મ જ છે અને તેના ઉદયથી જ્ઞાન (આત્મા) નું અજ્ઞાનીપણું થાય છે. મોક્ષના કારણભૂત ચારિત્ર સ્વભાવનો પ્રતિબંધક કષાય છે તે જાતે કર્મ જ છે અને તેના ઉદયથી જ્ઞાન (આત્મા) નું અચારિત્રપણું થાય છે. એટલે અહીં મોક્ષના તિરોધાયી હોવાથી કર્મનો નિષેધ કરવામાં આવ્યો છે."

આ પ્રકારનો ભાવ તાત્પર્યવૃત્તિમાં પણ છે. આ રીતે ગાથા અને ટીકાઓનો નિચોડ એ છે કે સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર મોક્ષના કારણરૂપ ભાવ છે અને તેના પ્રતિબંધક મિથ્યાત્વ વગેરે ભાવ છે; જે જાતે જ કર્મરૂપ છે. આ જ કારણ છે કે કર્મરૂપ બધા શુભાશુભભાવોના મુક્તિમાર્ગમાં નિષેધ કરવામાં આવ્યો છે.

ઉક્ત સંદર્ભમાં પૂજ્ય ગુરુદેવનું સ્પષ્ટીકરણ આ રીતે છે. -

"વસ્તુતઃ શુભભાવ સ્વયં મિથ્યાત્વ નથી, પરંતુ શુભભાવને પોતાનો માનવો મિથ્યાત્વ છે. તેમજ મિથ્યાત્વસહિત જ્ઞાન અને આચરણ અજ્ઞાન અને અચારિત્ર છે.

જુઓ, શુદ્ધ સચ્ચિદાનંદસ્વરૂપ ભગવાન આત્માનો અનુભવ કરી પ્રતીતિ કરવી તે સમ્યક્ત્વ છે, અને તે સમ્યક્ત્વ મોક્ષનો કારણરૂપ સ્વભાવ છે. અહીં સ્વભાવનો અભિપ્રાય ત્રિકાળી સ્વભાવથી નથી; પરંતુ સમ્યક્દર્શન પર્યાયની વાત છે. સમ્યક્ત્વ મોક્ષના કારણરૂપ સ્વભાવ છે અને તેને રોકનાર મિથ્યાત્વ છે. અહીં મિથ્યાત્વ અર્થાત જીવના પરિણામની વાત છે, મિથ્યાત્વ કર્મની નહીં. કર્મના નિમિત્તથી તો કથન કરવામાં આવે છે. ખરેખર તો તત્ત્વના અશ્રદ્ધાનરૂપ મિથ્યાત્વ ભાવ જ સમ્યક્ત્વને રોકનાર

છે, પ્રતિબંધક કારણ છે; જડકર્મ મોક્ષમાર્ગના અર્થાત્ સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્રના પ્રતિબંધક નથી; કારણકે તે તો પરદ્રવ્ય છે.[૧]

અહીં ગાથામાં મિથ્યાત્વ આદિના ઉદયની જે વાત કહી છે; તેનો અર્થ એ છે કે શુદ્ધ ચૈતન્યઘનસ્વરૂપ ભગવાન આત્માની પ્રતીતિરૂપ શ્રદ્ધાનથી વિપરીત પરિણમન થવું તે જ મિથ્યાત્વનો ઉદય છે. તેમજ પુણ્યથી ધર્મ થાય છે, નિમિત્તથી આત્મામાં લાભ-હાનિ થાય છે, હું બીજાનું ભલું-બૂરું કરી શકું છું તેમજ બીજા માણસો મારૂં ભલું બૂરું કરી શકે છે - આ માન્યતા જ સમ્યક્ત્વની વિરુદ્ધ છે. અને આ વિરુદ્ધભાવરૂપ પરિણમન જ મિથ્યાત્વ છે.[૨]

હવે અહીં જ્ઞાનને રોકવાવાળા અજ્ઞાનની વાત કહે છે. અહીં આત્માના અર્થમાં જે 'જ્ઞાન' શબ્દ આવ્યો છે, તે ત્રિકાળી આત્માના અર્થમાં નથી, પરંતુ આત્માના જ્ઞાનરૂપથી પરિણમન થવાથી જે સમ્યકજ્ઞાન પ્રગટ થાય છે, તેની વાત છે. આત્મા અતીન્દ્રિય જ્ઞાન અને આનંદનો કંદ પ્રભુ છે. તેની સન્મુખ ઢળવાથી જે સ્વરૂપનું જ્ઞાન થાય છે. તે સમ્યક્જ્ઞાન છે તેમ જ તે જ મોક્ષનો કારણરૂપ સ્વભાવ છે. શાસ્ત્રજ્ઞાન સ્વયં સમ્યગ્જ્ઞાન નથી; કારણ કે તે તો પરલક્ષી જ્ઞાન છે; તેથી અજ્ઞાન જ છે. તેમ જ વકીલાત, ડોક્ટરી વગેરેનું લૌકિક જ્ઞાન પણ પરલક્ષ્યી હોવાથી સમ્યક્જ્ઞાન નથી, અજ્ઞાન જ છે. જ્ઞાન તો એને કહે છે કે જે સ્વલક્ષ્યથી પૂર્ણાનંદના નાથ જ્ઞાનસ્વરૂપ નિજ શુદ્ધાત્માને જાણતા-અનુભવતા થકા થાય, તે જ જ્ઞાન મોક્ષનો કારણરૂપ સ્વભાવ છે. તેને રોકનાર અથવા તેનું વિરોધી હોવાથી બાકીનું બધું અજ્ઞાન છે. ખરેખર તો જ્ઞાનનું રાગમાં અને પરદ્રવ્યોને જાણવામાં અટકવું અથવા રોકાવું તે જ અજ્ઞાન છે અને આ અજ્ઞાન સમ્યક્જ્ઞાનનું વિરોધી છે.[૩]

---

૧. પ્રવચનરત્નાકર (હિંદી) ભાગ ૫, પાનું ૧૬૧
૨. પ્રવચનરત્નાકર (હિંદી) ભાગ ૫, પાનું ૧૬૨
૩. પ્રવચનરત્નાકર (હિંદી) ભાગ ૫, પાનું ૧૬૭

હવે ચારિત્રનો ત્રીજો બોલ કહે છે - પૂર્ણાનંદના નાથ જ્ઞાયકમૂર્તિ ભગવાન આત્મામાં રમણ કરવું, તેમાં જ લીન થવાને ચારિત્ર કહે છે.[૧]

અહીં કહે છે કે સ્વરૂપમાં રમણતારૂપ પ્રગટ થયેલા ચારિત્રમાં આત્મા અતીન્દ્રિય આનંદને ભોગવે છે. ચારિત્ર તેને કહે છે. જેમાં અતીન્દ્રિય આનંદનું પ્રચુર સ્વસંવેદન પ્રગટ થયું હોય. ભગવાન આત્મા એકલો આનંદની ખાણ છે. આત્માની પર્યાયમાં આનંદની પ્રકૃષ્ટ ધારાનું પ્રવાહિત થવું તેનું નામ જ ચારિત્ર છે.[૨]

હવે કહે છે કે શુભાશુભભાવરૂપ કષાય પરિણામ જ ચારિત્રના વિરોધી પરિણામ છે. ચારિત્રને રોકવાવાળા ભાવ છે. શરીરની નગ્નતા તો જડ-માટીની અવસ્થા છે, જે દુઃખનું જ કારણ છે. આસ્રવના ભાવ તો ચારિત્ર છે જ નહીં. ચારિત્ર તો પોતાના સિદ્ધ સમાન શુદ્ધાત્માના સ્વરૂપમાં રમણતાથી ઉત્પન્ન થયેલા પોતાના સમરસીભાવરૂપ પરિણામ છે. તે જ મોક્ષનો કારણરૂપ સ્વભાવ છે. આ શુભાશુભભાવ તે ચારિત્રરૂપ સ્વભાવને રોકવાવાળો ભાવ છે. તેને ચાહે વ્યવહાર કહો, કષાય કહો, અથવા ચારિત્રનો વિરોધીભાવ કહો - એ બધું એકાર્થવાચક છે.[૩]

તે ચારિત્રને રોકનાર કષાય છે. દયા-દાન-વ્રત-તપ વગેરેનો જે શુભભાવ છે. તે ચારિત્રને રોકનાર છે. તે શુભભાવ સ્વયં જ કર્મ છે, તેના ઉદયથી અર્થાત્ ઉત્પન્ન થવાથી આત્માનું અચારિત્રપણું થાય છે એટલે કહ્યું છે કે કર્મ સ્વયં જ મોક્ષના કારણના તિરોધાયીભાવ સ્વરૂપવાળું હોવાથી તેના નિષેધ કરવામાં આવ્યો છે.

આનાથી સ્પષ્ટ છે કે શુભભાવ ધર્મ નથી; કારણ કે તે વિકારીભાવ હોવાથી તેનો નિષેધ કરવામાં આવ્યો છે. તે ધર્મ તો છે જ નહીં, ધર્મનું કારણ પણ નથી, એટલું જ નહીં ધર્મથી વિરુદ્ધ સ્વભાવવાળું છે.

---

૧. પ્રવચનરત્નાકર (હિંદી) ભાગ ૫, પાનું ૧૬૮
૨. પ્રવચનરત્નાકર (હિંદી) ભાગ ૫, પાનું ૧૬૯
૩. પ્રવચનરત્નાકર (હિંદી) ભાગ ૫, પાનું ૧૬૯

ધર્મી જીવોને પણ શુભભાવ આવે છે; પરંતુ તેને તેઓ ધર્મ નથી માનતા, પરંતુ હેય માને છે.''[1]

પૂજ્ય ગુરુદેવના ઉક્ત સ્પષ્ટીકરણ પછી કહેવા માટે કંઈ બાકી રહેતું નથી.

આ રીતે અહીં પુણ્ય-પાપ અધિકારની ગાથાઓ સમાપ્ત થઈ રહી છે. વિગત સાત ગાથાઓનું તાત્પર્ય બતાવતા પંડિત જયચંદજી છાબડા ભાવાર્થમાં લખે છે -

''પહેલી ત્રણ ગાથાઓમાં કહ્યું હતું કે કર્મ મોક્ષના કારણરૂપ ભાવોનું, સમ્યક્ત્વ આદિનું ઘાતક છે. પછીની એક ગાથામાં એમ કહ્યું છે કે કર્મ જાતે જ બન્ધસ્વરૂપ છે. અને આ ત્રણ અંતિમ ગાથાઓમાં કહ્યું છે કે કર્મ મોક્ષના કારણરૂપ ભાવોનું વિરોધી ભાવસ્વરૂપ છે- મિથ્યાત્વ આદિ સ્વરૂપ છે આ રીતે એમ બતાવ્યું છે કે કર્મ મોક્ષના કારણનું ઘાતક છે, બન્ધસ્વરૂપ છે અને બન્ધના કારણ સ્વરૂપ છે; એટલે નિષિદ્ધ છે.

અશુભ કર્મ તો મોક્ષનું કારણ છે જ નહીં, ઉલટાના બાધક જ છે. એટલે નિષિદ્ધ જ છે, પરંતુ શુભકર્મ પણ કર્મ સામાન્યમાં આવી જાય છે, એટલે તે પણ બાધક જ છે; એટલે નિષિદ્ધ જ છે - એમ જાણવું.

અધિકારનું સમાપન કરવાના અવસર પર આચાર્ય અમૃતચંદ્ર ચાર કળશ લખે છે, જેમાંથી પહેલો આ રીત છે.

(शार्दूलविक्रीडित)

संन्यस्तव्यमिदं समस्तमपि तत्कर्मैव मोक्षार्थिना ।
संन्यस्ते सति तत्र का किल कथा पुण्यस्य पापस्य वा ॥
सम्यक्त्वादिनिजस्वभावभवनान्मोक्षस्य हेतु र्भवन् ।
नैष्कर्म्यप्रतिबद्धमुद्धतरसं ज्ञानं स्वयं धावति ॥१०९॥

---

१. प्रवचनरत्नाकर (हिंदी) भाग ५, पानुं १७१

(હરિગીત)

મોક્ષાર્થીને સઘળુંય કર્મ જ ત્યાગ કરવા યોગ્ય છે,
છે ત્યાજ્ય સઘળું તો પછી શું પુણ્ય-પાપની વાત છે;
એ ત્યાગીને સમ્યક્ત્વઆદિ નિજ સ્વભાવરૂપે થતાં,
નિષ્કર્મરૂપનું બહુ રસીલું જ્ઞાન આવે દોડતાં. ૧૦૯

મોક્ષાર્થીઓને માટે સમસ્ત કર્મ ત્યાગ કરવા યોગ્ય છે. જ્યારે આ સુનિશ્ચિત છે, તો પછી પુણ્ય અને પાપ કર્મોની ચર્ચા જ શું કરવી કારણ કે બધા કર્મ ત્યાજ્ય હોવાથી પુણ્ય સારું અને પાપ ખરાબ એ વાત જ ક્યાં રહી જાય છે ? આવી સ્થિતિ થવાથી સમ્યક્ત્વ આદિ નિજસ્વભાવના પરિણમનથી મોક્ષના કારણભૂત નિષ્કામ અવસ્થાનું રસિક જ્ઞાન આપોઆપ દોડ્યું આવે છે.

આ કળશમાં એ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે જ્યારે મોક્ષાર્થીઓને માટે સમસ્ત કર્મ ત્યાજ્ય છે તો પછી એ ચર્ચાને માટે અવકાશ જ ક્યાં રહે છે કે પુણ્ય સારું છે અને પાપ ખરાબ છે. તેથી આ ચર્ચાને વિસ્તૃત કરવામાં કોઈ લાભ નથી. અરે ભાઈ ! નિજ ભગવાન આત્માના આશ્રયથી જ્યારે સમ્યક્દર્શન, જ્ઞાન ચારિત્ર પ્રગટ થાય છે, ત્યારે નિષ્કામ અવસ્થાનું રસિક જ્ઞાન સહજ જ પ્રગટ થઈ જાય છે. તેના માટે અલગથી કોઈ પુરુષાર્થ કરવાની અપેક્ષા રહેતી નથી.

ઉક્ત સંદર્ભમાં કળશટીકાનો નીચે લખેલો અંશ જાણવા જેવો છે.

"શુભક્રિયારૂપ, અશુભક્રિયારૂપ, અન્તર્જલ્પરૂપ, બહિર્જલ્પરૂપ વગેરે કસ્તૂતિરૂપ ક્રિયા અથવા જ્ઞાનાવરણી પુદ્ગલનો પિંડ, અશુદ્ધ રાગાદિરૂપ જીવના પરિણામ - એવું કર્મ જીવસ્વરૂપનું ઘાતક છે, એવું જાણી જડમૂળથી ત્યાજ્ય છે....

કોઈ આશંકા કરશે કે મોક્ષમાર્ગ સમ્યક્દર્શન; જ્ઞાન, ચારિત્ર આ ત્રણેનો મળેલો છે; પણ અહીં જ્ઞાનમાત્રને મોક્ષમાર્ગ કહ્યું - એમ કેમ

કહ્યું ? એનું સમાધાન આ પ્રમાણે છે - શુદ્ધસ્વરૂપ જ્ઞાનમાં સમ્યક્‌દર્શન અને સમ્યક્‌ચારિત્ર સહજ જ ગર્ભિત છે. એટલે દોષ તો કાંઈ નથી, ગુણ છે.''

ઉપરના કળશનો ભાવાનુવાદ બનારસીદાસજીએ નાટક સમયસારમાં આ રીતે કર્યો છે.

(इकतीसा सवैया)

मुकतिके साधककौं बाधक करम सब,
आतमा अनादिकौ करम मांहि लुक्यौ है ।
एते पर कहै जो कि पाप बुरौ पुन्न भलौ,
सोई महामूढ़, मोखमारगसौं चुक्यौ है ॥
सम्यक सुभाउ लिये हियेमैं प्रगट्यौ ग्यान,
ऊरध उमंगि चल्यौ काहूपै न रुक्यौ है ।
आरसीसौ उज्जल बनारसी कहत आपु,
कारनसरूप ह्वै कै कारजकौं ढुक्यौ है ॥

મુક્તિના સાધકને માટે બધા કર્મ બાધક જ છે; કારણકે અનાદિકાળથી આ આત્મા કર્મોમાં જ તો છુપાયેલો છે આ વાત સુનિશ્ચિંત હોવા છતાં કોઈ કહે છે કે પાપકર્મ ખરાબ છે અને પુણ્યકર્મ સારું છે; પરંતુ આવું કહેવાવાળો મહામુર્ખ છે, અને મુક્તિમાર્ગથી ચૂકેલો છે. વિમુખ છે. જ્યારે સમ્યક્‌દર્શન સહિત જ્ઞાન ઉમંગથી આગળ વધે છે તો કોઈના રોકાવાથી રોકાતું નથી.

બનારસીદાસજી કહે છે કે આરસી (દર્પણ)ના સમાન ઉજ્જ્વળ તે જ્ઞાન સ્વયં કારણસ્વરૂપ થઈ કાર્યરૂપ પરિણમિત થઈ જાય છે, સિદ્ધદશાને પ્રાપ્ત કરી લે છે.

'પુણ્યકર્મ પણ પાપ જ છે' - આ વાતને સ્પષ્ટ કરવા માટે પૂજ્ય ગુરુદેવ આગમ પ્રસ્તુત કરીને કહે છે.

આ અધિકારમાં આચાર્ય જયસેનની ટીકામાં પણ આ વાત કહે છે.

'अत्राह शिष्यः जीवादिसदहणम् इत्यादि व्यवहाररत्नत्रय व्याख्यानं कृतं तिष्ठति कथं पापाधिकार इति ।

અહીં આચાર્ય જયસેને શિષ્યના મોઢેથી એમ પ્રશ્ન ઉઠાવ્યો છે કે આ અધિકારમાં તો જીવાદિના શ્રદ્ધાનરૂપ વ્યવહાર રત્નત્રયનું વ્યાખ્યાન કરવામાં આવ્યું છે, તો પછી તેને પાપ અધિકાર શા માટે કહેવામાં આવ્યો છે ?

જયસેનાચાર્યના શબ્દોમાં જ ઉત્તર આ રીતે છે. -

यद्यपि व्यवहारमोक्षमार्गो निश्चयरत्नत्रयस्यो-पादेयभूतस्य कारणभूतत्वादुपादेयः परम्परया जीवस्य पवित्रताकारणात् पवित्रस्तथापि बहिर्द्रव्यकलंबनेन पराधीनत्वात्पतति नश्यतीत्येकं कारणं ।

જો કે વ્યવહાર મોક્ષમાર્ગ નિશ્ચય રત્નત્રયનું ઉપાદેયભૂત કારણ હોવાથી પવિત્ર છે. તોપણ બર્હિદ્રવ્યનું આલંબન હોવાથી અને પરાધીન હોવાથી સ્વરૂપથી પતિત કરે છે. સ્વાધીનતાને નષ્ટ કરે છે, આ અપેક્ષાએ પુણ્યરૂપ વ્યવહારરત્નત્રયને પાપ કહેવામાં આવ્યું છે.'

વ્યવહારરત્નત્રયના કષાયની મંદતારૂપ શુભભાવોને પાપ કહેવાનું બીજું કારણ બતાવતા તેઓ લખે છે -

''निर्विकल्पसमाधिरतानां व्यवहारविकल्यालंबनेन स्वरूपात्पतितं भवतीति द्वितीयंकारणम् इति निश्चयनयापेक्षया पापं ।

નિર્વિકલ્પ સમાધિમાં લીન પુરુષ વ્યવહારના વિકલ્પના અવલમ્બનથી સ્વરૂપથી પતિત થઈ જાય છે. આ કારણથી પણ વ્યવહાર રત્નત્રયના શુભ વિકલ્પોને નિશ્ચયનયની અપેક્ષાએ પાપ કહેવામાં આવે છે.

આ જ ક્રમમાં ત્રીજું કારણ બતાવતા આચાર્ય જયસેન આગળ લખે છે કે -

"अथवा सम्यक्त्वादि विपक्षभूतानन मिथ्यात्वादीनां व्याख्यानं कृतमिति व पापाधिकारः ।

અથવા સમ્યક્ત્વ આદિથી વિરૂદ્ધ હોવાથી મિથ્યાત્વાદિને પાપનો અધિકાર કહ્યો છે; કારણકે વ્યવહાર રત્નત્રયનો શુભરાગ સમ્યક્‌રત્નત્રયના વીતરાગી પરિણામથી વિરૂદ્ધ હોવાથી પાપ છે. આ કારણથી આ પાપ અધિકાર ચાલે છે - એમ કહેવામાં આવ્યું છે.

આચાર્ય કુંદકુંદદેવે પણ પ્રવચનસારની ૭૭મી ગાથામાં કહ્યું છે-

'પુણ્ય અને પાપમાં કોઈ અંતર નથી - એવું જે નથી માનતો તે મોહ-મિથ્યાત્વથી આચ્છાદિત છે. અથવા પુણ્ય અને પાપમાં અંતર નહીં હોવા છતાં જે તે બંનેમાં અંતર છે. -એવું માને છે, તે મોહથી, મિથ્યાત્વથી આચ્છાદિત રહી અપાર સંસારમાં ભટકે છે.

પુણ્ય અને પાપ બંને જ સામાન્યરૂપથી બન્ધરૂપ હોવા છતાં પણ જે પુણ્યને સારું અને પાપને ખરાબ માને છે. તે ઘોર સંસારમાં રખડશે.'

અહો ! માત્ર કુંદકુંદ આચાર્ય જ નહીં, બધા દિગંબર સંત આ સનાતન વીતરાગી જૈનદર્શનના પ્રવાહનું જ પોષણ કરે છે.

આચાર્ય કુંદકુંદ આજથી બે હજાર વર્ષ પહેલાં થયા, આચાર્ય અમૃતચંદ્ર તેમના પછી આજથી એક હજાર વર્ષ પહેલા થયા તથા આચાર્ય જયસેન આજથી ૯૦૦ વર્ષ પહેલા થયા અર્થાત્ આચાર્ય અમૃતચંદ્રના ૧૦૦ વર્ષ પછી આચાર્ય જયસેન થયા. આચાર્યોમાં કાળનું આટલું અંતર હોવા છતાં પણ બધા દિગંબર, સંતોનું એક જ કથન છે કે દેવ-ગુરુ-શાસ્ત્રની વ્યવહારશ્રદ્ધા, બાર વ્રતો તેમજ પાંચ મહાવ્રતોનો ભાવ તથા શાસ્ત્રોનું પરલક્ષ્યી જ્ઞાન એ બધું નિશ્ચયની અપેક્ષા અર્થાત્ સ્વભાવથી પતિત કરાવનાર છે."[1]

ઉક્ત કથનોથી એ સુનિશ્ચિત છે કે એક પ્રકારથી પુણ્ય પણ પાપ

---

૧. પ્રવચનરત્નાકર (હિંદી) ભાગ ૫, પાનું ૧૭૫-૧૭૬

જ છે, મુક્તિમાર્ગમાં પાપની જેમ જ હેય છે, ત્યાજ્ય છે અને તેને મુક્તિનું કારણ માનવું તે અજ્ઞાન છે, મિથ્યાત્વ છે.

હવે આગળના કળશમાં એમ કહે છે કે જો કે પુણ્યભાવરૂપ કર્મ પણ મુક્તિમાર્ગનો વિરોધીભાવ છે; તો પણ જ્ઞાન ધારા અને કર્મધારાના એક સાથ રહેવામાં કોઈ વિરોધ નથી.

(शार्दूलविक्रीडित)

यावत्पाकमुपैति कर्मविरतिर्ज्ञानस्य सम्यङ्न सा ।
कर्मज्ञानसमुच्चयोऽपि विहितस्तावन्न काचित्क्षतिः ॥
किन्त्वत्रापि समुल्लसत्यवशतो यत्कर्म बंधाय तन् ।
मोक्षाय स्थितमेकमेव परमं ज्ञानं विमुक्तं स्वतः ॥११०॥

(હરિગીત)

આ કર્મવિરતિ જ્યાં લગી પરિપૂર્ણતા પામે નહિ,
છે કર્મધારા, જ્ઞાનધારા એક સાથે ત્યાં લગી;
નથી દોષ એમાં કાંઈ, પણ છે કર્મધારા બંધમય,
ને પરમજ્ઞાન, વિમુક્ત જે, તે એક છે બસ મુક્તિમય. ૧૧૦

જ્યાં સુધી જ્ઞાનની કર્મવિરતિ બરાબર પરિપૂર્ણતા પામતી નથી ત્યાં સુધી કર્મ અને જ્ઞાનનું એકત્રિતપણું શાસ્ત્રમાં કહ્યું છે; તાત્પર્ય એ જ છે કે ત્યાં સુધી જ્ઞાનધારા અને કર્મધારાના એક સાથે રહેવામાં કાંઈ વિરોધ નથી. પણ અહીં એટલું વિશેષ જાણવું આત્મામાં અવશપણે (જબરદસ્તીથી) જે કર્મ પ્રગટ થાય છે; તે બંધનું કારણ છે અને જે સ્વતઃ વિમુક્ત પરમજ્ઞાન છે, તે મોક્ષનું કારણ છે.

ઉક્ત કળશમાં એમ કહેવામાં આવ્યું છે કે જ્યાં સુધી શુભાશુભ કર્મ પૂર્ણતઃ સમાપ્ત ન થઈ જાય; ત્યાં સુધી શુભાશુભ કર્મધારા અને સમ્યક્ શ્રદ્ધાન-જ્ઞાન તેમ જ આંશિક વિરતિરૂપ જ્ઞાનધારા એક આત્મામાં એક સાથે રહે છે; કારણકે એમના એક સાથે રહેવામાં વિરોધ નથી. એક સાથ રહેવામાં કોઈ વાંધો નથી.

હાં, એક વાત અવશ્ય છે કે તે બંને ધારાઓના એક સાથે રહેવા છતા બંનેના કાર્ય અલગ-અલગ જ રહે છે. કર્મધારા બંધ કરે છે અને જ્ઞાનધારા મુક્તિનો માર્ગ પ્રશસ્ત કરે છે.

આ છંદનો ભાવ નાટક સમયસારમાં આ રીતે વ્યક્ત કરવામાં આવ્યો છે -

(सवैया इकतीसा)

जौलौं अष्ट कर्मकौ विनास नांही सरवथा,
तौलौं अंतरातमामैं धारा दोई बरनी ।
एक ग्यानधारा एक सुभासुभ कर्मधारा,
दूहूं की प्रकृति न्यारी न्यारी-न्यारी धरनी ॥
इतनौ विसेस जु करमधारा बंधरूप,
पराधीन सकति विविध बंध करनी ।
ग्यानधारा मोखरूप मोखकी करनहार,
दोखकी हरनहार भौ-समुद्र-तरनी ॥

જ્યાં સુધી અષ્ટકર્મોનો સંપૂર્ણતઃ નાશ ન થઈ જાય, ત્યાં સુધી અંતરાત્મામાં બે ધારાઓ કહેવામાં આવી છે. તેમાં એક તો જ્ઞાનધારા અને બીજી શુભાશુભ કર્મધારા છે. બંને ધારાઓની સત્તા અલગ-અલગ છે અને પ્રકૃતિ પણ જુદી-જુદી છે. આમાં એટલી વાત વિશેષ કહેવા યોગ્ય છે કે કર્મધારા બંધરૂપ છે અને અનેક પ્રકારનો કર્મબંધ કરાવનાર છે; તે કારણથી આત્મશક્તિને પરાધીન કરાવનાર છે, અને જ્ઞાનધારા મોક્ષરૂપ છે, મોક્ષને કરાવનાર છે; દુઃખોને દૂર કરનારી છે અને સંસાર-સાગરથી પાર ઉતારનાર છે.

આ કળશમાં આવેલા ભાવોનું સ્પષ્ટીકરણ પંડિત જયચંદજી છાબડા ભાવાર્થમાં આ રીતે કરે છે. -

''જ્યાં સુધી યથાખ્યાત ચારિત્ર નથી થતું. ત્યાં સુધી સમ્યક્‌દૃષ્ટિને બે ધારાઓ રહે છે. શુભાશુભ કર્મધારા અને જ્ઞાનધારા. તે બંનેના એક

સાથે રહેવામાં કાંઈ પણ વિરોધ નથી. (જેમ મિથ્યાજ્ઞાન અને સમ્યક્‌જ્ઞાનનો પરસ્પર વિરોધ છે, તેમ કર્મ સામાન્ય અને જ્ઞાનનો વિરોધ નથી). આવી સ્થિતિમાં કર્મ પોતાનું કામ કરે છે અને જ્ઞાન પોતાનું કામ કરે છે. જેટલા અંશમાં શુભાશુભ કર્મધારા છે. તેટલા અંશમાં કર્મબન્ધ થાય છે અને જેટલા અંશમાં જ્ઞાનધારા છે એટલા અંશમાં કર્મનો નાશ થાય છે. વિષય-કષાયના વિકલ્પ અથવા વ્રત-નિયમના વિકલ્પ અથવા શુદ્ધસ્વરૂપનો વિચાર પણ કર્મબન્ધનું કારણ છે, શુદ્ધ પરિણતિરૂપ જ્ઞાનધારા જ મોક્ષનું કારણ છે.''

જુઓ, અહીં વ્રત-નિયમના વિકલ્પો અને શુદ્ધ સ્વરૂપના વિચારોને પણ કર્મબન્ધનું કારણ કહ્યા છે.

આના સંદર્ભમાં પૂજ્ય ગુરુદેવ વિચાર પણ જાણવા જેવા છે -

''ભગવાન કેવળી સંપૂર્ણ અબન્ધ છે. મિથ્યાદૃષ્ટિને સંપૂર્ણ બંધ છે અને મોક્ષમાર્ગી સમકિતી સાધક જીવને થોડોક બંધ અને થોડોક અબન્ધ છે. સમકિતી ધર્મીને કાંઈક કર્મોના બંધનો અભાવ છે અને કાંઈક કર્મબન્ધનો સદ્‌ભાવ છે. બંને એકસાથે થાય છે. દ્રવ્યસ્વભાવના સ્પર્શથી સાધકને સમ્યક્‌દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ સ્વભાવ પ્રગટ થાય છે, તે જ્ઞાન જ એકલું મોક્ષનું કારણ છે, તથા જેટલા શુભાશુભભાવના પરિણમન કર્યા છે, તેટલું બંધનનું કારણ છે. જ્ઞાન સ્વતઃ વિમુક્ત છે, આ કારણથી એકલું જ્ઞાન જ મોક્ષનું કારણ છે.[૧]

આ જ વાત કળશ ટીકાકાર રાજમલજીએ ૧૧૦માં કળશની ટીકામાં કહી છે -

'અહીં કોઈ શંકા કરશે કે મિથ્યાદૃષ્ટિનું યતિપણું જે ક્રિયારૂપ છે, તે બંધનું કારણ છે. સમ્યક્‌દૃષ્ટિનું શુભક્રિયારૂપ યતિપણું છે. તે તો મોક્ષનું કારણ છે; કારણકે અનુભવજ્ઞાન તથા દયા-વ્રત-તપ-સંયમરૂપ ક્રિયા બંને મળીને જ્ઞાનાવરણાદિ કર્મનો ક્ષય કરે છે. -એવી માન્યતા કેટલાક અજ્ઞાની જીવની હોય છે.

---

૧. પ્રવચનરત્નાકર (હિંદી) ભાગ ૫, પાનું ૧૮૭

ત્યાં સમાધાન એ છે કે - જેટલી શુભ-અશુભક્રિયા, બહિર્જલ્પરૂપ વિકલ્પ અથવા અન્તર્જલ્પરૂપ અથવા દ્રવ્યોના વિચારરૂપ અથવા શુદ્ધ સ્વરૂપનો વિચાર વગેરે બધું જ કર્મબન્ધનું કારણ છે. આવી ક્રિયાનો આવો જ સ્વભાવ છે. સમ્યગ્દષ્ટિ-મિથ્યાદષ્ટિનો એવો ભેદ તો ક્યાંય નથી. એવી કરણીથી એવો બન્ધ છે. શુદ્ધસ્વરૂપ પરિણમન માત્રથી મોક્ષ છે. જો કે એક જ કાળમાં સમ્યક્દષ્ટિ જીવને શુદ્ધ જ્ઞાન પણ છે. ક્રિયારૂપ પરિણમન પણ છે. તો પણ ક્રિયારૂપ જે પરિણામ છે તેનાથી કેવળ બંધ જ થાય છે, કર્મનો ક્ષય એક અંશ પણ નથી થતો; આવું વસ્તુનું સ્વરૂપ છે.

સહારો કોનો ? તે જ સમયમાં શુદ્ધસ્વરૂપ-અનુભવજ્ઞાન પણ છે, તે જ્ઞાનથી કર્મનો ક્ષય થાય છે, એક અંશમાત્ર પણ બંધ નથી થતો. વસ્તુનું આવું જ સ્વરૂપ છે.'

તેમ જ તેના પર જ આગળ પ્રશ્ન ઉઠાવીને કહ્યું છે કે - 'એક જીવમાં એક જ કાળમાં જ્ઞાન અને ક્રિયા બંને કેવી રીતે થાય છે ? સમાધાન એ છે કે વિરૂદ્ધ તો કશું જ નથી. કેટલાય સમય સુધી બંને થાય છે, આવું જ વસ્તુનું સ્વરૂપ છે, પરંતુ વિરોધ જેવું લાગે છે, તોપણ બધા પોત-પોતાના સ્વરૂપથી છે. કોઈ કોઈનો વિરોધ કરતું નથી.'

આ રીતે જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા પોતાનામાં એકાગ્ર થઈ પ્રવર્તે ત્યારે જેટલી જ્ઞાનધારા હોય તેટલું સંવર-નિર્જરાનું કારણ છે. તેમાં કિંચિત બંધનું કારણ નથી અને બહિર્મુખપણાથી પ્રવર્તતી જેટલી શુભાશુભ રાગધારા છે; તેટલું બંધનું કારણ છે, તેમાં એક અંશ પણ સંવર-નિર્જરાનું કારણ નથી. ભાવલિંગી મુનિવરોને જે પંચમહાવ્રતના પરિણામ છે. તે બંધનું કારણ છે તથા એક શુદ્ધ પરિણતિરૂપ જ્ઞાનધારા જ મોક્ષનું કારણ છે. ક્યારેક જ્ઞાનધારા અને ક્યારેક રાગધારા મોક્ષનું કારણ હોય-એવું વસ્તુનું સ્વરૂપ જ નથી.

જગતના જીવોને શુભભાવમાં ધર્મબુદ્ધિના સંસ્કાર પડી ગયા છે, તેના પ્રત્યે વિશેષ રુચિ થઈ ગઈ છે, તેમાંથી ધર્મબુદ્ધિના સંસ્કાર છૂટતા નથી; આ કારણથી શુભભાવથી લાભ થાય છે - એવું કોઈ કહે તો પ્રસન્ન થઈ જાય છે, વૃત્તિની અનુસાર ઉપદેશ મળ્યો તો સારું લાગે છે. પરંતુ ભાઈ ! આ માન્યતા તો મિથ્યાત્વ નામનું મોટું શલ્ય છે.[1]

આ રીતે આ કળશમાં આ વાત એકદમ સ્પષ્ટ થઈ ગઈ કે ભલે છદ્મસ્થ જ્ઞાની ધર્માત્માઓને જ્ઞાનધારા અને કર્મધારા એકસાથે રહેતી હોય; તોપણ આ વાત સ્પષ્ટ છે કે કર્મધારા બંધનું જ કારણ છે, આ કારણથી, હેય છે, ત્યાજ્ય છે અને મુક્તિનું કારણ હોવાથી જ્ઞાનધારા ઉપાદેય છે, વિધેય છે, સાક્ષાત્ ધર્મ છે.

હવે આગળના કળશમાં કહે છે કે કર્મનય અને જ્ઞાનનયના એકાંત પક્ષપાતી અજ્ઞાની જીવ સંસાર-સાગરમાં ડૂબે છે અને તેને સમતોલન રાખી ચાલવાવાળા સ્યાદ્વાદી સંસાર-સાગરથી પાર થઈ જાય છે. કળશ મૂળ આ રીતે છે.

(शार्दूलविक्रीडित)

मग्नाः कर्मनयावलंबनपरा ज्ञानं न जानंति यत् ।
मग्नाः ज्ञाननयैषिणोऽपि यदति स्वच्छंदमंदोद्यमाः ॥
विश्वस्योपरि ते तरंति सततं ज्ञानं भवंतः स्वयं ।
ये कुर्वंति न कर्म जातु न वशं यांति प्रमादस्य च ॥१११॥

(હરિગીત)

કર્મનય અવલંબનારા જ્ઞાનહીન જનો ડૂબે,
ને જ્ઞાનનયના ઈચ્છુકો અતિમંદઉદ્યમથી ડૂબે;
પણ જ્ઞાનરૂપ થયા થકા જે કર્મવિરહિત થાય છે,
અપ્રમાદી એવા જીવથી ભવજલધિ પાર કરાય છે. ૧૧૧

---

१. प्रवचनरत्नाकर (हिंदी) भाग ५, पानुं १८९-१९०

કર્મનયના અવલંબનમાં તત્પર કર્મના પક્ષપાતી જીવ સંસાર-સાગરમાં ડૂબેલા છે; કારણ કે તેઓ જ્ઞાન (આત્મા)ને નથી જાણતા અને જ્ઞાનનયના ઈચ્છુક પક્ષપાતી જીવ પણ ડૂબેલા છે; કારણ કે તેઓ સ્વચ્છંદતાથી અત્યંત મંદ ઉદ્યમી છે. તાત્પર્ય એ છે કે તેઓ સ્વરૂપ પ્રાપ્તિનો પુરુષાર્થ નથી કરતા અને વિષય-કષાયમાં વર્તે છે. પરંતુ જે જીવ નિરંતર જ્ઞાનરૂપ થઈ, જ્ઞાનરૂપ પરિણમિત થયા થકા કર્મ નથી કરતા, શુભાશુભ કર્મોથી વિરક્ત રહે છે અને ક્યારેય પ્રમાદને વશ નથી થતા તે જીવ વિશ્વની ઉપર તરે છે.

ઉક્ત કળશનો ભાવ પંડિત જયચંદજી છાબડા ભાવાર્થમાં વિસ્તારથી સ્પષ્ટ કરે છે; જે આ રીતે છે. -

''અહીં સર્વથા એકાંત અભિપ્રાયનો નિષેધ કરવામાં આવ્યો છે; કારણકે સર્વથા એકાંત અભિપ્રાય જ મિથ્યાત્વ છે.

ઘણા માણસો પરમાર્થભૂત જ્ઞાનસ્વરૂપ આત્માને જાણતા નથી અને વ્યવહાર દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ ક્રિયાકાંડના આડંબરને મોક્ષનું કારણ માની તેમાં તત્પર રહે છે; તેનો પક્ષપાત કરે છે. આવા કર્મનયના પક્ષપાતી માણસો-જો કે જ્ઞાનને તો નથી જાણતા, કર્મનયમાં જ ખેદખિન્ન છે; તેઓ સંસારમાં ડૂબે છે.

અને કેટલાય લોકો આત્મસ્વરૂપને યથાર્થ નથી જાણતા અને સર્વથા એકાંતવાદી મિથ્યાદૃષ્ટિઓના ઉપદેશથી અથવા પોતાની રીતે જ અંતરંગમાં જ્ઞાનનું સ્વરૂપ મિથ્યા પ્રકારથી કલ્પિત કરી તેનો પક્ષપાત કરે છે. તેઓ પોતાની પરિણતિમાં કિંચિંતમાત્ર પરિવર્તન કર્યા વિના પોતાને સર્વથા અબંધ માને છે અને વ્યવહાર દર્શન-જ્ઞાન-ચારિત્રના ક્રિયાકાંડની નિરર્થક માની છોડી દે છે. એવા જ્ઞાનનયના પક્ષપાતી લોકો કે જે સ્વરૂપનો કોઈ પુરુષાર્થ નથી કરતા અને શુભ પરિણામોને છોડી સ્વચ્છન્દી બની વિષય-કષાયોમાં વર્તે છે. તેઓ પણ સંસારસમુદ્રમાં ડૂબે છે.

મોક્ષમાર્ગી જીવ જ્ઞાનરૂપ પરિણમિત થયા થકા શુભાશુભ કર્મોને (અર્થાત્ શુભાશુભભાવોને) હેય જાણે છે અને શુદ્ધ પરિણતિને જ ઉપાદેય જાણે છે, તેઓ માત્ર અશુભ કર્મોને જ નહીં; પરંતુ શુભકર્મોને પણ છોડી સ્વરૂપમાં સ્થિર થવા નિરંતર ઉદ્યમી રહે છે. - તેઓ સંપૂર્ણ સ્વરૂપસ્થિત થયા સુધી પુરુષાર્થ કરતા જ રહે છે. જ્યાં સુધી, પુરુષાર્થની અધૂરાશને લીધે, શુભાશુભ પરિણામોથી છૂટી સ્વરૂપમાં સંપૂર્ણપણે સ્થિર રહી શકાતું નથી; ત્યાં સુધી - જો કે સ્વરૂપસ્થિરતાનું આંતરિક આલંબન (અંતઃસાધન) તો શુદ્ધ પરિણતિ સ્વયં જ છે; તોપણ - આંતરિક-આલંબન લેનારને જેઓ બાહ્ય આલંબનરૂપ કહેવાય છે એવા (શુદ્ધ સ્વરૂપના વિચાર આદિ) શુભ પરિણામોમાં તે જીવો હેયબુદ્ધિઓ પ્રવર્તે છે; પરંતુ શુભ કર્મોને નિરર્થક ગણી છોડી દઈને સ્વચ્છંદપણે અશુભ કર્મોમાં પ્રવર્તવાની બુદ્ધિ તેમને કદી હોતી નથી. આવા એકાંત અભિપ્રાય રહિત જીવો કર્મોનો નાશ કરી, સંસારથી નિવૃત્ત થાય છે.''

નાટક સમયસારમાં આ કળશનો ભાવાનુવાદ આ રીતે કરવામાં આવ્યો છે.

(સવૈયા ઇકતીસા)

સમુઝૈં ન જ્ઞાન કહૈં કરમ કિયેસૌં મોખ,
ઐસે જીવ વિકલ મિથ્યાત કી ગહલ મૈં ।
ગ્યાન પચ્છ ગહૈં કહૈં આતમા અબંધ સદા,
બરતૈં સુછંદ તેઊ બૂઢે હૈં ચહલ મૈં ॥
જથા જોગ કરમ કરૈં પૈ મમતા ન ધરૈં,
રહૈં સાવધાન ગ્યન ધ્યાન કી ટહલ મૈં ।
તેઈ ભવસાગર કે ઊપર હ્વૈ તરૈં જીવ,
જિન્હિ કો નિવાસ સ્યાદવાદ કે મહલ મૈં ॥

જે જીવ જ્ઞાન (આત્મા)ને તો જાણતા નથી અને એમ માને છે કે શુભકર્મ કરવાથી મોક્ષ થશે - એવા જીવ મિથ્યાત્વની ગહલ (અર્ધ મૂર્છિતાવસ્થા અથવા પાગલપન)માં દુઃખી (આકુલિત) થઈ રહ્યા છે.

જે જીવ જ્ઞાનનો પક્ષ ગ્રહણ કરીને કહે છે કે આત્મા તો હમેંશા અબંધ જ છે. એવું માનીને સ્વચ્છંદ આચરણ કરે છે. તેવા જીવ પણ ભવ-કાદવમાં ડૂબેલા-ફસાયેલા છે. પરંતુ જે યથાયોગ્ય ભૂમિકાનુસાર શુભાચરણ પણ આચરે છે; પરંતુ તેમાં મમત્વ ધારણ નથી કરતા; તેમાં એકત્વ, મમત્વ, કર્તૃત્વ અને ભોકતૃત્વ સ્થાપિત નથી કરતા; તથા આત્માના જ્ઞાન અને ધ્યાનમાં સદા સાવધાન રહે છે આ રીતે જેમનો નિવાસ સ્યાદ્વાદરૂપી મહેલમાં છે, તેવા જીવ સંસાર-સાગરથી પાર થઈ જાય છે. તાત્પર્ય એ છે કે સ્વાદ્વાદી જ સંસાર-સાગરની પાર થઈ જાય છે.

આ કળશમાં એમ જ કહેવામાં આવ્યું છે કે જ્ઞાન અને ક્રિયાનું એકાંત છોડી જે આત્મજ્ઞાન અને ભૂમિકાનુસાર આચરણને ઉત્પન્ન કરી આત્મોન્મુખી ઉગ્ર પુરુષાર્થ કરે છે; તે જ સંસાર-સાગરને પાર કરી મુક્તિને પ્રાપ્ત કરે છે.

આના સંદર્ભમાં પૂજ્ય ગુરુદેવના વિચારો આ રીત છે -

''આ કળશમાં કર્મનય અને જ્ઞાનનયનું અંતર સ્પષ્ટ કરી બંને નયોના પક્ષપાતીઓને અજ્ઞાની કહ્યા છે; કારણ કે કર્મનયનો પક્ષપાતી શુભક્રિયામાં અટકયો છે. તે શુભક્રિયાને જ પોતાનું કર્મ અથવા કર્તવ્ય માની બેઠો છે અને જ્ઞાનનયનો પક્ષપાતી વાતો તો મોટી-મોટી કરે છે; પરંતુ જીવનમાં સ્વચ્છંદતાથી વર્તે છે. એક જડક્રિયામાં મગ્ન છે. બીજો સ્વચ્છંદતાના પોષણમાં.[1]

જેમને અંતરંગમાં ચૈતન્યસ્વભાવમાં એકાગ્ર થવાની રુચિ નથી. ફક્ત બાહરથી જ્ઞાનની વાતો કરે છે. તે નિયમથી મિથ્યાદષ્ટિ છે. તેમજ જે સ્વભાવમાં દષ્ટિની એકાગ્રતાનો વિચાર તો કરે છે. પરંતુ જેમણે સ્વરૂપનો પ્રત્યક્ષ આસ્વાદ નથી કર્યો તે પણ સમ્યક્ત્વસન્મુખ-મિથ્યાદષ્ટિ છે.

---

૧. પ્રવચનરત્નાકર (હિંદી) ભાગ ૫, પાનું ૧૯૩

અહીં બે પ્રકારના જીવોની વાત કરવામાં આવી છે. - એક શુભરાગની ક્રિયામાં ધર્મ માનવાવાળા અને બીજા જ્ઞાનની માત્ર કોરી વાતો કરવાવાળા. એક શુભરાગની અનેક ક્રિયાઓમાં રોકાઈ જઈ મિથ્યાત્વ સહિત હોવાથી સંસારમાં ડૂબે છે તથા બીજા પુરુષાર્થરહિત પ્રમાદી બની વિષય કષાયમાં સ્વચ્છન્દતાથી વર્તતા સંસાર સમુદ્રમાં ડૂબશે.

અહીં કહે છે કે જીવ જ્ઞાનરૂપ પરિણમતો થકો કર્મ નથી કરતો, તે ભવસમુદ્રથી તરી જાય છે. જ્ઞાની કર્મ નથી કરતો આનો અર્થ એ થયો કે અનુભવના સમયમાં જ્ઞાનીને બુદ્ધિપૂર્વક રાગ નથી થતો તથા જ્ઞાનીને વર્તમાન કમજોરીને કારણે જે રાગ થાય છે. તેનો પણ તે કર્તા નથી હોતો અર્થાત તેના અભિપ્રાયમાં પરના અને રાગના કર્તૃત્વભાવનો અભાવ થઈ ગયો છે. પરમાં અથવા રાગમાં હવે એનું એકત્વ અથવા સ્વામીત્વ નથી રહ્યું, આ કારણથી તે હવે કર્મનો કર્તા રહ્યો નથી. રાગની વશીભૂત થઈ હવે તે મિથ્યાત્વમાં નથી જતો. આ રીતે હમેંશા સ્વરૂપમાં ઉદ્યમશીલ થઈ તેમ જ પ્રમાદરહિત થઈ સંસારથી તરી જાય છે. જે સ્વરૂપમાં ઝુકે છે. તેમાં લીન થઈ જાય છે તથા તેમાં જ ઉદ્યમવંત રહે છે. પ્રયત્નશીલ રહે છે, તે મોક્ષમાર્ગી છે. તથા જે સ્વરૂપથી વિમુખ છે. તે મિથ્યાદષ્ટિ છે. સંસાર-સાગરમાં ડૂબનારો છે.''[૧]

આ રીતે આ કળશમાં એમ કહેવામાં આવ્યું છે કે કેટલાક લોકો આત્માના વાસ્તવિક સ્વરૂપને જાણ્યા વિના, આત્માનુભવ કર્યા વિના; વ્રત-અપવાસ વગેરે ક્રિયાઓ કરીને પોતાને ધર્માત્મા માની લે છે. આવા જીવો કર્મનયના પક્ષપાતી છે, એકાંતી છે; આ કારણથી તેઓ સંસાર સાગરમાં ડૂબનાર જ છે. બીજા લોકો એવા પણ હોય છે કે જે આત્માની વાતો તો બહુ જ કરે છે; પણ આત્માનો અનુભવ એમને થતો નથી. આત્માના અનુભવ વિના જ પોતાને જ્ઞાની માની લેવાવાળા તે લોકો સ્વચ્છંદી થઈ જાય છે. પ્રમાદી થઈ જાય છે; ભૂમિકાનુસાર થનારા

૧. પ્રવચનરત્નાકર (હિંદી) ભાગ ૫, પાનું ૧૯૪

સદાચરણની પણ ઉપેક્ષા કરે છે. આવા લોકો જ્ઞાનનયના પક્ષપાતી છે. એકાંતી છે; આ કારણથી સંસારમાં જ ભટકવાના છે.

જ્ઞાની ધર્માત્મા તો આત્મજ્ઞાનિ હોય છે, આત્માનુભવી હોય છે અને ભૂમિકાનુસાર તેમનું જીવન પણ પવિત્ર હોય છે. સદાચારી હોય છે. આવું હોવા છતાં પણ તેઓ પોતાના તે સદાચરણને, ભૂમિકાનુસાર થવાવાળા શુભભાવોને ધર્મ નથી માનતા. તેમની દૃષ્ટિમાં ધર્મ તો આત્માના આશ્રયથી ઉત્પન્ન થનાર નિશ્ચય સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ નિર્મળ પરિણમન જ છે.

આ રીતે અહીં પુણ્યપાપાધિકાર પુરો થઈ રહ્યો છે. તેથી છેલ્લા મંગલાચરણના રૂપમાં આચાર્ય અમૃતચંદ્ર એક કળશ લખે છે. જે આ રીતે છે.

(मन्दक्रान्ता)

भेदोन्मादं भ्रमरसभरान्नाटयत्पीतमोहं ।
मूलोन्मूलं सकलमपि तत्कर्म कृत्वा बलेन ॥
हेलोन्मीलत्परमकलया सार्धमारब्धकेलि ।
ज्ञानज्योतिः कवलिततमः प्रोज्जजृम्भे भरेण ॥११२॥

(હરિગીત)

શુભ ને અશુભ બે કર્મ એવા ભેદના ઉન્માદનો,
કરી નાશ મૂળથી જ્ઞાનજ્યોતિ અતિ પ્રબળ પ્રગટી અહો!
અજ્ઞાનતમ કવલિત થયો એ જ્ઞાનની જ્યોતિ વડે,
વિકસી સહજ, ક્રીડા કરે જે પરમજ્ઞાનની કેડીએ. ૧૧૨

મોહરૂપી મદિરાના પાનથી ઉત્પન્ન ભ્રમ રસના ભારથી શુભાશુભ કર્મના ભેદરૂપી ઉન્માદને નચાવનારા સમસ્ત શુભાશુભ કર્મોને પોતાના જ બળ દ્વારા જડમૂળથી ઉખેડનાર અજ્ઞાનરૂપી અંધકારને નાશ કરનાર સહજ, વિકાસશીલ, પરમકળા કેવળજ્ઞાનની સાથે ક્રીડા કરનાર અત્યંત સામર્થ્યયુક્ત જ્ઞાનજ્યોતિ પ્રગટ થઈ.

આ કળશ પુણ્યપાપાધિકારનો અંતિમ કળશ છે. એટલે આમાં અધિકારના અંતમાં થનારા મંગલાચરણના રૂપમાં તે જ જ્ઞાનજ્યોતિનું સ્મરણ કરવામાં આવ્યું છે કે જેનું સ્મરણ શરૂઆતથી જ મંગલાચરણના રૂપમાં કરતા આવ્યા છે. આ કળશમાં સમાગત બધા વિશેષણ જ્ઞાનજ્યોતિની મહિમા વધારનારા છે.

હા, એ વાત અવશ્ય છે કે પુણ્યપાપાધિકારના સમાપનનો કળશ હોવાથી અહીં તે જ્ઞાનજ્યોતિનું સ્મરણ કરવામાં આવ્યું છે, જેણે શુભ અને અશુભ કર્મમાં ભેદ માનનારા અજ્ઞાનનો નાશ કર્યો છે.

આ રીતે અહી પુણ્યપાપધિકાર સમાપ્ત થઈ રહ્યો છે. તેથી આચાર્ય અમૃતચંદ્રદેવ અધિકારની સમાપ્તિનું સૂચક વાક્ય લખે છે જે આ રીતે છે -

"इति पुण्यपापरूपेण द्विपात्री भूतमेकपात्रीभूय कर्म निष्क्रान्तम् ।

"પુણ્ય-પાપરૂપથી બે પાત્રોના રૂપમાં નાચનાર કર્મ હવે એક પાત્રરૂપ થઈને રંગભૂમિમાંથી બહાર નીકળી ગયું છે."

એ તો પહેલાં જ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે આ ગ્રંથરાજને અહીં નાટકના રૂપમાં પ્રસ્તુત કરવામાં આવેલ છે. આ પુણ્યપાપાધિકારમાં કર્મરૂપી એક પાત્ર પુણ્ય અને પાપ - એવા બે વેષ પહેરી રંગભૂમિમાં દાખલ થયું હતું. પરંતુ જ્યારે તે સમ્યક્જ્ઞાનમાં યથાર્થ ભાષિત થઈ ગયું ત્યારે તે નકલી વેષ ત્યજી પોતાના અસલી એક રૂપમાં આવી જઈ રંગભૂમિમાંથી બહાર નીકળી ગયું.

અધિકારના અંતમાં પંડિત જયચંદજી છાબડા પ્રત્યેક અધિકારની જેમ અહીં પણ એક છંદ લખે છે. જેમાં અધિકારના સમસ્ત વિષયવસ્તુને સમેટી લેવામાં આવેલ છે. તે છંદ આ રીતે છે.

(સવૈયા તેઈસા)

आश्रय कारण रूप सवादसुं भेद विचारि गिनें दोऊ न्यारे,
पुण्यरुपाप शुभाशुभ भावनि बन्ध भये सुखदुःखकरारे ।
ज्ञान भये दोऊ एक लखै बुध आश्रय आदि समान विचारे,
बन्ध के कारण हैं दोऊ रूप इन्हें तजि जिनमुनि मोक्ष पधारे।।

આશ્રય, કારણ સ્વરુપ અને અનુભવ આ ચારેયના માધ્યમથી પુણ્ય અને પાપમાં ભિન્નતાનો જે વિચાર અજ્ઞાનીએ પ્રસ્તુત કર્યો હતો અથવા અજ્ઞાનાવસ્થામાં ઉભો થયો હતો, તે અનુસાર શુભભાવ પુણ્યબંધના અને અશુભભાવ પાપબંધના કારણ બની સુખ-દુઃખ કરાવનાર હતા, પરંતુ સમ્યક્‌જ્ઞાનજ્યોતિ જાગવાથી જ્ઞાનીએ એવો વિચાર કર્યો કે બંને એક જ છે. આ રીતે જ્ઞાની જીવોએ તેમને એકરૂપમાં જોયા અને બંનેને જ બંધનું કારણ જાણી બંનેનો જ ત્યાગ કરી જ્ઞાની મુનિરાજ મોક્ષે પધારી ગયા. તાત્પર્ય એ જ છે કે મુક્તિ પ્રાપ્ત કરવાનો ઉપાય તો આ બંનેનો અભાવ કરવારૂપ જ છે.

આ રીતે અહીં આ પુણ્યપાપાધિકાર સમાપ્ત થયો.

જ્ઞાનગોષ્ઠી

પ્રશ્ન:- આત્માની કેવી લગની લાગે તો છ માસમાં સમ્યગ્દર્શન થાય?

ઉત્તર:- જ્ઞાયક...જ્ઞાયક...જ્ઞાયકની લગની જોઈએ. જ્ઞાયકની ધૂન લાગે તો છ માસમાં કાર્ય થઈ જાય અને ઉત્કૃષ્ટ લગની લાગે તો અંતર્મુહૂર્તમાં સમ્યગ્દર્શન થઈ જાય.

- આત્મધર્મ અંક ૪૨૦, ઓક્ટોમ્બર ૧૯૭૮, પૃષ્ઠ ૨૩

કળશ અમૃતના ...

સમયસાર કળશ-ગુજરાતી પદ્યાનુવાદ

જીવ-અજીવ અધિકાર

(દોહા)

નિજ અનુભૂતિથી પ્રગટ, ચિત્સ્વભાવ ચિદ્રૂપ,
સકલ જ્ઞેય જ્ઞાયક નમું, સમયસાર સદ્રૂપ. ૧

(સોરઠા)

દેખે પરથી ભિન્ન, અગણિત ગુણમય આતમા,
અનેકાન્તમયમૂર્તિ, સદા પ્રકાશિત રહે. ૨

(ગઝલ)

ભલે છું માત્ર શુદ્ધ જ હું વળી ચૈતન્યની મૂર્તિ,
પરંતુ મેલી થઈ મારી પરિણતિ મોહના બળથી;
પરમવિશુદ્ધિને પામો હવે તે પરિણતિ મારી,
આત્મખ્યાતિ નામક આ ટીકાથી સમયસાર તણી. ૩

નયો બન્નેમાં જે વિરોધ છે તેના વિનાશક જે,
વચન જિનવર તણા સ્યાદ્વાદમયમાં જે રમે નિત્યે;
વમીને મોહને જાતે કરે કેલી જ તત્કાળે,
પરમજ્યોતિ સમયસારે ન ખંડિત થાય જે કુનયે. ૪

અરે ! જયમ હસ્ત અવલંબન બને છે લાઠી દુર્બળને,
ગણો વ્યવહાર ઉપયોગી, નથી પામ્યા પરમપદ જે;
નહીં ઉપયોગી કિંચિત પણ સદા એવા જીવો સૌને,
રમે છે જે પરમ-અર્થે વળી ચિન્મય ને ચિદ્‌ઘને. ૫

(હરિગીત)

એકત્વમાં જે નિયત, વળી જે વ્યાપ્ત છે નય શુદ્ધથી,
આ જ્ઞાનનો ઘનપિંડ પૂરણ પૃથક છે પરદ્રવ્યથી;
નવતત્ત્વની પરિપાટી છોડી એક બસ તે પ્રાપ્ત હો,
દર્શન કહયું તેને નિયમથી આતમાનું જાણજો. ૬

(દોહા)

શુદ્ધનયાશ્રિત આતમા, પ્રગટે જ્યોતિસ્વરૂપ,
નવતત્વોમાં વ્યાપ્ત પણ તજે ન એકસ્વરૂપ. ૭

(ગઝલ)

છૂપાયું જેમ શુદ્ધકનક ઘણાં વર્ણો તણા ભેદે,
છૂપાઈ આત્મજ્યોતિ આ નવે તત્ત્વો મહીં જ ખરે;
પ્રકાશે એકરૂપે તે બધા ભાવોથી ભિન્નપણે,
અરે ભવ્યો ! જુઓ જાણો સદા તેને પદે જ પદે. ૮

નહીં જન્મે નયો વળી કયાંય નિક્ષેપો બધા નાસે,
ન જાણે કેમ રે ભાઈ ! પ્રમાણ જ અસ્તને પામે;
અરે ! કો ભાવ દ્વૈત તણા નહિ ત્યારે જ ત્યાં ભાસે,
અખંડિત એક આત્માનો અનુભવ થાય છે જ્યારે. ૯

(હરિગીત)

પરભાવથી જે ભિન્ન છે વળી આદિ-અંત વિમુકત છે,
સંકલ્પ તેમ વિકલ્પની જંજાળથી પણ મુકત છે;
જે એક છે, પરિપૂર્ણ છે - એવા નિજાત્મસ્વભાવને,
કરતો પ્રકાશિત પ્રગટ આંહી શુદ્ધનય આ થાય છે. ૧૦

(હરિગીત)

પામે નહિ જેમાં પ્રતિષ્ઠા લેટી રહે બસ બાહ્યમાં,
આ બદ્ધસ્પૃષ્ટાદિ બધાં જેના ન અંતરભાવમાં;
જે છે પ્રકાશિત સર્વવિધ તે એક આત્મસ્વભાવનો,
હે પ્રાણીઓ! આ જગતના નિર્મોહ થઈ અનુભવ કરો. ૧૧

(ગઝલ)

કરે જે નાશ મોહ તણો પુરૂષત્વે સુબુદ્ધિએ,
નિરખી ત્રણ કાળના કર્મો તણા બંધોથી ભિન્નપણે;
લહે તે આતમા નિશ્ચલ સદા શાશ્વત મહિમાવંત,
વિરાજે પંક વિરહિત દેવ જે નિત્યે જ વ્યકતપણે. ૧૨

અનુભૂતિ કહી આ આતમાની શુદ્ધનય જે રૂપ,
વળી અનુભૂતિ જ્ઞાનની તે જ તેને જાણજે બંધુ !
કરી નિશ્ચલપણે સ્થાપિત આત્માને જ આત્મમહીં,
નિરખજે જ્ઞાનઘન ને નિત્ય તે આત્મા સદા સર્વે. ૧૩

મીઠાની કાંકરી બહુ ક્ષારરસથી જયમ ભરેલી છે,
ભરેલો જ્ઞાનરસથી પૂર્ણ તેમજ આતમા મુજ છે;
અનાકુળ ને અવિનાશી સહજ ઉલ્લાસથી વિલસે,
સદા તે તેજમય ચિન્મય અખંડિત પ્રાપ્ત હો અમને. ૧૪

(હરિગીત)

છે સિદ્ધિની જો કામના તો ચિત્તના ભરમાવશો,
આ જ્ઞાનનો ઘનપિંડ ચિન્મય આતમા અપનાવજો;
બસ સાધ્ય-સાધક ભાવથી તે એકલાને ધ્યાવજો,
પર્યાયમાં પરમાતમા બંધુ! તમે પછી થઈ જજો. ૧૫

(હરિગીત)

દૃગ જ્ઞાન ને ચારિત્રથી મેચક કહ્યો આ આતમા,
બસ છે અમેચક તે સ્વયંથી આતમા પરમાતમા;
પ્રમાણથી મેચક-અમેચક એક સમયે તે અહો,
જિનવર કથન આ મર્મભેદી ને અલૌકિકને ગ્રહો. ૧૬.

છે આતમા આ એક તોયે જાણ નય વ્યવહારથી,
ત્રૈરૂપતા ધારણ કરે સદ્જ્ઞાન દર્શન ચરણથી;
બસ એટલે મેચક કહ્યો છે આતમા જિનમાર્ગમાં,
નહિ જાણતો તે જગતજન લાગે નહીં સન્માર્ગમાં. ૧૭.

મેચક કહ્યો છે આતમા આ યદપિ નય વ્યવહારથી,
પણ તે નથી મેચક, અમેચક જાણ તું પરમાર્થથી;
છે પ્રગટ જ્ઞાયક જ્યોતિમય તે એક છે ભૂતાર્થથી,
છે શુદ્ધ એકાકાર પરથી ભિન્ન છે પરમાર્થથી. ૧૮

મેચક-અમેચક આતમાના ચિંતવનથી લાભ ના,
બસ હો ! હવે સૌ તે વિકલ્પો જેથી કંઈપણ સાધ્ય ના;
છે સાધ્યસિદ્ધિ એક બસ સદ્જ્ઞાન દર્શન ચરણથી,
પથ અન્ય કોઈ છે નહીં જેથી બચો સંસરણથી. ૧૯

ત્રૈરૂપતાને પ્રાપ્ત પણ જે ના તજે એકત્વને,
આ શુદ્ધ નિર્મળ જ્ઞાનજ્યોતિ પામી છે જે ઉદયને;
કરીએ અમે અનુભવ સદા ચૈતન્યમય એ જ્યોતિનો,
નહિ નહિ કદાપિ અન્યથા છે સાધ્યની કો સિદ્ધિ જો. ૨૦

(ગઝલ)

કરે જે પ્રાપ્ત પોતાથી જ અથવા અન્ય ઉપદેશે,
અનુભૂતિ અવિચળને મૂળે વિજ્ઞાન છે જેને;
પ્રતિબિંબો અનંતા જ્ઞાનમાં એના ભલે ભાસે,
રહે દર્પણ તણા ન્યાયે અવિકારી જ તે નિત્યે. ૨૧

(હરિગીત)

અનાદિકાલીન મોહને હે જગતજન ! સૌ છોડજો,
જે રસિકજનને બહુ રુચે તે જ્ઞાનનો રસ ચાખજો;
પામે નહિ તાદાત્મ્ય કો રીત આતમા પરદ્રવ્યથી,
પામે નહિ અન્યત્વ કદી આ આતમા નિજ આત્મથી. ૨૨

કૌતૂહલી નિજ તત્વનો પાડોશી બન દેહાદિનો,
તજવું પડે તન તોય તું ! કરજે અનુભવ આત્મનો;
દેખીશ આત્મવિલાસને પરદ્રવ્યથી જ્યારે જુદો,
તુરત તજીશ તું મોહને દેહાદિના એકત્વનો. ૨૩

હરી રૂપથી જનમોહને, નિજતેજથી રવિતેજને,
નિર્મળ કરે નિજ કાંતિમય તનતેજથી દશ દિશને;
ને દિવ્યધ્વનિથી ભવ્યજનના કર્ણમાં અમૃત ભરે,
છે વંદનીય જિનેશ્વરો જે અઠસહસ લક્ષણ ધરે. ૨૪.

પ્રાકારથી કવલિત કરે જે નગર આ આકાશને,
વળી ગોળ ને ગંભીર ખાઈથી પીવે પાતાળને;
ઉપવન તણા સૌંદર્યથી જે ઢાંકતું ભૂમિ સર્વને,
અદ્‌ભૂત અનુપમ તે નગર સંસારથી સૌ અલગ છે. ૨૫

ગંભીર સાગરના સમાન મહાન માનસ મંગમય,
છે નિત્ય નિર્મળ નિર્વિકારી સુવ્યવસ્થિત અંગમય;
છે સહજ જે અદ્‌ભૂત અનુપમ અપૂર્વ લાવણ્યમય,
જયવંત વર્તે રૂપ જિનનું ક્ષોભવિરહિત દિવ્યમય. ૨૬

આ દેહ ને આત્માતણું એકત્વ બસ વ્યવહારથી,
આ શરીર આશ્રિત સ્તવન પણ તેથી કહ્યું વ્યવહારથી;
પરમાર્થથી તો ભિન્ન છે આ દેહ ને ચૈતન્યઘન,
પરમાર્થથી તેથી સ્તવન ચિદ્‌ભાવનું બસ અનુભવન. ૨૭

આ દેહ ને આત્માતણા એકત્વને નયયુક્તિથી,
દૂરે કર્યું જડમૂળથી મુનિએ પરિચિત તત્વથી;
તો જે રસિલા નિજના વળી વેગથી આકૃષ્ટ હો,
ભાવોલ્લસિત આત્માર્થીઓને નિયમથી સદ્‌બોધ હો. ૨૮

પરભાવના પરિત્યાગની દૃષ્ટિ પુરાણી થાય ના;
વળી જ્યાં સુધી વૃત્તિ પ્રવૃત્તિ વેગવંતી થાય ના;
વ્યતિરિક્ત જે પરભાવથી થાયે વળી તે જીવની,
પ્રગટી અનુભૂતિ સ્વયં ચૈતન્યની તત્કાળથી. ૨૯

છું સર્વતઃ ચૈતન્યમય નિજભાવથી ભરપૂર હું,
તેથી સ્વયં આ લોકમાં નિજભાવનો અનુભવ કરું;
આ મોહ મારો નથી નથી, ચૈતન્યનનો ઘનપિંડ છું,
છું શુદ્ધ ચિદ્‌ઘનનો નિધિ, હું સ્વયં એક અખંડ છું. ૩૦

(હરિગીત)

થઈ અન્યભાવોથી બધાં આ રીત જ્યારે ભિન્નતા,
સ્થાપિત કરી સ્વયમેવ ઉપયોગે સ્વયંથી ઐક્યતા;
પ્રગટિત થયો પરમાર્થ ને દગ જ્ઞાન વ્રત પરિણત થયો,
આ આતમા ત્યારે સ્વરૂપમાં બસ રમણરૂપ થઈ રહ્યો. ૩૧

છે શાંતરસથી બહુ ભર્યો આ જ્ઞાનસાગર આતમા,
વિભ્રમ તણી ચાદર હટ્યે સર્વાંગ પ્રગટે આતમા;
હે ભવ્યજન ! બસ એક સાથે સ્નાન કરજો સૌ તમે,
અપનાવજો એને જ એમાં મગન બનજો સૌ તમે. ૩૨

(સવૈયા એકત્રીસા)

જીવ અને અજીવના વિવેકથી પુષ્ટ છે જે,
એવી દ્રષ્ટિ દ્વારા આવા નાટકને દેખતો;
અન્ય જે સભાસદ છે તેઓને દેખાડતો ને,
દુષ્ટ અષ્ટ કર્મોના બંધનને જે તોડતો;
જાણે લોકાલોક અને નિજમાં મગન રહે,
વિકસિત શુદ્ધ નિત્ય નિજ અવલોકતો;
એવો જ્ઞાનવીર ધીર ભંગ ભરે મનમાં ને,
સ્વયમ્ ઉદાત્ત વળી અનાકુળ શોભતો. ૩૩

(હરિગીત)

હે ભવ્યજન ! શું લાભ છે આ વ્યર્થના બકવાસથી,
થોભો હવે જાણો સ્વયં અધ્યાત્મના અભ્યાસથી;
જો અનવરત ષટ્માસ હો નિજ આતમાની સાધના,
તો આતમાની પ્રાપ્તિ હો તેમાં જરા સંદેહ ના. ૩૪

(હરિગીત)

ચૈતન્યશકિતથી રહિત પરભાવ સૌ પરિહારીને,
ચૈતન્યશકિતથી સહિત નિજભાવ નિત અવગાહીને;
છે શ્રેષ્ઠતમ જે વિશ્વમાં સુંદર સહજ શુદ્ધાતમા,
તેને તમે જ અનુભવો સૌ, સ્વયં હે ભવ્યાતમા. ૩૫

(દોહા)

ચેતન જેનો સાર છે, કેવળ તે છે જીવ;
તે સૌ છોડીને બધાં, પુદ્‌ગલમયી અજીવ. ૩૬

વર્ણાદિક રાગાદિ સૌ, છે આત્માથી ભિન્ન,
અંતર્દષ્ટિથી જુઓ, દીસે એક ચિદ્‌બિંબ. ૩૭

જે વસ્તુથી જે બને, તે તેનાથી ન અન્ય,
સ્વર્ણધ્યાન તો સ્વર્ણ છે, અસિ તેનાથી અન્ય. ૩૮

વર્ણાદિક જે ભાવ છે, તે સૌ પુદ્‌ગલજન્ય,
એક શુદ્ધ વિજ્ઞાનઘન આતમ તેથી અન્ય. ૩૯

કહેવાથી ઘીનો ઘડો, ઘડો ન ઘીમય હોય,
કહેવાથી વર્ણાદિમય, જીવ ન તન્મય હોય. ૪૦

સ્વાનુભૂતિમાં જે પ્રગટ, અચળ અનાદિ અનંત,
સ્વયં જ્ઞાન ચૈતન્યમય, ચકમકાટ અત્યંત. ૪૧

(હરિગીત)

વર્ણાદિસહિત રહિત બે રીત એમ દ્રવ્ય અજીવ છે,
તેથી ન જાણી શકાય જીવને અમૂર્તિક લક્ષણ વડે.
ચેતનપણું લક્ષણ કહે વસ્તુસ્વરૂપ વિવેચકો,
અતિવ્યાપ્તિ અણવ્યાપ્તિ રહિત નિર્દોષ તેને જાણજો.
અવલંબજો અવિલંબ એવા અચળ આત્મસ્વભાવને,
છે પ્રગટ તે, પ્રગટાવશે જ યથાર્થ જીવસ્વરૂપને. ૪૨

પૂર્વોક્ત લક્ષણથી જુદું છે અજીવ આ રીત જીવથી,
તેથી વિલસતું ભિન્ન તેને જ્ઞાની જાણે જીવથી,
તોપણ અરે અજ્ઞાનીજનનો નિરવધિ વ્યામોહ આ,
કાં નાચતો રહેતો સદા તે ખેદ ને અચરજ મહા ! ૪૩

અનાદિકાલિનના મહા અવિવેકના આ નૃત્યમાં,
બસ એક પુદ્ગલ નાચતું ચેતન નહીં આ કૃત્યમાં;
આ જીવ તો પુદ્ગલમયી રાગાદિથી પણ ભિન્ન છે,
આનંદમય ચિદ્ભાવ તો દગજ્ઞાનમય ચૈતન્ય છે. ૪૪

અનવરત કરવત જ્ઞાનની ચાલી રહે જ્યાં આ રીતે,
ત્યાં જીવ તેમ અજીવમાં અતિવિકટ વિઘટન થઈ રહે;
નહિ થાય જીવ અજીવ બન્ને ભિન્ન ભિન્ન પ્રગટપણે,
અતિ વેગીલી ચિત્શક્તિથી જ્ઞાયક સ્વયં પ્રગટી રહે. ૪૫

કર્તા-કર્મ અધિકાર

(હરિગીત)

હું એક કર્તા આતમા ક્રોધાદિ સૌ મારાં કરમ,
પ્રવૃત્તિ કર્તા-કર્મની આવી કરે અજ્ઞાનીજન;
શમાવતી બહુવિધ એને જ્ઞાનજ્યોતિ પાવની,
અતિધીર પરમોદાત્ત પ્રગટી સર્વલોક પ્રકાશતી. ૪૬

પરપરિણતિને છોડતી વળી તોડતી સૌ ભેદભ્રમ,
આ જ્ઞાનની જ્યોતિ અહો પ્રગટી અખંડ અને પ્રચંડ;
કરતા-કરમ પ્રવૃત્તિને આ હોય ત્યાં અવકાશ ક્યાં ?
વળી બંધ પુદ્‌ગલકર્મનો કાં હોય જાગી જ્યોતિ જ્યાં ? ૪૭

આ રીત વિધિ પૂર્વોકતથી નિર્વતી સૌ પરદ્રવ્યથી,
વિજ્ઞાનઘન નિજ ભાવ પર આરૂઢ થતો તત્કાળથી;
નિવૃત્ત થઈ અજ્ઞાનમય કર્તા-કરમના કલેશથી,
પુરાણ પુરુષ પ્રકાશતો થઈ સાક્ષી જગનો આહીંથી. ૪૮

(દોહરા)

વ્યાપ્ય-વ્યાપ્તપણું સદા તત્વસ્વરૂપમાં હોય,
પણ અતત્સ્વરૂપમાં તે ન કદાપિ હોય;
વ્યાપ્ય-વ્યાપક ભાવનો અભાવ હોય જહાં,
કર્તા-કર્મ તણી સ્થિતિ બની શકે ન તહાં.

આવો પ્રબળ વિવેકરૂપ જ્ઞાનપ્રકાશ મહાન,
કર્તા-કર્મપણા તણું ભેદે અઘઅજ્ઞાન;
જ્ઞાની આમ થયો થકો બની કર્તૃત્વરહિત,
શોભે છે આ આતમા નિજ આનંદસહિત. ૪૯

(હરિગીત)

નિજ-પર પરિણતિ જાણતો જ્ઞાની પ્રવર્તે છે સદા,
નિજ-પર પરિણતિ જાણતું પુદ્‌ગલ નહિ વર્તે કદા;
અત્યંત આવો ભેદ તેથી વ્યાપ્ય-વ્યાપક નવ બને,
'કર્તા-કરમ અન્યોન્યના છે' - એમ મત મિથ્યા ઠરે;
ભ્રમબુદ્ધિ કર્તા-કર્મની બસ ત્યાં લગી જ રહે ખરે,
જ્યોતિ ન જાગે ભેદજ્ઞાન તણી અરે નિષ્ઠુરપણે. ૫૦

જે પરિણમે કર્તા જ તે, પરિણામ તેનું કર્મ છે,
છે પરિણતિ જ ક્રિયા, ત્રણે વસ્તુસ્વરૂપ-અભિન્ન છે. ૫૧

અનેકરૂપ છે એક વસ્તુ, એકનું પરિણામ છે,
છે પરિણતિ બસ એકની ને એક પરિણત થાય છે. ૫૨

ના પરિણમે બે એક થઈને, બેનું કો પરિણામ ના,
ના પરિણતિ પણ એક થાયે, એક થાય અનેક ના. ૫૩

કર્તા નહીં બે એકનાં, બે કર્મ પણ નહીં એકનાં,
નહીં બે ક્રિયાઓ એકની, કદી એક થાય અનેક ના. ૫૪

(હરિગીત)

'પરને કરૂં હું' - એ અહં અતિ કષ્ટથી નિર્વાર્ય છે,
અનાદિથી જ અખંડ છે, આ જગતના સૌ મોહીને;
ભૂતાર્થનયના ગ્રહણથી જો વિલય પામે તે અહો !
તો જ્ઞાનના ઘનપિંડ આતમને કદી ના બંધ હો. ૫૫

(દોહરા)

પરભાવોને પર કરે, આત્મા આતમભાવ;
આત્મભાવ તે આત્મ છે, પરના છે પરભાવ. ૫૬

ઘાસસહિત મિષ્ટાન્નને આરોગે ગજરાજ,
સ્વાદ-ભેદ સમજે નહીં, માને મીઠું ઘાસ;
જ્ઞાનસ્વરૂપ જે નિશ્ચયે એવો આતમરામ,
આસ્વાદે છે રાગને નિજરૂપ માની આમ;
દહીં-સાકરના સ્વાદનો લોલુપ જીવ અબૂધ,
શિખંડ પીને માનતો પીવું છું ગૌ-દૂધ. ૫૭

(હરિગીત)

અજ્ઞાનથી જ્યમ દોડતાં મૃગ રેતને જળ જાણીને,
જન પામતાં ભય અંધકારે દોરી વિષધર માનીને;
છે જ્ઞાનમય આ જીવ પણ અજ્ઞાનના કારણ થકી,
આકુલિત થઈ કર્તા બને જ્યમ ક્ષુબ્ધ સાગર પવનથી. ૫૮

જ્યમ હંસ જાણે જ્ઞાનથી બસ નીર ક્ષીર વિશેષને,
ત્યમ જીવ જે જાણે વિવેકે આપ પરના ભેદને;
ચૈતન્યધાતુ અચળમાં આરૂઢ થઈને તે સદા,
બસ માત્ર જાણે પણ બને કિંચિત્ નહીં કર્તા કદા. ૫૯

(મંદક્રાંતા)

જ્ઞાન જાણે ગરમ જળમાં શીત-ઉષ્ણ વ્યવસ્થા,
જ્ઞાન જાણે નમક રસને વ્યંજનોમાં વિવેકે;
ક્રોધાદિને નિજરસ વડે પૂર્ણ ચૈતન્યધાતુ,
જ્ઞાન ભેદે વિલય કરતાં ભાવ કર્તૃત્વ કેરો. ૬૦

(હરિગીત)

નિજને કરે અજ્ઞાનમય વા જ્ઞાનમય આ આતમા,
કર્તા બને નિજ ભાવનો, પરનો નહીં કર્તા કદા; ૬૧

આત્મા સ્વયં છે જ્ઞાન, જ્ઞાન વિના બીજું તે શું કરે ?
'પરભાવનો કર્તા બને' - વ્યવહારી જનનો મોહ છે. ૬૨

(દોહરા)

કરે ન પુદ્ગલ કરમને જો આ ચેતનરાજ,
કોણ કરે - તે સૂંણ હવે, ભરમ નિવારણ કાજ. ૬૩

(હરિગીત)

પુદ્ગલદ્રવ્યમાં સહજ નિજ સૌ પરિણમનની શક્તિ છે,
ને વિઘ્ન એના પરિણમનમાં કોઈપણ નથી આ રીતે;
કર્તા ઠર્યું પુદ્ગલદ્રવ્ય તેથી સ્વયંના ભાવનું,
પુદ્ગલ તણા પરિણામનું આ કથન છે પરમાર્થનું. ૬૪

જીવદ્રવ્યમાં જ સ્વભાવભૂત સૌ પરિણમનની શક્તિ છે,
ને વિઘ્ન એના પરિણમનમાં કોઈ પણ નથી આ રીતે;
કર્તા કર્યું જીવદ્રવ્ય તેથી જીવના પરિણામનું,
જીવદ્રવ્ય કેરા પરિણમનનું કથન આ પરમાર્થનું. ૬૫

(દોહરા)

જ્ઞાનીના કયમ ભાવ બસ જ્ઞાનમય જ સૌ હોય ?
વળી એના કો ભાવ કાં જ્ઞાન રહિત નહિ હોય ?
અજ્ઞાનીના ભાવ સૌ અજ્ઞાનમય જ હોય,
વળી એના કો ભાવ કાં જ્ઞાનસહિત નહિ હોય ? ૬૬

(હરિગીત)

અજ્ઞાનીના સૌ ભાવ તો અજ્ઞાનમાંથી જ નીપજે,
ને જ્ઞાનીના સૌ ભાવ તો સદ્જ્ઞાનમાંથી જ નીપજે. ૬૭

(દોહરા)

અજ્ઞાની અજ્ઞાનમય ભાવભૂમિમાં વ્યાપ્ત,
આ કારણ દ્રવ્યબંધના હેતુપણાને પ્રાપ્ત. ૬૮

(હરિગીત)

નયપક્ષપાત તજી અને જે સ્વરૂપગુપ્ત બની રહે,
થઈ શાંતચિત્ત વિકલ્પહીન તે આત્મઅમૃતને પીવે. ૬૯

(દોહરા)

એક કહે છે બદ્ધ ને બદ્ધ ન બીજો પક્ષ
પક્ષો છે આ જીવ વિષે ઉભયનયોને લક્ષ;

પક્ષપાતથી રહિત જન તત્ત્વવેદી જે થાય,
ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ તેને સદા જણાય. ૭૦

એક કહે છે મૂઢને મૂઢ ન બીજો પક્ષ
પક્ષો છે આ જીવ વિષે ઉભયનયોને લક્ષ;
પક્ષપાતથી રહિત જન તત્ત્વવેદી જે થાય
ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ તેને સદા જણાય. ૭૧

એક કહે છે રકત ને રકત ન બીજો પક્ષ,
પક્ષો છે આ જીવ વિષે ઉભયનયોને લક્ષ;
પક્ષપાતથી રહિત જન તત્ત્વવેદી જે થાય,
ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ તેને સદા જણાય. ૭૨

દ્વેષી છે દ્વેષી નથી એવા છે બે પક્ષ,
પક્ષો છે આ જીવ વિષે ઉભયનયોને લક્ષ;
પક્ષપાતથી રહિત જન તત્ત્વવેદી જે થાય,
ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ તેને સદાય જણાય. ૭૩

કર્તા છે કર્તા નથી એવા છે બે પક્ષ,
પક્ષો છે આ જીવ વિષે ઉભયનયોને લક્ષ;
પક્ષપાતથી રહિત જન તત્ત્વવેદી જે થાય,
ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ તેને સદા જણાય. ૭૪

ભોકતા છે ભોકતા નથી એવા છે બે પક્ષ,
પક્ષો છે આ જીવ વિષે ઉભયનયોને લક્ષ;

પક્ષપાતથી રહિત જન તત્ત્વવેદી જે થાય,
ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ તેને સદા જણાય. ૭૫

એક કહે છે જીવ ને જીવ ન બીજો પક્ષ,
પક્ષો છે આ જીવ વિષે ઉભયનયોને લક્ષ;
પક્ષપાતથી રહિત જન તત્ત્વવેદી જે થાય,
ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ તેને સદા જણાય. ૭૬

એક કહે છે સૂક્ષ્મને સુક્ષ્મ ન બીજો પક્ષ,
પક્ષો છે આ જીવ વિષે ઉભયનયોને લક્ષ;
પક્ષપાતથી રહિત જન તત્ત્વવેદી જે થાય,
ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ તેને સદા જણાય. ૭૭

એક કહે છે હેતુ ને હેતુ ન બીજો પક્ષ,
પક્ષો છે આ જીવ વિષે ઉભયનયોને લક્ષ;
પક્ષપાતથી રહિત જિન તત્ત્વવેદી જે થાય,
ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ તેને સદા જણાય. ૭૮

એક કહે છે કાર્ય ને કાર્ય ન બીજો પક્ષ,
પક્ષો છે આ જીવ વિષે ઉભયનયોને લક્ષ;
પક્ષપાતથી રહિત જન તત્ત્વવેદી જે થાય,
ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ તેને સદા જણાય. ૭૯

એક કહે છે ભાવ ને ભાવ ન બીજો પક્ષ,
પક્ષો છે આ જીવ વિષે ઉભયનયોને લક્ષ;

પક્ષપાતથી રહિત જન તત્ત્વવેદી જે થાય,
ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ તેને સદા જણાય. ૮૦

એક કહે છે એક ને એક ન બીજો પક્ષ,
પક્ષો છે આ જીવ વિષે ઉભયનયોને લક્ષ;
પક્ષપાતથી રહિત જન તત્ત્વવેદી જે થાય,
ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ તેને સદા જણાય. ૮૧

એક કહે છે સાંત ને સાંત ન બીજો પક્ષ,
પક્ષો છે આ જીવ વિષે ઉભયનયોને લક્ષ;
પક્ષપાતથી રહિત જન તત્ત્વવેદી જે થાય,
ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ તેને સદા જણાય. ૮૨

એક કહે છે નિત્ય ને નિત્ય ન બીજો પક્ષ,
પક્ષો છે આ જીવ વિષે ઉભયનયોને લક્ષ;
પક્ષપાતથી રહિત જન તત્ત્વવેદી જે થાય,
ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ તેને સદા જણાય. ૮૩

એક કહે છે વાચ્ય ને વાચ્ય ન બીજો પક્ષ,
પક્ષો છે આ જીવ વિષે ઉભયનયોને લક્ષ;
પક્ષપાતથી રહિત જન તત્ત્વવેદી જે થાય,
ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ તેને સદા જણાય. ૮૪

નાના છે નાના નથી એવા છે બે પક્ષ,
પક્ષો છે આ જીવ વિષે ઉભયનયોને લક્ષ;

પક્ષપાતથી રહિત જન તત્ત્વવેદી જે થાય,
ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ તેને સદા જણાય. ૮૫

એક કહે છે ચેત્ય ને ચેત્ય ન બીજો પક્ષ,
પક્ષો છે આ જીવ વિષે ઉભયનયોને લક્ષ;
પક્ષપાતથી રહિત જન તત્ત્વવેદી જે થાય.
ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ તેને સદા જણાય. ૮૬

એક કહે છે દૃશ્ય ને દૃશ્ય ન બીજો પક્ષ,
પક્ષો છે આ જીવ વિષે ઉભયનયોને લક્ષ;
પક્ષપાતથી રહિત જન તત્ત્વવેદી જે થાય,
ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ તેને સદા જણાય. ૮૭

એક કહે છે વેદ્ય ને વેદ્ય ન બીજો પક્ષ,
પક્ષો છે આ જીવ વિષે ઉભયનયોને લક્ષ;
પક્ષપાતથી રહિત જન તત્ત્વવેદી જે થાય,
ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ તેને સદા જણાય. ૮૮

એક કહે છે કે ભાત ને ભાત ન બીજો પક્ષ,
પક્ષો છે આ જીવ વિષે ઉભયનયોને લક્ષ;
પક્ષપાતથી રહિત જન તત્ત્વવેદી જે થાય,
ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ તેને સદા જણાય. ૮૯

(હરિગીત)

જેમાં ઉઠે છે જળ આમ વિકલ્પ તણી બહુવિધની,
ઓળંગી જઈને ભૂમિને બહુ મોટી એ નયપક્ષની;
જીવ તત્ત્વવેદી પામતો અનુભૂતિમાત્ર સ્વભાવને,
સમતારૂપી રસ જેહનો છે ભાવ અંતર બાહ્ય ને. ૯૦

(દોહરા)

ચંચળ, વિપુલ, મહાન છે વિકલ્પરૂપ તરંગ,
એનાથી બનતી બધી ઈન્દ્રજાળ અનંત;
તત્ક્ષણમાં સહુ તેહ બસ વિલયપ્રાપ્ત થઈ જાય,
જેના સ્ફુરણાથી છું હું તે ચિત્પુંજ સદાય. ૯૧

ભવાય છે ચિત્પુંજથી ભાવાભાવ ને ભાવ,
એવું છે પરમાર્થરૂપ, તેથી એક સ્વભાવ;
કર્મજનિત સહુ પદ્ધતિ, બંધની કરી હું પાર,
અનુભવું છું માત્ર એ સમયસાર અપાર. ૯૨

(હરિગીત)

પુરાણ પુરુષ પવિત્ર જે વિજ્ઞાનઘન ભગવાન છે,
આસ્વાદ્ય નિભૃતજન થકી બસ તે જ દર્શન જ્ઞાન છે;
નયપક્ષવણ અવિકલ્પ અવિચલ એ સમયનો સાર છે,
કહીએ વધું શું, હો બધું, પણ એ જ સૌનો સાર છે. ૯૩

શૂદ્રાણીના ઉદરથી જન્મ્યા છે એક સાથ,
પરમાર્થે બન્નેયને તેથી શૂદ્ર જ જાણ;
જાતિભેદના ભ્રમ થકી બેઉ પ્રવર્તે આમ,
પુણ્ય-પાપ એ બે વિષે હે જીવ આમ જ જાણ. ૧૦૧

(હરિગીત)

હેતુ, સ્વભાવ અને અનુભવ તેમ આશ્રય પણ થકી,
હો પુણ્ય કે હો પાપ નિશ્ચય કર્મભેદ કંઈ નથી;
તેથી નિયમથી બંધઆશ્રિત કર્મ સઘળું છે વળી,
તે બંધહેતુ હોઈને છે કર્મ એક જ એ નક્કી. ૧૦૨

છે બંધકારણ કર્મ સઘળું એમ સર્વજ્ઞે કહ્યું,
તેથી નિષેધ્યું કર્મને ને જ્ઞાન શિવહેતુ જ ઠર્યું. ૧૦૩

સુકૃત ને દુષ્કૃત એવા સર્વ કર્મ નિષેધથી,
નિષ્કર્મરૂપ પ્રવર્તતાં મુનિઓ કંઈ અશરણ નથી;
છે શરણ મુનિને જ્ઞાનમાં આચરણ કરતા જ્ઞાનનું,
એ જ્ઞાનમાં લીન મુનિવરોને અનુભવન અમૃતપણું. ૧૦૪

ધ્રુવ અચળરૂપે આતમા આ જ્ઞાનરૂપ થયો થકો,
છે મોક્ષરૂપ સ્વયં અને છે હેતું તેથી મોક્ષનો;

છે બંધરૂપ બીજું બધું ને હેતુ તેથી બંધનું,
કરજે અનુભૂતિ જ્ઞાનની એવું વિધાન જિને કર્યું. ૧૦૫

(દોહરા)

જ્ઞાનભાવનું પરિણમન જ્ઞાનભાવમય હોય,
એક જ દ્રવ્યસ્વભાવ તે હેતુ મુક્તિનો હોય.૧૦૬

કર્મભાવનું પરિણમન જ્ઞાનરૂપ ના હોય
અન્યદ્રવ્યસ્વભાવ તે હેતુ મુક્તિનો ન્હોય.૧૦૭

કર્મો છે શિવહેતુના તિરોધાન કરનાર,
બંધસ્વરૂપી કર્મનો તેથી નિષેધ જાણ.૧૦૮

(હરિગીત)

મોક્ષાર્થને સઘળુંય કર્મ જ ત્યાગ કરવાયોગ્ય છે,
છે ત્યાજ્ય સઘળું તો પછી શું પુણ્ય-પાપની વાત છે;

એ ત્યાગીને સમ્યક્ત્વઆદિ નિજ સ્વભાવરૂપે થતાં,
નિષ્કર્મરૂપનું બહુ રસીલું જ્ઞાન આવે દોડતાં. ૧૦૯

આ કર્મવિરતિ જ્યાં લગી પરિપૂર્ણતા પામે નહિ,
છે કર્મધારા જ્ઞાનધારા એક સાથે ત્યાં લગી;

નથી દોષ એમાં કાંઈ, પણ છે કર્મધારા બંધમય,
ને પરમ જ્ઞાન, વિમુક્ત જે, તે એક છે બસ મુક્તિમય. ૧૧૦

કર્મનય અવલંબનારા જ્ઞાનહીન જનો ડૂબે,
ને જ્ઞાનનયના ઈચ્છુકો અતિમંદ ઉદ્યમથી ડૂબે;

પણ જ્ઞાનરૂપ થયા થકા જે કર્મવિરહિત થાય છે,
અપ્રમાદી એવા જીવથી ભવજલધિ પાર કરાય છે. ૧૧૧

શુભ ને અશુભ બે કર્મ એવા ભેદના ઉન્માદનો,
કરી ધ્વંસ મૂળથી જ્ઞાનજ્યોતિ અતિ પ્રબળ પ્રગટી અહો!

અજ્ઞાનતમ કવલિત થયો એ જ્ઞાનની જ્યોતિ વડે,
વિકસી સહજ ક્રીડા કરે જે પરમજ્ઞાનની કેડીએ. ૧૧૨